# પ્રસ્તાવના.

આ ત્રીજા ભાગમાં જુદા જુદા છ ચરિત્રો દાખલ કરવામાં આવ્યા છે તે દરેક ચરિત્ર એવા રસીક છે કે વાંચવા માંડ્યા પછી અધુરા મુકી શકાય તેમ નથી. પ્રથમના ત્રણ ચરિત્ર દાન ધર્મ ઉપર છે અને બીજા ત્રણ ચરિત્ર શીળધર્મ ઉપર છે. તેમાં પણ ચંપકશ્રેષ્ટીના પહેલા ચરિત્રમાં અનુકંપા દાનની વિશિષ્ટતા છે, રતીસાર ચરિત્રમાં સુપાત્રદાનની મુખ્યતા છે અને વત્સરાજ ચરિત્રમાં દાનાદિ ચારે પ્રકારના ધર્મનું ફળ સૂચવ્યું છે. ચોથા નળ દમયંતિના ચરિત્રમાં દ્યુતના વ્યસનથી પ્રાપ્ત થતું કષ્ટ બતાવી આપ્યું છે. સ્થૂળભદ્રના ચરિત્રમાં પ્રથમ વેશ્યાસક્ત છતાં પાછળથી જ્યારે ત્યાજયભાવ થયો ત્યારે કેવા શીળગુણમાં દૃઢ થયા તે બતાવી આપ્યું છે અને છેલ્લા સુરસુંદરીના ચરિત્રમાં અનેક પ્રકારનું કષ્ટ પ્રાપ્ત થયા છતાં શીળગુણમાં દૃઢ રહેનાર મહાસતિને વર્ણવેલ છે.

આ છ ચરિત્રો પૈકી પાંચમા પુરૂષની મુખ્યતા છે છઠ્ઠામાં સ્ત્રીની છે. પહેલું ચરિત્ર ખાસ જુદા તેના ચરિત્રનુંજ ભાષાંતર છે, બીજું ચરિત્ર શ્રી વાસુપૂજ્યસ્વામીના વર્દ્ધમાનસૂરિકૃત પદ્યબંધ ચરિત્રમાંથી ઉદ્ધરેલું છે, ત્રીજું ચરિત્ર શ્રી શાંતિનાથજીના ગદ્યબંધ ચરિત્રમાંથી લીધેલું છે, ચોથું ચરિત્ર મલધારિ દેવપ્રભસૂરિના કરેલા શ્રી પાંડવ ચરિત્રમાંથી લેવામાં આવ્યું છે. પાંચમું ચરિત્ર ખાસ જુદું તેમનુંજ છે. તેનું આ

ભાષાંતર છે અને છઠું તેમના પંડિત શ્રી વીરવિજયજીના કરેલા રાસ ઉપરથી ગુજરાતી ભાષામાં લખવામાં આવ્યું છે. તેમાં બે ચરિત્ર (ચોથું ને પાંચમું) તો તૈયારજ ગ્રહણ કરવામાં આવ્યા છે અને બાકીના ૪ ખાસ ભાષાંતર કરીને પ્રગટ કરવામાં આવ્યા છે.

આ બધાં ચરિત્રો શ્રી જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને જુદા જુદા વર્ષોમાં જુદાં જુદાં છપાવીને ભેટ દાખલ આપવામાં આવ્યા હતા તેની બાકીની નકલો ખલાસ થઇ જવાથી આ ભાગમાં બીજી આવૃત્તિ તરિકે છપાવવામાં આવેલાં છે. આ ભાગના છએ વિભાગ જુદા જુદા પણ બંધાવવામાં આવ્યા છે તે દરેકની કિંમત બુક નાની મોટી છતાં એક સરખીજ માત્ર ત્રણ ત્રણ આના રાખવામાં આવી છે.

કથાનુયોગના રસિકોને આવી રસીક બીજી બુક વાંચવા માટે મળી શકે તેમ નથી. ચરિતાવળીના ત્રણે ભાગો એક બીજાથી ચડતેચડતા રસીક છે તેનું વિશેષ વ્યાખ્યાન લખવા કરતાં સુજ્ઞ જૈનબંધુઓને ખાસ આદ્યંત વાંચવાનીજ ભલામણ કરીએ છીએ.

સંવત ૧૯૬૨ વૈશાખ. } **શ્રી જૈનધર્મ પ્રસારક સભા.**
**ભાવનગર.**

# चरितावळी.

## भाग ३ जो.

### विभाग १ लो.

### શ્રી ચંપકશ્રેષ્ઠિનું ચરિત્ર.

શ્રીમન્મહાવીર ભગવંત ચરમ તીર્થંકરે ભવ્ય જીવોના ઉપગારને નિમિત્તે તેમજ આ અનેક પ્રકારનાં દુઃખરૂપ તરંગોએ પ્રપૂરિત સંસારસમુદ્રનો પાર પામવાનો અદ્વિતીય સાધનરૂપ, ચાર પ્રકારના ધર્મનું બારે પર્ષદાઓની સમક્ષ સુવર્ણ, રત્ન અને રૂપ્યમય સમવસરણને વિષે યથાર્થ સ્વરૂપ પ્રદર્શિત કરેલું છે. દાન, શિયલ, તપ અને ભાવના એ પ્રકારના ધર્મને વિષે આદ્યમાં દાનધર્મને ઉપદેશ દ્વારા પ્રગટ કર્યો છે. દાનધર્મ સર્વ ધર્મને વિષે શિરોમણિ છે. તિર્થંકર ભગવંત પણ દીક્ષા અવસરે પ્રથમ એ દાનધર્મનોજ સ્વીકાર કરીને સાંવત્સરિક દાન આપે છે. દાનના દશ પ્રકાર છે તેમાં મુખ્ય પાંચ છે. સુપાત્રદાન, અભયદાન, અનુકંપાદાન, કીર્ત્તિદાન અને ઉચિતદાન. એ પાંચ દાનમાં અભયદાન અને સુપાત્રદાન એ બે સર્વોપરી છે, તેમાં પણ સુપાત્રદાનને જૈનશાસ્ત્રકારોએ સર્વોત્કૃષ્ટ માનેલું છે, અને તેનું ફળ યાવત્ મોક્ષપ્રાપ્તિ છે.

સુપાત્રદાનનું આરાધન કરીને અર્થાત્ સુપાત્રદાન દઇને અનેક ભવ્ય પ્રાણીઓએ પરમપદની પ્રાપ્તિ કરેલી છે, તેને માટે જૈનશાસ્ત્રોમાં ભરત ચક્રવર્તીથી પ્રારંભીને શાલીભદ્ર શ્રેષ્ઠીપુત્ર પર્યંત બેસુમાર દૃષ્ટાંતો વિદ્યમાન છે. સુપાત્રદાનનું મૂળસ્વરૂપ જૈન વાણીનું સમ્યક્ પ્રકારે આરાધન કરનાર, પંચાચારનું પ્રતિપાલન કરનાર અને પંચ મહાવ્રતને ધારણ કરનાર મુનિમહારાજને ત્રીકરણ શુદ્ધિએ કરીને અન્ન પાનાદિકનું દાન દેવું તેજ છે; અને તેથી ઉત્તરોત્તર સર્વોત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થાય છે, એ નિઃસંદેહ છે. એ અત્યુત્તમદાન ધર્મની અંતર્ગતના સુપાત્રદાન ઉપર એક મહાકવિએ આ चंपक श्रेष्ठीनुं चरित्र ગદ્યબંધ બનાવેલું છે, તેનું ભાષાંતર સુપાત્રદાનની મહત્વતા દર્શાવવાના હેતુથી કરીને જૈન વર્ગની સમક્ષ મૂકીએ છીએ.

## કથારંભ

અસંખ્યાત દ્વીપસમુદ્રના મધ્ય ભાગને વિષે રહેલા સર્વોત્કૃષ્ટ સંપત્તિએ સંયુક્ત આ જંબૂદ્વીપને વિષે દક્ષિણ દિશાએ ભરત નામે ક્ષેત્ર છે. તેના વૈતાઢ્ય પર્વત અને ગંગા સિંધુ નદી વડે કરીને છ ભાગ થયેલા છે, તે માંહેના મધ્ય ખંડમાં ચંપા નામે અતિ સુશોભિત નગરી છે. તેમાં દરેક પ્રકારના વ્યાપારીઓને માટે પૃથક્ પૃથક્ ચહુટાઓ છે. સૌગંધિક, ગાંધિક, તાંબુલિક, કાદંબિક, સુવર્ણકાર, સૌવર્ણિક, માણિક્યવર્ત્તક, નાણાવર્ત્તક, સુખભક્ષિકાકાર, કણાપણિક, દૂષ્ય-

ક, ચર્મકાર, કાંસ્યકાર, માળાકાર, મણિકાર, સૂત્રધાર, લોહકાર, ઘૃતાપણિક, તૈલક, સૌત્રિક, કાર્પાસિક, ભાંડશાળિક, કાષ્ઠશાળિક, રજક, વિજ્ઞાનશાળિક, તંતુવાયક વિગેરે ચોરાશી ચતુષ્પથ અતિ રમણિક છે.

એ નગરમાં સામંતપાળ નામે ન્યાયગુણાલંકૃત નૃપતિ છે અને વૃદ્ધદત્ત નામે વ્યવહારી છનુ ક્રોડ સોનૈયાની અખંડ રિદ્ધિએ કરીને સંયુક્ત છે. તે શેઠ અતિ કૃપણ હોવાથી પૂર્વોક્ત દ્રવ્ય અભિષ્ટપુરક દેવની પેઠે દેવસ્થાનકને વિષે રાખીને તેની નિરંતર પૂજા કરે છે. દર વર્ષે જ્યારે અનુકૂળ સમય હોય છે ત્યારે ધાન્ય, ઘૃત અને તૈલાદિકનો સંગ્રહ કરીને તેનો વ્યાપાર કરવાથી બહુ મૂલ્યવાન મુક્તાફળ અને રત્નાદિકની સંપત્તિ ઉપાર્જન કરે છે; તોપણ દેવપૂજા, ગુરૂભક્તિ, સાધર્મીકવાત્સલ્ય અને અતિથિસત્કારાદિક સુકૃત્યના રહિતપણાથી પોતાના મનુષ્યજન્મને વ્યર્થ કરે છે. આવા કૃપણને માટે શાસ્ત્રકાર કહે છે કે “ જેના ઘરમાં પ્રાહુણાનો પ્રવેશ નથી અને સાધર્મીનું આવાગમન નથી તેને જીવતાં રોવાનું અને તેના મરણથી મંગળીક થાય છે. ”

એકદા પાછલી રાત્રિએ તે શેઠ પોતાના શયનગૃહમાં સુતો છે અને પોતાની કૃપણતાનો અનુભવ કરતો જાગ્યા કરે છે, તેવામાં “આ લક્ષ્મીનો જે ભોગવનાર છે તે અવતર્યો છે” એવી અદૃષ્ટ વાણી તેણે સાંભળી. તે વિચારવા લાગ્યો-‘અહો ! આ શુ ? અરેરે ! આ મારી અગણિત દોલતનો ભોક્તા શું મારા અપુત્રપણાથી બીજો થશે ?’ આવી રીતે પશ્ચાતા-

પ કરવા લાગ્યો. એવી વાણી તેણે ત્રણ દિવસ સુધી નિરંતર રાત્રિએ સાંભળી, તેથી અત્યંત ખેદયુક્ત થઇને તેણે એક દિવસ પોતાની ગોત્રદેવીની પૂજા કરીને તેની સમીપે ડાભના સંથારા ઉપર ઉપવાસ કરીને બેઠો. સાતમે ઉપવાસે દેવી પ્રગટ થઇને બોલી—"હે શેઠ! તેં સાંભળ્યું છે તે અદૃષ્ટ વચન સત્ય છે. તારી લક્ષ્મીનો ભોક્તા અવતરી ચુકયો છે. શું કરૂં? મારો પણ તેમાં ઉપાય નથી. કેમકે ભવિતવ્યતા બળવાન્ છે."

શેઠે પૂછ્યું—"હે કુળદેવિ! જો તેમજ છે તો તે કયાં અવતર્યો છે? દેવી બોલી—"કાંપીલ્યપુર નગરે ત્રિવિક્રમ નામે શ્રેષ્ઠીના ઘરમાં પુષ્પશ્રી નામની દાસીની કુક્ષીમાં ઉત્પન્ન થયો છે." આ પ્રમાણે કહીને દેવી અદૃશ્ય થઇ. શેઠ પણ બીજે દિવસે પારણું કરીને પોતાના લઘુ ભ્રાતા સાધુદત્તની સાથે વિચાર કરવા લાગ્યો. દેવીએ કહેલું સર્વે તેને કહી બતાવ્યું. સાધુદત્ત બોલ્યો—"હે બાંધવ! જો દેવીએ આ પ્રમાણે કહ્યું તો તે સત્યજ છે. ભવિતવ્યતા બળવાન્ છે માટે હવે તું વિષવાદ ન કર, કેમકે એમાં કોઇનો કાંઇ પણ ઉપાય ચાલતો નથી." વૃદ્ધદત્ત બોલ્યો—"વત્સ! જો કે ભવિતવ્યતાનો નાશ થતો નથી તોપણ પુરૂષે પુરૂષાકાર જે ઉદ્યમ તેનો ત્યાગ ન કરવો. પુરૂષાકારની શ્રેણિ પ્રાપ્ત થયે ભવિતવ્યતા પણ અન્યથા થાય છે." કહ્યું છે કે—

उद्यमं साहसं धैर्यं बलबुद्धिपराक्रमः
षडेते यस्य विद्यंते तस्य दैवोपि शक्यते ॥१॥

ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બળ, બુદ્ધિ અને પરાક્રમ એ છ જેને વિદ્યમાન છે તેની દૈવ પણ શંકા કરે છે.

સાધુદત્ત બોલ્યો—"હે બાંધવ! દૈવના વશે કરીને ભવિતવ્યતાને અન્યથા કરવા માટે જો ઇંદ્ર પણ ઉદ્યમ કરે તો તેથી ક્લેશજ થાય છે. વાંચ્છિતની સિદ્ધિ થતી નથી. કહ્યું છે કે—

दैवमुलंघ्य यत्कार्यं क्रियते फलवन्न तत्
सरांभश्चातकेनात्तं गलरंध्रेण निर्गतं ॥१॥

"દૈવનું ઉલ્લંઘન કરીને જે કાર્ય કરીએ તે ફળદાયક નીવડતું નથી. સરોવરનું 'ચાતક પક્ષીએ' પાણી પીધું તો ગળાના દ્વારથી નીકળી ગયું."

આ ભવિતવ્યતાના બળવત્તરપણા ઉપર કથા સાંભળ—

"રત્નસ્થળ નામે નગરમાં રત્નસેન નામે રાજા છે. તેનો પુત્ર બહોંતેર કળામાં પ્રવીણ રત્નદત્ત નામે છે. રાજાએ કુમારને યોગ્ય કન્યાનું અવલોકન કરવા સારૂ કુમારના રૂપ વડે અલંકૃત પટ્ટીકા ચીત્રાવી તેને તથા જન્મપત્રિકા લઇને સોળ સોળ મંત્રીઓને ચારે દિશાઓ તરફ મોકલ્યા. તેઓમાંના ત્રણ તેને યોગ્ય કન્યાને ન પામવાથી કેવળ વૃથા પ્રયાસ અનુભવીને પૂર્વાદિ ત્રણે દિશાઓ તરફથી પાછા વળ્યા. નાટક કરવાને વખતે નૃત્યના તાળને વિસ્મૃત થવાથી જેવો નૃત્યકારને ખેદ પ્રાપ્ત થાય તેવા ખેદને પામી તેઓ પોતાના આત્માને કૃતાર્થ માનતા સતા પોતાને નગરે આવ્યા.

હવે જે સોળ મંત્રીઓ કૌબેરી ( ઉત્તર ) દિશા તરફ ગયા હતા તેઓ ભમતાં ભમતાં ગંગા નદીના તટ ઉપર ચંદ્રસ્થળ નામના નગરે પહોંચ્યા. ત્યાં ચંદ્રસેન નામે રાજા છે, તેની ચંદ્રાવતી નામે કન્યા ચોસઠ કળાએ કુશળ અને દીવ્યરૂપનું પાત્ર છે. મંત્રીઓએ ચંદ્રસેન રાજાની સમીપે જઇને રાજકુંવરના રૂપની પટ્ટીકા તથા જન્મપત્રિકા બતાવી, રાજાએ પોતાની પુત્રીને બોલાવી અને તે બંનેની યથાર્થ યોગ્યતા દીઠી, તેથી તરતજ જ્યોતિષિઓને લગ્નગ્રહણ કરવાને માટે બોલાવ્યા. તેમણે બાર વર્ષ પર્યંત અવલોકન કરીને રાજાને કહ્યું-'હે રાજેંદ્ર! આજથી સત્તરમે દિવસે જેવું શ્રેષ્ઠ લગ્ન છે તેવું બાર વર્ષમાં કોઈ દિવસે નથી.' રાજા બોલ્યો—'વર દૂર રહ્યો અને લગ્ન પાસે આવ્યું, માટે અહીં શો ઉપાય કરવો ?' મંત્રીઓ બોલ્યા—'હે રાજન્! રક્તવર્ણની પવનવેગા સાંઢણીને મોકલીને એકલા કુમારનેજ અહીંઆ લાવીએ.' રાજાએ તે વાત કબુલ કરીને પવનવેગા ઉષ્ટ્રિકાની સાથે તે મંત્રીઓને મોકલ્યા. પાંચ દિવસે તે પોતાને નગરે પહોંચ્યા. રત્નસેન રાજા કન્યાના રૂપપટ્ટને જોઇને બહુજ હર્ષિત થયો, અને કુમારને તેજ મંત્રીઓની સાથે સાંઢણી ઉપર બેસાડીને મોકલવાની તૈયારી કરી.

હવે તેજ સમયે લંકા નગરીને વિષે રાવણ નામે રાજા વિદ્યમાન છે. ત્રણ ખંડની રિદ્ધિએ તે સંયુક્ત છે. અગણિત લશ્કર છે, અને ઈંદ્રાદિક દેવતાઓ લોકપાલક સહિત તેની સેવા કરે છે. એકદા તેણે નિમિત્તિયાને પૂછ્યું-"મારૂં

મૃત્યુ કોનાથી થશે?" તે બોલ્યો-"હે દશાનન! રામ લક્ષ્મણના હાથથી તારૂં મૃત્યુ થવાનું છે, અને તે અયોધ્યા નગરીને વિશેષે દશરથ રાજાના પુત્ર થવાના છે." રાવણ બહુજ ખેદયુક્ત થઇને પોતાના મંત્રીઓની સાથે વિચાર કરવા લાગ્યો કે 'કોઈ પણ પ્રકારે કરીને આપણે તે અન્યથા કરી શકીએ?' મંત્રીઓ બોલ્યા-"ભાવી અન્યથા શી રીતે થાય? કેમકે વિધિ ભાંગે અને વિધિ ઘડે તેમજ પાછાં ઘડેલાં ભાંગે, લોકો તડફડ્યા કરે અને વિધિ કરે તે થાય." રાવણ ગર્વ કરીને બોલ્યો—"ત્યારે! ઉત્તમ પુરૂષોને વિધાતા શું કરી શકનાર છે? તેને તો પુરૂષાતનજ પ્રમાણ છે." નૈમિત્તિક બોલ્યો—"રાજન્! એમ ન બોલો. સાંભળો આજથી સત્તરમે દિવસે ચંદ્રસ્થળ અને રત્નસ્થળ નગરના રાજાઓની પુત્રપુત્રીનો સંગમ (વિવાહ) અવશ્ય થનાર છે, અને વળી મધ્યાન્હેજ સમાગમ થનાર છે. તે તેવી નિશ્ચય વાર્તાને ન થવા દેવાને તમે અથવા કોઇ બીજા કે તમારો સેવક કોઇ પણ શક્તિમાન્ હો તો સજ્જ થાઓ; કેમકે નિશ્ચયે તે વાત વૃથા થનાર નથી." ત્યારપછી રાવણે તે વિધિનિયોગને અન્યથા કરવાના હેતુથી ચંદ્રાવતી કન્યાનું અપહરણ કર્યું, અને લંકામાં લાવ્યો. લાવીને રાવણે એક વિદ્યાદેવીને આદેશ કર્યો કે 'હે તિમિગિલી દેવી! દંતમય મહોટી મંજુષાને વિષે ભક્ષ, પય, તાંબુળ તથા બીજી પણ ઉપયોગી વસ્તુઓ રાખીને તેમાં આ ચંદ્રાવતી કન્યાને રાખવી, અને તમારે એક મોટું પર્વતપ્રાય રૂપ કરીને એ પેટી

પોતાના વદન મધ્યે સ્થાપન કરીને ગંગા અને સમુદ્રના સંગમના મધ્ય ભાગે જળના અંતરમાં સત્તર દિવસ સુધી રહેવું.' તિમિગિલી દેવી રાવણ રાજેંદ્રના આવા આદેશને પામીને તત્કાળ તે પ્રમાણે કરતી હવી. ત્યારપછી રાવણે વ્યંતર જાતિના તક્ષક જાતિના નાગવિશેષને બોલાવીને આદેશ કર્યો કે-"ચંદ્રાવતી કન્યાના વિવાહને માટે સજ્જ થયેલા રત્નદત્ત કુમાર સમીપે જઇને તારે દંશ કરવો." તેણે તરતજ તેમ કર્યું અને કુમાર બેશુદ્ધ થઇને પડ્યો. મંત્રવાદિઓએ સેંકડો પ્રકારની વિષચિકિત્સા કરી, પરંતુ કિંચિત્ પણ ગુણ પ્રાપ્ત થયો નહીં. છેવટે મંત્રવાદીઓએ કહ્યું 'વિષમૂર્છા શાસ્ત્રમાં છ માસની કહી છે, માટે આ રાજકુમારને જળમાં મૂકી દેવો, પરંતુ અગ્નિસંસ્કાર કરવો નહીં.' વિજ્ઞ પુરૂષોનાં આવાં વચનો શ્રવણ કરીને રાજાએ પુરૂષપ્રમાણ એક પેટીને વિષે કુમારને મૂકીને તે પેટી ગંગાનદીમાં વહેતી મૂકી દીધી. તે પેટી જળમાં ભ્રમણ કરતી કરતી ભાવીના વશ થકી સત્તરમે દિવસે જ્યાં તિમિગિલી દેવી કુંવરીસંયુક્ત પેટીને રાખીને રહીછે ત્યાં ગંગા અને સમુદ્રના સંગમ સમીપે આવી. કહ્યું છે કે—" પુરૂષ જેનું ચિંતવન પણ કરી શકતો નથી તે વિધાત્રા સહજમાત્રમાં કરે છે."

અહીં તિમિગિલી પણ ભવિતવ્યતાના વશથી સત્તરમા દિવસને વિસ્મૃત થઇ ગઇ, અને તે દિવસે એટલે લગ્નનાજ દિવસે પ્રભાતકાળે આટલા દિવસ પેટીને મુખમાં રાખવાથી ખીન્ન થઇ સતી, એ પેટી સહિત ચાલવાને પણ અશક્ત થઇ જવાથી 'હમણા આ પેટીને એક મુહૂર્ત્ત માત્ર

બહાર કિનારે મૂકીને ગંગાસાગરના સંગમને વિષે ક્રીડા કરૂં" એમ વિચાર્યું; અને પેટી મુખમાંથી બહાર કાઢીને સમીપના દ્વીપે મૂકી. પેટીનું દ્વાર ઉઘાડીને કન્યાને કહ્યું-'હે વત્સે! હું એક મુહૂર્ત્ત સુધી અહીં જળને વિષે ક્રીડા કરૂંછું તેટલો વખત તું પણ જળવિના તટ ઉપર ક્રીડા કર.' આ પ્રમાણે કહીને તે તિમિંગિલીદેવી ક્રીડા કરવા માટે દૂર ગઇ.

હવે ચંદ્રાવતી કન્યા પેટીમાંથી બહાર નીકળીને આમ તેમ ફરે છે, તેટલામાં પૂર્વોક્ત રાજકુમારવાળી મંજુષા પવને પ્રેરિત ત્યાં આવી. કન્યાએ કૌતુકે કરી ઉઘાડી એટલે અંદર વિષમૂર્છિત રાજકુમાર સરખા પુરૂષને દીઠો. તરતજ વિષાપહારી મણિએ જડાવ પોતાની અંગુલીગત મુદ્રિકા હતી તે કાઢીને તેના જળવડે કુમારને સિંચન કર્યું; તેથી કુમાર સચેતન થઇ બેઠો થયો, એટલે કુંવરીએ પ્રથમ પટમાં આળેખેલું તેનું રૂપ જોયેલું હોવાથી અનુમાને કરીને એમ નિશ્ચય કર્યો કે-'જરૂર આ રત્નદત્ત કુમાર છે, જેની સાથે પિતાએ મારા લગ્ન કરવાનું નિરધાર કર્યું છે.' આ પ્રમાણે વિચાર કરીને તે કન્યા અત્યંત હર્ષિત થઇ તેમજ કુમાર પણ તેને ઓળખવાથી બહુજ હર્ષિત થયો. પછી પરસ્પર પોતપોતાની કથા કહી બતાવી, અને કન્યાએ પોતાની ચતુરાઇ વડે ગણત્રી કરીને કહ્યું 'આજેજ આપણો લગ્નનો દિવસ છે.' તત્કાળ ગાંધર્વરીતિએ કરીને તેમણે પરસ્પર પાણિગ્રહણ કર્યું.

यन्मनोरथशतैरगोचरा यत्स्पृशंति न गिरः कवेरपि
स्वप्नवृत्तिरपियत्रदुर्लभा लीलयैव विदधाति तद्विधिः॥

"સેંકડો મનોરથવડે પણ જે અગોચર છે અને કવિની વાણી પણ જેનો સ્પર્શ કરતી નથી તેમજ સ્વપ્નવૃત્તિ પણ જ્યાં દુર્લભ છે તે વિધાત્રા લીલામાત્રે કરીને કરે છે."

પછી અનેક જાતિના સમુદ્રના તટ ઉપર પડેલાં આમળાના ફળ જેવડાં મુક્તાફળો અને રત્નો વિગેરેનો સંગ્રહ કરીને તિમિગિલી દેવીને આવવાનો વખત થવાથી કુંવરીવાળી મંજુષાને વિષે, બાંધેલી છે વસ્ત્રની છેડાછેડી જેની એવાં તે બંને કુમાર અને કુંવરી પેઠા અને દ્વાર પણ બંધ કર્યું. ક્ષણ વેળા થઇ એટલે તિમિગિલીદેવી આવી અને પેટીનું દ્વાર બંધ દેખીને પૂછયું-"હે વત્સે! તું અંદર છે?" કન્યા બોલી-'હે માતા! સુખે કરીને અંદર રહીછું.' ત્યારપછી તે દેવી પ્રથમ પ્રમાણે પાછી પેટીને મુખમાં રાખીને જળને વિષે રહી.

અહીંઆં રાવણે સત્તરમા દિવસનો મધ્યાન્હકાળ વીત્યાપછી નિમિત્તિયાને બોલાવીને કહ્યું-"મેં ભાવી એવું પણ એ વરકન્યાનું પાણિગ્રહણ થવા દીધું નથી, અને તારૂં વચન અન્યથા થયું છે." આ પ્રમાણે કહીને સભાનો ખાત્રી માટે તરતજ તે તિમિગિલી દેવીને બોલાવી, અને તેણે સભાના મધ્યમાં મંજુષા મૂકી. જેવી તે મંજુષા ઉઘાડી, અને અંદર જોયું તો દિવ્ય રૂપવંત ભર્ત્તાર સહિત અને જેના હસ્ત ઉપર નવીનજ કંકણ બંધન કરેલું છે એવી તે ચંદ્રાવતી કન્યાને જોઇને રાવણ અત્યંત વિસ્મય પામ્યો. વરકન્યા બંનેએ પોતપોતાનું વૃત્તાંત કહી બતાવ્યું. રાવણે તેની વાત સાંભળીને નિશ્ચય કર્યો કે "ભાવી અન્યથા થતુંજ નથી."

પછી રાવણે નિમિત્તિયાનો સત્કાર કરીને તેને વિસર્જન કર્યો. કલત્ર સંયુક્ત કુમારને રાવણે મોકલેલા વિદ્યાધરોએ તેના પિતાની સમીપે મૂકયો. તેના માતાપિતા અને કુટુંબ પરિવાર પરમ આનંદ પામ્યો."

આ પ્રમાણેની કથા કહીને સાધુદત્ત નામે વ્યવહારી જ્યારે મૌન રહ્યો, ત્યારે ઉપક્રમવાદી વૃદ્ધદત્ત શ્રેષ્ઠી બોલ્યો- "તારા કહેવા પ્રમાણે ભાવી હોય તે બનેજ છે એમ કાંઈ એકાંત નથી. ઉપક્રમ જે ઉદ્યમ તે પણ પ્રમાણ છે. કહ્યું છે કે-

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मी
दैवं हि दैवमिति कापुरुषा वदंति ।
दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या
यत्ने कृते यदि न सिद्ध्यति कोऽत्र दोषः ॥

ઉદ્યોગી એવો પુરૂષસિંહ લક્ષ્મીને પામેછે. દૈવ દૈવ એવું તો કુત્સિત પુરૂષોજ બોલ્યા કરે છે. માટે દૈવને ત્યાગ કરીને આત્મશક્તિવડે ઉદ્યમ કરવો. યત્ન કર્યા છતાં પણ જો કાર્યસિદ્ધિ ન થાય તો પછી અહીં કોને દોષ દેવાનો છે? તેવીજ રીતે, ભાઇ સાધુદત્ત! ઉદ્યમ ઉપર દૃષ્ટાંત સાંભળ.

મથુરાનગરીને વિષે હરિબળ નામે રાજા છે, અને બહુ બુદ્ધિનિધાન સુબુદ્ધિ નામે તેનો મંત્રી છે; અન્યદા સમકાળે એકજ લગ્ને રાજા અને પ્રધાન બંનેને પુત્ર થયા. રાજપુત્રનું હરિદત્ત અને મંત્રીપુત્રનું મતિસાગર નામ પાડયું. ષષ્ઠિજાગરણને દિવસે રાત્રિને સમયે વ્યંતરી સદૃશ આકારવાળી

કોઇક સ્ત્રીને પોતાના ઘરમાંથી નીકળતી દેખીને મંત્રીએ કોઇ પ્રકારાંતરથી તેને હસ્તવડે પકડી રાખીને કહ્યું–" ભદ્રે ! તું કોણ છે?" તે બોલી-"હે મંત્રિ !વિધિ એવા પ્રસિદ્ધ નામવાળી વ્યંતરી દેવી છું, અને બંને કુમારોના કપાળને વિષે અક્ષર લખવા સારૂ અહીંઆં આવી હતી; તે અક્ષર લખીને હવે જાઉંછું." મંત્રીએ પૂછ્યું-" ત્યારે તમે શું લખ્યું તે કહો!" તે બોલી-" આ રાજપુત્ર આખેટક કર્મનો કરનારો થશે, અને પ્રતિદિવસે મૃગ આદિ એકજ જીવની પ્રાપ્તિ તેને થશે. આ પ્રમાણે રાજપુત્રના લલાટમાં લખ્યું છે. આ મંત્રીપુત્ર કાષ્ઠ વહન કરનારો થશે, અને દરરોજ એકજ કાષ્ઠનો ભારો તેને પ્રાપ્ત થશે. આ પ્રમાણે મંત્રીપુત્રના લલાટે મેં લખ્યું છે." વ્યંતરીએ આ પ્રમાણે કહ્યા પછી મંત્રી બોલ્યો– 'હે વિધાત્રા ! તેં આ બંનેના કુળને અનુચિત એવું કેમ લખ્યું?' વિધાત્રા બોલી -" હે મંત્રી ! એવાજ પ્રકારની એ બંનેની ભવિતવ્યતા છે કે જે કોઇનાથી ઉલ્લંઘન કરી શકાય તેમ નથી." મંત્રી બોલ્યો-"હે દેવી ! જો તેમજ છે તો મારા બુદ્ધિબળે કરીને જે તેં લખ્યું છે તે બધું અન્યથા કરીશ, એવી હું પ્રતિજ્ઞા કરૂંછું. હવે તારી પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવા માટે સંપૂર્ણ પ્રયત્ન કરવો, અને જે પ્રમાણે તેં એ બંનેના ભાળને વિષે લખ્યું છે તે પ્રમાણે પ્રતિદિન તેને પ્રાપ્ત થાય તેમ કરવું. જો તું ભ્રષ્ટપ્રતિજ્ઞ થઇશ તો તારી હાંસી થશે."

મંત્રીએ આવાં ચાનક ચડે તેવાં વચનો કહેવાથી "ધાન્યના કીડા જેવો મનુષ્ય માત્ર તું શું કરી શકવાનો છે?"

એમ બોલીને વિધિ અદૃશ્ય થઇ. મંત્રી પણ તેનાં વચન સંભારતો અને પોતાના ઇષ્ટ દેવતાનું સ્મરણ કરતો નિદ્રાવશ થયો. અનુક્રમે કેટલાએક દિવસો વ્યતિક્રમ્યા.

એકદા તે નગરીની ઉપર સીમાનો કોઈ રાજા પોતાનું સૈન્ય લઇને ચઢી આવ્યો. હરિબળ રાજાએ સૈન્ય સહિત તેની સામા જઇને અનેક પ્રકારનું યુદ્ધ કર્યું, પરંતુ છેવટે તે હાર્યો અને પ્રાણ તજ્યા. વૈરીઓએ નગર ગ્રહણ કર્યું. તેવે સમયે અવસર પામીને હરિદત્ત અને મતિસાગર બંને રાજપુત્ર અને મંત્રીપુત્ર નગરમાંથી નીકળી ભાગ્યા. પૃથ્વીપર ભ્રમણ કરતાં અને ભિક્ષા વડે નિર્વાહ કરતાં અનુક્રમે લક્ષ્મીપુર નગરે આવ્યા. રાજપુત્ર કોઈ પારધિને ઘેર ગયો અને તેનો સેવક થયો. કેટલાક દિવસ આખેટકકર્મ કરતાં કરતાં પોતે એક જુદી કુટી કરીને રહ્યો.

મંત્રીપુત્ર પણ કાષ્ઠનો ભારો વનમાંથી લાવી વેચીને પોતાનો નિર્વાહ કરવા લાગ્યો. "વિધાત્રાના અક્ષર કેમ નિષ્ફળ થાય?"

आरोहितुं गिरिशिखरं समुल्लंघ्य यातु पातालं।
विधिलिखिताक्षरमालं फलति कपालं न भूपालः ॥

"મોટા પર્વતોના શિખરો ઉપર આરોહણ કરો અથવા તેનું ઉલ્લંઘન કરીને પાતાળમાં જાઓ, તોપણ વિધાત્રાના લખેલા અક્ષરોની શ્રેણિયુક્ત જે કપાળ છે તે સર્વત્ર ફળે છે, પરંતુ મોટો ભૂપાળ કાંઇ ફળતો નથી અર્થાત્ તેનું ધાર્યું નિષ્ફળ થાય છે."

અહીંઆં સુબુદ્ધિ મંત્રી પોતાનો સ્વામી મરણ પામ-વાથી અને પોતાનું નગર શત્રુવર્ગના રાજાએ ગ્રહણ કરવાથી પોતે તે નગરનો ત્યાગ કરી અન્ય દેશમાં ભ્રમણ કરતો અ-નુક્રમે તેજ નગરે આવ્યો, અને પોતાના પુત્રને કાષ્ઠનો ભારો વહન કરતો દીઠો; તેણે પૂછ્યું–“ હે પુત્ર! આ શું? ” તે બોલ્યો–“હે તાત! પ્રભાત થાય કે તરત વનમાં જાઉં છું, ત્યાં જઈને એક ઘડી, એક પહોર કે આખો દિવસ મહેનત કરૂં છું તોપણ એક લાકડાનો ભારોજ મળી શકે છે, વધારે મળતાં નથી અને એવી રીતે દરરોજ નિર્વાહ કરૂં છું.” મંત્રી પોતાની બુદ્ધિએ વિચાર કરીને વિધિવિલસિત કાર્ય અન્યથા કરવા માટે બોલ્યો–“હે વત્સ! જો વનને વિષે તને ચંદનનાં કાષ્ઠ મળે તો તેજ તારે ગ્રહણ કરવાં; બીજું કોઇ જાતનું કાષ્ઠ તારે લેવું નહીં. કદી ચંદનનાં કાષ્ઠ ન મળે તો તારે તે દિવસ લાંઘણ કરવી. ” તેણે તે પ્રમાણે કબુલ કર્યું.

ત્યારપછી રાજપુત્રને મળ્યો, અને તેની હકીકત પૂછ્યા પછી તેને કહ્યું–“ હે વત્સ! જો અખેટકને વિષે તારા પાસમાં મહા ઉજ્વળ અને શ્રેષ્ઠ હસ્તી આવે તો તેનેજ તારે બાંધી લેવો, પણ મૃગાદિ બીજા પશુ આવે તેને તારે ગ્રહણ કરવા નહીં. ” તેણે પણ તે પ્રમાણે કબુલ કર્યું. બંને જણાને તે પ્રમાણેજ વર્તતાં સંધ્યા થવા આવી. ભુખને સહન કરીને મંત્રીપુત્રે ચંદનકાષ્ઠ શિવાય બીજાં કાષ્ઠ બીલકુલ ગ્રહણ કર્યાં નહીં, અને રાજપુત્રે હસ્તી શિવાય બીજા પશુને ગ્રહણ કર્યાં નહીં. આ પ્રમાણે દેખીને વિધિ જે વ્યંતર દેવી તેણે પોતા-

ની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે દેવશક્તિ વડે મંત્રીપુત્રને ચંદનના કાષ્ઠનો ભારો તત્કાળ લાવી દીધો, અને રાજપુત્રના પાસામાં એક મદોન્મત્ત ગજને પાડ્યો. તે બંને જણાએ નગરમાં જઇને પોતપોતાની વસ્તુ વેચીને બહુ દ્રવ્ય ઉપાર્જન કર્યું. એ પ્રમાણે નિરંતર કરવા લાગ્યા. અનુક્રમે મોટી રિધિવંત થયા. મંત્રીપુત્રે ચંદનના કાષ્ઠો વેચી વેચીને ક્રોડો સોનૈયા એકઠા કર્યા, અને રાજપુત્રે કેટલેક કાળે એક હજાર હસ્તી એકઠા કર્યા.

ત્યારપછી મંત્રીની બુદ્ધિવડે મંત્રીપુત્રના દ્રવ્યથી અને રાજપુત્રના ગજસૈન્યથી અલંકૃત થઇને પોતાને નગરે આવ્યા, અને વેરી રાજાને જીતીને હરિદત્તને રાજ્યે બેસાડ્યો. અનુક્રમે મંત્રીપુત્ર અને રાજપુત્ર બંને પરમ સુખના ભોગવનારા થયા."

વૃદ્ધદત્ત કહે છે કે 'હે બંધુ! આ પ્રમાણે સુબુદ્ધિ મંત્રીએ પોતાની બુદ્ધિએ કરીને વિધાત્રાના લેખ પણ ફેરવ્યા, તેથીજ કહેવાય છે કે—

उद्योगिनं पुरुषसिंहमुपैतिलक्ष्मीः

જેમ સુબુદ્ધિ મંત્રીએ પોતાના ઉદ્યમનું ફળ મેળવ્યું તેમ હે બંધુ! હું પણ મારા ઉદ્યમનું ફળ મેળવીશ.' આ પ્રમાણે કહીને ખર, ઉંટ, બળદો, કરભો અને શકટાદિકનો મોટો સાથ મેળવીને વૃદ્ધદત્ત શ્રેષ્ઠી કાંપીલ્યપુરે આવ્યો અને પોતાના કીયાણાના ક્રયવિક્રયને વિષે પોતાના આપ્તજનોને જોડી દઇને પોતે ત્રિવિક્રમ શેઠને ઘરે ગયો, અને પોતાની મૌક્તિક તથા પ્રવાળાદિ પ્રધાન વસ્તુઓ તેની નજરે પડે તેમ કર્યું; એટલે તરતજ ત્રિવિક્રમ શેઠે સન્મુખ જઇને આદર

સત્કાર સારી રીતે કર્યો. વિનય વડે પોતાને હાથે તેને આસન નાખીને બેસાડ્યા અને કહ્યું-' તમારે પ્રયાણ સમય પર્યંત આજ ઘરને વિષે કુટુંબવૃત્તિએ કરીને રહેવું.'

एह्यागच्छसमाविशासनमिदं प्रीतोऽस्मि ते दर्शनात्
का वार्त्ता पुरि दुर्बलोसि च कथं कस्माच्चिराद्दृष्यसे।
इत्येवं गृहमागतं प्रणयिनं ये भाषयंत्यादरात्
तेषांयुक्तमशंकितेनमनसा गंतुं गृहे सर्वथा ॥

"અહીં આવો, આ આસન ઉપર બેસો, તમારા દર્શનથી પ્રીતિ ઉત્પન્ન થાય છે. નગરવાર્ત્તા શી છે? કેમ દુર્બળ દેખાઓ છો? કેમ બહુ દિવસે દેખાયા? આ પ્રમાણે ઘરે આવનાર સ્નેહીને જે આદર પૂર્વક કહે છે (પૂછે છે) તેનાજ ઘરને વિષે અશંકિત મને કરીને નિરંતર જવું યોગ્ય છે. અર્થાત્ આદરાતિથ્ય શિવાયના ઘરને વિષે જવું યોગ્ય નથી."

વૃદ્ધદત્ત પણ તેના આગ્રહવડે કરીને તેનેજ ઘરે ભોજન, અશન, શયનાદિક કરવાનું સ્વીકાર્યું. અનુક્રમે તેને ઘરે રહેતાં વસ્ત્રાભરણ વિગેરે અપૂર્વ વસ્તુના દાને કરીને ત્રિવિક્રમની પત્ની, તેના પુત્ર, પુત્રી તથા તેના દાસદાસી વિગેરે સમસ્ત પરિવારને તેણે સારી રીતે પ્રસન્નતા પમાડી, અને સગર્ભા પુષ્પશ્રી નામની તેની દાસીને તો વિશેષ ખુશી રાખી. આ પ્રમાણે નિરંતર સન્માન દાનાદિક કરીને સુખ પામીને ચાર માસ ત્યાં રહ્યો. બંનેને પરસ્પર દૃઢ પ્રીતિનુ બંધન થયું.

હવે ક્રયવિક્રય કરી રહીને તૈયારી થવાથી પોતાને નગરે જવાની ઈચ્છાવાળા વૃદ્ધદત્ત શેઠે ત્રિવિક્રમશેઠની રજા માગી. ત્યારે તેણે કહ્યું—

मागाइत्यप्यमंगलं व्रजइतिस्नेहेन हीनंवच
स्तिष्ठेति प्रभुता यथारुचिकुरु त्वं साप्युदासीनता।
तत् किं सांप्रतमाचरामि भवतःस्वेच्छोपचारं वचः
स्मर्त्तव्यावयमादरेण भवता यावत्पुनर्दर्शनं ॥

" 'ન જાઓ' એમ કહું તો તે અપમંગળિક થાય, 'જાઓ' એમ કહું તો તે સ્નેહહીન વચન કહેવાય, 'રહો' એમ કહું તો તેમાં મારી પ્રભુતા ઠરે, 'તમારી મરજી પ્રમાણે કરો' એમ કહું તો તે ઉદાસીનતા ગણાય, તેથી એવું શું છે કે જે હું હમણા બોલું. માટે તમારી ઇચ્છા પ્રમાણે વચન જાણવું, પરંતુ જ્યાં સુધી તમારૂ પુનઃદર્શન થાય ત્યાં સુધી તમારે અમને આદરપૂર્વક સંભારવા."

युयं स्वां नगरीं गृहांतरामत्र प्राप्तुं प्रयाणोन्मुखा
वर्त्तध्वेचरथोष्ट्रगोषुरुचिरं यद् भूरिरत्नेषु वा।
उत्कृष्टानि च यानि भूषणकृतेवस्त्रेषुवान्यत्तथा
यत्किंचित् कतिचिद्दिनस्मरणकृद् ग्रह्णीत मत्तुष्टये ॥

" ત્રિવિક્રમ શ્રેષ્ઠી વૃદ્ધદત્તને કહેછે કે-તમે ગૃહાંતરની પેઠે પોતાની નગરીએ જવાના પ્રયાણને માટે તૈયાર થયાછો તો અહીંઆં મારે ત્યાંથી રથ, ઉંટ અને ગાયોમાંથી જે

પ્રિય લાગે તે પશુ, અથવા રત્નોને વિષેથી ઉત્કૃષ્ટ એવાં જે ભૂષણો છે તેમાંથી અને બીજાં વસ્ત્રાદિકમાંથી જે કાંઇ પ્રિય લાગે તે થોડું પણ કેટલાએક દિવસના સ્મરણને માટે તેમજ મારી પ્રસન્નતાને માટે તમે ગ્રહણ કરો."

વૃદ્ધદત્ત બોલ્યો—"હે મિત્ર! જે મારે ઘરેછે તે બધુ તમારી તુષ્ટિને અર્થેજ છે. માટે કૃપાપત્રોએ કરીનેજ નિરંતર મને કૃતાર્થ કરવો. તથાપિ જો તમારો બહુ આગ્રહ હોય તો આ વિચક્ષણ અને ચિત્તજ્ઞ એવી પુષ્પશ્રી નામે જે તમારી દાસી છે તેને માર્ગને વિષે અન્નપાક અને સ્નાન કરાવવાને વિષે નિપુણ હોવાથી સાથે આપો. હું પોતાને નગરે પહોંચ્યા પછી તરતજ પાછી મોકલી દઇશ." ત્રિવિક્રમ શેઠ નિવડદાક્ષિણ્યપણાથી ના કહી શક્યો નહીં તેથી બોલ્યો "હે પૂજ્ય! આ દાસીને તમારી સાથે મોકલુંછું પરંતુ તે મારો વિરહ સહી શકે તેમ નથી માટે તેને તરતજ તમે પાછી મોકલી દેજો." આ પ્રમાણે કહીને દાસીને તેની સાથે મોકલી.

હવે વૃદ્ધદત્ત તે દાસીની સાથે રથાધિરૂઢ થઇને ચાલ્યો. અન્યદા ઉજ્જયિની નગરીની સમીપે આવ્યા, એટલે પાપ કર્મની ઇચ્છાથી પોતે સાથની પાછળ રહ્યો. જ્યારે સાથ બહુ દૂર ગયો, અને ચારે બાજુ કોઈ પણ મનુષ્ય દેખવામાં ન આવ્યો ત્યારે નિર્જન સ્થાનકે તે પાપીષ્ટ શેઠે તે દાસીને રથ ઉપરથી અકસ્માત્ જમીન ઉપર પાડી દીધી, અને પોતાના પગવડે કરીને તેના ઉદરનું અત્યંત મર્દન કરી શ્વા-

સનો શેધ કરીને તેને મરણ પમાડી. પછી રાજનિગ્રહના ભયથી વ્યાકુળ થઇને શીઘ્રપણે આગળ ચાલ્યો, અને સાથની ભેળો થઇ ગયો એટલે કોઈ પુરૂષે પૂછયું 'તમે પાછળ કેમ રહ્યા હતા?' શેઠ બોલ્યો—"મારી સાથે હતી તે દાસી શરીરચિંતાનો મિષ કરીને ગઇ હતી તેને આવતાં બહુ વિલંબ થવાથી મેં બહુ સ્થાનકે જોઈ, પરંતુ તેનો કોઇ પણ સ્થાનકે પત્તો લાગ્યો નહીં." આ પ્રમાણે તે દુષ્ટ કર્મના કરનાર શેઠે સર્વ લોકોને મિથ્યા ઉત્તર દઇને સમજાવ્યા; અને પત્રદ્વારા ત્રિવિક્રમશેઠને પણ તેવા ખબર આપ્યા.

હવે વૃદ્ધદત્ત શ્રેષ્ઠી પોતાના વૈરીનો વિનાશ કરીને હર્ષવંત થયો થકો પોતાની નગરીએ આવ્યો. અનુક્રમે તેની કૌતુકદેવી નામે ભાર્યાને તિલોત્તમા નામે એક પુત્રી પ્રસવી અને ૬૪ કળાને વિષે કુશળ થઇ. અહીં ઉજ્જયિની સમીપના માર્ગને વિષે જ્યાં પુષ્પશ્રીદાસી જેને વૃદ્ધદત્ત શ્રેષ્ઠીએ મૃત્યુ પમાડી છે તે પડેલીછે તે તરફ દૃષ્ટી કરીએ છીએ તો જે વખતે તે પાપીષ્ટ શેઠે દાસીના ઉદરનું મર્દન કરીને તેને મૃત્યુ પમાડીછે તે વખતેજ તેના ઉદરમાંથી ગર્ભ સજીવનપણામાંજ બહાર નીકળી પડયોછે અને તરફડીઆં મારેછે. તેવા સમયમાં ઉજ્જયિનીની રહેનારી કોઇ વૃદ્ધા કાર્યમિષે ગ્રામાંતર જાયછે. તેની દૃષ્ટિ તે દાસી તથા બાળકની ઉપર પડી. તે વૃદ્ધાની સાથે બીજી પણ ત્રણ ચતુર સ્ત્રીઓ હતી તે સૌ દાસી અને બાળક જ્યાં પડેલાં છે ત્યાં સમીપમાં આવ્યાં બાળને સજીવનપણે દેખીને વૃદ્ધા બોલી—"હા

ઇતિખેદ ! ધિક્કાર છે ! આ કર્મ કોઇ કર્મચંડાળે કરેલું જણાયછે. આ પ્રમદાને મૃત્યુ પમાડવાનું કર્મ કોઇ ચોર લોકોનું નથી, કેમકે તેના શરીરપરનાં આભરણો જેમનાં તેમજ રહેલાંછે. શાસ્ત્રમાં અનાથ ચૈત્યનો ઉદ્ધાર કરવાનું અને અનાથ બાળકનું રક્ષણ કરવાનું મહત્પુણ્ય કહેલું છે, તેથી હું આ બાળકને પુત્રની પ્રમાણે પાળીશ." આ પ્રમાણે કહીને દાસીના અંગ ઉપરથી આભરણો ઉતારી તેની એક ગાંસડી બાંધી બાળકને સાથે લઇને પોતે ઉજ્જયિનીમાં આવી. આવતાં તરતજ પ્રથમ રાજાની સમીપે ગઇ, અને સમસ્ત વૃત્તાંત નિવેદન કર્યો. રાજાએ કહ્યું—"હે વૃદ્ધા ! તારે આ બાળકનું મારા પુત્રની પેઠે પાલન કરવું, અને તેનું સમગ્ર સ્વરૂપ અવસરે અવસરે મને કહી જવું." આ પ્રમાણે કહીને રાજાએ દાસીના મૃતશરીરને અગ્નિસંસ્કાર કરાવ્યો, અને બાળકનું મહોટા મહોચ્છવ પૂર્વક 'ચંપક' નામ દીધું, તેની સર્વ ચિંતા રાજા પોતે કરવા લાગ્યો.

રાજાએ મોટા મહોચ્છવ યુક્ત નિશાળગરણું કરીને તેને યોગ્ય ઉમરે લેખશાળામાં ભણવા મૂકયો. સ્વલ્પ દિવસોમાંજ પૂર્વ પુણ્યના પ્રભાવથી તે સર્વ કળાને વિષે કુશળ થયો. અન્યદા લેખકશાળાને વિષે યુક્તિ પ્રયુક્તિ ચલાવીને પરીક્ષાને વખતે ચંપકે સર્વ લેખશાળકો (નીશાળીઆઓ )ને જીતી લીધા. તેથી રોષવંત થયેલા બધા નીશાળીઆઓ તેની સાથે કલહ કરવા લાગ્યા અને બોલ્યા - "રે નિષ્પિતૃક ! ( પિતાવિનાના ) ફોગટ ગર્વ શેનો ધારણ

કરેછે ? ” આ વચન સાંભળીને પોતાના મનમાં કાંઇક ખીન્ન થયો. તતકાળ પોતાને મંદીરે આવ્યો, અને પોતાની જનની ( વૃદ્ધા ) પ્રત્યે પૂછ્યું—“ હે માતા ! મારા પિતાનું નામ શું ? ” આ પ્રશ્ન સાંભળીને વૃદ્ધાએ તેનું જે સ્વરૂપ પોતે જાણતી હતી તે બધું યથાર્થ રીતે કહી સંભળાવ્યું.

અનુક્રમે ચંપક યૌવનાવસ્થાને પ્રાપ્ત થયો. રાજાના આદેશથી ક્રયવિક્રય કરતાં થોડાજ દિવસોમાં તેણે ચોદ કોટી સુવર્ણ દ્રવ્ય ઉપાર્જન કર્યું. ચંપકના ગુણવડે આકર્ષિત થયેલા સર્વ વ્યવહારીઆઓ તેના મિત્ર થઇ ગયા. અન્યદા કોઈ મિત્રવ્યવહારીના પુત્રના લગ્ન ચંપાનગરીની સમીપના કોઇ ગામમાં થવાના હોવાથી તે વ્યવહારી પોતાના પુત્રની જાનમાં ચંપકને આગ્રહ કરીને લઇ ગયો. કન્યાના પિતાએ પણ મિત્રાઇદાવાથી વૃદ્ધદત્ત શ્રેષ્ઠીને તેડાવેલો, જેથી તે પણ ત્યાં આવ્યો હતો. પાણિગ્રહણ મહોચ્છવ નિર્વિઘ્ને સમાપ્ત થયા પછી કન્યાના પિતાએ આગ્રહ પૂર્વક જાનને રાખી, અને તે સાથે વૃદ્ધદત્ત શ્રેષ્ઠી વિગેરે પોતાના મિત્રવર્ગને પણ રોકયો.

એક દિવસ નગરની બહાર વાવની ઉપર દંતધાવન કરવાને માટે બધા વ્યવહારીઓ બેટેલા છે, તેવામાં વૃદ્ધદત્ત શ્રેષ્ઠીએ ચંપકને દીઠો. તે વીચારવા લાગ્યો કે ‘આ દેવકુમાર સદૃશ કોણ છે ?’ પછી તે બંને જણ એકઠા મળ્યા, અને પરસ્પર ગીતકાવ્યાદિક ગોષ્ઠી કરવા લાગ્યા. વૃદ્ધદત્ત તેનું ચાતુર્ય, રૂપ અને સૌભાગ્ય જોઇને બહુજ ખુશી થયો, અને વિચાર્યું કે ‘જો આ ઉત્તમ પુરૂષ મારી પુત્રીનો વર થાય તો

શ્રેષ્ઠ. માટે તેનું કુળ, નામ, વંશ તથા સ્થાનાદિક પૂછી જોઉં.' આ પ્રમાણે વિચારીને તેણે કુળ વિગરે જાણવા સારૂ પ્રશ્ન કર્યું, એટલે ચંપકે પણ જે પ્રમાણે પોતે વૃદ્ધા પાસેથી જાણ્યું હતું તે પ્રમાણે યથાસ્થિત કહી સંભળાવ્યું.

ચંપકનો જન્મવૃત્તાંત સાંભળીને વૃદ્ધદત્ત વિચારવા લાગ્યો કે "અહો! તેજ આ પુરૂષ કે જેને દેવીએ મારી લક્ષ્મીનો ભોક્તા કહેલો છે. મેં દાસીના પ્રાણ હરણ કર્યા તે વખતે ભયવ્યાકુળપણે કરીને માત્ર તેનેજ મારી નાખી, પરંતુ ઉદરવિદારણાદિકે કરીને તેના ગર્ભનો વિનાશ ન કર્યો, જેથી સાંપ્રત તે ગર્ભ આવડી ઉમરનો થયો. તોપણ હજી કાંઇ બગડી ગયું નથી. જ્યાં સુધી તે ઉજ્જયિનીમાં પહોંચ્યો નથી ત્યાં સુધી તેનો વિનાશ કરવો સાધ્ય છે. જ્યારે તે વિશાળાનગરીએ પહોંચશે ત્યારે પછી ઘણા મિત્રવર્ગથી અને બેસુમાર સંપત્તિ હોવાથી વિનાશને માટે અસાધ્ય થશે; માટે હવે તો જે કરવું તે શીઘ્રજ કરવું. વળી મનુષ્યની હત્યાનો દોષ પણ મારે ક્યાં વિચારવાનો છે? કેમકે પ્રથમ એની માતાની હત્યા તો કરેલીજ છે; તેથી કર્દમ ભેળો કર્દમ મળી જશે, માટે હવે તો કોઇ પ્રકારના કપટે કરીને આને શીઘ્ર મારી નાંખુ." આ પ્રમાણે વિચાર કરીને ચંપકને કહે છે—"હે વત્સ! તું મારી પાસે રહે. થોડા દિવસમાં તને બહુકોટી સુવર્ણનો લાભ થશે. પછી તું તારી નગરીએ જજે. ઘણી મજીઠાદિક વસ્તુઓનું મૂલ્ય મારા નગરમાં બહુજ ઓછું બેસે છે, અને અહીંઆં તેનું બહુ મૂ-

સ્ય ઉપજે છે, તેથી તું મારી નગરીએ જા. હું પત્ર લખી આપું તે જઇને મારા ભાઇને આપજે, તે તને બધી વસ્તુઓ અપાવશે, જે કે અહીં લાવીને વેચતાં હે વત્સ ! એક કોટી સુવર્ણનો લાભ થશે, તેમાં અર્ધ ભાગ તારો અને અર્ધ ભાગ મારો. આ કાર્યમાં તું 'મને' સત્ય પ્રતિજ્ઞાવાન્ જાણજે. જો હું આ કાર્ય બીજાને સોંપુંછું તો તેમાં મને વંચના થવાનો ભય રહે છે, અને જો હું પોતે જાઉંછું તો અહીંઆં વિવાહમહોત્સવ હોવાથી સજ્જનોને રીસ ચડેછે."

વૃદ્ધદત્ત શ્રેષ્ઠીનાં આ પ્રમાણેનાં વચનો સાંભળીને પચાસ લક્ષ સ્વર્ણ દ્રવ્યની આશાથી ચંપક હર્ષ પામ્યો, અને બન્ને જણાએ સાથે વૈવાહિક મંડપમાં જઇને ભોજન કર્યું. ચંપક ચંપાનગરીએ જવાને તૈયાર થયો, એટલે વૃદ્ધદત્ત શ્રેષ્ઠીએ પોતાના નાના ભાઇ સાધુદત્ત ઉપર પત્ર લખી આપ્યો, તેમાં લખ્યું કે "આ દુરાત્માએ મહાજનની સમક્ષ મારી બહુ વિગોવણા કરી છે, અને અસત્ય વચનોએ કરીને મારો તિરસ્કાર કરાવ્યો છે તેમજ મારાં મર્મ પ્રગટ કર્યાછે, તેથી કોઈપણ ઉપાયે કરીને તેને મેં તારી પાસે આ પત્ર લઇને મોકલ્યો છે, તેથી તું આ પત્ર લાવનારને આપણા ઘરના પાછલા ભાગના અપવરકમાં (ઓરડામાં) લઇ જઇ પ્રચ્છન્નપણે હણીને કૂવામાં નાખી દેજે, અને પ્રભાતમાં તેના ખબર મને જણાવવા સારૂ નિશાની સાથે કોઇ માણસને મારી પાસે મોકલજે અથવા તો તું પોતે આવજે." આ પ્રમાણે લખી પત્રને મુદ્રિત કરીને ચંપકને આપ્યો, એટલે

ચંપક બહુ લક્ષ સ્વર્ણના લાભને માટે તત્કાળ ઉત્સુકપણે ચંપાનગરી તરફ ચાલ્યો, અને ત્યાં પહોંચી નગરમાં પ્રવેશ કરી વૃદ્ધદત્ત શ્રેષ્ઠીનું ઘર શોધતો શોધતો તેના ઘર પાસે આવ્યો. અશ્વ ઉપરથી ઉતરી સ્વર કર્યો કે “ કોઇ પુરૂષ કાંઇક કાર્યને મિષે કોઇ નગરથી અહીં આવ્યો છે. ”

વૃદ્ધદત્ત શ્રેષ્ઠીની ભાર્યા તે વખતે સ્વજનને ઘરે ગયેલી છે, અને સાધુદત્ત પણ વિક્રિત વસ્તુની ઉદ્‌ગ્રહણિકા (ઉઘરાણી) ને માટે બજારમાં ગયેલ છે; તેથી કોઇએ જવાબ ન આપ્યો તેમ ઘરના અધોભાગમાં કોઇ દેખાયું પણ નહીં, એટલે ચંપકે ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં તિલોત્તમા નામે કન્યાને એકલી કંદુત્ક્રીડા કરતી તેણે દીઠી. તેની પાસે લાવેલો પત્ર મૂકયો. તિલોત્તમાએ પણ તરતજ તેના રૂપસૌંદર્યનું અવલોકન કર્યું, પત્ર લીધો અને કહ્યું-“તમારો અશ્વ આ નીચેની અમારી વાજીશાળામાં બાંધો, અને તમે બાહેરના આ સ્થાનમંડપમાં બેસો.” ચંપકે તરતજ તેનાં વિનય યુક્ત નમ્ર વચનોનો સ્વીકાર કર્યો.

હવે ભવિતવ્યતાના યોગથી તેણે એકલીએ તે પત્ર ઉન્મુદ્રિત કર્યો, અને વાંચીને વિચારવા લાગી-“ અહો ! પિતાએ આ શું ચંડાળ કર્મનો પ્રારંભ કર્યો છે ? આવા દેવકુમારની જેવા રૂપ અને સૌભાગ્યવાન્ પુરૂષને શા માટે મારવા સારૂ અહીં મોકલ્યો છે ! આવો ભાગ્યવાન્ પુરૂષ જો મારો ભર્ત્તાર થાય તો સારૂં.” આ પ્રમાણે વિચારીને તેણે એક નવીન પત્ર પોતાના પિતાની સદૃશ અક્ષરોથીજ

લખ્યો. તેમાં લખ્યું કે "આ ચંપકને આજ સાંજેજ આપણી તિલોત્તમા પરણાવી દેજો." આ પ્રમાણે લખી પૂર્વ પત્રને નષ્ટ કરી કૃત્રિમપત્ર બીડી મુદ્રિત કરીને જ્યાં પોતાની માતા હતી ત્યાં પત્ર લઇને ગઇ, અને પત્ર આપ્યો. કહ્યું છે કે—

सा सा संपद्यते बुद्धिः सा मतिः सा च भावना ।
सहाया तादृशा ज्ञेया यादृशा भवितव्यता ॥

"જેવી ભવિતવ્યતા હોય તેવીજ બુદ્ધિ ઉપજે છે, તેવીજ મતિ થાયછે, તેવીજ ભાવના આવેછે, અને સહાયક પણ તેવાજ મળેછે."

હવે અહીંઆં સાધુદત્ત પણ ચતુર્થ પ્રહરે વૈકાળીક (વાળુ) કરવા સારૂ ઘરે આવ્યો. બહારના સ્થાનમંડપમાં આવતાં ચંપકે પ્રણામ કર્યો. સાધુદત્તે પૂછયું એટલે તેણે કહ્યું—"હું વૃદ્ધદત્તશ્રેષ્ઠીનો પત્ર લઇને આવ્યો છું." સાધુદત્ત સ્નેહપૂર્વક તેને ઘરમાં લઇ ગયો. કૌતુકદેવી પણ ઘરે આવી, અને પત્ર વાંચવા સારૂ સાધુદત્તને આપ્યો. જમવાનો સમય થવાથી સર્વ સ્વજનો પણ એકઠા થયા, એટલે સૌની સમક્ષ સાધુદત્તે ઊંચે સ્વરે તે પત્ર વાંચ્યો. પત્રની હકીકત જાણીને તથા ચંપકનું રૂપ અને સૌભાગ્ય જોઇને સર્વ સ્વજનો બહુજ હર્ષિત થયા. ચંપક સહિત સર્વ સ્વજનોએ વાળુ કર્યું.

પછી વખત બહુ થોડો હતો છતાં પણ સાધુદત્તે બહુ દ્રવ્યના વ્યયે કરીને વિવાહની સર્વ સામગ્રી તત્કાળ તૈયાર

કરી. કૌતુકદેવીએ સ્વજનોને એકઠા કર્યા, અને વૃદ્ધદત્તશ્રેષ્ઠીની પુત્રીનો વિવાહ જાણીને પૌરજનો પણ બેસુમાર ત્યાં એકઠા થઇ ગયા. સાધુદત્ત અને કૌતુકદેવીએ મળીને પ્રૌઢ મહોચ્છવપૂર્વક તે બંનેનું (ચંપક અને તિલોત્તમાનું) પાણિગ્રહણ કરાવ્યું.

પ્રભાત થયો એટલે હજારો વધામણીઓ આવવા માંડી. અહીંઆં વૃદ્ધદત્તશ્રેષ્ઠી પોતાની ધારેલી કાર્યસિદ્ધિ થયેલી માનતો બહુ હર્ષિત થતો રહેલો છે, અને પોતાના નગરથી (ચંપકના મરણની) વધામણી લઇને આવનાર પુરૂષની રાહ જુએ છે, એટલામાં કોઈ ચંપાનગરીથી ત્યાં આવેલા પુરૂષે યથાસ્થિત પાણિગ્રહણાદિ વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. આવા નહિ ધારેલા કથને તત્કાળ તેના મસ્તકને વિષે શૂળ ઉત્પન્ન કર્યું હોયની તેમ કોઈપણ સ્થાનકે કિંચિત્ પણ સુખ ન પામવાથી તે એકદમ પોતાને નગરે આવ્યો. પોતાના ઘર પાસે આવીને જુએ છે તો ત્યાં ભોજનને અર્થે આમંત્રણ કરેલા હજારો શ્રેષ્ઠીઓને તથા બેશુમાર પૌરજનોને એકત્ર થયેલા જોયા. આથી તો તેના હૃદયમાં બમણો દાહ ઉત્પન્ન થયો. એટલામાં તો પોતાના ભાઇને આવેલો દેખીને સાધુદત્ત એકદમ સન્મુખ આવ્યો, અને પ્રણામપૂર્વક કહ્યું– "હે વૃદ્ધબંધુ! તમારા આદેશ પ્રમાણે અમે તત્કાળજ બધું કાર્ય કર્યું છે." વૃદ્ધદત્ત શ્રેષ્ઠીએ પોતાના ચિત્તમાં અનિવાર્ય ખેદ પામ્યા છતાં અવસર વિચારીને આકારગોપન કરી સાધુદત્તની પ્રશંસા કરી.

વૈવાહિક મહોત્સવ નિવૃત્ત થયો ત્યારે એક દિવસ વૃદ્ધદત્ત શ્રેષ્ઠીએ પોતાના ભાઇને બોલાવીને કહ્યું "ભાઇ! તેં વગર વિચાર્યું શું કર્યું?" સાધુદત્તે કહ્યું–"ભાઈ! અમે તમારા પત્રમાં લખ્યા પ્રમાણેજ કર્યું છે." એમ કહીને તેનો આવેલો લેખ તેના હાથમાં મૂકયો. લેખ વાંચીને વૃદ્ધદત્તે પૂર્વજન્મના પાપી પોતાના આત્માનીજ નિંદા કરી કે જેથી પોતાની વાંછના સફળ ન થઇ.

વિશાળા (ઉજ્જયિની) થી લગ્નમહોત્સવપર આવેલો સર્વ મિત્રવર્ગ વિવાહમહોત્સવ સંપૂર્ણ થયે ત્યાંથી વિશાળાએ ગયો, અને ચંપકશ્રેષ્ઠીની પાળક માતા (વૃદ્ધા) ને સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. પોતાના પ્રાણથી વહાલા પુત્રના લગ્નમહોત્સવને શ્રવણ કરીને તે બહુજ આનંદિત થઈ, અને સમાચાર કહેનારને હર્ષભેર વધાવ્યો. હવે જેમ ઘણાકાળનો પરિચય હોય અથવા પૂર્વે જાણે કાંઇ ઉપકારજ કરેલો હોય તેમ દિવસાનુદિવસ ચંપકનો સૌભાગ્યાતિશય વૃદ્ધિમાન થવા લાગ્યો. અહીંઆં ચંપાનગરીને વિષે પણ આખા નગરમાં ચંપક સર્વને આનંદ અર્પનાર થયો.

એકદા નિશીથ સમયે (મધ્યરાત્રિએ) તિલોત્તમા તૃતીય ભૂમિથી (ત્રીજામાળથી) નીચે ઉતરે છે તેવામાં દ્વિતીય ભૂમિના એક અપવરકમાં ધીમે ધીમે કાંઇક વાત થતી તેણે સાંભળી તેથી આશ્ચર્ય પામી કે 'અહો! આતો મારા પિતાનો આલાપ છે.' પછી કાન દઇને બરાબર સાંભળતાં તેણે સાંભળ્યું કે "હે પ્રિયે! મારો લખેલો લેખ જે અન્ય-

થા થયો તેમાં મારે વિધાતાનેજ ઓળંભો દેવાનો છે, અને વિધાતાએજ મને છેતર્યો છે. આ જમાઇ થયો છે તોપણ વંશની અશુદ્ધતાથી મને વૈરી સદૃશ છે, અને કાળક્રમે તે મારા ઘરનો સ્વામી થનારો છે તો તે ઘણુંજ અનિષ્ટ છે. માટે તારે એને ભોજનને વિષે, પાણીને વિષે અથવા બીજી રીતે વિષ (ઝેર) દેવું; પુત્રીનો મોહ ચિત્તમાં ન લાવવો. પુત્રીઓ તો ઘણી થશે, કદાપિ ન થાય તો પણ શું પુત્રીવડે કાંઇ વંશ રહેવાનો છે?" આ પ્રમાણેનાં વૃદ્ધદત્ત શ્રેષ્ઠીનાં વચનો કૌતુકદેવીએ અંગીકાર કર્યાં, અને તે તિલોત્તમાએ બરાબર સાંભળ્યાં. સાંભળીને વજ્રાહત થઈ હોયની તેમ પાછી વળી, અને તૃતીય ભૂમિકાએ જઇને વિચારવા લાગી કે "જો આ ગુપ્ત મંત્ર હું પ્રિય સ્વામીને જણાવું છું તો તે મારા પિતાને હણશે એવો ભય રહે છે, અને નથી જણાવતી તો ભર્ત્તાના મૃત્યુનો અવાચ્ય ભય છે. અહો! હું આ વખતે મોટી આપત્તિમાં આવી પડી છું, અને ખરેખરો વ્યાઘ્રતટિની (વાઘ ને નદી) નો ન્યાય થયો છે. હવે શું કરૂં?" આ પ્રમાણે વિચાર કરે છે તેટલામાં ઉત્પન્ન થયેલી બુદ્ધિવડે કરીને તે પોતાના પ્રાણપતિ પ્રત્યે બોલી-"હે સ્વામિન્! નિમિત્તજ્ઞાનના બળે કરીને મેં જાણ્યું છે કે તમને બે માસ પર્યંત મ્હોટી આપત્તિ છે, તેથી તમારે ત્રણ માસ સુધી આ ઘરને વિષે ભોજન ન કરવું. અહીંના સેવક પુરૂષાદિકે આપેલું તાંબૂલ કે પાણી પણ ન આસ્વાદન કરવું. મિત્રને ઘરે જમવું." સંપૂર્ણ વિશ્વાસ હોવાથી પોતાની સ્ત્રીનું

કહેલું સર્વ ચંપકે અંગીકાર કર્યું, અને તેજ પ્રમાણે વર્તવા લાગ્યો. સંધ્યા સમયે વહેલાંજ ઘરે આવીને ભૂમિકાએ શયન કરે, દિવસ સારી પેઠે ઉગ્યા પછીજ બહાર નીકળે, નગર મધ્યે ઘણા જનોએ પરિવૃત્ત ભમે, કોઇનો વિશ્વાસ ન કરે, અને કોઈ બીજાનું કહેલું કાંઇપણ માને નહીં તેમ કરે પણ નહીં. હૃદયમાં એવોજ સંશય આવ્યો કે આમાં કાંઇક હેતુ હશે. આ પ્રમાણે ચંપકશ્રેષ્ઠી સાશંકપણે કાળ નિર્ગમન કરતો હતો.

અન્યદા વૃદ્ધદત્ત શ્રેષ્ઠીએ બહુ દિવસ સુધી ચંપકની મરણવાર્ત્તા ન સાંભળવાથી પોતાની ભાર્યાને પૂછયું-" હે પ્રિયે! આ શું?" પતિના આદેશવડે ઠંડી થઇ ગયેલી કૌતુકદેવી બોલી-"સ્વામિન્! હું શું કરૂં! એ જામાતાની હું નિરંતર રાહ જોઉંછું. ત્રણે કાળ જમવા આવવાનો સમય સાચવુંછું, પરંતુ તે તો બહારજ રહેછે અને બહારજ જમે છે એટલુંજ નહીં પણ આપણા અહીંના માણસોએ આપેલું પાણી પણ પીતા નથી, અને જાણે કોઇ વૈર કરેલો ક્ષત્રી હોય તેની પેઠે સન્નદ્ધ બદ્ધ સુભટોની સાથે પરવરેલો અહીં આવેછે તેમજ તરત તૃતીય ભૂમિએ જાયછે." પોતાની પ્રીયાનાં આવાં વચનો સાંભળીને 'એના મૃત્યુ માટે બીજો ઉપાય કરવોજ પડશે' એમ વિચારી શેઠે પોતાના ભંડારરક્ષક સુભટોને બોલાવીને કહ્યું-" તમારે મારા જમાઇને છળે કરીને અથવા બળે કરીને હરેક પ્રકારે મારી નાખવો. તમને દરેકને સો સો સોનૈયા હું આપીશ. " તે સુભટોએ પણ

લોભને આધીન થઇને તે વાત પ્રતિપન્ન કરી અને નિરંતર તેના છળ જોવા લાગ્યા, પરંતુ તેઓ કિંચિત્ પણ છળ ન પામ્યા. એમ કરતાં કરતાં છ માસ વીતી ગયા.

એકદા રાત્રિએ કોઈ સ્થાનકે નાટક થતું હતું. ચંપક ભવિતવ્યતાના વશ થકી ત્યાં બહુ રાત્રિ સુધી રહ્યો, અને સેવકપુરૂષો તથા સુભટો પણ સર્વે વિધિવશાત્ પોતપોતાને ઘેર જતા રહ્યા. મધ્યરાત્રિએ ચંપક એકાકીપણે પોતાને ઘરે આવ્યો. પોતાના ઘરમાં પ્રવેશ કરે છે, એટલામાં પ્રતોળી મધ્યે (દરવાજામાં) શિલાની ઉપર પ્રાહુણાઓને યોગ્ય ઘણી શય્યાઓ તૈયાર પાથરેલી દીઠી, એટલે વિચારવા લાગ્યો કે અહીંજ સુઇ જાઉં, કેમકે અત્યારે મધ્યરાત્રિએ કલકલ શબ્દો કરીને દ્વાર ઉઘડાવવા તે કાંઇ ઠીક નથી. આ પ્રમાણે વિચારીને ત્યાંજ એક શય્યાની ઉપર સુખનિદ્રાવડે તેણે શયન કર્યું. હવે પેલા ભંડારરક્ષક સુભટો તેને ત્યાં સુતો દેખી, પરિપૂર્ણ છળ પામીને એકદમ ખડ્ગ ઉગામી તેને મારવાને ઉદ્યુક્ત થયા. પરંતુ ભાગ્યવશાત્ તેઓ બધા મનમાં ચિંતવવા લાગ્યા કે “ સ્વામીએ આપણને આદેશ કર્યા બહુ દિવસો થઇ ગયા છે, તેથી કદિ સંપ્રતિ તેમનું ચિત્ત ફરી ગયું હોય એવી શંકા રહેછે, કેમકે તેમણે ફરીને આપણને કોઇ વખત કહ્યું નથી, માટે ચાલો આપણે તેમની પાસે જઇને ફરીને પૂછી આવીએ. આ તો અહીં આપણી પાસે નજીકજ આજે સુતેલ છે તેથી હવે કયાં જવાનો છે? પણ આપણે સાહસ કરીએ તો અવિચારી ઠરીએ માટે તેમ ન

થાઓ." આ પ્રમાણે વિચારી તેઓ બધા એકઠા થઇને શેઠની પાસે પૂછવા ગયા. એટલે શેઠે તો એકદમ કહ્યું-"અહો! મેં તો સો વાર તમને આદેશ આપ્યો છે, માટે જાઓ અને તત્કાળ તેનો વિનાશ કરો, આવા કાર્યમાં વિલંબ શો કરવો?" આવાં તેનાં વચનો સાંભળી માન્ય કરીને સેવકપુરૂષો જેવા ચંપકના શયનસ્થાનકે આવે છે તેટલામાં તો પૂર્વજન્મના પરમસ્વજન તુલ્ય મત્કુણો (માકડો) એ એને બહુજ વ્યથા પમાડી એટલે તે કાયર થઇ તત્કાળ ત્યાંથી ઉઠી નજીકના કોઇ મિત્રના ઘરમાં જઇને તેની ચંદ્રશાળાને વિષે સુઇ ગયો.

સુભટપુરૂષો ચંપકને ત્યાં ન દેખવાથી અત્યંત આકુળ વ્યાકુળ થઇ ગયા. હાથમાં આવેલું ભક્ષ જતું રહ્યું, એટલે તેઓ તેને બહાર ગયેલ જાણીને જ્યાં ત્યાંથી શોધી લાવી તેને મૃત્યુ પમાડવાની ઇચ્છાથી બહારની શાળાદિકને વિષે શોધ કરવા સારૂ ચાલ્યા. હવે તેજ અવસરે વૃદ્ધદત્ત શ્રેષ્ઠી ચંપકના મરણનો ઉપાય પોતાની દૃષ્ટિએ જોવાના દુષ્ટ અધ્યવસાયથી તેમજ એ કાર્યમાં બિલકુલ વિલંબ ન થવા દેવાના હેતુથી પોતે સ્વયમેવ ઉઠીને બહાર આવ્યો ત્યાંતો માત્ર ખાલી શય્યાજ દીઠી. નથી ચંપક કે નથી સુભટો. તે વિચારવા લાગ્યો કે 'શું મારો વૈરી જતો રહ્યો હશે કે શું મારા સુભટો તેનો વિનાશ કરીને બહાર નાખી દેવા સારૂ ગયા હશે?' આ પ્રમાણેની ચિંતાવડે વ્યાકુળ થતો થતો ત્યાં પાસેનીજ એક રિક્ત ( ખાલી ) શય્યાની ઉપર મુખ ઢાંકીને સુઇ ગયો. એટલામાં તો પેલા સુભટો ચંપકરૂપ

વૈરીનો શોધ કરીને કોઇ સ્થાનકે પત્તો ન લાગવાથી પાછા વળ્યા, અને અંદર આવીને પાછા શય્યા તરફ દૃષ્ટિ કરે છે તો એક પુરૂષને સુતેલ દીઠો એટલે તરતજ વૃદ્ધદત્ત શ્રેષ્ઠી કે જે આખા શરીરની ઉપર વસ્ત્રનું આચ્છાદન કરીને સુતેલો છે તેને જામાતા (ચંપક) ની ભ્રાંતિવડે સમકાળે સર્વ સુભટોએ પોતપોતાનાં શસ્ત્રપ્રહારવડે પ્રાણ રહિત કરી નાખ્યો. પછી પ્રતોળીની બહારના કૂપને વિષે શસ્ત્રપ્રહાર વડે નીકળતા રૂધીરથી સીંચાયેલા તેના શરીરને તત્કાળ નાખી દીધું, અને સંપૂર્ણ દ્રવ્યપ્રાપ્તિની આશાવડે હૃદયમાં હર્ષિત થઇ, પોતાના આત્માને કૃતકૃત્ય માનતા પોતપોતાને સ્થાનકે ગયા.

જ્યારે પ્રભાતકાળ થયો ત્યારે તે સુભટો ઠરાવેલું દ્રવ્ય લેવા માટે અને વધામણી ખાવા સારૂ વૃદ્ધદત્ત શ્રેષ્ઠીની પાસે આવતા હતા. માર્ગમાં પેલા કૂપની અંદર રાત્રે ક્ષેપન કરેલું શરીર જળની ઉપર તરતું જોઇને સર્વ સુભટોએ તે તરફ દૃષ્ટિ કરી. જ્યારે બરોબર ઓળખાણ પડી ત્યારે તો વૃદ્ધદત્તનુંજ શરીર જાણીને તે સુભટો રૂદન કરવા લાગ્યા. પછી તે પાતકકાર પુરૂષો પોતાનું ચાંડાળકર્મ લોકોની પાસે કહેવા લાગ્યા, અને પોતાના આત્માને નિંદવા લાગ્યા. લોકોએ પણ વૃદ્ધદત્ત શ્રેષ્ઠીની બહુજ નિર્ભૃચ્છના કરી.

પોતાના વૃદ્ધ બંધુના અકસ્માત્ મૃત્યુથી અત્યંત શોકાર્ત્ત થયેલો શ્રેષ્ઠીનો લઘુ ભ્રાતા સાધુદત્ત પણ છાતી ફુટીને તેજ દીવસે મરણ પામ્યો; એટલે તેના સ્વજનવર્ગે તે બ-

જેનું ઉર્દ્ધદેહી કૃત્ય એક સાથે કર્યું, અને તેના અપકૃત્યથી શેષકાળમાં તેઓ શોકમુક્ત થયા. પછી કુળદેવતાના વચને કરીને વૃદ્ધદત્ત શ્રેષ્ઠીના ૯૬ કોટી સુવર્ણ દ્રવ્યના સ્વામી તરીકે ચંપકની સ્થાપના કરી, અને સઘળું દ્રવ્ય તેને સ્વાધીન કર્યું. ચંપક પણ વિશાળાપૂરીથી પોતાની માતા તુલ્ય વૃદ્ધાને તથા પૂર્વોપાર્જિત ૧૪ કોટી સુવર્ણ દ્રવ્યને ચંપાનગરીમાં લાવીને સંસારસુખને અનુભવવા લાગ્યો. અનુક્રમે વ્યવસાયાદિકને વિષે ચંપક સર્વથી શ્રેષ્ઠ પ્રૌઢ વ્યવહારી થયો.

ચંપકશ્રેષ્ઠીને પૂર્વપુણ્યના અનુભાવથી આ પ્રમાણે રિદ્ધિ પ્રાપ્ત થઈ. ૯૬ સુવર્ણ કોટી ભંડારને વિષે, ૯૬ સુવર્ણ કોટી વ્યવસાયને વિષે અને ૯૬ સુવર્ણ કોટી વ્યાજને વિષે એક હજાર યાનપાત્ર, એક હજાર શકટ, સાત સાત ભૂમિકાવાળાં એક હજાર ઘર, એક હજાર હાટ, એક હજાર ભાંડશાળા (વખાર), ૫૦૦ હાથી, ૫૦૦૦ જાતવંત અશ્વ, ૫૦૦ સુભટો નિત્ય પાસે રહેનારા (અંગરક્ષક), ૫૦૦૦૦ બીજા સુભટો, ૬૦૦૦ કરભ (ઉંટ), એક લક્ષ બળદ, ૧૦૦૦૦ પોઠીયા, ૧૦૦ ગોકુળ જે દરેકમાં દશ દશ હજાર ગાયો, અને ૧૦૦૦૦ સેવક વ્યવહારી, આ પ્રમાણેની તેની રિદ્ધિ થઇ.

નિરંતર લક્ષ સુવર્ણના વ્યયે કરીને તેનો અંગભોગ થવા લાગ્યો, અને દરરોજ દશ લક્ષ સુવર્ણનું દીન અને અનાથ જનોને તે કરૂણાદાન દેવા લાગ્યો. જૈનમુનિના સંસર્ગ થકી પરમાર્હત્ (શ્રાવક) થયો. નિરંતર ત્રણ કાળ જિનપૂજન કરવા લાગ્યો. ત્યારપછી તેણે એક હજાર નવીન જિનપ્રાસાદ કરા-

વ્યા, અને પાષાણ, સુવર્ણ, રૂપ્ય, સ્ફટિક તથા પ્રવાળાદિકની લાખો જિનપ્રતિમા ભરાવી. એ પ્રમાણે દેવને દુર્લભ એવા ભોગને ભોગવતાં તેમજ શ્રાવક ધર્મનું યથાર્થ આરાધન કરતાં ઘણો કાળ વ્યતીત થયો.

અન્યદા ત્યાં કેવળી ગુરૂ સમવસર્યા. ખબર લાવનારને બેસુમાર દાન દઇ પોતાના કુટુંબ પરિવાર સહિત અને પોતાની તમામ રિદ્ધિ સંયુક્ત બહુજ આડંબરથી ગુરૂમહારાજાને વંદન કરવા ગયા. પાંચ અભિગમ સાચવી કેવળી ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઇ સન્મુખ આવી વંદન કરીને યથોચિત સ્થાનકે બેઠા, એટલે લોકાલોક પ્રકાશક, ત્રણ ભુવનના હૃદયગત ભાવને જાણનારા, સંસારસમુદ્રમાંથી પાર પમાડવાને શક્તિવાન્, શુદ્ધ માર્ગને પ્રદર્શિત કરનાર ગુરૂમહારાજાએ ભવ્ય જીવોના ઉપકારને નિમિત્તે દેશના દેવી શરૂ કરી.

"હે ભવ્ય પ્રાણીઓ! આ સંસારસમુદ્ર અનેક પ્રકારના દુઃખરૂપ કલ્લોલે કરીને પૂરેલો છે, તેને વિષે અથડાતા પ્રાણીઓને તેનો પાર પામવા સારૂ ધર્મજ પ્રવહણ સમાન છે.

યથા.

जथ्थ य विसय विराउ कसायचाउ गुणेसु अणुराउ।
किरिआ सु अप्पमन सो धम्मो सिवसुहोवाउ ॥

'જ્યાં વિષયથી વિરમવાપણું છે, કષાયનો ત્યાગ છે, ગુણને વિષે અનુરાગ છે અને ક્રિયાને વિષે અપ્રમાદીપણું છે ત્યાંજ શિવસુખના સાધન રૂપ ધર્મ છે.' વળી

मज्जाविसयकसाया निद्दाविकहायपंचमोभणीआ ।
एएपंचपमाया जीवंपाडंतिसंसारे ॥

'મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ જીવને સંસારને વિષે પાડે છે.' માટે હે ભવ્ય જીવો! તમે આ સંસારમાં મુંઝાઓ નહીં. જૈનધર્મનું તત્વ જાણીને તેનું આચરણ કરો. વારંવાર આવી સામગ્રી, મનુષ્યપણું, આર્યક્ષેત્ર, સિદ્ધાંતશ્રવણ અને શ્રદ્ધા એ ચાર વાનાં મળવાં મહા દુર્લભ છે. હે પ્રાણીઓ! તમે પ્રમાદનું આચરણ કરોછો અને સુખની વાંછા કરોછો તો તે કેમ બનશે? કેમકે પ્રમાદવડે તો નર્કાદિક દુર્ગતિની પ્રાપ્તિ છે, અને તે તો મહા દુઃખવડે સહન થાય તેમ છે તો તમે પ્રમાદને તજીને ધર્મનું આરાધન કરો. આ અસ્થિર શરીરે કરીને પણ સ્થિર એવો જે ધર્મ છે તે સાધ્ય છે, માટે મળયુક્ત અને ક્ષણભંગુર દેહ પામીને પણ તેને સાર્થક કરો. જેમ ચિંતામણિ રત્ન દરિદ્રને મળવું સુલ્લભ નથી તેમ સમકિત પ્રમુખ ગુણની સંપદાએ સંયુક્ત એવું ધર્મરૂપ ચિંતામણિ રત્ન પામવું પણ મહા દુર્લભ છે; તો તેવા અમૂલ્ય રત્નનો યોગ મળ્યા છતાં તમે પ્રમાદને વિષે કાળ વ્યતીત કરો છો તે અત્યંત અયોગ્ય છે.

જેને મરણની સાથે મિત્રપણું હોય, જેનામાં મરણથી દૂર પલાયન કરવાની શક્તિ હોય અથવા જે જાણતો હોય કે હું તો મરવાનોજ નથી તે તો એમ ધારે કે હું આગામિક

કાળે ધર્મ કરીશ; પરંતુ જેને મરણ સાથે મિત્રાઇ નથી, જેનામાં મરણથી દૂર પલાયન કરી જવાની શક્તિ નથી અને જે જાણે છે કે હું તો નિશ્ચય મરવાનોજ છું, તે પ્રાણી એમ કેમ વિચારે કે હું આગામિક કાળે ધર્મ કરીશ? તેમ હે ભવ્ય પ્રાણીઓ! તમારે પણ જે ધર્મકાર્ય આજ થતું હોય તે કાલ ઉપર રાખવું નહીં; કારણ કે આયુષ્ય ચંચળ છે, તેનો બીલકુલ ભરૂંસો નથી. જેમ કેશરીસિંહ હરણને તેના યુથમાંથી ગ્રહણ કરીને લઈ જાય છે તેમ કાળ મનુષ્યને આયુષ્યને અંતે સ્વજનાદિકના યુથમાંથી એકલો લઇ જાય છે, તે સમયે તેને માતા, પિતા, ભાઇ, ભાર્યાદિક કોઇ સહાય થતા નથી. સહુના દેખતાં પ્રાણી એકલો ચાલ્યો જાય છે. આ જીવને જીવિતવ્ય છે તે જળના બિંદુ સમાન છે. જેમ જળનો બિંદુ થોડો સમય રહીને નાશ પામે છે તેમ જીવિતવ્ય પણ થોડો વખતજ રહે છે. સંપત્તિઓ પાણીના કલ્લોલની જેવી ચંચળ છે અને પુત્ર પુત્રાદિકની ઉપરનો જે સ્નેહ છે તે પણ સ્વપ્ન સમાન છે, માટે જે કાંઇ ધર્મકરણી બને તે કરવી. તેજ આ સંસારમાં સાર છે.

હે ભવ્ય પ્રાણીઓ! ધર્મકરણી કરતાં શરીરને સહજ કષ્ટ પ્રાપ્ત થાય છે તો તમેતેને સહન કરી શકતા નથી; પરંતુ પૂર્વે આ જીવે નરકને વિષે નારકીપણે ભયંકર દુઃખ ભોગવ્યાં છે; એટલુંજ નહીં પણ તે કરતાં અનંતગુણા દુઃખ જીવે નિગોદને વિષે ભોગવેલાં છે. માટે તેનો વિચાર કરીને ફરીને તેવાં દુઃખ પ્રાપ્ત ન થવા સારૂ સ્વતંત્રપણે ધર્મસાધન

કરતાં જે કાંઇ કષ્ટ સહન કરવું પડે તે કરો. જો સ્વતંત્રપણે વ્રત તપસ્યાદિકનું અણુમાત્ર કષ્ટ સહન કરશો નહીં તો પછી પરભવમાં તિર્યંચ નરકાદિક ગતિને વિષે પરતંત્રપણે અગણિત દુ:ખો ભોગવવાં પડશે.

આ સંસારમાં જન્મનું દુ:ખ, જરાનું દુ:ખ, રોગનું દુ:ખ, વિયોગનું દુ:ખ, શોકનું દુ:ખ અને મરણનું દુ:ખ એ પ્રમાણે અનેક દુ:ખો ભરેલાં છે, તે છતાં તેને વિષે આસક્તપણું કેમ ધારણ કરી રહ્યા છો? જ્યાં સુધી ઇંદ્રિયોની હાની થઇ નથી એટલે પાંચે ઇંદ્રિયો પૂર્ણ છે, જ્યાં સુધી જરારૂપ રાક્ષસણી પ્રગટ થઇ નથી એટલે વિશેષ પ્રકારે પરિસ્ફુરણા પામી નથી, વળી જ્યાં સુધી રોગરૂપ વિકાર પ્રગટ થયો નથી અને જ્યાં સુધી મૃત્યુ ઉદય પામ્યું નથી ત્યાં સુધી હે જીવો! તમે ધર્મનું આરાધન કરો. જ્યારે ઇંદ્રિયો મોળી પડશે, જરા આવી લાગશે, રોગ પ્રગટ થશે, અને મૃત્યુ નજીક આવેલું જણાશે ત્યારે શી રીતે ધર્મનું આરાધન કરશો? જે પ્રાણી આવેલો સમય ઓળખતા નથી, સમયાનુસાર કાર્ય કરી લેતા નથી તે પ્રાણીને પાછળથી પસ્તાવું પડે છે. જેમ ઘરમાં ચારે દિશાએ આગ લાગે છે ત્યારપછી કોઇ ઉદ્યમી જીવ પણ કૂવો ખોદીને પાણી કાઢી શકતો નથી, કેમકે તે વખત તો તત્કાળ પાણી જોઇએ છીએ, તેમ હે ભવ્ય જીવો! જ્યારે કાળ સમીપ આવશે અને મૃત્યુરૂપી અગ્નિ ચારે બાજુએ ફરી વળશે ત્યારે પછી ધર્મનું આરાધન કેવી રીતે કરી શકશો? કાંઇપણ થઇ નહીં શકે. માટે જે થાય તે હાલજ કરી લ્યો.

વળી હે ભવ્યજીવો! તમે નિરંતર તમારા કુટુંબને મારૂં કુટુંબ મારૂં કુટુંબ કર્યા કરોછો, પરંતુ એ તમારૂં કુટુંબ કયાંથી આવ્યું છે ને કયાં જશે? તેમજ તમે પણ કયાંથી આવ્યા છો અને કયાં જશો? એની પરસ્પર કાંઇ પણ ખબર નથી, કાંઇપણ સંબંધ નથી, સાથે આવ્યા નથી, સાથે જવાના નથી; તો પછી તમે કોણ અને કુટુંબ કોણ? તમે કુટુંબના કયાંથી અને કુટુંબ તમારૂં કયાંથી? કોઇ કોઇનું નથી. માત્ર અજ્ઞાનતાના વશે કરીને તમે મારૂં મારૂં કર્યા કરોછો, તો હવે અજ્ઞાનતા દૂર કરી, ઉન્માર્ગને તજી દઇ ધર્મરૂપ જે ઉત્તમ માર્ગ, જે માર્ગવડે શીવપુરનગરે જઇ શકાય છે તે માર્ગને ગ્રહણ કરો, જેથી તમારા પોતાના આત્માનું સાર્થક થાય અને મનવાંછિત સુખના ભોક્તા થાઓ!"

આ પ્રમાણે કેવળી ભગવંતે અપૂર્વ ધર્મદેશના દીધી; તેને શ્રવણ કરીને અનેક ભવ્ય પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા. કેટલાક જીવોએ પંચ મહાવ્રત અંગીકાર કર્યાં, કેટલાકે સમકિત મૂળ બાર વ્રત આદર્યાં. કેટલાક સમકિતધારી થયા, અને કેટલાક જીવો ભદ્રીકભાવી થયા. ત્યારપછી ઉત્પન્ન થઇ છે પ્રશ્ન કરવાની આકાંક્ષા જેના હૃદયને વિષે એવો ચંપક શ્રેષ્ઠી ઉભો થઇ, કેવળી ભગવંતને પંચાંગ પ્રણામ કરી અત્યંત નમ્રપણે પૂછવા લાગ્યો—"હે ભગવંત! મેં પૂર્વે શું સુકૃત કર્યું હતું જેથી આટલી સંપત્તિ મને પ્રાપ્ત થઇ? વળી વૃદ્ધદત્ત શ્રેષ્ઠીએ શું પાપ કર્યું હતું જેથી ૯૬ કોટી સુવર્ણ દ્રવ્ય સહિત અને બંધુ સહિત તે નાશ પામ્યો? અને કયા

કર્મે કરીને હું અજ્ઞાત કુળવાન્ થયો? તથા આ વૃદ્ધાની સાથે મારે પૂર્વનો શો સંબંધ હતો કે જેથી તેણે વિના કારણ મારૂં પાળણપોષણ કર્યું? તેમજ એ વૃદ્ધદત્ત શ્રેષ્ઠીની સાથે મારે પૂર્વ ભવ સંબંધી વૈરનું કારણ પણ શું હતું કે જેથી તેણે મારા પ્રાણ હરણ કરવા સારૂ બે વખત પ્રયત્ન કર્યો? હે લોકાલોક પ્રકાશક! આપ મારા આ શંસયોને દૂર કરવાનો અનુગ્રહ કરો." કેવળી ભગવંત બોલ્યા—"હે ચંપક! એ બધું તારા પૂર્વ ભવના સંબંધે કરીનેજ બન્યું છે, તેથી તારો પૂર્વ ભવ કહુંછું તે સાંભળ:-

"સુમેળકાપૂરીની સમીપના તપોવનને વિષે પૂર્વે કંદમૂળના ભક્ષણ કરનારા ભવદત્ત અને ભવભૂતિ નામના બે તાપસો દુષ્કર તપને તપતાં અને પંચાગ્નિ સ્નાન તથા ધૂમ્રપાનાદિક કરતાં રહેતા હતા. તેમાં ભવદત્ત કુટિલ મનવાળો અને ભવભૂતિ સરલ હતો. તે બંને આયુ પૂર્ણ થયે મૃત્યુ પામીને યક્ષ થયા. ત્યાંથી ચવીને પ્રથમ ભવદત્તનો જીવ અન્યાયપુર નામના નગરને વિષે વંચનામતિ નામે શ્રેષ્ઠી થયો, અને ભવભૂતિનો જીવ પાટલીપુર નગરને વિષે મહાસેન નામનો ક્ષત્રી ઘણો દ્રવ્યવાન્, પ્રકૃતિએ સરલ અને નમ્ર, તેમજ વિશ્વાસુ સ્વભાવવાળો થયો. તે મહાસેન એકદા સાર સાર દ્રવ્યને ગ્રહણ કરીને તીર્થયાત્રાને અર્થે નીકળ્યો. ચાલતાં ચાલતાં અનુક્રમે અન્યાયપુરપત્તને પહોંચ્યો. ત્યાંથી પોતાનો વિચાર આગળ જવાનો હોવાથી વંચનામતિ શ્રેષ્ઠીને ઘરે પાંચ રત્ન સંયુક્ત પોતાની એક વસ્ત્રગ્રંથી અનામત મૂકીને આગળ યાત્રાભૂમિ તરફ પ્રયાણ કર્યું.

પાછળ વંચનામતિ શ્રેષ્ઠીએ તેની વસ્ત્રગ્રંથી છોડીને જોઇ તો તેમાં લક્ષ લક્ષ મૂલ્યનાં પાંચ રત્નો દીઠાં. દેખીને લોભને વશ થયો, એટલે તરતજ તેમાંથી એક રત્ન લઇ કોઇ વ્યવહારીને ઘરે ઘરેણે મૂકીને એક લક્ષ દ્રવ્ય લાવ્યો, અને તરતજ પોતાને રહેવા માટે એક મોટો આવાસ કરાવ્યો. બાકીનાં ચાર રત્નો ગુપ્તરીતે કોઈ સ્થાનકે મૂકી દીધાં. હવે કેટલેક દિવસે યાત્રા સંપૂર્ણ કરીને મહાસેન ક્ષત્રી પાછો વળ્યો. તે અનુક્રમે અન્યાયપુરપત્તને આવીને પોતાની વસ્ત્રગ્રંથી લેવા સારૂ વંચનામતિ શ્રેષ્ઠીને ઘરે ગયો. શેઠની પાસે આવી પ્રણામ કરીને પોતાની વસ્ત્રગ્રંથીની યાચના કરી. શેઠે તેની સામું જોયું, અને જાણે કોઈ દિવસ તેને દીઠેલજ નથી એમ જણાવતો બોલ્યો-"તું કોણછે ? કયારે તું અહીં આવ્યો હતો ? હું તો કાંઇ જાણતો નથી. તું કોઈ બીજાની ભ્રાંતિએ અહીં આવ્યો જણાયછે. હું કોઇનું કાંઇ પણ થાપણ તરીકે રાખતો નથી તો તારી જેવાનું તો શેનુંજ રાખું? માટે ચાલ્યો જા. અહીં કાંઇ નથી." વણિકને માટે કહ્યુંછે કે-

अपलपति गुह्यदत्तं, प्रत्ययदत्ते च संशयं कुरुते;
क्रयविक्रये च लुंटति, तथापि लोके वणिक्साधुः ॥

અર્થ—પ્રચ્છન્નપણે આપ્યું હોય તે તો ઓળવેછે અને નિશાની આપે તો સંશય કરેછે કે આપ્યું હશે કે નહીં, વળી લેવામાં ને દેવામાં બંનેમાં લુંટેછે તો પણ આશ્ચર્યછે કે લોકોને વિષે વણિક્ સારા કહેવાય છે !

मानेन किंचित्कलयापि किंचित्
मापेन किंचित्तुलयापि किंचित्।
किंचिच्च किंचिच्च समाहरंतः
प्रत्यक्षचौरा वणिजो भवंति ॥ २ ॥

ભાવાર્થ—કાંઇક માને કરીને, કાંઇક કળાએ કરીને કાંઇક માપે કરીને અને કાંઇક તોલે કરીને, એ પ્રમાણે થોડે થોડે સઘળી વસ્તુને હરણ કરનારા વણિકો પ્રત્યક્ષ ચોરજ છે.

वणिजां परमान्नं च वेश्यानां परमोनिधिः।
लिंगिनां परमाधारो मृषावाद नमोस्तुते ॥ ३ ॥

“વણિકોને તો પરમાન્ન (ક્ષીર) તુલ્ય અને વેશ્યાનો તો પરમ નિધાન તેમજ લીંગી જે વેશ ધારીઓ તેમનો તો પરમ આધાર એવા હે મૃષાવાદ! તને નમસ્કાર થાઓ.” ઉપરના શ્લોકોમાં કહ્યા પ્રમાણે વણિક્કળાને ફેરવીને તેમજ મૃષાવાદ બોલીને વંચનામતિ શેઠે મહાસેન કુમારની થાપણ ઓળવી, જેથી મહાસેન કુમાર ઘણોજ વીલખો થયો અને ફરીયાદ કરવા સારૂ રાજ્યદ્વારે ગયો. જઇને કોઇ પુરૂષ પ્રત્યે પૂછયું-‘હે ભાઇ! અહીં રાજા કોણછે?’ તે બોલ્યો:-

“હે પ્રવાસી! આ અન્યાયપુર નામે નગર છે, અહીંઆં હાલ નિર્વિચાર નામે રાજાછે. અતિ કનિષ્ઠ આચારવાળો શ્રીકરણ નામે અધ્યક્ષ છે. સર્વલૂંટાક[1] નામે કોટવાળ છે.

1 સર્વને લુંટનાર.

સર્વંગીલ[1] નામે મંત્રી છે. અજ્ઞાનરાશિ પ્રધાન છે. જંતુકેતુ[2] નામે વૈદ્ય છે, અને તેના ઔષધમાં કુટુંબકોળાહળ રૂપ રસછે. શિલાપ્રાતુ[3] પુરોહિત છે. વંચનામાત[4] નામે શ્રેષ્ઠી છે, અને કપટકોશા[5] નામે ગણિકા છે.' આ પ્રમાણેનું રાજય સંબંધી વર્ણન સાંભળીને મહાસેન કુમાર વિચારવા લાગ્યો કે 'જરૂર મારાં રત્નો ગયાં; કેમકે જ્યાં આવું અનિતિવાન રાજ્યમંડળ છે ત્યાં ઇનસાફની આશા કયાંથી ? અને ઇનસાફ શિવાય મને મારાં રત્નો મળે પણ શી રીતે ? વળી નગરજનો પણ અન્યાય થયાનોજ પોકાર કરે છે તો મારૂં તો કોણ સાંભળશે?'

ઘણા વખત સુધી અફસોસ તથા વિચાર કરી નિશ્ચય કર્યો કે 'અહીં તો રાજ્યધર્મ નાશ પામેલોછે, પોકાર કરવાથી કે ફરિયાદ કરવાથી કાંઇ મળશે નહિ. બહુ કરવાથી ચિંતાને લીધે પ્રાણનો પણ સંદેહ થઇ પડશે. માટે રાજયસભામાં જવું બંધ રાખી કાંઇ યુક્તિ કરૂં.' એમ વિચાર કરીને કપટકોશા નામની ગણિકાને ઘરે ગયો, અને પોતાના રત્ન સંબંધી બધી હકીકત કહી સંભળાવી. ઉત્પન્ન થઇ છે કૃપા જેને એવી તે ગણિકા બોલી-'હે ભદ્ર! દીલગીરી ન કરીશ. તારાં રત્નો હું પાછાં અપાવીશ.' આ પ્રમાણે કહીને તે ગણિકા પોતાના ઘરમાંથી સારસાર રત્નોની એક પેટી ભરીને તથા ઉત્તમ ઉત્તમ પટકુળ, અમર, કસ્તુરી, મુક્તાફળ તથા પ્રવાળાદિકની એક ગ્રંથીકા

---

૧ બધું ગળી જનાર. ૨ પ્રાણીનો વૈરી, કેતુ જેવો. ૩ પથ્થર જેવો. ૪ ઠગવાની બુદ્ધિવાળો. ૫ કપટનો ભંડાર.

બાંધીને ઘણી ચતુર દાસીએ પરિવૃત્ત થઇ પેટી તથા ગ્રંથી સાથે લઇને સાંઢડીની ઉપર આરૂઢ થઇ વંચનામતિ શ્રેષ્ઠીને ઘરે આવી, અને શેઠ પ્રત્યે બોલી—"હે શ્રેષ્ઠી ! વસંતપુર નગરને વિષે મારી બહેન બહુજ રોગાર્ત્ત અને કંઠગતપ્રાણ થયેલીછે, તેને મળવા સારૂ હું અહીંથી જાઉંછું, માટે મારા આવતાં સુધી આ રત્નોની પેટી અને આ ગ્રંથી હે બંધુ ! તમારે ઘરેજ રાખો. કદાચિત્ મારી બહેન મરણ પામશે તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ એટલે તમારે મારૂં આ બધું દ્રવ્ય ધર્મમાર્ગને વિષે વાપરી દેવું.' અતિશય લોભીષ્ઠ એવા તે શ્રેષ્ઠીએ મોટું ખાજ જાણીને તે પેટી તથા ગ્રંથી અનામત પોતાને ત્યાં રાખવાનું કબુલ કર્યું.

હવે તેવેજ સમયે કરી રાખેલો છે સંકેત જેની સાથે એવો જે મહાસેન કુમાર તે ત્યાં આવ્યો, અને શ્રેષ્ઠીની પાસે પોતાનાં રત્નો માગ્યાં. શેઠે પણ ગણિકાના બહુ દ્રવ્યના લોભથી તેમજ તેને વિશ્વાસ પાડવાના હેતુથી પોતાનું શુદ્ધપણું બતાવવા સારૂ મહાસેનને કહ્યું ' હે ભાઇ! તારાં રત્નો લે.' એમ કહીને ચાર રત્નો જે ગુપ્ત અનામત મૂકી રાખેલાં હતાં તે આપ્યાં, એટલે મહાસેને પોતાનું પાંચમું રત્ન માગ્યું. શેઠે તરતજ પોતાના પુત્રને બોલાવીને કહ્યું– ' હે પુત્ર! ધનાવહ શ્રેષ્ઠીને ઘેર મેં ક્ષત્રીપુત્રનું પાંચમું રત્ન મૂકેલું છે, તેથી તું તારૂં ઘરેણું મૂકીને તે લઇ આવ." શ્રેષ્ઠીપુત્રે તરતજ તે પ્રમાણે કર્યું, અને રત્ન લાવીને મહાસેન કુમારને આપ્યું.

એટલામાં પૂર્વ સાંકેતીક પુરૂષ દૂરથી એકદમ દોડતો દોડતો શ્વાસે કરીને આકુળ વ્યાકુળ થયેલો આવ્યો, અને સહસાત્કારે ગણીકાને વધાવીને બોલ્યો 'હે સ્વામિની! તમારી બહેનનો અંતસમયના વ્યાધિમાંથી પણ બચાવ થયો છે, અને રોગ રહિત શરીર થઇ ગયું છે; માટે તમારે આવવાની બિલકુલ જરૂર નથી, એમ કહેવા સારૂ તમારી બહેને મને મોકલ્યો છે.' સેવકપુરૂષનાં આવાં વચનો સાંભળી તરતજ તેણે જવાનો વિચાર માંડી વાળ્યો, અને પોતાનાં રત્નાદિકની પેટી અને ગ્રંથી પોતાને ઘરે મોકલાવી દીધી. પછી પોતે હર્ષ પામી થકી નૃત્ય કરવા લાગી, એટલે મહાસેનકુમાર પણ નાચવા લાગ્યો તેમજ વંચનામતિ શ્રેષ્ઠી પણ નાચવા લાગ્યો. આવો આશ્ચર્યકારક ખેલ જોઇને કોઈ પુરૂષે પ્રથમ ગણિકાને પૂછ્યું 'તમે કેમ નાચોછો?' તેણે કહ્યું 'મારી બહેન જીવી તેના હર્ષથી નાચું છું.' પછી મહાસેનને પૂછ્યું એટલે તેણે કહ્યું-'મારાં રત્નો મળ્યાં તેથી નાચું છું.' ત્યારપછી વંચનામતિ શ્રેષ્ઠીને પૂછ્યું 'તમે આ ગણિકાની પાસે કેમ નાચો છો?' શેઠ બોલ્યા 'મેં આખા જગતને ઠગ્યું છે, પરંતુ આજ સુધી મને કોઇએ ઠગ્યો નહોતો તે સાંપ્રત આ ગણિકાએ મને ઠગ્યો છે, તેથી હું પણ નાચું છું.'

હવે મહાસેન તથા ગણિકાના ગયા પછી શેઠ અત્યંત ખેદ પામીને વિચારવા લાગ્યો કે 'મહાસેનનાં રત્નો ઓળવ્યાં હતાં તે પણ ગયાં, એક રત્નની ઉપર દ્રવ્ય લઇને આ

ઘર બંધાવ્યું હતું તે પણ ગયું, અને વેશ્યા પણ પોતાનાં રત્નોની પેટી વિગેરે પાછું લઇ ગઇ. મારૂં સર્વસ્વ નાશ પામ્યું, એટલુંજ નહીં પણ લોકોમાં પણ મારી હાંસી થઇ કે વંચનામતિ શ્રેષ્ઠીને ગણિકાએ ઠગ્યો; માટે હવે મારે અહીં રહીને શું કરવું?' આ પ્રમાણે વિચારમાં પડી બહુજ દુઃખી થયો. લોકોએ પણ બહુજ હાંસી કરવા માંડી, તેથી તેણે દુઃખગર્ભિત વૈરાગ્યવડે તાપસપણું અંગીકાર કર્યું.

અહીં મહાસેન કુમાર અન્યાયપુર પત્તનથી નીકળીને પ્રયાણ કરતાં કરતાં અનુક્રમે પોતાને નગરે પહોંચ્યો, અને પાંચ રત્નના પ્રસાદે કરીને સુખી થયો. અન્યદા તે દેશને વિષે બારવર્ષી દુકાળ પડ્યો. ક્ષુધાવડે ઘણા મનુષ્યો મરણ પામવા લાગ્યા. કેટલાએક દેશાંતરને વિષે ચાલ્યા ગયા. કેટલાએક લોકો અનાજને નિમિત્તે પોતાના પુત્રાદિકને પણ વેચવા લાગ્યા. અનેક સ્થાનકોએ રંક જનોનાં મૃત કલેવર પડેલાં દેખાવાં લાગ્યાં. એ સમયે ઉત્પન્ન થઇ છે અનુકંપા જેના હૃદયમાં એવા મહાસેન કુમારે દાન દેવાને માટે દાનશાળા માંડી, અને ત્યાં દીન, અનાથ તથા રંકને ભોજન કરાવવું શરૂ કર્યું. ગ્લાન (વ્યાધિગ્રસ્ત) હોય તેમની ચિકિત્સા કરાવવા માંડી, અને આખા દેશમાં ચારે દિશાએ ભોજનપટહ વજડાવવા માંડ્યો. જેઓ પૂર્વે બહુ ધનવાન્ હતા પણ હાલ ક્ષીણ થઇ ગયેલા તેમને પ્રછન્નપણે ધાન્યાદિક મોકલાવીને આધાર આપ્યો. આ પ્રમાણે દાનધર્મનો પ્રસાર કરે છે, તેવા સમયમાં એક કોઇક નિરાધાર સ્ત્રી જેના શરીરની ઉપર સર્વાંગે ક્ષુધાવડે કરીને સોજા થઇ ગયેલા છે એવી

તે સત્રાગાર (દાનશાળા) ને વિષે આવી. ત્યાં મનઇચ્છિત ભોજન કરવા લાગી, પરંતુ જઠરાગ્નિના અત્યંત નિર્બળપણાથી તેને પાચન થયું નહીં, જેથી ઉલટી અત્યંત ગ્લાન થઇ ગઇ. તે દેખીને ઉત્પન્ન થયો છે કરૂણારસ જેને એવો મહાસેનકુમાર તે સ્ત્રીને પોતાને ઘરે લાવ્યો, અને નિપુણ વૈદ્યની પાસે તેનું ઔષધ કરાવ્યું, જેથી સ્વલ્પ કાળમાં તે નિરામય શરીરવાળી થઇ, એટલે મહાસેનકુમારે તેને પોતાના ઘરને વિષે જનનીસ્થાને સ્થાપન કરી. મહાસેનકુમારની સ્ત્રી ગુણસુંદરી નામે હતી, તે પણ નિરંતર અનુકંપા દાન આપીને પછી પોતે ભોજન કરતી, એટલુંજ નહીં પણ દીન અને અનાથ જનોને સ્વહસ્તે ભોજન પીરસતી, અને તેઓને સંતોષ પમાડતી.

હે ચંપક! મહાસેનનો જીવ અનુકંપા દાનના પ્રભાવથી તું ચંપક નામનો વ્યવહારી થયો, ગુણસુંદરી મરણ પામીને તિલોત્તમા થઇ, તેં વૃદ્ધ સ્ત્રીને દાનશાળામાંથી ઘરે લાવીને પાળી હતી અને માતાસ્થાનકે રાખી હતી તે મરણ પામીને આ સ્થવીરા તારૂં જન્મથી પાળણપોષણ કરનારી થઇ, અને પૂર્વના સ્નેહબંધનથીજ તેને તારા ઉપર શૈશવપણાથી રાગ ઉત્પન્ન થયો. વંચનામતિ શ્રેષ્ઠી તાપસના વ્રતનું આરાધન કરીને વૃદ્ધદત્ત શ્રેષ્ઠી થયો, અને પૂર્વ ભવમાં તારાં પાંચ રત્નો અપહરણ કરવાની બુદ્ધિથી આ ભવમાં ૯૬ ક્રોડ દ્રવ્ય તને અર્પણ કર્યું. હે ચંપકશ્રેષ્ઠી! આ પ્રમાણે પૂર્વભવનાં કર્મો તને ઉદયમાં આવ્યાં. પૂર્વે અનંતા તીર્થંકરો કહી ગયા છે કે–

वह मारण अब्भक्खाण, दाण पर धणविलोवणाइणा।
सव्व जहन्नो उदउ, दसगुणोउ कस्स कयाण ॥

"વધ, મારણ, અભ્યાખ્યાન (ખોટું કલંક), દાન અને પરદ્રવ્ય ઓળવવું ઇત્યાદિક કર્મનો સર્વથી જઘન્યમાં જઘન્ય ઉદય થાય તોપણ કરેલાં કર્મથી દશ ગુણો તો થાય."

હે ચંપક! તેં પૂર્વ ભવે વંચનામતિનો પરાભવ કર્યો હતો તેથી તારી સાથે આ ભવમાં વૈરનું બંધન થયું, અને તેણે તને પરાભવ કરવા પ્રયત્ન કર્યો. મહાસેનના ભવમાં તેં કુળનો મદ કર્યો હતો તેથી તું આ ભવમાં કાંપીલ્યપુર નગરમાં ત્રિવિક્રમ શેઠને ઘરે દાસીના પુત્રપણે અવતર્યો."

આ પ્રમાણે પોતાના પૂર્વભવને સાંભળીને ચંપક શ્રેષ્ઠીએ તત્કાળ પોતાની ભાર્યા સહિત દીક્ષા ગ્રહણ કરી, અને સમ્યક્પ્રકારે ચારિત્રધર્મનું આરાધન કરીને સ્વર્ગે ગયો; ત્યાંથી ચવીને શ્રી મહાવિદેહ ક્ષેત્રને વિષે અવતરી મનુષ્યાયુ પામી યોગ્ય સમયે દીક્ષા લઈ કેવળજ્ઞાન પામીને મોક્ષે જશે.

श्रीमत्तपागणेशश्रीसोमसुंदरसद्गुरोः ।
जिनकीर्त्तिसूरिनामा शिष्यश्चक्रे कथामिमां ॥ १ ॥

"શ્રીમત્ તપાગચ્છાધિરાજ શ્રી સોમસુંદર સૂરીશ્વરના જિનકીર્તિસૂરિ નામના શિષ્યે આ કથા રચી છે."

ઇતિ અત્યંત મનોભિષ્ટ ફળદાયક અનુકંપા દાનોપરિ શ્રી ચંપકશ્રેષ્ઠી કથા સંપૂર્ણ.

હે ભવ્ય પ્રાણીઓ ! અનુકંપાદાન ઉપર કહેલી ચંપકશ્રેષ્ઠીની કથાનું શ્રવણ કરીને નિરંતર યથાશક્તિએ દીન, અનાથ, નિર્બળ, રોગી તેમજ નિરાધાર એવા મનુષ્યોની ઉપર કરૂણા લાવીને દાન દેવાનું લક્ષ રાખવું. દ્રવ્ય પામ્યાનું સાર્થક એજ છે કે પામેલા દ્રવ્યનો પરોપકારાદિક આ ભવ અને પરભવને વિષે શ્રેયસ્કર કાર્યોમાં સદુપયોગ કરવો. જે પ્રાણીનું આ ભવને વિષે દાન દેવા પર લક્ષ હોય છે અને નિરંતર અભયદાન, સુપાત્રદાન તેમજ અનુકંપાદાન દીધા કરેછે તે કોઇ ભવને વિષે દુઃખ કે દારિદ્રને તો પામતોજ નથી. અભયદાન અને સુપાત્રદાનથી તો યાવત્મોક્ષ સુખની પ્રાપ્તિ થાયછે, માટે એવો અત્યુત્તમ જે દાન ધર્મ જે ધર્મને ભગવંતે ચાર પ્રકારના ધર્મના પ્રારંભમાંજ ઉપદેશદ્વારાએ પ્રગટ કરેલોછે તેનું મોક્ષાભિલાષી અને આત્મહિત વાંછક પ્રાણીએ અવશ્ય આચરણ કરવું, જેથી ઉત્તરોત્તર સુખની પરંપરાને પામી યાવત્મોક્ષ સુખના અધિકારી થાઓ ! તથાસ્તુ.

# रतिसार कुमारनुं चरित्र.

પૂર્વે માહિષ્મતી નામે એક પ્રખ્યાત નગરી હતી. જે નગરના લોકોએ દાન આપવાની લીલાવડેજ લક્ષ્મીનું ચંચળપણું પૂર્ણ કર્યું હતું. તે નગરનો સુભૂમ નામે નૃપતિ હતો. સર્વે દેશાધિપતિઓ એ રાજાની આજ્ઞા માન્ય કરતા હતા. પોતાના પરાક્રમવડે સર્વ શત્રુઓને તેણે છત્ર રહીત કર્યા હતા. કલ્પવૃક્ષ સદૃશ તે ભૂપતિને દાન એ લક્ષ્મીનું કેલિકાનન[1] હતું. એ રાજાને ત્રણ ભુવનને વિષે આશ્ચર્યકારી અને શુદ્ધ કળાઓરૂપી કમલિનીમાં સૂર્ય સમાન રતિસાર નામે પુત્ર હતો. એ બાળક શિશુવયથીજ વિદ્યાવિલાસી હતો. ધર્મ અથવા નિતિ વિરૂદ્ધ કાર્ય કરવામાં તેની વૃત્તિ નિરૂદ્યમી હતી. વિશ્વ મનોહર એવી તેની રૂપશ્રી, ધ્યાન કરવાથીજ પૂર્ણ થાય છે સર્વે મનોરથ જેના એવા દેવોને પણ અપ્રાપ્ત હતી. તે કુમારના નિર્દોષ ગુણોથી હર્ષ પામેલા મેદિનીપતિએ[2] પ્રસાદથી તેને સ્વેચ્છાએ વિત્તવ્યય કરવાની છુટ આપી હતી.

એક દિવસ અંશુવડે[3] આવૃત્ત સૂર્યની જેમ કલાવંત પુરૂષોએ વ્યાપ્ત અને પૌરજનોના નેત્રકમળને પ્રિય એવો તે કુમાર નગરના મધ્ય ભાગમાં ક્રીડા કરતો હતો; તેવામાં એક ચતુષ્પથને વિષે ચોતરફથી જોવાને માટે આતુર થયે-

---

૧ ક્રિડાવન. ૨ રાજાએ. ૩ કિરણોવડે,

લા સેંકડો વિચક્ષણ પુરૂષોની મધ્યે, અગ્રભાગે ગ્રંથિ બાંધેલી એવી પતાકાએ સહિત, એક પુરૂષને તેણે જોયો. એ પુરૂષને જોઇ ચમત્કાર પામી કુમારે લોકોને પૂછવાથી એક જાણીતા પુરૂષે સમીપ આવી નિચે પ્રમાણેનો વૃત્તાંત નિવેદન કર્યો—'હે કુમાર ! આ કોઇ ઉંચા કદવાળો પુરૂષ હસ્તને વિષે ધ્વજા રાખી આપણા નગર મધ્યે આજે પ્રાતઃકાળમાં કોઈ સ્થળેથી આવ્યો છે. એ પુરૂષની ધ્વજાગ્રે ગ્રંથિ બાંધેલી છે તેને જોઇને તેમાં શું વસ્તુ છે એ સંબંધી આપણા નગરના ગુણસાગર પુરૂષોએ પૃછવાથી તેણે કહ્યું કે 'એ ગ્રંથિમાં વિદ્વજ્જનોએ પૂજિત અને ત્રણ લોકને હિતકારી એવો એક શ્લોક રત્ન છે; તે શ્લોકને કાર્યવશાત્ આજે હું લક્ષ સોના મોહોરના મૂલ્યથી વેચવા નિકળ્યો છું.' એ પુરૂષના એવા વચન શ્રવણ કરવાથી આશ્ચર્ય પામી નિર્મળ છે બુદ્ધિ જેની એવા પ્રાજ્ઞ[1] પુરૂષો ત્યાં ઉપરા ઉપરી એકત્ર થયા, અને તેવા મહામૂલ્યવાળા શ્લોકનું અવલોકન કરવામાં ઉત્સુક થઇ, તે પુરૂષ પ્રત્યે કહેવા લાગ્યા કે ગુપ્ત રહેલી વસ્તુના મૂલ્યની લક્ષ્મી વસ્તુ દ્રષ્ટિગત થયા શિવાય કેમ અપાય? ત્યારે તે પુરૂષે કહ્યું કે કોઇ સ્થળે એવા સજ્જ્ય પુરૂષો મને ન મળ્યા કે જેઓ પ્રસ્તુત વસ્તુ છદ્માવસ્થામાં[2] છતાં તેને માટે આટલું દ્રવ્ય ખર્ચે. હે સજ્જનો! તમે આ મૂલ્યવાન્ વસ્તુને જોવા માગો છો, પણ જેના આસ્વાદન માત્રથી સર્વ રોગ નાશ પામે એવા અમૃતનો સ્વાદ પરીક્ષા

૧ બુદ્ધિવાળા. ૨ ગુપ્તસ્થિતિમાં.

કરવાને રોગી એવા અર્થી પુરૂષ પ્રત્યે કોણ વિક્રય કરનાર ફોગટ આપે? તેમજ હે દક્ષ પુરૂષો! જેના વાંચવા માત્રથી સંસારનો સાર પ્રાપ્ત થાય એવા અમૂલ્ય શ્લોકને હું મૂલ્ય વિના પરિક્ષા કરવા માટે વ્યર્થ કેમ બતાવું? તમે જેઓ બુદ્ધિવંત છો તેઓ શ્લોકને જોઈનેજ અર્થ જાણી લ્યો, પછી હું તે શ્લોકને ક્યાં વિક્રય કરૂં? એ પ્રમાણે એ પુરૂષે કહ્યું એટલે વિદ્વાન્ પંડિત તે શ્લોકને અવલોકન કરવાના ઉપાય વિષે ચિરકાળથી ધ્યાન કરે છે.'

એ પ્રમાણેનો વૃત્તાંત સાંભળવાથી વિસ્મય યુક્ત અંતઃકરણવાળો એવો તે કુમાર પોતાના દયાળુ અને વિદ્વાન્ મિત્રોની સન્મુખ જોઇને બોલ્યો.-'વિદ્યાત્રયી[1] કરતાં પણ સુંદર એવી એ પુરૂષની ઉકિત અન્ય પુરૂષોને ગર્વ રહિત કરે છે અને અતુલ્ય મૂલ્યવાળી તે આપણને આનંદોત્પાદક છે. એવા એ પુરૂષ મનુષ્યને પ્રસન્ન કરનારા વાકયો કહીને તે શ્લોક લક્ષ સોના મોહોરથી વિક્રય કરે છે તો તે ખરીદ કરવામાં કોણ ચતુર પુરૂષ ક્ષોભ પામે? ' એ પ્રમાણે બોલી મિત્ર વૃંદોએ નંદિત[2] એવો તે નૃપનંદન પ્રસન્ન થઇ જરા આગળ ચાલી તે શ્લોક વેચનાર પુરૂષ પ્રત્યે બોલ્યો.-'હે નરશ્રેષ્ઠ! તમારી ઇચ્છા પ્રમાણે સુવર્ણ મોહોર લઇ એ સૂક્ત રત્ન[3] મને આપો અને પછી તે રત્નના આકર સંબંધી યથાતથ્ય[4] વૃત્તાંત નિવેદન કરો.

---

૧ ધર્મ અર્થને કામ. ૨ આનંદ પમાડેલો.
૩ શ્લોક રત્ન. ૪ જેવું હોય તેવું.

પછી પ્રીતિ રૂપી અમૃત સમુદ્રના તરંગની પેઠે આચરણ કરનારૂ હાસ્યવાળો અને કુમારના મુખરૂપી [1]માર્ત્તંડને વિષે કોક પક્ષી સમાન તે શ્લોકનો વ્યાપારી બોલ્યો.-" હે શ્રીમાન્! આ સૂક્ત રત્નની ઉત્પત્તિનો વૃત્તાંત સાંભળ-ઇંદ્ર નગરની પ્રખ્યાતિને આવ્હાન કરનાર, લક્ષ્મીના મંદિર રૂપ શ્રાવસ્તી નામે નગરી છે. હસ્તી જેમ પોતાના સામર્થ્યને જાણે નહી તેમ પોતાની સમૃદ્ધિના માપને નહિ જાણનાર એવો તે નગરીને વિષે સુબંધુ નામે હું ધનાઢ્ય હતો. મારા ગૃહવિષે હય હેષારવ મિષે આભૂષણોના શબ્દોને કરતી લક્ષ્મી સાક્ષાત્ નર્ત્તકી[2]રૂપે નાચતી હતી. સદ્ભાગ્ય અને વ્યવસાયરૂપી પાંખોવાળી મારી વિભૂતિ[3] સમુદ્રને પાર કરતી છતાં પણ વૃદ્ધિ પામતી હતી. હું કોઇ એવા રાજા કે રંકને જાણતો નથી કે પૃથ્વીમાં જેણે મારૂ અધમર્ણત્વ[4] ધારણ નથી કર્યું. એવી રીતે હે રાજપુત્ર! ચિરકાળ પર્યંત હું દુહિત્, દૌહિત્ર, પુત્ર અને પૌત્રના સમુહે મ્હાલતો અત્યંત સમૃદ્ધિવાન્ રહ્યો. એક દિવસે મેં રાત્રીના અવશેષ વખતે સ્વપ્નમાં વિભૂષણગણે શોભતા સુંદર સ્ત્રી મારા ગૃહમાંથી નીકળતી જોઇ. નિદ્રાને અંતે આ દુઃસ્વપ્ન જોઇ તેની શાંતિ વિષે વિચાર કરૂં છું તેવામાં મારા ઘરમાંથી જાણે મૂર્ત્તિમાન્ અભાગ્ય હોય તેવો ધુમાડો નીકળ્યો. પછી તરતજ મારા ભાગ્યનો ભંગ થવામાં કરેલી રચનાથી મોટા અભાગ્યનો જાણે પ્રતાપ હોય તેવો તેમાંથી અગ્નિ ઉત્પન્ન થયો. એ પ્ર-

૧ સૂર્ય. ૨ નાટકણી. ૩ સંપદા. ૪ દેવાદારપણું.

માણે અગ્નિ લાગવાથી સ્વજન વર્ગને બહાર કાઢી દ્રવ્ય સંગ્રહ ઉપર નિસ્પૃહચિત્તવાળો થઇ મમતા રહીત પુરૂષ જેમ સંસાર ત્યાગ કરે તેમ હું પણ ઘરમાંથી બહાર નિકળ્યો. તે સમયે અગ્નિથી દહન થતા મારા ઘરમાંથી પરોપકારી જનોએ જે જે દ્રવ્ય આકર્ષણ કર્યું તે તે છલિ[1] પુરૂષો વેગથી લઇને નાશી ગયા. મારા અભાગ્યના મંગલિક દીપ સદૃશ તે અગ્નિવિષે મારા ઘોડાઓ વિગેરે પડી પતંગની જેવી રચના કરવા લાગ્યા. એ પ્રમાણે અમૂલ્ય પદાર્થો સહીત ઘરને દહન થતું દેખી તેની વ્યથાએ મને મુર્છા પ્રાપ્ત થઇ એટલે લોકો ઘર ઓલવવાનું છોડી મારો પ્રતીકાર કરવામાં તત્પર થયા. એમ લોકોએ ઉપચાર વડે મને જ્યારે મૂર્છા મુક્ત કર્યો ત્યારે મેં મારા સમગ્ર ગૃહને અગ્નિથી ભસ્મસાત્[2] થયેલું જોયું. ઘર બળી જવાથી પરીજન વર્ગ બહાર નીકળેલો છે જેનો એવો હું જ્યારે મૂર્છા રહિત થઇ વિચાર કરતો ઉભો ત્યારે લોકો મને આશ્વાસન આપવા લાગ્યા અને મારૂં સર્વસ્વ બળી ગયા છતાં પણ મને પુણ્યભાજન કહેવા લાગ્યા. પછી મારા ઘરમાં અગ્નિથી ગળીને સુવર્ણ વિગેરે જે પિંડાકાર થઇ ગયું હતું તે મારા લેણદાર વ્યાપારીઓએ થોડા ઘણા મૂલ્યથી ખરીદ કરી લીધું. ચોપડા બળી જવાથી જેઓની પાસે મારૂં લેણું હતું તેઓએ વારંવાર કહ્યા છતાં પણ આપ્યું નહિ. મેં જે દ્રવ્યના નિધાનો પૃથ્વીમાં રાખ્યા હતા તેનો તપાસ કર્યો તો ત્યાં બ-

૧ ચોરી જનારાઓ. ૨ સર્વ ભસ્મમય.

કે મારા નિર્ભાગ્યરૂપી લતાના અંકુરો હોય તેવા સર્પના સમુહ જોવામાં આવ્યા. તેથી મારૂં દ્રવ્ય વ્યાપાર નિમિત્ત પરદેશમાં રોકાયેલું હતું, તથા મારા માણસો દેશના બહોળા ભાગમાં વ્યાપારાર્થે ફરતા હતા તેના તરફથી ધન પ્રાપ્તિની આશા રાખી, બીજા ધનિક પુરૂષો પાસેથી કરજે દ્રવ્ય લઇ કુટુંબની આજીવિકા ચલાવવાનું ધાર્યું. પરંતુ મારા નિર્ભાગ્યરૂપી અંધકારમય તે દિવસના અંત ભાગે પ્રદેશમાં મારી તરફથી વ્યાપાર માટે જે વણિક પુત્રો ગયા હતા તેને માર્ગમાં તસ્કરોએ લુંટી લીધા અને નૌકા રસ્તે જે સંપત્તિ ગઇ હતી તે જાણે મારા ભાગ્યના વિયોગરૂપી અગ્નિની જ્વાળાથી વ્યાકુળ થઇ હોય તેમ નાવ સાથે સમુદ્ર મધ્યે ડુબી ગઇ. હે રાજકુમાર! એ વાર્તા સાંભળવાથી મારી અંતર્વૃત્તિ દુઃખાર્ત્ત થઇ અને તે દિવસથી ઋણવાન્ થઇ ધનાઢ્ય પુરૂષોથી ભય પામેલો હું કોઇ ઠેકાણે રતિ[1] પામ્યો નહિ. પછી એક દિવસ રાત્રે હવે મારા ઉત્તમર્ણો[2] મારી પાસે દ્રવ્ય માગશે ત્યારે હું શું ઉત્તર આપીશ એવો વિચાર કરી દેશાંતર ગમનને માટે ઉત્સુક થયો. તે વખતે અશ્રુમિશ્ર દ્રષ્ટિએ, પુર્ણિમાના ચંદ્ર સરખું વદન છે જેનું એવી મારી સ્ત્રી જે નિદ્રામાં હતી તેને ગદ્ગદ્ વાણીએ પૂછીને, મારા મુગ્ધ કાંતિવાળા, નિદ્રાગ્રસ્ત અને નિર્દોષ બાળકોના મુખ ઉપર સજળ નેત્ર નાંખીને, હવે આવા બાળકોને ક્યાં અને ક્યારે જોઇશ એમ નિઃશ્વાસ નાંખતો, દુઃખના સમુદ્ર-

૧ સુખ. ૨ લેણદાર.

રૂપ પાથેય[1] ભક્ષને બાહુ એજ છે સહાયકારી જેને અને પગ એજ છે વાહન જેને એવો હું અર્ધ રાત્રીએ મંદમંદ ગતિએ ઘરથી બહાર નીકળ્યો. પરંતુ હે નૃપનંદન ! શીઘ્રગતિએ ચાલવાના ચાતુર્યથી હું નગરની બહાર ગયો ત્યાં કોમળતાને લીધે અત્યંત ખેદ પામ્યો તેથા થાકીને ત્યાંજ બેસી શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો.

અરે દૈવ ! આ કેવો કોપ ! મારી દશામાં કેવો ફેરફાર ! થોડા દિવસ અગાઉ હું મોટો ધનાઢ્ય ગણાતો હતો તેને આજે આજીવીકા માટે વિચાર ! અરે ! મારૂં સર્વસ્વ ગયું. ખરેખર એક સાથે મારા સમગ્ર પાપનો ઉદય થયો. પરંતુ હવે મારે શું કરવું ? પાસે એક દમડી પણ નથી. દેશાંતર જવાને ગમન કરવાની શક્તિ નથી. નગરમાં જઉં તો લેણદારનો ભય છે. આમ ઘણીવાર સુધી વિચાર કર્યો પણ મને કાંઈ માર્ગ સુજ્યો નહિ. પ્રાંતે જેમ ઘણા અજ્ઞાની માણસો આચરણ કરે છે તેમ કાયર અંતઃકરણવાળો થઇ સંપત્તિનો ક્ષય થવાથી વિપત્તિથી બ્હીને પ્રાણ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો; અને તરતજ ત્યાંથી ઉઠી નગરની સમીપ રહેલ લીલાશૈલના[2] શિખર ઉપરથી ઝંપાપાત ખાવા ત્યાં ગયો. દેહની સાથે દુઃખનો નાશ કરવાને જેવો હું તે શિખર ઉપર આરૂઢ થઇ ઝંપાપાતનો વિચાર કરૂં છું તેવામાં કોઇ ઠેકાણેથી એવી વાણી પ્રગટ થઇ કે ' હે મૂઢ ! બાળક જેમ

---

૧ ભાતું. ૨ ક્રિડા પર્વત.

ચિંતામણિ રત્ન ફેંકી દે તેમ તું આ પ્રૌઢ ભાગ્યોદયથી પ્રાપ્ત કરેલ મનુષ્ય ભવનો વ્યર્થ ત્યાગ ન કર.' એવી વાણી શ્રવણ કરી દિશાઓમાં ચક્ષુપ્રક્ષેપ[1] કર્યો. પરંતુ કોઇ દૃષ્ટિગત થયું નહિ એટલે પુન: ઝંપાર્થે તત્પર થયો. તેવામાં પુન: ઉક્તિ થઇ 'હે મુગ્ધ! ખેદનો ભેદ કરવાની બુદ્ધિથી પ્રાણનો ત્યાગ ન કર, કારણ કે અત્યંત શીતનો નાશ કરવાને કલ્પવૃક્ષને કોણ દહન કરે?'

ફરી એવી વાણી સાંભળીને મેં ચોતરફ દ્રષ્ટિ ફેરવી, પાંચ સાત પગલાં આગળ ચાલ્યો પરંતુ કોઈ દ્રષ્ટીએ પડયું નહિ એટલે મને આ ભ્રમ થાય છે એમ જાણી ઝંપાપાત કરવા તત્પર થયો. તરતજ આવી વાણી થઇ કે 'હે મૂર્ખ! દુ:ખના દ્વેષથી અમુલ્ય જીવિતવ્યનો ત્યાગ શા માટે કરે છે? એવો કોણ મૂર્ખ હોય કે રજ ઉડવાના દ્વેષથી પૃથ્વી ઉપર અમૃત છાંટે?' એમ વારંવાર થતી વાણીની અવગણના કરીને 'મા' એવા શબ્દો વારંવાર સાંભળતાં છતાં પણ મેં ઝંપાપાત આપ્યો; પરંતુ પાત સંવેગ[2] સાથેજ એવો મહાવાત[3] પ્રગટ થયો કે હું નિચે પડવાને બદલે પૃથ્વીના તેજ ભાગ ઉપર મૂર્છા ખાઇને પડયો. થોડીવાર પછી મૂર્છા રહિત થયો એટલે દ્રષ્ટિ ઉઘાડી નજર કરૂંછું તો મારા આત્માને તેજ પર્વત ઉપર જોયો અને એક તરફ કોઇ એક મુનિને જોયા. શું આ સ્વપ્ન છે? શું આ ભ્રાંતિ છે? એમ વિસ્મય પામી મારા મનમાં તર્ક કરૂંછું એવામાં દયાસિંધુ

૧ નેત્ર વડે જોયું. ૨ પડવાનો વેગ. ૩ મહોટો વાયુ.

એવા તે મુનિ અમૂલ્ય વાણીથી બોલ્યા—'મેં વારંવાર નિષેધ કર્યો તોપણ તું શામાટે વ્યર્થ મૃત્યુ અર્થે દોડે છે? દુઃખનું ઔષધ મૃત્યુ ક્યાં છે? દુઃખો તો આત્માના સહચારી છે. સુખ દુઃખ પામવું એ પ્રાક્ કર્મનો[1] ઉદય છે. શું મૃત્યુ પામવાથી તારા તે કર્મનું નિવારણ થશે? એથી તો ઉલટાં નવાં કર્મ બંધાશે.' એવી રીતે મુનિએ કહ્યું એટલે હું વિચારમાં પડયો. તેવામાં તે મુનીશ્વર મારા મનના શોકને વિગલિત કરનાર એક શ્લોક કહી આકાશ તરફ ચાલ્યા ગયા. પોતાના શરીરની કાંતથી સૂર્યના ઉદયને જેણે પુનરૂકત કર્યો છે એવા તે મુનિ અદ્રશ્ય થયા પછી હું વિચાર કરવા લાગ્યો કે નિશ્ચયે આ કોઈ સંસાર સમુદ્રથી તારનાર ચારણ મુનિ[2] મારા સુકૃતના ઉદયથી રાત્રીએ આ પર્વત ઉપર કાયોત્સર્ગે રહ્યા હતા. ખરેખર મુનિઓ પરોપકારીજ હોય છે; એ દયાળુ મુનીશ્વરેજ મને પર્વત ઉપરથી પડતો ધારણ કરી રાખ્યો અને આ અમૂલ્ય શ્લોકના દાનવડે સુનિવૃત્ત[3] કર્યો. એમ વિચાર કરી તે કરૂણાસિંધુ મુનિના ચરણ કમળથી અંકિત થયેલી પવિત્ર ભૂમિને વારંવાર નમસ્કાર કરીને તે શ્લોક રત્નના ધ્યાનરૂપી અમૃતપાને દુઃખ સમુદ્રનો છેદ કરતો હવો. પછી સર્વ મનુષ્યો નિદ્રાવશ હતા તેવા તે રાત્રીના અવશેષ વખતે અમંદ પગલે હું મારા ગૃહ પ્રત્યે આવ્યો. ત્યારથી તે મુનીંદ્રના દર્શનવડે અને શ્લોકના

૧ પૂર્વ ભવના કર્મ. ૨ આકાશગામી મુનિ.
૩ સારી રીતે નિવૃત્ત થયેલો.

લાભથી વિપત્તિને પણ સંપત્તિ માની હું ગુણને અર્થે ધારવા લાગ્યો; મને સર્વ લક્ષ્મીથી ક્ષીણ થયેલ જાણી કેટલાએક દાક્ષિણ્ય દક્ષિત ધનાઢ્ય લેણદારોએ તેઓના દ્રવ્યની મારી પાસે યાચના પણ ન કરી; અને કેટલાક લજ્જાવંત દેવાદારો પોતાની મેળે આવીને મારૂં લેણું દ્રવ્ય મને આપી ગયા. એ દ્રવ્ય મારા કુટુંબી જનોના ભોજન આચ્છાદન માટે ઉપયોગી થયું. એ પ્રમાણે 'જેવું ભાવિ હશે તેવું બનશે' એવો નિશ્ચય કરી ધૈર્ય ધારણ કરી, વિપત્તિને ધારણ કરનારી મારી પ્રિયાને પણ તે શ્લોકના સામર્થ્ય વડે મેં પ્રમોદિની[1] કરી.

સાંપ્રતકાળે તે મારી પ્રિયાના સહોદરનો વિવાહોત્સવ છે તેથી ઉત્સવ ઉપર ગમન કરવાને ઉત્સુક થયેલી તે મારી સમીપે આવીને ગદ્‌ગદ્ વાણીએ બોલી. 'હે સ્વામિન્! મારે પહેરવાને પૂરાં આભૂષણો નથી, મનોહર ચીવરો નથી, માર્ગમાં લઇ જવા યોગ્ય વાહનો નથી અને આપવા લાયક દ્રવ્ય પણ નથી; તેથી સુંદર શૃંગારને સજનારી, ઉત્તમ વાહનોમાં બેસનારી અને અદ્‌ભૂત એવા ઘણા આપવા યોગ્ય દ્રવ્યાદિ લાવનારી મારી સહોદરીઓની સાથે હું ત્યાં જઈને આનંદ કેમ પામીશ? આવે સમયે આત્માને અથવા તેથી પણ અધિક એવી કોઇ વસ્તુને વિક્રય કરી મારા માનનું રક્ષણ કરો. કેમકે સત્પુરૂષોને માન છે તે પોતાના આત્માથી પણ અધિક છે. આ વખતે મારૂં માન પૂર્ણ નહિ થાય

---

૧ હર્ષવાળી.

તો મારે મૃત્યુ એજ શરણ છે; કારણ કે માનવંત લોકોને પોતાનું માન આત્માથી પણ દુસ્ત્યાજ્ય[1] છે.

સ્ત્રીઓની કસોટી આવે સમયે થાય છે. અજ્ઞાની અને અર્ધદગ્ધ સ્ત્રીઓને આવો પ્રસંગ આવે ત્યારે લુગડાં ઘરેણાંને માટે ઓછું આવ્યા વિના રહેતું નથી. 'આપત્તિ કાળમાં બાંધવ અને મિત્રની પરીક્ષા થાય, તથા વૈભવ નાશ થયે સ્ત્રી અને ચાકરની પરીક્ષા થાય,' એ વચન નીતિશાસ્ત્રોનું અસત્ય નથી. દ્રવ્ય ક્ષય થયા છતાં પણ નિત્ય સંતોષી એવી સ્ત્રી વિરલજ હોય છે. જો સંપૂર્ણ જ્ઞાનરસનું પાન કર્યું હોય તોજ તેની તેવી સ્વાભાવિક વૃત્તિઓનો નાશ થાય છે. મારી પ્રિયાના આગ્રહી વચનો સાંભળી ઉપર પ્રમાણે વિચાર કરતો હું શ્યામ મુખવાળો થયો. સ્ત્રીને શિખામણ આપવી એ નિરર્થક લાગ્યું; તેમ તેની ઇચ્છા પૂર્ણ કરવાની શકિત પણ નહોતી. 'હવે શું કરવું?' એ ચિંતામાં જડવત્ થઇ ગયો. ઘરમાં ચોતરફ દ્રષ્ટિ કરી તો મારા શિવાય બીજી કોઇ પણ ઉત્તમ વસ્તુ દ્રષ્ટિગત ન થઇ કે જેનો વિક્રય કરવાથી મૂલ્ય પ્રાપ્ત થાય. માટે હવે શું કરવું? ક્યાં જવું? એ વિચારમાં મારૂં હૃદય દુઃખાર્ત્ત થયું. પ્રાંતે વિપત્તિ સમયે સ્મરણીય તે શ્લોકનું સ્મરણ કરી, કદાગ્રહ ગ્રસ્ત મહિલાને વિષે મોહિત અંતઃકરણવાળો થઇને ધન તૃષ્ણાથી સત્વવડે કાર્ય તત્વને તૃણ રૂપ ગણી, માતૃવત્ અવિક્રેય[2] એવા આ શ્લોકને અત્રે હું—"એમ અર્ધ બોલી તેના

---

1 ન તજી શકાય તેવું. 2 નવેચવાયોગ્ય.

નેત્રો જળથી ભરાઇ ગયા, વદન દુઃખાર્ત્ત થયું અને ગાત્રશિથિલ થયાં. આગળ બોલવાને અશક્ત જણાયો એટલે નીચું મુખ કરીને મૌન રહ્યો. પછી રાજકુમારે, તેણે અંગુલિના અગ્ર ભાગે સંજ્ઞા કરી, એટલે તે ગાંઠ છોડીને શ્લોક પત્રિકા પોતાના હસ્તમાં ગ્રહણ કરી. ક્ષણ માત્ર પોતાના ગાત્રને સ્તંભ પાત્ર કરી ચિત્તમાં તે શ્લોકના અર્થનો આસ્વાદ લઇ ઉંચે સ્વરે આ પ્રમાણે બોલ્યો "હે ધીરપુરૂષો ! સર્વ ઇંદ્રિયો રૂપીમાળાને તત્કાળ તમે તમારા શ્રવણ ઉપર ધરો, કારણ કે આ શ્લોક રાજાનો ત્યાં પ્રવેશ થાયછે. એમ કહી નીચેનો શ્લોક બોલ્યો.-

कार्यःसं पदिनानंदः । पूर्वपुण्यक्षिदे हि सा ॥
नैवापदि विषादस्तु । साहि प्राक्पापपिष्टये ॥

અર્થ—સંપત્તિમાં આનંદીત ન થવું કારણ કે સંપત્તિ એ પૂર્વ પૂણ્યનો ક્ષય કરનારી છે. અને આપત્તિમાં વિષાદ ન પામવો કારણ કે આપત્તિ એ પૂર્વ કૃત પાપનો ક્ષય કરનારી છે.

ખરેખર આ શ્લોક અમૂલ્ય ઉપદેશે ગર્ભિત છે. કારણ કે ઘણા મનુષ્યો સંપત્તિ પ્રાપ્ત થયે કોઇ અપૂર્વ આનંદના ભોક્તા થાય છે પરંતુ પૂર્વે ઉપાર્જન કરેલા શુભ કર્મોનું એ ફળ છે એવો લેશમાત્ર તેના હૃદયમાં વિચાર આવતો નથી. એ સ્થિતિમાં જે ધર્મના પ્રભાવથી એ અવસ્થા પ્રાપ્ત થઇ છે તે ધર્મને તો તદન ભૂલી જાય છે. રાત્ર દિવસ વ્યવસાય કરી દ્રવ્ય પ્રાપ્ત કરવું એમાંજ મનુષ્ય ભવની સાર્થકતા

જાણે છે દ્રવ્યમદથી તેઓના ચિત્ત મત્ત થઇ અનેક તરેહના મિથ્યાભિમાન ધરાવે છે. સંપત્તિ કોઇની અચળ રહેતી નથી, અસ્ત ત્યાં ઉદય અને સંપત્તિ ત્યાં વિપત્તિ આવ્યાજ કરેછે એવા શાસ્ત્રજ્ઞ પુરૂષોના વચનના દ્રષ્ટિગત થતા અનેક દ્રષ્ટાંતો તેના નેત્રો જોઇ શકતા નથી. પૂર્વે પૂણ્ય કર્યાથી સંપત્તિ પ્રાપ્ત થઇ છે અને તે અવસ્થામાં પુનઃપૂણ્ય ઉપાર્જનના કાર્ય થશે તોજ આગામી ભવમાં સુખ પ્રાપ્તિ થશે એવું શાસ્ત્રનું રહસ્ય તેને અરૂચિ કર થાયછે. દયાસિંધુ, હિતકારી અને જ્ઞાની ગુરૂઓનો [1]અમલ, [2]પરિત્રાણપદ અને શાંતિકારક ઉપદેશ શ્રવણ કરવામાં તેઓના કર્ણ વિવર બંધ થઇ જાય છે. મોહ, મદ, અવિનય, લોભ, વિષય વિગેરે દોષો તેને પ્રિયકર થાય છે. તેમજ વિપત્તિ પ્રાપ્ત થાય ત્યારે અજ્ઞાન દશામાં આવૃત્ત થઇ અનેક જાતના દુર્ધ્યાનવડે અશુભ કર્મો ઉપાર્જન કરેછે. એવા ઘણા કાયર પુરૂષો આપણને દ્રષ્ટિગત થાય છે કે જેઓ વિદ્વાન, ગુણી, પુખ્ત ઉમરના ગણાતા હોય છતાં પણ વિપત્તિથી વિહ્વળ થઇ જાય છે; એટલુંજ નહિ પણ તેથી અકળાઇને પ્રાણ ત્યાગ કરવા સુધીનું ચિંતવન કરે છે. તેઓ સમજતા નથી કે વિપત્તિ એ પૂર્વે કરેલા અશુભ કર્મનો ક્ષય કરવાનું સાધન છે અને તે ભોગવ્યા શિવાય સિદ્ધિજ નથી. એ અવસ્થામાં દેહ અને ઇંદ્રિયો ઉપર મમતા ધારણ કરી મોહ જેમ નચાવે તેમ નાચે છે; પરંતુ જ્ઞાન રસનું પાન કરી હું દેહ અને ઇંદ્રિ-

૧ નિર્મળ. ૨ શરણ કરવાનાં સ્થાનક રૂપ.

એથી [1]વિરક્ત છું એમ સમજી બાહ્ય ઉપાધિઓ સહન કરવામાં ધૈર્યતાનો મોટો ગુણ ધારણ કરતા ન હી. એ પ્રમાણે અજ્ઞાન રૂપી અંધકારમાં ઘેરાઇ ગયેલા અનેક મનુષ્યો સંપત્તિ અને વિપત્તિનું સત્ય સ્વરૂપ જાણ્યા શિવાય જેઓ ભવ સમુદ્રમાં ભમ્યાજ કરે છે તેઓને આ શ્લોક સંપૂર્ણ બોધદાયક છે, -હૃદયમાં જડી રાખવા લાયક છે અને નિત્ય ધ્યાન કરવા લાયક છે.

જ્યારે રતિસાર કુમારે એ શ્લોક વાંચ્યો ત્યારે તે શ્લોકામૃતનું પાન કરનાર સર્વે મનુષ્યો પ્રીતિથી જાણે નાચતા હોય તેવા દેખાવા લાગ્યા, કર્ણને આશ્રય કરી રહેલા તેઓના મુકુટો કંપવા લાગ્યા, અને વિદ્વાન્ લોકો પ્રીતિના ગૌરવથી ઉજ્વળ થયા. પછી રતિસાર કુમારે મધુસદૃશ મધુરવાણીથી તે સુબંધુ પ્રત્યે કહ્યું 'સુબંધુ ! તમે કોઇ મારા પૂર્વ જન્મના બંધુ છો કારણ કે તમે આ શ્લોકામૃતનું પાન કરવામાં ભાગ આપી મારી વંચના નથી કરી. હવે અહીં [2]હરિ, [3]કરિ, સુવર્ણ અને રત્નાદિ જે કાંઈ છે તેમાંથી ઇચ્છા પ્રમાણે તમે ગ્રહણ કરો. એમ કહી મનોહર વસ્ત્રો, સુંદર આભૂષણો, રત્નો અને હાથીઓની પંક્તિ આપીને તેને સ્વદેશ તરફ વિદાય કર્યો. પછી દીન અને ગુણલીન પુરૂષોને હર્ષવડે દાન આપી નૃપનંદને તે શ્લોકનો પ્રવેશોત્સવ કર્યો અને આખો દિવસ [4]ઉજ્જિદ્ર કવીંદ્રોની ક્રીડામાં નિર્ગમન કરી રાત્રી સમયે રાજાની સેવા માટે ગયો. તે સ-

---

૧ જૂદો. ૨ અશ્વ. ૩ હસ્તી. ૪ મોટ કવીશ્વરો.

મયે રાજ્ય ખર્ચના ઉપરી અધિકારીએ આવીને ચિત્તમાં ચમત્કાર પમાડે તેવો કુમારે કરેલો દ્રવ્યનો વ્યય નિવેદન કર્યો.

વ્યય નિયોગી[1] પુરૂષના મુખથી કુમારનો અપ્રતીત વ્યય શ્રવણ કરી પૃથ્વીપતિએ ક્રોધથી કુમાર તરફ જોઇને કહ્યું ' મુગ્ધ ! પ્રભુતાના પ્રાણ સમાન વૈભવનો[2] આવી રીતે કેમ ત્યાગ કરે છે? ગરિષ્ટ[3] કાવ્યોના આકારરૂપ ઉત્કૃષ્ટ કવિઓ પણ ભોજન અને આચ્છાદન[4] આપવાથી નમ્ર થઇ સ્વાધીન થાય છે તો ઉન્મેષ માત્રમાં જેની વ્યવસ્થિતિ છે એવા આ શ્લોકને તેં લક્ષ સુવર્ણ મહોરથી અંગીકાર કર્યો એ કેવું અયોગ્ય કર્યું ? જે દ્રવ્ય આ લોક અને પરલોકને વિષે આનંદકારી એવા કામ અને ધર્મનું બીજરૂપ છે તેને સ્પષ્ટ બોધવાળો કોણ પુરૂષ તૃણની પેઠે છોડી દે ? કળા, વિક્રમ અને બુદ્ધિથી પણ અસાધ્ય કાર્યોને જે દ્રવ્ય પલકમાત્રમાં સાધે છે તેને અપજ્ઞાનરૂપી કૂવામાં કોણ નાંખે ? કૃપણ એવો દ્રવ્યવાન પણ વિત્તના યોગથી મહત્ પુરૂષોને સેવ્ય થાયછે; કારણ કે સુવર્ણ પર્વતને ઉત્કૃષ્ટ દેવતાઓ પણ સદૈવ નથી સેવતા ? ગુણી અને રાગી પુરૂષ હોય પરંતુ લક્ષ્મી ક્ષીણ થયે આશ્રિત લોકો, નિશાસમયે શોભા રહીત કમલ સમુહનો ભ્રમરાઓ જેમ ત્યાગ કરે છે, તેમ તેને છોડી દે છે. આવા વિચાર કરીનેજ મનુષ્યો પોતાને દ્રવ્ય ઉપાર્જન કરવાના સંશયમાં નથી નાંખતા ? તારા જેવો મૂર્ખ થઇ બીજો કોણ પુરૂષ આવી રીતે લક્ષ્મીનો વ્યય કરે ? '

૧ રાજ્ય ખર્ચનો હિસાબ રાખનાર. ૨ દ્રવ્યનો. ૩ શ્રેષ્ઠ. ૪ વસ્ત્ર.

પિતાના એવા વચન સાંભળી પુણ્યરૂપી વનને વિષે આમ્રવૃક્ષ સરખો તે કુમાર પુંસ્કોકિલના આલાપ જેવી વાણી બોલ્યો-"પિતાજી! સેંકડો વિદ્વાનોમાં પણ સત્કાવ્યની પ્રાપ્તિ કોઇ વિદ્વાન્ પાસેથીજ થાય છે, કારણ કે હીરાની ખાણમાંથી પણ શ્રેષ્ટ હીરો પુણ્ય રહીત માણસ મેળવી શકતો નથી. ધર્મનું ઉત્પત્તિ કારણ શ્રદ્ધા છે, કામનું ઉત્પત્તિ કારણ પ્રીતિ છે અને તે કર્મમાં ચપળ લક્ષ્મી દાસી સમાન છે તો તેને વિષે કોણ સમજુ પુરૂષ આસક્ત થાય? કળા, શૌર્ય અને બુદ્ધિ દ્રવ્યને લીલામાત્રમાં સાધે છે તો એવા દ્રવ્યને અસાધ્યનું સાધક કયો વિદ્વાન્ કહેશે? જ્ઞાની લોકો જે દ્રવ્યને અજ્ઞાનકૂપ કહે છે તેમાંથી બહાર કાઢવાને અશક્ય એવા આત્માને તૃષ્ણાથી કોણ દક્ષ પુરૂષ તેમાં નાંખે? નિગ્રંથ, વિરક્ત અને નિર્ગુણ એવા યતિઓ જેનાથી સેવ્ય થાય છે તેવા જ્ઞાનને ઉપાર્જન કરવામાં વિદ્વાનો પણ મહત્ પ્રયત્ન આદરે છે. એવો કોણ પુરૂષ જગતને વિષે છે કે જેનો લક્ષ્મીએ આલિંગન દઇને ત્યાગ કર્યો નહીં હોય? લક્ષ્મીથીજ ઘણા દોષો પ્રગટ થાય છે અને તે દોષોનું ઉન્મુલન કરવામાં જ્ઞાન એજ સાધનભૂત છે એ વિષે કોણ સત્પુરૂષ ના પાડશે? માટે એવા અનાદર કરવા યોગ્ય અસંખ્ય દ્રવ્યો ખરચીને ઘણો પ્રયત્ન કરે ત્યારેજ, આદરવા યોગ્ય એવા જ્ઞાનનો લેશ માત્ર મળે છે."

આવો ઉત્કટ ઉત્તર આપી પુત્ર વિરામ પામ્યો. ભૂપતિએ ક્રોધથી અતિ રૂક્ષદ્રષ્ટિ કરીને કાંઇપણ ઉત્તર આપ્યો

નહિ. પછી રાજ્યસભામાંથી કુમાર ઉઠયો અને પોતાનો પરાભવ થયેલો સમજી દેશાંતરગમનના ધ્યાનમાં તત્પર થયો. પછી સર્વ પરીજનોને સૂતા મૂકી, કમલવૃંદને સૂતું મૂકી આકાશમાંથી સૂર્ય અન્ય દેશ તરફ જવા નીકળે તેમ કુમાર નગરમાંથી દેશાંતરગમન માટે બહાર નીકળ્યો. નિરંતર અશ્વોની કસરતનો અભ્યાસ હતો તેથી ચાલવાનો શ્રમ તેને બીલકુલ જણાયો નહીં. અખંડ પ્રયાણે ચાલતાં તેણે ઘણી પૃથ્વી ઉલ્લંઘન કરી. માર્ગમાં મોટા અરણ્યોને વિષે ચાલતાં રાત્રિએ તેના તેજસ્વીપણાને લીધે જ્વલતા અગ્નિની બુદ્ધિથી શીકારી પ્રાણીઓ પણ કોઇ ઠેકાણે તેની સમીપે આવી શકતા ન હતા. આ કોઈ પુરૂષ નથી પણ પુરૂષ રૂપે કોઇ દેવ ક્રીડા કરે છે એમ ધારી ચોર લોકો પણ તેનો પરાભવ કરી શકયા નહીં. પુણ્યશાળી પુરૂષને કોઇ સ્થાન અગમ્ય નથી. પુણ્યના યોગથી તેને હજારો મનુષ્યથી વસતું નગર અને શીકારી પ્રાણીઓથી પરિપૂર્ણ અરણ્ય બંને સમાનજ છે. એવી રીતે પરાક્રમી પુરૂષોમાં અગ્રેસર અને જેણે ત્રણ દિવસથી આહાર પણ કર્યો નહોતો એવો રતિસાર કુમાર ચોથે દિવસે શ્રાવસ્તી નગરીને પરીસરે પહોંચ્યો. એ વખતે મધ્યાન્હકાળ થયો હતો તેથી સૂર્યની કાંતિથી ગ્લાનિ પામ્યો, અને તે સ્થળે એક કામદેવનું મંદિર હતું તેમાં તેણે વિશ્રામ કર્યો. એ મંદિરમાં એક સ્ત્રી પૂજારી હતી તેણીએ, કુંવરને જોઇ 'આ કોઇ ઉજ્વળ તેજસ્વી પુરૂષ છે પરંતુ સાધારણ માણસ નથી' એમ ધારી, વેગથી બહાર

આવી શુદ્ધ જળપાત્ર ભરી લાવી કુંવર પ્રત્યે કહ્યું-'હે વીર નરકુંજર! આ જળ સફળ કરો.' પછી પ્રસન્ન થઇ કુમારે સંસારમાં ભ્રમણ કરી શ્રાંત થયેલ પુરૂષ જેમ તીર્થંકર ભગવંતની દેશનાનું પાન કરે તેમ તે મધુર જળનું પાન કર્યું. તેવામાં હર્ષથી વાચાળ થયેલી કોયલોના સમૂહ જેવો ગાયનનો શબ્દ સાંભળી 'અહીં શું છે?' એમ કુમારે તે દેવપૂજીકાને પૂછ્યું. તેણીએ કહ્યું "આ શ્રાવસ્તી નામે નગરી છે. આ નગરને વિષે રાજગૌરવ અને કીર્ત્તિનું સ્થાન તથા શત્રુરૂપી હસ્તિઓમાં કેશરીસિંહ સમાન એવો કૃપ નામે રાજા છે. એ રાજાને મૃગબાળકના સરખા નેત્રવાળી, સૌભાગ્યરૂપી વૃક્ષની મંજરી જેવી, અધિક કાંતિવાળી સોભાગ્યમંજરી નામે એક પુત્રી છે. જે દેવતાઓએ સુંદર સ્વરૂપની અમૃત કુપિકા જેવી તે સ્ત્રી દીઠી નથી તે અમૃતભોજી દેવતાઓના ચક્ષુ વ્યર્થ નિમેષ રહિત થયા છે. પુણ્યના સર્વસ્વરૂપ તે કન્યારત્નને બાલ્યાવસ્થા રૂપી પહેરેગીરે હમણા યૌવનાવસ્થાને સોંપ્યું છે. એ સૌભાગ્યમંજરીને કળાથી મનોહર અને તુલ્ય યૌવનવાળી, ધીર નામે મંત્રીની અને ધન્ય નામે શેઠની બે કન્યાઓ સખીઓ છે રાજપુત્રીના રૂપમાં ઘુણાક્ષર ન્યાય થયો જાણી શિલ્પસિદ્ધની પરીક્ષાર્થેજ જાણે વિધિએ તે બંનેને બનાવી હોય, એવી તે અદ્ભુત રૂપવાળી છે. પ્રિયંવદા અને સુતારા નામની તે બંને સખીઓ સર્વ કર્મને વિષે રાજપુત્રીની સહચરી છે. જેમ રતિ અને કાંતિ લક્ષ્મીનો ત્યાગ કરતી નથી તેમ તે બંને સખીઓ રાજપુત્રીથી છુટી

પડતી નથી. તે ત્રણે કન્યાઓ ત્રૈલોક્યની સુંદરીઓની રૂપ સંપત્તિની જાણે અધિષ્ઠાયકા હોય તેમ સર્વ કળાઓને વિષે કુશળતા પામી છે. તેઓ નિરંતર અહીં કામદેવની પૂજા કરવાને માટે આવે છે; તેના પરિવારની પ્રમદાઓનો આ શબ્દ સંભળાય છે."

એ પ્રમાણે એ દેવપૂજીકા બોલી રહી એટલે કુમારે વક્રતાથી ચંચળ જેમના નેત્ર છે એવી અને કામદેવને સંતોષ કરનારી તે સુંદર સ્ત્રીઓને જોઈ તેમાં તે ત્રણ સ્ત્રીઓ નરવિમાનમાં[1] બેઠી હતી તે જાણે અનંગ ભૂપતિની પ્રત્યક્ષ ત્રણ શક્તિઓ[2] હોય તેવી જણાતી હતી. યુવાન પુરૂષોના મનરૂપી વનને દહન કરતો અને કનક સરખો ઉજ્વળ એવો જાણે કામદેવ રૂપી દાવાનળ હોય તેમ તે સ્ત્રીસમૂહ મંદ મંદ ચાલ્યો આવતો હતો. પુરૂષોના હૃદયમાં મોહમય રાત્રિને પ્રકાશ કરનાર નિશાનાથ[3] સમાન કિરણોવાળા મુખવડે શોભતી, વિવેકરૂપી પુષ્પોમાં લીન થયેલ સત્પુરૂષોના મન રૂપી ભ્રમરાઓને આકર્ષણ કરનારા નેત્રકમળવડે સંસારસમુદ્રને શોભાવતી, મુનિશ્વરોના જાતિથી પ્રાપ્ત થયેલ ઉજ્વળ યશને મલીન કરનાર કામદેવની દીપિકાની ઉપમાવાળા શરીર તેજવડે અદ્દભુત જણાતી તે ત્રણે કન્યાને સમીપ આવતી જોઇ કુમાર કામવશ થઇ જુદીજ જાતના વિકાર અનુભવવા લાગ્યો. તે કન્યાઓ પણ સુંદર કાંતિરૂપ

૧ પાલખી, મ્યાનો. ૨ પ્રભુશક્તિ, મંત્રશક્તિ અને ઉત્સાહશક્તિ. ૩ ચંદ્ર.

ચક્રવાળા એ [1]નરશક્રને જોઇ આશ્ચર્ય પામી સ્મિત સૂચિત વચનો પરસ્પર બોલવા લાગી. અહો! આ પુરૂષ કોણ હશે? શું આપણી ભક્તિના ગુણવડે પ્રસન્ન થઇ કામદેવ પોતે પ્રાસાદમાંથી નીકળીને આપણો માર્ગ શોધતા હશે? શું સુંદર પ્રિયાના લોભમાં બુદ્ધિ લુબ્ધ થવાથી કોઈ દેવતા કામદેવની સેવા કરવા આવેલ હશે? અથવા આપણને વરદાન આપવાની ઇચ્છાથી કામદેવે પોતાથી અધિક તેજવાળા આ નવીન મનુષ્યને અત્રે આણ્યો હશે? એમ યુક્તિયુક્ત વચનો કહેતી તે ત્રણે સખીઓ કુમારમાં દૃષ્ટિ લીન કરી તેના દર્શનનું પાન કરવાથી પોતાને ધન્ય માનતી નરવિમાનમાંથી ઉતરી. વસ્ત્રવડે આચ્છાદિત છતાં પણ વારંવાર પોતાના અંગોપાંગને ઢાંકતી અને સ્ખલના પામતા મંદમંદ કોમળ પગલાં મૂકતી તે સ્ત્રીઓ મંદિરના મધ્યભાગમાં આવી. કુમારના મુખને વારંવાર અવલોકન કરવાની ઇચ્છા, લજ્જાને લીધે પૂર્ણ ન થઈ શકવાથી તેઓ નેત્રના ખુણાવડે જોવાનું આરંભમંગલ કરવા લાગી; તે સમયે 'તમે આવું સુંદર સ્વરૂપ કોઇ ઠેકાણે સાંભળ્યું છે?' એમ પૂછવાને જાણે તેની દૃષ્ટિ કર્ણ સમીપ આવી હોય તેવો દેખાવ જણાતો હતો. મદનવિકારથી એને પ્રસ્વેદ થવા લાગ્યો. કામબાણના પ્રહારથી અકળાતી, સ્પર્શ કરવાના લોભથી મુંઝાતી અને ચિત્તવૃત્તિ પરાધીન થયાથી ચાલવામાં વારંવાર સ્ખલના પામતી તે સ્ત્રીઓ આગળ ચાલી. એ પ્રમાણે જોવાથીજ [2]મન્મથને સ્વાધીન થયેલી તે

[1] મનુષ્યમાં ઇંદ્ર તુલ્ય. [2] કામદેવ.

સુંદરીઓનો પોતાના હૃદયમાં પ્રવેશોત્સવ કરવાને કુમારે પણ નીલ કમલોની માલાના તોરણ જેવી દૃષ્ટિ, ભાવ સહિત તેને આપી. મહત્ પ્રયત્ને કુમારના દૃષ્ટિમાર્ગનું ઉલ્લંઘન કરી તેને આધીન હૃદયવાળી ત્રણે સખીઓ દેવળના અંતઃભાગમાં પહોંચી તે સમયે વિરહના ભયથી રાજપુત્રીએ એકાંતમાં પોતાની સખીઓને આનંદ પૂર્વક કહ્યું-"બાળપણાથી આરંભીને પ્રગુણ પ્રેમગુણના બંધનથી બંધાયેલું આપણું મન કોઇ સમયે પણ ભિન્ન થયું નથી. પરંતુ હવે ભિન્ન ભિન્ન જ્ઞાતિના આપણા પિતા ભિન્ન ભિન્ન જાતિવાળા પતિ સાથે આપણું પાણિગ્રહણ કરાવશે ત્યારે આવી રીતે અરસ્પરસના સ્નેહથી આપણે અન્યોઅન્ય કેવી રીતે ભેટી શકશું? માટે જો તમારા હૃદયમાં અવિયોગની ધારણા હોય તો, નેત્રને અમૃતના સિંચનરૂપ આ કુમાર એક આપણો પ્રિયપતિ થાઓ! તેથી આજ રાત્રિએ સમસ્ત લોકોની [1]અસમક્ષ આવીને વિયોગ થવાનાં ભયથી આપણે આનું પાણિગ્રહણ કરીએ." એ પ્રમાણે કહી સખીઓના પ્રતિઉત્તરને માટે આકુળ હૃદયવાળી સૌભાગ્યમંજરી મૌન રહી એટલે પ્રિયંવદા બોલી-'બ્હેન! આપણા પ્રિયસખીપણાના શ્રેયના સપથ[2] ખાઇને કહું છું કે તેં કહ્યું તેમજ મારા મનમાં હતું.' એવીજ રીતે સુતારાના મુખમાંથી પણ શબ્દો નીકળ્યા તે જાણે તેના વદનરૂપી ગુફામાંથી પ્રિયંવદાના બોલવાનો પ્રતિશબ્દ[3] નીકળ્યો હોય તેવા જણાવા લાગ્યા. એ પ્રમાણે

૧ પ્રચ્છન્ન. ૨ સોગન, સમ. ૩ પડછંદો, પડઘો.

પરસ્પર વાર્તારૂપી અમૃતવડે વ્યાપ્ત થયેલી તે ત્રણે સખીઓ પોતાંના નિર્મળ મનથી કામદેવની પૂજા કરવા લાગી. પૂજા કરી રહ્યા પછી બહાર આવી કામદેવની સ્તુતિના મિષથી કુમારને ઉદ્દેશીને તે સુકુમાર સ્ત્રીઓ મધુર વાણીથી બોલી- 'હે નાથ! અમારૂં મન જેમ તમારે વિષે સ્થિર છે તેમ તમારે અહર્નિશ આ મંદિરમાં સ્થિર રહેવું.' આવી તેઓની બોલવાની યુક્તિથી વિચક્ષણ કુમાર પોતાને આજે રાત્રિએ આ પ્રાસાદમાંજ રહેવાનું આ કન્યાઓ કહે છે એમ સમજ્યો.

પછી મદનવિડંબનાથી પરવશ થયેલી તે કુમારીઓ, પોતાના હૃદયને વિષે પ્રદિપ્ત કામાગ્નિથી પકવ થયેલા રાગ રસવડે ચિત્રની જેમ કુમારને ચિત્તરૂપી ફલકમાં[1] ચીતરી, કામદેવની અર્ચાને વિષે કરેલી ચારૂતા અને દીપની શોભા જોવાના મિષથી વારંવાર પોતાના નેત્રોને પાછળ નાંખતી ચાલી ગઈ. તે સમયથી અધિક ઉજવળતાને ધારણ કરનારા હાર, માર[2] અને કુમાર તેના હૃદયમાં રહીને બાળવા લાગ્યા. કુમાર પણ અનંગના અનુલ્લંઘનીય શાસનને તાબે થઇ દુર્નિવાર્ય મોહાવસ્થાને અનુભવતો ચીરકાળ પર્યંત ત્યાંજ બેસી રહ્યો. પછી આ મનોહર પુરૂષ કામદેવનો કોઇ ભક્ત છે એમ જાણી દેવપૂજિકાએ આવીને તેને કામદેવની પ્રસાદીના મોદક આપ્યા. કુમાર પણ ચાર દિવસની ક્ષુધાને તે મોદકથી તૃપ્તિ પમાડી કામદેવની પ્રસાદીના બાકી રહેલા

૧ પાટીઆમાં. ૨ કામદેવ.

તાંબૂલ, પુષ્પ અને ચંદનના વિલેપનને ધારણ કરી સાક્ષાત્ મન્મથ હોય તેવો શોભવા લાગ્યો. પછી કુમાર અને તે સુંદરીઓના દૃષ્ટિપ્રભામંડળથી જાણે ન્યૂન થયો હોય તેવો સૂર્ય પશ્ચિમગિરિના તટ ઉપર ગયો; તે જાણે તેઓના હૃદયને વિષે પ્રગટ થયેલા ઉત્કટ કામતાપથી પરાભવ પામી લજ્જાથી દૂર ગયો હોય તેમ જણાતો હતો. પછી સંધ્યાના [1]અભ્રસમૂહના મિષથી આકાશ સુધી પહોંચેલો તેઓનો રાગરૂપી સમુદ્ર રાત્રિના આરંભમાં વૃદ્ધિ પામવા લાગ્યો; અને તેઓના શરીરને વિષે જ્વલાયમાન અનંગ રૂપી દાવાનળમાંથી ઉત્પન્ન થયેલા ઘણા ધૂમ્ર હોય તેવા અંધકારસમૂહથી આકાશ પૂરાઈ ગયું.

પછી જ્યારે પૌરજનોની ઇંદ્રિયવૃત્તિ નિદ્રામાં લીન થઇ તેવે અર્ધરાત્રિસમયે એ ત્રણ સખીઓ પોતાના આભરણોને શબ્દ રહિત કરી પાણિગ્રહણના ઉપકરણો સાથે લઇ કામદેવના મંદિર તરફ ચાલી. ત્યાં તેઓ કે જેમના હૃદયો 'તે સ્ત્રીઓ અહીં આવશે કે નહીં' 'તે કુમાર ત્યાં હશે કે નહિ'' એમ પરસ્પર ચિંતાથી આકુળ થયા હતા તે હર્ષ સાથે મળ્યા. પછી તેઓએ આનંદથી ત્યાં અગ્નિ જ્વલાયમાન કર્યો, તે જાણે અગ્નિના મિષે પોતાના હૃદયમાંથી વિરહને બહાર કાઢ્યો હોય તેવો જણાતો હતો. સંસારસમુદ્રના ફીણના જથ્થા જેવી કાંતિને ધારણ કરનાર બન્ને વસ્ત્રોને પ્રેમના ઉત્કર્ષ સાથે ધારણ કર્યા. કંદર્પલતાના ફળ જેવા સુંદર [2]મદનફળો તેઓએ હર્ષ સહિત પોતાના હસ્તો

[1] વાદળાં. [2] મીંઢોળ.

ઉપર બાંધ્યા: અને પછી વિયોગરૂપી સમુદ્રમાં ડૂબતી અને એ પ્રમાણે પાણિગ્રહણના સાધનવાળી તે ત્રણ કન્યાઓનું રાજપુત્રે ઉત્સાહ સહિત પાણિગ્રહણ કર્યું. પછી જીવ્હારૂપી અમૃતવલ્લીના પુષ્પરૂપ, સુંદર વર્ણોવાળી અને માધુર્યને છોડનારી કથાઓ પરસ્પર તેઓના કર્ણને આભૂષણરૂપ થઇ. જ્યારે રાત્રિ પ્રભાતમિશ્ર થવા લાગી ત્યારે તે સ્ત્રીઓ કુમાર પાસેથી રજા લઇ પોતપોતાના સ્થાન પ્રત્યે જઇ પોયણીઓની પેઠે શયન કરી ગઇ. પુન: સૂર્ય ઉદય પામશે એવા ભયથી કમલસમૂહમાંથી પલાયન થયેલી નિદ્રાએ કુમારના નેત્રકમળમાં વિશ્રામ કર્યો.

પછી જ્યારે દૃષ્ટિગત થઇને નાશ પામેલી સંધ્યાના દૃષ્ટાંતથી પોતાના દેહને નાશવંત માની બુદ્ધિવંત પુરૂષો ધર્મધ્યાન કરવા લાગ્યા; જ્યારે પોયણામાં ક્ષણવારમાં ક્ષીણ થઇ ગયેલી શોભાને જોઇ લક્ષ્મીની ચપળતા જાણી હૃદયમાં સંતોષ ધારણ કરી વિદ્વાન્ પુરૂષો દાન કરવા લાગ્યા; 'જેનો સંયોગ થાય તેનો અંતે વિયોગ છેજ' એવું દૃઢ ઠસાવનારા ચક્રવાક પક્ષીઓને જોઇ સાધુ પુરૂષો જ્યારે ધર્મદેશના આપવા લાગ્યા; સુપ્ત[1] મનુષ્યને પણ મારી પેઠે સમય આવે ત્યારે લક્ષ્મી સ્વયમેવ પ્રાપ્ત થાય છે માટે લક્ષ્મીને અર્થે ક્લેશ કરવો નહિ એમ ભ્રમરાઓના શબ્દથી કમળ કહેતા હોય એવું જ્યારે જણાવા લાગ્યું; પોતાના ચરણન્યાસથી[2] પૃથ્વીને પવિત્ર કરી તીર્થંકર જેમ વિશ્વના દુષ્કૃત્યનું આકર્ષણ.

૧ સુતેલા. ૨ પાદસ્થાપન.

કરે છે તેમ સૂર્યે જ્યારે જગત્‌ના અંધકારનું આકર્ષણ કર્યું; જ્ઞાન એજ સર્વ સિદ્ધિનું મૂળ છે એમ જાણી જ્ઞાનાર્થી પુરૂષો જ્યારે અભ્યાસ કરવામાં રક્ત થયા; એવો જ્યારે પ્રભાતસમય થયો ત્યારે ભય પામેલા કંચુકીએ[1] આવીને નૃપતિને નિવેદન કર્યું કે 'સૌભાગ્યમંજરી હજુ સુધી આજ નિદ્રાવશ છે અને તે વિવાહના ચિન્હોએ યુક્ત છે.' તેજ સમયે મંત્રીએ અને શ્રેષ્ઠીએ પણ આવીને 'આજ રાત્રિએ અદૃશ્યપણે કોઇએ આવી અમારી કન્યાને પરણી લીધી' એમ ભૂપતિને વિજ્ઞપ્તિ કરી. એવું સાંભળી રાજા વિચારમાં પડ્યો અને અહીં આવી, આવી નિવિડ વિડંબના કોણે કરી એવા કોપથી આકુળ થયો. તેવામાં કોઇ પુરૂષે આવી જાણ કર્યું કે 'આજે કામદેવના મંદિરમાં અનુપમ કાંતિવાળો અને પાણિગ્રહણના વેષવાળો કોઇ પ્રવાસી પુરૂષ સુતેલો છે.' તરતજ ક્રોધાકુળ રાજાએ કોટવાળને બોલાવીને હુકમ કર્યો કે 'અપરાધના સમુદ્રરૂપ તે પુરૂષને અત્રે જલદી બાંધી લાવો.'

રાજાની આજ્ઞાથી કોટવાળ સત્વર ત્યાં ગયો અને તે તેજસ્વી અને બળવાન્ કુમારને જોઇ ભય પામી પાછો આવી રાજાને વિજ્ઞપ્તિ કરી કે-'સ્વામિન્ ! એ કોઇ ઉત્તમ પુરૂષ જણાય છે. વિસ્તારવાળી દૃષ્ટિથી ત્રણ જગત્‌ને તેણે તૃણ-વત્ કરેલું છે. દ્વાદશાર્ક[2] જેવી તેની કાંતિ છે. તેનું રૂપ એવું નિરૂપમ છે કે તે રૂપને જોઇ દેવતાઓનું મન પણ સ્રીપણાની ઇચ્છા કરે છે. એવી તેની કાંતિ, એવો દૃષ્ટિનો

૧ પ્રતિહારી. ૨ બાર સૂર્ય.

ઉલ્લાસ અને એવી સુંદર આકૃતિથી ઇંદ્રના મનને પણ માન્ય થઇ પડે એવો તે પુરૂષ છે; તેથી હું ધારૂં છું કે એ કોઇ સામાન્ય માણસ નથી. તે એકાકી છે અને હું ઉત્કટ પાય-દળવાળો છું તોપણ તૃણનો સમૂહ જેમ અગ્નિકણને પકડી શકે નહીં તેમ તેને પકડવા હું સમર્થ નથી.'

એવી તેની ઉક્તિથી અત્યંત અમર્ષને[1] ધારણ કરનાર તે નૃપતિએ, તેને પકડવા માટે તત્કાળ ઘણા વીર પુરૂષોની સેના સંયુક્ત સેનાપતિને મોકલ્યો. પાયદળ, રથ અને ઘો-ડાની સેનાવડે ચક્રધારાની જેમ ચોતરફ વીંટાયેલો તે સેના-પતિ હસ્તમાં ખડ્ગ ધારણ કરી વીર રસ સહિત જેમ મોટો દુર્ગ[2] જીતવા જતો હોય તેમ ચાલ્યો. ઘણા માણસોએ આગા-ઉથી જઇને કહ્યું કે 'રાજાએ તમને પકડવા આ મોટું સૈન્ય મોકલ્યું છે.' તોપણ [3]નરોત્તંસ એવા તે કુમારનું એક રોમ પણ કંપાયમાન થયું નહિ. પછી દર્પને ધારણ કરનારા સે-નાના શૂરવીર પુરૂષોએ ક્રૂર કર્મોથી આત્મા જેમ અવેષ્ટિત થાય તેમ કામદેવના મંદિરને વીંટી લીધું. ઊંચા નીચા મ-સ્તક કરનારા અને ક્રોધથી રક્ત મુખવાળા શૂર પુરૂષોએ કાકીડાઓ જેમ સૂર્યને જુએ તેમ તે કુમારને જોયો. જોઇને એને પકડો પકડો એવી કોપાગ્નિની જ્વાળા સમાન વા-ગ્માળા[4] સેનાનીએ કહી. તે સાંભળી કલ્પાંત કાળના પવન જેવા વેગવાળો શૂરવીરોનો સમૂહ દોડ્યો; પરંતુ મેરૂ પર્વત સદૃશ તે કુમાર ભરૂચ નગરના ચોટામાં ઘણા વીર પુરૂષોના

૧ ગર્વ ૨ કિલ્લો. ૩ ઉત્તમ મનુષ્ય. ૪ વચનશ્રેણી.

શસ્ત્ર પડતાં છતાં પણ નહિ ક્ષોભ પામનાર શ્રીપાળ કુંવરની જેમ લેશ માત્ર પણ ક્ષોભ પામ્યો નહિ. સંપત્તિ સમયે અથવા વિપત્તિ સમયે ધીર પુરૂષોનું મન એક સરખું રહે છે. વિપત્તિ આવવાથી તેઓના મનમાં લેશ માત્ર કષ્ટ જણાતું નથી. તેમ સ્થાનનો ત્યાગ, પ્રિયાનો રાગ અને ભયની પ્રાપ્તિ થઈ હોપણ તે અમૂલ્ય શ્લોકનું સ્મરણ કરનાર કુમારનું મન જરાપણ ખેદ પામ્યું નહિ. એવામાં ક્રોધથી ગર્વ પામેલા દૈન્ય રહિત જે સુભટો કુમારને પકડવાને અને બાંધવાને દોડ્યા હતા તે સર્વે અંધ થઇ ગયા. તેથી પોતાના હસ્તાગ્રને પણ નહિ જોઇ શકનારા તેઓ અંધ દૃષ્ટિને લીધે પરસ્પર અથડાવાથી પડવા લાગ્યા. તત્કાળ વિસંસ્થુળ[1] થયેલા અને ચોતરફ ગતિ કરનારા તેઓ સન્મુખ ઉભેલા પોતાના માણસોની સાથે શત્રુની ધારણાથી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. કેટલાએક અંધપણાથી કામદેવના મંદિર માંહેના કોઇ પાષાણના પુરૂષને કુમારની ભ્રાંતિથી 'અરે ગુપ્ત રીતે આ કન્યાઓને તું કેમ પરણી ગયો?' એમ ઉદ્ધત વચનો કહી મારવા લાગ્યા. કેટલાએક અંધવીરો મંદિરમાં લટકતા ચામરને હસ્ત સ્પર્શ કરી કુમારના કેશ હશે એવું ધારી દુર્વાક્યો બોલતા તેનો છેદ કરવા લાગ્યા. કેટલાએક કોપ કરી [2]કામાલયમાં રહેલા પાષાણહસ્તિના કરને[3] કુમારના કરના ભ્રમથી દંતથી હોઠ પીસી ખેંચવા લાગ્યા. એમ અનેક પ્રકારના

૧ અસ્તાવ્યસ્ત. ૨ કામદેવનું મંદિર ૩ સુંઢ.

ઉત્કટ સંગ્રામના કૌતુકથી તે અંધવીરો કુમારને નયનોત્સવ કરાવવા લાગ્યા. એ પ્રમાણેના સૈન્ય સંબંધી વૃત્તાંત ભૂપતિએ શ્રવણ કર્યો એટલે મંત્રીને બોલાવીને કહ્યું કે 'તે પુરૂષ કોઇ અસાધારણ મનુષ્ય છે, માટે તમે જઇ તેનું સન્માન કરી અત્રે લાવો.'

રાજાની એવી આજ્ઞા થવાથી તરતજ મંત્રી વેગવાળા રાજઅશ્વ ઉપર આરૂઢ થઇ ત્યાં આવ્યો અને સેનાને કહ્યું કે 'આ વીર પુરૂષ સાથે તમારે યુદ્ધ ન કરવું.' એવી મંત્રીની વાણીથી સેનાના લોકો શાંત મનવાળા થયા કે તરતજ તેઓના નેત્રો પણ હતા તેવા સુંદર થઇ ગયા. પરસ્પર પોતાનાજ માણસો સાથે યુદ્ધ કરતા હતા એવું જાણી તેઓ લજ્જા પામ્યા પછી મંત્રી અશ્વ છોડી કામમંદિરમાં પ્રવેશ કરી કુમાર સમીપે જઇ વિનય પૂર્વક આ પ્રમાણે વાણી બોલ્યો 'હે વીર ચુડામણિ ! હે ગંભીર ગુણનીધિ ! તમારા મુખરૂપી ચંદ્રમાં ભૂપતિના નેત્ર ચકોરપણાને થવા ઇચ્છે છે.' મંત્રીની એવી વાણીનો ઉત્તર કુમારે ભૂપતિ સમીપે જવાને માટે ઉત્થાન[1] રૂપ આપ્યો. પછી મંત્રીની આજ્ઞાથી કુમાર શ્રેષ્ઠ રથમાં બેસી ભૂપતિના મંદિરમાં આવ્યો. સભાના અંતર ભાગને વિષે બળવાન કિરણોવડે શોભતા કુમારને આવતો જોઇ અન્ય સ્થળે તેની ઉપમા નહિ જોવાથી રાજા વિચાર કરવા લાગ્યો કે 'અહો ! આ સુંદર કાંતિમાન્ વીર પુરૂષનું એકવાર દર્શન કરનાર મનુષ્ય પણ ધન્ય અને સ-

૧ ઉભું થવું.

ત્પુરૂષોને માન્ય છે તો જેનો એ બંધુ હશે તેઓને માટે તો શું કહેવું ? કામદેવના મિત્રરૂપ પોતાના હૃદયવડે આ કુમાર જે સ્ત્રીઓની સાથે પ્રેમ કરવાને ધારે છે તે સ્ત્રીઓનું જન્મ સફળ છે અને અનિવૃત્તિ તેઓનાથી દૂર રહે છે. ’ એવી રીતના ધ્યાનરૂપ અમૃતપાનના રસમાં રક્ત મનવાળા તે ભૂપતિની સમીપે આવી કુમારે પૃથ્વી ઉપર મુગટ નમાવી નમસ્કાર કર્યો. તે સમયે અત્યંત પ્રીતિને ધારણ કરનાર તે રાજા આસન ઉપરથી ઉઠી દૂરથી બંને હાથ પહોળા કરી બોલ્યો ‘ભો સુગુણ પુષ્પમાળાના ધારણ કરનાર ! ઉત્સુક થઇ મારા અંગોનું આલિંગન કર; જેથી એ અંગો તારા સ્પર્શરૂપી અમૃતપાન કરી રસનેંદ્રિયને હસી કાઢે. ’ એમ કહી બંને હાથથી આલિંગન કરી ગુણોના સંકેત સ્થાનરૂપ તે કુમારને રાજાએ પોતાના ઉત્સંગમાં બેસાર્યો અને પૂછયું કે ‘ હે વીરશ્રેષ્ઠ ! સ્ફટિક જેવા ઉજ્વળ ગુણોથી કયા વંશને તમે સર્વ વંશોને વિષે આભૂષણરૂપ કર્યો છે ? તમારા પોતાના અભિધાનરૂપી અમૃતથી છંટાયેલા કયા અક્ષરોથી તમે સંસારદુઃખથી તપ્ત થયેલા સજ્જનોના મનને સિંચન કરો છો ? અમારી પૃથ્વીના અપૂર્વ ભાગ્યોદયથી આકર્ષણ થઇ તમારા વિયોગવડે કયા દેશને તમે દુઃખી કર્યો છે ? તમારા આવા વેષથી પાણિગ્રહણનો ઉત્સવ સંભવિત થાય છે તો એવા ઉત્સવવડે તમે કઇ કન્યાનું જીવિતવ્ય, જન્મ અને શરીર સફળ કર્યું છે ? તમે દૃષ્ટિને પ્રિયકારી છતાં, પ્રકાશમાન સૂર્યના ઉગવાથી ઉલૂક પક્ષીનો સમૂહ અંધ થઇ જાય

તેમ તમારી પાસે આવતાં મારી સેનાના લોકો અંધ કેમ થઇ ગયા ?' એ પ્રમાણે નૃપતિએ પૂછયું એટલે કુમારે પોતાનું યથાસ્થિત ચરિત્ર કહી બતાવ્યું અને પ્રાંતે કહ્યું કે 'તમારી સેનાના લોકો અંધ થઇ ગયા તેનું કારણ હું જાણુતો નથી'. પછી ભૂપતિ, મંત્રી અને શ્રેષ્ઠીએ પોતાની પુત્રીઓનો પાણિગ્રહણમહોત્સવ હર્ષ સાથે કર્યો. તે સમયે શ્લોક અર્પણ કરવાથી બંધુ સમાન પ્રીતિવંત સુબંધુએ રતિસાર કુમારનું આગમન પોતાના નગરમાં સાંભળી ત્યાં આવી આનંદમાં વૃદ્ધિ કરી. ઉત્સવ પૂર્ણ થયા પછી સુબંધુએ પૃથ્વીપતિને જણાવ્યું કે 'મારી પાસે હાલ જે દ્રવ્ય છે તે આ કુમારના પ્રસાદથીજ છે.' એવું સાંભળી રાજા વધારે હર્ષ પામ્યો.

પછી મહીપતિ કુમારની સાથે પ્રીતિવાર્ત્તા કરે છે તેવામાં અપરાન્હ કાળે વનપાળકે આવી વિનંતિ કરી કે 'સ્વામિન્! આજે ધર્મના કારણરૂપ કોઇ ચારણમુનિએ આકાશમાંથી ઉતરી આપણા ઉદ્યાનમાં હાલ કાયોત્સર્ગ આદર્યો છે.' એ સમાચાર શ્રવણ કરી રાજાએ વનપાળકનો સારી રીતે સત્કાર કર્યો. પછી ઉત્કંઠા સહિત પોતે કુમારને સાથે લઇ મુનિને વંદન કરવા ચાલ્યો. ઉદ્યાનમાં જઇ મુનીશ્વરને નમસ્કાર કરી ત્યાં બેઠા. ત્રણ જ્ઞાનમય તે મુનિએ પણ નમસ્કાર કરનારા તે રાજા વિગેરેને ભવ્યજીવ જાણી કાયોત્સર્ગની ક્રિયાનો ત્યાગ કરી સંસારરૂપી અરણ્યના તાપની શાંતિ કરવાને યોગ્ય અને મુક્તિ નગરના દ્વારરૂપ સુધા સમાન દેશના આપી. દેશનાંતે રાજપુત્રે નમસ્કાર કરી સુબંધુના

અને પોતાના કર્મના વિચિત્રપણાના કારણરૂપ પૂર્વ ભવ સંબંધી વૃત્તાંત પૂછ્યો. મુનીશ્વરે દંતના કિરણના મિષથી જેના અંતભાગ ચલાયમાન થઈ રહ્યા છે એવી ભારતીને હિંડોળાની જેમ જીવ્હા ઉપર બેસારી અને નીચે પ્રમાણે બોલ્યા-

"પૂર્વે પૃથ્વીને વિષે તિલક સમાન હસ્તિપુર નામે નગર હતું. તે નગરના લોકો કીર્તિરૂપી જળમાં સ્નાન કરી લક્ષ્મીને સેવતા હતા. તે નગરને વિષે શત્રુઓને ત્રાસ પમાડનાર સુમિત્ર નામે રાજા હતો; જે રાજાની પ્રતાપવલ્લીએ સૂર્યને પોતાનાં પુષ્પરૂપ કરેલ હતો. એ રાજાને કળા અને ગુણના સંકેતરૂપ અને વિશ્વના આભૂષણ રૂપ વિશ્વસેન નામે પુત્ર હતો. ગર્વથી આવતા સર્પોને પણ તે અદુષ્ટ દૃષ્ટિએ જોતો હતો એવો તો એ કૃપાળુ હતો. દયારૂપી હસ્તિનીના વિંધ્યાચળ સમાન તે કુમારે અન્યાયવલ્લીના અંકુરરૂપ તસ્કરો ઉપર પણ કોઇ સમયે વધબુદ્ધિ ધારણ કરી નહતી. અપરાધ કરનાર અને ક્રોધી એવા શત્રુઓ ઉપર પણ એ વિશ્વવત્સલ રાજપુત્રે કદાપિ દ્વેષ કર્યો નહતો. એ કુમારને કલાસાર, શૂર, વીર અને જય એ નામના ચાર મિત્રો મંત્રી, ક્ષત્રી, વૈશ્ય અને વૈદ્યના પુત્રો હતા. ચાર પ્રકારના ધર્મો સાથે જેમ બુદ્ધિમાન્ પુરૂષનો આત્મા ખેલે તેમ ઉદ્યમવંત તે કુમાર ચાર મિત્રો સાથે ખેલતો હતો. એક સમયે તે કૃપાશીલ કુમાર ક્રીડા કરવાને લીલોદ્યાનમાં જતો હતો તેવામાં તેણે ચંડાળો સાથે શૂલીના મૂળ પાસે ઉભેલો કોઇ પુરૂષ જોયો. 'આ પુરૂષે શો અપરાધ કર્યો છે જેથી તે આ

દશાને પામ્યો ?' એમ તેણે પૂછયું એટલે ચંડાળપતિ બોલ્યો–
'એણે તમારી માતાના સૂર્ય જેવા રત્નોના આભૂષણોની
પેટી ચોરી છે તેથી રાજાએ તેને શૂલી ઉપર ચડાવવાની
આજ્ઞા કરી છે.' કુમારે કહ્યું-'એ પુરૂષ મારી માતાના આ-
ભૂષણોને ચોરનાર છે માટે તેને મારે સ્વેચ્છાથી મારવો જો-
ઇએ.' એમ કહી ચંડાળો પાસેથી તે પુરૂષને પોતે ગ્રહણ
કર્યો. પછી તે પુરૂષને આ પ્રમાણે શિક્ષા આપી 'અન્યાયથી
ગ્રહણ કરેલી લક્ષ્મી સર્પના મણિની પેઠે મોહથી મત્ત થ-
યેલા મનુષ્યોને નિ:સંશય મૃત્યુ આપે છે; માટે લક્ષ્મીના
આકર્ષણ મંત્રરૂપ, આપત્તિના પિધાનયંત્રરૂપ અને ધર્મના
જીવિતરૂપ ન્યાયમાં હમેશાં મતિ જોડવી.' એ પ્રમાણે શિક્ષા-
દાન આપી તે ચોરને ઉત્તમ વસ્ત્રોથી સંતુષ્ટ કરી છોડી મૂકયો.

અન્યદા કુમાર રાજા સમીપે જતો હતો તેવામાં રાજ-
ગૃહના આંગણામાં એકત્ર થયેલ પ્રજાસમૂહ દૃષ્ટિગત થયો.
'અહીં શું છે?' એમ કુમારે પ્રશ્ન કર્યો એટલે ભકિતકળાને
વિષે દક્ષ કોટવાળે હસ્ત જોડી કહ્યું:–'રાજપુત્ર ! તામ્રલિપ્તી
નગરીનો વિક્રમસેન નામે આ રાજા છે. કપટનો ઘર રૂપ
તે રાજા વેગવાળી સેના સહિત આવીને બાજ પક્ષી જેમ
પક્ષીઓનો નાશ કરે તેમ આપણા દેશનો નાશ કરે છે;
તેમજ નગરને વિષે ગુપ્ત પુરૂષો મોકલી જયલક્ષ્મીના લીલા
પર્વત સમાન આપણા હસ્તિઓને વિષરસ આપી મૃત્યુ પ-
માડે છે. હે કુમાર ! એના જેવો જગતમાં આપણો કોઇ ઉ-
ત્કૃષ્ટ શત્રુ નથી. વિરસેન નામના આપણા સેનાપતિએ છ-

ળથી ધાડ પાડી એ રાજાને અત્રે પકડી આણ્યો છે. હમણા અપરાધોના સમુદ્રરૂપ તે રાજાને મારી નાખવાની નરપતિએ અમને આજ્ઞા કરી છે.' એ પ્રમાણે સાંભળી ક્રોધયુક્ત દેખાવ કરી ભીષણ ભ્રકુટીને ધારણ કરનારો, કાળકટાક્ષવત્ કૃપાણનું આકર્ષણ કરી તેને નચાવતો અને 'આ કુમાર પોતેજ આ અપરાધીને હણશે' એવા કુતૂહલથી જોવાને માટે ચોતરફ એકત્ર થયેલા લોકોથી જોવાતો તે કુમાર, 'આ મારૂં મૃત્યુ આવ્યું' એવા ભયથી આકુળ ચક્ષુવાળા તે તામ્રલિપ્તી નગરના રાજા સમીપે સત્વર ગયો. જઇને કૃપાથી અશ્રુપૂર્ણ દૃષ્ટિવાળા, પ્રીતિથી રોમાંચિત શરીરવાળા અને અસંબંધ બંધુ સમાન તે કુમારે તેનો ઘાત કરવાને બદલે અસિધારાથી તેના બંધનનો છેદ કરી નાંખ્યો. પછી મનની જેવા વેગવાળા અને મનને આનંદ આપનારા અશ્વો આપી વિશ્વસેન કુમારે મોકલેલો તે રાજા ચાલ્યો ગયો.

તે વૃત્તાંત જાણીને કાંતિ રહિત થયેલ રાજા કોપ કરી સારંગપતિ જેવા નિષ્ઠુર શબ્દોવડે કુમાર પ્રત્યે બોલ્યો-"જે એક માણસનો ઘાત કરવાથી ઘણા પ્રાણીઓને સુખ થાય તે મનુષ્ય અતિશય કૃપાની ઇચ્છાવાળા અને શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યને પણ વધ્ય છે. રે પાતકિ ! આવી તારી કૃપા કૂવામાં પડી ક્ષય કેમ ન પામી કે તેથી તેં એક દુષ્ટ શત્રુને છોડી સમગ્ર દેશનો ઘાત કર્યો. ઘણા સ્વદેશના નાશ કરનાર શત્રુ ઉપર તેં કૃપા કરી તેથી તું પણ મારે શત્રુ સમાનછે, માટે તારે મારી ભૂમિને વિષે ન રહેવું".

ભૂપતિનાં એવાં વચન શ્રવણ કરી હર્ષયુક્ત કુમાર વિદ્વાનોને પણ ચમત્કાર પ્રાપ્ત કરાવનાર વચનથી બોલ્યો- "પિતાજી! શ્વાસ લેતા, હસતા, ચાલતા અને એ વિગેરે બીજી ક્રિયાઓ કરતા કોણ મનુષ્ય હજારો પ્રાણીને નથી હણતો અને તેથી કયા એક પ્રાણીનો વધ ઘણાના સુખને માટે ન થાય? એમ છે તો મતિપૃષ્ટ પુરૂષોએ ઘણા પ્રાણીઓના સુખને માટે કોને હણવો અને કૃપાવંત પુરૂષોએ કોને વિષે કૃપા કરવી? હે નાથ! મારો તો એવો મત છે કે દુ:ખ પ્રાપ્ત થયેલા ગમે તે પ્રાણીનું મિત્ર અમિત્રનો વિચાર કર્યા શિવાય રક્ષણ કરવું. જેઓ શત્રુને સહન કરે છે તે મોક્ષ માર્ગે જાય છે તો જેઓ શત્રુ ઉપર ઉપકાર કરે છે તેની ગતિને માટે તો શું કહેવું! માટે હે તાત! તમે દ્વેષનો ત્યાગ કરી વિચાર કરો કે તેમાં મારો શું અવિવેક છે? હું તમારા ચરણકમળમાં ભ્રમરરૂપ છું છતાં મને શત્રુપક્ષમાં કેમ ગણો છો? આપે આજ્ઞા કરી કે 'મારી ભૂમિને વિષે ન રહેવું' તો તે આજ્ઞા હું કબુલ કરૂં છું, કારણ કે પિતાની આજ્ઞાને ભેદનારા પુત્રો મહાપાતકી છે."

એ પ્રમાણે બોલી દૂર દેશમાં જવાની બુદ્ધિવાળો મહાવીર્યવંત અને પુરૂષોને વિષે આભૂષણ રૂપ તે કુમાર, વર્ષાઋતુમાં કમલવનથી હંસ જેમ પ્રયાણ કરે તેમ પ્રયાણને માટે તત્પર થયો. દેશત્યાગ કરવાને તત્પર થયેલ કુમારને જોઇ નાગરિકો આક્રંદ કરવા લાગ્યા. કૃપાનો પરમપ્રાણ, પરત્રાણમાં બંધાયેલી બુદ્ધિવાળો અને આપણો હૃદયાધાર

કુમાર ક્યાં જાય છે? શત્રુઓથી પરાભવ પામેલા આપણને માતા પિતાની જેમ રક્ષણ કરનારો અને જગત્‌નો જીવિત રૂપ તે કુમાર ક્યાં જાય છે? સર્વ જગત્‌ને જે પોતાના કુંટુંબ સમાન ધારે છે, જેના પવિત્ર અને ઉદાર ચરિત્રો છે. એવો આ કુમાર ક્યાં જાય છે? જીવિતવ્યવડે જેમ શરીર શોભે તેમ જેના વડે આ નગર શોભે છે તે કુમાર સર્વનો પરિહાર કરીને ક્યાં જાય છે? એ પ્રમાણે આક્રંદ કરનારા, મંદ દૃષ્ટિવાળા અને ચેતન રહિત નગરના લોકોએ જેનો સંચાર જોયેલો છે એવો તે કુમાર નગરમાંથી બહાર નીકળ્યો. ગુણોને મંદિર રૂપ અને જીવિતમય તે વીર પુરૂષ નગરમાંથી નીકળ્યો એટલે નગરના લોકો અશ્રુવડે જાણે અપસ્નાન કરતા હોય તેમ જણાવા લાગ્યું. કેટલાએક પૌરજનો તેની પાછળ જવાનો વિચાર કરતા, પણ નૃપતિના ભયથી જઇ શક્યા નહીં. પરંતુ સત્વવંત તેના ચાર મિત્રો તો તેની સાથેજ ચાલ્યા. પૃથ્વીના જે જે ભાગમાં તે કુમાર ગયો તે તે ભાગ સૂર્યના આગમનથી જેમ શોભા પામે તેમ શોભવા લાગ્યો, અને પૃથ્વીના જે ભાગનો તેણે ત્યાગ કર્યો તે શોભા રહિત થયો.

એ પ્રમાણે ઘણા દેશ અને વનનું ઉલ્લંઘન કરીને પાંચમે દિવસે તેઓ કોઇ નગર સમીપે પહોંચ્યા, અને ત્યાં રહેલા કોઇ સરોવરના તીર ઉપર વિશ્રામ લેવાને બેઠા. તે સમયે ક્ષત્રીપુત્ર શૂર અને વણિકપુત્ર વીર એ બંને ત્વરાથી ગામમાં જઇ કાંઈ ભોજય પદાર્થ લઇ આવ્યા, અને મંત્રી-

પુત્ર કલાસારે અને વૈદ્યપુત્ર જયે વિશ્વસેન કુમારને દેવાર્ચન ક્રિયા કરાવી. દેવાર્ચન કરી રહ્યા પછી ભોજનને માટે તૈયાર થઇ રહેલ રાજકુમાર કોઈ અતિથિને માટે દિશાઓમાં દૃષ્ટિ ફેરવવા લાગ્યો, તેવામાં માસોપવાસી એક મુનિ દૃષ્ટિગત થયા. કહ્યું છે કે धन्यानां फलंत्याशू मनोरथाः (ધન્ય પુરૂષોના મનોરથો તત્કાળ ફળીભૂત થાય છે ). મુનિને જોઇ સ્વચ્છંદ ચતુર તે કુમારે પોતાના ચાર મિત્રોને મુનિમહારાજાને પારણા માટે અન્ન આપવાને પૂછયું. તે સમયે વણિક વૈદ્ય અને મંત્રી પુત્રો જેઓ ક્ષુધાથી અંધ હતા તેઓએ મિત્રની દાક્ષિણ્યતાથી માયાભાવે હા કહી; અને ક્ષત્રીપુત્ર શૂરે તો ઉત્સાહથી કહ્યું કે 'એ ભાગ્યશાળી મનુષ્યને તો આવે સમયે પાત્ર પુરૂષના દર્શન પણ થતાં નથી એમ હું માનું છું, માટે જલદી મુનિમહારાજાને અન્ન આપો'. પછી રાજપુત્રે ઉભા થઇને પ્રાર્થના કરેલા તે દક્ષ મુનિ નિર્દોષ આહાર જાણીને લેવાને તત્પર થયા; અને આનંદ રૂપી સમુદ્રના કલ્લોલમાં જેનો દૃષ્ટિમાર્ગ એક જલબિંદુની પેઠે આચરણ કરી રહ્યો છે એવો તે કુમાર અન્ન આપવાને તત્પર થયો. મુનિને અર્ધમાત્ર ભોજન આપ્યું એટલે ક્ષત્રીપુત્ર શૂર આકૂત સહિત બોલ્યો-' હે કુમાર ! ક્ષુધાવંત પુરૂષો ઉપર તમારા જેવો કોઇ દયાળુ નથી'. તેના અભિપ્રાયને જાણનાર મુનિમહારાજાએ વારંવાર નિષેધ કર્યો તોપણ વિશ્વસેન કુમારે હર્ષથી એક પુરૂષનો આહાર થાય તેટલું અન્ન આપ્યું. આહાર ગ્રહણ કરી મુનિ પાછા વળ્યા એટલે કુમારે તેમની

પીઠ ઉપર દકુરોગનું મંડળ જોયું. મુનિનો એ રોગ જોઇ તેની ઉપશાંતિને માટે વિચાર થયો અને તે ઉપરથી મુનિને તેટલામાંજ રહેવા પ્રાર્થના કરી. પછી સર્વ મિત્રોએ સાથે ભોજન કર્યું. ભોજનાંતે રાજકુમારે વૈદ્યપુત્રને મુનિનો રોગ શાંત કરવા ઉત્સાહી કર્યો અને પછી સર્વેને તે સંબંધી કહી ઉત્સુક કર્યા. રાજપુત્ર વિશ્વસેન અને કલાસાર મુનિની શુશ્રુષા કરવા લાગ્યા; શૂર અને વીર વનમાં જઇ એાૈષધી લાવ્યા; અને જયે એ સર્વ એાૈષધી સજ્જ કરી મુનિને શરીરે લગાડી. એમ કરતાં અનુક્રમે તે રોગ શાંત થયો અને સંતોષ પામી મુનિ વનમાં વિહાર કરી ગયા, એટલે તે પાંચ મિત્રો પણ ત્યાંથી ચાલ્યા.

પછી જ્યારે સૂર્યાસ્તનો સમય થયો ત્યારે તેઓ એક વન મધ્યે પહોંચ્યા. રાત્રિ પડવાથી તે સ્થળેજ તેઓએ મુકામ કરવાનો નિર્ણય કર્યો. ચાર મિત્રોએ વારા ફરતી એક એક પ્રહર જાગૃત રહી પહેરો ભરવા કબુલ કર્યું; અને રાજપુત્ર સર્વની મધ્યે સુઇ ગયો. એમ રાત્રિ વ્યતીત કરતાં ત્રીજે પ્રહરે જયનો વારો આવ્યો. પ્રમાદથી પહેરો મૂકી તે પણ નિદ્રાવશ થયો. તેવામાં દૈવયોગે તે વનમાં દાવાનળ ઉત્પન્ન થયો. તે સમયે પ્રમાદમાં સુતેલો તત્વજ્ઞાની પુરૂષ જેમ લોકના શોકમય શબ્દોથી જાગૃત થાય તેમ દાવાનળથી બળતા વેણુના કડકડાટ શબ્દોથી કુમાર જાગી ઉઠ્યો. જાગૃત થઇને દૃષ્ટિ કરે છે તો જાણે ઘણા યોજનવાળું તે વન ભોજન તરીકે પામી દાવાનળની શિખાઓની પંક્તિ નાચ

ફરતી હોય તેવું જણાયું. સર્વ મિત્રોને તત્કાળ ઉઠાડી ત્યાં-થી નાસવાનો વિચાર કરે છે તેવામાં દાવાનળે દ્વારરહિત કિલ્લાની જેવો દેખાવ કર્યો. કુમાર દાવાનળમાંથી નીકળવા-ની ઇચ્છા કરે છે. પરંતુ કોઇ તરફથી નીકળવાનો માર્ગ ન-હિ હોવાથી મિથ્યાદૃષ્ટિ પુરૂષ જેમ સંસારને વિષે ભ્રમિત થઇને ફરે તેમ તેણે ભમવા માંડયું. મોહ જેમ કદાગ્રહથી અભવ્ય મનુષ્યને અંધ કરી નાખે તેમ વિપત્તિરૂપી જ્વા-ળાને વિસ્તારનાર દાવાનળે ધૂમાડાથી કુમારને અંધ કરી દીધો. દ્વીપ સદૃશ રહેલી જમીનના ભાગમાં રહેલા મનુ-ષ્યને જેમ ચોતરફથી વૃદ્ધિ પામતું સરિતાનું જળ સંકટ પ્રાપ્ત કરાવે તેમ અનુક્રમે વૃદ્ધિ પામતો અગ્નિ તેને સંકટપ્રાપ્તિ-માં નાખવા લાગ્યો. તે સમયે પુરૂષાર્થનો ઉદય જેમ શુભા-ત્માની પાછળ જાય તેમ જ્યાં જ્યાં કુમાર જાય ત્યાં ત્યાં તે-ની પાછળ તેના મિત્રો ફરવા લાગ્યા. શરીરની ઉત્કટ વ્ય-થાથી જેમ પાંચ ઇંદ્રિયનો સમૂહ થઇ જાય તેમ દાવાનળના તાપથી પીડિત થયેલા તે પાંચ મિત્રો થઇ ગયા. અનુક્રમે સમીપ આવતો અગ્નિ જ્વાળારૂપી હાથથી કુમારના વસ્ત્ર અને કેશના છેડા ગ્રહણ કરવા લાગ્યો; ત્યારે તેઓએ શ્વાસ લેતા લેતા પોતાના હસ્તની ચપેટાથી અગ્નિને તરછોડવા માંડ્યો. બીજા પ્રદેશો તેઓને અગમ્ય થયા એટલે તેઓ એક પ્રદેશમાં આવી ઉભા રહ્યા; તે સમયે જાણે મનુષ્યના માંસ-નો લોભી હોય તેવો અગ્નિ જ્વાળારૂપી જીહ્વાથી તેઓને ચાટવા લાગ્યો. અગ્નિથી ભય પામેલા તેઓ પોતાના અં-

ગોપાંગ સંકોચવા લાગ્યા. તેથી જાણે અંગોએ અંગમાં પેસવાનો આરંભ કર્યો હોય તેમ જણાવા લાગ્યું. અગ્નિએ દિશાઓનું રૂંધન કરવા સાથે તેઓની જીવિતાશાનું પણ રૂંધન કર્યું. તે સમયે રાજપુત્ર વિશ્વસેન બોલ્યો.-'રે મિત્રો ! સાંપ્રતકાળે પવન મને આકાશમાં ખેંચતો હોય તેવું જણાય છે, માટે તમે સર્વે મારા અંગોનું આલિંગન કરો; કારણ કે મૃત્યુમાં પણ આપણો વિયોગ ન થવો જોઇએ.' એમ કહ્યું એટલે વીર અને જય રાજપુત્રને ચરણકમળે વળગી પડયા, અને હસ્તકમળ ઉપર કલાસાર અને શૂર લગ્ન થયા. એ વખતે જાણે પવનના વંટોળીઆથી હરાઇ ગયા હોય, જાણે દાવાનળની જ્વાળાએ ગ્રહણ કરી છોડી દીધા હોય તેમ તેઓ ચમત્કાર પામી આકાશ તરફ ચાલ્યા. પુરૂષોને વિષે આભૂષણ રૂપ તેઓ, યોગીઓ જેમ સંસારને જુએ તેમ આકાશમાંથી તાપને લીધે વ્યાકુળ થયેલા જંતુઓના સમૂહ જોવા લાગ્યા. ક્ષણમાત્રમાં દાવાનળથી દૂરના વિભાગમાં રહેલા તેઓ જાણે શયન કરી ઉઠ્યા હોય તેમ પોતાના આત્માને વિસ્મય પામી જોવા લાગ્યા. 'આ શું હશે?' એમ વિચાર કરે છે તેવામાં કોઈ દેદીપ્યમાન દેવ પ્રગટ થયેલો દૃષ્ટિગત થયો. તે દેવ પોતાના કમલ સમાન મુખથી હંસ જેવા સુસ્વરે નમૃતાથી બોલ્યો-'હે રાજકુમાર! કરૂણાના ગૌરવથી જે ચોરને આપે મૃત્યુમુક્ત કરાવ્યો હતો તે હું આપની શિક્ષાથી સદ્ધર્મ અંગીકાર કરી આ દશાને પ્રાપ્ત થયો છું. અવધિજ્ઞાનવડે તમને વિપત્તિમાં પડેલા જાણી, જીવિ-

તદાનથી ખરીદ કરેલા જનનો આ સમય છે એમ વિચારી હું આપને સહાય કરવા અત્રે આવ્યો છું.' એમ બોલી રાજપુત્ર અને તેના મિત્રોના શરીર કરસ્પર્શવડે શ્રમ અને તાપ રહિત કર્યાં. આજથી તમને કોઇ સમયે લવમાત્ર દુ:ખ પ્રાપ્ત નહીં થાય એવું આશિર્વચન કહી પોતાના પ્રકાશથી આકાશને પ્રકાશમાન કરનાર તે દેવ અંતર્ધાન થઇ ગયો.

પછી જ્યારે કમલની ભ્રાંતિએ સૂર્યકિરણો ભ્રમરરૂપ થઇ તેઓના મુખ પાસે ગાયન કરતા હોય એવો દેખાવ થઇ રહ્યો છે તેવા અરૂણોદયસમયે રાત્રિના ચરિત્રથી આર્દ્ર ચિત્તવાળા તેઓ વનના અંત ભાગ તરફ ચાલ્યા. ત્યાં પ્રભાતના સૂર્યનું તારૂણ્ય વૃદ્ધિ પામવા લાગ્યું, તેવામાં તેઓએ વનના મધ્ય ભાગમાં આવતું અને આકુળવ્યાકુળ થયેલું એક ડુક્કરનું ટોળું દયાભાવે જોયું. યુદ્ધને અર્થે દોડતો, વારંવાર નાસતા ડુક્કરોની સન્મુખ જોતો અને જાણે કોઇએ ખેદ પમાડેલો હોય એવો ડુક્કરપતિ ત્વરિત ગતિએ તેની પાછળ જતો હતો. તેની પછવાડે હસ્તને વિષે ધનુષ્ય ધારણ કરેલો, મસ્તકે મુગટવાળો અને અશ્વ ઉપર બેઠેલો કોઈ પુરૂષ જોયો. અનુમાનથી સર્વ વૃત્તાંતને જાણનાર કુમારે તે પુરૂષને ઉંચે સ્વરે કહ્યું-' હે મહાભાગ્ય! તમારા અંગલક્ષણોથી તમે કોઈ મહીભાગના અધિપતિ છો એમ સૂચન થાય છે. હે ભૂપતિ! રાજાઓને તૃણ મુખમાં રાખનાર પોતાના શત્રુઓ પણ અવધ્ય છે તો નિરંતર તૃણનુંજ ભક્ષણ કરનાર નિરપરાધી પશુઓનો શા માટે વધ કરો છો? અંગનો પરિ-

સ્કાર નહિ કરનારા, વનમાં રહેનારા અને સદાચારી પશુઓ મુનિઓની જેમ વિવેકી પુરૂષોને અવધ્ય છે; કારણ કે જેઓ આ ભવને વિષે જંતુઓને હણે છે તેઓ પરભવમાં તેઓનાથી હણાય છે; માટે દક્ષ પુરૂષોએ તો વધ્યની પણ રક્ષા કરવી જેથી વેરના પારગામી થવાય. આ આત્મા કઈ યોનિ અને કયા કુળમાં ગયો નથી? અર્થાત્ સર્વ યોનિ અને સર્વ કુળમાં આત્માએ ભ્રમણ કરેલું છે* અને તેથી સર્વે એક બીજાને બંધુ સમાન છે તો પછી કોણ કોને વધ્ય છે? માટે હે રાજન્! ક્ષત્રીધર્મની નંતિના સૌજન્યથી ઉત્પન્ન થયેલ કૃપાવડે તમે સર્વ પશુઓનું રક્ષણ કરો!'

એ પ્રમાણે વચનો સાંભળી હર્ષ પામી તત્કાળ ઘોડા ઉપરથી નીચે ઉતરી કુમારના ચરણકમળમાં લુઠન કરતો તે પુરૂષ બોલ્યો-'રાજકુમાર! હું તમારો કિંકર છું. વળી અનેક જંતુઓનો ઘાત કરી અપરાધી થયો છું; તેથી આપ જે નિરંતર ક્ષમાના ભાજનરૂપ છો તેમની પાસે 'ક્ષમા કરો' એ શબ્દો કહેવાને પણ લાયક નથી. અથવા આપના દર્શન કરવાથીજ મારા પાપનો સમૂહ નાશ પામ્યો છે તેથી હું સાક્ષાત્ ક્ષમા માગતો નથી, કારણ કે ત્રિદોષ વ્યાધિવાળાને ઔષધે કરીને પણ શું? હે કુમાર! રાજદ્વારને વિષે બંધન વડે કેદી બનાવેલ અને પૃથ્વીને વિષે આલોટનાર જે પ્રાણી-

---

* नसाजाइनसाजोनी नतंठाणंनतंकुलं ।
नजायानमुआजत्थ सव्वेजीवाअणंतसो ॥

ને આપે પ્રાણદાન આપી પિતા સમાન આચરણ કર્યું હતું તે હું તામ્રલિપ્તીનો રાજા છું. હવે આપ પિતા સમાન મારા અગ્રેસર છતાં હું એ ઐશ્વર્યને યુક્ત નથી, માટે કૃપા કરી મારી સાથે પધારી આપ તામ્રલિપ્તી નગરીનું અધિપતિપણું અંગીકાર કરો.'

'આ તામલિપ્તીનો સ્વામી છે' એમ જાણી પ્રીતિવંત તે રાજકુમારે તેને પોતાના ચરણ પાસેથી ઉઠાડી હર્ષવડે તેનું આલિંગન કર્યું. પછી સ્વદેશ અને પરિવારથી મુક્ત થવાનું કારણ પૂછવાથી કુમારે તેની સમીપે પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. તે સમયે જેઓના મુખ ઉપર ફીણ આવેલું છે અને જાણે હેષારવ શબ્દવડે પોતાના રાજાને દેખી હસતી હોય એવી તેની અશ્વસેના ત્યાં આવી પહોંચી, એટલે તે તામ્રલિપ્તીનો રાજા કુમારને મિત્રવૃંદ સાથે સુંદર અશ્વ ઉપર બેસારી પોતાના નગર પ્રત્યે લઈ ગયો. ત્યાં લક્ષણોના સમૂહરૂપ તે રાજાએ હસ્તપગે લાગીને કુમારને બલાત્કારે પોતાના રાજ્યાસન ઉપર બેસાર્યો; અને પોતે છડીદાર થઇ આગળ ઉભા રહી પોતાના સર્વ સેવકોને કુમારના ચરણકમલમાં નમસ્કાર કરવાને કહ્યું. અનેક રાજાઓને સેવ્ય છે ચરણદ્વય જેના એવા તે કુમારે રાજતેજવડે તામ્રલિપ્તીને ચિરકાળ પર્યંત શોભાવી. વિશ્વસેન કુમારનું એ પ્રમાણેનું સમગ્ર ચરિત્ર પોતાના ચરપુરૂષોથી સાંભળીને સુમિત્ર રાજા પણ પુત્રને પુણ્યનું પાત્ર સમજી હર્ષ પામ્યો. પછી યોગધારણ કરવાની બુદ્ધિએ વનમાં જવાની ઇચ્છાવાળા તે સુમિત્ર

રાજાએ ઇંદ્રની જેવા પ્રતાપવાળા પુત્રને બોલાવી પોતાની ગાદીએ બેસાર્યો. હૃદયરૂપી ભીંતને વિષે જેઓની મૂર્ત્તિ ચિતરેલી છે એવા તે મિત્રો સાથે સુકૃતને વિષે નિરંતર ઉ-દ્યમ કરનારા વિશ્વસેન કુમારે ઘણા કાળ પર્યંત હસ્તિપુરનું રાજ્ય ભોગવ્યું. પૂર્ણ પૃથ્વીનો ઉપભોગ કરી પ્રાંતે કાળ ક-રી પાંચે મિત્રો આનંત દેવલોકમાં* ગયા. ત્યાં પણ તેઓ મૈત્રીના પાત્ર થયા. અનુક્રમે સમસ્ત સ્વર્ગસુખામૃતનું પાન કરી જાણે પુનઃ તે સુખ ઉપાર્જન કરવાની બુદ્ધિથી આવ્યા હોય તેમ પૃથ્વીતળમાં ઉતર્યા. તેમાં હે રતિસારકુમાર! વિશ્વસેનનો જીવ હતો તે તું થયો, ક્ષત્રીપુત્ર શૂરનો જીવ આ સુબંધુ થયો અને જયવીર તથા કલાસારના જીવો અનુક્રમે સૌભાગ્યમંજરી, પ્રિયંવદા અને સુતારા થયેલ છે. જેમનો ગુણવિસ્તાર ઘણો થયેલો છે એવા તે તમારા પાંચેનો ઘણી સ્થિતિવાળો પૂર્વભવમાંથી થયેલો પ્રેમ જય પામે છે. જય વિગેરે આ મુનિને અન્નદાન આપવામાં માયા કરી હતી તે-થી સ્ત્રીપણું પામ્યા. તેં ત્રણ મિત્રનું હૃદય જાણ્યા શિવાય અન્નદાન કર્યું તેથી આહાર અંતરાય કર્મ ઉપાર્જન થયું, તેને લીધે ત્રણ દિવસ સુધી તમે નિરાહાર રહ્યા. તમે જ્યારે મુ-નિને અર્દ્ધ આહાર આપ્યો ત્યારે શૂર 'હે કુમાર ક્ષુધાવંતને વિષે તમારા જેવો કોઇ દયાળુ નથી' એવું મર્મ વાક્ય કહી મુનિને દાન આપવાનો નિષેધ કર્યો તેથી તેને આ સુબંધુ-ના અવતારમાં અર્દ્ધ સુખનો ઉપભોગ કર્યા પછી પક્ષીના

* નવમું દેવલોક.

મુખમાંથી જેમ અર્ધ ફળ પડી જાય તેમ લક્ષ્મી નાશ પામી. તમે સર્વેએ ભવભ્રમણનો છેદ કરવાને પ્રથમ સાધકરૂપ મુનિનું અંગ નિરોગી કરવાની ક્રિયા કરી તેથી તમને આવી શ્રેષ્ઠ રૂપ સંપત્તિ પ્રાપ્ત થઇ. વળી હે કુમાર! તમે પૂર્વે દુષ્ટ લોકો ઉપર કૃપા કરી દૃષ્ટિજ બતાવેલી છે તથા ઘણા જીવોને કાળથી મુક્ત કરાવ્યા છે તેથી હાલ કોઇ તમારી સાથે વિરોધ કરી શકતું નથી, અને જે કિંચિત્ માત્ર પણ વિરોધ કરે છે તે યુદ્ધમાં અંધ થઇ જાય છે. માટે પુણ્ય છે તે પ્રાણીઓને કયા કયા આશ્ચર્ય પ્રાપ્ત નથી કરાવતું? અર્થાત્ પુણ્યથી પ્રાણીઓના સર્વે મનોરથ સિદ્ધ થાય છે, કારણ કે પુણ્યને પામીને દેવતાઓ પણ આશ્ચર્યની ભૂમિરૂપ થાય છે."

એ પ્રમાણે મુનિમહારાજાના વચનથી પોતાનો પ્રાગ્ભવ શ્રવણ કરી રતિસારકુમાર અત્યંત આનંદ પામ્યો. તે સમયે ભૂપતિએ પોતાનો મુગટ નમાવી મુનિને પૂછ્યું-'હે મહારાજ! શરીરનાં લક્ષણોથી આપ પૃથ્વીપતિ હો તેવું જણાય છે, તમારા શરીર ઉપર હજી સુધી સુંદર તારૂણ્યનો ભાસ થાય છે, તરૂણીના તારૂણ્ય લાયક તમારી વય જણાય છે તે છતાં તમે રાજ્યત્યાગ કરી આ આત્મા તપને માટે કેમ અર્પણ કર્યો છે?'

તેવારે દાંતના કિરણોના મિષથી દેહવાળી હોય તેવી પોતાની વાણીને મૃદંગ સદૃશ સુંદર ધ્વનિથી નચાવતા તે મુનીશ્વર બોલ્યા—" તારૂણ્ય હોય અથવા જરાવસ્થા

હોય પણ તેમાં ક્ષણમાત્ર પણ તપ કર્યો તેજ વાસ્તવ છે, કારણ કે અનવસ્થિત પ્રાણીઓને ગમે ત્યાં અને ગમે ત્યારે મૃત્યુ આવે છે. આયુષ્યનો કાંઇ નિશ્ચય નથી તેમ કયારે મૃત્યુ આવશે તે વિષે કોઇ જાણતું નથી. વળી હે રાજન્ ! વૃદ્ધાવસ્થામાં શક્તિ હોતી નથી અને શક્તિ વિના તપ બની શકે નહિ તો તપ વિગરે ધર્મકાર્યો કરવાનું વૃદ્ધાવસ્થાને માટે કોણ મુલતવી રાખે ? જે મનુષ્ય શક્તિથી કરવા લાયક કાર્યોને જરાવસ્થામાં પ્રારંભ કરે છે તેને પળીના[1] મિષથી તેની બુદ્ધિ હસે છે. જે મનુષ્યને મૃત્યુની ચામરધારિણી જરાવસ્થા પળીરૂપી ચામરોથી આલિંગન કરે છે તે માણસને ધર્મબુદ્ધિ ફલદાતા થતી નથી. વળી તારૂણ્ય છે તે મોહરૂપી મત્ત ગજેંદ્રને બાંધવાનું વૃક્ષ છે માટે કુકર્મની પંક્તિથી શોભાવનારા એવા કયા પુરૂષને તે મદથી વ્યાપ્ત ન કરે ? જે માગેથી તે તારૂણ્ય વૃક્ષને કેશરીસિંહની જેમ મારા વિવેકે પોતાના લીલાસ્થાન રૂપ કર્યું તે માર્ગ અપૂર્વ છે. તે વિષેનો વૃત્તાંત તમે સાંભળો—

“ સૂર્યપુર નામે એક નગર છે. જે નગરને વિષે આસ્તિક લોકો ધર્મરૂપી રાજાને ક્રીડા કરવાના કલ્પવૃક્ષના વનની શોભાને ધારણ કરે છે. એ નગરનો મહેંદ્ર નામે વિશ્રુત નૃપતિ હતો. જે નૃપતિ અંતર અને બાહ્ય શત્રુઓનો જય કરવાને શાસ્ત્ર અને શસ્ત્ર ધારણ કરતો. એ રાજાને કુલોચિત વિદ્યાઓમાં શિક્ષા અપાવવાને ગુરૂઓ પાસે ઘણો

1 શ્વેત વાળ.

શ્રમ કરાવેલો ચંદ્રયશા નામે હું પુત્ર હતો. હું જ્યારે સોળ વર્ષનો થયો ત્યારે કોઈ વખતે સંસારમાં તાપ પામેલા મારા પિતાએ અમૃતવર્ષી વાણીથી હર્ષ સાથે એકાંતમાં નીચે પ્રમાણે મને કહ્યું.

'હે પુત્ર ! આ રાજ્ય છે તે સંસારરૂપી દુર્ગમ માર્ગોનો ચોક છે અને તેને વિષે ફરનારા મનુષ્યને પિશાચિણી જેવી સંપત્તિઓ સ્ખલના પમાડી નાંખે છે. મણિ અને રત્નો વિગેરે પદાર્થો મોહરૂપી રાજાના દીપક છે અને તેથી તેની અંદર લોભની બુદ્ધિ ધારણ કરનારા મનુષ્યોનો પતંગની જેમ અધોપાત થાય છે. બોધરૂપી વાહનમાં બેસી સંસારસમુદ્રને તરવાની ઇચ્છા રાખનાર મનુષ્યો હસ્તિઓને તો મધ્ય પર્વતરૂપ ધારી તેનો દૂરથીજ ત્યાગ કરે છે; અર્થાત્ હસ્તિઓ છે તે સંસારસમુદ્રનો પાર પામવાને પર્વત સમાન અટકાયત કરનાર છે. સંસારરૂપી અટવીના મૃગલા સદૃશ અને ચલાયમાન એવી મોહલક્ષ્મીના દૃષ્ટિ વિલાસરૂપ અશ્વોને તો સુકૃતિ પુરૂષ દૃષ્ટિગોચર થતાજ નથી. જે છત્ર છે તે મોહરૂપી રાજાનો જંગમ આ સ્થાનમંડપ છે અને તેની નીચે છાયાના મિષથી તેના સેવકરૂપ પાતકો વ્યાપ્ત થઇ જાય છે; વળી તે છત્ર વિવેકરૂપી સૂર્યના પ્રકાશને અંતરાય કરી નાશ કરનારૂં છે, માટે તે છત્રને તેવી જડતાથી ચકિત થયેલા પંડિત પુરૂષો સેવતા નથી. એ સંસારરૂપી સમુદ્રમાં સ્ત્રીઓ છે તે અગાધવર્તી રત્નો છે લેથી તેઓનું પાણિગ્રહણ કરવામાં જે આગ્રહી પુરૂષો છે તે ફરીથી બહાર નીકળી

ન શકે તેવી રીતે ડુબી જાય છે? આવી રીતનો સંસાર છોડવાને અશક્ત એવા કૃતિ[1] પુરુષો તેમાં રક્ત થયા શિવાય શીતથી ભય પામેલો મનુષ્ય જેમ અગ્નિને દૂર રહીને સેવે તેમ સંસારને સેવે છે. હે પુત્ર! હું હવે એ મોહમાંથી નીકળવાને ઉદ્યુકત થયો છું, કારણ કે આપણા કુળમાં રાજ્ય કરવાનો શ્રમ પુત્રના યૌવન સુધીજ હોય છે. માટે હે વત્સ! મારા પિતા જેમ મને રાજ્ય સોંપીને સંસારમુક્ત થયા હતા તેમ તને આ રાજ્ય ઉપર સ્થાપન કરી હું પણ મોહરૂપી વીરના કારાગૃહ જેવા સંસારથી મુક્ત થાઉં છું.' એ પ્રમાણે કહી, બળાત્કારે મને રાજ્યાભિષેક કરી મારા પિતા તપલક્ષ્મીના સાક્ષાત્ યૌવનરૂપ વનમાં ગયા.

પછી પિતાની શિક્ષા પ્રમાણે હું રાજ્યનું પાલન કરવા લાગ્યો. તેવામાં રત્નાવલી નામે મારે એક સ્ત્રી હતી તે મને પ્રાણથી પણ અધિક પ્યારી થઇ. તે સ્ત્રીને હું ભવાનુબંધિની જાણતો હતો તો પણ કાદવમાં ખુંચેલા હસ્તિની જેમ તેમાં આસકત થયેલા મારા મનનું આકર્ષણ કરવાને હું સમર્થ ન હતો. વજ્રલેપથી તેને વિષે મારૂં મન એવું આસકત થયું કે મારી રાજ્યલક્ષ્મીમાં મુખ્ય એવા સુંદર હસ્તિઓ પણ તેનું આકર્ષણ કરી શકયા નહિ. કામદેવ રૂપી પિશાચે ગ્રહણ કરેલું અને તેથી ઉચ્છૃંખલ થયેલું મારૂં મન મંત્રને જાણનાર મંત્રિઓ પણ છોડાવી શકયા નહિ. મારૂં ચિત્ત એક તે સ્ત્રીનેજ આધીન થયું, તેથી ઇર્ષ્યાવડે

૧ પંડિત પુરુષો.

રાજ્યલક્ષ્મી પારકા હસ્તમાં ગઇ હોય તેમ વૃદ્ધ અમાત્યની બુદ્ધિમાંજ રહી. તે માનવાળી સ્ત્રીએ મારૂં મન આશ્રિત કર્યું હતું, તેથી જાણે સ્ત્રીસંઘટ્ટનો ભય લાગતો હોય તેમ ધર્મ ગુરૂઓ મારા મનમાં પ્રવેશ કરી શકતા નહતા. એવી રીતે અનન્ય મનવાળો અને તે સ્ત્રીમાં લોચન નાંખી આત્માને ધન્ય માનતો હું તે કાંમદેવના પર્વનેજ મોક્ષપદ માનવા લાગ્યો. અન્યદા મદનાનંદ રસની નિદ્રામાં હું વશ થઇ ગયો હતો તેવામાં સ્વપ્નની અંદર મારા આત્માને મુકતાગિરિના શિખર ઉપર ફરતો મેં જોયો. તે સમયે તે સ્ત્રી જાગૃત થઈ એટલે હું પણ નિદ્રા રહિત થયો અને અવસરને ઉચિત ચિંતવન કરતો વિચારવા લાગ્યો કે અહો! આ સ્વપ્ન સર્વોત્તમ છે અને એ મુક્તિનો લાભ થવાનું સૂચવે છે; પરંતુ કાંતાને વિષે આસક્ત હૃદયવાળો હું તેને વિષે એવી સંભાવના ક્યાંથી? જે સ્ત્રીની સુવર્ણને પણ હલકું કરનારી કાંતિ છે, જેની ગજગતિને પણ તૃણરૂપ કરે તેવી સુંદર ચાલ છે, દાસપણું આપનારા જેના કટાક્ષ છે, મણિને પણ કાંકરા સમાન કરનાર જેના નખ છે, જેના મુખના અનિ- લનો ગંધ કર્પૂર અને કસ્તુરીની ચેષ્ટા કરે તેવો છે, જેના દાંતની કાંતિ દિવ્ય વસ્ત્રને પણ રજકણ રૂપ ગણે તેવી છે, તેવી આ સ્ત્રીએ મારૂં હૃદય રાજ્યભોગમાં શિથિલ કર્યું તે યુક્ત છે, પરંતુ હવે આ ભોગને શિથિલ કરવાને મારે શું ઉપાય કરવો? એ સ્ત્રીના કેશ મહાનીલમણિની લીલાને ધારણ કરે છે તે ખરૂં છે, કેમકે એણે હૃદયમાં રહીને ક્ષી-

રથી પણ અધિક ઉજ્વળતાને ધારણ કરનાર મારા જ્ઞાનને કલુષિત કર્યું છે. એ સ્ત્રીનું મુખ ચંદ્ર સદૃશ છે તે ખરેખરૂં છે, કારણ કે જે મુખરૂપી ચંદ્રની લીલાથી મારા વિવેકરૂપી કમલને ગ્લાની પામેલ જોઇ હંસ સદૃશ ઉજ્વલ ગુણો ચાલ્યા ગયા છે. તેના અધર મધુમાધુર્યથી પરિપૂર્ણ છે તે સત્ય છે, કારણ કે તેને વશ થવાથી અત્યંત પ્રમત્ત બનેલ મારૂં મન સૂરિઓએ દૂરથીજ ત્યાગ કર્યું છે. એ સ્ત્રીની પ્રફુલ્લિત હાસ્યવાળી અને નીલકમળ જેવી દૃષ્ટિ મારે વિષે તત્વવિજ્ઞાનરૂપી ભાનુ અસ્ત થયાનું સૂચવે છે. એ સ્ત્રીનો શંખના જેવો ગંભીર અને મધુર સ્વરવાળો કંઠ મારા પવિત્ર કૃત્યોના પ્રયાણને માટે કલ્પેલો છે. એ સ્ત્રીના કોમળ હસ્તરૂપી નાલપાશથી બંધાયેલું મારૂં મન હું મુક્ત કરી શક્યો નહિ, માટે નિર્મલ પુરૂષોમાં મુખ્યતાને ધારણ કરનાર મને ધિક્કાર છે. હું આ સંસારાટવીને લીલા માત્રમાં ઉલ્લંઘન કરૂં પણ તે સ્ત્રીનો વેણીદંડ મારા હૃદયથી પણ દુર્લંધ્ય છે. આ સંસારસમુદ્ર સર્વથા સુખે તરી શકાય તેવો છે, પણ તેમાં તે સ્ત્રીનો ગંભીરનાભી રૂપ આવર્ત છે તે દુસ્તર છે. એ સ્ત્રીના શબ્દ કરતા ઝાંઝર ઉપર લગ્ન ચિત્તવાળો જે હું તેના હંસની પાંખો સરખા નિર્મળ બંને પક્ષો ઉર્દ્ધગતિ કરવામાં સમર્થ નથી. એ પ્રમાણેના ધ્યાનમાં લીન થઇ હું આત્મનિંદા કરતો હતો તેવામાં પ્રાતઃકાળને સૂચવનારા બંદિજનોએ ઉંચે સ્વરે બોલવા માંડયું–' હે રાજન્! આ જાગૃત થવાનો સમય છે માટે તમે નિદ્રાનો ત્યાગ કરો. સદ્-

ગુરૂ જેમ અજ્ઞાનનો નાશ કરવાને તત્પર થાય તેમ સૂર્ય પોતાના કિરણોથી અંધકારનો નાશ કરવાને ઉદીત થયો છે.'

એ પ્રમાણેની ઉપશ્રુતિરૂપ અને મુક્તિને સૂચવનારી બંદિજનોની ગિરા[1]ને સ્વપ્નસંવાદિની જાણીને હું અત્યાનંદ પામ્યો અને શય્યામાંથી ઉઠીને ઉભો થયો. તે ક્ષણે જાગૃતાવસ્થાવાળી તે સ્ત્રીએ મને પ્રથમ ઉઠેલો જોઇ લજ્જાવડે નીચું મુખ કર્યું અને મારી સાથે કાંઇ પણ બોલી નહિ. મારાં અંતર ચક્ષુ અગાધ બોધિરૂપ ક્ષીર સમુદ્રમાં મગ્ન હતાં તેથી મેં પણ નર્મ ભાષણથી તે સ્ત્રીને બોલાવી નહિ. એવામાં પ્રતિહારીએ મારી આગળ આવી હર્ષથી મને પ્રણામ કર્યો; અને દાંતની કાંતિને હારરૂપ કરતો તે નીચે પ્રમાણે બોલ્યો-' હે દેવ ! મતિસાગર અમાત્ય વિજ્ઞપ્તિ કરે છે કે ચિરકાળથી સેવકજન આપના મુખનું અવલોકન કરવાને ઉત્સાહી છે.'એ પ્રમાણેનું પ્રતિહારીનું વચન સાંભળી હું પ્રત્યૂષકાળ[2] સંબંધી નિત્ય કર્મ કરી સેવકોના સમહે સેવેલી સભાભૂમિ ઉપર આવ્યો; ત્યાં પ્રણામ કરનારા સર્વ રાજાઓની સન્મુખ જોતાં કોઇના હસ્તમાં કમલ જોઇ કમલ જેવી દૃષ્ટિવાળી મારી પ્રિયાનું મને સ્મરણ થયું. તેથી ત્યાં વિદ્વાનોના અમૃત સદૃશ વચનરૂપી તરંગોમાં પણ પ્રિયાના વિરહથી તપ્ત થયેલ મારૂં મન આનંદ પામ્યું નહિ, પછી ઉત્કંઠાથી મેં અંતઃપુર તરફ ચક્ષુપ્રક્ષેપ કર્યો તેવામાં ઉતાવળે પગલે નીકળતો કોઇ પુરૂષ જોવામાં આવ્યો. એ પુરૂષનું શરીર અતિ

૧ વાણી. ૨ પ્રભાતકાળ.

સુંદર હતું. તેની અતુલ કાંતિ ચોતરફ વ્યાપ્ત થઇ હતી. ગાઢ ગ્રંથિવાળું એક પરિધાન વસ્ત્ર તેણે પહેર્યું હતું. ઉત્તરીય વસ્ત્ર તેણે કટિ ઉપર વીંટાળ્યું હતું. તેના ખભા ઉપર ખડ્ગ લટકતું હતું. વક્ષસ્થળ ઉપર અસિધેનુકા[1] રાખી હતી. દક્ષિણ હસ્તમાં તેણે તાંબુલપાત્ર ધારણ કર્યું હતું, વામ હસ્તવડે હર્ષ પામતી મારી સ્ત્રીનું આલિંગન કર્યું હતું અને ધૈર્યવાળા નેત્રોવડે મને અવજ્ઞાથી જોતો હતો. એ પ્રમાણેનો દેખાવ જોઇ 'અરે કોણ છે?' 'આ સ્ત્રીને કયાં લઇ જાય છે?' એમ બોલતાં મારાં નેત્રો કોપથી લાલ થઇ ગયાં. તે વખતે તે સ્ત્રીએ સત્વર તે પુરૂષને ઉભો રાખી હાસ્ય કરી મારી પ્રત્યે કહ્યું કે 'ઘણા દિવસ થયા તેં પાતકીએ મને કારાગૃહમાં રાખી હતી તે હું હાલ તારી છાતી ઉપર પગ મૂકીને જાઉંછું.' એવું તે સ્ત્રીનું વચન સાંભળી ક્રોધાતુર થઇ મેં સુભટોને આજ્ઞા કરી કે 'એ પુરૂષને તત્કાળ પકડો અને મારી નાંખો.'

તે સમયે પવન સદૃશ વેગવાળા પોતાના ચરણથી ચાલતો તે પુરૂષ હર્ષ પામતી તે સ્ત્રીસંયુક્ત તત્કાળ અંતઃપુરથી બહાર નીકળ્યો. 'આ જાય' આ જાય; એમ બોલી દોડતા સુભટોથી અને આગળ રહેલા પૌરજનોથી પણ તે પુરૂષ પકડી શકાયો નહિ, પછી જેના મુખ ઉપર ફીણ આવી ગયું છે એવી અશ્વસેના સાથે લઇ મન જેમ ઇંદ્રિયોની પાછળ જાય તેમ વેગથી હું તેની પછવાડે ગયો. એ પુરૂષને

[1] છરી.

શોધતો હું નગર બહાર નીકળ્યો ત્યાં સુવર્ણના આભૂષણોથી દેદીપ્યમાન એક સેના જોઇ. તે સેનાની મધ્યે સુંદર હસ્તી ઉપર આરોહણ કરેલા પુરૂષ સમીપે જઇને તે સ્ત્રીને તેણે તેના હસ્તગત કરી અને તે પુરૂષે પણ એ સ્ત્રીને પોતાના વામ પડખે બેસારી. સ્ત્રીચરિત્રને વિષે કુશાગ્ર તે સ્ત્રીએ, મને વાણી ન સંભળાય તેટલે દૂર ઉભેલો જોઇ, તે પુરૂષના અંગનું આલિંગન કરી મારી સામે પોતાના ડાબા હાથનો અંગુઠો નચાવ્યો.

એ પ્રમાણે જોઈ વિલક્ષ થયેલો હું ચિત્તમાં વિચાર કરવા લાગ્યો કે "અહો! મહિલાઓ એ મોહના મહિમાનો મહોદધિ છે. મદિરાથી પણ તે ગુણમાં જ્યેષ્ઠ છે, કારણ કે મદિરા તો પાન કરવાથી દુઃખકર્ત્તા થઈ પડે છે, પણ આ લોક અને પરલોક બંનેને વિરોધ કરનારી સ્ત્રીઓ તો દર્શન માત્રથીજ પુરૂષોને ઘેલા કરી નાંખે છે. પરોપકારનો નાશ કરનારી સ્ત્રીઓ નિશ્ચયે વિષ રૂપ છે, કારણ કે સ્ત્રીરૂપી ઝેરના સેવનથી થયેલો તાપ પરલોકમાં પણ શાંતિ પામતો નથી. વિષમય શરીરવાળી સ્ત્રીઓમાં મનોહર લક્ષણો વિપરીતપણાથી ચંદ્ર વિગેરેની ઉપમા પામે છે, પણ તેનું સ્વરૂપ જડ મનુષ્યો જાણી શકતા નથી. વળી તે સ્ત્રીઓ વિશ્વાસઘાતી જનોનું તો મૌલિરત્ન છે, કારણ કે તે પુરૂષને આલિંગનથી પ્રેમ બતાવીને નરકરૂપી કુવામાં નાંખે છે. સ્ત્રીઓને અબળા જાણી તેની સાથે હસ્ત મેળાપ કરવો નહિ; કારણ કે તે પુરૂષોના જીવિતનું હરણ કરે છે, અને તેઓને સંશયમાં પાડે

છે. આ સ્ત્રી જેમાં હું અત્યંત આસક્ત થયો હતો તેણીએ પ્રતીચીદિશા[1] જેમ સૂર્યને ગ્લાનિ પમાડે તેમ મારા મનને આ વખતે ગ્લાનિ પમાડો છે અને હજી તે સ્ત્રી કઇ ગતિ આપશે તે તો જણાતું પણ નથી. મને ધિક્કાર છે કે અંધકારના મિત્રપણાથી ઘુડનાં નેત્ર જેમ સૂર્યથી નિસ્પૃહી થાય છે તેમ હું પણ એને વશ થઇ મોક્ષના ઉદયમાં નિરાદરવાળો થયો. આ પ્રમાણે મને વૈરાગ્ય થયો છે પણ મારે આ વખતે વૈર ન છોડવું; કારણ કે માની પુરૂષોએ અપમાન સહન કરવું એ કુળને કલંકભૂત થાય છે. જે શત્રુ હૃદય ઉપર પગ મૂકે તેને તત્કાળ ફેંકી દેવો જોઇએ, કારણ કે અપમાન થતાં છતાં અનુદ્યોગી મનુષ્ય પંકથી અધમ છે. ક્ષુદ્ર પ્રાણી પણ પોતાનું અપમાન કરનારને ઉપદ્રવ કરે છે, જેમ મધુમક્ષિકાઓ પોતાનું મધ હરનારને વિધુર કરી દે છે પોતાના સર્વ રસને ગ્રહણ કરનાર સૂર્ય ઉપર કોઇ જાતનો અપકાર કરવાને અશક્ત એવા કાદવનું પણ ઉરસ્થળ સ્ફુટિત થાય છે. જેમ પોતાને વિષે ઉત્પન્ન થયેલા અને અસમર્થ મનુષ્યે બાંધેલા હસ્તીઓનો વિંધ્યાટવી પણ ત્યાગ કરે છે તેમ માતાઓ પણ પરની અવજ્ઞા સહન કરનાર બાલકોનો ત્યાગ કરે છે. માટે આ અપમાનરૂપી સમુદ્રનો અસિનૌકાએ[2] પાર પામીને પછી સંસારાર્ણવનો[3] પાર પામવાને પોતરૂપ વ્રતને ગ્રહણ કરીશ. અપમાન છતાં પણ જો વ્રત ગ્રહણ કરીશ તો મારા દૃષ્ટાંતથી મારા પૂર્વજોને વિષે પણ વ્રત લેવામા લોકો એવી સંભાવના કરશે."

૧ પશ્ચિમ દિશા. ૨ શસ્ત્રરૂપ નાવિકા. ૩ સંસારસમુદ્ર.

એવી રીતે ત્યાગ યુક્ત ચિત્તવાળો અને ઉદ્ધત ધ્યાનવાળો હું યુદ્ધની બુદ્ધિ ધારતો હતો તેવામાં સર્વ સેના સહિત મારો મંત્રી ત્યાં આવ્યો. પછી પરસ્પર અંત:કરણને વિષે અદ્ભુત વૈર પ્રગટ થયેલ મારી અને તે રાજાની સેના વચ્ચે સંગ્રામ થયો. પોતાની કાયાના નાશમાં ભયરહિત થઇ હસ્તી હસ્તી સાથે, રથ રથની સાથે, અશ્વ અશ્વની સાથે અને સુભટ સુભટની સાથે એમ યુદ્ધ થવા લાગ્યું. તે ભયંકર રણમાં ધનુષો નમવા લાગ્યા, ખડગો કંપવા લાગ્યા, પરંતુ શૌર્યથી ઉદ્ધત થયેલા સુભટો નમ્યા કે કંપ્યા નહિ. તેઓ તો શરીરની સઘળી શક્તિનું મુષ્ટિમાં આરોપણ કરી પોતાનાં શસ્ત્રો મજબુત પકડી શત્રુઓ ઉપર પ્રહાર કરવા લાગ્યા. કેટલાએક સુભટો તો તેવી યુદ્ધલક્ષ્મીથી પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યા અને ક્રોધને વશ થયેલાના પ્રહારો પડતા છતાં પણ પુલકાવળી[1] ધારણ કરવા લાગ્યા, એ પ્રમાણે અશ્વોનો સમૂહ જેમાં આળોટી રહ્યો છે, હસ્તીઓનાં ટોળાં જેમાં પડી રહ્યાં છે, રથોના સાંધાઓ જ્યાં ત્રુટિત થયા છે, શૂરવીરોનાં ધડ જ્યાં નાચ કરી રહ્યાં છે, રૂધિરની નદીઓ જેમાં ચાલી રહી છે એવો બંને પક્ષનો ક્ષય કરનાર રણોત્સવ વૃદ્ધિ પામ્યો. ક્ષણવારમાં અત્યંત તેજવડે શોભનારા શત્રુઓએ ગ્રીષ્મઋતુના દિવસો જેમ રાત્રિને કૃશ[2] કરે તેમ મારી સેનાને કૃશ[3] કરી દીધી. પછી ભયરહિત થયેલો હું વેગે રાજવાહ્ય[4] હસ્તી ઉપર બેસીને ક્રોધથી તેની

૧ રોમાંચશ્રેણી ૨ નાની. ૩ નિર્બળ. ૪ રાજાને બેસવાના.

સાથે દ્વંદ્વયુદ્ધ કરવાને ઉત્સુક થયો અને તેની સમીપે જઇને મળ્યો હું જ્યારે બાણના તરંગો છોડવા લાગ્યો ત્યારે તેણે સામા બાણોથી પોતાના આત્માની અને હસ્તી, અશ્વો વિગેરે પોતાની સેનાની ચાતુર્યથી રક્ષા કરી. ક્ષણવારમાં સૂર્ય જેમ કિરણોથી તારાના સમૂહનો નાશ કરે તેમ તેણે બાણના સમૂહથી મારા સર્વ સૈન્યનો નાશ કર્યો. મેં જે જે અસ્ત્ર તેના ઉપર ફેંક્યા તે સર્વ અસ્ત્રોને-કેવલજ્ઞાની તત્કાળ-થયેલા કર્મને જેમ છેદી નાંખે તેમ તે ચતુર રાજાએ છેદી નાંખ્યાં. તેના અસ્ત્રથી આર્ત્ત થઇ મારો હસ્તી પડી ગયો એટલે સર્વ આયુધો ક્ષીણ થઇ ગયેલો હું મુષ્ટિને અસ્ત્રરૂપ કરી છલંગ મારી તેના હસ્તીના કુંભસ્થળ ઉપર ગયો. તે સમયે તેણે મને હાથે પકડી પગની પાટુ મારી ઉડાડી નાંખ્યો, તેથી ગોફણમાં રહેલા પાષાણની જેમ હું દૂર જઇને પડયો.

પછી તે સ્ત્રીની સાથે હસ્તતાલ લેતા અને પરસ્પર વાર્ત્તાલાપ કરતા તે રાજાએ મારા નગરને વિષે તત્કાળ પ્રવેશ કર્યો; એટલે એવી રીતના અપમાનથી આકુળ થઇ હું મૃત્યુને ઇષ્ટમાં પણ ઇષ્ટ ગણવા લાગ્યો, અને જો મારાથી કાંઇ પણ સુકૃત બન્યું હોય તો તે નિયાણાથી ભવાંતરમાં પણ સન્માર્ગનો ભંગ કરનારી સ્ત્રીનો સંગ મારે ન થાઓ એમ બોલતો હું એક કુવો જોઇ તેમાં પડયો. તે કુવામાં પડયો કે તરતજ મારા આત્માને મેં સભાને વિષે સિંહાસન ઉપર બેઠેલો અગાઉ પ્રમાણેજ જોયો. યુદ્ધને વિષે ક્રોધમાં જે દુર્ધર્ષ સુભટો મૃત્યુ પામ્યા હતા-ઘાયલ થયા હતા તે સર્વેને

મારી પાસે મેં અક્ષત જોયા. જે હસ્તીઓ અને અશ્વો રણમાં નાશ પામેલા જોવામાં આવ્યા હતા તે હસ્તીઓના હસ્તીશાળામાં અને અશ્વોના અશ્વશાળામાં રવ સાંભળવામાં આવ્યા. પછી અંતઃપુર મધ્યે દૃષ્ટિ નાંખી તો ત્યાં તે સ્ત્રીને તેની સખીઓ સહિત તેવીજ પ્રતિકર્મ ક્રિયામાં પ્રવૃત્ત થયેલી જોઈ. એ પ્રમાણેના અદ્‌ભુત અવલોકનથી મારૂં હૃદય ચલાયમાન થઇ રહ્યું હતું તેવામાં પોતાના મનોહર તેજથી સૂર્યને પણ કાંકરારૂપ કરતો કોઇ દેવ મારી આગળ પ્રગટ થયો. તેને જોવાથી તરતજ મને જાતિસ્મરણજ્ઞાન થયું અને હું વિચારવા લાગ્યો કે-'અહો આ દેવ અને હું પૂર્વે ધન અને ધાન્ય નામે બે મિત્રો હતા. સંસારને નિઃસાર વિચારી એની સાથે ચિરકાળ પર્યંત વ્રત પાળી અનર્ગળ સ્વર્ગલક્ષ્મીનો ભોગ ઉપાર્જન કર્યો. પૂર્વે હું જ્યારે દેવલોકમાંથી ચ્યવતો હતો ત્યારે આલિંગન કરી મેં આ મિત્રની અભ્યર્થના કરી હતી કે 'હે મિત્ર! જ્યારે હું સંસારને વિષે મોહસમુદ્રમાં મગ્ન થાઉં ત્યારે તારે મારો ઉદ્ધાર કરવો. એવી પ્રાર્થનાથી આ સમયે બોધરૂપી દુધના સમુદ્રરૂપ બંધુએ આવું વિચિત્ર નાટક રચી મને બોધ કર્યો.' એમ વિચારી પ્રીતિ વડે મેં તેનો સત્કાર કર્યો એટલે તે દેવતા અંતર્ધાન થઇ ગયો. પછી ભવરૂપી અરણ્યનું ઉલ્લંઘન કરવાને તત્કાળ મેં દીક્ષા ગ્રહણ કરી."

એવું મુનિનું ચરિત્ર શ્રવણ કરી રાજા સંસારથી ભય પામ્યો; અને પછી રાજ્ય ઉપર પોતાના જમાઇ રતિસાર

કુમારને સ્થાપન કરી વ્રત રૂપી લતાના સ્થાનરૂપ થયો. રાજ્ય ઉપર આવેલા કૃપાળુ રતિસાર રાજાવડે, સૂર્યવડે જેમ આકાશ શોભા પામે તેમ તે રાજ્ય શોભવા લાગ્યું. તે રાજાએ નગરને વિષે એવો ઢંઢેરો પીટાવ્યો કે-' આ રાજાની આજ્ઞાને વિષે રહેનાર મનુષ્યનો જે કોઇ નાશ કરશે તે રાજાનો ધ્વંસ કરનાર ગણાશે; કારણ કે રાજાની આજ્ઞાનો ભંગ તેના આયુધ વિનાના વધતુલ્ય છે માટે જે તેના દેશના પ્રાણીનો દ્રોહ કરશે તેને તેનો ( રાજાનો ) દ્રોહ કર્યો જાણી દેહાંતશિક્ષા કરવામાં આવશે. ' એવા તે રતિસાર ભૂપતિના પુણ્યપ્રભાવથી તેના દેશને વિષે રહેનારા સર્વ જંતુઓ આપત્તિ વિનાના અને શત્રુની પીડાથી રહિત થયા. તેના રાજ્યની સર્વ સ્ત્રીઓ શિયલવંત અને પતિવ્રત ધર્મને વિષે નિપુણ થઇ. જનસમૂહ સત્યવાદી થયો. ચોર લોકો તો કોઇ સ્થળે રહ્યાજ નહિ. કપિની ચંચળતાએ મનુષ્યના ચિત્તનો ત્યાગ કર્યો. ક્રીડામાં ઉત્કટ એવા બાલકો પણ કલેશથી વિમુખ થયા. યુવતિઓ સ્નેહવંત ગણાતી પરંતુ કલેશને તો તેઓએ ગળે પકડીને કાઢી મૂકયો હતો. તિર્યંચો પણ પોતાના શીંગડા વિગેરેથી કોઇને પીડા કરતા નહતા. ભોગના સ્થાન રૂપ શરીરને વિષે વ્યાધિઓ પણ વૃદ્ધિ પામતા ન હતા. મત્ત થયેલા ભૂત વ્યંતરાદિ કોઇને વળગતા ન હતા. અગ્નિ પણ ઇંધન અને ચુલાને વિષે મર્યાદાથી બળતો હતો. પાંથવૃંદના ખેદનું અપહરણ કરનાર વાયુ નિરંતર વાતો હતો. સરોવર પણ કૃષિફળ આપતા હતા.

મેઘ સમયોચિત વરસતા હતા. એકવાર પણ સિંચન કરવાથી પૃથ્વી અધિક ફળ આપે એવી રસવાળી થઈ હતી. સૂર્ય પણ અંધકારનો નાશ થાય એટલાજ કિરણો તેના રાજ્યની પૃથ્વી ઉપર નાંખતો હતો. એ પ્રમાણે એ પુણ્યશાળી રતિસાર નૃપતિના પ્રભાવથી તે દેશના લોકો સર્વવાતે સુખી થયા, અને તેથી બીજા સર્વ રાજાઓ પોતાના રાજ્યને વિષે પણ તેનીજ આજ્ઞા પ્રવર્તાવવા લાગ્યા. માહિષ્મતીના અધિપતિ-રતિસારના પિતા સુભૂમ રાજાએ પણ પોતાના દેશને વિષે તેની આણા પ્રવર્તાવી અને પોતે પરલોકના હિતમાં ગુંથાયો. એમ જે જે ભૂમિમાં ચંદ્ર સમાન રતિસાર રાજાની આજ્ઞા પ્રવર્તી, તે તે કૌમુદી સમાન ભૂમિના તાપ ને અંધકાર નષ્ટ થયા. અનુક્રમે સર્વ પૃથ્વીમાં તેનું શાસન પ્રવર્ત્યું ત્યારે સર્વ લોકો ધર્મ કર્મમાં તત્પર થયા. ચિરકાળ પર્યંત એ પ્રમાણે હર્ષ સહિત રાજ્યને ભોગવનારા રતિસાર રાજાએ પૃથ્વી જનને માટે નરકના દ્વાર બંધ કર્યા અને સ્વર્ગની અર્ગલા[1] ભગ્ન કરી.[2]

કોઇ સમયે રાજા રતિસાર પોતાની ત્રણ પ્રિયાનું મુખ જોઇ કૌતુકાગારમાં અનન્ય સુખ ભોગવવા લાગ્યા તે વખતે તેણે પોતાની પ્રિયા સૌભાગ્યમંજરી પ્રત્યે કહ્યું 'હે ચંદ્રના હૃદય સમાન મુખવાળી[3]! તારા મુખ ઉપર ચંદનનું તિલક શો-

૧ આગળીયો. સાંકળી. ૨ ભાંગી નાંખી. સ્વર્ગદ્વાર ખુલ્લું કર્યું. ૩ ચંદ્રનું હૃદય ઉજવળ અને તેમાં મૃગનું શ્યામ ચિન્હ હોય છે. તેમ તેના ઉજવળ વદન ઉપર શ્યામ તિલકજ શોભા આપે.

ભતું નથી માટે તેનો લોપ કરી હું કસ્તૂરિકાનું તિલક કરૂં.' એમ બોલી સાત્વિકસ્વેદથી આર્દ્ર થયેલી અંગુલીવડે સુંદર કાંતિને આપનારૂં સૌભાગ્યમંજરીનું તિલક ભુસી નાંખ્યું. તિલક રહિત થયેલી તે સુંદરીએ બીજો ઘણો શૃંગાર સજ્યો હતો તો પણ ઘણા તારાએ કરીને ચંદ્ર વિનાની રાત્રિ જેમ શોભે નહિ તેમ શોભા રહિત થઇ. પછી રાજા રતિસારે વિચાર કર્યો કે 'અહો ! આ સ્ત્રીના તિલકનો લોપ કરવાથી તે શોભા રહિત જણાય છે તો વિશેષ આભૂષણોથી મુક્ત થાય ત્યારે કેવી લાગતી હશે?' એમ વિચારી વૈરાગ્યના ઉર્મિથી વૃદ્ધિ પામેલ હૃદયરૂપ સમુદ્રવાળા તે રાજાએ અનુક્રમે તેના સર્વ આભૂષણો હરણ કરી લીધા. પ્રથમ શિરોરત્ન ઉતાર્યું, એટલે રાત્રિને વિષે દીપક રહિત સદન લાગે તેવી તે જણાવા લાગી. જ્યારે તેના કુંડલદ્વય ગ્રહણ કર્યા ત્યારે સૂર્ય ચંદ્ર રહિત આકાશની જેવી તે જણાવા લાગી. હાર રહિત થઇ એટલે તોરણવિનાના સુરાગાર જેવી જણાવા લાગી. તેના ભૂજ કેયૂર રહિત થયા એટલે કમલનો છેદ કરેલી તરંગવાળી સરસી જેવી જણાવા લાગી. જ્યારે કંકણ રહિત હસ્તવાળી થઈ ત્યારે વેલવિનાના વૃક્ષવાળી અટવી જેવી જણાવા લાગી. તેના ચરણ ઉપરથી શબ્દ કરતા ઝાંઝરો લઇ લીધા ત્યારે હંસ રહિત કમલોવાળી કમલિની હોય તેવી જણાવા લાગી. એવી રીતે દેદીપ્યમાન તેના સર્વ વિભૂષણો લઇ લીધા એટલે પત્ર પુષ્પ અને ફળ રહિત ફાલ્ગુન મહીનાની લતા જેવી થઇ રહી. એવો દેખાવ જોઇ રાજા

અંતર ચક્ષુથી વિચારવા લાગ્યો કે "પ્રક્ષાલન કર્યા શિવાય કોઇ શુદ્ધ અંગવાળો નથી અને આભૂષણો વિના કોઇ દેદીપ્યમાન નથી. અન્યની તો શું કથા કહેવી! પરંતુ આત્મા પણ કર્મની આવલી રૂપી મલનું પ્રક્ષાલન કર્યા વગર તથા જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપી રત્નોથી અલંકૃત થયા વગર શોભતો નથી માટે કર્મવડે મલિન એવા શરીરને વિષે શૃંગાર કરવો તે, ગુપ્ત છે પાછલો ભાગ જેનો એવા મયુરના નૃત્ય જેવો છે. અંગભૂષણોથી આ આત્મા શોભતો નથી, પરંતુ સૂર્યકિરણોથી જેમ આકાશ શોભે તેમ આત્માના આભૂષણોથી સર્વ અંગ શોભે છે; માટે કાયભૂષણરૂપ આત્માને કર્મમલમંડલથી રહિત કરવો અને જ્ઞાન દર્શન ચારિત્રરૂપી આભૂષણો પહેરાવવાં." એ પ્રમાણે અંત:કરણમાં ધ્યાન કરતા રાજાની મનોવૃત્તિઓ આત્માની અંદર સ્થિત થઇ તે જેમ વાયુરહિત ગૃહમાં દીપક સ્થીર થઇ પ્રકાશે તેમ પ્રકાશ પામી. પછી ઘાતિકર્મરૂપી ઇંધનને વિષે દાવાનળ સદૃશ શુક્લધ્યાન પ્રગટ થયું એટલે ત્રણ લોકના ત્રૈકાલ્ય દર્પણ સમાન કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. પછી શાસનદેવતાએ મુનિવેષ આપ્યો તે અંગીકાર કરી તેઓએજ રચેલા સુવર્ણ કમળનું આસન કરીને વેગવડે આવનારા અને પુષ્પને વર્ષાવનારા સુરાસુરગણોએ નમસ્કાર કરાતા આ શું? એમ આશ્ચર્ય સહિત પુરજનોથી જોવાતા એ ચરિત્રથી ઉદ્‌ભ્રાંત થઇ છે સ્વાંત વૃત્તિ જેની એવી અંત:પુરની સ્ત્રીઓએ હે નાથ! આ શું? એમ બોલી ઉત્તરને માટે પ્રાર્થના કરાતા—તે રતિસાર કેવ-

ણીએ દશનાંશુના[1] મિષથી જાણે મૂર્ત્તિમંત પુણ્યને વિસ્તાર કરતી હોય તેવી અને પાપનો ઉચ્છેદ કરનારી દેશના આપવા માંડી.

"અહો ! મહા ઉદ્ધત અને મર્મવિદ્ કર્મરૂપ રાજાને વશ પડી તેનાથી સંસારના સેવક રૂપ થઈ રહેલા પ્રાણીઓ સર્વથા અનેક પ્રકારની વિડંબના પામે છે. હે સંત પુરૂષો ! સંસારના કારણરૂપ એ કર્મો અનાદિકાળથી આત્માની સાથે લાગેલાં છે; નામ અને ભેદથી તે કર્મના આઠ પ્રકાર છે, તે સંબંધી તમે યત્ન કરી જ્ઞાન મેળવો. એના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ અને અંતરાય એ પ્રમાણે અનુક્રમે નામો છે.

૧—તેમાં પ્રથમ જ્ઞાનવરણીય કર્મના—મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યાયજ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાનાવરણીય એવા પાંચ ભેદ છે. જેમ નિર્મલ દૃષ્ટિ વસ્ત્રથી આવૃત થાય ને અલ્પ જોઈ શકે તેમ આ આત્મા પણ જ્ઞાનાવરણીય કર્મથી આવૃત થાય છે માટે તે કર્મને વસ્ત્રપટ સરખું જાણવું. એ કર્મની સ્થિતિ ત્રીશ કોટાકોટી સાગરોપમની છે. એ પછી પણ આત્મા પાપાચરણ કરે તો પુનઃ તે તે કર્મ બાંધે છે.

૨-બીજા દર્શનાવરણીય કર્મના-પાંચનિદ્રા અને ચક્ષુદર્શનાવરણીય વિગેરે—નવ ભેદ છે. જેને વિષે સ્વલ્પ યત્ને શબ્દ માત્ર કરવાથી સુખે પ્રબોધ થાય તે નિદ્રા. જેથી ઘણ-

૧ દંત કિરણોના.

ઘણાવી ઘણા આકરા શબ્દથી દુઃખેકરી જાગૃતાવસ્થા થાય તે નિદ્રાનિદ્રા. જે વડે ઉર્દ્ધ સ્થિતિ તથા ઉપવિષ્ટ સ્થિતિ છતાં પણ નિદ્રા આવે તે પ્રચલા. જેના ઉદયથી માર્ગને વિષે ચાલતાં નિદ્રા આવે તે પ્રચલા પ્રચલા. દિવસ મધ્યે તથા રાત્રિ મધ્યે જાગતાં જે કાર્ય ચિંતવ્યું હોય તે કાર્ય નિદ્રાવશ છતાં સાધે તે સ્ત્યાનર્દ્ધિ નામે પાચમો ભેદ જાણવો. એ સ્ત્યાનર્દ્ધિ નિદ્રા પ્રાણીને કલિષ્ટ કર્મના ઉદયથીજ પ્રાપ્ત થાય છે-

ચક્ષુવડે પદાર્થનું સામાન્યપણે દેખવું તે ચક્ષુદર્શન અને તે જે કર્મના ઉદયથી આવૃત્ત થાય તે ચક્ષુદર્શનાવરણ નામે છઠ્ઠો ભેદ.

ચક્ષુ શિવાય શેષ ઇંદ્રિયોનું જેનાથી આવરણ થાય તે અચક્ષુદર્શનાવરણ નામે સાતમો ભેદ.

રૂપીદ્રવ્યની મર્યાદા તે અવધિ કહેવાય અને તેનાથી જે દર્શન તે અવધિ દર્શન અથવા ઇંદ્રિયોની અપેક્ષા વિનાનો જે બોધ તે અવધિ, તે વડે કરીને જે સામાન્ય અર્થનું ગ્રહણરૂપ દર્શન. તે અવધિદર્શન. જે કર્મના ઉદયથી તેનું આવરણ થાય એ અવધિદર્શનાવરણ નામે આઠમો ભેદ.

લોકાલોકના સર્વ દ્રવ્યના સામાન્યાંશનો અવબોધ તે કેવળ દર્શન તેનું જે આવરણ તે કેવળદર્શનાવરણ નામે નવમો ભેદ.

જેમ નૃપદર્શન કરવાને ઈચ્છિત મનુષ્ય પ્રતિહારને અનભીષ્ટ હોય તો તે માણસને પ્રતિહાર રાજાનો મેળાપ

થવા દેતો નથી તેમ દર્શનાવરણ કર્મથી રૂંધાયેલ જીવ વસ્તુને તથાપ્રકારે જોઇ શકતો નથી. માટે એ કર્મને પ્રતિહાર તુલ્ય જાણવું. એની સ્થિતિ ત્રીશ કોટાકોટી સાગરોપમની છે.

૩ વેદનીય કર્મના બે ભેદ છે. શાતાવેદનીય અને અશાતાવેદનીય. તિર્યંચગતિ તથા નર્કગતિને વિષે અશાતાવેદનીયનો ઉદય અને દેવ તથા મનુષ્યગતિને વિષે શાતાવેદનીયનો ઉદય રહેલો છે. જેમ મધુલિપ્ત ખડ્ગધારા ચાટતા પ્રથમ મીઠાશનો રસ ઉપજે તેથી જીવ સુખ માને પરંતુ ખડ્ગધારાથી જીવ્હા છેદાય તેથી દુઃખ પામે તેમ પાંચ ઇંદ્રિયોના અનુકૂળ વિષયથી શાતાવેદે તે મધુ સદ્દશ અને તેને અપ્રાપ્તે વિરહદુઃખવેદે તે જીવ્હા છેદન સદ્દશ એમ વેદનીય કર્મ સુખ દુઃખ કરનારૂં છે તેથી તેને મધુલિપ્ત ખડ્ગધારા સદ્દશ કહ્યું છે. એની સ્થિતિ ત્રીશ કોટાકોટી સાગરોપમની છે.

૪ મોહનીય કર્મના બે પ્રકાર છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. તેમાં પ્રથમ દર્શન મોહનીય કર્મ ત્રણ પ્રકારે સમ્યગ્દર્શન મોહનીય, મિશ્ર દર્શન મોહનીય અને મિથ્યાત્વ દર્શન મોહનીય.

ચારિત્ર મોહનીય પચ્ચીશ પ્રકારનું છે ક્રોધ, માન, માયા, લોભ, એ ચાર જાતના કષાય છે. તે દરેક કષાયના સંજ્વલન, પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન અને અનંતાનુબંધ એવા ચાર ચાર ભેદ છે. તેમાં સંજ્વલન કષાયની સ્થિતિ એક પક્ષની છે; પ્રત્યાખ્યાન કષાય ચાર માસ સુધી સ્થિતિ કરે છે; અપ્રત્યાખ્યાન સંવત્સર સુધી રહે છે; અનંતાનુબંધ

જીવે ત્યાં સુધી રહે છે. એ ચાર પ્રકારના કષાયો, સેવન કરનારા પ્રાણીઓને ભવાંતરમાં વીતરાગપણાનો, યતિપણાનો, શ્રાદ્ધપણાનો અને સમ્યક્ત્વનો નાશ કરે છે અને અનુક્રમે અમરત્વ, મનુષ્યત્વ, તિર્યંચપણું અને નારકીપણું આપે છે. એ પ્રમાણેનું સ્વરૂપ છે જેનું એવા સોળ કષાય થયા. તે ઉપરાંત હાસ્ય, ભય, શોક, જુગુપ્સા, રતિ, અરતિ, પુરૂષવેદ, સ્રીવેદ અને નપુંસકવેદ એ નવનો કષાયછે. કુલ (૨૫) ભેદથયા.

એ પ્રમાણે મોહનીય કર્મના ( ૨૮ ) ભેદ છે. એ કર્મ ચિરકાળ પર્યંત ભવ્ય પ્રાણીઓને પણ દુર્જય હોય છે. એ કર્મનો સ્વભાવ મદિરા સરખો જાણવો; કારણ કે જેમ મદિરાપાન કર્યા પછી મનુષ્ય વિકળ બની કૃત્ય કૃત્ય જાણી શક્તા નથી તેમ મોહનીય કર્મના ઉદયથી પ્રાણી પોતાનું હિત સમજી શક્તા નથી. એ કર્મની સ્થિતિ સર્વ કર્મ કરતાં અધિક સિત્તેર કોટાકોટી સાગરોપમની છે.

૫ આયુકર્મના ચાર ભેદ છે. નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ. એ કર્મનો બંધ દુર્ભેદ્ય છે તેથી તેને વજ્રનિગડની ઉપમા કહી છે. એની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે.

૬ નામ કર્મના પ્રકારાંતરે બેંતાળીશ, સડસઠ, ત્રાણુ અને એકસો ત્રણ ભેદ છે.

ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, બંધન, સંધાતન, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરૂલઘુ, પરાઘા-

ત, ઉપઘાત, આનુપૂર્વ્વી, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, વિહાયોગતિ, ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર, અપર્યાપ્ત, પર્યાપ્ત, પ્રત્યેક, સાધારણ, સૌભાગ્ય, દૌર્ભાગ્ય, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુસ્વર, દુઃસ્વર, આદેય, અનાદેય, યશ, અપયશ, નિર્માણ, તીર્થંકરનામ કર્મ. એ પ્રમાણે (૪૨) ભેદ.

ગતિચાર-નર્કગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ.

જાતિ પાંચ-એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય.

શરીર પાંચ ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ.

અંગોપાંગ-શીર્ષ, પૃષ્ટભાગ, હૃદય, ઉદર, ઉરૂદ્વય, કરદ્વય એ આઠ અંગ; તેની સાથે લાગેલ ઢીંચણ, અંગુલાદિ ઉપાંગો; અને તેને વિષે રેષા, નખ, કેશ, આદિ અંગોપાંગ, એ આદ્યના ત્રણ શરીરને હોય તેથી તેના ત્રણ ભેદ-ઔદારિક અંગોપાંગ, વૈક્રિય અંગોપાંગ અને આહારક અંગોપાંગ.

સંઘયણ છ-વજ્રઋષભ નારાચ સંઘયણ, ઋષભ નારાચ સંઘયણ, નારાચ સંઘયણ, અર્ધ નારાચ સંઘયણ, કીલિકા સંઘયણ, સેવાર્ત સંઘયણ.

સંસ્થાન છ-સમચતુરસ્ર સંસ્થાન, ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન, સાદિસંસ્થાન, વામન સંસ્થાન, કુબ્જ સંસ્થાન, હુંડકસંસ્થાન. આ છએ સંસ્થાનનો સંભવ ઔદારિક શરીરને છે બીજાને ઓછો છે.

આનુપૂર્વ્વીચાર-નરકાનુપૂર્વ્વી, તિર્યંચાનુપૂર્વ્વી, મનુષ્યાનુપૂર્વ્વી, દેવાનુપૂર્વ્વી.

વિહાયો ગતિ બે-શુભ વિહાયો ગતિ, અશુભવિહાયો ગતિ.

એ પ્રમાણેના (૩૫) ભેદની સાથે ઉપર ગણાવેલા (૪૨) માંથી ત્રસથી અપયશ પર્યંતના (૨૦) ભેદ તથા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ઉપઘાત, પરાઘાત, આતપ, અગુરૂ લઘુ, ઉચ્છ્‌વાસ, ઉદ્યોત, નિર્માણ અને તીર્થંકર એ (૧૨) ભેદ મેળવતાં કુલ ૬૭ ભેદ થાય.

બંધન પાંચ-ઔદારિકબંધન, વૈક્રિયબંધન, આહારકબંધન, તૈજસબંધન, કાર્મણબંધન.

સંઘાતન પાંચ-ઔદારિક સંઘાતન, વૈક્રિય સંઘાતન, આહારક સંઘાતન, તૈજસસંઘાતન, કાર્મણ સંઘાતન.

એ દશ ભેદ તથા વર્ણ ગંધ રસ ને સ્પર્શ એ ચાર ભેદને બદલે-વર્ણ પાંચ (કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ, શુકલ વર્ણ,) ગંધ બે (સુરભિગંધ, દુરભિગંધ,) રસ પાંચ (તીક્તરસ, કટુકરસ, કષાયરસ, આમ્લરસ, મધુરરસ) સ્પર્શ આઠ (કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરૂસ્પર્શ, લઘુસ્પર્શ, શીત સ્પર્શ, ઉષ્ણ સ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ, રૂક્ષસ્પર્શ.)-વીશ ભેદ ગણીએ એટલે (૬૭) નો સાથે (૨૬) ભેદ વધે. એ પ્રમાણે (૯૩) ભેદ થાય છે.

ઉપર બંધનના પાંચ ભેદ ગણ્યા તેના કોઇ કોઇ ગ્રંથમાં પ્રકારાંતરે પંદર ભેદ ગણ્યા છે તેથી કુલ (૧૦૩) ભેદ થાય છે.

જેમ ચિત્રકાર રમ્ય રમ્યરૂપ આળેખે તેમ નામ કર્મની

પ્રકૃતિના ઉદયથી જીવ વિચિત્ર પ્રકારના રૂપ વિગેરે ધારણ કરે છે તેથી એ કર્મને ચિત્રકારની ઉપમા અપાય છે. એની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટિ સાગરોપમની છે.

૭ ગોત્રકર્મના બે ભેદ-ઉચ્ચગોત્ર, નીચ્ચગોત્ર. જેમ કુંભાર મૃત્પિંડના કુંભ બનાવે તે મંગલકાર્યને વિષે સ્થાપિત થઇ પૂજ્ય થાય, અને મદિરાદિ ભરવાથી નિંદ્ય થાય તેમ ઉચ્ચગોત્ર કર્મના ઉદયથી જીવ વિશિષ્ટ જાત્યાદિ ગુણે કરી બુદ્ધિહીન હોય તોપણ પૂજ્ય ગણાય અને નીચગોત્રના ઉદયથી બુદ્ધિવંત હોય તોપણ જીવ પાંતિ ન પામે તેથી એ કર્મને તે પ્રમાણે જાણવું. એની સ્થિતિ વીશ કોટાકોટી સાગરોપમની છે.

૮. અંતરાયકર્મના પાંચ ભેદ દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય. આ કર્મને રાજાના ભંડારીની ઉપમા અપાય છે. એની સ્થિતિ ત્રીશ કોટાકોટિ સાગરોપમની છે.

આવી રીતે અલ્પ પ્રમાણ કહેલ પરંતુ અનલ્પ કાળ સુધી સાથે રહેનાર કર્મરૂપી મહારોગને પ્રમાદ રહિત એવા સત્પુરૂષોએ શુદ્ધ ધ્યાનરૂપી ઔષધથી શાંત કરવો. સર્વ સુખનું બીજરૂપ શુદ્ધ ધ્યાન, વિષય કષાયથી વિરક્ત થયેલ અને સંતોષને વિષે રસિકતાને ધારણ કરનારા પુરૂષોનેજ પ્રાપ્ય છે. માટે સર્વ પ્રાણીઓએ તે ગુણો ધારણ કરી શુદ્ધ ધ્યાન પ્રાપ્ત કરવાને યત્ન કરવો.

વળી સદ્વાક્યથી અન્ય વશીકરણ મંત્ર નથી. કલાથી

બીજું કાંઇ દ્રવ્ય નથી, અહિંસાથી અપર ધર્મ નથી અને સંતોષ શિવાય બીજું સુખ નથી. સેવ્ય અને સાર ભૂત તે ગુણોની જનની નિશ્ચય વિરતિજ છે અને તે વિરતિના કેવલીઓએ સર્વવિરતિ અને દેશવિરતિ એવા બે પ્રકાર કહ્યા છે. વિવેકી, મતિવંત અને સુખાર્થી પુરૂષોએ તે વિરતિ ગ્રહણ કરવામાં-સત્કૃત્યને વિષે વિઘ્નરૂપ પ્રમાદ ન કરવો. આયુષ્યનો એક ક્ષણ માત્ર સમય કોટિ રત્નોથી પણ અપ્રાપ્ય છે તો સુજ્ઞ મનુષ્યોએ પ્રમાદરૂપી રજવડે તેને શા માટે મલીન કરવો જોઇએ ? અર્થાત્ આયુષ્યની ચંચલતા સંબંધી વિચાર કરી ધર્મકાર્યમા પ્રમાદ ન કરવો."

એવી કર્મગિરિને દંભોલ સદૃશ ધર્મદેશના શ્રવણ કરીને તત્વાવબોધથી સર્વજનો શુભ ધ્યાનવાળા થયા. અતઃપુરની ત્રણ સ્ત્રીઓ અને સુબંધુએ મહાવ્રત ગ્રહણ કર્યા, અને બીજા ઘણા મનુષ્યોએ ગૃહીવ્રત અંગીકાર કર્યા. પછી સર્વ જગત્‌ને સુહૃદ સમાન ગણનાર તે રતિસાર કેવલી પૃથ્વીતળના ઘણા ભાગમાં વિહાર કરી અનેક ભવ્ય જંતુઓને પ્રબોધ પમાડી આયુષ્ય સંપૂર્ણ થયે મોક્ષ પ્રત્યે ગયા.

વાંચનાર ! આ ટુંકા પણ બોધદાયક ચરિત્રની અહીં સમાપ્તિ થાયછે. આટલા પાના વાંચવાથી તને સમજાયું હશે કે મનુષ્ય માત્રને પોતાની જીંદગીમાં સુખદુઃખ-અસ્તઉદય-સંપત્તિ વિપત્તિના પ્રસંગો અનુભવવા પડે છે અને તેનું કારણ પૂર્વકૃત કર્મ છે, માટે તારે પણ કોઇ સમયે પૂર્વકૃત કર્મના ઉદયથી-વિપત્તિના ભોક્તા થવું પડે તો અકળાઇને સુબંધુની

જેમ હિંમત ન હારતાં પુરૂષાર્થ ધારણ કરી એ વિપત્તિને પૂર્વકૃત પાપનો ક્ષય કરનારી જાણી તેમાં આનંદ માનજે; અને બહોળું કુટુંબ, ઘણા પુત્ર, અગણિત દ્રવ્ય, મ્હોટો અધિકાર વિગેરે સંપત્તિના-સુખના કારણ પ્રાપ્ત થાય તો તેથી અવિવેકી અભિમાની ન થતાં એ સર્વે પૂર્વે કરેલાં ધર્મકૃત્યના ફળ છે એમ સમજી તે ઉપકારી ધર્મને ભૂલી ન જતાં તેમાંજ ચિત્ત લગાડજે અને ચારણ મુનિએ સુબંધુને કહેલો શ્લોક તો નિરંતર તારા હૃદયપટ ઉપર લખી-ચ્હોંટાડી રાખજે; દાનને સૌભાગ્ય પ્રાપ્ત કરાવનાર, નિરોગીપણાનું કારણ-ઉત્તમ ભોગનું નિધાન-ગુણસમૂહનું સ્થાન-કાંતિને પ્રસારનાર-વૈરીને વશ કરનાર જાણી, રતિસારકુમારને પણ દાનના પ્રભાવથીજ સુખ, સંપત્તિ, કાંતિ, પરાક્રમ વિગેરે પ્રાપ્ત થયું હતું એમ વિચારી, ઘણા કુશલ પુરૂષોએ દાનના પ્રભાવથીજ સંસારનો ક્ષય કર્યો છે એમ નિશ્ચય કરી તું પણ સુપાત્રદાનમાં ઉદ્યમી થજે; અને બીજા બોધદાયક પ્રસંગો સંભારી અકૃત્યનો ત્યાગ કરી સુકૃત્યમાં લીન થજે એટલે આ ચરિત્ર વાંચવાની સાર્થકતા ગણાશે.

તથાસ્તુ !

# चरितावळी.

## भाग ३ जो.

---

### શ્રી વત્સરાજ કુમારનું ચરિત્ર.

#### વિભાગ ૩ જો.

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રને વિષે ક્ષિતિપ્રતિષ્ઠિત નામે નગર છે. ત્યાં પ્રજાપાલનને વિષે તત્પર અને એવા અનેક ગુણ-રૂપ રત્નોના મંદિર તુલ્ય વીરસિંહ નામે રાજા હતો. તે રાજા-ને શીલ રૂપ અલંકારની ધરનારી, વામ અંગને શોભાવનારી ધારિણી નામે પ્રિયા હતી. એકદા તે રાણી સ્વપ્નમાં આગળ ચાલતાં સુરેંદ્રને જોઇ જાગી. પછી પ્રાતઃકાળે શય્યામાંથી ઉ-ઠીને તે સ્વપ્ન પોતાના ભર્તાર પ્રત્યે કહેતી હુવી. ત્યારે રાજા સ્વચિત્તને વિષે વિચાર કરીને બોલ્યો-"હે પ્રિયા ! આ સ્વ-પ્નના પ્રભાવથી તને પુત્ર થશે, પરંતુ ચળાયમાન દેવેંદ્રના દર્શનથી તે પુત્ર કાંઇક ચળાચળ સ્થિતિવાળો થશે." અનુ-ક્રમે પરિપૂર્ણ સમયે રાણીને પુત્ર પ્રસવ થયો. રાજાએ તેનું નામ સ્વપ્નને અનુસારે દેવરાજ સ્થાપન કર્યું.

હવે તે પુત્ર પ્રવર્દ્ધમાન થતો જાય છે તેવા સમયમાં ફરીને રાણી સ્વપ્નમાં શંખ સરખા ઉજ્વળ પુષ્ટ દેહવાળા

એવા પોતાના ઉત્સંગમાં રહેલા એક વૃષભને દેખતી હવી. જાગીને પ્રભાતે સ્વામી પ્રત્યે કહેતી હવી-" હે સ્વામિન્ ! આજે રાત્રે સુખશય્યામાં સુતાં કૈલાશ સદૃશ ઉજ્વળ એક વૃષભને મેં સ્વપ્નમાં દીઠો છે તો તેના પ્રભાવનું શું ફળ મને પ્રાપ્ત થશે ?" રાજા બોલ્યો-"હે દેવી ! એ સ્વપ્નના પ્રભાવ થકી તને પુત્ર ઉત્પન્ન થશે, અને તે પુત્ર રાજ્યભાર ધારણ કરવાને ધુરા સમાન, મહા બળવાન્ તથા ભાગ્યવાન્ થશે." આ પ્રમાણે ફળ સાંભળીને ધારણી મહા હર્ષ પામતી હવી. અનુક્રમે શુભ વેળાએ પુત્ર પ્રસવ થયો. રાજાએ દશ દિવસ પર્યંત મહોત્સવ કર્યા બાદ અગ્યારમે દિવસે સ્વજનવર્ગની સમક્ષ સ્વપ્નને અનુસારે તે પુત્રનું વત્સરાજ એવું નામ નિર્માણ કર્યું.

વત્સરાજ પણ અનુક્રમે વૃદ્ધિ પામતો સતો આઠ વર્ષનો થયો. એટલે રાજાએ કળાચાર્ય સમીપે મૂકયો. તે મહા બુદ્ધિવાન્ હોવાથી સ્વલ્પકાળમાં સમસ્ત કળાઓ શિખ્યો. અન્યદા તેનો પિતા વીરસિંહ રાજા દાધ જ્વરાદિ મહાવ્યાધિએ ગ્રસ્ત થયો. ત્યારે તેનો સઘળો પરિવાર પોતાના સ્વામીને વિષવ્ય રોગ પ્રાપ્ત થયેલો જોઇને દુઃખિત થતો હવો. પછી સર્વ પ્રજાવર્ગ એકત્ર થઇને આ પ્રમાણે વિચારવા લાગ્યો કે " આ પ્રથમ પુત્ર દેવરાજ જો કે વયે કરીને જ્યેષ્ઠ છે, પરંતુ વત્સરાજ જે ગુણે કરીને જ્યેષ્ઠ છે તે જો રાજ્યાધિપતિ થાય તો સારૂં." આ પ્રમાણેની લોકોક્તિ સાંભળીને એક મંત્રીની સાથે વિચાર કરી દેવરાજે

હસ્તી અશ્વાદિક સૈન્ય પોતાને વશ કર્યું. વીરસિંહ રાજા જે અત્યંત વ્યાધિએ કરીને પીડિત હતો તેણે લોકોના મુખથી એવી ખબર સાંભળીને કહ્યું કે "આ મંત્રીએ આ કાર્ય બહુજ અયુક્ત કર્યું; કેમકે રાજ્યને યોગ્ય તો વત્સરાજ કુમારજ છે, પરંતુ હવે હું આવી દશાને પ્રાપ્ત થયેલો શું કરૂં!" આ પ્રમાણે બોલતાં બોલતાં આયુષ્ય ક્ષય થવાથી રાજા મૃત્યુ પામ્યો.

ત્યાર પછી દેવરાજ કુમારે પિતાનું રાજ્ય જનાનુરાગ વિના ગ્રહણ કર્યું. મહા વિનય ગુણયુક્ત વત્સરાજ કુમાર તો એ વાત દીલમાં પણ ન લાવતાં પિતા પ્રમાણેજ દેવરાજની પ્રણામાદિક સત્ક્રિયા કરવા લાગ્યો, પરંતુ દેવરાજના પક્ષકારી સચીવ વિગેરે, પરિજન ઉપર અનુરાગવાન્ જોઇને વિચારવા લાગ્યા કે આ વત્સરાજ વૃદ્ધિ પામ્યો સતો રાજ્ય હરણ કરશે. યદુક્તં નીતિશાસ્ત્રે—

तदास्मिन् हिते स्वस्य, नोपेक्षा युज्यते खलु ।
कोमलोपि रिपुच्छेद्यो, व्याधिवद् बुद्धिशालिना ॥

"પોતાના હિતને માટે ઉપેક્ષા કરવી યોગ્ય નથી. માટે બુદ્ધિશાળી મનુષ્યોએ કોમળ અર્થાત્ નાનો એવો શત્રુ પણ વ્યાધિની પેઠે છેદ કરવા યોગ્ય અથવા નાશ કરવા યોગ્યછે."

આ પ્રમાણે વિચારીને મંત્રીએ તે વાત દેવરાજ પ્રત્યે કહી. દેવરાજે કહ્યું–"ત્યારે તેનું શું કરવું?" મંત્રી બોલ્યો "હે રાજન્! આ વત્સરાજ અહીં રહ્યો સતો તમને

હિતનો કરનારો નથી, માટે જે તે ઉપાયે કરીને તેને નગરમાંથી કાઢવો જોઇએ. જો કે તે કનિષ્ટ છે પરંતુ અનિષ્ટ કરવા વાળો છે." આમ કહે સતે એકદા દેવરાજે કનિષ્ટ બંધુ પ્રત્યે આ પ્રમાણે કહેવરાવ્યું કે "તારે મારો દેશ તજી દઇને અન્યત્ર ગમન કરવું." વત્સરાજે આ પ્રમાણેનો પોતાના ભાઇનો આદેશ સાંભળી પ્રણામ કરીને પોતાની માતા પ્રત્યે કહ્યું. એટલે તે પણ તે વચન સાંભળીને દુઃખિત થઇ સતી અશ્રુપાત કરવા લાગી. વત્સરાજ માતાને દુઃખી થતી જોઇને કહેવા લાગ્યો-"હે માતા! તું ખેદ શા માટે કરે છે? મારો જ્યેષ્ઠ ભ્રાતા દેવરાજ અહીંઆં વિજયવાન્ પ્રવર્તે છે અને હું તેના આદેશે કરીને દેશાંતરે જાઉંછું, તેથી હે માતા! તું આદેશ આપ." આમ કહે સતે દેવી બોલી-"હે વત્સ! જો તું દેશાંતરે જવા ઇચ્છે છે તો હું પણ મારી બેન સહિત તારી સાથેજ આવીશ." વત્સરાજ બોલ્યો-"હે માતા! તમારે અત્રે રહેવુંજ યોગ્ય છે. પરદેશગમન તમને દુષ્કર છે. વળી દેવરાજ પણ તમારોજ પુત્ર છે માટે તેની પાસે સુખે કરીને રહો." માતા બોલી "હે વત્સ! હું તો તારી સાથેજ આવીશ. જે દેવરાજ તારો અહિતકારી છે તેનું મારે કાર્ય નથી." આ પ્રમાણે કહી પોતાની નાની બહેનને સાથે લઇને ધારિણી તેની સાથે ચાલતી થઇ. તે અવસરે દેવરાજે રથ તુરગાદિક કાંઈ પણ વાહન આપ્યું નહીં, તેથી વાહન વિના પાદચારીપણે તે વત્સરાજની સાથે ચાલ્યા. ઉપર દેવરાજે લોકોને ત્યાં સુધી કહેવરાવ્યું

કે 'વત્સરાજની સાથે જે કોઇ જશે તે મારે હણવા યોગ્ય છે.' આ પ્રમાણે કહીને સમસ્ત પરિવાર વર્ગનું તેણે નિવારણ કર્યું. એટલે આખા નગરમાં હાહાકાર વર્ત્તી રહ્યો. તે વખતે નગરમાં કોઇ એક પણ મનુષ્ય એવું નહોતું કે જેણે વત્સરાજના જવાનો શોક ન કર્યો હોય. જનારના સૌભાગ્યવડે લોકો એમ બોલતા હ ા કે "આજે આ નગર અનાથ થયું. વીરસિંહ રાજા ખરા તો આજેજ મૃત્યુ પામ્યા. પ્રજાનો ક્ષયકાળ આવ્યો." આ પ્રમાણે લોકોના મુખથી સાંભળતો વત્સરાજ પોતાની માતા તથા માસીની સાથે અનુક્રમે માળવા દેશમાં આવેલી ઉજ્જયિની નગરી પ્રત્યે આવ્યો.

તે નગરીમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરે છે. તેની પટ્ટરાણી કમળશ્રી નામે વિદ્યમાન છે. એવે અવસરે નગરની બહાર પાદચારીપણાથી શ્રાંત થયેલી ધારિણીદેવી તરૂછાયા તળે બેસીને વિચારવા લાગી–'અરે દેવ! તેં આ શું કર્યું! હું વીરસીંહ રાજાની પ્રાણવલ્લભા થઇને હંત ઇતિ ખેદે! આવી અવસ્થા મારી કેમ થઇ!' આ પ્રમાણે વિચારતી ત્યાં બેઠી છે તે અવસરે તેની બેહેન વિમળાએ તેની આજ્ઞા લઇને નિવાસસ્થિતિ જોવા માટે નગરમાં પ્રવેશ કર્યો. ચારે તરફ જોતાં જોતાં અનુક્રમે સોમદત્ત શ્રેષ્ઠીનું મંદિર માર્ગમાં જોઇને તેના મંદિરમાં પ્રવેશ કરી શાંત મૂર્ત્તિવાળા તેમજ પરોપકારી સોમદત્ત શેઠ પ્રત્યે દીન વાક્યે કરીને કહેવા લાગી– "હે તાત! હું, મારી બેહેન અને મારી બેહેનનો પુત્ર એમ ત્રણ જણ અમે પરદેશથી અહીં આવ્યા છીએ, તેથી તમે

જો કોઇ નિવાસસ્થાન બતાવશો તો અમે તમારા આધારવડે અહીં રહીશું." શેઠે દાક્ષિણ્યતાથી તેમજ પરોપકારબુદ્ધિથી તેને એક ઓરડો બતાવ્યો અને કહ્યું-'તમારે અહીં રહેવું પણ મને કાંઇક ભાડું આપજો.' વિમળા બોલી-"હે શ્રેષ્ઠી! અમારી પાસે ભાડું આપવાને કાંઇ નથી, પરંતુ અમે બંને બેહેનો તમારા ઘરનું સઘળું કામ નિરંતર કરશું તેના બદલામાં તમે અમને ભોજન આપજો. મોટાના ઘરને વિષે તૃણ પણ કામ આવે છે તો મનુષ્ય કામ આવે તેમાં શું આશ્ચર્ય!" વ્યવહારીએ તેનું વચન કબુલ કર્યું એટલે વિમળાએ પુત્ર સહિત ધારિણીને ત્યાં બોલાવી, અને તે શેઠના અવષ્ટંભવડે ત્રણે જણ ત્યાં રહ્યા. બંને સ્ત્રીઓ તેને ઘરે કર્મકરવૃત્તિ કરવા લાગી, અને વત્સરાજ તેની ગાય પ્રમુખ લઇને વનમાં ચારવા લઇ જવા લાગ્યો.

એકદા ઢોર ચરે છે તેવે વખતે વૃક્ષની છાયા નીચે સુતેલા વત્સરાજે શ્રમ કરતા રાજકુમારોનો શબ્દ સાંભળ્યો, એટલે કૌતુકે કરીને તેમને જોવા સારૂ ઢોરને ચરતાં મૂકીને ત્યાં ગયો. તેમાં જ્યારે કોઇ પણ કુમાર પોતાનો ઘા ચુકે છે ત્યારે સમીપ રહેલો વત્સરાજ મ્લાન વદનવાળો થાય છે અને જ્યારે બરાબર સ્થાને પ્રહાર થાય છે ત્યારે હર્ષ પામ્યો સતો તેની પ્રશંસા કરે છે. આ પ્રકારનું તેનું ચેષ્ટિત જોઇને કળાચાર્ય વિચારવા લાગ્યો કે "આ કોઇ બાળરૂપવાળો છતાં પણ શસ્ત્રકર્મને વિષે વિચક્ષણ જણાય છે." આમ વિચારીને તેણે વત્સરાજ પ્રત્યે પૂછ્યું-"હે વત્સ! તું કયાંથી

આવેલો છે ?" વત્સરાજે કહ્યું-"હે તાત ! હું પરદેશી છું." વળી કળાચાર્ય બોલ્યા-"તું સ્વહસ્તમાં શસ્ત્ર ધારણ કરીને એકવાર પોતાનું શસ્ત્રકૌશલ્ય અમારી પાસે પ્રકાશ કર." આમ કહે સતે વત્સરાજે અવસર જાણીને પોતાનો શસ્ત્રાભ્યાસ તેમની સમીપે પ્રકાશિત કર્યો. એટલામાં તે સર્વ રાજકુમારોનું ભોજન ત્યાંજ આવ્યું એટલે સર્વ ભોજન કરવા બેઠા, તે વખતે વત્સરાજને પણ તેના કળાભ્યાસથી તુષ્ટમાન થયેલા સર્વ રાજકુમારોએ અત્યાગ્રહપૂર્વક પોતાની સાથે ભોજન કરવા બેસાડ્યો. ભોજન કર્યા પછી વિનોદ કરવા માટે સંધ્યાકાળ સુધી તે ત્યાંજ બેઠો.

હવે રક્ષપાળ વિના ગાય વિગેરે પશુ તો વહેલાં ઘર પાસે આવ્યાં ત્યારે શ્રેષ્ઠીએ વિમળા ધારિણીને પૂછ્યું-"આજે વત્સો દિવસ છતાં વહેલાં ઘરે આવ્યા તેનું શું કારણ ? એમનો રક્ષક તમારો પુત્ર આવ્યો છે કે નહીં ?" ત્યારે વિમળા બોલી-" હે શેઠ! આપણા પશુઓ વહેલાં આવ્યાનું કારણ અમે કાંઇ જાણતા નથી, પરંતુ વત્સરાજ અદ્યાપિ આવ્યો નથી." જ્યારે સંધ્યાસમય થયો ત્યારે વત્સરાજ એકલો ઘર પાસે આવ્યો. માતા તથા માસીએ પૂછ્યું-"હે વત્સ! આટલો સમય તને કયાં લાગ્યો ? " તેણે કહ્યું-"હે માતા ! વત્સોને ચરતાં મૂકીને હું બહાર સુતો હતો એટલે મને નિદ્રા આવી ગઇ. કોઇએ જગાડ્યો નહીં; હમણા હું મારી મેળે જાગીને અહીં આવ્યો."

ત્યારપછી બીજે દિવસે પણ પોતે કળાભ્યાસના રસમાં

પડયો, એટલે ગાય વિગેરે ઘરે વહેલાં ગયા. ત્રીજે દિવસે પણ તેમજ થયું. એટલે શેઠે ધારિણી અને વિમળાને ઉપાલંભ દીધો કે "આ વત્સરાજ ઢોરને મૂકીને કયાં જાય છે તે જણાતું નથી, અને તેથીજ ઢાર દરરોજ વહેલાં આવે છે." શેઠનું આવું વચન સાંભળીને જ્યારે વત્સરાજ આવ્યો ત્યારે તેમણે સરોષપણે કહ્યું-"શું તું ભૂલી ગયો છે કે આપણને પરદેશમાં આવીને પારકે ઘરે કર્મકરપણું કરતા સતા ભોજન પણ કષ્ટવડે પ્રાપ્ત થાય છે તો એવે વખતે તું ઉલટો અમને ઉપાલંભ કેમ દેવરાવે છે?" આમ કહે સતે વત્સરાજ બોલ્યો-"હું વત્સકોને ચારીશ નહિ, તમારે શેઠને એ પ્રમાણે કહેવું." ધારિણીએ પોતાના પુત્રની બાળચેષ્ટા જાણીને શેઠ પ્રત્યે કહ્યું-"આ મારો પુત્ર બાળક હોવાથી મુગ્ધપણે ક્રીડા કરે છે, તમારાં ઢાર ચારી શકતો નથી. અમે ઘણી રીતે સમજાવ્યો પણ તે બાળક હોવાથી માનતો નથી." અશ્રુપાત વડે સંયુક્ત તેમનું આવું બોલવું સાંભળીને શેઠે તેમને કહ્યું-"બાળકો તો એવાજ હોય! માટે તેની ફીકર ન કરશો."

હવે વત્સરાજ નિરંતર પ્રાતઃકાળે ઉઠીને તે કુમારોની પાસે જઇ કળાભ્યાસ કરવા લાગ્યો, અને જમવાનું પણ ત્યાંજ બનવા માંડયું. એકદા માતાએ પૂછયું-"હે વત્સ! સાંજ સુધી તું કયાં રહે છે, કયાં જાય છે અને ભોજન પણ કયાં કરે છે?" તેણે કહ્યું-"જ્યાં રાજકુમારો કળાભ્યાસ કરેછે ત્યાં હું જાઉંછું, તેમની સાથે કળાભ્યાસ કરૂં છું, અને ભોજન પણ હું ત્યાંજ કરૂંછું." એમ કહે સતે ધારિણી માતા

સાશ્રુલોચને તેને કહેવા લાગી-"હે વત્સ! તું અમારી ચિંતા કાંઇ કેમ કરતો નથી ? હે નંદન! આપણા ઘરમાં ઇંધન બીલકુલ નથી તો તે કાંઇથી લાવી આપે તો ઠીક." વત્સરાજ બોલ્યો-"હે માતા! શેઠની પાસેથી કુઠારીકા અને કાવડ માગી લાવીને મને આપો, એટલે હું બહાર વનાંતરમાં જઇને સાર સાર ઇંધન લાવું." તેજ વખતે તેમણે શેઠ પાસેથી બંને વાના માગીને લાવી આપ્યા, એટલે વત્સરાજ બીજે દિવસે પ્રભાતે કુહાડી તથા કાવડ લઇને દૂર એક અટવી હતી ત્યાં ગયો. ત્યાં નાના પ્રકારનાં વૃક્ષો જોઇને એમ વિચારવા લાગ્યો કે 'જો કોઇ પ્રવર ચંદનવૃક્ષ મળી આવે તો તેવડે કરીને મારા દારિદ્રનું ઉન્મૂલન કરૂં અને મારી માતા તથા માસીના વાંછિત પૂરૂં.' એમ વિચારીને તે વનમાં પરિભ્રમણ કરતા તેણે એક દેવકુળિકા (દેરી) દીઠી; તેમાં પ્રભાવવાળી એવી યક્ષની પ્રતિમાને જોઇ તેને નમસ્કાર કરીને ત્યાં ઉભો છે, તેટલામાં દૂરથી કાંઇક શુભગંધ આવ્યો. તે ગંધાનુસારે તેણે જાણ્યું કે જરૂર આ વનમાં કોઇ સ્થાનકે ચંદનવૃક્ષ છે. એમ વિચારીને ગંધાનુસારે ચાલ્યો એટલે તેણે સર્પવેષ્ટિત એક ચંદનનું વૃક્ષ દીઠું. જોઇને તરતજ અત્યંત સાહસવડે તે વૃક્ષને પ્રકંપવડે હલાવ્યું, એટલે સર્વ વિષધરો ત્યાંથી ઉતરીને જતા રહ્યા. આ વન યક્ષાધિષ્ઠિત છે એમ જાણીને પ્રથમ કોઇએ પણ આ ચંદનનું વૃક્ષ છેદન કરેલું નહીં તે વત્સરાજે મહા સાહસીકપણે છેદન કર્યું. તેની એક શાખા છેદી, તેના નાના

નાના ખંડ ખંડ કરી કાવડને બંને પાસે ક્ષેપન કરી હર્ષ પામ્યો સતો જેવો પોતાના ઘર તરફ ચાલ્યો અને નગરીની સમીપે આવ્યો તેવામાં સૂર્ય અસ્ત થવાથી નગરનાં દ્વાર બંધ થયેલાં માલમ પડ્યાં. શાકિનીના ભયથી તે નગરમાં સૂર્યાસ્ત થયે દ્વાર બંધ કરી સૂર્યોદય થયે દ્વારોદ્‌ઘાટન કરવાનો રિવાજ હતો; તેથી વત્સરાજે વિચાર્યું કે 'જો હું અહીં નગરીની સમીપેજ રાત્રિવાસો રહીશ તો આ ચંદનની સુગંધ સર્વત્ર વિસ્તાર પામી જશે, અને લોકો આ ચંદનનાં કાષ્ઠ છે એમ જાણશે.' એમ વિચારી પાછો વળીને વનમાં જઈને રાત્રિ રહેવાનો નિર્ણય કર્યો. તેણે વિચાર્યું કે શીતનો ઉપદ્રવ ઘણો છે તેથી અહીં રાત્રિ રહેવાથી શીત પણ બહુ લાગશે માટે વનમાં જઇને જે દેવકુળીકા મેં જોયેલી છે તેમાં જઈને વિશ્રામ કરૂં.' એમ વિચારીને ત્વરાએ વનમાં જઇ એક વૃક્ષની સાથે કાવડને ઉંચી બાંધી પોતે દેવકુળમાં પેઠો અને તેના દ્વાર અંદરથી બંધ કરી, કુઠારીકા પાસે મૂકીને તે વીર શીરોમણિ એક બાજુએ નિર્ભયપણે સુતો.

એ અવસરે વૈતાઢ્ય પર્વત નિવાસી ખેચરીઓનો સમૂહ વિમાનમાં બેસીને યક્ષના સમીપે આવ્યો. પછી તે વિદ્યાધરીઓ સારશૃંગાર ધારણ કરીને યક્ષની ભક્તિને અર્થે ગીત તથા નૃત્ય કરવાને ઉદ્યમવંત થઇ થકી પ્રસાદના બ્રાહ્મમંડપને વિષે રહેલી પરસ્પર આ પ્રમાણે બોલવા લાગી "હે ચિત્રલેખા! તું વીણા વગાડ. હે માનસિકા! તું તાળવાદન કર. હે વેગવતી! તું વગાડવા માટે પટહ સજજ કર. હે પવન-

કેતના! મૃદંગ તૈયાર કર. હે ગાંધર્વિકા! ગાયન કરવાને તત્પર થા. જેથી અમે નૃત્ય કરીએ અને આ મનોજ્ઞ સ્થાનકને વિષે ઇચ્છા પૂર્ણ કરીએ." આ પ્રમાણે બોલતી સતી ખેચરીઓ યથેચ્છપણે હાસ્યતોષવડે પરવશ થઇ થકી ક્રીડા કરતી હતી. પછી પ્રસ્વેદના જળવડે ક્લિન્ન થયેલા વસ્ત્ર ઉતારી, બીજાં વસ્ત્ર ધારણ કરીને ક્ષણમાત્ર ત્યાં વિશ્રામ લઇ સર્વે વિદ્યાધરીઓ સ્વસ્થાન પ્રત્યે જવાને ચાલી. તે સઘળો વખત વત્સરાજે તેમનું સર્વ ચેષ્ટિત તથા ગીત નૃત્યાદિક કુંચીના વિષયદ્વારા જોયું. પછી જ્યારે તે સઘળી ગઇ ત્યારે પાછળ તેનું વિચિત્ર પ્રકારના મણિરત્ને મંડિત અને દેદીપ્યમાન એવા એક કુંચકને વિસ્મૃત થવાથી પડી રહેલ જોઇને વત્સરાજ દ્વાર ઉઘાડી તે શ્રેષ્ઠ કુંચક ગ્રહણ કરીને પાછો શીઘ્રપણે દેવકુળમાં પેઠો. એટલામાં તે ખેચરીઓ માંહેની પ્રભાવતી નામની એક ખેચરી કુંચકને ભૂલી ગયેલ જાણીને બોલી-"હે સખીઓ! તે દેવકુળને વિષે મારો બહુ મૂલ્યવાન્ કુંચક હું ભૂલી ગઇછું." ત્યારે તેમણે કહ્યું કે "હે પ્રભાવતી! તમે વેગવતીની સાથે ત્યાં જઈને સત્વર તમારો કુંચક લઇ આવો." તરતજ તે બંને પાછી વળી અને દેવકુળે આવીને બધે સ્થાનકે કુંચક જોયો; પરંતુ ત્યાં કોઇ પણ સ્થાનકે દીઠો નહીં ત્યારે પ્રભાવતી વેગવતી પ્રત્યે બોલી--"હે સખી! આટલી વારમાં તે કુંચક ક્યાં ગયો હશે? આ સ્થાનક તો નિર્માનુષ્ય જણાય છે; વળી રાત્રિ પણ બે પ્રહર જેટલી બાકી છે તો એને લેનાર કોણ

હોય ?" વેગવતીએ કહ્યું—"કદાચિત્ તે વાયુવડે ઉડીને દૂર પડી ગયો હશે, માટે પ્રમાદ તજીને જોવું જોઇએ." પછી ફરતું સર્વ જગ્યાએ સારી રીતે જોયું પણ કોઇ જગ્યાએ કુંચક દીઠો નહીં, પરંતુ વૃક્ષની શાખાએ બાંધેલ કાવડ તેની નજરે પડી એટલે વિચાર્યું કે "આ દેવકુળની અંદર કોઇ પુરૂષ પ્રવેશ કરી રહ્યો જણાય છે તેથી તેણેજ કુંચક ગ્રહણ કર્યો હશે માટે આપણે એને ભય પમાડીએ." એમ વિચારી દેવકુળના દ્વાર સમીપે જઇને તે બંને બોલી-"હે મનુષ્ય! તું પ્રાસાદમાંથી નીકળ અને અમારો કુંચક આપી દે, નહીં તો અમે તારૂં મસ્તક ચૂર્ણ કરશું." આ પ્રમાણે વારંવાર કહેતા છતાં પણ વીરશિરોમણિ વત્સરાજ ક્ષત્રિય હોવાથી સ્વલ્પ માત્ર પણ ભય પામ્યો નહીં, વિદ્યાધરીઓ યક્ષના ભયથી દ્વાર ભગ્ન કરીને ઉઘાડવા સમર્થ થઇ નહીં. એટલે બહાર રહીનેજ બોલ્યા કર્યું. છેવટ જ્યારે કોઇ બોલ્યું નહીં ત્યારે તેણે વિચાર્યું કે 'અત્યારે જે અહીં દેવકુળમાં રહ્યો હશે તેનું કોઈ પણ સંબંધી નગરમાં હશે ખરૂં અને તે આના વિયોગવડે રૂદન કરતા હશે માટે આપણે નગરમાં જઇને તેનું નામ ઠામ જાણી આવીએ.' પછી તે બંને ખેચરી આકાશ માર્ગે નગરમાં જઇને જુએ છે તો ધારિણી અને વિમળા એ બંને સ્ત્રીઓને મહા દુઃખે કરીને પોતાના પુત્રનું નામ ગ્રહણ કરી કરીને મુક્તકંઠે રૂદન કરતી સાંભળી-"હા ! વીરસેન નૃપપુત્ર! હે પવિત્ર ચરિત્ર ! હે વત્સરાજ કુમાર ! તારી આવી શું અવસ્થા થઈ, જેથી

રાજ્યાપહાર, દેશાંતરગતિ, પરગૃહનિવાસ તથા કષ્ટવડે ભોજનની પ્રાપ્તિ થઇ છે. હા પુત્ર! અમે અધન્યોએ તને ઇંધન લેવા માટે શું કામ મોકલ્યો જેથી અદ્યાપિ પર્યંત તું આવ્યો નહીં." આ પ્રમાણેનાં વચનોથી તેના વૃત્તાંતને જાણીને પૂર્વે દેવકુળ સમીપે આવી તેની માતા તથા માસીના સ્વરે કરીને તે બોલવા લાગી "હે વત્સરાજ! અમે તારા વિયોગની પીડાએ કરીને આખા નગરમાં ભમી ભમીને અહીં આવ્યા છીએ, માટે હવે તું તારૂં મુખ અમને દેખાડ." આવાં વચન સાંભળીને વત્સરાજ વિચારવા લાગ્યો કે "અત્યારે મારી માતાનું આગમન અહીં સંભવિત નથી, તેથી આ સઘળી કુંચકઅર્થી વિદ્યાધરીઓની માયા જણાય છે." આમ વિચારીને અંદરથી ઉત્તર ન આપ્યો એટલે સૂર્યોદય સમયપર્યંત અનેક પ્રકારે પોકાર કરીને પ્રાંતે વિદ્યાધરીઓ સ્વસ્થાનકે ગઈ.

પ્રભાતે કુંચીના વિવરમાંથી ઉદ્યોત દેખીને દ્વાર ઉઘાડી વત્સરાજ બહાર નીકળ્યો, અને કુંચક શ્રીખંડવૃક્ષના કોટરમાં ગોપવી શ્રીખંડના કાષ્ઠની કાવાકૃતિ લઇ એક સાધારણ કાષ્ઠ હસ્તમાં ગ્રહણ કરીને ગામમાં ચાલ્યો; નગરને દરવાજે દ્વૌવારીકને હાથમાંહેનું સાધારણ કાષ્ઠ આપી ઘર ભણી જતાં ચારે તરફ ચંદનનો ગંધ વિસ્તાર પામવા લાગ્યો. લોકો આવી સુગંધ ક્યાંથી આવે છે તેનો વિચાર કરતાં તેની સામે જોવા લાગ્યા; પરંતુ ચંદનકાષ્ઠનો સંભવ હોવાથી વાયુપ્રેરિત સુગંધ હશે એમ વિચારી કાષ્ઠવાહક વ-

ત્સરાજની ઉપેક્ષા કરી. વત્સરાજે પણ શીઘ્રપણે ઘરે આવીને તે કાષ્ઠો એકાંતમાં ગોપવ્યાં, અને તેમાંથી એક કાષ્ઠ પોતાની માતૃસ્વસાના હસ્તમાં આપીને બોલ્યો 'તમે આ કાષ્ઠ લઇને સોગંધીકની દુકાને જાઓ, અને આનું જેટલું દ્રવ્ય મળે તેટલું લઇ આવો.' વિમળાએ તત્કાળ તેનો વિક્રય કરી પ્રચુર દ્રવ્ય લાવીને વત્સરાજને બતાવ્યું. વત્સરાજે કહ્યું-" તમારે હવે પરગૃહકર્મ ન કરવું. જે અન્નપાનાદિક જોઇએ તે આ દ્રવ્યવડે લાવવું, અને શેઠને તેના મકાનનું યોગ્ય ભાડું આપવું. આટલું દ્રવ્ય થઇ રહે ત્યારે વળી બીજો ખંડ વિક્રીય કરીને તેનું દ્રવ્ય મેળવવું. આ કાષ્ઠો એટલાં બધાં છે કે તેના યોગવડે તમારા ઘરને વિષે દ્રવ્યની ન્યૂનતા નહીં થાય. હવે આજથી તમારે પરાધીનપણે ન રહેવું. હું આખો દિવસ સ્વેચ્છાએ ક્રીડા કરવા જઇશ, અને રાત્રે અહીં શયનાર્થે આવીશ. તમારે કોઇ પ્રકારનું દુઃખ ધારણ ન કરવું." આ પ્રમાણે કહીને વત્સરાજ કુમારોની સમીપે ગયો એટલે વત્સરાજને તેમણે પૂછયું-'હે ભ્રાત! કાલે તું કેમ આવ્યો નહોતો?' વત્સરાજે કહ્યું-'કાલે મારે શરીરે તથાપ્રકારનું નિરામયપણું નહોતું તેથી આવ્યો નહોતો.' કુમારોએ કહ્યું-'અમે તમારૂં ઘર જાણતા નથી નહીંતો અમે તમને મળવાને આવત.' આ પ્રમાણે સાંભળીને વત્સરાજ આનંદ પામ્યો.

પછી કળાચાર્યે વત્સરાજને પૂછયું-'હે સત્પુરૂષ! તારૂં કુળ કયું? તારા પિતા કોણ? તારી માતા કોણ? તારી

જન્મભૂમિ ક્યાં ? એ કહે." વત્સરાજે કહ્યું "તમારે મારૂં સ્વરૂપ સાંપ્રત પૂછવું નહીં, પ્રસ્તાવે સઘળું નિવેદન કરીશ." રાજકુમારોએ તેના ભાવને જાણીને પૂછવું બંધ કર્યું અને તે વત્સરાજ પ્રત્યે ભોજન વસ્ત્રાદિક સર્વે પરમ પ્રીતિપૂર્વક આપવા લાગ્યા.

એકદા કળાચાર્ય તે સર્વે કુમારોને તથા વત્સરાજને પણ સાથે લઇને નૃપસમીપે આવ્યા. સઘળા કુમારો રાજાને પ્રણામ કરીને યથાસ્થાને બેઠા. તે સમયે રાજાએ વત્સરાજ કુમારને નવીન જોઈને કુમારોને પૂછયું-"હે વત્સ ! તમારી સમીપે બેઠેલ આ કુમાર કોણ છે ?" કુમારોએ કહ્યું-"એ અમારો પ્રતિપન્ન બાંધવ છે." પછી રાજાએ કળાચાર્ય પ્રત્યે પૂછયું-"આ કોનો પુત્ર છે અને કેવા વિજ્ઞાનવાળો છે ?" કળાચાર્ય બોલ્યા-'હે સ્વામિન્! એનું કુળાદિક તો સમ્યક્ પ્રકારે જાણતો નથી, પરંતુ વિજ્ઞાનકળાએ કરીને તો એની સદૃશ્ય બીજું કોઇ આ જગત્‌ને વિષે હું દેખતો નથી.' પછી રાજાએ પ્રથમ બીજા રાજકુમારોના વિજ્ઞાનની પરીક્ષા કરી. તદનંતર નૃપાદેશ થકી વત્સરાજ સ્વકીયકળા કૌશલ્ય સવિશેષપણે દેખાડતો હતો. ત્યારે રાજા તેના વિજ્ઞાનકળાના ચાતુર્યવડે ચમત્કાર પામ્યો સતો બોલવા લાગ્યો-'હે વત્સ ! તું સ્વકીય ગોત્રવર્ણન કર કેમકે પ્રચ્છન્ન રહેલા મૌક્તિકાદિકની પણ કિંમત થતી નથી.' વત્સરાજે વિચાર્યું કે પૂર્વાચાર્યો કહી ગયા છે કે—

प्रस्तावे भाषितं वाक्यं, प्रस्तावे दानमंगिनां ।
प्रस्तावे दृष्टिरल्पापि, भवेत् कोटिफलप्रदा ॥

"પ્રસ્તાવે બોલેલું વાક્ય, પ્રસ્તાવે આપેલું પ્રાણીને દાન અને પ્રસ્તાવે થયેલી સ્વલ્પ પણ વૃષ્ટિ કોટી ફળને આપનાર થાય છે." આમ વિચારી પ્રસ્તાવ જાણીને વત્સરાજે જ્યારે નિ:શંકપણે પોતાની સર્વે હકીકત મૂળથી પ્રારંભીને કહી બતાવી ત્યારે નૃપની સમીપ ભાગે બેઠેલી કમળશ્રી નામે રાણી તે વાર્તા સાંભળીને સસંભ્રમપણે વત્સરાજની સમીપે આવીને પૂછવા લાગી "હે વત્સ ! શું ધારિણી અને વિમળા પણ અહીં આવેલ છે ?" ઉત્તરમાં વત્સરાજે 'હા' કહી એટલે કમળશ્રીએ નૃપ પ્રત્યે કહ્યું-"હે પ્રાણેશ ! તે ધારિણી અને વિમળા બંને મારી મોટી બહેનો છે, અને આ મારો ભાણેજ થાય છે. તેથી જો આપની આજ્ઞા હોય તો હું તેમને મળવા જાઉં." રાજાએ કહ્યું " હે દેવી ! શીઘ્રપણે તું ત્યાં જા અને કુમાર સહિત તારી બંને બહેનોને અહીં આપણા રાજ્યમહેલમાં લઇ આવ, કેમકે તેઓ ત્યાં દુ:ખી સ્થિતિમાં છે." પછી તરતજ તે કમળશ્રી રાણી નૃપાદેશને પામીને હસ્તી ઉપર આરોહણ કરી, માથે છત્ર ધરાવી, ઘણા પરિવાર સાથે શ્રેષ્ઠીને ઘરે આવી. શેઠ તરતજ દૂરથી રાણીને આવતાં દેખીને આશ્ચર્ય પામી અનેક પ્રકારના વિનયોપચાર કરવા લાગ્યો. રાણીએ તેમનું નિવારણ કર્યું કે 'હે શેઠ ! તમે સ્વસ્થ થઇને બેસો. આક્ષેપ કરો નહીં.' હવે તે રાણી ધારિણી તથા વિમળા જ્યાં છે ત્યાં જવા ઉદ્યમવંત થઇ ત્યાર અગાઉ આમથીજ વત્સરાજે ત્યાં જઇને પોતાની માતા તથા મા-

સીને નમસ્કાર કરી પોતાની સઘળી વાત કહી બતાવી અને કહ્યું–" હે અંબે! આ નગરનો જે ભૂપતિ છે તે તમારો ભગિનીપતિ છે, અને તમારી બહેન કમળશ્રી તમને મળવા માટે અહીં આવે છે." આ પ્રમાણે કહે સતે તેઓએ કહ્યું "હે પુત્ર! એ પ્રકારનો સંબંધ અમે પ્રથમથીજ જાણતા હતા, પરંતુ લજ્જાવડે પ્રકાશ કર્યો નહોતો." આમ કહીને તે બંને હર્ષવડે મંદિરની બહાર નીકળીને પોતાની બહેનને મળવા સારૂ આગળ ચાલી કે તરતજ કમળશ્રી હાથીણી ઉપરથી ઉતરીને બહેનોને કંઠે વળગી પડી. પછી કમળશ્રી રાણી ગાઢ સ્વરે રૂદન કરતી બોલી-"હે બહેન! તમારી આવી દારૂણ અવસ્થા કેમ થઇ? પરંતુ તેમાં તો વિધિનોજ દોષ છે, જેથી ઉત્તમ જનોને કષ્ટની પ્રાપ્તિ થાય છે. પણ હે બહેનો! તમે અહીં આવીને શા માટે આત્મગોપન કર્યું? કેમકે દૈવયોગથી કષ્ટમાં આવી પડાય તો તેમાં શી લજ્જા! અથવા તો હુંજ અધન્ય કે પુત્રરત્ને યુક્ત બે બહેનોને મેં પોતાના નગરમાં આવી ન જાણી. પરંતુ હવે અહીં બહુ કહેવે કરીને શું? કેમ કે—

यद्भाव्यं तद्भवत्येव, नालिकेरीफलांबुवत् ।
गंतव्यं गमयत्येव, गजभुक्तकपित्थवत् ॥

"નાલિકેરના ફળ માંહેના પાણીની જેમ જે બનવાનું હોય છે તે બનેજ છે, અને ગજે ખાધેલા કપિત્થના ફળની માંહેના ગર્ભની પેઠે જે જવાનું હોય છે તે જાયજ છે."

આમ વિચારીને મનમાં કાંઇ પણ ચિંતા ન કરવી. વળી-

सुखदुःखानां न कोपि, कर्त्ता हर्त्ता कस्यचित्पुंसः ।
इतिचिंतय सद्बुध्या, पुराकृतं भुज्यते कर्म ॥

"સુખ અને દુઃખનો કોઇ પણ બીજો કર્ત્તા હર્ત્તા નથી. પ્રાણી પોતાનાંજ પૂર્વે કરેલાં કર્મ ભોગવે છે. એવો સદ્બુદ્ધિવડે વિચાર કરવો."

પૂર્વોક્ત કારણથી કર્મજ પ્રમાણ છે. આ પ્રમાણે કહ્યા પછી રાણીએ કહ્યું-"હે બહેનો! તમે પુત્રસંયુક્ત આ હસ્તિની ઉપર આરોહણ કરીને મારે ઘરે ચાલો." પછી જવાનો નિશ્ચય કરીને તે બંનેએ શેઠને કહ્યું "હે શ્રેષ્ઠિન્! અમે તમારે ઘરે રહ્યા તેટલા દિવસમાં જે કાંઇ તમારૂં અપ્રિય અમારાથી થયું હોય તે ક્ષમા કરજો." શેઠ બોલ્યા—"મેં વણિક માત્રે તમારી પાસે જે ગૃહકાર્ય કરાવ્યું છે તે તમે ક્ષમા કરજો." એમ કહીને તેમને પગે પડ્યો. પછી તે બંને કમળશ્રીના ઉપરોધથી પુત્ર સહિત નૃપમંદિરે ગઈ, રાજાએ તેમને રહેવા યોગ્ય અને સર્વ સામગ્રી સંયુક્ત એક પૃથક્ આવાસ આપ્યો. ત્યાં તેઓ સુખે રહેવા લાગ્યા.

હવે વત્સરાજને નૃપે પૂછ્યું-"હે વત્સ! તને શું આપું?" તેણે કહ્યું-'હે સ્વામિન્! હું દિવસે તમારી સેવા કરીશ, અને રાત્રે તમારે મને ઘરે જવાની રજા આપવી. એ પ્રમાણે હું માગી લઉં છું; બીજું કાંઇ માગતો નથી.' રાજાએ તે વાત

કબુલ કરી. ત્યારપછી તે નિરંતર નૃપસેવા કરવા લાગ્યો. રાજાએ તે ધારિણીને આપેલા ગૃહને વિષે ધાન્ય ઘૃતાદિક જે જે વસ્તુની જરૂર પડે તે સઘળું પ્રચુર મોકલ્યું, એટલે તેઓ સુખે રહેવા લાગ્યા.

એકદા રાત્રે રાજાએ વત્સરાજને રજા આપ્યા શિવાય શયન કર્યું, એટલે મહેલની બહાર ફરતા પહેરેદાર પોતપોતાને ઠેકાણે ઉભા રહી ધીમે ધીમે નિદ્રાદેવીને વશ થયા. વત્સરાજ મહેલની અંદર અને શયનગૃહના દ્વાર પાસે હાથમાં ખડ્ગ ધારણ કરીને વિનિતપણે ઉભો રહ્યો, એટલામાં મધ્યરાત્રિ સમયે રાજા જાગ્યો અને તેણે કોઇ દુ:ખિણી સ્રીનું કરૂણાસ્વર યુક્ત રૂદન સાંભળ્યું. તેથી રાજાએ પોતાના સર્વ પ્રહરીકોને નામોચ્ચાર પૂર્વક બોલાવ્યા, પરંતુ પ્રમાદવડે સુતેલા એવા કોઇએ પ્રત્યુત્તર આપ્યો નહીં. એટલે વત્સરાજ બોલ્યો-'હે સ્વામી! જો કાંઇ કાર્ય હોય તો મને આદેશ કરો.' નૃપે કહ્યું-'હે વત્સ! શું મેં તને અદ્યાપિ સુધી વિસર્જન કર્યો નથી?' વત્સરાજે 'ના' કહી. એટલે ફરી નૃપે કહ્યું-'હે વત્સ! જા, તને હવે હું રજા આપું છું, તારે મારા આદેશની કાંઇ જરૂર નહોતી.' વત્સરાજ બોલ્યો 'હે સ્વામી! તમારો આદેશ પ્રમાણ કરતાં મને શું લજ્જા છે માટે જે કાર્ય હોય તે કહો. હું તે જરૂર કરીશ.' ત્યારે રાજાએ કહ્યું-"હે વત્સ! આ કોણ સ્રી રૂદન કરે છે? તે તું ત્યાં જઇને જો, અને તેના દુ:ખનું કારણ પૂછીને તેને દીનસ્વરે રૂદન કરતી બંધ કર." રાજાના આદેશને પામીને તત્કાળ વત્સરાજ

શબ્દાનુસારે નગર પ્રાકારનું[1] ઉલ્લંઘન કરીને સ્મશાનભૂમિએ ગયો. ત્યાં સદ્‌વસ્ત્રાલંકારે અલંકૃત એક બાળવયની સ્ત્રીને રૂદન કરતી જોઇને તેણે પૂછયું-'હે મુગ્ધે! તું કોણ છે અને સ્મશાનભૂમિમાં શા માટે રૂએ છે? જો ગુપ્ત રાખવા લાયક ન હોય તો તારા દુઃખનું કારણ મારી પાસે પ્રકાશ કર!' તે સ્ત્રી બોલી "હે મનુષ્ય! તું જયાં જતો હોય ત્યાં જા. તારા જેવા અસમર્થ મનુષ્યે મારી ચિંતા કરવાથી મને શું લાભ છે?" વત્સરાજે કહ્યું-"તને દુઃખી દેખીને હું કયાં જાઉં? કેમકે સાધુ પુરૂષો અન્યના દુઃખે કરીને દુઃખિત હોય છે." સ્ત્રી બોલી-"જેની તેની પાસે દુઃખની વાત કહેવી યુક્ત નથી. કહ્યું છે કે-

जोनविदुःखपत्तो, जोनविदुखस्सनिग्गहसमथ्थो ।
जोनविदुहिएदुहिओ, ताकीमक्कहिज्जइदुखं ॥

"જે દુઃખ પામેલો નથી, જે દુઃખનો નિગ્રહ કરવાને સમર્થ નથી અને જે પરદુઃખે દુઃખી થાય તેવો નથી તેને શા માટે દુઃખની વાત કહેવી જોઇએ?" અર્થાત્ ન કહેવી જોઇએ. વત્સરાજ બોલ્યો-

अहमविदुखपत्तो, अहमविदुखस्सनिग्गहसमथ्थो ।
अहमविदुहिएदुहिओ, ताअह्मकहिज्जइदुखं ॥

"હું દુઃખ પામેલો છું, હું દુઃખનો નિગ્રહ કરવા સમર્થ છું અને હું પરદુઃખે દુઃખિત છું, તેથી મને તારૂં દુઃખ કહે."

[1] ગઢ.

સ્ત્રી બોલી-'તને બાળક માત્રને દુઃખ શું કહીએ?' વત્સરાજ બોલ્યો-

हस्तीस्थुलतमःसचांकुशवशः किंहस्तिमात्रांकुशो ।
दीपे प्रज्वलति प्रणश्यति तमः किंदीपमात्रं तमः ॥
वज्रेणाभिहताः पतंति गिरयः किंवज्रमात्रोगिरि ।
स्तेजोयस्यविराजतेसबलवान्, स्थूलेषु कःप्रत्ययः ॥

"હાથી ઘણો મોટો છે પરંતુ તે અંકુશને વશ થાય છે તો શું હસ્તી જેવડો અંકુશ છે? જ્યારે દીપક પ્રગટ થાય છે ત્યારે અંધકારનો નાશ થાય છે તો શું દીપક જેટલુંજ અંધારૂં હોય છે? તેમજ વજ્રના પ્રહારે કરીને મોટા પર્વતો ત્રુટી પડે છે તો શું વજ્ર જેવડા પર્વતો હોય છે? માટે જેનામાં તેજ રહેલું હોય છે તેજ બળવાન્ છે. તે બાબતમાં કાંઇ મોટાનો વિશ્વાસ રાખવા જેવું નથી."

વળી કહ્યું છે—

सिंहशिशुरपि निपतति, मदमलिनकपोलभित्तिषु गजेषु ।
प्रकृतिरयं सत्ववतां, न खलु वयस्तेजसोहेतुः ॥

"સિંહનું બાળક પણ મદમલિન કપોળસ્થળવાળા હસ્તીની ઉપર જઇને તેના ગંડસ્થળનો ભેદ કરે છે. માટે સત્વવંતની એ પ્રકૃતિજ છે. તેજનો હેતુ કાંઇ વય નથી."

માટે હે સ્ત્રી! તું મને બાળરૂપે જોઇને અનાસ્થા ધારણ ન કર. કારણ હોય તે કહી દે. આમ કહે સતે તે સ્ત્રી

કાંઇક હસીને બોલી 'ભો પુરૂષ ! સાંભળ. આ નગરનિવાસી એક ઉત્તમ પુરૂષની હું સ્ત્રી છું. પણ અપરાધ વિના આ નગરના ભૂપતિએ મારા પતિને યૌવનાવસ્થાવાન્ છતાં અહીં શૂળિએ દીધો છે, તે હજુ સુધી શુળિકાસ્થ છતાં પણ જીવે છે. તેને ભોજનવિધિમાં ઘેબરની ઉપર અત્યંત રૂચિ છે તેથી હું ઘેબર બનાવીને તેમને ખવરાવવા માટે અહીં લાવી છું. એ ઘેબર તેમના મુખમાં પ્રક્ષેપન કરવાને હું વાંછું છું, પરંતુ શુળિકા અત્યુચ્ચ[1] હોવાથી હું ત્યાં સુધી પહોંચી શક્તી નથી, તેથી મારા પતિનું નામ સંભારીને રૂદન કરૂં છું, કેમકે સ્ત્રીઓનું બળ રૂદન કરવું તેજ છે." યત:

बलं मूर्खस्य मौनत्वं, तस्करस्यानृतं बलं ।

दुर्बलस्य बलं राजा, बालस्त्रीरुदनं बलं ॥

"મૂર્ખનું બળ મૌનપણું છે, તસ્કરનું બળ ખોટું બોલવું તે છે, દુર્બળનું બળ રાજા છે, અને બાળક તથા સ્ત્રીનું બળ રૂદન છે."

આ પ્રકારે કહે સતે વત્સરાજે કહ્યું-"હે ભદ્રે ! મારા સ્કંધ ઉપર આરોહણ કરીને તું તારૂં વાંછિત કર." તે સ્ત્રીએ તે પ્રમાણે કર્યું. પછી તે દુષ્ટાત્મા સ્ત્રી વત્સરાજના સ્કંધ ઉપર આરોહણ કરીને શુળિકામાં પરોવેલા પુરૂષના શરીરમાંથી માંસના ખંડ કાપી કાપીને ખાવા લાગી. તેવામાં એક માંસખંડ કુમારના સ્કંધ ઉપર પડ્યો. તે જોઇને વ-

1 બહુ ઉંચી.

ત્સરાજે વિસ્મય પામીને ચિંતવ્યું કે 'આ શું ?' એમ વિ-
ચારીને ઊંચું જોયું એટલે તે દુષ્ટાના સમગ્ર ચેષ્ટિત દીઠાં.
ત્યારે તત્કાળ કુમાર ખડ્ગનું આકર્ષણ કરી કોપાયમાન થઇને
બોલ્યો-'રે રંડે! પ્રચંડે! આ શું કરેછે ?' વત્સરાજે આમ
કહ્યું કે તત્કાળ તે આકાશમાં ઉત્પતી. તે વખત વત્સરાજે
તેને આકાશમાં ઉડતી પહેરેલા વસ્ત્રવડે પકડી. એટલે તે
દુષ્ટ ચેષ્ટિતા તે પરિધાન વસ્ત્ર ( સાડી ) ને મૂકીને નાઠી.[1]

પછી વત્સરાજ તે સાડી ગ્રહણ કરી, પોતાને ઘરે આ-
વીને સુતો એટલે પ્રભાત થયું. પછી વત્સરાજ સભાને
સમયે તે વસ્ત્ર ગ્રહણ કરી, રાજાની સમીપે આવીને યોગ્ય
સ્થાનકે બેઠો. રાજાએ પ્રસ્તાવ જોઇને રાત્રિનું વૃત્તાંત પુછ્યું
વત્સરાજે યથાસ્થિત સર્વ વૃત્તાંત રાજાની સમીપે નિવેદન
કર્યું, અને તે દેવદુષ્ય વસ્ત્ર પણ રાજાને અર્પણ કર્યું. રાજા
રત્નજડિત દિવ્યવસ્ત્ર જોઇને બહુજ આનંદ પામ્યો, અને

૧ આ કથા શ્રી શાંતિનાથચરિત્રમાં છે; તેમાં ધનરથ તીર્થંકર
સભાસમક્ષ આ કથા કહે છે. જ્યારે આ પ્રસંગ આવ્યો ત્યારે કોઇ
સભાસીને પુછ્યું-' હે ભગવંત ! શું વ્યંતરીઓ આવું કર્મ કરેછે?'
ભગવંતે કહ્યું-'પાપી એવા દુષ્ટ દેવતા પુરૂષોનો છળ કરવા માટે
એવું કર્મ કરે છે.' વળી બીજાએ પુછ્યું-' સ્વામિન્ ! દેવતા શું
માંસભક્ષણ કરે છે ?' સ્વામીએ કહ્યું-'ખાતાં નથી પણ તેની આ
એક પ્રકારની ક્રીડા છે.'

વત્સરાજનો બહુજ સત્કાર કર્યો. પછી રાજાએ સમીપવર્ત્તી કમળશ્રીરાણીને તે વસ્ત્ર આપ્યું. એટલે તેણે પણ રાજ્યપ્રસાદને પામીને તરતજ તે વસ્ત્ર ધારણ કર્યું. જ્યારે એ દિવ્યવસ્ત્ર ધારણ કર્યું ત્યારે પ્રથમ પહેરેલો કુંચક તેની પાસે નિર્માલ્ય જેવો દેખાવા લાગ્યો તેથી તેણે રાજાપ્રત્યે કહ્યું-'હે પ્રાણેશ ! જો આ સાડી જેવો કુંચક હોય તો બહુ સુંદર જણાય; ત્યારે રાજાએ વત્સરાજને કહ્યું-' હે વત્સરાજ ! તારી માસીને સાડી સદ્દશ કુંચક જોઇએ છીએ.' વત્સરાજ બોલ્યો-'હે સ્વામિન્ ! કુંચક પણ મળી રહેશે.' પછી તરતજ બહાર વનમાં જઇને ચંદન તરૂના કોટરમાં ગોપવેલો રત્નજડિત્ર વિદ્યાધરીનો કુંચક હતો તે લાવી તે સંબંધી હકીકત નૃપાગ્રે નિવેદન કરીને તે કુંચક પણ અર્પણ કર્યો. રાજાએ તે કુંચક પણ તરતજ રાણીને આપ્યો. ત્યારે રાણીએ પણ બહુ હર્ષિત થઇને તત્કાળ તે કુંચક ધારણ કર્યો.

તદનંતર તે સાડી તથા કુંચકને અનુમળતું એવું ઉત્તરીય વસ્ત્ર જોઇને રાણી ફરીને પણ પોતાના મનમાં અધીર્ય અર્થાત્ અસંતોષને ધારણ કરતી હતી. કહ્યું છે કે " જેમ જેમ લાભ થાય છે તેમ તેમ લોભ વૃદ્ધિ પામે છે. " રાજાએ તેને વિચારમાં નિમગ્ન થયેલી જોઇને પૂછ્યું "હે પ્રિયા ! મનોભિષ્ટ કુંચક પણ મળ્યે સતે તું શા માટે શ્યામવદનવાળી દેખાય છે ?" રાણી બોલી-" એ બે વાનાની જેવું ઉત્તરીય વસ્ત્ર જોઇએ. " રાજા આ વચન સાંભળીને વિચારવા લાગ્યો કે " અહો ઇતિઆશ્ચર્ય ! સ્રીજાતિનું

અતૃપ્તપણું તો જુઓ ! સ્ત્રીજાતિ વસ્ત્રાલંકારાદિકે ક્યારે પણ તૃપ્તિ પામતી નથી. કહ્યું છે કે --

अग्निर्विप्रो यमोराजा, समुद्रउदरंस्त्रियः ।
अतृप्तानैवतुष्यंति, याचंति च दिनेदिने ॥

"અગ્નિ, બ્રાહ્મણ, યમ, રાજા, સમુદ્ર, ઉદર અને સ્ત્રી એટલા નિરંતર અતૃપ્તજ છે. ક્યારે પણ તૃપ્તિ પામતા નથી. અને દિન દિન પ્રત્યે યાચના કર્યા કરે છે."

રાણીનો આવો અસંતોષી સ્વભાવ દેખીને નૃપે કહ્યું-"હે નિર્વિવેકી દેવી ! અવિદ્યમાન એવી વસ્તુને વિષે વૃથા લોભ ન કર" રાજાના આવા વચનથી તેણે બહુજ કદાગ્રહ કર્યો અને છેવટે નૃપ સમક્ષ બોલી કે "સાડી અને કુંચક સદૃશ્ય જ્યારે પ્રાવરણ પામીશ ત્યારે ભોજન કરીશ." આ પ્રમાણે બોલીને રાણીએ કોપાયમાન થઇને મંદિરમાં પ્રવેશ કર્યો. પછી રાજાએ વત્સરાજને બોલાવીને કહ્યું-"હે સાહસીક ! તેં દિવ્ય બે વસ્ત્રો લાવીને મોટો અનર્થ ઉત્પન્ન કર્યો છે, માટે હવે તો તુંજ તારી માસીને કોઇપણ ઉપાય કરીને સંતોષ પમાડ. તારી વિના બીજું કોઇ પણ આ વ્યાધિની ચિકિત્સા કરી શકે તેમ નથી." પછી વત્સરાજે પોતાની માસીને અત્યંત આગ્રહ પૂર્વક કહ્યું-"તમે કદાગ્રહ મૂકીને ભોજન કરો. હું કોઇ પણ સ્થાનકેથી પ્રયાસ કરીને ઉત્તરીય વસ્ત્ર પણ લાવી આપીશ." આ પ્રમાણે કહ્યા

છતાં પણ રાણી સ્ત્રીસ્વભાવે કરીને કદાગ્રહ મૂકતી નહતી. પછી છેવટે વત્સરાજે નૃપ સમક્ષ દુસ્તર પ્રતિજ્ઞા કરી કે "જો હું છ મહિનાની અંદર દેવીનું વાંછિત વસ્ત્ર લાવી ન આપું તો નિ:સંદેહપણે વહ્નિમાં પ્રવેશ કરૂં." વત્સરાજનું આ પ્રમાણેનું વાક્ય શ્રવણ કરીને રાજાએ કહ્યું-'હે વત્સ! તું આવી ઘોરપ્રતિજ્ઞા ન કર!' વત્સરાજ બોલ્યો-"હે સ્વામિન્! તમારા પ્રસાદે કરીને સર્વ સારૂં થશે, માટે હવે તમે મને શીઘ્ર પ્રદેશ જવાની આજ્ઞા આપો." રાજાએ તરતજ તેને સ્વહસ્તે તાંબૂળ આપીને દેશાંતર જવા માટે વિસર્જન કર્યો.

પછી વત્સરાજે તરતજ પોતાને સ્થાનકે આવીને માતા તથા માસીને પ્રણામ કરીને તેમની પાસે સર્વ સમાચાર નિવેદન કર્યા, અને પછી તેમના આદેશને માટે પ્રાર્થના કરી. તે વખતે તેમણે અનિચ્છકપણે કરીને પુત્રને કષ્ટપ્રાપ્તિ જાણ્યા છતાં પણ દીર્ઘદૃષ્ટિએ વિચાર કરીને કહ્યું "વત્સ! તારો વિજય થાઓ!" આ પ્રમાણેની સ્વજનનીની[૧] આશિષ સ્વમસ્તકે ચડાવી, માતૃદત્ત કાંઇક પાથેયને[૨] ગ્રહણ કરી, ઉપાનહ પહેરી, ખડ્ગ ધારણ કરીને વત્સરાજ તે નગરથી બહાર નીકળ્યો. પછી વત્સરાજ દક્ષિણદિશાને આશ્રીને ઘણા ગ્રામ તથા નગરોએ સમાકુળ પૃથ્વી જોતા જોતા અનુક્રમે એક મોટી અટવીને વિષે ગયો. તે અટવીમાં મોટા પ્રાકારસંયુક્ત એક નાનું નગર મનુષ્યરહિત જોઇને વત્સરાજે

૧ માતાની. ૨ ભાતું.

વિચાર્યું કે 'શું આ તે ભૂતનું નગર છે ? કે યક્ષનું છે ? કે રાક્ષસનું છે ? પણ હવે આ વિચારે કરીને શું ! નગરમાં પ્રવેશ કરીનેજ જોઉં એટલે જે હશે તે જણાશે.' એમ વિચારીને તેણે નગરમાં પ્રવેશ કર્યો એટલે નગરના મધ્યમાં એક શ્રેષ્ઠ મંદિર દીઠું અને તેની પાસે એક નાનું ઘર દીઠું. અનુક્રમે આગળ ચાલતાં તેણે સભાસ્થાનમાં બેઠેલા એક પુરૂષને દીઠો; એની પાસે એક બીજા સેવક જેવા પુરૂષને દેખીને તેણે પૂછયું-' હે ભદ્ર! આ નગર કેવું છે ? અને આનો રાજા કોણ છે ? ' તે પુરૂષ બોલ્યો આ નગર નથી તેમ આ બેઠેલ છે તે રાજા પણ નથી. હવે આ મકાન સંબંધી વૃત્તાંત હું કહું તે સાંભળો—

"અંહીથી ઘણે દૂર ભૂતિલક નામે એક નગર છે. ત્યાં વૈરસિંહ નામે રાજા છે. તે નગરમાં દત્ત નામે એક શેઠ છે. તેની શ્રીદેવી નામે ભાર્યાની કુક્ષિથી ઉત્પન્ન થયેલ રૂપ લાવણ્યે સંયુક્ત શ્રીદત્તા નામે પુત્રી છે. તે પુત્રી યૌવન પામી પરંતુ દોષગ્રસ્ત શરીરવાળી છે. તેની પાસે યામિક ( પહેરેગીર ) થઇને જે મનુષ્ય રાત્રિએ રહે છે તે મૃત્યુરૂપ વિપત્તિને પ્રાપ્ત થાય છે, અને જો તેની પાસે કોઇ એક પુરૂષ રાત્રિએ રહેતો નથી તો તે રાત્રે નગરમાંથી સાત પુરૂષો મરણ પામેછે. એકદા રાજાએ તે શ્રેષ્ઠીને બોલાવીને કહ્યું-"હે શ્રેષ્ઠી! તું નગર તજી દેઇને અટવીમાં જઇને રહે જેથી તારી પુત્રીના દોષે કરીને જનક્ષય ન થાય, પછી તે દત્ત શેઠ નૃપાદેશથી નગર મૂકી અહીં આવીને ચૌરાદિકથી

રક્ષણ થવાને માટે પ્રાકારે (ગઢ) યુક્ત મોટું મંદિર બનાનાવીને રહ્યો છે અને આ શ્રેષ્ઠીએ પ્રચુર દ્રવ્ય આપીને ઘણા માણસોને સેવક તરીકે રાખ્યા છે. તેઓ આ મંદિરની ફરતા નાનાનાના ગૃહોમાં રહે છે. તે સઘળાઓનાં નામો લખીને ગોળક કરેલા છે. તેથી જે દિવસ જેના નામનો ગોળક નીકળે છે તે રાત્રિએ તે મનુષ્ય યામિક તરીકે શેઠની પુત્રી પાસે રહે છે અને તે મરણ પામે છે. માટે હે મનુષ્ય ! જો તું ભય પામતો હોય તો અહીંથી જતો રહે. ”

આ પ્રમાણેની હકીકત સાંભળીને વત્સરાજ તે શ્રેષ્ઠીની સમીપે ગયો. એટલે શ્રેષ્ઠીએ પણ સસંભ્રમપણે તરતજ તેને આસન આપી, બેસારી, સ્વહસ્તે તાંબૂળ આપીને મોટા આદર યુક્ત પૂછયું-‘હે વત્સ ! તું કયાંથી આવ્યો છે ?’ તે બોલ્યો-‘હું ઉજ્જયિનીથી કાંઇક કારણે અહીં આવ્યો છું.’ આ પ્રમાણે શેઠની સાથે વાતચિત કરે છે તેવામાં એક પુરૂષ સારશૃંગારભૂષિત ત્યાં આવ્યો. પરંતુ તે પુરૂષ અત્યંત મ્લાન અને શોકાતુર વદનવાળો છે; તેને દેખીને વત્સરાજે શેઠને પૂછયું કે ‘આ પુરૂષ અત્યંત શોકસંયુક્ત હૃદયવાળો કેમ દેખાયછે ?’ શેઠે દીર્ઘ નિઃશ્વાસ મુકીને કહ્યું-‘હે સુંદર ! અત્યંત ગોપનીય એવો આ વૃત્તાંત પ્રથમ હું તને કહુંછું-“મારે એક પુત્રી છે. તેની સમીપે રાત્રે જે પુરૂષ યામિકપણે રહે છે તે હે વત્સ ! અત્યંત પ્રચંડદોષે કરીને અવશ્ય હણાય છે. આજે આ પુરૂષનો યામિક તરીકે રહેવાનો વારો છે તેથી એ મ્લાનવદનવાળો દેખાય છે, કેમકે

મરણ સમાન બીજો કોઇ ભય નથી." વત્સરાજે આ પ્રમાણેની હકીકત સાંભળીને શેઠ પ્રત્યે કહ્યું "આ પુરૂષ આજે સમાધિયુક્ત રહો. આજે તો હું તમારી પુત્રીની પાસે પ્રાહરિક થઇશ." શેઠે કહ્યું-'હે વત્સ! તું આજેજ મારે ઘેર પ્રાહુણા તરીકે આવ્યો છે. હજી સુધી મારે ઘરે તેં ભોજન પણ કર્યું નથી તો વૃથા મરણ શા માટે અંગીકાર કરે છે?' શેઠનું આવા પ્રકારનું વચન સાંભળીને વત્સરાજ બોલ્યો-"આ કાર્ય પરોપકાર રસિકપણાએ કરીને મારે કરવા યોગ્ય છે. મનુષ્યજન્મને વિષે પરોપકારજ એક સાર છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે-

धन्यास्तेपशवोनूनं, मपकुर्वंतिये त्वचा।
परोपकारहीनस्य, धिग् मनुष्यजीवितं॥

"તે પશુઓ પણ ધન્યછે કે જે પોતાની ત્વચાવડે પણ પરોપકાર કરે છે, અને તે મનુષ્યના જીવિતને ધિક્કાર છે કે જે પરોપકાર રહિત છે." વળી તૃણનો મનુષ્ય પણ અન્નપાન કર્યા વિના ક્ષેત્રનું રક્ષણ કરે છે તો અન્નપાન કરતા સતા પણ નિરૂપકારી છે એવા મનુષ્યે કરીને શું! અર્થાત્ તેઓ તૃણતુલ્ય પણ નથી." આ પ્રમાણે કહીને વત્સરાજ તે આવાસભૂમિની ઉપર જ્યાં તે શ્રેષ્ઠીની પુત્રીછે ત્યાં ગયો ત્યારે તે શ્રીદત્તા અપૂર્વ રૂપધારી એવા કુમારને જોઇ ચિંતવવા લાગી કે "આ પુરૂષનું કેવું સુંદરરૂપ છે? કેવી શરીરની કાંતિ છે? આના શરીરમાં એવું શું છે કે જે મને

હર નથી. હા દૈતિખેદ ! મને દૈવે નારીરૂપે મારી (મરકી) ક્યાં ઉત્પન્ન કરી કે જેથી હું આવા મનુષ્યરત્નોનો વિનાશ કરનારી થઇ. ” તે આમ વિચારે છે તેવામાં વત્સરાજે તેની શય્યાસમીપે બેસીને મધુર આલાપવડે તેને એવી રંજીત કરી કે તે એમ વિચારવા લાગી કે “મારા આત્માને પણ હણીને આ મહાપુરૂષના જીવતની રક્ષા કરૂં.” આવો વિચાર કરતી કરતી તે નિદ્રાકુળ થઇ એટલે સાહસીક શિરોમણિ તે કુમાર ગવાક્ષ માર્ગે નીચે ઉતરીને ભૂમિગત મનુષ્ય પ્રમાણ એક કાષ્ઠ લઇ તેજ માર્ગે પાછો ઉપર ચડી ગયો. અને તે કાષ્ઠ પોતાને માટે નિર્માણ કરેલી શય્યામાં મૂકી, ઉપર વસ્ત્રાચ્છાદન કરીને પોતે તરવાર ખેંચી ચારે દિશાએ જોતો દીપકની છાયામાં પાછળ ઉભો રહ્યો. તેટલામાં ગવાક્ષના વિવરમાંથી પ્રવેશ કરતું એક મુખ જોયું એટલે કુમાર વિશેષ પ્રકારે સાવધ થયો; પછી તે વાસગૃહમાં મનોજ્ઞ મુદ્રિકાએ અલંકૃત અંગુળીવાળો એક હાથ પ્રવેશ કરતો દેખાયો. તે હાથ ઔષધીના બે વલયોએ યુક્ત હતો. તેમાંના એક વલયમાંથી ધૂમ્ર નીકળવા માંડયો એટલે સ્વલ્પ સમયમાં તે ગૃહ ધૂમ્રે વ્યાપ્ત થઇ ગયું. પછી તે હાથ ગૃહમાં પ્રવેશ કરીને જેવો યામિકની શય્યાને સ્પર્શ કરવા લાગ્યો કે તરતજ વત્સરાજે તીક્ષ્ણખડ્ગવડે તે હાથ ઉપર પ્રહાર કર્યો; પરંતુ દેવશક્તિના પ્રભાવથી તે હાથ છિન્ન થયાં છતાં વેગ્ર ભૂમિ ઉપર ન પડયો, પણ ઔષધીના બંને વલય વેગવત્તપણાથી હાથપર બાંધેલા તે પડી ગયા. તેમાં એક

મૂત્રોષધી હતી, અને બીજી સંરોહિણી એટલે ઘા રૂઝાવનારી હતી. તે બંને ઔષધી કુમારે લઇ લીધી. પછી તે હાથ તત્કાળ તે ઘરમાંથી નીકળી ગયો અને શબ્દ કર્યો "હાઇતિ ખેદ ! હું ઠગાણી." આ શબ્દ સાંભળીને વત્સરાજે 'રે દાસી ! કયાં જાય છે ?" એમ બોલતો ખડ્ગ ઉપાડીને તેની પાછળ થયો. પણ આવા મહા સાહસીક અને બળીષ્ટ પુરૂષને પોતાની પાછળ આવતો જોઈને તેનો પરાભવ કરવાને અસમર્થ એવી તે દેવી ત્યાંથી શીઘ્રપણે જતી રહી. એટલે વત્સરાજ પાછો વળી, શય્યામાં મૂકેલા કાષ્ઠને ફેંકી દઇને જેવો ત્યાં બેઠો તેટલામાં રાત્રિ ક્ષય પામી અને સૂર્ય ઉદયાચળની ચૂલિકા ઉપર ઉદય પામ્યો.

પ્રાતઃકાળ થયો અને શ્રેષ્ઠીપુત્રી જાગૃત થઇ એટલે તે કુમારને અક્ષતાંગ અને નિરામય શરીરવાળો જોઇને પોતે વિચારવા લાગી કે "જરૂર આ પુરૂષરત્નનોજ કોઇ પ્રભાવ જણાય છે કે જેથી એ મૃત્યુ ન પામ્યો. અથવા તો મારૂં ભાગ્ય જાગ્યું તેથી જો હવે આ મારો ભર્ત્તાર થાય તો હું એની સાથે વિષયસુખ ભોગવું. અન્યથા જો એ મારો ભર્ત્તાર ન થાય તો પછી આ જન્મમાં વિષયસુખથી નિવૃત્તિજ કરવી." આ પ્રમાણે વિચાર કરીને તે વત્સરાજ પ્રત્યે મધુર સ્વરે કરીને બોલવા લાગી-"હે નાથ ! તમે કષ્ટથી કેવી રીતે મુક્ત થયા તે કહો." વત્સરાજે રાત્રિ સંબંધી સમગ્ર વૃત્તાંત યથાર્થ તેને કહી બતાવ્યો. એટલે તે કન્યા તે સંબંધી સાંભળીને રોમાંચિત થઈ સતી હર્ષ પામી. હવે તે

બંને વાર્તાલાપ કરેછે તે સમયે તે કુમારીકાની પરિચારિક દાસી મુખપ્રક્ષાલન માટે જળ લઇને ત્યાં આવી. એટલે તેણે વત્સરાજને અક્ષતાંગ જોઇને હર્ષિત થઇ સતી તેની ક્ષેમવાર્ત્તાવડે શ્રેષ્ઠીને વધામણી આપી. શેઠ તત્કાળ હર્ષ પામ્યો સતો ત્યાં આવ્યો. એટલે શ્રીદત્તાએ ઉઠીને શેઠને માટે આસન નાખ્યું. શેઠે ત્યાં બેસીને 'હે વીર ! રાત્રિએ વ્યસનરૂપ સમુદ્ર તેં કેવી રીતે તર્યો' એમ કુમારને પૂછયું. એટલે કુમારે પણ સમગ્ર વૃત્તાંત તેમની સમીપે નિવેદન કર્યો. શેઠે તરતજ કહ્યું-'હે કુમાર ! આ પ્રાણવલ્લભ એવી પુત્રી મેં તમને આપી.' કુમાર બોલ્યો-'જેનું કુળ જાણતા નથી એવા મારી પ્રત્યે કન્યા કેમ આપો છો ?' શ્રેષ્ઠી બોલ્યો—'હે કુમાર ! તારા ગુણે કરીને કુળ જાણ્યું.' યત:

आकृतिर्गुणसमृद्धिशंसिनि, नम्रताकुलविशुद्धिसूचका ।
वाक्क्रमःकथितशास्त्रसंक्रमः संयमश्चमवतोवयोधिकः ॥

" આકૃતિ ગુણની સમૃદ્ધિને બતાવે છે, નમ્રતા કુળની વિશુદ્ધિને સૂચવે છે, વાણીનો ક્રમ શાસ્ત્રના સંક્રમને કહેછે અને ઇંદ્રિયોનો સંયમ વયની અધિકતા બતાવે છે."

શ્રેષ્ઠીના આ પ્રમાણેનાં વચનો શ્રવણ કરીને કુમારે કહ્યું-"હે શ્રેષ્ઠી! સાંપ્રત મારે ઇચ્છિત કાર્ય માટે અત્યંત દૂર જવું છે, માટે તમારૂં કહેલું કાર્ય વળતી વખતે હું કરીશ." શ્રેષ્ઠીએ કહ્યું-'હમણા તમે મારી પુત્રીનું પાણિગ્રહણ કરો અને પછી તમારી ઇચ્છા હોય ત્યાં જજો.' કુમારે તે વચન

અંગીકાર કર્યું. પછી તેજ દિવસે તે શ્રેષ્ઠીસુતાનું પાણિ-ગ્રહણ કરી, એક રાત્રિ તેની સાથે રહીને બીજે દિવસે પ્રયાણ કરવા માટે પ્રિયાને પૂછ્યું. તે પોતાના ભર્ત્તાર પ્રત્યે કહેવા લાગી કે—

विरहोवसंतमासो, नवस्नेहोनवंवयः ।
पंचमस्यध्वनिश्चेति, सह्याःपंचाग्नयःकथं ॥

"પતિનો વિરહ, વસંત માસ, નવો સ્નેહ, નવીવય અને પંચમરાગનો ધ્વનિ એ પાંચ અગ્નિ શી રીતે સહન થાય?"

વત્સરાજ બોલ્યો-"હે પ્રિયે! જો હું દેશાંતર ન જાઉં તો મારે જરૂર વહ્નિ પ્રવેશ કરવો પડે તેમ છે." જ્યારે આવી ઉગ્ર પ્રતિજ્ઞા સાંભળી ત્યારે તે શ્રીદત્તા બોલી-"હે પ્રિય! આ વેણિદંડ મેં તમારી સમીપે કર્યો છે તે ફરીને આપના આવતાં સુધી નહીં કરૂં. તમારા આદેશથી શરીરે કરીને તો હું અહીંઆં રહીશ, પણ ચિત્તે કરીને તો તમારી સાથે આવીશ. વળી હે સ્વામિન્! સાંભળો.—.

कुंकुमं कज्जलं चैव, कुसुमाभरणानि च ।
लगिष्यंति शरीरे मे, त्वयि कांतसमागते ॥

'કુંકુમ, કજ્જળ અને કુસુમનાં આભરણો હે કાંત! તમે આવશો ત્યારે મારે શરીરે હું ધારણ કરીશ."

આ પ્રમાણેની કરી છે પ્રતિજ્ઞા જેણે એવી પ્રિયાને ત્યાંજ મૂકી શેઠને જણાવીને તેજ અટવીમાં વત્સરાજ આગળ ચા-

હ્યો. તેણે માર્ગમાં ભિલ્લ લોકોની ઘણી પાળો, ઘણા પર્વતો, મનોહર ગિરિશિખરો, નવી પ્રગટ થતી નદીઓ દીઠી. અનુક્રમે જોતા જોતા આગળ ચાલ્યો એટલે તેણે અટવીની અંદરજ એક સ્થાનકે ઉત્તુંગ મંદિરોએ સમાકિર્ણ એક સુશોભિત નગરી દીઠી. વિસ્મય પામેલો કુમાર તે નગરીની બહારના સરોવરમાં મુખપ્રક્ષાલન કરીને તથા હસ્તચરણાદિક શુદ્ધ કરીને તેજ સરોવરના બાંધેલા કિનારાની ઉપર વૃક્ષના અધોભાગે જમીન શુદ્ધ કરીને બેઠો. એટલામાં સ્ત્રીઓના સમૂહને તે સરોવરમાંથી પાણી ભરતી દીઠી. કુમારે કૌતુક પામીને તે સ્ત્રીઓ માંહેની એક સ્ત્રીને પૂછ્યું-'હે ભદ્રે! આ કઇ નગરી છે? અને અહીં કોણ રાજા વિદ્યમાન્ છે?' તે સ્ત્રી બોલી-'હે ભદ્ર! આ નગરી વ્યંતર દેવતાએ ક્રીડા કરવા માટે બનાવેલી છે. અહીંઆં બીજો કોઇ રાજા નથી.' વત્સરાજે પૂછ્યું-'હે ભદ્રે! ત્યારે તમે આટલું બધું જળ શા માટે અને કોને અર્થે ભરી જાઓ છો?' તે બોલી-"હે સત્પુરૂષ! સાંભળ. જે અમારી સ્વામિની દેવી છે, તે કોઇક સ્થાનકે ગઇ હતી ત્યાં કોઇ પુરૂષે તેના બાહુને ખડ્ગના પ્રહારે પીડિત કર્યો છે. તે પીડાનું નિવારણ કરવાને માટે અમે જળસિંચન કરીએ છીએ, અને તે માટે અમે અહીંથી પ્રચુર જળ લઇ જઇએ છીએ પરંતુ તેની પીડા અદ્યાપિ શાંત થઇ નથી." ત્યારે વત્સરાજે પૂછ્યું-'તે દેવતા છે છતાં કેમ પોતાની પીડા નિવારણ કરવાને સમર્થ થતી નથી?' વળી સ્ત્રીએ કહ્યું-"હે પ્રવાસી! કોઇ કોઇ મનુષ્યનો પ્રભાવ દેવતાથી પણ અધિક હોય

છે તેથી તે મનુષ્યે કરેલી વેદના હજુ ઉપશમ પામતી નથી. વળી મહૌષધીનું મહા પ્રભાવવાળું યુગળ વ્યંતરેંદ્રે તેના ઉપર પ્રસન્ન થઇને આપેલું હતું તે એના હાથે બાંધેલું હતું, જેમાં એક ઔષધી ધૂમ્રે કરીને મનુષ્યને મોહ પમાડનારી છે અને બીજી ઘાની પીડાને નાશ કરનારી છે. તે બંને ઔષધી પણ તે પુરૂષના ખડ્ગપ્રહારે કરીને ત્યાંજ પડી ગઇ છે." આ પ્રમાણે હકીકત સાંભળીને વત્સરાજ બોલ્યો-'હે ભદ્રે! હું માનુષિક વૈદ્ય છું તેથી જો હું તારી સ્વામિનીની વેદનાનું નિવારણ કરૂં તો તે મને શું આપશે?' તે બોલી-'હે મનુષ્ય! જે માગીશ તે મળશે; પણ હમણા જ્યાં સુધી હું મારી સ્વામિનીને તારૂં આગમન જણાવું ત્યાં સુધી તું અહીંજ રહેજે.' એ પ્રમાણે કહીને તે સ્ત્રીએ સર્વ વૃત્તાંત તે દેવીને જઇને નિવેદન કર્યો. તેણે કહ્યું-'તું તે પુરૂષને મારી પાસે શીઘ્ર લઈ આવ.' એટલે તે સ્ત્રી વત્સરાજ સમીપે આવીને તેને લઇને તે દેવી પાસે ચાલી. માર્ગમાં વત્સરાજ પ્રત્યે તેણે કહ્યું-"હે સત્પુરૂષ! જ્યારે મારી સ્વામિની તમારી ઉપર તુષ્ટમાન થાય અને વર આપે ત્યારે તમે પ્રાસાદની ઉપરલી ભૂમિમાં રાખેલા કન્યાયુગ્મની, અશ્વરૂપ યક્ષની તથા વાંચ્છિતદાયક પર્યંકની માગણી કરજો." વત્સરાજે તે વાત પ્રમાણ કરી.

પછી તે બંને વ્યંતરદેવીની સમીપે આવ્યા. તત્કાળ તેને એક મનોહર આસન બેસવા આપ્યું. પછી તે દેવીએ આદરપૂર્વક પોતાને જે પીડા હતી તે કહી બતાવીને કહ્યું-

'હે ભદ્ર ! જો તું વૈદ્દક જાણતો હોય તો શીઘ્ર મારી પીડાને નિવારણ કર.' પછી વત્સરાજે ધૂમ્રૌષધીવડે પ્રથમ ધૂમ્ર કરીને વ્રણ સંરોહિણી ઔષધીવડે તેની વ્યથાનું નિવારણ કર્યું. જ્યારે વેદના નાશ પામી ત્યારે તેનો બાહુ નિરામય થયો. પછી તે દેવી તુષ્ટમાન થઇને બોલી-'હે ભદ્ર! હું એમ જાણું છું કે મને ઘાત કરનાર તુંજ છે.' વત્સરાજે હા કહી. એટલે તે તુષ્ટમાન થઇને બોલી-'હે ભદ્ર! હું તારા સાહસવડે તુષ્ટમાન થઇ છું માટે તું સ્વેચ્છાએ કરીને જે જોઇએ તે માગ.' વત્સરાજે કહ્યું-'મંદિરની ઉપરલી ભૂમિમાં રાખેલ કન્યાયુગળ, તુરગરૂપ યક્ષ અને મનવાંછિત આપનાર પર્યંક એ ચાર વાનાં આપો.' દેવીએ વિચાર્યું કે 'જરૂર આ કુમારે ઘરનો ભેદ કોઇના કહેવાથી જાણ્યો છે. નહીં તો તે કેમ જાણે? પણ મેં વર આપ્યો છે તેથી આપવુંજ જોઇએ.' આ પ્રમાણે વિચારીને દેવીએ કહ્યું કે મેં એ વસ્તુ તને આપી. પણ તું સાવધાન થઇને એ કન્યાયુગળની ઉત્પત્તિ સાંભળ.—

"વૈતાઢ્ય પર્વતની ઉપર ચમરચંચા નામે નગરમાં ગંધવાહગતિ નામે વિદ્યાધર રાજા હતો. તેની એક સુવેગા અને બીજી મદનવેગા નામની બે રાણીઓ હતી. તેમની કુક્ષીથી ઉત્પન્ન થયેલી રત્નચુળા અને સ્વર્ણચુળા નામની બે પુત્રી છે. તે બંને જ્યારે યૌવનાવસ્થા પામી ત્યારે રાજા તેમની ચિંતાએ વ્યાકુળ થયો. એવા સમયમાં ત્યાં કોઇ જ્ઞાની મુનિ આવ્યા. રાજાએ તે મુનિની આસનદાન વિગેરે પ્રતિપત્તિ કરી, ભક્તિપૂર્વક નમસ્કાર કરીને પૂછ્યું 'હે મુનિ!

આ મારી બંને પુત્રીનો ભર્ત્તાર કોણ થશે?' મુનિમહારાજાએ જ્ઞાનવડે જાણીને તેને કહ્યું-'ભૂચરનૃપપુત્ર ગુણવાન્ વત્સરાજ નામે એનો ભર્ત્તાર થશે. પણ હે રાજન્! તારી સમીપે એનું પાણિગ્રહણ નહીં થાય કેમકે તારૂં આયુષ્ય માત્ર એક માસનુંજ છે.' રાજાએ કહ્યું 'ત્યારે મારે કેમ કરવું?' મુનિ બોલ્યા-'હે નરેંદ્ર! સાંભળ. જે પ્રકારે વત્સરાજ કુમાર આ બંનેનો ભર્ત્તાર થશે તે પ્રકાર કહું છું. પૂર્વે તારી એક બહેન હતી. તેને તારા પિતાએ ભૂચારી એવા પોતાના મિત્ર શુર નામે રાજાને પરણાવી હતી. પછી તે રાજા બીજા કોઈ રાજાની સુંદર સ્વરૂપવાન્ પુત્રી પરણ્યો, તેની સાથે અત્યંત પ્રેમનો પ્રકર્ષ થયો, અને તારી બહેન તેને અનિષ્ટ થઇ પડી તેથી તે અજ્ઞાન કષ્ટ કરીને શોકયની સાથે દ્વેષ ધારણ કરતી સતી મૃત્યુ પામીને વ્યંતરી થઇ છે. અને તેની શોક જે હતી તે પણ કેટલેક કાળે દાન પુણ્ય કરી, મૃત્યુ પામીને દત્ત નામે શ્રેષ્ઠીની શ્રીદત્તા નામે પુત્રી થઈ છે. પૂર્વભવના વૈરથી તેની પાસેના યામિકને દરરોજ રાત્રિએ વ્યંતરી હણે છે. અદ્યાપિ ત્યાં પુરૂષક્ષય થયા કરે છે. હે રાજન્! તે વ્યંતરીની પાસે તારે તારી બંને પુત્રીઓને મૂકવી. એમને ત્યાં રહેતા સતા સ્વયમેવ ભર્તાર મળશે, અને વ્યંતરીકૃત નરક્ષયનું નિવારણ કરીને તે દત્તશ્રેષ્ઠીની પુત્રીને વત્સરાજ નામે રાજપુત્ર પરણશે તેજ તારી પુત્રીઓનો પણ ભર્ત્તાર થશે!" આ પ્રમાણે સર્વ વૃત્તાંતને કથન કરીને તે મુનિ અન્યત્ર વિહાર કરી ગયા. હે સત્પુરૂષ! મુનિમહારાજાએ કહેલા કારણ-

થી તે ખેચરેંદ્ર પોતાની બંને પુત્રીઓને અહીં મૂકી ગયો. પછી તે ખેચરેંદ્ર પણ કાંઇક તપ તપી મૃત્યુ પામીને વ્યંતરેંદ્ર થયો છે. તેણે મને અશ્વરૂપ યક્ષ કિંકરપણે આપ્યો છે, અને સર્વ વાંછિત આપનાર પર્યંક પણ તેમણેજ આપ્યો છે. વળી મહૌષધીનું યુગળ પણ તેમણેજ આપેલું છે. આ સઘળું હું તમને પ્રસન્ન થઇને આપું છું. પછી વત્સરાજ તે બંને કન્યાઓનું પાણિગ્રહણ કરીને ત્યાંજ રહ્યો, અને તેમની સાથે સંસાર સંબંધી સુખ ભોગવવા લાગ્યો.

અન્યદા વત્સરાજે તે બંને પોતાની પ્રિયાને પોતાની પ્રતિજ્ઞાનું કારણ કહી સંભળાવ્યું. તેઓએ દેવીને કહ્યું એટલે દેવી પણ તે કારણને જરૂરનું જાણીને તેમના વિયોગથી દુઃખી છતાં પણ બંને પ્રિયા સહિત તે વત્સરાજને વિસર્જન કરતી હવી. પછી વત્સરાજ બંને પ્રિયા સહિત પર્યંક ઉપર બેસીને આકાશમાર્ગે શ્રીદત્તાના નિવાસમંદીરમાં તત્ક્ષણ આવ્યો. તે વખતે શ્રેષ્ઠીપુત્રી શ્રીદત્તા પ્રભાતસમય થવાથી જાગૃત થઇ સતી પોતાના મકાનની ઉપરની ભૂમિમાં પર્યંક તથા અશ્વ જોઇને વિસ્મય પામી વિચારવા લાગી કે 'આ શું? આ પર્યંક અહીં કયાંથી આવ્યો? અને તુરંગ ધવળગૃહની સપ્ત ભૂમિ ઉપર શી રીતે ચડી શકયો?' પછી સાવધાન થઇને પર્યંક ઉપર સમ્યક્ પ્રકારે દૃષ્ટિ કરી તો એ કાંતા સંયુક્ત પોતાના પતિને શયન કરેલા દીઠા. એટલે બહુજ વિસ્મય પામીને પોતાના પિતા પાસે ગઇ, અને આવાસની ઉપરની ભૂમિએ પોતાના ભર્તારના આગમનસમા-

ચાર કહી સંભળાવ્યા. શ્રેષ્ઠીએ પૂછ્યું-"હે વત્સે ! તેનું આગમન આમ કેવી રીતે થયું ?" એટલે તેણે પર્યંક તથા અશ્વ વિગેરેના સમાચાર પણ કહ્યા. શેઠ તે સમાચાર સાંભળી ચમત્કાર પામીને તરતજ ત્યાં આવ્યા એટલે વત્સરાજે પ્રિયાદ્વય યુક્ત પ્રણામ કર્યો. શેઠે હકીકત પૂછી એટલે તેણે સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. શેઠ બહુજ આશ્ચર્ય પામ્યા. તે દિવસ ત્યાંજ વ્યતિક્રમાવીને શેઠની આજ્ઞા લઈ ત્રણે પ્રિયાઓ સહિત બીજે દિવસે પ્રભાતે વત્સરાજ આકાશ માર્ગે પોતાને ઘરે આવ્યો.

તે અવસરે ધારિણી તથા વિમળા પોતાના આવાસભુવનમાં પર્યંકને જોઈને ચિંતવવા લાગી કે 'આ શય્યા અહીં ક્યાંથી ? વળી આ શય્યા ઉપર કોઇ મનુષ્યો સુતા જણાય છે, આમ વિચારીને તેમણે શય્યા ઉપર આચ્છાદન કરેલ વસ્ત્રને ઊંચું લઇને જોયું તો ત્રણ પ્રિયાઓ યુક્ત પોતાના પુત્ર વત્સરાજને સુતેલો દીઠો, એટલે લજ્જા પામીને તે બન્ને ધીમે ધીમે પાછી વળી. હૃદયમાં મહા વિસ્મય પામી. એટલામાં ત્રણ પ્રિયાયુક્ત વત્સરાજ જાગૃત થઇ શય્યામાંથી ઉતરીને ધારિણી તથા વિમળાના ચરણમાં નમસ્કાર કરતો હવો. તેમણે હર્ષના નિર્ભરપણાએ આશિષ દઇને પુત્રને સમગ્ર વૃત્તાંત પૂછ્યો. વત્સરાજે વિસ્મયકારિણી પોતાની વાર્તા તેમની સમીપે નિવેદન કરી. પછી સભાસમય થયો એટલે સર્વ કામિતદાયક પર્યંકની પાસેથી પ્રવર દિવ્ય ઉત્તરીયવસ્ત્ર પામીને ભૂપતિની સમીપે ગયો અને નમસ્કાર કરીને

રાજપત્ની કમળશ્રીને તે ઉત્તરીય વસ્ત્ર અર્પણ કર્યું. એટલે રાજાએ સંતોષ પામીને 'હે વત્સ! ચિરાયુર્ભવ.' એવી આશિષ આપી અને તેને વસ્ત્રાભરણાદિકે સત્કાર કરીને પૂછયું-'હે વત્સ ! આવું શ્રેષ્ઠ ઉત્તરીયવસ્ત્ર તું કયાંથી પામ્યો અને તેં કયાં કયાં પરિભ્રમણ કર્યું ?' વત્સરાજે તુરંગ અને પર્યંકની પ્રાપ્તિ શિવાય સઘળી પોતાની કથા નૃપ પ્રત્યે કહી સંભળાવી, અને ઉત્તરીયવસ્ત્ર વ્યંતર દેવીએ આપ્યું એમ કહ્યું. ત્યાર પછી વત્સરાજ સુખે કરીને ત્યાં રહેવા લાગ્યો.

એકદા તે કમળશ્રી રાણી આયુ ક્ષય થવાથી મૃત્યુ પામી. એટલે તેના વિયોગથી રાજા બહુજ શોકાતુર થતો હવો. તે અવસરે વત્સરાજે કહ્યું "હે રાજન્! આ સંસારને વિષે સર્વ પદાર્થો અનિત્ય છે, તેથી વિવેકી પુરૂષોએ સર્વથા પ્રકારે કોઇ વાતનો શોક ન કરવો. ડાભની અણી ઉપરે રહેલા જળબિંદુની સમાન આ સાંસારિક વૈભવ ચંચળ છે અને મનુષ્યપણું વિદ્યુતલતાની જેવું ચંચળ છે, તેથી જે પ્રાણી ધર્મને વિષે ઉદ્યમ કરતો નથી તેને કાપુરૂષ કહેવો, સત્પુરૂષ ન કહેવો. આ પ્રમાણે શાસ્ત્રમાં કહ્યું છે; માટે રાજેંદ્ર! સંસાર માંહેના શોક, રોગ, વિયોગ, જન્મ, જરા, મરણ વિગેરે વ્યાધિનું ઔષધ એક ધર્મજ છે માટે તેમાં પ્રયત્ન કરવો. તે ધર્મરૂપી ઔષધ કેવું છે?

सर्वज्ञभिषगादिष्टं, कोष्टशुद्धिविधायकं ।
शोकावेशरुजःशांत्यै, कार्यं धर्मौषधं बुधैः॥

"સર્વજ્ઞરૂપી વૈદ્યનું કહેલું અને કોઠાની શુદ્ધિનું કરનારૂં એવું ધર્મરૂપી ઔષધ શોકાવેશરૂપી વ્યાધિની શાંતિને અર્થે બુદ્ધિવંત પુરૂષોએ કરવું."

ઇત્યાદિક વચનના અમૃતવડે તેમના મનનું સિંચન કરીને તેમના હૃદયગત શોક નામે મહા વ્યાધિ વત્સરાજે દૂર કર્યો. ત્યાર પછીથી રાજા પણ સાવધાન થયો.

એકદા વત્સરાજે પોતાની પ્રિયાઓની સાથે વિચાર કર્યો કે 'જો તમને રૂચે તો ભૂપતિને આપણે ગૃહે ભોજન કરવાનું આમંત્રણ કરૂં.' સ્ત્રીઓએ કહ્યું-'હે સ્વામિન્! રાજાને ઘરે બોલાવવા યુક્ત નથી. કેમકે—

नारीनदीनरेंद्राणां, नागिनी च नियोगिनां।

नखीनां च न विश्वासः कर्त्तव्यः शुभकांक्षिणा॥

"સ્ત્રી, નદી, રાજા, નાગણી, યોગી અને નખવાળા વ્યાઘ્રાદિ જનાવરોનો પોતાનું શુભ વાંછનારાઓએ વિશ્વાસ ન કરવો.' તેથી રાજાને માટે રાજ્યમહેલમાંજ ભોજનાદિક મોકલો." વત્સરાજે ફરીને કહ્યું-"હે પ્રિયા! એમ કરવાથી તો કાંઇ ગૌરવ ન થાય માટે જો રાજાને ઘરે બોલાવીને ભોજન દઇએ તોજ મારા દિલમાં નિવૃત્તિ થાય." સ્ત્રીઓએ કહ્યું-"હે સ્વામિન્! તમારો વિચાર એમજ હોય તો ખુશીથી રાજાને ઘરે લાવો, પણ તમારે અમને તેની દૃષ્ટિગત ન કરવી." વત્સરાજે તે વાક્ય અંગીકાર કરીને હર્ષયુક્ત ચિત્તે નૃપસદને જઇ સપરિવાર પોતાને ઘરે ભોજનાર્થે આ-

વવાની નિમંત્રણા કરી. રાજાએ બહુ આગ્રહવડે તેનું નિમંત્રણ અંગીકાર કર્યું. વત્સરાજ રાજાને નિમંત્રણ કરી પોતાને ઘરે આવી ઉપરલી ભૂમિએ પોતાની સ્ત્રીઓ સાથે ક્રીડા કરવામાં પ્રવર્ત્યો. એટલામાં રાજાએ પોતાના મનમાં વિચાર કરીને વત્સરાજને ઘરે રસવતી પાક કેટલો તૈયાર થયોછે તે જોવા સારૂ પોતાના પ્રતિહારીને મોકલ્યો. પ્રતિહારે તેને ઘરે જઇને રસવતી પાકાદિક જોયું પણ કાંઇ ત્યાં તો રસવતીપાકનાં ચિન્હ પણ દેખાયાં નહીં એટલે તેણે રાજા પાસે આવીને તે હકીકત નિવેદન કરી. રાજાએ વળી બીજું માણસ મોકલ્યું. તેને કહ્યું કે 'વત્સરાજને ઘરે અથવા તેની નજીકના કોઇ બીજે ઘરે ભોજનની સામગ્રી તૈયાર થાય છે કે નહીં તે તું સમ્યક્ પ્રકારે જોઇને આવજે.' તેણે પણ જોઇ આવીને પૂર્વપ્રકારેજ હકીકત નિવેદન કરી. વળી કહ્યું કે "હે સ્વામિન્ ! જે પોતાને ઘરે પાંચ સાત જણને જમાડે તેને ઘરે પણ કેટલીક તૈયારી હોય, પણ આ વત્સરાજને ત્યા તો મેં તેટલી સજજતા પણ ન જોઇ. તેમ કોઇને બોલતું ચાલતું પણ ન સાંભળ્યું." રાજાએ વિચાર્યું કે 'એણે મને સપરિવાર આમંત્રણ કર્યું છે અને તૈયારી તો કિંચિત્ પણ નથી. એ વાત કેમ ઘટે.' આવો વિચાર કરે છે તેવામાં ભોજનનો અવસર થવાથી વત્સરાજે ત્યાં આવીને નૃપને ભોજનાર્થે પધારવા વિનંતિ કરી. ત્યાં રાજાએ વત્સરાજને કહ્યું-'હે વત્સરાજ ! તું શું અમારી સાથે હાસ્ય કરે છે કે કાંઇ પણ સામગ્રી વિના તું અમને તેડવા આવ્યો છે ?'

વત્સરાજે કહ્યું-'હે સ્વામી ! તમે તો મારે સર્વ પ્રકારે પૂજ્ય છો, તમારી સાથે હું હાંસી કેમ કરૂં ?' રાજાએ કહ્યું-'તારે ઘરે અન્નપાકાદિક તો કાંઇ પણ જણાતું નથી.' વત્સરાજ બોલ્યો-'હે દેવ ! મારે ઘરે રસવતી છે કે નહીં તેની આપને શું ચિંતા છે ? તે ચિંતા તો મને છે. આપ તો કૃપા કરીને મારે ઘરે પધારો.' આ પ્રમાણેનાં વચન સાંભળીને રાજા સમગ્ર પરિવાર સહિત ઉત્સાહવાન્ થયો સતો તેને ઘરે આવ્યો. ત્યાં જુએ છે તો એક મહા મનોહર મંડપ તેના ઘર પાસે દીઠો. રાજાએ આશ્ચર્ય પામી વિચાર્યું કે આનું ચેષ્ટિત તો અસંભાવ્ય દેખાય છે. આ મનોહર મંડપ અધુનાજ નિર્માણ કરેલો જણાય છે. પછી રાજા વિગેરેને માટે નિર્ણય કરેલા યથાયોગ્ય આસનની ઉપર સર્વે બેઠા. ચરણપ્રક્ષાલનાદિક પ્રતિપત્તિ સેવકપુરૂષોએ કરી. પછી સ્વર્ણમય, રૂપ્યમય તથા રત્નમય થાળો તેમની સમીપે વત્સરાજના મનુષ્યોએ તત્કાળ મૂકી દીધા. પછી મોદક, ખાજાં, શાળ, દાળ અને ઘૃતાદિક મનોહર રસવતી પીરસી. વિચિત્ર પ્રકારનાં શાકો તૈયાર કરીને ત્યાં લાવ્યા તથા લાપશી, ઘૃતપૂર (ઘેબર), પરમાન્ન (ક્ષીર) અને ગોરસાદિક સામગ્રી સજ્જ કરી. રાજા રસાઢ્યપણે ભોજન કરતાં ચિંતવવા લાગ્યો કે સર્વદા આપણા ઘરે તો ભોજન કરીએ છીએ પરંતુ આવી સ્વાદિષ્ટતા તેમાં હોતી નથી. આ ભોજન તો સાક્ષાત્ અમૃત તુલ્ય જણાય છે. આ પ્રમાણે વિચારતો અને હર્ષ પામતો રાજા ભોજન કરે છે તે સમયે વત્સરાજ ચિંતવવા લાગ્યો

કે 'આ આખળો ઉત્સવ પ્રિયાઓ વિના શોભતો નથી' એમ વિચારી મંદિરની ઉપરની ભૂમિએ જઇને પોતાની સ્ત્રીઓને કહ્યું—'હે પ્રિયાઓ! તમે પ્રકટ થઇને રાજાનું ગૌરવ કરો.' આ પ્રમાણેનું સ્વામીનું વચન સાંભળીને તેઓએ પોતાના ચિત્તમાં ચિંતવ્યું કે 'કુળસ્ત્રીઓને પતિ તેજ ગુરૂ અને પતિજ પૂજ્ય છે. માટે કુળસ્ત્રીઓએ જેવું તેવું પણ સ્વામીનું વચન પ્રમાણજ કરવું જોઇએ.' આ પ્રમાણે વિચારીને તેઓએ ભર્ત્તારનું વચન પ્રતિપન્ન કર્યું. પરંતુ તેઓ પરસ્પર બોલી કે 'સ્વામી આપણને રાજાની દૃષ્ટિગત કરે છે પરંતુ પરિણામે આપણા ભર્ત્તારને તે વાત હિતકારક નહીં થાય. પણ શું કરીએ! પ્રિયનું વચન અનુલંઘ્ય છે.' આમ વિચારીને તે ત્રણે સુશોભિત શૃંગાર ધારણ કરીને પોતાના સ્વામીના આદેશને અનુસરતી હવી એટલે નૃપાદિકને રસવતી સ્વહસ્તે પીરસતી હવી.

તે સમયે રાજા પણ રત્નચૂળા, સ્વર્ણચૂળા અને શ્રીદત્તા નામની વત્સરાજની ત્રણે સ્ત્રીઓને જોઇને કામાતુર થયો સતો વિચારવા લાગ્યો કે 'આ જગતને વિષે વત્સરાજજ ધન્ય છે કે જેને પ્રવરરૂપની ધરનારી અને ત્રણ જગતને વિષે વર્ણનીય એવી ત્રણે સ્ત્રીઓ વર્ત્તે છે.' પછી ભોજન કરી રહ્યા પછી વત્સરાજે તાંબૂળ પ્રદાન તથા વસ્ત્રાર્પણાદિકે કરીને સત્કાર કર્યો. રાજા પરિવાર સહીત પોતાને ઘરે આવ્યો પરંતુ તે વખતથી રાજા કામપીડાએ પીડિત થયો સતો વત્સરાજની પ્રિયાના સંગમને વાંછતો પોતાના કાર્યસાધનને

માટે મંત્રીવર્ગની સમીપે તેનો ઉપાય પૂછતો હવો. મંત્રીઓએ અન્યોઅન્ય વિચાર કરી એક મત થઇને રાજા પ્રત્યે કહ્યું-'હે સ્વામિન્! વત્સરાજ જીવતાં તે કાર્ય સિદ્ધ થશે નહીં. માટે હે દેવ! કોઇ પણ ઉપાયે કરીને જો વત્સરાજ મૃત્યુ વશ થાય તો તમારૂં કાર્ય સિદ્ધ થાય. અન્યથા થવાનું નથી.' ત્યારે રાજા બોલ્યો 'જો એમ છે તો તેને મારવાનો ઉપાય ચિંતવો.' જુઓ! કામાસક્ત પ્રાણીની કૃતઘ્નતા! જે વત્સરાજે આટલું બધું રાજ્યહિત કરેલું, મધ્યરાત્રિએ સ્મશાનભૂમિમાં જઇને પ્રાણ સાટે લાવેલું દિવ્યવસ્ત્ર રાણીને અર્પણ કરેલું, જે કુંચક મેળવતાં આખી રાત્રિ અનેક પ્રકારના ભયને સહન કરવા પડેલા તે કુંચક માત્ર ઇચ્છાં કરતાંજ રાણીને અર્પણ કરેલો અને છેવટે ઉત્તરીય વસ્ત્રને માટે રાણીના અત્યંત કદાગ્રહને સમયે જેણે માત્ર રાજાના હિતને માટે વહ્નિ પ્રવેશ કરવાનો પ્રતિજ્ઞા કરીને રાણીનું મન રીઝવેલું અને નિર્ણિત મુદ્દતની અંદર લાવી પણ આપેલું, એવા વત્સરાજનો કિંચિત્ પણ ઉપગાર સ્મરણ ન કરતાં એકદમ કામને વશ થઇ જઇને તેના પ્રાણનાશ સુધીનો વિચાર કરવા તત્પર થવું. આ કૃતઘ્નતાના શેખર મનુષ્યનુંજ કાર્ય સમજવું. શાસ્ત્રકારે કામદેવના વશ થયેલા મનુષ્યને અંધ કહ્યોછે અર્થાત્ કામાંધ કહીને વર્ણવ્યો છે તેમાં કિંચિત્ પણ અતિશયોક્તિ નથી.

રાજાએ મંત્રીઓની સાથે વિચાર કરીને એક દિવસ તેને મારવાના ઉપાયનો પ્રારંભ કર્યો. તે રાજાનો સિંહ નામે

સામંત સિંહની જેવો દુઃસાધ્ય છે. તે જ્યારે નૃપસેવાર્થે આવે ત્યારે રાજ્યસભામાં આવી રાજાને પ્રણામ કરીને જે સ્થાનકે તે બેસેછે તે સ્થાનકે તેના શિવાય બીજો કોઇ બેસી શકતો નથી. એમ કરતાં કદાચિત્ કોઇ બેસી જાય છે તો તે બહુજ અપમાન માને છે અને જરૂર તે બેસનારને ઘાતપાતાદિકવડે વ્યથા ઉત્પન્ન કરે છે. વળી તે સિંહ સામંત શરીરના બળે કરીને તેમજ સૈન્યના બળે કરીને પણ દુર્જય છે. તેથી રાજા પણ તેનાથી ડરતો રહે છે. એક દિવસ તે સભામાં નથી આવેલો તેવે સમયે વત્સરાજ સભામાં આવ્યો એટલે મંત્રી વિગેરેએ કપટબુદ્ધિથી બહુજ આગ્રહવડે તેને સિંહને સ્થાનકે બેસાડયો. ત્યાર પછી થોડી વારે તે પણ સભામાં આવ્યો તે વખતે પોતાને સ્થાનકે વત્સરાજને બેઠેલ જોઇને કોપાયમાન થઇ ભૃકુટી ચડાવી, ભયંકર લોચનવાળો થયો; પરંતુ શું કરે! સભામાં કાંઇ કહી શકાય નહીં. કેમકે સભામાં તો રાજા ને રંક સૌ સરખા હોય. તેથી કોપાયમાન થયેલો બીજા આસન ઉપર બેસી રહ્યો. પછી જ્યારે રાજાએ સભા વિસર્જન કરી ત્યારે વત્સરાજ સરલપણાથી નિર્ભય થઇને પોતાના ઘર તરફ જવા લાગ્યો. તે વખતે દુષ્ટ પ્રધાનોએ સિંહને કહ્યું કે હે સિંહ ! આજે તારૂં સિંહ નામ વૃથા થયું. તું પરાક્રમવડે તો શૃગાળ તુલ્યજ ઠર્યો. જેથી વત્સરાજે તારૂં સ્થાનક ગ્રહણ કર્યું. હવે તું જીવતો મૃત તુલ્ય છે. યદુક્તં.

**माजीवन् यः परावज्ञा, दुःखदग्धोपि जीवति ।**
**तस्य जननीरेवास्तु, जननीक्लेशकारिणः ॥**

"પરપુરૂષોએ જેની અવજ્ઞા કરીછે તેણે જીવવું યુક્ત નથી. જે પ્રાણી પારકી અવજ્ઞાના દુઃખે કરીને દગ્ધ થયા છતાં પણ જીવે છે તેની માતા માત્ર તેને પ્રસવવાનો કલેશ સહન કરનારીજ થાયછે, કેમકે તેનાથી બીજી કાંઇ સિદ્ધિ થતી નથી."

મંત્રીઓનાં આ પ્રમાણેનાં વચનોથી દેદીપ્યમાન થયો છે ક્રોધ જેનો એવો સિંહસામંત પોતાના મેળાપીઓને સાથે લઇને નૃપમંદિરના મુખ્યદ્વારે જઈ વત્સરાજની સેગો થઇને આ પ્રમાણે બોલતો હવો–"રે વત્સરાજ ! તું કેમ જીવિતવ્યથી ખેદ પામ્યોછે ? કે જેથી આજે તું મારે આસને બેઠો. તેં કદી મને દીઠો નહીં હોય પણ શું મારૂં નામ પણ નહોતું સાંભળ્યું કે જેથી તેં મારી આવી અવહેલના કરી ? વિનાશકાળ પ્રાપ્ત થયે સતે કીડીઓને પણ પાંખ આવે છે. આ વાત આજે સત્ય થઇ." આ પ્રમાણે કહીને જેવો કુમારની સાથે યુદ્ધ કરવા પ્રવૃત્ત થયો; તેટલામાં તો કુમારે તત્કાળ તેને પોતાના બાહુવડે ગ્રહણ કરી મર્કટની જેમ મસ્તક ફરતો ફેરવીને પોતાના બાહુબળવડે દૂર ફેંકી દીધો. જેથી તત્ક્ષણ તે મૃત્યુ પામ્યો. સર્વ લોકોએ કહ્યું કે 'જુઓ જેવું બીજાને ચીંતવ્યું તેવું પોતાને થયું.' ત્યાર પછી સિંહસામંતનું સૈન્ય સઘળું ભયભ્રાંત થઇને નૃપને શરણે ગયું, અને વત્સરાજ ત્યાંથી પોતાને ઘરે આવ્યો. તે વખતે તેની

બંને વિદ્યાધરી સ્ત્રીઓએ વત્સરાજ પ્રત્યે કહ્યું-'હે કાંત! તમે અમારી વિદ્યાના પ્રભાવવડે સિંહસામંતને હણ્યો છે અને આ સઘળો અનર્થ રાજાએજ કરાવ્યો છે. હજુ પણ તે રાજા મહા અનર્થ કરશે. ઘરે આવેલા રાજાની નજરે તમે અમને પાડી તેનું આ ફળ પ્રાપ્ત થયું છે. અનર્થનું મૂળ તે વખતથી રોપાણું છે.' આ પ્રમાણે સાંભળીને વત્સરાજે તે સઘળું સત્ય માન્યું.

વળી રાજાએ એક દિવસે મંત્રીઓની સાથે વિચાર કરીને વત્સરાજને કહ્યું-'હે વત્સરાજ! મારે વાઘણના દુધવડે કાંઇક કાર્ય છે. પણ તારી સરખા મિત્રના પ્રસાદથી તે વાત કાંઇ દુર્લભ નથી.' વત્સરાજ નૃપના આ પ્રમાણેના આદેશને અંગીકાર કરીને ઘરે આવ્યો. ત્યારે ચિંતાવડે મ્લાન મુખવાળો જોઇને પ્રિયાઓએ પૂછયું-'હે નાથ! આજ તે કુનૃપતિએ વ્યાઘ્રીનું દુધ લાવવાનો આદેશ આપ્યો છે?' તેણે પૂછયું-'હે પ્રિયાઓ! એ વાત તમે કેમ જાણી?' તેઓ બોલી-'હે સ્વામી! અમે આકાશમાં રહીને નિરંતર તમારી સાથે આવીએ છીએ. હે પ્રાણનાથ! જે રાજાઓ આવા કૃતઘ્ની છે તેની સાથે મિત્રાઇ શી?'' યદુક્તં—

काके शौचं द्युतकारे च सत्यं, सर्पे क्षांतिस्त्रीषु कामोपशांति।
क्लीबे धैर्यं मद्यपेतत्वचिंता, राजा मित्रं केन दृष्टं श्रुतं वा॥

"કાગડામાં પવિત્રતા, જુગટીઆમાં સત્યતા, સર્પમાં ક્ષમા, સ્ત્રીમાં કામની શાંતિ, નપુંસકમાં ધૈર્યતા, મદ્યપાનીમાં

તત્વનું ચિંતવવાપણું તથા રાજા મિત્ર, આટલાવાનાં કોઇએ દીઠાંછે કે સાંભળ્યાં છે ? અર્થાત્ હોયજ નહીં એવાં છે.”

તો પણ હે નાથ! આ સંબંધમાં આપે કાંઇ ચિંતા ન કરવી. વ્યાઘ્રીનું દુધ લાવવાને માટે અમે ઉપાય કહીએ તે સાંભળો. “આ દેવતુરંગમ જે છે તેના ઉપર આરોહણ કરીને તમે ભીમાટવીમાં જાઓ; ત્યાં અમારી માતારૂપ જે દેવી છે તેની સખી બીજી રહેછે તે આ તુરંગમ જોઇને તમને ઓળખશે. એટલે તમારે તેની પાસે કાર્ય કહી બતાવવું. જેથી તે દેવતા વ્યાઘ્રીનું રૂપ કરીને તમારી સાથે આવશે,પછી તમારે તે વાઘણ લાવીને રાજાને અર્પણ કરવી.” આ પ્રમાણેનાં પત્નીનાં વચન સાંભળીને તે તત્કાળ ત્યાં જઈ વ્યાઘ્રરૂપિણી દેવીને કાને થોભીને સભામાં લાવ્યો અને રાજા પ્રત્યે કહ્યું કે ‘હે રાજા! હું આ નવ પ્રસૂતા વાઘણને લાવ્યો છું, માટે તમે ગ્રહણ કરો, દોહી લ્યો, અને તમે મનિચ્છિત રીતે તેનો ઉપયોગ કરો.’ આમ કહીને વત્સરાજે તેનો કાન મૂકી દીધો, એટલે તત્કાળ પ્રથમ તો તે વાઘણે રાજાને કુબદ્ધિ આપનાર મંત્રીનું ભક્ષણ કર્યું. એટલે રાજા ભયભ્રાંત થઇને બોલ્યો—“હંહો વત્સરાજ! આવું હિંસાકર્મ ન કર. આને પાછી પકડી લે. એના દુધે કરીને સર્યું. એ તો મને અને બીજા જનોને પણ ભક્ષણ કરી જશે.” રાજા જ્યારે આ પ્રમાણે દીન વાક્ય બોલવા લાગ્યો ત્યારે વત્સરાજે તે વાઘણને કાનવડે પાછી પકડી લીધી અને પોતાને ઘરે લાવ્યો. પછી તેની ખેચર પત્નીઓએ તેનો બહુજ આદરસત્કાર કર્યો, એટલે તે પણ બહુજ હર્ષ પામીને પોતાને સ્થાનકે ચાલી ગઇ.

વળી ફરીને વત્સરાજની સ્ત્રીના સંગમને ઇચ્છતા એવા રાજાએ મંત્રીઓની સાથે વિચાર કરીને વત્સરાજને કહ્યું-'ભો ભદ્ર! કોઈ પણ સ્થાનેથી બોલતું પાણી લાવી દે જેથી મારે શરીરે નિરોગીપણું પ્રાપ્ત થાય.' વત્સરાજે પૂછયું કે 'તે પાણી કયાં મળે છે?' મંત્રીએ કહ્યું-"વંધ્યાટવીમાં બે પર્વતની અંતરાળે એક કુવો છે તેનું પાણી બોલે છે. તે બંને પર્વતનો નિરંતર નેત્રપુટની જેમ સંગમ અપગમ થયા કરે છે, તેથી તેમાં પ્રસ્તાવ જોઇને લબ્ધલક્ષપણે પ્રવેશ કરી જળ લઇને શીઘ્રપણે નીકળી જવું જોઇએ. જો વિલંબ થાય તો પર્વતની વચમાં આવી જવાય, તેથી તમારે દક્ષપણે પ્રવેશ કરીને તત્કાળ નીકળી જવું. તમારા વિના બીજાથી આ કાર્ય સિદ્ધ થશે નહીં." વત્સરાજ તે આદેશ અંગીકાર કરીને ઘરે આવ્યો. અને તે આદેશ પણ પોતાની પત્નીઓને કહી સંભળાવ્યો એટલે સ્ત્રીઓએ કહ્યું-'હે સ્વામી! યક્ષરૂપ અશ્વ ઉપર આરોહણ કરીને તમે જાઓ. ત્યાં અમારી સખી શકુનીકારૂપને ધરનારી દેવી રહે છે તે તમારૂં કાર્ય કરી આપશે.' વત્સરાજ તરતજ તુરંગમ ઉપર બેસીને ત્યાં ગયો, એટલે શકુનીકાએ તેને જોઇને ઓળખ્યો. અને વત્સરાજને મુખેથી ઇપ્સિત કાર્ય જાણીને તે જળવડે તુંબીકા ભરીને તેના હાથમાં આપી. વત્સરાજ તે જળ લઈ પોતાની નગરીએ આવી રાજ્યસભામાં જઇને તે પાણીની તુંબીકા રાજાની સમીપે મૂકી એટલે દેવપ્રભાવે કરીને તે જળ ગાઢસ્વરે કરીને બોલ્યું-'હે રાજન્! તને ભક્ષણ કરૂં, તારા મંત્રીઓને

ભક્ષણ કરૂં કે તને દુર્બુદ્ધિ આપનાર બીજા પુરૂષને ભક્ષણ કરૂં?' આ પ્રમાણેનું નીરનું વચન સાંભળીને સર્વે સભામાં બેઠેલા જનો વિસ્મય પામ્યા. રાજા પોતાના કાર્યની સિદ્ધિને ન જોવાથી મ્લાન વદનવાળો થયો. તોપણ ઉપરથી વદન પ્રફુલ્લિત કરીને બોલ્યો-'અહો આ વત્સરાજને કાંઇ પણ દુષ્કર નથી.' આ પ્રમાણે કહીને રાજાએ તેને વિસર્જન કર્યો એટલે તે પોતાને ઘરે આવ્યો.

વળી પાછો ફરીને રાજા મંત્રીઓની સાથે તેને મારવાનો ઉપાય ચિંતવવા લાગ્યો. ત્યારે ચારે મંત્રીઓએ કહ્યું-'હે દેવ! શ્રી સુંદરી કન્યાના વિવાહનું નિમિત્ત બતાવી, દક્ષિણ દિશાએ યમનું ગૃહ (ચિતા, અગ્નિ) કરાવીને, યમરાજાને નિમંત્રણ કરી આવવા સારૂ વત્સરાજને તેમાં પ્રવેશ કરાવીએ, એટલે સુખે કરીને કાર્ય સિદ્ધ થાય!' આ પ્રમાણેનો ઉપાય બતાવ્યો એટલે રાજા હર્ષિત થયો સતો તે મંત્રીઓની પ્રશંસા કરવા લાગ્યો કે 'તમે બહુ સારો ઉપાય બતાવ્યો.' પછી તે કુમંત્રીઓએ દક્ષિણ દિશામાં મોટી ગર્ત્તા (ખાડ) કરાવી ઇંધનના સમૂહવડે પૂરી, અને અગ્નિવડે પ્રદીપ્ત કરીને રાજાને ખબર આપ્યા એટલે રાજાએ અનેક સુભટોને તેડાવ્યા તેમજ વત્સરાજને પણ તેડાવ્યો. પછી પ્રથમ બીજા સુભટોનાં નામ લઇ લઇને રાજાએ કહ્યું-'હે સુભટો! શ્રીદેવી પુત્રીના વિવાહઉત્સવમાં આવવા માટે યમરાજાને નિમંત્રણ કરવાની જરૂર છે. તેથી આ અગ્નિએ પૂરેલ ગર્ત્તા (ખાડ) ને માર્ગે થઇ, યમરાજાના સદનને વિષે જઇને તેને નિમંત્રણ

કરી આવો.' તે વખતે સર્વે સુભટોએ મળીને કહ્યું-'હે સ્વામિન્! એ કાર્ય અમારા કોઇથી સિદ્ધ થશે નહીં.' એટલે રાજાએ વત્સરાજને કહ્યું. વત્સરાજે સાહસીકપણે તે કાર્યનો સ્વીકાર કરી પોતાને ઘરે જઇને પત્નીઓને વાત કરી. તે શ્રવણ કરીને તે પુરંધ્રીઓ બોલી 'આ નિઃસ્નેહી અને કૃતઘ્ન રાજાનું કાર્ય તમે શા માટે અંગીકાર કર્યું? તે વખતે જેમ બીજાઓએ નાકાર કર્યો તેમ તમારે પણ નાકારજ કરવો હતો.' સ્ત્રીઓએ આમ કહ્યા છતાં પણ વત્સરાજનું મન તે કાર્યથી વિરામ પામ્યું નહીં. એટલે તેમણે પોતાના સ્વામીને ગૃહમાં પ્રચ્છન્નપણે સ્થાપન કરીને યક્ષરૂપ કિંકર પ્રત્યે આ પ્રમાણે આદેશ કર્યો કે 'તું અમારા સ્વામીનું રૂપ કરીને રાજા પાસે જા, અને રાજા જે આદેશ આપે તે કર.' યક્ષ તરતજ વત્સરાજનું રૂપ કરી, રાજાની પાસે જઇને બોલ્યો-'ભો રાજન્! જે કાર્ય હોય તે કહો.' રાજાએ કહ્યું-'હે વત્સરાજ! તારે યમરાજાની પાસે જઇને મારા ઘણા ઘણા પ્રણામ કહેવા અને શ્રીદેવીના વિવાહઉત્સવમાં આવવાને માટે બહુજ આગ્રહ કરી તેમને લઇને એક માસની અંદર તારે અત્રે પાછું આવવું.' આ પ્રમાણેનો સંદેશો સાંભળીને તત્કાળ તે કૃત્રિમ વત્સરાજે ત્યાંથી નીકળી નૃપ મંત્રી પ્રમુખ સમગ્ર નાગરિક જનોની સમક્ષ હુતાશનવડે પ્રપૂરિત ગર્ત્તામાં પ્રવેશ કર્યો. એટલે તત્કાળ અદૃશ્ય થઇ ગયો. તે વખતે સર્વ લોકો તે વત્સરાજને અગ્નિમાં પ્રવેશ કરતો જોઇને અત્યંત શોકને ધારણ કરતા બોલવા લાગ્યા કે 'અહો!

આ રાજા બહુજ નિર્દય થયો. તે દુરાત્મા રાજાએ અનેક ગુણરૂપી રત્નોના ગૃહતુલ્ય આ વત્સરાજ કુમારને મૃત્યુ પમાડયો. આનું શ્રેય થાય તેવું જણાતું નથી.' આ પ્રમાણે બોલતા બોલતા નગરના લોકો શોક કરવા લાગ્યા; અને રાજા પોતાના કાર્યની સિદ્ધિ થયેલી જાણીને પ્રમુદિત થયો. સૌ સ્વસ્થાનકે ગયા.

ત્યારપછી તે રાજા મંત્રીઓને બોલાવીને કહેવા લાગ્યો-'હવે એ વત્સરાજની સ્ત્રીને રાજ્યભુવનમાં લઇ આવો; વિલંબ ન કરો.' આ પ્રમાણેનાં રાજાનાં વાકય શ્રવણ કરીને મંત્રીઓએ કહ્યું-"હે નાથ! સર્વ પ્રજા તમારે વિષે વિરક્ત થઇ છે અને તરતજ આ કાર્ય કરવાથી વિશેષે કરીને વિરક્ત થશે પ્રજાના અનુરાગ વિના કોઇ પ્રકારની સંપદા પ્રાપ્ત થતી નથી. કહ્યું છે કે-

विनयेन भवति गुणवान्, गुणवति लोकोनुरज्यते सकलः
अनुरक्तस्य सहायाः ससहायो यूज्यते लक्ष्म्याः ॥

વિનયે કરીને ગુણવાન્ થાય છે, ગુણવાન્ થયે સતે સકળ લોકો રંજન થાય છે, રંજન કરનારની સહાય મળે છે અને તે સહાય લક્ષ્મીને જોડી આપે છે. તેથી હે ભૂપતિ! એક માસ પર્યંત પ્રતીક્ષા કરો (રાહ જુઓ). ઔત્સુકયપણાએ કરીને કોઇ પણ કાર્યની સિદ્ધિ થતી નથી." આ પ્રમાણે કહીને મંત્રીઓએ તત્કાળને માટે રાજાનું નિવારણ કર્યું. અનુક્રમે એક માસ વ્યતિક્રમ્યો એટલે કામાંધ રાજાએ વ-

ત્સરાજની પ્રિયાઓને લઇ આવવા સારૂ ચારે મંત્રીઓને આદેશ કર્યો. રાજાના આદેશને પામીને તે મંત્રીઓ વત્સરાજને ઘરે જવાને તત્પર થયા, તેવામાં જે હકીકત બની તે સાંભળો-

વત્સરાજની પત્નીઓએ વ્યંતરેંદ્રની ગતિને પામેલા પોતાના પિતાની પાસે યક્ષાંકંકરને મોકલીને તેમને પાતાળગૃહમાંથી બોલાવ્યા. એટલે તેણે તે સમાચાર સર્વે જાણીને પોતાના જમાઇના શત્રુનો નાશ કરવા માટે દેવશક્તિવડે પોતે મનોજ્ઞ, બહુમૂલ્ય આભરણે અલંકૃત થઇ, અશ્વ ઉપર બેસી, વત્સરાજનું રૂપ ધારણ કરી, સાથે દેવતારૂપી એક સેવકને લઇ, નગરના મધ્ય મધ્ય ભાગમાં થઇને સર્વજન સમક્ષ નૃપસભામાં આવ્યો. તેને જોઇને રાજા બહુજ વિસ્મય પામ્યો કે આ વત્સરાજ અમારા દેખતાં યમગૃહરૂપ અગ્નિમાં પ્રવેશ કરીને મરણ પામ્યો હતો તે સાંપ્રત પાછો શી રીતે આવ્યો? આ વીર પુરૂષે તો આવું સુભાષિત નિરર્થક કર્યું કે—

**पुनर्दिवा पुनःरात्रि, पुनः सूर्यः पुनः शशी ।**
**पुनः संजायते सर्व, न कोप्येति पुनर्मृतः ॥**

"દિવસ ફરીને આવે છે, રાત્રિ ફરીને આવે છે, સૂર્ય ફરીને ઉદય પામે છે અને ચંદ્ર પણ ફરીને ઉગે છે. સર્વે વાનાં ફરીને ઉત્પન્ન થાય છે, પરંતુ મૃત્યુ પામેલો કોઇ પાછો આવતો નથી."

શાસ્ત્રમાં તો જો કે આ પ્રમાણે કહેલું છે પરંતુ આ વત્સરાજે તેથી જૂદો ભાવ પ્રત્યક્ષ બતાવ્યો. આ પ્રમાણે વિચાર કરતાં વિસ્મિત થયેલા રાજાએ વત્સરાજને પૂછ્યું-"હે વત્સરાજ ! યમરાજેંદ્રને કુશળ વર્ત્તે છે ?" તે બોલ્યો-"હે નાથ ! તમારા મિત્ર યમરાજાને કુશળ વર્ત્તે છે. પણ તેણે મારી સમીપે આ પ્રમાણે કહ્યું છે કે 'ભો વત્સરાજ ! તારા સ્વામીની સાથે મારે અત્યંત મિત્રાઇ છતાં તેણે મને બહુ કાળે સંભાર્યો તેનું શું કારણ ?' આ પ્રમાણે કહીને પછી તેણે બહુ દિવસ સુધી મને બહુ માનપૂર્વક ત્યાં રાખ્યો. હે રાજન્! હું તમારો સેવક તેથી તે યમરાજાએ મારી બહુજ સત્ક્રિયા કરી અને આ શરીરે લાગેલા સર્વ આભરણો તમારી પ્રીતિએ કરીને તેણે મને આપ્યા. વળી તમને આવવા માટે તેમણે મારી સાથે આ પોતાના પ્રતિહારીને મોકલ્યો છે." આ પ્રમાણે કહ્યું એટલે રાજાએ તે પ્રતિહારીની સન્મુખ જોયું અને તેના નેત્રની અનિમિષતા જોઇને તે સઘળું સત્ય માન્યું. ત્યારે વ્યંતરેંદ્ર (કૃત્રિમ વત્સરાજ) ફરીને બોલ્યો-હે રાજન્! કૃતાંતરાજે તમારી પ્રત્યે કહ્યું છે કે 'મારી પાસે નિરંતર તમારે પોતાના સેવકપુરૂષોને મોકલ્યા કરવા. હું તમને મળવા માટે આવવા ઇચ્છું છું પરંતુ ઇંદ્રનો આદેશ મળતો નથી; કેમકે ક્ષણમાત્ર પણ મારા વિના ઇંદ્રરાજાના ઘરમાં નિર્વાહ થતો નથી, માટે તમારે મને મળવા સારૂ અહીં આવી જવું. પ્રીતિ તો જવા આવવાથીજ વૃદ્ધિ પામે છે.' આ પ્રમાણેનાં વચનો સાંભળીને રાજપુરૂષો ત્યાં જ-

વાને બહુજ ઉત્સુક થતા હવા; તે વખતે યમરાજાના પ્રતિહારે કહ્યું કે 'જેને આવવું હોય તે મારી સાથે ચાલો.' એટલે રાજા સુદ્ધાંત નાશભુવનમાં જવાને માટે ઉદ્યમવંત થઇને તરતજ જાજ્વલ્યમાન અગ્નિરૂપ યમગૃહ સમીપ ગયા. એટલે જે વ્યંતરેંદ્ર યમપ્રતિહાર નામધારી હતો તેણે કહ્યું કે 'મારી પાછળ જેને આવવું હોય તે આમાં પ્રવેશ કરજો.' એમ કહીને તેણે જાજ્વલ્યમાન્ અગ્નિમાં પ્રવેશ કર્યો. તેની પાછળ રાજાના આદેશથી તેના માનીતા ચાર મુખ્ય મંત્રીઓએ પ્રવેશ કર્યો; એટલે તત્કાળ તે ભસ્મીભૂત થઈ ગયા. ત્યાર પછી રાજા અગ્નિમાં ઝંપાપાત્ કરવાને તૈયાર થયો એટલે વત્સરાજે તેનો હાથ થોભીને નિવારણ કર્યું અને કહ્યું 'હે રાજન્! સર્વ લોકોને વિદિતજ છે કે જે અગ્નિમાં પ્રવેશ કરે છે તે તત્કાળ મરણ પામે છે. હું તો દેવપ્રભાવે કરીને જીવ્યો છું, અને તેજ મારા મિત્રદેવે આ મારા શત્રુઓને મોહ પમાડી મૃત્યુવશ કર્યા છે. કેમકે એ ચાર મંત્રીઓએજ તમને મને મારવાનો ઉપાય બતાવ્યો હતો, તેથીજ મેં તેમને મૃત્યુ પમાડ્યા છે. કહ્યું છે કે;—

धुत्तहाकिज्जइधुत्तइ, आळहदिज्जइआळ ।
मित्तहाकिज्जइमित्तइ, एमगमीज्जइकाळ ॥ १ ॥

આ પ્રમાણેનાં વત્સરાજનાં વચનો સાંભળીને તેની ભક્તિ તથા શક્તિવડે પ્રસન્ન થઇ અને પોતાના આરંભની નિષ્ફળતાથી લજ્જાયમાન થઇ રાજા પોતાને મંદિરે જઇ

વિચારવા લાગ્યો કે 'આ સ્ત્રીઓની વાંછાએ કરીને મેં બહુ પાપ ઉપાર્જન કર્યું તેમજ લોકોમાં પણ બહુ લઘુતા પામ્યો, માટે હવે મારે હવે એ પાપકારણથી નિવૃત્ત થવું જોઇએ.'

પછી રાજાએ શ્રી સુંદરી નામે પોતાની પુત્રી વત્સરાજને પરણાવી, અને લોકોની (પ્રજાવર્ગની) અનુમતિ મેળવીને પોતાનું રાજ્ય પણ વત્સરાજને આપી પોતે સંસારનો ત્યાગ કરીને તાપસ થયો.

ત્યારપછી વત્સરાજ રાજ્ય પામીને અનેક દેશો સાધી, પુણ્યવાન્ તથા દૃઢ પરાક્રમવાન્ થઇને મહારાજાની પદવી પામ્યો. એકદા કોઇ પુરૂષ પરદેશમાંથી રાજ્યસભામાં આવી ભૂપતિને નમસ્કાર કરી, લેખ સમીપે મૂકીને આ પ્રમાણે વિનંતિ કરવા લાગ્યો 'હે દેવ! હું ક્ષિતિપ્રતિષ્ઠિત નગરથી આવ્યો છું અને આ વિનંતિપત્ર તે નગરનિવાસી લોકોએ એકઠા થઇ લખીને મારી સાથે મોકલ્યો છે.' પછી રાજાએ તે લેખ લઇને પોતાની સમીપે બેઠેલા લેખવાચક (શિરસ્તેદાર) ને આપ્યો. તેણે તે લેખને ઉન્મુદ્રિત કરીને[1] નૃપાલ સમીપે વાંચ્યો. તે આ પ્રમાણે;-

स्वस्तिपुर्यामुज्जयिन्यां, वत्सराजंमहीभुजं ।
क्षातिप्रतिष्ठितात्पौरा, नत्वाविज्ञपयंत्यदः ॥ १ ॥
यथाग्रीष्मार्दितोमेघं, शीतार्त्तोऽग्निंजनःस्मरेत् ।
पीडितादेवराजेन, स्मरामस्त्वांतथावयं ॥ २ ॥

---

૧ ઉખેડીને.

शीघ्रमेवसमागत्य, प्रभुत्वं त्वं कुरुष्व नः ।
अन्यथान्यंश्रयिष्यामः स्वामिनं न्यायनिष्ठुरं ॥ ३ ॥

"સ્વસ્તિ શ્રી ઉજ્જયની નગરીને વિષે વત્સરાજ નૃપતિ પ્રત્યે ક્ષિતિપ્રતિષ્ઠિત નગર થકી પૌરજનો નમસ્કાર કરીને આ પ્રમાણે વિનંતી કરે છે. જેમ ગ્રીષ્મઋતુએ પીડિત થયેલો મેઘને અને શીતવડે પીડિત થયેલો અગ્નિને સ્મરણ કરે છે તેમ દેવરાજે પીડિત કરેલા અમે તમને સંભારીએ છીએ. માટે તમે શીઘ્રમેવ અહીં આવીને અમને સનાથ કરો. નહીંતો પછી અમે બીજા ન્યાયવાન્ સ્વામીનો આશ્રય ગ્રહણ કરીશું."

આ પ્રમાણે લેખલિખિત સમાચાર વાંચીને વત્સરાજ રાજા સર્વ સામગ્રીયુક્ત ક્ષિતિપ્રતિષ્ઠિત નગર સમીપે ગયા, અને દેવરાજ નૃપને ખબર આપવા માટે દુતને મોકલ્યો. તે ખબર સાંભળીને તે દેવરાજ પણ સનદ્ધ થઇને નગર બહાર નીકળ્યો, પરંતુ તેનો પરિવાર વિરક્તપણે તેની પાછળ નીકળ્યો. તેથી દેવરાજ વત્સરાજને બળવાન્ જાણીને તેમજ પોતાના પરિવારને અને સેવકવર્ગને તથાપ્રકારે વિરક્ત જાણીને પોતે કોઇ સ્થાનકે નાસી ગયો. આ ખબર જાણીને સર્વે નગરનિવાસી જનો હર્ષ પામ્યા સતા મહોત્સવપુરઃસર વત્સરાજને નગરમાં પ્રવેશ કરાવતા હવા. ત્યારપછી તે વત્સરાજ રાજા બંને રાજ્યો સુખે કરીને પાળતો સતો ત્યાં રહેવા લાગ્યો.

એકદા ઉદ્યાનપાળકે આવીને પ્રણામપૂર્વક રાજા પ્રત્યે

વિનંતિ કરી કે "હે સ્વામિન્! હું પ્રીતિપૂર્વક આપને વધાવું છું. આજે આપના નગરના ઉદ્યાનમાં ચાર જ્ઞાનના ધરનારા આચાર્ય ભગવંત સમવસર્યા છે." રાજાએ વનપાલકની ઉપર તુષ્ટમાન થઇને તેને તુષ્ટિદાન આપ્યું. પછી સમગ્ર સામગ્રી તૈયાર કરીને સદ્દભક્તિભાવ સહિત ઉદ્યાનમાં જઇ મુનિમહારાજાને નમસ્કાર કરી યથાસ્થાને બેઠા. ગુરૂમહારાજાને મુખેથી ધર્મદેશના સાંભળીને યતિશ્રાવક ધર્મમાંથી શ્રાદ્ધધર્મ અંગીકાર કરી સ્વગૃહે આવ્યા. આચાર્ય મહારાજા પણ ત્યાં માસકલ્પ કરીને અન્યત્ર વિહાર કરતા હવા.

ત્યારપછી ગુરૂમહારાજના ઉપદેશવડે વત્સરાજ રાજાએ અનેક જિનચૈત્યો કરાવ્યાં, જિનપ્રતિમાઓ નિર્માણ કરાવી, જિનચૈત્યને વિષે અષ્ટાહ્નિક મહોત્સવ કર્યા; તથા બીજાં પણ ધર્મકૃત્યો અનેક પ્રકારનાં કર્યાં. એમ કરતા સતા ફરીને તેજ આચાર્ય કેટલેક દિવસે ત્યાં પધાર્યા. ત્યારે નરેંદ્રે પણ ત્યાં જઇ ગુરૂમહારાજના ચરણદ્વયને વંદન કરી સમય જોઇને પ્રશ્ન કર્યું કે 'હે પ્રભુ! મેં પૂર્વભવે શું કર્મ કર્યું હતું કે જેથી મને વિપત્તિયુક્ત સંપદા પ્રાપ્ત થઇ?' ગુરૂમહારાજાએ કહ્યું કે હે રાજન્! સાંભળો-

"આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં પૂર્વે વસંતપુર નામે પત્તનને વિષે શુર નામે રાજા હતો. તે રાજા સરલ, ક્ષમાવાન, દાક્ષિણ્યસંયુક્ત, સ્વભાવે નિર્લોભી, દેવગુરૂ પૂજાને વિષે તત્પર, સર્વ ગુણોનો આધાર તથા શીલસમન્વિત હતો, અને દાન દેવામાં તત્પર સતો મેદિનીનું પ્રતિપાલન કરતો

હતો. તેની ભાર્યા વિદ્યાધર કુળમાં ઉત્પન્ન થયેલી શુરવેગા નામે પટ્ટરાણી હતી અને બીજી રતિચૂળા નામે નૃપાત્મજા પરણ્યો હતો. પછી તે રાજાએ રતિચૂળાને વિષે આસક્ત થઇને શુરવેગાને તજી દીધી. ત્યારપછીની કથા હે વત્સરાજ! તને વ્યંતરદેવીએ કહેલી છે, અને તેણે તને ગંધવાહગતિ વિદ્યાધરની બે પુત્રીઓ પરણાવેલી છે. હે મહાભાગ ! તે શુર એ ભવમાં ધર્માંરાધન કરી, કાળ કરીને તું નૃપનંદન થયો. દાનાદિ ધર્મના મહાત્મ્ય થકી તને આ ભવમાં ભોગ સંપદા પ્રાપ્ત થઇ અને પૂર્વભવમાં રાજ્ય કરતા સતા તેં કાંઇક અંતરાય કર્મ ઉપાર્જન કર્યું હતું, તેથી તને આ ભવમાં પ્રથમ વયને વિષે રાજ્યભ્રંશાદિક દુઃખ પ્રાપ્ત થયું."

આ પ્રમાણે સાંભળીને વત્સરાજ રાજા જાતિસ્મરણ પામતો હવો. પોતાનો પૂર્વભવ જોઇને ગુરૂમહારાજાનાં વચન સત્ય માનતો સતો વિશેષ પુણ્યલાભ મેળવવાને માટે દીક્ષા ગ્રહણ કરવાને ઉત્સાહિત થયો. પછી પોતાના શેખર નામે પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરી, ચારે પ્રિયા સહિત વ્રત ગ્રહણ કરતો હતો. ઘણા કાળ પર્યંત દીક્ષાપર્યાય પાળી, વિવિધ પ્રકારના તપ કરી અંતે સમાધિ સંયુક્ત કાળ કરીને સ્વર્ગે ગયો. ત્યાંથી ચવી, મનુષ્યભવ પામી, દીક્ષા ગ્રહણ કરી, સમગ્ર કર્મનો ક્ષય કરીને મોક્ષસુખ પામશે.

## ઇતિ વત્સરાજ કથા.

આ પ્રમાણે પૂર્વભવે ધર્મારાધન કરવા થકી વત્સરાજ કુમાર પગલે પગલે ઋદ્ધિ પામ્યો, દેવ સંબંધી ભોગ મ-

નુષ્યભવમાં ભોગવ્યા, મનવાંછિત વસ્તુની સંપ્રાપ્તિ પામ્યો, અશકય કાર્યો દેવસહાયવડે તત્કાળ કર્યાં, અને પ્રાંતે પણ ધર્મારાધન કરી સ્વર્ગસુખ પામ્યો; યાવત્ મોક્ષસુખની પ્રાપ્તિ પણ મેળવશે. માટે ભવ્ય પ્રાણીઓએ યથાશક્તિ ધર્મ કાર્યમાં પ્રયત્ન કરવો. ધર્મારાધનવડે કોઇ પણ વસ્તુની પ્રાપ્તિ ન થાય એવું નથી તેથી નિરંતર ધર્મકૃત્યમાં ઉદ્યમી થઇને આત્મકલ્યાણને વિષે લક્ષ રાખવું. આત્મકલ્યાણવાંછક પ્રાણી દુષ્કૃત્ય નિવારણ કરતો અને સત્કૃત્યનું આરાધન કરતો યાવત્ મોક્ષસુખ પામે એ નિઃસંદેહ છે. તથાસ્તુ.

## [शार्दूलविक्रिडित.]

भक्तिं तीर्थकरे गुरौ जिनमते संघे च हिंसानृतं ।
स्तेया ब्रह्मपरिग्रहाद्युपरमं क्रोधाद्यरीणां जयम् ॥
सौजन्यं गुणिसंगमिंद्रियदमं दानं तपोभावनां ।
वैराग्यं च कुरुष्व निर्वृतिपदे यद्यस्ती गंतुं मनः ॥

# ચરિતાવળી.

## ભાગ ૩ જો.

### વિભાગ ૪ થો.

### શ્રી નળ દમયંતી ચરિત્ર.

કોસલ નામના દેશ મધ્યે અલકાપુરીથી પણ અધિક એક કોસલા નામની નગરી હતી. તેમાં સંપૂર્ણ વૈરીવૃન્દને જીતનાર નિષધ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને બે પુત્રો થયા. તેઓમાંના એકનું નામ નળ ને બીજાનું નામ કૂવર હતું. એ બન્ને પુત્રો મહા ચતુર નિવડ્યા, અને પ્રતિ દિવસે વૃદ્ધિ પામવા લાગ્યા. કોઇ સમયે ભીમ રાજાએ મોકલેલો એક દૂત નિષધ રાજાની પાસે આવી દંડવતપ્રણામ કરી હાથ જોડીને બોલ્યો;-

દૂત-"હે મહારાજ! વિદર્ભ નામના દેશ મધ્યે એક કુંડિનપુર નામનું નગર છે. તેમાં ભીમરથ નામે રાજા છે. તેની એક અતિ મનોહર કન્યા છે. તે એવી તો રૂપવંતી છે કે તેનું વર્ણન થઇ શકે નહીં. લોકોની દૃષ્ટિને તૃપ્ત કરવાને માટે જાણે અમૃતની વાવ્યજ હોયની! વિધાતા એની રચના કરીને

સુંદરતા જોઇ મહા વિસ્મયને પામ્યો, ત્યારે ફરી એની બરાબર બીજીની રચના કરવા લાગ્યો; પરંતુ એ કુંવરીની સરખામણી થઇ નહીં તેથી લજ્જિત થયો. અધિક શું કહેવું! એના જેવી સુરૂપા બીજી કોઇ નહીંજ હોવાથી કાંઇ ઉપમા દેવાય નહીં. તે કન્યાનું દમયંતી એવું નામ છે. જેમ બીજા સર્વ જલાશયોનો ત્યાગ કરીને હંસ પક્ષીઓ માનસરોવરનો આશ્રય લે છે, તેમ સમગ્ર શ્રેષ્ઠ ગુણો વગર બોલાવ્યા આવીને દમયંતીને અવલંબન કરી રહ્યા છે. તે રાજકુમારીકા ઉપવર થવાથી તેનો વિવાહ કરવા સારૂ એના યોગ્ય વર ઘણે ઠેકાણે ખોળ્યો પણ એના જેવો સર્વગુણસંપન્ન કોઇપણ મળી આવ્યો નહીં. તે માટે રાજાએ સ્વયંવર રચ્યો છે. તેમાં બિરાજવાને માટે આમંત્રણ દેવા સારૂ સર્વ દેશોમાં દૂતો મોકલવામાં આવ્યા છે તેમાં હું આપને આમંત્રણ દેવા આવ્યો છું. માટે આપ બંને પુત્રો સહિત તે સ્વયંવરમાં આવીને રાજાને પ્રસન્ન કરો.”

એવાં દૂતનાં વચન સાંભળી તે આમંત્રણ અંગીકાર કરીને પોતાનું સૈન્ય તૈયાર કરાવ્યું. તેને સાથે લઇને જલદી વિદર્ભદેશ તરફ જવાને માટે દક્ષિણ દિશાનો રસ્તો લીધો; અને કુચપર કુચ તથા મુકામપર મુકામ કરતાં કુંડિનપુરમાં રાજા આવી પહોંચ્યો. તેને યથાયોગ્ય આદરસત્કાર કરીને વિદર્ભ દેશના રાજાએ કેલીબાગમાં ઉતારો આપ્યો. તેમ બીજા આવેલા સર્વ રાજાઓને યોગ્ય આદરસન્માન કરીને જુદે જુદે ઠેકાણે ઉતારા આપ્યા. નગરીમાં જ્યાં ત્યાં કૌતુક

થઇ રહ્યું. સર્વ રાજાઓના ઉતારામાં લોકો જઇ જઇને જોવા લાગ્યા. તેમાં નિષધ દેશના રાજાના ઉતારા આગળ લોકો વધારે એકઠા થઇ જેના રૂપનું ઉપમાન કામદેવ પણ થાય નહીં એવું રમણીય નળનું સુરૂપ જોઇને બધા લોકો બોલવા લાગ્યા કે 'આ વર દમયંતીને યોગ્ય છે.' પછી નિયમિત દિવસે સર્વરાજાઓને સ્વયંવરમંડપમાં બોલાવ્યા ત્યારે તેઓ પોતપોતાના ઐશ્વર્ય સહિત સ્વ સ્થાનકોને વિષે બેઠા. તેમાં કોશલ દેશનો રાજા પણ માણિકયમય મંચક ઉપર પોતાના બન્ને પુત્રો સહિત આવી વિરાજમાન થયો જેમ નક્ષત્રોની સર્વ કાંતિ ચંદ્રમાને પ્રાપ્ત થાય છે, તેમ સર્વ રાજાઓની શોભા મંચક ઉપર અચલ બેઠેલા નળને પ્રાપ્ત થઇ. એટલે સર્વના કરતાં એનું અધિક તેજ દીસવા લાગ્યું. એવા સમયમાં જેમ વસંતની સ્ત્રી માધવી અને સાક્ષાત્ લક્ષ્મી ઉત્તમ મુક્તાફલાદિકનાં આભૂષણો પહેરીને શોભા પામે તેની પેઠે અતિ રમણીય દમયંતી સભામાં પ્રવેશ કરીને શોભા પામવા લાગી. તે શચિ, લક્ષ્મી તથા પાર્વતીને એકથી એક અધિક રૂપવાળી હોવાથી અતિ ગર્વ થયો, તેને ખંડન કરવા સારૂજ જાણે દમયંતી આવી હોયની! અર્થાત્ એના રૂપની આગળ તેઓએ પોતપોતાનો ગર્વ મૂકી દીધો, તેથી બ્રહ્મા પણ નિર્વાદપદને પામ્યો. એટલે કોઇના રૂપ વિષે દમયંતીના રૂપની સામે બ્રહ્માને વાદ કરવો રહ્યો નહીં. સભામાં આવેલી દમયંતીને જોઇને, જેમ નવા શાળીનું ધાન્ય જોઇને ત્યાં હાથીનું મન દોડી જાય છે, તેમ સર્વ રાજાઓનું અંતઃકરણ તેમાં લાગી રહ્યું. નળે પણ તેને

જોઇને મનમાં કાત્યાયનીના તપનું ચિંતવન કરવા માંડ્યું, અને કામદેવને ધિક્કારવા લાગ્યો. તેમ બીજા સર્વ રાજાઓ દમયંતીને જોઇ ચિત્રની પેઠે સ્તબ્ધ બની ગયા. પછી સંપૂર્ણ ગુણે કરી અગાધ મગધ દેશનો રાજા, સંપૂર્ણ અંગોથી લાવણ્યયુક્ત અંગ દેશનો રાજા, સમગ્ર શત્રુઓની ઇર્ષાનો લોપ કરનાર સપ્તાંગ જે બંગ દેશનો રાજા, કુરંગાક્ષીઓને શૃંગારથી મોહિત કરનાર કલિંગ દેશનો રાજા, શત્રુના સૈન્યને ભંગ કરનાર કુંકણ દેશનો રાજા, શત્રુઓને ચિત્રવત્ કરનાર લાટ દેશનો નટ નામનો રાજા, પ્રત્યર્થી પ્રાર્થિત પ્રાણત્રાણ હૂણ દેશનો રાજા, શત્રુઓનો વિધ્વંસ કરનાર કાંબોજ દેશનો રાજા-એવા બીજા પણ સિંધ તથા સૌવીરાદિક દેશના રાજાઓનાં નામ લેતી લેતી સહચરી દમયંતી પ્રત્યે બોલી:-

સહચરી-"હે દેવી! આ જો, નૈષધદેશનો રાજા બેઠો છે; તેની સાથે વિવેક, વિક્રમ તથા ન્યાયના નિધિ એવા તેના બે પુત્રો પણ બેઠેલા છે. તેઓની સુંદરતા તરફ દૃષ્ટિ કર! કે જાણે મહાદેવની ઇર્ષા કરી એ બન્ને ભાઇઓ કામદેવ રૂપેજ અવતર્યા હોયની!"

એવાં સહચરીનાં વચન સાંભળતાંજ જેમ જળનો પ્રવાહ વૃક્ષોના ક્યારાને સિંચન કરતો કરતો ચાલ્યો જાય છે, તેમ દમયંતીની દૃષ્ટિ રાજાઓને નિરખતી નિરખતી નળની ઉપર જઇ પડી.તેવીજ દમયંતી મનમાં ચિંતવન કરવા લાગી-

"શું આતે મદન સાક્ષાત્ મૂર્ત્તિમાન થઇ આવ્યો છે! પણ પોતે કામદેવ નથી. કેમકે કામદેવે તો હજારો વિ-

રહી દંપતીઓના પ્રાણોની ઘાત કરેલી છે તેથી તે હત્યારો છે, તેની કાંઇ આવી મનોહર મૂર્તિ ન હોય. વળી આ મૂર્તિ માલતીના પત્રની પેઠે સુકુમાર હોવાથી કામદેવ તો હોયજ નહીં. એ રાજકુમાર સર્વ પ્રકારે કામદેવથી અધિક ઉપમા દેવા લાયક છે. એ મૂર્તિની રચના કરતાં વિધાતાએ મારી ઉપર મોટો ઉપકાર કર્યો છે. કેમકે એના જેવી બીજી અનુપમ ગુણગ્રામ મૂર્ત્તિ આજ દિવસ સુધી કોઇ પણ બનાવી નહીં હોય તેવી આ સુંદર આકૃતિનો દૈવયોગે આ સભામંડપમાં આ સમયે સંયોગ થયો છે એના કરતાં બીજો વધારે ઉપકાર કયો કહેવાય! હવે હું મારા પિતાના મનોરથે કરી કૃતાર્થ થઈ છું. (એટલામાં નળની દૃષ્ટિ પોતાની ઉપર પડતી જોઇને) હું ધન્ય છું કે આ સૌંદર્યાલય નૃપતિકુમાર અમૃતની વૃષ્ટિની પેઠે મારી ઉપર નેત્રકટાક્ષનું સિંચન કરે છે! પણ હું વિધાતાને લીધે કૃતાર્થ થઇછું. તેથી તેનેજ ધન્ય કહેવો જોઇએ છે કે યથાર્થ યોગ્યતાને અનુસરીને ચાલે છે. માટે આ પ્રસંગે ફરી ફરી વિધાતાને વાહવાહ દેવી જોઇએ છે.”

ઇત્યાદિક રીતે પોતાના મનમાં ચિંતવન કરતાં મહા હર્ષને લીધે દમયંતીનું શરીર કંપવા લાગ્યું; અને હંસની પેઠે ગમન કરીને વરમાળા નળના ગળામાં આરોપણ કરી. તે સમયે માણિક્યના જેવા દમયંતીના હાથની આંગળીઓનાં નખોની દ્યુતિથી તે વરમાળા એવી તો દીપવા લાગી કે જેનું વર્ણન કરી શકાય નહીં. એવી રીતે જેમ મહા નદી સર્વને ઉલ્લંઘન કરતી કરતી મહાસાગરમાં જઇ મળે છે, તેમ સર્વ

રાજાઓને મૂકતી મૂકતી દમયંતી નળને આવીને પ્રાપ્ત થઇ. તે પ્રસંગે ભીમરથ, નિષધ અને બીજા સ્વજનોની પ્રીતિરૂપી ગંગા અને શત્રુઓની અપ્રીતિ રૂપી યમુના એ બન્નેના સંગમને લીધે સ્વયંવર એવો દેખાવા લાગ્યો કે જાણે પ્રયાગજ હોયની ! પછી કૌશલેશ અને ભીમરથે દમયંતી તથા નળના વિવાહ સારૂ એક ઉત્તમ મંડપની રચના કરાવી. અને શુભ મુહૂર્ત્તે લગ્નનો આરંભ થયો. અનુક્રમે જન્મથી માંડીને સર્વ સંસ્કારો પરિપૂર્ણ કર્યા. ત્યારે પાણીથી પસલી ભરી તેમાં અક્ષત નાખીને પરસ્પર વરવધૂ એમ કહેવા લાગ્યાં કે આજથી આ પ્રાણ મરણપર્યંત તમારે આધીન છે. પાણિગ્રહણ સમયે વૈશાખ મહીનાની ઉષ્ણતાને લીધે વરકન્યા બન્નેનાં શરીરોની ઉપર પ્રસ્વેદ નીકળી આવ્યો તે જાણે અંતરમાં એકઠાં થયેલાં છતાં તે બહાર આવી પોતાની ઐકયતાની લોકોને સૂચના કરતો હોયની ! તદનંતર અગ્નિને પ્રદક્ષિણા કરીને હસ્તમોચનપર્વમાં ભીમરથે અનેક પ્રકારનાં દાન દીધાં. તેમાં નળને ઉત્તમ પ્રકારના હાથી, ઘોડા, રથ તથા અનેક જાતિઓનાં અમૂલ્ય રત્નો આપ્યાં. તેમ બીજાઓને પણ યથાયોગ્ય પહેરામણીઓ વગેરે આપીને સંતુષ્ટ કર્યા. પછી શુભ દિવસે નિષધ રાજા પુત્ર સહિત વધૂને લઇને વેવાઇના અનુમતે કોશલાનગરી ભણી જવા નીકળ્યો. તેને વળાવવા સારૂ કેટલેક દૂર સુધી ભીમરથ આવ્યો. પછી પુત્રી, જમાઇ તથા વેવાઇ વગેરેની આજ્ઞા થયાથી ભીમરથ પાછો કુંડિનપુર તરફ વળ્યો તે સમયે પોતાની પુત્રી દમયંતીને શિખામણ દેવા લાગ્યો.-

"હે મારી પ્રાણપ્રિય પુત્રી! સ્ત્રીઓને સર્વોત્તમ શિખામણ એ છે કે મહા વિપત્તિના સમયમાં પણ પોતાના પતિની ઉપર કિંચિત્ માત્ર પ્રીતિ ઓછી કરવી નહીં. સ્ત્રીઓને માટે તો પતિ એજ તેનો પરમેશ્વર છે. તે પ્રમાણે તારે અવશ્ય વર્તવું, અને સારી રીતે પાતિવ્રત્ય પાળવું. એ થોડી શિખામણનું નિરંતર સ્મરણ કરીને પ્રવર્તન કર્યાથી મારો મનોરથ પૂર્ણ થશે."

એવાં પિતાનાં શિખામણનાં વચનો સાંભળી તથા તેને માન્ય કરીને સારી રીતે પિતાનો વિનય કર્યા પછી નળના રથની ઉપર ચડી બેઠી. ત્યારે સર્વે પોતપોતાના માર્ગે ચાલતા થયા. અહીં નળ ને દમયંતી એક રથમાં બેઠા છતાં રથ ચાલતાં નળને વિષયભોગની ઈચ્છા થઈ. તેથી દમયંતી પ્રત્યે બોલવા લાગ્યો.

નળ-"હે પ્યારી! હું જે કહેવાની ઈચ્છા કરૂં છું તે હર્ષને લીધે ગદ્ ગદ્ કંઠ થઇ જવાને લીધે વાણીદ્વારાએ બોલાઇ શકાતું નથી. માટે હું તને શું કહું! કાંઇ કહી શકાતું નથી."

એવી રીતે બન્ને વર તથા વધૂ આનંદભરિત વાર્ત્તાલાપ કરે છે એટલામાં કાલવર્તી સંધ્યા આવી, તે નળને વિષે દમયંતીની પ્રીતિ અધિક છે કે મારી પ્રીતિ અધિક છે? એનો નિર્ણય કરવા સારૂ જાણે આવી પહોંચી હોયની! એવે સમયે નળના પ્રથમ નવીન હાવભાવવડે, જેમ ચંદ્રના કિરણોથી કુમુદિની પ્રફુલ્લિત થાય છે, તેમ દમયંતીનું મન

પ્રફુલ્લ થયું, અને અતિ આનંદના આવેશમાં આવી ગઇ. તે સંધ્યાકાળ વ્યતીત થઇને રાત્રિ પડવા આવી તોપણ નિષધના ઇશે કોઈ સ્થળે મુકામ કર્યો નહિ, એટલુંજ નહીં પણ ઉલટું આગળ ચાલવાની આજ્ઞા કરી તે પ્રમાણે સૈન્ય આગળ વધ્યું. માર્ગમાં જતાં કાનને વિષે અમૃતસિંચનની પેઠે અતિ મધુર મધુકરોનો શબ્દરવ નળ દમયંતીના સાંભળ્યામાં આવ્યો, ત્યારે દમયંતી નળ પ્રત્યે બોલવા લાગી–

દમયંતી-"હે સ્વામી! હે નાથ! અહીં વૃક્ષોની પંક્તિ અથવા કુંજ પ્રમુખ કાંઇ જણાતું નથી; તેમ છતાં ભ્રમરાઓનો ગુંજારવ સંભળાયા કરે છે તેનું કારણ શું ? "

નળ-" હે રંભોરૂ અંધકાર થવાને લીધે વૃક્ષાદિક કાંઇ દીઠામાં આવતું નથી; પરંતુ વનને વિષે વનસ્પતિ અવશ્ય હોયજ છે. "

એવું નળનું બોલવું સાંભળીને દમયંતીએ પોતાના લલ્લાટનું આમર્ષણ કર્યું, એટલે તેના પ્રભાવથી સૂર્યના જેવો પ્રકાશ થયો. એવા અચાનક ઉત્પન્ન થયેલા તેજને જોઇને સર્વ સૈન્ય ત્રાસને પામીને ભયભિત થયું અને બધા જનો પરસ્પર કહેવા લાગ્યા કે આ તે શું! તેમ નળ પણ ચકિત થયો થકો પોતાની પત્નીને પૂછવા લાગ્યો.

નળ-"હે પ્રિયા! આ તે શું છે! અચાનક આ સૂર્યના તેજના જેવું ભડકું થયાથી આ મનુષ્યના જેવું દેખાય છે તે શું હોવું જોઇએ ? "

દમયંતી–“ હે સ્વામિન્ ! એ જન્મનો બ્રહ્મચારી છે. એણે પોતાની ઇંદ્રિય જીતીને વશ કીધી છે. ( પછી તે વન-મધ્યે બેઠેલા મુનિનું સર્વ વૃત્તાંત દમયંતી નળપ્રત્યે કહેવા લાગી. ) હે પ્રાણપ્રિય ! આ વનને વિષે વિચરનાર હાથી-ઓએ આ મુનિને પર્વત જાણીને તેના શરીરની સાથે પો-તાની પીઠ ઘસી; તેથી મુનિના ધ્યાનનો ભંગ થયો એટલામાં હાથીના ગંડસ્થળથી શ્રવતા મદના આસક્ત ભ્રમરાઓ પણ મુનિને દુઃખ દેવા લાગ્યા, તેથી મુનિ મહા કલેશને પામેછે.”

એ વાત સાંભળી રથ તેની પાસે લીધો, અને તેમાંથી બન્ને સ્ત્રી પુરૂષ નીચે ઉતર્યા. પછી મુનિને નમસ્કાર કર્યા; અને ભ્રમરાઓથી થતી પીડાને લીધે મુનિની દુર્વ્યવસ્થા જોઇ કરૂણા આણવા લાગ્યા. તે બધું તે મુનિ સારી રીતે જાણી ગયા. પછી તે પ્રતિભાનો ઉપસંહાર કરીને તે મુનિ એક મુહૂર્ત્ત માત્ર ધર્મના વચનો બોલવા લાગ્યા.

મુનિ–“હે દંપતિ ! ધર્મ કાંઇ નવો નથી કે જેનો વિ-શેષ કરી ઉપદેશ દઇએ. ધર્મ સર્વ જગત્‌ને વિષે પ્રસિદ્ધ છે અને પુરાતન છે, તેનું અવશ્ય આચરણ કરવું જોઇએ છે; (નળની તરફ જોઇ) હે નળરાજા ! આ તારી સ્ત્રી દમયંતીએ પૂર્વ ભવને વિષે ચોવીશે તીર્થંકરોના ઉદ્દેશે કરી નાનાપ્રકા-રના તપ, અન્નદાન તથા રત્નદાન વિગેરે ઘણાં શુભ કૃત્યો કર્યાં છે, તેથી એને આ જન્મને વિષે સૂર્યના તેજનો પણ તિરસ્કાર કરે એવું નિરંતર લલાટભૂષણ પ્રાપ્ત થયું છે, અને તેં પણ પૂર્વ જન્મમાં ઉત્તમ પ્રકારનું તપ તથા ઘણો

ધર્મ આદર્યો છે, માટે આ દમયંતી પત્ની પ્રાપ્ત થઇ છે. શિવાય આગળ આવનારા ભવને વિષે પણ તને સર્વ સુખ-સંપત્તિ પ્રાપ્ત થશે. ”

એવાં મુનિનાં વચનો સાંભળી બન્ને વહુ વર પ્રસન્ન-મને રથારૂઢ થઇને આગળ ચાલ્યાં. આગળ ચાલતાં પોતા-ની રાજધાની પાસે એક સુંદર બગીચો આવ્યો. તે ઉપવ-નની રચના જોઇને નળને અતિ આનંદ થયો, અને પોતા-ની પ્યારી પ્રત્યે બોલવા લાગ્યો.

નળ—“હે દેવી! હવેથી અમારી રાજધાનીની રચના કેવી છે તે જો! આ ઉપવન આપણને સૂચના કરે છે કે હવે તમારી રાજધાની નજીક આવી છે, તેની બહારની તથા અંદરની રચના જોવાને તત્પર થઇ રહો. માટે હે પ્રાણ-પ્રિયે! અમરપુરીને પણ જીતી લે એવી તારા સસરાની રા-જધાની જે હવે થોડીવારમાં આવનાર છે તે સારી રીતે નિ-રખીને જોજે. તેમાં રાજવંશીઓને રમણ કરવાને નાના પ્ર-કારના સરોવરો છે, વન છે, ઉપવનો છે, સ્ત્રીઓને કેલી ક-રવાને અર્થે રમણીય વાવ્યો છે.”

એમ કહી આગળ ચાલતાં જ્યાં જ્યાં જે જે રમણીય સ્થળો આવતાં ગયાં તે તે સારી પેઠે નળ પોતાની પત્ની દમયંતીને દેખાડવા લાગ્યો; અને દમયંતી પણ તે પ્રત્યેક સ્થાનને નિરખીને જોવા લાગી. તેથી બન્ને અતિ હર્ષને પામ્યાં; એમ કરતાં નગરી પાસે આવી. તેમાં શુભ સમયે નિષધ રાજાએ પ્રવેશ કર્યો; તે જાણે ઇંદ્ર જય મેળવીને પો-

તાની અમરપુરીમાં પ્રવેશ કરતો હોયની! એવો શોભવા લાગ્યો. પોતાના પુત્ર અને વહુને આગળ કર્યાં અને પોતે સર્વ સ્વજનો પ્રમુખ સહિત પાછળ ચાલવા લાગ્યો. નગરીના માર્ગને વિષે પ્રજાજનના રહેવાનાં મંદિરો જોઇને દમયંતી અતિ ખુશી થઇ ગઇ; અને પછી જ્યારે રાજમંદિરો અતિ સુશોભિત જોયાં ત્યારે તેને અધિક આનંદ થયો, અને તેમાં જ્યારે પ્રવેશ કરી અંહિની નાના પ્રકારના ઉપભોગના સાધનોયુક્ત રચના જોઇ ત્યારે તો ઉલ્લાસની સીમાજ રહી નહીં; પછી રાજા વિગેરે સર્વ યથા વ્યવસ્થિત થયા. નગરમાં જ્યાં ત્યાં આનંદ વર્ત્તી રહ્યો. રાજા પણ પોતાના મનમાં અતિ હર્ષિત થયો થકો પોતાનું રાજ્ય ચલાવવા લાગ્યો. મંત્રીઓ વિગેરે પોતપોતાના કામમાં તત્પર થયા, નળ અને દમયંતી એ બન્ને વહુ વરનું સમાન રૂપ જોઇને સ્વજનોને તેમ નગરના લોકોને હર્ષ થયો, તેનું વર્ણન એક મુખથી થાય નહીં. તેમ નળ અને દમયંતી શૃંગારરસમાં લય થઇ જવાને લીધે તેઓને દિવસ અને રાત્રિની પણ શુદ્ધિ રહી નહીં. એમ કેટલાએક દિવસ સુધી સંસારના નાનાવિધના સુખોપભોગ ભોગવવા લાગ્યા કોઇ સમયે મનોહર પર્વતની ઉપર ક્રીડાને અર્થે વિચરતાં રહે; કોઇ દિવસે રમણીય વનને વિષે તરેહ તરેહની કેલી કરે; કોઇ દિવસે ઉપવનોમાં મોજ કરે; કોઇ સમયે હીંચોળાખાટ ઉપર બેસીને બન્ને હાસ્ય વિનોદ કરે; કોઇ વખતે જલાશયમાં રમમાણ થાય; કદી બાગમા જઇ પુષ્પકેલી કરે, એટલે ફુલો તોડીને એક બીજાની

ઉપર ઉડાડે; અથવા તેના હાર બનાવીને પરસ્પર પહેરાવે; વળી તેના મુગટ બનાવીને મસ્તકની ઉપર ધારણ કરે; એમ વિચિત્ર સ્થળોમાં વિચિત્ર પ્રકારે વિચિત્ર સુખભોગને ભોગવીને, તે પવિત્ર દંપતી અદ્ભુત મિત્રતાયુક્ત રહેવા લાગ્યા અને માતાપિતાને અતિ આનંદરૂપ થઇ પડયા.

એમ કરતાં કેટલોએક કાળ વીતી ગયો ત્યારે નિષધ રાજાની વૃદ્ધાવસ્થા થઇ. તેથી તેણે વિચાર કર્યો કે, હવે આ પ્રપંચમાં રહેવું ઠીક નથી. આ અવસ્થા રાજ્ય કરવાની નથી પણ ધર્માચરણ કરવાની છે. પછી પોતાની દૃઢ ઇચ્છાથી તથા સર્વ મંત્રિઆદિકના અનુમોદનથી શુભ મુહૂર્તે નળને રાજ્યાભિષેક કર્યો, અને કૂવરને યુવરાજની પદવી આપી. ઇત્યાદિક રાજ્યની યથાયોગ્ય વ્યવસ્થા કરીને તથા તે સર્વ સમૃદ્ધિનો ત્યાગ કરીને નિષધ રાજા ચારિત્ર લઇ વનમાં તપ કરવાને ગયો. અહીં નળ રાજા પોતાનું રાજ્ય એવા ચાતુર્યથી ચલાવવા લાગ્યો કે તેની કીર્તિ જ્યાં ત્યાં પસરી ગઇ. તેના પ્રતાપની દિવસાનુદિવસ વૃદ્ધિ થવા લાગી. પ્રજાજન અતિ પ્રીતિ કરવા લાગ્યા. જેમ ઉષ્ણકાળ ગયા પછી વર્ષાઋતુને વિષે મેઘને જોઇને સર્વ આનંદિત થાય છે, તેમ એ નવીન રાજાની પ્રાપ્તિ થયાથી બધા લોકો આનંદ પામ્યા. જેમ અતિશય જળવડે મેઘની શોભા અધિક દીઠામાં આવે છે, તેમ લક્ષ્મીની બાહુલ્યતાને લીધે નળની શોભાનો પાર રહ્યો નહીં. પોતાના પ્રતાપરૂપી અગ્નિમાં શત્રુઓની સ્ત્રીઓના ઉત્તમ મુક્તાફળના હારરૂપ લતાઓને ભસ્મ કરીને તદ્રુપ

કળીચૂનાથી પોતાના યશરૂપ રાજમહેલને ઇચ્છા પૂર્વક નળે સફેત કર્યો. વળી જેમ કલ્પાંતની અગ્નિ સમુદ્રમાં ડુબી જાય છે તેમ શત્રુઓની લક્ષ્મી નળની અસિરૂપ જળમાં ડુબી ગઇ. જેમ સૂર્ય પોતાના કિરણોનો પ્રસાર કરે છે, તેમ નળ રાજાએ પોતાની સત્તાનો અર્દ્ધ પૃથ્વીને વિષે પ્રસાર કરી મૂકયો. જેમ ઇંદ્રના આધિપત્યને સર્વ દેવતાઓ માન્ય કરે છે, તેમ નળના અધિપતિપણાને સર્વ રાજાઓ માન્ય કરવા લાગ્યા. એવી રીતે નળ રાજા સર્વ સંપત્તિયુક્ત રાજ્ય કરવા લાગ્યો.

નળ રાજાનો નાનો ભાઇ કૂવર વળી જુદીજ રીતે વર્તવા લાગ્યો. મૃગયા, આહાર, વ્યવહાર, રાજનીતિ, ઇત્યાદિક નળ રાજાની સર્વ ક્રિયાઓમાં, જેમ સિંહના છિદ્રો શિયાળિયા જુએ તેમ તે છિદ્ર જોવા લાગ્યો. એ તેના અવિવેક અને ઇર્ષાને નળે સારી રીતે જાણી લીધાં છતાં તે કોઈ વખતે પણ તેને ન દર્શાવતાં પોતે સર્વ સહન કરીને તેની સાથે નિત્ય પરસ્પર સ્નેહવત્ ક્રીડા કરવા લાગ્યો; અને કૂવર પોતે તેનું સર્વસ્વ હરણ કરીને પોતે રાજ્યપદ મેળવવાની તજવીજ કર્યા કરતો હતો. કોઇ સમયને વિષે મહા ચતુર બંધમોક્ષજ્ઞ નળ રાજા અને કૂવર એ બન્ને વિનોદને અર્થે દ્યુતરમણ કરવા લાગ્યા. તે સમયે દૈવયોગે એવુંજ બન્યું કે નળના પાસા ઉંધા પડવા લાગ્યા; અને કૂવરના વિરૂદ્ધ એકે દાવ જાય નહીં એવું થયું. એમ રમતાં રમતાં નળ રાજા નગર, ગ્રામ, ક્ષેત્ર અને બીજી પણ કેટલીએક સંપત્તિ એક

પછી એક હારવા લાગ્યો. ત્યારે જેમ કૃષ્ણપક્ષમાં ચંદ્રની કળા ક્ષીણ થતી જાય છે, તેમ નળની સર્વ સંપત્તિ ક્ષીણ થવા લાગી. તે જોઇને પ્રજા અતિ શોક કરવા લાગી. તેમ નળ રાજા પોતે પણ અતિ ચિંતાયુક્ત વિસ્મિત થયો. પછી જેમ જેમ નળ રાજાની હાર થતી ગઇ તેમ તેમ તે વધારે રમતો ચાલ્યો. તેની સાથે તેની સંપત્તિ પણ અતિ ત્વરાથી જવા માંડી. તે સમયે ત્યાં દમયંતી આવીને બોલવા લાગી.

દમયંતી-"હે નાથ! આપ આ શું આદરી બેઠા છો? આમ કરવું યોગ્ય નથી. દ્યુતરમણજન્ય વિનોદ શ્રેષ્ઠ કહેવાય નહીં. હે મહારાજ! આપના જેવા ઉત્તમ પુરૂષ જ્યારે આવાં કામ આદરી બેસશે ત્યારે લોકોનું પાલન કોણ કરશે? તેમને શિક્ષા કોણ દેશે? હમેશાની રમત કરતાં આજની રમત કાંઇ જુદીજ દીઠામાં આવે છે, અને એથી કોઇ અનર્થ થાય એવાં ચિન્હ લાગે છે. આપના લાભમાં એકે પાસો પડતો નથી અને પ્રતિપક્ષીના લાભમાં સર્વ પાસાઓ પડ્યા કરે છે. એ પ્રત્યક્ષ અશુભસૂચક છે, માટે હવે એ પાસાઓ ફેંકી દો, હવે બીજું વિશેષ માંડવાનું શું રહ્યું છે? સર્વસ્વ હાર તો થઇ ચૂકી. માટે કૂબરને શીઘ્ર રાજપાટ આપી દો. નહીં તો એ બળાત્કાર કરી આપણને નગરથી બહાર કહાડી મુકશે. કેમકે એની સંપત્તિની વૃદ્ધિ થઇ ગઇ છે અને આપણી સંપત્તિ બધી જતી રહી છે; અસ્તુ! દૈવયોગે જે બન્યું તે ખરૂં. પણ હવે આટલા ઉપરથીજ સંતોષ કરવો જોઇએ છે."

એ પ્રમાણે દમયંતીએ ઘણું કહ્યું તોપણ માન્યું નહીં.

ત્યારે ફરી દમયંતીએ બીજા શ્રેષ્ઠ પુરૂષોની પાસે કહેવરા-વ્યું કે "હે નાથ! બાકી જે કાંઇ રહેલું છે તે શા સારૂ ગુમાવી દો છો? જેમ ગ્રિષ્મઋતુમાં સરોવર સૂકાઇ ગયાથી તેમાં કોઇ દાદુર બોલે છે કે? તેમ આપણું રાજ્ય નાશ થઇ ગયાથી તેમાંના પ્રજાજન શું આપને રાજા કરી બોલાવવાના છે?" ઈત્યાદિક ઘણા પ્રકારે સમજાવ્યું તોપણ નળે કોઇનું કહ્યું માન્યું નહીં, અને ઉલટું વધારે વધારે ખેલવા માંડયું. વિધાતા જ્યારે પ્રતિકૂલ થાય છે, ત્યારે મનુષ્યની બુદ્ધિનો નાશ થઇ જાય છે. તે પ્રમાણે નળને બન્યું. છેવટ જેમ પ્રાતઃકાળમાં ચાંદનીઓ અને નક્ષત્રો સહિત ચંદ્રમા હારી જાય છે, તેમ મંત્રીઓ અને દમયંતી સહિત નળરાજા સર્વસ્વ હારી ગયો. વધારે શું કહેવું! શરીર ઉપરનાં ઉત્તમ વસ્ત્ર તથા આભૂષણો પણ ગુમાવી બેઠો. એવી રીતે જ્યારે સઘળી રાજ્યશ્રી કૂવરને પ્રાપ્ત થઇ ત્યારે જેમ મેઘની વૃષ્ટિથી નદીઓ ગર્જના કરે છે, તેમ તે આનંદના પોકાર કરવા લાગ્યો. નળરાજા પોતાના સર્વ રાજ્યથી ભ્રષ્ટ થયો ત્યારે જેમ અકસ્માત્ વૃક્ષ તુટી પડવાથી પક્ષીઓ પોકાર કરી ઉઠે છે, તેમ પ્રજાલોક સર્વ ત્રાહિ ત્રાહિ પોકાર કરીને રૂદન કરવા લાગ્યા, તે સમયે કૂવર નળ પ્રત્યે બોલવા લાગ્યો.

"હે ભ્રાતા! હવે સત્વર નગરી છોડીને જાઓ, તમને એ રાજ્ય પિતાએ આપ્યું હતું અને મને તો પાસાએ આપ્યું છે.. એટલે તમે વડીલોપાર્જિત મિલકતના ધણી થઇ બેઠા હતા તેમ હું નથી થયો. હું તો સ્વોપાર્જિત મિલક-

તનો માલીક થયો છું તે માટે જલદી સ્વાધીન કરી લેવી જોઇએ છે. ”

નળ—“હે કૂવર! તું શા સારૂ આટલો બધો અહંકાર કરેછે? રાજ્ય પ્રમુખ ઐશ્વર્ય પ્રાપ્ત થવું એ શું મોટી વાત છે! જેને ભુજાબળ છે તેને ઘણીએ રાજ્યલક્ષ્મી છે. તું મને રહેવાનું કહે તોપણ હું એક ક્ષણ અહીં વાસ કરનાર નથી.”

એમ કહીને એકજ વસ્ત્રભેર નળરાજા ત્યાંથી નીકળ્યો. તેની પાછળ દમયંતી પણ ચાલી તે સમયે કૂવર બોલ્યો.

“હે સુંદરી! તમે ક્યાં જાઓ છો? તમને તો મેં જીતી લીધા છે. માટે તમારાથી નળની પછવાડે જવાશે નહીં. તમને એક ગામ આપું તેમાં રહો ને દિવસ નિર્ગમન કરો. હવે નળનું તમારે વિષે કાંઇ લાગતું વળગતું નથી. માટે હવે એનું તમારે સ્મરણ પણ કરવું નહીં, કેમકે એનું મુખ હવે તમે જોઇ શકશો નહીં.” (એવાં કર્કશ શબ્દો દીયરનાં સાંભળીને આંખમાંથી આંસુ આવી પડયાં અને મુખ ઉતરી ગયું; વિગેરે કરૂણાને ઉત્પન્ન કરનારાં ચિન્હ થયાં તે જોઇને નગરના લોકોને પણ કરૂણાનો આવેશ આવી ગયો, તેથી તેઓ એકદમ કૂવર પ્રત્યે બોલી ઉઠયા.)

નગરજનો—“હે ધૂર્ત્ત! આ તું યોગ્ય કરતો નથી. દમયંતીને તું શા સારૂ રોકે છે? એમ કર્યાથી તારૂં સારૂં થવાનું નથી. જેમ સિંહની પછવાડે જતી સિંહણને રોકનારા શિયાળીઆને અવશ્ય મોતની પ્રાપ્તિ થાયછે તેમ નળની પાછળ જતી દમયંતી રોકયાથી શું તારે મોતને પ્રાપ્ત

થવું છે ! મોટા ભાઇની સ્ત્રી તો માતાતુલ્ય ગણાય; તેને રોકી રાખ્યાથી તને શું ફળની પ્રાપ્તિ થવાની છે ! માટે તારે એમ કરવું જોઇએ કે દમયંતીને પોતાની માતુશ્રી જાણી નમસ્કાર કરી રથની ઉપર બેસાડીને નળની સાથે મોકલી દે. જેથી તારી અપકીર્તિ થાય નહીં. એ અમારૂં બોલવું જો તું માનશે નહીં તો સર્વ પ્રકારે તિરસ્કાર યુક્ત થશે. ”

એમ સર્વ સુજનના ફિટકારથી લજ્જિત થઇ દમયંતીને નમસ્કાર કરી રથમાં બેસાડીને નળના સાથે વિદાય કરી. ( તે જોઇ નળ બોલ્યો. )

નળ—“ હે કૂવર! અમારે તારા રથનું શું પ્રયોજન છે ?”

એમ કહીને જેમ સરસ્વતીને આગળ કરીને પદાર્થ ગમન કરે છે તેમ દમયંતીને આગળ કરીને તેની પાછળ નળરાજા રથ મૂકીને પગે ચાલી નીકળ્યો. તે સમયને વિષે કૂવરે દુંદુભીનો નાદ કર્યો. તે સાંભળીને નગરના લોકો હાહાકાર શબ્દો પોકારવા લાગ્યા, અને કૂવરને ધિક્કારવા લાગ્યા. નળરાજા અને દમયંતી ચાલવા લાગ્યાં, તે સમયે અતિ સુકોમલ તનવાળી દમયંતીનું મંદ મંદ ગમન જોઇને પાળેલાં મોર, પોપટ, હરિણ, મેના, કબૂતર વગેરે પક્ષીઓ બેમી બેમી એવા શબ્દો મુખથી કહાડવા લાગ્યાં તે જાણે દમયંતીને જતી જોઇને તેને રોકી રાખવાને કરૂણાસ્વરે પ્રાર્થના કરતાં હોયની ! તે સાંભળીને કોના હૃદયમાં દયા ઉત્પન્ન ન થાય ! દમયંતી પ્રવાસને વિષે નીકળેલી જોઇને પુરવાસીની

સ્ત્રીઓના નેત્રોમાંથી અશ્રુની ધારાઓ ચાલવા લાગી, અને મુખથી બોલવા લાગી.

પુરસ્ત્રીઓ—" અરેરે !! આ નળરાજા સરખાની સ્ત્રીને આવું મહા દુઃખ પ્રાપ્ત થયું ત્યારે બીજી સાધારણ નારીઓની તે શી કથા ! આ પૃથ્વીની ઉપર એવો કોણ છે કે જેની ઉપર દુઃખ પડે નહીં. " ( ઇત્યાદિક પરસ્પર ભાષણ કરીને અત્યંત શોક કરતી તેઓ રડવા લાગી. )

પૃથ્વીમાંથી વૃક્ષોના અંકુરો નીકળ્યા હતા તે જાણે દમયંતીને જતી જોઇને કરૂણાના આવેશમાં આવીને દમયંતીને રોકી રાખવાની સૂચના કરવાને પોતાનું સ્થાન મૂકીને બહાર નીકળી આવ્યા હોયની ! સર્વ પુરલોક તથા વનવાસી વૃક્ષ વિગેરે વિધાતાને ધિક્કારવા લાગ્યા.

સર્વપ્રાણીઓ—" હે વિધાતા ! તને ધિક્કાર છે કે તેં નળરાજાની આવી દશા કરી ! તેમ તારા સ્વભાવને પણ ધિક્કાર છે કે તેં ચંદ્રમાને પણ કલંકિત કર્યો. અરે વિધાતા ! આ ભરતખંડની અર્ધી પૃથ્વીના રાજા નળે તારૂં શું બગાડયું હતું કે જેથી આવો કોપ તેં તેનાપર કર્યો ? અને જ્યારે એણે તારૂં બગાડયું હતું ત્યારે એને પ્રથમજ આવું ઐશ્વર્ય શા સારૂ આપ્યુ હતું ! પ્રથમ મહાસંપત્તિવાન્ કરીને પછી આવી મહા વિપત્તિમાં નાખવો એ તારો મોટો અન્યાય છે. શાપની ભીતિથી સૂર્ય પણ પોતાનાં કિરણોએ કરી દમયંતીના અંગનો સ્પર્શ કર્યો નથી તે હવે વિકટ માર્ગને વિષે કેમ ચાલી શકશે ? અરે આ કૂવરને

પણ ધિક્કારછે કે જેણે ભાઇ તથા ભોજાઇને વનવાસ આપીને આવા દુ:ખમાં નાખ્યાં. એ રાજ્યશ્રી એને કયાં સુધી ચાલશે?"

એવી રીતે જેને જ્યારે ખબર પડે તે ત્યારે મુખથી હાહાકાર શબ્દો કહાડીને અતિ શોક કરવા લાગ્યા. દમયંતીના અતિ કોમળ ચરણકમળના સ્પર્શે કરી પૃથ્વી એમ માનવા લાગી કે હવે હું પવિત્ર થઇ; અને એના ચરણના સ્પર્શે કરીને આકાશમાં જે રજ ઉડીને ઉપર જવા લાગી તેરૂપે જાણે દમયંતીના પદસ્પર્શના પ્રભાવથી પૃથ્વી સ્વર્ગમાં જતી હોયની ! એવી રીતે નળ અને દમયંતી પુરથી બહાર નીકળ્યાં ત્યારે નગરના જનો ધન, ધાન્ય, હાથી, ઘોડા તથા બીજી વસ્તુઓ વિગેરે સમૃદ્ધિ સાથે લઇને તે નળની પાસે જઇ ભેટ ધરી, અને તે અંગીકાર કરવાની પ્રાર્થના કરવા લાગ્યા; ત્યારે નળ બોલ્યો.

નળ—"હે મારી પ્રિય પ્રજા! હું ક્ષત્રિય છું. માટે જે મને મારી ભુજાના બળે કરીને પ્રાપ્ત થાય તેજ હું ગ્રહણ કરૂં. બીજાનું લીધેલું તે ભિક્ષા કહેવાય માટે એ તમારા પદાર્થો હું લેવા ચાહતો નથી. તમે આ વસ્તુઓ ભેટ દાખલ લાવીને મને પ્રીતિ બતાવી તેથી હું તમને ધન્ય માનું છું. મંત્રિઓ અને ચતુર પ્રજાજનોનો એ ધર્મ છે કે આવા સમયે પ્રીતિ દર્શાવવી, પણ મારે આ વખતે એ ગ્રહણ કરવું યોગ્ય નથી." એમ સર્વને મધુર વચને કરી સંતોષીને પાછા વાળ્યા. નગરની નારીઓ પણ ફરી ફરી દમયંતીનું મુખકમળ વિલોકીને પોતપોતાના ઘર ભણી પાછી

વળી. જતાં રસ્તામાં મહા શોકાતુર થઇ થકી મોટા નિઃશ્વાસ નાખતી પરસ્પર નળને અનુલક્ષીને બોલવા લાગી.

નગરનારીઓ—" હે નળરાજા! આ દમયંતીરૂપ લક્ષ્મીને તું સાથે લઇ જાય છે માટે હવે અવશ્ય સર્વ લોક લક્ષ્મીહીન થઇ જશે. કેમકે એ માનુનીના મિષે તું સર્વ જનની લક્ષ્મીને હરણ કરી જાય છે એમાં સંશય નથી. ( પરસ્પર સખીઓને અનુલક્ષીને ) હે બેની! જ્યારે દમયંતી બાગ, બગીચા, વન કે દેવ દર્શન કરવાને જતી હતી ત્યારે તેની આગળ હજારો અનુચરો ચાલતા હતા તેજ દમયંતી એક નળને ચક્ષુરૂપ થઇને આગળ ચાલે છે. આ સમયે સૂર્ય પોતાના ઉગ્ર કિરણોએ કરી તપ્ત થયેલો છે, તેવામાં એ ઉઘાડે પગે ચાલે છે. મસ્તક ઉપર માત્ર એક ઓઢણીજ છે. એવા વિપત્તિના વખતે પતિભક્તિને લીધે એ રંચમાત્ર પણ ચિંતાતુર થતી નથી માટે એને ધન્ય છે. એ ઉપરથી એવું સૂચન થાય છે કે જેવી એની આ અવસરે નળની ઉપર પ્રીતિ છે તેવી જયારે છત્ર, ચામર અને ચતુરંગિણી સેના આગળ ચાલતી ત્યારે નહોતી. અર્થાત્ સ્ત્રીએ પતિને વિપત્તિમાં અધિક પ્રીતિ દર્શાવવી જોઇએ." ( એમ કરૂણારસોત્પાદક વાતો કરતી કરતી બધી સ્ત્રીઓ પોતપોતાને ઘેર ગઇ. )

અહીં નળ અને દમયંતી આગળ વનને વિષે ચાલ્યાં. ચાલતાં રસ્તામાં જ્યાં જ્યાં દમયંતી થાકી જાય અને તેના યોગે શરીર ઉપર પરસેવો થઇ આવે ત્યારે નળ નિષ્કપટ

બુદ્ધિવડે પોતાના વસ્ત્રથી તેને વાયુ ઢોળે. વળી કેટલેક આ-ગળ ચાલતાં જયાં તેને વધારે થાક લાગે ત્યાં અતિ દયા સહિત તેના પગ ચાંપીને આગળ ચાલવાની વિનંતી કરે. વળી આગળ ચાલતાં જ્યારે અત્યંત થાકી જાય ત્યારે દમ-યંતીને કોઇ વૃક્ષની નીચે બેસાડીને ત્યાં નજીક કોઇ સરો-વરમાંથી કમળના પત્રનો દડીઓ કરી તેમાં જળ લાવીને તેને પાય, અને પોતે હાથ લાંબા કરીને ચરણમર્દન કરવા લાગે. ત્યારે દમયંતી તેને વારી રાખે, અને મુખથી કહે કે " હે મહારાજ આપ સર્વ પ્રકારે ઉત્તમ છો, મારે હું આ-પની સેવા કરૂં એ યોગ્ય કહેવાય, પરંતુ આપ મારી ચાકરી કરો તે અઘટિત છે. " ઇત્યાદિક નમ્રતાપૂર્વક વાક્યો-એ કરી પતિને સારી રીતે સમજાવ્યા છતાં પણ નળ હરેક પ્રકારે તેને શાંત કરે. જ્યારે જ્યારે દમયંતીને ક્ષુધા વ્યાપે ત્યારે ત્યારે વનમાંથી સારાં સારાં ફળો લાવી આપે. એમ આગળ ચાલતાં ચાલતાં પાકા બે પ્રહરરૂપ પૂર મધ્યાન્હ થયું. તે સમયે જેની પાળપર સુંદર વૃક્ષોની ઘટા આવી રહી છે, અને પાણી ઉપરથી ગમન કરી આવેલો વાયુ વૃક્ષોની સાથે અથડાયાથી તેઓના પુષ્પોની સુગંધ યુક્ત થયો થકો વાહતો હતો તે જાણે પોતાની સુગંધયુક્ત શીતળતા વડે દમયંતી તથા નળને શાંત કરવાને આવ્યો હોયની એવું મહા ઉત્તમ સરોવર આવ્યું. ત્યાં તેની પાળપર બન્ને જણાં બેઠાં; ઘડીક વિશ્રામ લઇને વળી આગળ ચાલ્યાં. કેટલેક દૂર જતાં એક લતામંડપ આવ્યો. એટલામાં સંધ્યાકાળ થયો ને અનુક્રમે રાત પડી, ત્યારે ત્યાંજ વાસો કરી રહ્યા.

બીજે દિવસે પ્રાતઃકાળમાં ઉઠીને આગળ ચાલતાં એક અટવી આવી. જેમાં મહા વિષથી ઉન્નત થયેલા મોટી ફેણાએ યુક્ત, મુખવડે મોટા મોટા સુસવાટા મારતા એવા વિકરાળ મણિધરો વિચરી રહ્યા છે, વૃક્ષોની પંક્તિની એવી ઘટાટોપ થઇ રહી હતી કે જાણે તેટલા સ્થળને વિષે એક છત્ર બની રહ્યું હોયની! એટલે જેમાં સૂર્યના કિરણો પણ પ્રવેશ કરી શકતાં નથી એવા સઘન વનતરૂ ભુવનને વિષે નળ ને દમયંતી પ્રવેશ કરતાં પૂર્વ દિશાને વિષે આરક્ત વર્ણ યુક્ત પ્રભાકર પ્રગટ થયો; તે જાણે વિધાતાના ક્રોધનો ભોગ થયેલાં નળ તથા દમયંતીરૂપ દંપત્તિ એ મહા વિપત્તિનો આશ્રય કરીને ભયકર વનમાં ભ્રમણ કરે છે તે દુઃખને ન જોવાઇ શકવાને લીધે પોતાનું ઉગ્ર તેજ છાનું રાખીને વિધાતા ઉપર ક્રોધાયમાન થયો થકો તેની સાથે યુદ્ધ કરવાને લાલચોળ થઇ ગયો હોયની! પછી ભ્રમણ કરતાં વિધાતાનો કોઈ સ્થળે પત્તો ન મળવાથી પાછો તેવાજ ક્રોધના આવેશે રક્તતાને મૂકતાં સંધ્યાકાળે પશ્ચિમ દિશાએ અસ્તાચલ ઉપર જતો રહ્યો હોયની! અને સૂર્ય ઉદય થયા પછી આખી પૃથ્વી ઉપર તેના કિરણો પ્રસૃત થયાં છતાં પૂર્વોક્ત વૃક્ષોની ધાટી ઘટામાં જ્યાં નળ ને દમયંતી ફરતાં હતાં ત્યાં કિરણોએ પ્રવેશ કર્યો નહીં તે જાણે તેઓની ઉપર દયાજ પ્રદર્શાવી હોયની! પછી આસ્તે આસ્તે રાત્રિ પડતાંજ તે વનરૂપ સાગરને વિષે તિમરરૂપ જળના તરંગો ચાલવા લાગ્યા તે જેમ સમુદ્રના વેગથી સ્થળની ઉપર પાણી આ-

વીને જ્યાં નીચાણ હોય ત્યાં ભરાઇ રહે ને ઓટમાં પણ રહી જાય તેમ વનરૂપ સમુદ્રમાં રાત્રિ સંબંધી તિમિરરૂપ જલના તરંગો દોડી જતા હોયની! તે સમયે નળ દમયંતીને આગળ ચાલતાં એક નદી દીઠામાં આવી. તેના કિનારા ઉપર જઇ હાથ પગ તથા મુખ સાફ કરીને તૃષા નિવારણને અર્થે બન્ને જણાંઓએ ઇચ્છાપૂર્વક તેમાંનું પાણી પીધું. ત્યારપછી લતાગ્રહમાં પ્રવેશ કરી એક લસિત શિલાની ઉપર પાંદડાંની પથારી કરીને બન્ને જણાએ શયન કરવાનો વિચાર કર્યો. વળી અંગને ન લાગવા માટે તે પત્રશય્યા ઉપર વસ્ત્ર પાથર્યું. પછી પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીને સૂતાં. તે સમયને વિષે દમયંતીના દુર્દૈવને લીધે નળના મનમાં ચિંતવન થયું કે 'અરે! આ મારી પ્રાણપ્રિયા કે જેણે દુઃખરૂપ સમુદ્રમાંથી એક બિંદુ જેટલાનું પણ ઉલ્લંઘન કર્યું નથી તે આગળ કેમ કરશે! વળી જ્યારે આગળ ચાલતાં ટીંબા ટેકરાવાળી અને ઉજડ પૃથ્વી આવશે, તેમ તેમ દુઃખના મહાસાગરો પણ આવશે તે કેમ પાર ઉતરી શકશે! અરે હું પણ એને સાથે લઇ દુઃખરૂપ સમુદ્રની પાર શી રીતે ઉતરીશ! ઇચ્છાપૂર્વક જેઓ પૃથ્વીપર સંચાર કરનારા છે તેઓની સાથે સ્ત્રી તો તેમને મહા વિઘ્નરૂપ છે. માટે આ મારી પ્રાણપ્રિયાનો પરિત્યાગ કરી અહીં સુતી મૂકીને હું જતો રહું; પ્રાતઃકાળે ઉઠીને ગમે તો એ એના બાપને ઘેર જાઓ અથવા ગમે તો કુબર પાસે જાઓ' એ રીતે આલોચના કરી નળે, જેમ સમુદ્રમાં ડુબી ગયા હોયની! એમ

રસ્તે ચાલવાના પરિશ્રમથી નિદ્રાવશ થયેલી દમયંતીને જોઇ. દમયંતીના કંઠપરથી પોતાની ભુજલતા ઉઠાવવા સારૂ નળે ધીમે ધીમે યત્ન કરવા માંડયો. અરે! પણ દમયંતી બિચારીને તો નળ ઉપર પરિપૂર્ણ વિશ્વાસ છે, તેથી નિશ્ચિંત થઇને નિદ્રા કરે છે તેને જગાડયા શિવાય ઝીણે ઝીણે સ્વરે નળ બોલવા લાગ્યો-"હે મુગ્ધે! તું નળને છોડ; નિદ્રાવશ થયેલી, એકલી, જેનો પતિના ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે, જે હમેશ પ્રેમરૂપી અમૃત વિવર્ધની છે એવી પ્રાણપ્રિયાને વનમાં તજવાનો વિચાર કરનાર ચંડાળ અને કુળને કલંક લગાડનાર નળને તું છોડ. મારા જેવા મહાપાતકીને સ્પર્શ કરી તું પણ પાપને પ્રાપ્ત થઇશ. વળી હે મુગ્ધે! વિષવૃક્ષને કલ્પતરૂ સમજી અજ્ઞાનતાથી આશ્રિત થઇ હતી તો હવે તું તારા અજ્ઞાનપણાનું આ દુઃખ ભોગવ. હે વિધાતા! તને ધિક્કાર છે! કારણ કયાં હંસી અને કયાં કાગ! તેમ છતાં તેનાજ સમાગમ જેવો નળ અને દમયંતીનો તેં અયોગ્ય સમાગમ કરાવ્યો. જો તું નિરંતર એવાં અયોગ્ય કર્મનો કર્તા છે તો તે કાંટાવાળા કેતકીવૃક્ષને સુગંધમય કેવી રીતે કર્યું?" એવું બોલી નળરાજાએ દમયંતીના કંઠ તળેથી ધીમે ધીમે પોતાની ભુજલતા તાણી લીધી. વળી પાછો ગદ્ગદિત થઇ નળ બોલવા લાગ્યો-"હે દેવી! એ તો જવાવાળો છે, માટે હવે દયા કરી એની ભુજા છોડ. પૂર્વે તારૂં એ ભુજલતા સાથે પાણિગ્રહણ થયું હતું, પણ હવે તો તું સૂર્યનારાયણની અતિથિ થા. તે તારૂં સંરક્ષણ કરશે. હા પ્રિયે!

રાજગૃહ, ખજાનો આદિક સર્વસ્વ ગયું તેની સાથે નળ તારો પણ ત્યાગ કરે છે. પાણિગ્રહણ સમયે હે પ્રિયે ! તને વિચારતો થયો હશે કે કોઇ સમયે મારો પતિ મારો ત્યાગ કરશે, તોપણ તું અજ્ઞાનતાથી મારી સાથે પરણી; એવા તારા શુન્ય હૃદયનું ફળ તું ભોગવ. પરંતુ અજ્ઞાન હતી માટે આ આપત્તિશૃંખલા તારા ગળામાં પડી." એમ કહીને મ્યાનમાંથી છરી બહાર કહાડી, અને વસ્ત્રથી તેને લુંછીને તૈયાર કરી તે જાણે સગડીમાં સળગાવેલી અગ્નિજ હોયની! એવી સતેજ દેખાવા લાગી. તે છરીનો છેદવાના વસ્ત્રની સાથે સંયોગ કર્યો અને બોલવા લાગ્યો કે 'હે છરી! આ દેવીના અંગ ઉપરના વસ્ત્રને છેદન કરવા માટે તું મને પ્રસન્ન થા. હું તને હાથ જોડું છું. કદાચિત્ સ્ત્રીજાતિને દયા ઘણી હોય છે, માટે તું પણ સ્ત્રીજાતિ હોવાથી દયા લાવીશ તો તે સંભવે નહીં, કેમકે તું મૂળ ખડ્ગની કન્યા છે તેને દયા શાની!' એમ કહીને તે વસ્ત્ર છેદન કર્યું. તે વખતે તે વસ્ત્રની ઉપર આંખમાંથી નીકળેલાં આંસુનાં ટીપાં પડયાં. ત્યારે નળ ફરી બોલ્યો–'હે નિદ્રા ! આ દમયંતીની આંખો ઢાંકી મૂક, કેમકે એનું અવલોકન અતિ પ્રેમયુક્ત છે તેથી મારા પગમાં બેડી પડશે. એટલે એને મૂકીને મારાથી જવાશે નહીં.' વળી દમયંતીને અનુલક્ષીને કહે છે કે "હે દેવી! મેં તારા ઘણા અપરાધ કર્યા પણ તેં મને મૂકયો નહીં, પણ તું નિરપરાધી છતાં હું તો તને મૂકું છું, માટે મારા જેવો બીજો કોઇ દુરાપરાધી નથી એથી હું જાણું છું કે એ મારો અપરાધ

નથી પણ તારો અપરાધજ તને પ્રાપ્ત થાય છે. કેમકે કા-
જળની કાળાશ ચંદ્રમાના તેજને લાગતી નથી, તેમ એ
પણ જાણવું. માટે હે દેવી! તને પ્રણામ છે, ને હું તને
કહું છું કે આગ દુઃખસમુદ્રમાં તને ડુબાવવાને હું ઇચ્છતો
નથી; અને તું પરમશીલવ્રતે કરી પવિત્ર હોવાથી તને કોઇ
પણ ઉપદ્રવ થનાર નથી. પરંતુ પિતાને ઘેર અથવા સસરાને
ઘેર તારી યોગ્ય બરદાસ થશે." એમ કહીને તેના વસ્ત્રના
છેડાને વિષે પોતાના રૂધિરે કરી અક્ષરો લખ્યા.

"હે મમ પ્રાણવલ્લભા! જો તારે વૈદર્ભ દેશ જવું
હોય તો વટના વામ તરફનો સીધો માર્ગ લેજે; ને જો કો-
શલાપુરી જવું હોય તો જે માર્ગ ભણી પલાશ વૃક્ષો ખી-
લી રહ્યાં છે અને પોપટ પંખીઓનો મધુર સ્વર સંભળાય
છે તેની દક્ષિણ ભણીનો માર્ગ લેજે. તે વનવિલાસી પોપટો
તારી દુઃખદાયક અવસ્થા જાણી તને સીધો પંથ બતાવશે.
એ બે સ્થળમાં તારે ગમે તે સ્થળે જવું અથવા તને ગમે
ત્યાં તારે જવું. હું તો તારૂં વદન નિરખવા હવે અસમર્થ
છું." એમ કહી નળ તેની અક્ષરાવલી જુએ છે, અને મહા
ઉંડા નિશ્વાસ મૂકી ઝીણે સ્વરે રૂદન કરે છે. ઘણીવાર લગી
સારી પેઠે તેનું વદન જોઇ તેના પર વસ્ત્ર ઢાંકે છે. વળી
કહે છે કે 'અરે! આ રાજા છે તે મહા દુષ્કર્મી છે, અરે
દૈવ! સર્વનાં ચક્ષુઓને આશ્રય દેવાવાળું અને નેત્રોએ નિ-
રખવા યોગ્ય એવું ઉત્તમ સ્થાન રચી તેની આવી મહા
દુઃખદ અને દીન અવસ્થા કેમ કરી! કે જેથી કરી આજ

મહા ઘોર વનમાં પાંદડાંની પથારીએ સુતી છે, ને વળી તેને ત્યા ગવા માટે હું તેનો પ્રાણેશ્વર તે પણ વાંચ્છના કરૂં છું. અરે! સામાન્ય જન પણ બોરડીના વૃક્ષને ઉછેરી ફરી તેનોજ નાશ કર વા પોતે યોગ્ય ધારતો નથી; તો સંપૂર્ણ મનોરથને પૂરનારી કલ્પ લતાનું છેદન કરવા કોણ પુરૂષ ઇચ્છા કરે! પણ હે વિધાતા! તું જડ છે, કારણ કે તું કમળમાં રહેનાર છે; જ્યારે કમળ જડ રૂપ છે ત્યારે તેમાં નિવાસ કરનાર તે પણ જડરૂપ હોયજ! વળી જો, તેં પ્રથમ ચંદ્રમાને ઉત્પન્ન કર્યો ને પછી વળી તું તેને રાહુ પાસે દુઃખ દેવરાવે છે." એમ વિધાતાને દોષ દઇને નળ વનદેવતાઓ પ્રત્યે કહે છે-" હે વનદેવો! મારી એક વિનંતી સાંભળો. વિધાતા તો દુર્બુદ્ધિ થયો પણ તમે મારી પ્રાણવલ્લભા દમયંતી ઉપર નિર્દય હૃદયના ન થશો. કોઇ પણ પ્રકારે તમો એવું કામ કરજો કે જેથી કરી એ દુઃખી ન થાય. વળી પ્રાતઃકાળમાં જેવી ઉઠે કે તરત મા- ર્ગમાં ભૂલી ન પડે પણ ઘર ભણીનો સીધો રસ્તો એને પ્રાપ્ત થાય એવું કરજો." એવી રીતે વારંવાર પ્રિ- યાની ભલામણ કરતો આગળ જઇ પાછો વળી જોતો નળ અદૃશ્ય થઇ ગયો. થોડે દૂર જઇ વળી મનમાં વિચારવા લાગ્યો કે 'અરે! હું તેને ત્યાગી તો જાઉં છું પણ વનમાં રહેનારાં ઘાતકી જનાવરોથી એને ઉપદ્રવ થશે. માટે જ્યાં સુધી એ નિદ્રાવશ છે ત્યાં સુધી કોઇ લતાગૃહમાં અદૃશ્ય થઇ બેસી હું તેની રક્ષા કરૂં. પ્રાતઃકાળ થયે જ્યારે એ જાગી ઉઠશે ત્યારે હું મારે રસ્તે જ્યાં મનમાં આવશે

ત્યાં ચાલ્યો જઇશ. એને મારા બતાવેલા બે માર્ગમાંથી એની નજરમાં આવશે તે માર્ગ ભણી જશે.' એવો વિચાર કરી પાછો ફરી નળ એક લતાગૃહમાં આવી બેઠો. વળી નિદ્રાવશમાં પડેલી પ્રાણવલ્લભાના મુખ ભણી જોઇ મનમાં વિચાર કરવા લાગ્યો કે 'અહો મહા આશ્ચર્ય! કે જે જગ્યાને સૂર્ય પણ જોઇ શકતો નથી એવી નળના અંતઃપુરની જગ્યામાં અખંડ વાસ કરનારી દમયંતીનો ત્યાગ કરે છે, તેથી હે દુરાત્મા નળ! તું પોતે બળી ભસ્મ કેમ થતો નથી!' એવા મહા દુઃખદ વિચારને વિચારમાં રાત વીતી ગઇ ને સૂર્યોદય થયો. સર્વ અંધકાર નાશ પામ્યું; અને તે સમયે નળ રાજામાં મહા અજ્ઞાનરૂપ અંધારૂં પ્રવર્તવા લાગ્યું. તે જાણી સૂર્યોદયથી ભય પામી અંધકારે નળના હૃદયઘરમાંજ પ્રવેશ કર્યો હોયની!

હવે સૂર્યોદય થયો ન થયો પરંતુ દમયંતી જાગી હતી નહીં એટલામાં તો જેને બંને નેત્રોમાં જળધારા વરસી રહી છે એવો નળ તે લતાગૃહ તજી આગળ ચાલ્યો; તે એવી રીતે કે પાછું વાળી પણ ન જુએ અને સીધે માર્ગેજ ચાલ્યો જાય. આગળ ચાલતાં એક મહા ઘોરવનમાં નળ આવી પહોંચ્યો. ત્યાં ધૂમ્રના સમૂહને વધારનારી, વિંધ્યાચળની આજ્ઞા કરવાવાળો, જેની ઘોર ઘટા તે ફાળરૂપી અગ્નિ જેવી હોયની! એવાં ભયંકર અને મોટાં વૃક્ષો જેમાં આવી રહ્યાં છે એવો એક રત્નગર્ભિત પર્વત નળની નજરે પડયો. તે ઉપરનાં વૃક્ષોમાં દાવાગ્નિ લાગેલો હતો. જેવો પ્રલયકાળ

ળના અગ્નિની જ્વાળા નીકળે અથવા જેમ મણિમાં જડેલા રત્નનું તેજ બહાર નીકળે એવી રીતે તેમાંથી જ્વાળાઓ નીકળતી હતી. દાવાગ્નિથી કરી ક્ષણમાત્રમાં વન સઘળું પ્રજ્વાલિત થઇ ગયું. જીવજંતુઓ દગ્ધ થયેલાં તેથી તેઓનું પ્રાણાન્ત આક્રંદ નળરાજાએ વેગળેથી સાંભળ્યું. વળી તે આક્રંદને મળતું આક્રંદ કોઇ મનુષ્ય કરતું હોયની એવું નળરાજાએ સાંભળ્યું કે તેવોજ નળરાજા તેની પાસે ગયો. તે સમયે તે બોલવા લાગ્યો 'હે ઐક્ષ્વાક નળ ભૂપાળ! જગત્યાર્ત્તૈક બાંધવ! આ દાવાગ્નિથી મારૂં શરીર દગ્ધ થતું જાય છે, માટે હે મહાત્મન્! એનાથી તું મારૂં સંરક્ષણ કર, સંરક્ષણ કર.' એવી રીતે તેના આર્ત્તવચનના અનુસારે નળ જોવા લાગ્યો કે એ કોણ બોલે છે અને ક્યાં છે? એવી રીતે આમ તેમ જુએછે એટલામાં ત્યાં એક વેલી પાસે રાફડામાં એક ભુજંગને જોયો. તે પ્રત્યે નળ બોલ્યો કે 'હે નાગ! મારૂં નામ, મારો વંશ અને નરભાષા એ બધાનું જ્ઞાન તને ક્યાંથી પ્રાપ્ત થયું તે કહે.'

નાગ બોલ્યો "હે મહાત્મા નળ! હું પૂર્વ જન્મને વિષે મનુષ્ય હતો; અને વિધિ પૂર્વક તે જન્મમાં મને અવધિજ્ઞાનનો સંસ્કાર થયો હતો; તેથી આ જન્મમાં પણ મને નરભાષા આવડે છે. પૂર્વ જન્મનું નિર્બાધજ્ઞાન પણ મને સર્વ આ ભવમાં સાથેજ છે માટે સાંભરે છે, હું ભૂલ્યો નથી. એ અવધિજ્ઞાને કરી હજી પણ હું ચરાચર વિશ્વને કરતળ જોઉં છું; તો પછી તારૂં નામ, ઠામ, તારો વંશ અને નર-

ભાષા એ જાણવામાં બહુ આશ્ચર્યની વાત શી છે! હવે હે નળ! ધૂમ્રધ્વજથી તું મારૂં રક્ષણ કર, હું તારો પ્રત્યુપકારી થઈશ. તું તો નિર્પેક્ષી છે તોપણ હું તો તારો કોઇપણ ઉપકાર કરીશ." એવાં નાગનાં દીન વચન સાંભળી દયાનિધિ નળરાજાએ જ્યાં નાગ દહન થતો હતો તે વેલા પાસે જઇ પોતાનું વસ્ત્ર તે ઉપર નાખ્યું; એટલે તત્કાળ નાગ તે વસ્ત્રને વળગ્યો; અને વળગ્યો તેવોજ નળે તેને સત્વર ઉપર ખેંચી લીધો. જેવો ઉપર ખેંચી લીધો ને તૃણકાષ્ઠાદિકવાળી જગ્યા ઉપર તેને નળ છોડી મેલતો હતો તેવોજ તે નાગે નળરાજાના હાથને દંશ માર્યો. તે સમયે નળરાજાએ હાથ તરછોડીને નાગને છોડી દીધો અને બોલ્યો-'હે નાગ! વાહ! ધન્ય છે! તેં પ્રત્યુપકાર ઠીકજ કર્યો! તમારી જાતિનો તો એ સહજ સ્વભાવજ છે કે જે તમોને દુધ પાઇને ઉછેરે તેનેજ તમે દંશ મારોછો.' એવું બોલતાં બોલતાંમાં તો વિષધરના વિષપ્રભાવથી નળ રાજા ભિન્ન જેવો કાળો અને ખેંચતી વેળા ધનુષ્યનો જેવો આકાર થાય છે તેવો વંક આકારવાળો કૂબડો થઇ ગયો. કુબડાપણું પ્રાપ્ત થવાથી નળ રાજા મહા વૈરાગ્યવાન અને જીવવાથી પણ અનપેક્ષિત થઇ ગયો. તેથી ધર્મકૃત્યો કરવામાં પ્રવૃત થઇ ગયો; એટલામાં તો જે નાગે તેને દંશ માર્યો હતો તે નાગ પોતાનું નાગરૂપ તજી દિવ્ય મૂર્તિમાન રૂપે આવી નળ સામો ઉભો રહ્યો ને બોલ્યો "હે નળ! હે વત્સ! તું શા માટે મનમાં વિષાદ પામે છે? જેવું સર્પે તારૂં હિત કર્યું છે એવું હિત

બીજો કોણ કરશે ? હું તારો પિતા નિષધ છઉં. પૂર્વે વ્રત અંગીકાર કરી દુષ્કર તપ કરી અંતે અનશન લઇ હું બ્રહ્મ નામના પાંચમા દેવલોકમા દેવતા થયોછું. તેથી મેં તારા જુગારના દુર્વ્યસનને અવધિજ્ઞાનવડે જાણી નાગરૂપે અહિં આવ્યો છું. હાલ તેં અહિંયાં જેજે ચમત્કાર જોયા તે સર્વ મેં મારી માયાવડે ઉત્પન્ન કર્યા હતા. વળી તું એમ ન જાણીશ કે મારા પિતાએ આવીને મને વિરૂપ કરી નાખ્યો; પણ એથી કરી તું અનુપલક્ષ થઇ ગયો, જેવડે તને તારા શત્રુઓનો ભય ન રહ્યો. હજી તને અવનિતળ ભોક્તવ્ય છે, માટે હાલ તારે વ્રતાદિક કરી સંસારથી વિરક્ત થવું યોગ્ય નથી. જ્યારે તારે પ્રવ્રજ્યા લેવાનો સમય થશે ત્યારે જેમ જોશી આવી આગળથી ભવિષ્ય કહી બતાવે છે તેમ હું કહી બતાવીશ. આ શ્રીફળ છે તેને ગ્રહણ કર, અને આ એક પેટી લે. એ બે વસ્તુઓની ઇચ્છાપૂર્વક નિરંતર રક્ષા કરજે. જ્યારે તને તારૂં પૂર્વરૂપ ધારણ કરવાની ઇચ્છા થાય ત્યારે આ શ્રીફળને ભેદન કરજે એટલે એમાંથી દિવ્ય વસ્ત્રો નીકળશે તે પહેરી લેજે, જેથી કરી તું તારા પૂર્વરૂપમાં આવીશ. વળી આ પેટીમાંથી હાર, મુક્તાફલ, અંગુઠી વિગેરે ઉત્તમ અલંકારો નીકળશે તે પહેરી લેજે. જે સમયે તું તે તારા અંગપર ધારણ કરીશ, ત્યારે તારૂં પૂર્વવત્ રૂપ થશે." એમ કહી પોતાની પાસેથી તે બંને વસ્તુઓ તેને આપી ફરી નળ પ્રત્યે કહેવા લાગ્યો-'હે વત્સ! તું વનમાં શા માટે ફરેછે? તું કહે ત્યાં હું તને લઇ જાઉં.' તે સાંભળી નળ બોલ્યો-

'હે તાત! મને સુંસમારપુર લઇ જાઓ.' એવું બોલતા બોલતાંમાં તો નળને સુંસમારપુરના દરવાજા આગળ લાવી ઉભો રાખ્યો. પુર સન્મુખ નળે જેવું મુખ કર્યું એટલે તો નગરમાં સર્વને કોળાહળ કરતાં સાંભળ્યા, તેઓ 'દૂર થાઓ, દૂર થાઓ' એવો શબ્દ કરતા હતા તે પણ નળના સાભળવામાં આવ્યો. વળી હાથી અને ઘોડાઓના ધ્વનિ સંભળાવા લાગ્યા, તે સમયે નળ વિચારવા લાગ્યો કે 'દૂર થાઓ દૂર થાઓ એમ શબ્દ થાય છે, હાથી ઘોડાઓના ધ્વનિ પણ ગર્જી રહ્યા છે, એ શું!' એવો વિચાર કરે છે એટલામાં જેના ગંડસ્થળથી મદ ઝરણ થાય છે એવો ભૂધરાકારવાળો, ઝુલતાં જેની સ્વચ્છાંયા જાણે ક્રોધમૂર્તિજ હોયની! પવનનો વેગ જેમ ઇચ્છાપૂર્વક ચાલે છે એવો જેનો વેગ છે, શુંઢને અહીં તહીં હલાવતો, જેની ગતિથી ઉડતું પક્ષી હાર પામે પણ પક્ષી તેનો સ્પર્શ કરી ન શકે એવો, મઠ, વખારો, શાળાઓ, ધાન્યના કોઠારો અને મંદિરોને પાડતો તથા બાગબગીચાઓનાં વૃક્ષોને પ્રલયકાળના પવનની જેમ ઉડાડતો, ઘરની અગાશીઓ અને કિલ્લા ઉપર ચડી ચકિત થતા લોકો જેને દેખે છે, મોટા મોટા અણીવાળા ભાલા બરછીઓ લઇને ઘોડેસ્વારો જેની પાછળ પડેલાછે, મહાવતો મોટા મોટા અંકુશો લઇ જેને ઘોચાઘોચ કરી રહ્યા છે, બાળ જોબન વૃદ્ધ નરનારીઓ જેને જોઇ નાસાનાસ કરી રહ્યા છે, ફુતકાર સીતકાર આસાર, ઝંકાર વિગેરે એવા શબ્દો જેમ પવન સુસવાટા કરી રહ્યા હોય એમ કરતો, સાતે સ્થાનથી જેને મદ

ઝરેછે અને એ મદધારાથી પૃથ્વીપર કીચડ થાય છે એવો, હાથીનું રૂપ ધરી જેમ કોઇ સમવર્તી ચાલ્યો જાય એમ ચાલનારો, દધિપર્ણ રાજા જેની પાછળ આવે છે, અને બંધન તોડી નાઠેલો, એવા એક હાથીને આવતો નળ રાજાએ દીઠો. ‘ કોઈ વશ ન કરી શકે એવા આ વરણેંદ્ર રૂપી સાપને જે વશ કરશે તેને આ મારી લક્ષ્મી હું આપી દઇશ ’ એવું ઉંચો હાથ કરી મોટે સ્વરે દધિપર્ણ રાજા બોલ્યો. તે સાંભળીને જેનો કલ્લોલ વિક્રમ છે એવો નળ રાજા પૃથ્વીપર જાણે પગ પડતો નથી એવા વેગે તે હાથીને પકડવા દોડ્યો. તેને જોઇ લોકો સૌ બોલવા લાગ્યા કે ‘ હે કૂબડા ! હે કૂબડા ! ક્યાં જાય છે ? પાછો વળ, પાછો વળ, ’ એવી રીતે લોકોએ તેને એ સાહસકર્મ કરતાં અટકાવ્યો, તો પણ સિંહ જેમ હાથીપર જઇ પડે તેમ નળ તે હાથી ઉપર જઇ પડ્યો.

પ્રથમ જોષ્ટિકા ઉગામી નળ હાથી પ્રત્યે બોલ્યો કે ‘સ્ત્રી બાળકોને દુઃખ દેવામાં તારે પ્રયોજન શું છે ? મારી સામો થા. હું તારી સન્મુખ ઉભો છું. ’ એવાં નળનાં વચન સાંભળી જેમ સાક્ષાત્ વિંધ્યાચળ પર્વત ધસી પડે તેમ તે હાથી ક્રોધ કરી નળ ઉપર ધસ્યો. નળરાજા તે હાથીને પોતાપર ધસી આવતો જોઇ થોડીવાર સીધો દોડે, થોડીવાર કુંડાળામાં દોડે, હાથમાં પથરા લઇ તેની સામા તાકીને જોરથી મારે, થોડીવાર જમીનપર આળોટે, હોંકારા પાડી તેને બીજવે, પુચ્છ ગ્રહી ચોતરફ ચક્કર ફરે, એ પ્રમાણે અનેક પ્રકારથી હાથીની સાથે ખેલવા લાગ્યો. અને તેને હેરાન હેરાન

કર્યો. થોડીવાર હર્ષકોળાહળથી અને થોડીવાર હાહાકારથી એવા ઉભય મનોભાવથી પ્રજાલોકમાં ઘોંઘાટ થઇ રહ્યો. સર્વે આશ્ચર્ય પામવા લાગ્યા. નળના પરિશ્રમથી હાથી મહા ખિન્ન થઇ ગયો અને અહીં તહીં ચારે તરફ ગભરાઇને દોડવા લાગ્યો. તે સમયે નળે પોતાનું વસ્ત્ર તે હાથીની સમીપે ફેંક્યું. જેવો તે લેવા આવે કે નળ તે વસ્ત્ર પાછું ખેંચી લે. વળી ક્યારેક લાંબો થઇ સુઇ જાય; તે જોઇ હાથી તેને પકડવા આવે, નળ પાછો ઉડીને નાસે. ફરી જ્યારે નળ રાજાએ વસ્ત્ર ફેંક્યું ને હાથીએ તેને પોતાનો પ્રતિપક્ષી જાણી પકડવા સારૂં જેવી નીચી શુંઢ કરી કે તલપ મારી નળ તેના કુંભસ્થળ પર બંને ચરણ વડે તેની ગરદન તોડતો બેઠો. તે સમયે પ્રતીકારે પાછળથી આવી અંકુશ અને બંધન એ બંને આપ્યાં. નળે હાથીને બાંધ્યો; અને પછી તે હાથીના કુંભસ્થળમાં અંકુશના અતિ તીવ્ર પ્રહાર નળ કરવા લાગ્યો. સર્વે લોકો નળરાજાનું શૌર્ય અને ધૈર્ય જોઇ પરસ્પર બોલવા લાગ્યા કે 'આ કૂબડો કોઇ માયાવી દેવતા થઇને આવ્યો છે કે શું? જુઓ, તેણે જેમ એક મલ્લ પોતાના પ્રતિમલ્લને જોરથી વશ કરે તેમ આ હાથીને વશ કર્યો.' એવો લોકોનો કોળાહળ સાંભળી રાજાએ પણ મહેલપર ચડી ઉત્તમ રત્નોની માળા હાથીપર બેઠેલા કૂબડાના ગળામાં નાખી.

હાથીને બહુજ બંદોબસ્તથી ચારે તરફ બાંધી આગળ ચલાવ્યો. રાજાએ કૂબડાના ગળામાં રત્નમાળા આરોપણ

કરી તે જોઇ પ્રજાલોક સર્વ જયજયના હર્ષ પોકાર કરી 'વાહ ભાઇ વાહ !' એમ શબ્દોચ્ચાર કરવા લાગ્યા. પરિશ્રમથી થાકેલા હાથીને તેની નિરંતર બાંધવાની જગ્યાએ આણીને બાંધ્યો તે સમયે સર્વ પુરવાસી જનોને અત્યાનંદ થયો, અને સર્વનાં પ્રસન્ન વદન દીસવા લાગ્યાં. હાથી ઉપરથી કૂબડો મહા લીલાસહિત હસતે મોંઢે ઉતર્યો, અને રાજ્યગૃહમાં દધિપર્ણ રાજા પાસે ગયો. તે સમયે રાજાયે પ્રસન્ન થઇ, ઉત્તમ વસ્ત્રાલંકારો આપી, આદરસત્કાર કરી તેને માન સહિત નિરંતર પોતાની પાસે રાખ્યો.

બીજે દિવસે જયારે રાજ્યદરબારમાં સર્વ સભા બેઠી હતી અને કૂબડો પણ તે સભામાં બેઠો હતો તે સમયે રાજા કૂબડા પ્રત્યે કહેવા લાગ્યો.

રાજા-" હે ભાઇ ! ગજશિક્ષામાં તો તમારૂં મહા પ્રાબલ્ય જોયું. તમે કોણછો? તમારૂં નામ શું? તમારી જન્મભૂમિ કયાં છે ? તમારા અભિજનો કોણ અને કયાં છે ? આ ગજશિક્ષા સિવાય બીજી કોઈ કળા તમને આવડે છે ? તે સર્વ કહો." (રાજાનાં વચન સાંભળી કૂબડો તેમને કહે છે.)

કૂબડો-" હે રાજા ! મારી જન્મભૂમિ તો કોશલાપુરી છે, અને મારા અભિજનો પણ ત્યાંજ રહે છે. હું નળરાજાનો રસોઈઓ છું. એ રાજાએ મને યોગ્ય પાત્ર જાણી તેમની પાસે હતી તેટલી સર્વ કળાઓ શિખવીછે. સર્વ ઉત્તમ પાક નળરાજા જાણે છે તે હું પણ તેમની કૃપાના પ્રભાવે કરી સર્વ ઉત્તમ પાક બનાવવાના કામમાં પ્રવીણ થયો છું. નળવિના અને

મારાવિના બીજો કોઇ યથાયોગ્ય પાકશાસ્ત્ર જાણતો નથી. કૂંવર નામના પોતાના ભાઇની સાથે જુગાર રમતાં નળ રાજા પોતાની સર્વ રાજઋદ્ધિ હારી બેઠો; એટલે પોતાની સ્ત્રીને લઇ વનમા ગયો. તે તો મરણ પામ્યો હશે એમ જણાય છે. નળરાજા વનમાં ચાલ્યો ગયો તે કારણથી તથા વળી કૂંવર કલાહીન હોવાથી મેં કૂંવરનો આશ્રય કર્યો નહિ. ”

નળરાજાનું મૃત્યુ થયું હશે એવું કૂબડાના મુખથી વચન સાંભળી દધિપર્ણ રાજાએ મહા શોક તથા રૂદન કરવા માંડયું, અને ત્યારપછી નળરાજાનું સર્વ પ્રેતકૃત કર્યું.

દધિપર્ણ રાજાએ કૂબડાને પાકશાળાના ઉપરી અધિકારીની પદવી આપી. કૂબડાએ સૂર્યના તાપમાં પાત્ર ધરી તે તાપવડે અતિ સ્વાદિષ્ટ રસોઇ બનાવી. તે રસોઇવડે નોકરોચાકરો અને રાણીઓ વિગેરે સર્વને જમાડયાં. રાજાએ અતિશય પ્રસન્ન થઇ ફરી તેને વસ્ત્રાલંકારો આપી પાંચશેં ગામ ઇનામમાં આપ્યાં. એક લક્ષ સોનૈયા આપ્યા. કૂબડાએ ફક્ત પાંચશેં ગામ સિવાય રાજાનું આપેલું બીજું સર્વ અંગીકાર કર્યું. તે સમયે દધિપર્ણ રાજા કૂબડા પ્રત્યે બોલ્યો—‘ તમારા મનમાં તમારે જેની ઇચ્છા હોય તે મારી પાસેથી માગો.’ તે સાંભળી કૂબડો અતિ પ્રસન્ન થઇ બોલ્યો–‘ જ્યાં સુધી તમારા રાજ્યની સીમા છે ત્યાં સુધીમાં જેટલા અને જે જાતીના લોકો વસતા હોય તેઓ સર્વમાંથી જુગાર, મદ્ય અને મૃગયા એ ત્રણ દુર્વ્યસનોનો પરિત્યાગ કરાવો.’ દધિપર્ણ રાજાએ તેનું માગવું મહાહર્ષથી અંગી-

કાર કરી તેના કહ્યા પ્રમાણે પોતાની પ્રજામાં એ ત્રણ વ્યસનો કરવાની સર્વને મનાઇ કરી.

દધિપર્ણ રાજાના આશ્રયમાં રહેતાં રહેતાં કૂબડાને ઘણાં વર્ષ થઈ ગયાં. એક દિવસ નદી કિનારે વૃક્ષોની શીતળ છાંયાતળે કૂબડો બેઠો હતો; તે સ્થળે કોઇએક બ્રાહ્મણ આવીને તેનું સર્વાંગ કૂબડું જોઇ નળની નિંદાના બે શ્લોક બોલવા લાગ્યો. તે શ્લોક આ પ્રમાણે –

निर्घृणानामलज्जानां, निःसत्वानां दुरात्मनां ।
नलश्चैव धुरीणत्वं, सुप्तां तत्याज यः प्रियां ॥ १ ॥
सुप्तामेकाकिनीं स्निग्धां, विश्वस्तां दयिता सतीं ।
गतः किं न वने त्यक्तुं काम एव स भस्मसात् ॥२॥

અર્થ—"જેટલા નિર્દય, નિર્લજ અને દુરાત્મા જીવ છે તેઓ સર્વમાં અગ્રેસર નળ છે; કારણ નિદ્રાવશ, એકલી, મહાપ્રીતિયુક્ત, વિશ્વાસણી, સતી અને પતિવ્રતા એવી પોતાની પ્રિયાને જેણે મહાઘોર વનમાં રઝળતી મેલી તે નળ ત્યારે શું તે વનમાં કામદેવની જેમ ભસ્મ ન થઇ ગયો!"

એવાં તે બ્રાહ્મણના મુખના બે શ્લોક સાંભળી કૂબડાનાં ઉભય નેત્રોથી આંસુનાં જળ વરસવા લાગ્યાં. ગદ્ગદ્ સ્વરે તે બ્રાહ્મણ પ્રત્યે કૂબડો બોલ્યો કે "અહો અત્યાશ્ચર્ય! તારો સ્વર તો ઘણોજ મધુર જણાય છે. આ તારા ગીતમાં કરૂણારસ ભરપૂર છે. તું જો તો ખરો કે તારૂં એ ગીત સાંભળવાથી મારાં નેત્રોમાં જળ આવી ગયાં છે તું કોણ છે?

અને ક્યાંથી આવ્યો છે? વળી એવા દુર્બુદ્ધિ નળની કથા તેં ક્યાંથી સાંભળી?" આખ્યાનકુશળ બ્રાહ્મણ બોલ્યો કે 'હું કુંડિનપુરથી આવું છું, ને ત્યાંથી મેં નળની કથા સાંભળી છે.'

કૂબડો બોલ્યો—"દમયંતીની ત્યાગાવધિ કથા મેં પણ પૂર્વે સર્વ સાંભળી છે, માટે એ દમયંતીનાં વિરહસંભવદુઃખની સર્વ વાત મને કહે." તે સમયે તે બ્રાહ્મણ દમયંતીની સર્વ કથા માંડીને કહેવા લાગ્યો કે હે કુબડા! સાંભળ-

"જ્યારે નળ દમયંતીને ત્યાગ કરી જતો રહ્યો ને પ્રાતઃકાળ થયો ત્યારે ભૈમીને એવું સ્વપ્ન આવ્યું કે જાણે ફળ, પુષ્પ, મોરયુક્ત અને ભ્રમર જેમાં ગુંજારવ કરી રહ્યા છે એવા એક આમ્રવૃક્ષ પર ફળ ખાવા સારૂ હું ચડી છું; એવામાં અકસ્માત્ એક હાથી ત્યાં આવ્યો, તેણે જડમૂળથી તે વૃક્ષને ઉખેડી નાંખ્યું; ને હું તેના ઉપરથી પૃથ્વીપર પડી ગઇ. એમ સ્વપ્નાવસ્થામાં આંબા ઉપર પડી જવાની સાથેજ મારી આંખ ઉઘડી ગઇ, ને જાગી ઉઠીને જોઉં છું તો મારો પ્રિયપતિ મારી પાસે નથી. ભયભીત અવસ્થામાં હું અહીં તહીં દશે દિશા તરફ ફરીને તેને શોધવા લાગી. મહાભયાનક ભૂમમાં શોધતાં શોધતાં હું મહા ભયવ્યાકુળ થઈ અને મનમાં ચિંતન કરવા લાગી કે અરે! આજ મારો દૈવ પ્રતિકૂળ થયો છે, વળી મહા મણિધર સર્પ, શિયાળ, વ્યાઘ્ર, સિંહ, ભાલુ અને મદોન્મત હસ્તી એવાં ભયંકર જનાવરો જેમાં ગર્જના કરી રહ્યાં છે, એવા વનમાં મને મારો પ્રિયપતિ પણ ત્યાગી ગયો. પણ અરે હું એવી ખોટી

કલ્પના શા માટે કરૂંછું! એ મને ત્યાગીને તો ગયા નહિ હોય પણ અહીં પાસેજ કોઇ સરોવરમાં હાથ પગ કે વદન પ્રક્ષાલન કરવા અથવા તો મારે માટે મને તરસી જાણી પાણી લાવવા સારૂ ગયા હશે. ત્યાં ગયાને ઘણીવાર થઇ તેનું કારણ એમ હશે કે કોઇ વિદ્યાધરીએ એમને રૂપવાન્ જોઇ રોકી રાખ્યા હશે; અથવા તો મારો ઉપહાસ કરવા સારૂ આટલામાંજ કોઇ સ્થળે સંતાઇ બેઠા હશે. લાવ ઉઠીને જોઉં તો ખરી કે એ કયાં સંતાઇ બેઠા છે! એમ સંકલ્પ વિકલ્પ કરીને સત્વર ઉઠી, અને ચારે દિશાઃભણી જોવા લાગી; પરંતુ નળને તો કોઇ ઠેકાણે જોયા નહીં. નિરાશ થઇને ભયાતુર ભૈમી પછી ઉંચે સ્વરે અને કરૂણામય સ્વરે ગાઢ રૂદન કરવા લાગી. 'હે નાથ! હે સ્વામિન્! હે રાજન્! તમે અહીંઆં પધારો, તમારા ક્ષણવિયોગે કરી મારા હૃદયના ખંડ ખંડ થઇ જાય છે. બહુ ઉપહાસ કરવો સારો નહીં. અતિશય ઉપહાસ કરવાથી પરિણામે મરણ થાય છે; તમારે તો હાસ્ય હશે પણ મારૂં તો એમ કરવાથી મરણ થાય છે. જેમ મૂર્ખ મનુષ્યને હાસ્ય થાય ને ચકલાંનું મરવું થાય એ કહેવતવાળું તમે ન કરો.' ઇત્યાદિક ભયાતુર અને દીનવચનોથી પણ નળ જ્યારે દૃષ્ટિગોચર ન થયો ત્યારે દમયંતી ગાઢ સ્વરથી પોકાર મારતી હવી; અને એમ કરતાં પણ જ્યારે નળરાજા ન આવી મળ્યો ત્યારે ધીરી પડી સ્વપ્નાંતરની વાત દમયંતી મનમાં વિચારવા લાગી કે 'આમ્રવૃક્ષ તે જાણે મારો નાથ, રાજ્ય એ

પુષ્પફળાદિ, એ રાજ્યનો ઉપભોગ તે ફળાસ્વાદ, છ પદનો ભ્રમર તે સ્વજન છે. વૃક્ષ જડ મુળથી ઉખેડી નાંખ્યુ તે જાણે મારા પ્રિયપતિને કુંવરે રાજ્યભ્રષ્ટ કર્યા, વૃક્ષપરથી પડી ગઇ તે જાણે મારા પ્રિયથી મને વિરહ પડ્યો. એ પ્રમાણે મારાં દુઃખસૂચક સ્વપ્નોથી મને નિશ્ચય થયો કે હુવે મને મારો વલ્લભ મળવો મહા દુર્લભ છે. એ પ્રમાણેનો પોતાના મનને નિશ્ચય થતાંજ હેબકથી દમયંતી મૂર્ચ્છિત થઇ ધરણી પર ઢળી પડી. ઘણીવારે મૂર્ચ્છાથી સચેતન થઇ ત્યારે ઉઠીને ઉંચે કરૂણામય સ્વરે હૈયાફાટ રૂદન કરી પ્રલાપ કરવા લાગી કે 'હે નાથ! હે સ્વામિન્! હે મહારાજ! હું તમને શો ભાર કરતી હતી કે મને આ અઘોરવનમાં એકલી મૂકી દાધી! બળદને માથે મોટાં મોટાં શિંગ હોય છે તે શું તેને ભાર કરે છે! વિવેકી પુરૂષોને તો યોગ્ય નથી કે જેની સાથે પાણિગ્રહણ થયું એવી પત્નીને અઘોર વનમાં ત્યાગી જાય. અરે પણ હે નૈષધેશ! મારો પરિત્યાગ કરવામાં આપનો કાંઇ અપરાધ નથી. મારોજ દૈવ મને જ્યારે પ્રતિકૂળ છે ત્યારે તેમાં આપ શું કરો! મારો દૈવ મને પ્રતિકૂળ ન હોય તો આપ જેવા મહાત્મની બુદ્ધિ વિપરીત કેમ થાય?' એ પ્રમાણે પ્રલાપ કરી મંદ મંદ સ્વરે દમયંતી વનમાં રૂદન કરતી હતી. એ શ્રવણ્શૂળ રૂદને કરી વનનાં વૃક્ષોને તથા જીવોને પણ તે રોવરાવતી હતી, એટલામાં અકસ્માત્ રીતે વસ્ત્ર પર લખેલા અક્ષરોપર દમયંતીની દૃષ્ટિ પડી. તે અક્ષરોને દમયંતી આનંદ પૂર્વક વાંચી હૃદયમાં અતિશય પ્રસન્ન થઇ

વિચાર કરવા લાગી કે 'અક્ષરદ્વારે મારા પ્રિતમે મને મારે પીઅરે કે કોશલપુર જવાનો ઉપદેશ કર્યો તે ઘણુંજ સારૂં કર્યું છે. હવે આ સામે વડવૃક્ષ જણાય છે તે તરફના માર્ગે થઇ સીધી મારા પિતાને ઘેર જઇશ. કારણ પતિશૂન્ય સ્ત્રીઓને વસવાને તો બાપનુંજ ઘર ઉત્તમ સ્થાન છે. પતિ વિરાહત સાસરીઆમાં રહેવાથી પગલે પગલે લોક નિંદા કરે છે.' એમ વિચારી દમયંતીએ પોતાના પીઅરનોજ માર્ગ લીધો. ચારે દિશાભણી અનુક્રમે વંદન કરી, આ કઇ દિશા હશે! આ કઇ દિશા હશે! એમ કરતી કરતી ચાલી જાય છે. કોમળ પત્ર જેવા ઉભય ચરણકમળમાં દર્ભની તીવ્ર અણીઓ ઘોચાય છે; થોર અને બોરડીઓના તીવ્ર કંટકોથી તેની ઉભય જંઘાઓ ઘાયલ થઇ ગઇ છે અને તેમાંથી લોહીના ધારાઓ વહે છે; પવનથી ઉડતી ધૂળ એના સર્વાંગે લાગી ગઇ છે; છૂટા અને લૂખા કેશ બંને ખભાઓ ઉપર ઝુલી રહ્યા છે; ચંચળ નેત્રવાળી, પ્રિયપતિના વિરહસંભવદુઃખથી પરિપૂર્ણ થયેલા હૃદયવાળી અને જેમ કોઇ દારદ્રની સ્ત્રી હોયની એવી સ્થિતિમાં દમયંતી ઉતાવળે પોતાના પીઅરભણીના માર્ગ ભણી ચાલતી જાય છે. સતી દમયંતીને જોઇ વનમાંના હિંસક પ્રાણીઓ પણ દૂર ભાગી જવા લાગ્યા. ગારૂડીને જોઇ જેમ સર્પ દૂર નાસી જાય છે તેમ સર્પો, સિંહણીને જોઇ વનના હાથીઓ જેમ દૂર નાસી જાય છે તેમ હાથીઓ, અને અગ્નિની જવાળા જોઇ જેમ વનવ્યાઘ્ર નાસી જાય છે તેમ વનવ્યાઘ્રો, એમ સર્વ હિંસક પ્રાણીઓ સતી દમયંતીને જોઇ નાસવા લાગ્યા.

દમયંતી મનમાં ચિંતવન કરવા લાગી કે ' માર્ગમાં જો કોઇ સાથ મળે તો તે સાથને મળી આ ગહનવનની પાર થઉં.' એવો વિચાર કરે છે એટલામાં સામેથી ગાડી ઘોડા સહિત ઘણા માણસોને આવતાં જોઇ દમયંતી મનમાં થોડીક પ્રસન્ન થઇ. એટલામાંતો જનસમુદાયમાં ડંકો વાગવા લાગ્યો અને તેઓના શબ્દોનો આ રીતે ઉચ્ચાર થવા લાગ્યો કે 'હે ચોર લોકો! તમે જતા રહો, જતા રહો. અમે અહીંઆં સૈન્ય સહિત આવીને રક્ષણ કરીએ છીએ; માટે તમોને અનર્થ પ્રાપ્ત થશે.' એવી તેઓની ધમકીને નહીં ગણકારતાં ચોર લોકો તો તે સેનાને લુંટવા લાગ્યા. તેવું જોઇ દમયંતીએ ગર્જના કરી તેથી જેમ સિંહણના શબ્દે કરી હરણો નાસી જાય છે તેમ સર્વ ચોર નાસી ગયા. તે કૌતુક જોઇ વણઝારાએ વિચાર કર્યો કે ' આ કોઇ મારી કુળદેવીએ આવી મારૂં સંરક્ષણ કર્યું ને અમને સર્વ સાથને ચોરોના ભયથી નિર્ભય કર્યા.' એમ વિચારી સાથ સહિત વણઝારાએ દમયંતીની સન્મુખ જઇ પ્રણામ કરી પૂછ્યું કે 'હે કલ્યાણી! મહિમાનું એક સ્થાનરૂપ એવી તું કોણ છે? અને આ નિર્જન વનમાં એકીલી શા માટે ફરે છે?'

દયમંતીએ પોતાનું સર્વ વૃત્તાંત મૂળથી માંડીને તે વણઝારાને કહી સંભળાવ્યું. દમયંતીનું વૃત્તાંત સાંભળી એક તો તેનો તત્કાળનો કરેલો ઉપકાર અને વળી નળ સરખા મહાત્મા રાજવંશીની તે સ્ત્રી છે એવું જાણી તે વણઝારાના મનમાં અત્યંત પ્રીતિ ઉત્પન્ન થઇ અને કરૂણા ઉપજી; તેથી

તે તેને પોતાના તંબુમાં સાથે તેડી ગયો. ત્યાં જઇ આદર-સત્કાર પૂર્વક સ્નાન ભોજનાદિક કરાવ્યું. વળી તેના સુખાર્થે જે જે ઉપચારો અવશ્ય કરવા જોઇએ તે સર્વે કર્યા, અને જેમ દેવતાની આરાધના કરે તેમ તેની આસનાવાસના કરી; તથા તેને પોતાની બેન પ્રમાણે માની નિરંતર ત્યાંજ રાખી.

એમ કરતાં વર્ષાઋતુ આવી. ત્રણ દિવસ સુધી મૂશળ-ધારાએ અને પ્રલયસમયના પુષ્કરાવર્ત મેઘની પેઠે વરસાદ વરસ્યો. તેથી કરી ગાડી અને રથ વિગેરેને જવાના માર્ગ-માંના ચીલાઓમાં એવો તે. કીચડ થઇ રહ્યો કે ગાડીઓના ચાલવાથી કીચડ ઉડી આસપાસ ચાલનારા પંથીઓને મહા-ક્લેશદાયક થઇ પડયો. દમયંતીએ વિચાર્યું કે વર્ષાઋતુને લીધે પંથ વિકટ હોવાથી વણઝારો તો કોણ જાણે ક્યારે અહીંથી આગળ વધશે! એમ વિચારી એકાએક ત્યાંથી તે ગુપ્ત રીતે બહાર નીકળી ચાલતી થઇ. થોડેક આગળ ગઇ ત્યાં જુએ છે તો ભયાનક, અંજનાદ્રિનો જાણે સગો ભાઇ હોયની! અગ્નિની સાક્ષાત્ જવાળા હોયની! અથવા મેઘ અને વિજળીનો જાણે તિરસ્કાર કરતો હોયની! એવો જેના મુખનો સુસવાટ છે, મનુષ્યોનાં અસ્થિમૂષણ જેણે ધારણ કર્યા છે, તીવ્ર અને ભયંકર જેના દાંતછે એવા એક વિકાળ રાક્ષસને દમયંતીએ દીઠો. જળતરંગના જેવાં ચંચળ નેત્રોવાળી દમયંતી પ્રત્યે તે રાક્ષસ બોલ્યો કે 'અરે તું ક્યાં જાય છે? મને બહુજ ક્ષુધા લાગી છે માટે હું તો તને ખાઇ જઇશ.' તે સાંભળી સાવધાન થઇ નળપત્ની

દૈત્યપ્રત્યે બોલી કે 'પહેલાં તું મારૂં વચન સાંભળી લે ને પછી તારી ઇચ્છામાં આવે તેમ કર. હું અરહંત પરમાત્માને પૂજવાવાળી છું. મને મૃત્યુનો તો ભય છેજ નહીં. પણ તું એક મારી વાત સાંભળ. હમેશાં મારૂં મન પવિત્ર છે, માટે એવી પવિત્ર મનવાળી પરસ્ત્રીને કદિ પણ સ્પર્શ ન કરીશ. હે ભદ્ર! જો બળાત્કારથી તું મને સ્પર્શ કરીશ તો બળીને ભસ્મ થઇશ.' એવાં દમયંતીનાં ધમકીનાં વચન સાંભળી રાક્ષસ બોલ્યો કે 'હે કલ્યાણી! હું તારા સત્વહૃદયથી ઘણોજ પ્રસન્ન થયો છું; માટે તું કહે કે તારા હિતાર્થે હું શું કરૂં?' રાક્ષસનાં એવાં વચન સાંભળી દમયંતી બોલી કે 'હે રાક્ષસ! જ્યારે તું મારાપર પ્રસન્નજ થયોછે ત્યારે તો મને મારૂં ભવિષ્ય કહે કે મને મારા પ્રિયપતિનો ક્યારે મેળાપ થશે?' અવધિજ્ઞાનવડે જોઇ તરતજ તે રાક્ષસ બોલ્યો કે 'ઘરથી તમે નીકળ્યાં અને જ્યારથી તારો તારા પતિએ પરિત્યાગ કર્યો ત્યારથી ગણતાં બાર વર્ષે પછી તારા પિતાને ઘેર તારા પતિનો તારે ફરી સમાગમ થશે. માટે જો તું મને આજ્ઞા દેતી હો તો હું તને તારા પિતાને ઘેર લઇ જાઉં.' પતિના સમાગમની ઇષ્ટવાર્તા સાંભળી દમયંતી દૈત્યપ્રત્યે બોલી કે 'હે ભાઇ! તારા સરખા હિતેચ્છુની સાથે પોતાને પીઅર કોણ ન જાય! પરંતુ હું તો કોઈ બીજાની સાથે જઇશ માટે તું તારી ઇચ્છા પૂર્વક જ્યા જવું હોય ત્યાં સુખે જા. તારૂં કલ્યાણ થાઓ અને તું ઘણા કાળ પર્યંત ધર્મનાં કૃત્યો કર.' રાક્ષસે પોતાનું દિવ્ય સ્વરૂપ પ્રકાશ્યું અને તે રૂપ દમયંતીને બતાવી ચાલ્યો ગયો.

દમયંતીને તો હવે નિશ્ચય થયો કે ' બાર વર્ષ પછી સ્વામીની સાથે મારે સમાગમ થશે, માટે લાલ વસ્ત્ર, તાંબૂલ, નેત્રાંજન અને અત્તર ફુલેલ વિગેરેનો મેં આજથી ત્યાગ કર્યો છે. જ્યારે મારો પ્રિયપતિ મને મળશે ત્યારે એ સર્વ હું ગ્રહણ કરીશ. એ પહેલા કદિ પણ એ વસ્તુઓનો ઉપભોગ હું નહીં કરૂં.' આવો અભિગ્રહ ધારણ કરી દમયંતી આગળ ચાલી. આગળ જતાં તેમાં અતિ સુંદર અને મિષ્ટ ફળો લચી રહ્યાં છે એવાં વૃક્ષો અને મનને સ્વસ્થતા પમાડે એવી એક ગુફા પાસે આવી પહોંચી. એવામાં વળી વરસાદ ચડી આવ્યો તેથી દમયંતીએ તે ગુફામાં વિશ્રામ લેવા સ્થાનક કર્યું. ત્યાં શાંતિજિનની મૃત્તિકામય પ્રતિમાની સ્થાપના કરી આપોઆપ વૃક્ષપરથી ખરી પડેલાં પુષ્પો વીણી તે વડે દમયંતી તે પ્રતિમાની પૂજા કરતી હતી. દિન પ્રતિ દિન તેની સેવામાં તત્પર રહેતી હતી. ધર્મ અને ધ્યાન રૂપી અમૃતસાગરમાં ભજનરૂપી સ્નાન કરી આનંદનિમગ્ન થયેલી, ચતુર્થાદિ તપનો નિરંતર વિસ્તાર કરનારી, વૃક્ષોનાં ફળોનું પારણું કરતી, એકલી પૂર્વકૃત પાપનુ સ્મરણ કરતી, અને પંચપરમેષ્ઠી નમસ્કારના મંત્રો નિરંતર ઉચ્ચાર કરતી દમયંતી તે ગુફામાં પોતાનો કાળ નિર્ગમન કરવા લાગી.

હવે અહીંઆં વણઝારાએ દમયંતીની શોધાશોધ કરવા માંડી. અરે એ કયાં ગઇ ! એ કુશળ હશે કે દુઃખી ! અરે એનું શું થયું હશે ! એ પ્રમાણે મનમાં સાશંક વિચાર કરતો તેણે ચારે દિશા તરફ દમયંતીની શોધ કરી પરંતુ જ્યારે તે

કોઇ પણ સ્થળે જોવામાં ન આવી, ત્યારે પોતે પછી તેને પગલે ચાલ્યો. પગલે પગલે જોતાં દમયંતીને પર્વતની ગુફામાં જિનની પૂજા કરતાં જોઇ વણઝારો અતિ પ્રસન્ન થયો. પાસે જઇ દમયંતીને સાદરનમસ્કાર કરી ત્યાં બેઠો. જિનની પૂજા સમાપ્ત કરી રહ્યા પછી આદરસત્કારપૂર્વક દમયંતીએ વણઝારાની સાથે વાર્તાલાપ કરવા માંડ્યો. વણઝારાએ પૂછ્યું કે 'હે કલ્યાણી ! તું આ કયા દેવની પૂજા કરેછે ?' દમયંતી બોલી કે 'એ સોળમા તીર્થંકર શ્રી શાન્તિજિનની હું પૂજા કરૂં છું.' એ પ્રમાણે બન્ને જણાંને પરસ્પર ઘણીવાર સુધી સુંદર વાર્તાલાપ કરતાં સાંભળી પાસેના આશ્રમમાં વસનારા તાપસ લોકો ત્યાં આવ્યા. વળી દમયંતી વણઝારાને અહિંસાદિક વિશુદ્ધ ધર્મનો ઉપદેશ કરવા લાગી. વણઝારો દમયંતીનો ઉપદેશ સાંભળી રહ્યા પછી મહા હર્ષમાન થઇ તેને પોતાના ગુરૂ પ્રમાણે ગણવા લાગ્યો, ને અરિહંતધર્મ અંગીકાર કર્યો ને પછી બોલ્યો.

વણઝારો "હે કલ્યાણી ! પૂર્વે મારૂં નામ વસંત હતું ! તેં મારૂં વસંત નામ તે ધર્મતિલકથી સુગંધવડે આજ સત્ય કર્યું."

એવે સમયે આકાશમાં મેઘ ગર્જના કરવા લાગ્યો; ચારે દિશાએ વિજળી ચમકવા લાગી, કરા પડવા લાગ્યા, કરાના પડવાથી અને વરસાદની મૂશળધારાએ કરી તે ઠેકાણે આશ્રય કરી વસનારા જેટલા તપસ્વીઓ હતા તે સર્વે મહા વ્યાકુળ થવા લાગ્યા; અને બોલવા લાગ્યા કે 'હવે ક્યાં જઇ વાસ

કરીએ ?" ઋષિયોની વ્યાકુળતા જોઇ દમયંતી બોલી કે 'હે તપસ્વીઓ ! ભય ન પામશો, ભય ન પામશો.' એવી રીતે તેમને ધૈર્ય દઇ જેષ્ટિકાદ્વારાએ એક કુંડ બતાવ્યો, અને પોતે ઉંચે સ્વરે આ પ્રમાણે બોલી-'જો હું સતી અને કપટરહિતપણે અરિહંતની ભક્તિ કરનાર અને પ્રમાણિક તથા સરલસ્વભાવની હોઉં તો મેઘની વૃષ્ટિ આ કુંડમાંજ થાય.' સતીની વચનરચનાએ કરી સર્વ સ્થળેથી વિરામતા પામી તે કુંડમાંજ મેઘ વૃષ્ટિ કરવા લાગ્યો. દમયંતીનું આવું પ્રાબલ્ય અને મહિમા જોઇ તે સર્વ તપસ્વીઓ મનમાં ચિંતન કરવા લાગ્યા કે 'આ તે કોઇ વનદેવી છે કે કોઇ શક્તિ રૂપ ધારણ કરીને અહીં આવી છે?' વૃષ્ટિ વિસર્જન થઇ એટલે તે તપસ્વીજનો પોતાના ધર્મના પ્રાબલ્યની નિંદા કરવા લાગ્યા, અને તેનો ત્યાગ કરી વિસ્મય થયા થકા દમયંતીએ કહેલા ધર્મના અનુસારી થયા. વણઝારાએ તે સ્થળે દેવતાઓની લક્ષ્મી જેવી જેમાં લક્ષ્મી છે એવું એક નગર વસાવ્યું. ત્યાં જિનાલય કરાવી તેમાં સોળમા તીર્થંકર શ્રી શાન્તિનાથની મૂર્ત્તિ સ્થાપન કરી. પછી ત્યાં રહીને તે પાંચશે તાપસો સમ્યગ્દૃષ્ટિ થઇ ગયા, તેથી તે પુરનું નામ તાપસપુર રાખ્યું. અહીં તહીંથી હજારો લોકો તે નગરમાં આવીને વસ્યા. એ પ્રમાણે થોડા વખતમાં ઉંચ નીચ વર્ણથી તાપસપુર ખીચોખીચ વસી ગયું. વણઝારો, દમયંતી, તપસ્વીઓ અને પ્રજાએ કરીને તાપસપુર ભરપૂર વસ્તીવાળું શહેર બની રહ્યું. અરિહંતભાષિત ધર્મ સર્વ જનો પાળવા લાગ્યા.

એક સમયે મધ્યરાત્રિને વિષે જેણે માર્તંડમંડળની દ્યુતિ જીતી લીધી છે એવો ઉદ્યોત પર્વતના શિખર ઉપર નીકળતાં દમયંતીએ દીઠો. સુરાસુર વિગેરે ગગનગામીઓ તે ઉદ્યોતને જોઇ વિસ્મય અને આનંદપૂર્વક તે ઉપર ઉડી રહ્યા હતા. તેઓના સંપાતથી જે કોળાહળ થયો તે સાંભળી તાપસપુરની સર્વ પ્રજા જાગી ઉઠી. ઉદ્યોતને અવિલોકી તેઓ પણ વિસ્મૃત થયા. તે કૌતુક જોવા વણજારો, તપસ્વીઓ, દમયંતી અને સર્વ પુરજનો ક્ષણમાત્રમાં જ્યાં તે ઉદ્યોત હતો ત્યાં આવી પહોંચ્યાં. ત્યાં જુએ છે તો નવા કેવળજ્ઞાનની સંપદા પામનાર સિંહકેશરી નામના મુનિને મહા તેજસ્વી રૂપવંત દીઠા. પછી તે પવિત્ર સાધુને નમસ્કાર કરી, વણજારો, દમયંતી, તપસ્વીઓ અને પ્રજા એ સર્વ તેની પાસે બેઠાં. વળી શ્રી જશોભદ્રસૂરિ પણ તે કેવલીને નમસ્કાર કરી અતિ પ્રસન્ન થઇ તેની પાસે બેઠા. સુર તથા મનુષ્યાદિકો સર્વ યોગ્ય આસનોપર બેઠા. તે સમયે તે સર્વને સિંહકેશરી નામના કેવલી ભગવાન્ કર્મમર્માવિધ ધર્મનો ઉપદેશ કરવા લાગ્યા:—

"હે ભવ્યો! આ સંસારમાં જીવિતવ્ય, જોબન અને લક્ષ્મી એ સર્વ નિરંતર રહેતાં નથી; ત્યારે તમે હે મુગ્ધો! આ મનુષ્યનો ઉત્તમમાં ઉત્તમ જન્મ શા માટે વૃથા ગુમાવો છો? આ મનુષ્યરૂપી કલ્પવૃક્ષનું ફળ મુક્તિ છે, તે મુક્તિની પ્રાપ્તિને સારૂ તમે તત્પર થાઓ; અને મૃગતૃષ્ણાનો પરિત્યાગ કરો." એ પ્રમાણેનો ઉપદેશ દેવા ઉપરાંત તે કેવલી ત્યાં

બેઠેલા તપસ્વીઓ પ્રત્યે બોલવા લાગ્યા :–

"દમયંતીએ જે ધર્મ તમોને આશ્રરવા કહ્યો છે તે સત્ય ધર્મ છે. સત્યાનુસારે દમયંતીની વાણી પરમ પવિત્ર છે. એ પોતે પણ સતી છે. તે કદિપણ અસત્ય વાક્ય બોલનાર નથી. માટે એના બોલવાપર તમો સૌએ સંપૂર્ણ વિશ્વાસ રાખવો. (વળી ગુરૂ બોલ્યા કે) ચોરોનો નાશ થયો, મેઘની વૃષ્ટિ એક કુંડમાંજ થઈ; એવો દમયંતીનો પ્રભાવ તો તમે સાક્ષાત્ નજરે દીઠો. વળી આ વ્યાઘ્ર, ભિલ્લ અને રીંછોએ કરી સંકુલ એવા વનમાં પોતાના પ્રભાવથીજ નિર્ભયતાથી શંકારહિત એ રહી છે."

એવાં તે કેવલી મુનિનાં પરમ આનંદકારક સંવેગભાવનાનાં વચન સાંભળી વિમળમતિવાળો કુળપતિ જે તાપસોનો પતિ હતો તે બોલ્યો કે 'મને પણ સાધુનાં વ્રત ગ્રહણ કરાવો.'

સિંહકેશરી–"સર્વ આચાર્યોમાં મહા બુદ્ધિવાન એવા જશોભદ્રસૂરિ છે તે તમોને શ્રમણોના વ્રત આપશે; મારા પણ એજ ગુરૂ છે."

કુળપતિ–"હે ભગવન્! તમે આવી તરૂણ અવસ્થામાં પ્રવ્રજ્યા શા માટે લીધી? એ વાતમાં મને મોહોટો વિસ્મય થાય છે."

સિંહકેશરી–"કોશલા નગરીમાં એક નળ નામનો રાજા હતો, જેની દમયંતી સ્ત્રી છે. એ રાજાને કૂંવર નામનો

એક નાનો ભાઇ છે તે હાલ ત્યાં રાજ્ય કરે છે; તેનો હું સિંહકેશરી નામનો પુત્ર છું. શૃંગાપુરીના કેશરી નામના રાજાની પુત્રી સાથે પરણીને મારા નગર ભણી જતાં માર્ગમાં આ પર્વતનાં શોભાયમાન શિખરો જોઇ હું અહિંયાં વિશ્રામ લેવા ઉતર્યો. ભાગ્યોદયથી આ યશોભદ્રસૂરિ ગુરૂ મને આ સ્થળે મળ્યા. એમણે મને સંસાર અનિત્ય છે એમ દર્શાવનારી દેશના દીધી. એમને મેં પૂછયું કે 'હે મહારાજ ! મારૂં આયુષ્ય કેટલા વર્ષનું છે ?' તે સાંભળી તેઓ બોલ્યા કે હવે તારા આયુષ્યના માત્ર પાંચ દિવસ બાકી છે. સમીપ મૃત્યુ સાંભળી મારૂં દીનમુખ થઇ ગયું. તે જોઇ સર્વ સંસારી જીવોને અતિ પ્રિય એવા આ યશોભદ્રસૂરિ બોલ્યા કે એક દિવસ વ્રત ગ્રહણ કરવાથી પણ જન્મમરણનો ભય ટળે છે. તો તારા હજી પાંચ દિવસ આયુષ્યના બાકી છે માટે તું વ્રત ગ્રહણ કર; કાંઇ ભય ધરીશ નહીં. એવાં એમનાં વચન સાંભળી મારી બંધુમતિ પ્રિયાનો પરિત્યાગ કરી ગુરૂ સમીપે પાંચ મહાવ્રતોને ગ્રહણ કરી ગુરૂસેવામાં તત્પર રહી એમની આજ્ઞા લેઇ આ ગિરિશિખર ઉપર નિવાસ કરી કાઉસગ્ગ ધ્યાનમાં રહી સમસ્ત ઘાતિકર્મોનો ક્ષય કરી લોકાલોકનો પ્રકાશ કરનાર એવું કેવલજ્ઞાન હું પામ્યો છું."

એવું કહી વળી પાછા તે પોતાના ધ્યાનમાં બેઠા; પછી તે મુનીશ્વરે યોગનિરોધ કરી અને જેટલાં બાકી અઘાતિકર્મ હતાં તે સર્વનો નિરચ્છેદ કરી પરમપદને પ્રાપ્ત થયા. તેના શરીરને પુણ્યવાન દેવતાઓએ અગ્નિસંસ્કાર કર્યો. કુળપતિએ

યશોભદ્રસૂરિ ગુરૂ પાસે સાધુનાં પાંચ મહાવ્રત ગ્રહણ કીધાં. વૈદર્ભીએ પણ ચારિત્ર લેવાની પ્રાર્થના કરી ત્યારે એને ગુરૂએ કહ્યું કે ' તું ચારિત્ર વ્રત ગ્રહણ કરીશ ખરી, પરંતુ હે ભદ્રે ! હજી તારે સંસારમાં ભોગવૈભવ ભોગવવાનાં છે, માટે તારે હમણા દીક્ષા લેવી યોગ્ય નથી. ' એમ કહી દમયંતીના પૂર્વજન્મની કથા કહેવા લાગ્યા.

" પૂર્વજન્મને વિષે નળ રાજા એ મમણ નામનો રાજા હતો, તેની તું વિરમતી નામની રાણી હતી. તમો બન્ને એક સમયે સેના સહિત મૃગયાર્થે જતાં હતાં. આગળ જતાં જતાં એક મુનિને તમે દીઠા. તે તમારી સામા આવતા હતા પણ તમારી સેનાના માણસોએ તે મુનિને સામા આવતા જોઇ તમોને અપશુકન થશે એમ જાણી તેમનો તિરસ્કાર કરી સામા આવતા બંધ કર્યા; પરંતુ બાર કલાક ત્યાં એક સ્થાનકે ઉભા રાખીને પછી કરૂણા આવ્યાથી તે શાંત મુદ્રાવાન મુનિની આદર સહિત તમે ખબર અંતર પૂછી અને પૂછયું કે આપ કયાં પધારો છો ? તમારાં એવાં વિનયવચનથી મુનિ પ્રસન્ન થયા ખરા, પણ તે મુનિને બાર કલાક સુધી તમારી સેનાના તિરસ્કારે કલેશ થયો તે કલેશદોષથી તમો પતિ પ્રિયાને આ જન્મમાં બારવરસ સુધી વિયોગ રહેશે. બાર વર્ષ પછી પતિ સાથે તારે મેળાપ થશે, અને ફરી વૈભવો પ્રાપ્ત થશે. "

એમ વાર્તાલાપ કરતાં પ્રાતઃકાળ થયો. તાપસો, વણઝારો અને દમયંતી એઓની સાથે યશોભદ્રસૂરિ ગુરૂ તા-

પસપુરમાં આવ્યા. ત્યાં તેમણે શાંતિ જિનેશ્વરના ચૈત્યની પ્રતિષ્ઠા કરી, સર્વ પુરજનોને શુદ્ધ દેશના દીધી. તે ગુફામાં રહેતાં અને જિનની ઉપાસના કરતાં કરતાં વૈદર્ભીને સાત વર્ષ વીતી ગયાં. ત્યાર પછી એક સમયે ગુફાદ્વારની મધ્યમાં આવી કોઇ એક પુરૂષ દમયંતી પ્રત્યે અમૃતમય વાણી બોલવા લાગ્યો કે " હે ભદ્રે ! તારો પતિ મેં અહિંયાંથી નજીક દીઠો છે. આ સ્થળેથી તે બહુ દૂર નથી. એને ઓળખવાની હું ઈચ્છા કરૂંછું, પણ બીજું કોઇ મારી સાથે નથી. " એટલું કહીને તે પંથીજન ત્યાંથી તત્કાળ ચાલી નીકળ્યો. દમયંતી પણ તેનો શ્રવણસુખદ શબ્દ સાંભળી અતિ ત્વરાથી તે ગુફા ત્યાગી તેની પાછળ નીકળી, અને દોડતાં દોડતાં તે પંથીજનને કહેવા લાગી કે ' હે ભદ્રે ! હે ભદ્રે ! તેં નળરાજાને ક્યાં દીઠા ? ' એવું કહેતાં કહેતાં દમયંતી ઘણે દૂર સુધી તેની પછવાડે દોડી, પણ પગમાં ઠેસ વાગવાથી તે આપડી પડી ગઇ ને પંથીજન તો ત્યાંથી જોતજોતામાં અદૃશ્ય થઇ ગયો. થોડીવારે દમયંતી ઉઠી અને નિરાશ થઈ પાછી ગુફા ભણી આવતાં ગુફાનો રસ્તો ભૂલી ગઇ. એટલે अतोभ्रष्टस्ततोभ्रष्टः થઇ અને મહા અઘોરવનમાં ભટકાવા લાગી. મહાદુઃખ પામતી દમયંતી મનમાં ચિંતવન કરવા લાગી કે " અરે દૈવ ! મેં તારો પગલે પગલે શો અપરાધ કર્યો છે કે :મને તું વારંવાર દુઃખ આપે છે? મને હવે મારી ગુફા પણ મળતી નથી અને પંથીજન પણ ન મળ્યો. હા દૈવ ! હા દૈવ ! હવે હું શું કરૂં ? હું ક્યાં

જાઉં. આ અઘોરવનમાં ભટકું છું. મારી શી ગતિ થશે? આ અસહ્ય દુ:ખથી તો મરવું મહા સુખદ છે. અરે મારા પ્રાણ! આ દુ:ખી પિંજરનો પરિત્યાગ કરી તું તારા અખંડ સુખનો માર્ગ કેમ લેતો નથી! અરેરે ભાવી પ્રબળ છે ત્યાં હું શું કરૂં!" એવાં કરૂણામય દીનવચન બોલતી, આકુળ વ્યાકુળ થઇ નેત્રોમાંથી અશ્રુધારા વરસાવતી, થોડી વાર આગળ ચાલી વળી થોડે દૂર જઇ ઉભી રહેતી, ઊંચે સ્વરે ગાઢ રૂદન કરતી, જમીનપર પછાડી ખાતી, એવી મહા દુ:ખી અવસ્થામાં ભટકતી દમયંતીને એક નિશાચરીએ દીઠી. તે તેની પાસે આવીને કહેવા લાગી કે 'હવે તું આગળ જઇશ નહીં. હું તારો ભક્ષ કરી જઇશ.' એવાં તેનાં ભયયુક્ત વચન સાંભળી બિચારી દમયંતી તેને જોઇને ભયભીત થઇ થરથર કંપવા લાગી; પરંતુ ગાઢ ધૈર્ય ધરી તે રાક્ષસી પ્રત્યે બોલી કે "જો નળ વિના અન્ય પુરૂષમાં મારી મનોવૃતિ ગઇ ન હોય, અરહિંત મારા દેવ હોય, સુસાધુ મારા ગુરૂ હોય અને જૈનધર્મના તત્ત્વમાં મારી રતિ હોય તો હે રાક્ષસી! તું હતાશા થા." એવાં દમયંતીનાં મંત્રરૂપ વચનોથી તે નિશાચરી પરાક્રમહીન થઇ ગઇ અને દમયંતીને નમસ્કાર કરી ત્યાંથી આગળ ચાલી ગઇ. "સતીઓના પરાક્રમનું ઉલ્લંઘન કોઇ કરી શકતું નથી."

દમયંતી ત્યાંથી આગળ ચાલી. ચાલતાં ચાલતાં તે તૃષાર્ત થઇ, એવામાં વેગળેથી મૃગજળ તરંગ જોઇ વિચારવા લાગી કે તે જળસ્થાન હશે. એમ સમજી તે સ્થળની

સમીપ ગઇ પણ ત્યાં તો જળ દીઠું નહીં; ત્યારે બોલી કે- 'જો મારૂં મન શીળ પાળવામાં યથાર્થ, સાવધાન અને પવિત્ર હોય તો આ નદીમાં અમૃત તુલ્ય, સુગંધમય અને નિર્મળ જળ તત્કાળ નીકળજો.' એમ કહી તે સ્થળે પદપ્રહાર કર્યો કે તરતજ ધ્વનિ કરતું જળ નીકળ્યું. દમયંતીએ તેમાં સ્નાન કરી જળપાન કર્યું જેથી તે સર્વ પરિશ્રમત્યાગી થઇ. થોડીવાર વિશ્રામ કરી તે સ્થળથી આગળ ચાલી. પરંતુ સુકોમળ દમયંતી ચાલવાના પરિશ્રમથી થાકીને લોથ જેવી થઇ ગઇ હતી, તેથી બિચારી એક વડવૃક્ષની શિતળ છાયા તળે બેઠી. એટલામાં માર્ગે જતા આવતા લોકોએ તેને પૂછ્યું કે 'હે ભદ્રે! તું કોણ છે? ક્યાંથી આવે છે? ક્યાં જાય છે? મહા દુઃખની થઇ આ વડવૃક્ષ નીચે કેમ બેઠી છે? તારૂં અપ્રતિમરૂપથી તું આ વડદેવી હોયની! એવી દેખાય છે.' એવાં તેઓનાં વચન સાંભળી દમયંતી બોલી-

દમયંતી—'હે પાંથિકો! હું દેવતા નથી, હું તો માનવી જાત છું, વણિક્પુત્રી છું. મારા સ્વામી સંગાતે હું મારા પિતાને ઘેર જતી હતી. મારો સ્વામી મને અહીં માર્ગમાં ત્યાગીને કોણ જાણે ક્યાં ચાલી ગયો. માટે હે ભાઇઓ! તમે મને તાપસપુરનો માર્ગ બતાવો."

પાંથીકો—"જે દિશાભણી સૂર્ય અસ્ત થાય છે તે દિશાભણી તાપસપુર છે. હમણા સૂર્યાસ્તની વેળા છે તેથી અમે તને માર્ગ બતાવવાનો ઉત્સાહ ધરતા નથી, પરંતુ તું

અમારી સાથે ચાલ. જ્યાં અમે રાતવાસો રહીશું ત્યાં તને પણ સુખસાતામાં રાખશું."

એમ કહી પંથીજનોમાં જે મુખ્ય હતો તે પોતાના સાથ પ્રત્યે બોલવા લાગ્યો કે 'આ કોઈ મહા દુ:ખણી છે તે આપણી સાથે આવવા ઈચ્છા કરે છે, માટે એને આપણી સાથે લો.' એમ કહી દમયંતી પ્રત્યે બોલ્યો કે 'તું મારે પુત્રી પ્રમાણે છે; માટે અમારી સાથે ચાલ.' એમ કહી સાર્થપાતએ દમયંતીને સ્વારીપર બેસાડી માર્ગ લીધો ને તેને અચળપુરમાં લઇ જઇને મૂકી. માર્ગના પરિશ્રમથી થાકી ગયેલી દમયંતી એક વાવમાં ઉતરી જળપાન કરી બહાર નીકળી અને જ્યાં પહેલી બેઠી હતો ત્યાં આવી બેઠી, આકાશથી જેમ કોઇ દેવી ઉતરી આવી દૃષ્ટિવડે અચળપુરને પવિત્ર કરતા હોયની એમ દમયંતી પોતાની દૃષ્ટિવડે અચળપુરને પવિત્ર કરતી હવી; 'પણ અરે હું હવે કયાં જાઉં ?' ને શું કરૂં ?' એમ કહી નિ:શ્વાસ નાખી તેજ વાવના બારણામાં બેઠી. ત્યાં જળ ભરવા આવનારી સ્ત્રીઓનાં મુખથી ઋતુપર્ણ રાજાની કીર્ત્તિ સાભળી. તે રાજાને ચંદ્રના જેવો જેનો યશ છે એવી ચંદ્રજશા નામની રાણી હતી. સંપૂર્ણ વિશ્વના ચિત્તને હરણ કરનારૂં એવું દમયંતીનું અદ્ભુત રૂપ જોઇ તે સર્વ સ્ત્રીઓ વિસ્મિત થઇ. તે સ્ત્રીઓ ત્યાંથી જળ ભરી ચાલતી થઇ અને રાજગૃહમાં જઇ તેમણે રાણીને તેના વિષેના સમાચાર કહ્યા કે 'કોઇ દિવ્ય રૂપવાળી અને તમારી પુત્રી સરખી સ્ત્રી વાવના બારણામાં બેઠેલી અમે જોઇ.' રાણીએ કહ્યું કે 'તમે

સર્વે મળી સત્વર તે સ્ત્રીને અત્રે તેડી લાવો.' રાણીની આજ્ઞા થઈ એટલે સર્વ સ્ત્રીઓ જ્યાં દમયંતી બેઠી હતી ત્યાં આવી; અને કહેવા લાગી કે 'હે ભદ્રે! તને પુત્રી સમાન ગણી આ નગરના રાજાની પટરાણી ચંદ્રજશા પોતાની પાસે તેડે છે માટે તું અમારી સાથે તેની પાસે ચાલ, અને તારાં જે જે કષ્ટ છે તેનો તું પરિત્યાગ કર. આ શુન્યસ્થાનમાં એકલી બેસીને શું કરીશ?' એવાં તે સ્ત્રીઓનાં વચન સાંભળી નમ્ર થઇ દમયંતી તેઓના સમૂહ ભેળી ચાલી, તે થોડીવારમાં ચંદ્રજશાની સન્મુખ આવી. પરસ્પરનો દૃષ્ટિમેલાપ થતાંજ એક બીજાના મનમાં આશંકા ઉત્પન્ન થઇ. દમયંતીએ જાણ્યું કે મારી પુષ્પદંતા માતુશ્રીની આ ચંદ્રજશા ભગીની તો ન હોય! ચંદ્રજશાએ જાણ્યું કે મારી પુષ્પદંતા બેનની પુત્રી દમયંતી તો આ ન હોય! એમ પરસ્પર ભ્રાન્તિ થઇ પરંતુ તે વાતનો નિર્ણય થયો નહીં. ચંદ્રજશાએ જાણ્યું કે આ દમયંતી છે ખરી, પણ મેં તો એને એની શિશુઅવસ્થામાં દીઠી હતી. દમયંતી જ્યારે ચંદ્રજશાની સન્મુખ આવી ત્યારે તે તેને અતિ પ્રેમસહિત આલિંગન આપી પ્રીતિપૂવક મળી. તેણે દમયંતીને ઓળખી નહીં, પણ મોટાં મનવાળાં મનુષ્યોનાં મન જે વખતે જે નિશ્ચય કરે તેજ પ્રમાણ છે. દમયંતીએ માતૃસ્નેહતુલ્ય સ્નેહ લાવી ચંદ્રજશાના ચરણપર મસ્તક નમાવ્યું. ચંદ્રજશાએ તેને મહા પ્રયત્ને ઉઠાડી, અને છાતી સરસી ચાંપી બોલી.

ચંદ્રજશા-" વત્સે! હે પ્રિયા! તું મારી ચંદ્રવતી

પુત્રીની પ્રિયસખી થા. તમે બંને મળી મારી લક્ષ્મી કૃતાર્થ કરો, અને તું કોણ છે તે મને કહે. ”

દમયંતીએ સાર્થપુરૂષને પોતાનું જે વૃત્તાંત કહ્યું હતું તેજ વૃત્તાંત ચંદ્રજશાને પણ કહી સંભળાવ્યું અને ત્યાર પછી બોલી કે ‘ તમારા તરફથી સદાવ્રત અપાય છે તે સદાવ્રત આપવાના કામ ઉપર મને રાખો. ’ ચંદ્રજશાએ તેને સદાવ્રત આપવાનું કામ સોંપ્યું. ત્યાં રહી દમયંતી જે જે અર્થિજનો આવે તેઓને પ્રસન્ન થઇ સદાવ્રત આપવા લાગી. જે સ્થળે દમયંતી રહી હતી તે સ્થળની પાસેનાજ માર્ગપરથી એક દિવસ એક ચોરને બાંધીને રાજાના માણસો લઇ જતા હતા. તેની આગળ નોબતનગારાં વાગતાં હતાં. ચોરની દૃષ્ટિ દમયંતી ઉપર પડી એટલે તે તેની પ્રત્યે અતિ દીનત્વ આણી બોલવા લાગ્યો કે ‘હે દેવિ! મારૂં રક્ષણ કરો, મારૂં રક્ષણ કરો.’ તેની કરૂણાજનક પ્રાર્થના સાંભળીને દમયંતીને દયા આવી. તેથી તે ચોરને બાંધી જનારા માણસોને પૃછવા લાગી કે ‘આ માણસે શો અપરાધ કર્યો છે?’ તેઓ બોલ્યા કે ‘તેણે ચંદ્રવતીની ઘરેણાની ભરેલી પેટી ચોરી છે માટે એને વધભૂમિ પાસે લઇ જઇ મારી નાખશું.’ દમયંતી બોલી કે ‘ તમને રાજા પૂછશે કે એ ચોરનો વધ કેમ ન કર્યો તો તે વાતનો જવાબ તમારી વતીનો હું દઇશ માટે એને તમે છોડી મૂકો.’ એવી રીતે દમયંતીએ ઘણું કહ્યું તોપણ રાજાના માણસોએ તે ચોરને છોડી મૂકયો નહીં. તે સમયે દમયંતી બોલી કે ‘આ ચોરનું બંધન તુટી જાઓ.’

આટલું બોલતાંજ તે ચોરનું બંધન તુટી ગયું. તે ચોરનું બંધન તુટી ગયું જોઇ નગરવાસી જનોમાં આશ્ચર્ય પેદા થયું; અને તેઓમાં હર્ષકોલાહલ થવા લાગ્યો. એ બનાવથી રાજા પણ આશ્ચર્ય પામી દમયંતીની પાસે પરિવાર સહિત આવ્યો ને બોલ્યો;—

રાજા-"હે વત્સ! દુષ્ટ જનોને દંડ દેવો ને શ્રેષ્ઠ જનોનું પ્રતિપાલન કરવું, એ તમામ રાજાઓનો સનાતન ધર્મ છે. એ ધર્મ પ્રમાણે રાજાઓ ન આચરણ કરે તો દેશમાં અન્યાય કહેવાય, પ્રજાનો પરસ્પર નાશ થાય, પ્રજા પાસેથી રાજા કર લે અને તે જો તેઓનું રક્ષણ ન કરે તો પ્રજાના પાપે કરી રાજા લેપાયમાન થાય છે, એવું સ્મૃતિનું વચન છે. માટે જો તું આ ચોરને છોડાવી મૂકશે તો તેથી કરી પ્રજાના જાનમાલની વ્યવસ્થા નહીં રહે."

દમયંતી-"તમોએ કહેલી વાત હું માન્ય કરૂંછું. પરંતુ આ અપરાધી જન મને દૃષ્ટિગોચર થયો ને હવે એ માર્યો જાય તો હું અર્હંત ધર્મ પાળુંછું તે અર્હંત ધર્મ પાળવાનું ફળ શું?"

એ પ્રમાણે દમયંતીનો અત્યાગ્રહ જાણી રાજાએ તે ચોરને છોડી મૂકયો. જે મહા સતી છે તેઓના વચનને રાજા પણ માન્ય કરે છે. હવે બંધનમુક્ત થયા પછી તે ચોર દમયંતીની પાસે આવીને તેને પગે પડયો; ને બોલ્યો કે 'હે દેવી! આ સમયે તમે મને નવીન અવતાર આપ્યો; એવા સદય હૃદયથી મારાપર તમોએ કરેલા ઉપકારે કરી હું તમોને

માતા કરતાં પણ અધિક હિતેચ્છુ ગણું છું.' એવું કહી મહા આનંદ પામી તે પોતાને સ્થાનકે ચાલ્યો ગયો; અને તે દિવસથી તેને માતૃતુલ્ય માની નિરંતર તેની પાસે આવી પ્રણામ કરી પોતાને ઘેર જાય.

કોઇએક સમયે દમયંતીએ તેને પૂછ્યું કે 'તું કોણ છે?' ત્યારે તે બોલ્યો કે "તાપસપુરના વસંત નામે સાર્થપતિનો હું પિંગળ નામનો દાસ છું. એકવાર હું તેનાં રત્નોની ચોરી કરી ત્યાંથી નાઠો. માર્ગમાં બીજા લુટારૂ ચોરોએ મને લુંટી લીધો. દુષ્ટ હોય તેનું કલ્યાણ કયાંથી થાય? ત્યાંથી હું અત્રે આવ્યો, ને રાજદરબારમાં નોકર થઇ રહ્યો. પરમ દિવસે હું એકલો રાજગૃહમાં ફરતો હતો, બીજું કોઇ હતું નહીં. ત્યાં મેં એક માણિક્યની પેટી દીઠી તે જોઇ મારૂં મન લોભને પ્રાપ્ત થયું; તેથી મેં તે પેટી ચોરી લાધી, તેને બગલમાં ઘાલી સર્વાંગથી સંકોડાઇને હું ચાલ્યો; એટલામાં ઇંગિતજ્ઞ (મુખમુદ્રા ઉપરથી મનનું જાણનાર) રાજાએ મને દીઠો. તેમણે મને રક્ષકોને સોંપી વધ કરવાની તેઓને આજ્ઞા આપી. રાજાની આજ્ઞા પ્રમાણે ચોકીદારો મને શુળી પાસે બાંધી લઈ જતા હતા, તેવામાં તમારી દૃષ્ટિ મારાપર પડી અને તમે મને કૃપા કરી બંધનમુક્ત કરી રાજા પાસે અપરાધમુક્ત પણ કરાવ્યો. તમારા એ ઉપકારઋણથી કયારે મુક્ત થઇશ? હું બંધનમુક્ત અને અપરાધમુક્ત થયો પણ ઉપકારઋણથી તો કદી મુક્ત થવાનો નથી. એવો કોણ પુરૂષ છે કે જે મેઘમાળાથી ઋણમુક્ત થાય! તમો તાપસપુરથી

એકાએક ગુપ્તપણે ચાલી નીકળ્યાં તેથી સાર્થપતિએ અન્નોદક તજ્યું, અને તે તમારા વિષે મહા શોક કરતો બેઠો. જશોભદ્રસૂરિ ગુરૂએ તાપસોને અને સર્વ પ્રજાજનોને ઉપદેશ દઇ શાંત કર્યાં અને તમારા વિયોગના મહાશોકનું નિવારણ કરાવ્યું. સાતમે દિવસે સાર્થપતિએ અન્નોદક લીધું.

એક સમયે સાર્થપતિ સુવર્ણાદિક રત્નોની ભેટ સામગ્રી લઇ કોશલાપુરીના કૂંવર રાજાને જઇ મળ્યો. તે ભેટ અંગીકાર કરી રાજાએ સાર્થપતિનો બહુ આદરસત્કાર કર્યો; ને વળી તેમણે તેને સામો શિરપાવ પણ આપ્યો. છત્ર, ચામર, ડંકો અને નોબત વિગેરે જે રાજચિન્હો જણાય છે તે પણ આપ્યાં, અને વસંતશ્રીશેખર એવું તેનું નામ રાખ્યું. ત્યાર પછી કેટલેક દિવસે તેને મહા માનસહિત તાપસપુર વિદાય કર્યો. મોખરે ભેરીનાદ થતાં વસંતશ્રીશેખરે તાપસપુરમાં પ્રવેશ કર્યો; અને ત્યાં આવી નાના પ્રકારના મહાસુખોપભોગ કરવા લાગ્યો. હે માત! એ સર્વ તમારા પ્રતાપે કરી તેને પ્રાપ્ત થયું. હે કલ્યાણી! હવે સમસ્ત પાપને છેદન કરવાવાળી શિક્ષા મને આપો.” તેનાં વચન અંગીકાર કરી દમયંતી બોલી કે-‘બહુ સારૂં. હે પિંગળ! તું ચારિત્ર ગ્રહણ કર.’

બીજે દિવસે તે સ્થળે બે મુનિઓ આવ્યા. તેમનો શુદ્ધ ભક્તપાન વિગેરેથી આદરસત્કાર કરી દમયંતીએ પૂછયું.

દમયંતી—‘હે મહારાજ! આ પિંગળ ચારિત્ર લેવા યોગ્ય છે?’

મુનિ—'હે દમયંતી! એ પિંગળ ચારિત્ર ધારણ કરવા યોગ્ય પાત્ર છે.'

પિંગળે પણ તે મુનિઓની ચારિત્ર લેવાને પરમભાવથી પ્રાર્થના કરી; મુનિ તેને જિનમંદિરમાં લઇ ગયા. ત્યાં તેને પ્રવજ્યા આપી મુનિએ પોતાની સાથે રાખ્યો.

એક સમયે હરિમિત્ર નામનો બ્રાહ્મણ કુંડિનપુરથી (દમયંતી હાલ જે નગરમાં રહેતી હતી) ત્યાં આવ્યો; ત્યાં આવી રાજાને જોઇ ચંદ્રજશા રાણી પાસે જઇ આશિર્વાદ દઇ બેઠો. તેનો આદરસત્કાર કરી રાણી તેને પૂછવા લાગી.

ચંદ્રજશા—'હે મહારાજ! વિદર્ભ દેશના નૃપતિની પટરાણી મારી બહેન પુષ્પદંતી કુશળ છે કે?'

હરિમિત્ર—'રાજા રાણી તો મહા સુખમાં છે; પણ એમનાં જમાઇ પુત્રી નળ દમયંતી વનવાસ ગયાં છે તેથી તેઓની શોધ લાવવા અનેક પ્રયત્નો કરે છે.' (તે સાંભળી ચંદ્રજશા એકાએક સંભ્રાંત થઇ બોલી.)

ચંદ્રજશા—'હેં હેં! તેં એ શું કહ્યું?'

હરિમિત્ર—"હે દેવી! સર્વ લોકો અમારા નળરાજાનો વૃત્તાંત જાણે છે; ને તમને શું ખબર નથી કે નળરાજા પોતાના ભાઇ કૂંવરની સાથે દ્યૂત રમીને સર્વ રાજપાટ હારી નગરી છોડી વનવાસ ગયા છે. વળી આગળ જઇ તેણે દમયંતીનો પણ વનમાં પરીત્યાગ કર્યો છે. તે બંનેની આજ સુધી કંઇ પણ ખબર સંભળાતી નથી કે નળ કયાં છે અને દમયંતી કયાં છે?"

એવાં હરિમિત્રનાં વચન સાંભળી જેમ વજ્રઘાતથી મૂર્છા આવે તેમ રાજા રાણીને મૂર્છા આવી, તેથી તેઓ બંને પૃથ્વીપર ઢળી પડયાં. જ્યારે મૂર્છાથી સાવધાન થઇ જાગી ઉઠયાં ત્યારે મહા વિલાપ કરી શોકપ્રદર્શિત રૂદન કરવા લાગ્યાં. તેમને છાનાં રાખી હરિમિત્ર બોલ્યો.

હરિમિત્ર—"પુત્રીની અને જમાઇની શોધ કરવા મને ભીમક રાજાએ મોકલ્યો છે. આ વનથી પેલે વન, આ ગામથી પેલે ગામ અને આ નગરથી પેલે નગર એમ તેમની શોધ કરતો હું અત્રે આવી ચડયો છું; પરંતુ હજી સુધી એ બંનેની કોઇ પણ સ્થળે વાર્તા સરખી પણ મેં સાંભળી નથી. અરે! મારો પણ પરિશ્રમ વૃથા ગયો."

નળ દમયંતીને વનવાસ પ્રાપ્ત થયો સાંભળી ચંદ્રજશા વળી રૂદન કરવા લાગી. તે જોઇ સર્વ અભિજનો વિગેરે રૂદન કરવા લાગ્યાં. ચંદ્રજશા નળરાજાની દુર્મતિની નિંદા કરવા લાગી. સર્વ લોકોમાં શોક પ્રસરી રહ્યો. એમ કરતાં ભોજનનો સમય થયો એટલે રાજાના ચાકરો ભોજનાર્થિઓને બોલાવવા લાગ્યા. હરિમિત્ર પણ ભોજનનો સમય થયો જાણી તે ત્યાંથી ઉઠીને ધર્મશાળામાં ગયો; ત્યાં તેણે દમયંતી જોઇ અને ઓળખી. એટલે ઉત્ફુલ્લલોચન કરી હર્ષભેર દોડયો ને દમયંતીના પગમાં જઇ પડયો ને બોલ્યો.

હરિમિત્ર—"અહો આજ હું મહા ધન્ય! આજ હું કૃતાર્થ થયો. આનંદનો દિવસ તે આજજ. પૃથ્વીપર સર્વ સ્થળે તારો શોધ કર્યા પછી અત્રેજ તારા દર્શન થયા."

એમ કહી મહા હર્ષિત થઇ ચંદ્રજશા રાણી ભણી દોડયો; ત્યાં જઇ ચંદ્રજશાને કહ્યું.

હરિમિત્ર—"જય થાઓ, જય થાઓ, સતી દમયંતી તમારા ઘરમાંજ છે." એવાં હરિમિત્રનાં શ્રવણસુધા વચન સાંભળી શોકાશ્રુપાતનાં આનંદાશ્રુપાત થઇ ગયાં, અને ચંદ્રજશા ત્યાંથી ઉમંગભેર ચાલી. સદાવ્રત આપવાનું ઘર હતું ત્યાં આવી દમયંતીને મહા હેતથી ભેટી પડી, અને નેત્રોમાં અશ્રુ આણી બોલી.

ચંદ્રજશા—"અરે મને ધિક્કાર છે! તું આટલા દિવસ મારા ઘરમાં રહી પણ મારાથી તને ઓળખાઇ નહીં. અહો મારી વિલક્ષણ પુત્રી! તું જેટલો કાળ ઓળખાઇ નહીં તેટલા કાળને પણ ધિક્કાર છે! અહો વત્સ! તેં મને કેવી ઠગી છે! તેં મારી પાસે તારૂં નામ પણ પ્રગટ કરી કહ્યું નહીં! માતાની બેન તે માતાતુલ્ય સમજવી તો તેના આગળ તારે લજ્જા રાખવી જોઇતી હતી? હવે હે વત્સ! તું કહે કે નળરાજાએ તારો પરિત્યાગ કર્યો કે નળરાજાનો તેં પરિત્યાગ કર્યો? પતિવ્રતા સ્ત્રી તો પતિનો કદિપણ પરિત્યાગ કરે નહીં. વિડંબિત સહસ્રાંશુ એવું તારૂં લલાટ તિલક ક્યાં છે?"

તે સમયે સતી દમયંતીએ પાણીમાં પોતાનાં આંગળાં બોળી લલાટપર ઘસ્યાં એટલે ક્ષણવારમાં તેનું ભાલતિલક એવું પ્રકાશ કરવા લાગ્યું કે તે તેજના પ્રાબલ્યે કરી સર્વ જનોનાં તેજ અદૃશ્ય થઇ ગયાં. દમયંતીનો હસ્ત ઝાલી

ચંદ્રજશા તેને પોતાના રાજગૃહમાં તેડી ગઇ. ત્યાં સુગંધી જળવડે જેમ દેવતાને સ્નાન કરાવે તેમ દમયંતીને ચંદ્રજશાએ પોતાને હાથે સ્નાન કરાવ્યું. ઉત્તમ વસ્ત્રો પહેરવા આપ્યાં. બ્રહ્મચર્ય વ્રતે કરી જેનું તેજ પૂર્ણ પ્રકાશિત થયેલું છે એવી દમયંતીની ચંદ્રજશાએ સર્વે પ્રકારે ઉતમ સેવા કરી. ત્યાર પછી તેનો હાથ ઝાલી તેને રાજા પાસે લઇ જઇ બેસાડી. રાજાએ દમયંતીને નળના રાજ્યભ્રષ્ટ થયાની સર્વે હકીકત પૂછી. અધોમુખ કરી, દીન વચને અને નેત્રોમાં જળ લાવી દમયંતીએ કૂવરનું સર્વે વૃત્તાંત કહ્યું. પછી પોતાના વસ્ત્રવડે તેનાં આંસુ લુછી રાજા બોલ્યો.

રાજા-"હે પુત્રી! જગત્‌માં કર્મથી બળીષ્ટ કોણ છે? જગત્‌માં સર્વે સ્થળે પ્રકાશ, નાદ અને અંધકારને દૂર કરનાર સૂર્ય પણ અસ્ત થાય છે. અસ્તોદયવડે સૂર્ય સર્વે લોકોને શુભાશુભ કર્મની મહત્વતા બતાવે છે."

એ પ્રમાણે એનું શાંત્વન કર્યું. એવામાં સૂર્ય અસ્ત પામ્યો. પરંતુ દમયંતી રાજા પાસે બેઠીજ હતી, તેના લલાટતિલકનું તેજ સૂર્યના તેજ કરતાં અધિક તેજ ફુરતું હતું, તે તેજથી સભા પ્રકાશતી હતી એવું જોઇ રાજા વિસ્મિત થઇ બોલ્યો.

રાજા-'અહો! આ રાત્રિને વિષે આ પ્રકાશ ક્યાંથી પડે છે? (રાજાને વિસ્મત થયેલો જાણી ચંદ્રજશા બોલી)

ચંદ્રજશા-'એ તો દમયતીના ભાલતિલકનો પ્રકાશ પડે છે. એ વૈદર્ભીના ભાલતિલકની લીલા મહા અદ્‌ભુત છે.'

રાણીનાં વચન સાંભળી દમયંતીના ભાલ ઉપર જેમ પિતા સ્પર્શ કરે તેમ રાજાએ સ્પર્શ કર્યો. તે સમયે સૂર્યથી પણ ભેદન ન થાય એવું અંધારૂં સભામાં સર્વ સ્થળે થઈ રહ્યું. વિસ્મય પામી રાજાએ ક્ષણવાર દમયંતીના ભાલ પર હસ્ત રાખ્યા પછી પાછો ઉઠાવી લીધો એટલે વળી પૂર્વે હતું તેવું તેજ પ્રકાશવા લાગ્યું. તે સમયે તે સભામાં સ્વર્ગથી આકાશ માર્ગે એક દેવતા આવી દમયંતીને પ્રણામ કરી બોલ્યો.

દેવતા—"હે દેવી! પૂર્વે પિંગળ નામના ચોરને તેં મરણથી ઉગારી ઉત્તમ બોધ દીધો હતો તે પિંગળ અહિંથી નીકળી ફરતાં ફરતાં તાપસપુરમાં ગયો. ત્યાં એક રાત્રિએ કાઉસગ્ગ પ્રતિમાએ મશાણની જગ્યામાં જઈ રહ્યો. જુએ છે તો તે મશાણમાં એક ચિતા સળગે છે; તે ચિતા પસાર પામતી તેની સન્મુખ આવતી હતી. જોતજોતામાં સળગતી ચિતા પિંગળની સન્મુખ આવી રહી; તે સમયે સાત્વિક સાધુઓમાં શિરોમણિ એવો પિંગળ તે ધર્મધ્યાનમાં અડિગ થઇ રહ્યો. થોડીવારમાં તે ચિતાએ તેના અંગપર પ્રવેશ કરી તેને બાળી નાખ્યો. તે પિંગળ ત્યાંથી સમાધિમરણ કરી દેવતા થયો તેજ હું પિંગળ છઉં. જો તેં મને મરણથી ઉગારી ઉપદેશ આપ્યો ન હોત તો મારી શી વલે થાત? અને આ લક્ષ્મી પણ કયાંથી પ્રાપ્ત થાત? નિશ્ચય હું નરકનિવાસી થાત; પરંતુ તારી કૃપાવડે મારી આ દિવ્યદશા થઇ; માટે હે દેવી! તને ઘણા કાળ વિજય પ્રાપ્ત થાએ."

એવું કહી સપ્તકોટી સુવર્ણ મહોરની દમયંતી ઉપર વૃષ્ટિ કરી તે દેવ ત્યાંથી અદ્દશ્ય થઇ ગયો. અર્હત ધર્મનો આવો સાક્ષાત્ તમાસો જોઇ ઋતુપર્ણ રાજા મનમાં આશ્ચર્ય પામ્યો. દમયંતીને પીઅરથી હરિમિત્ર નામનો જે બ્રાહ્મણ આવ્યો હતો તે પછી બોલ્યો.

હરિમિત્ર—"હે રાજન્! દમયંતી આપને ત્યાં ઘણા દિવસ રહી. હવે એને એના બાપને ઘેર આવવાની આપ આજ્ઞા કરો. કારણ કે એની પુષ્પદંતી માતા અને વિદર્ભ પિતા એ બંને એના પ્રવાસમાં ભટકવાથી મહા દુઃખ ધરે છે, અને શોક કરે છે."

હરિમિત્રનાં વચન સાંભળી ચંદ્રજશા રાણીને પૂછી તેના પિતાને ઘેર જવાની ઋતુપર્ણ રાજાએ આજ્ઞા આપી. સર્વનો ઉપકાર માની, વિનયપૂર્વક ભેટીને દમયંતી ત્યાંથી પોતાના પિતાના નગરભણી સેના સહિત જવા નીકળી. તેને આવતાં સાંભળી વિદર્ભરાજા તેને લેવા સારૂ સામે ગયો. મારો પિતા મને લેવા સામો આવે છે એવું જ્યારે દમયંતીએ જોયું ત્યારે તેણે વાહન તજી પગે ચાલી જઇ પિતાના પગપર માથું મૂક્યું. બળાત્કારે તેને ઉઠાડી અને પરસ્પર મળતાં બંનેને નેત્રોમાં આંસુ આવ્યાં; જેના પ્રવાહે તે જમીન આગળ કીચડ થઇ ગયો. દમયંતીની માતા પણ રાજા સાથે આવી હતી, તે જ્યાં હતી ત્યાં તેની પાસે જઇ દમયંતી તેના કંઠે વળગી પડી, અને ઘણાકાળના વિયોગના સંયોગે રૂદન કરવા લાગી. પુષ્પદંતી રાણી પણ પોતાની

પુત્રીને દુર્બળા જોઇ અને તેની દુ:ખદ સ્થિતિનું સ્મરણ કરી રૂદન કરવા લાગી. એમ ઘણી વાર સુધી તે બંને પ્રેમના બંધનથી ત્યાંજ સ્તબ્ધ થઇ રહ્યાં; ત્યાર પછી દમયંતીને આગળ કરી સૈન્ય સહિત વૈદર્ભરાજા પોતાની નગરીમાં આવ્યો. રાજાએ મહા પ્રસન્ન થઇ સાત દિવસ સુધી ગુરૂદેવની પૂજા કરી અને તેણે મહોત્સવ કર્યો.

દમયંતીની અવ્યવસ્થા થવાનું કારણ રાજાએ દમયંતીનેજ પૂછયું. દમયંતીએ પોતાનું સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. તે સાંભળી રાજા બોલ્યો કે 'હે પુત્રી! તું કાંઇ ચિંતા કરીશ નહીં. તું અહિંયાં રહી વ્રતદાન કર. જેવા પ્રયત્નથી તારો પ્રિયપતિ તને મળશે તેવો પ્રયત્ન હું કરીશ.' એમ કહી તેની આસનાવાસના કરી. હરિમિત્રને પાંચસે ગામ ઇનામમાં આપી રાજાએ કહ્યું કે 'જો નળની શોધ લાવશો તો અર્દ્ધ રાજપાટ તમને આપશું.'

એક દિવસે સુસમારપુરથી દધિપર્ણ રાજાનો દૂત કોઇક કાર્યને અર્થે ભીમક રાજાની પાસે આવ્યો; તે સમયે પરસ્પર નળ રાજાની વાત નીકળી. ત્યારે તે દૂતે રાજાને કહ્યું.

દૂત—"હે મહારાજ! નળ રાજાનો રસોઇયો હાલ અમારા દધિપર્ણ રાજાને ત્યાં રહે છે. તે સૂર્યપાક રસવતીની સર્વ વિધિ શુદ્ધ રીતે જાણે છે; અને તે કહે છે કે મારો ઉપાધ્યાય રાજા નળ છે તેની પાસે આ સર્વ વિદ્યા હું શિખ્યો છું." આશા ઉત્પન્ન કરનારાં તે દૂતનાં વચન જેવાં દમયંતીને કાને પડયાં કે તરતજ ત્યાં આવીને રાજા પ્રત્યે બોલી.

દમયંતી"હે પિતા! જેવી રસોઇ રાજા નળ બનાવી જાણે છે તેવી રસોઇ બીજો કોઇ બનાવી જાણતો નથી માટે આ દૂત જેના વિષે કહે છે તે કોણ છે? કેવી રસોઇ બનાવે છે? તેનું રૂપ કેવું છે? વિગેરે તેનું સર્વ વૃત્તાંત આપણે જાણવું જોઇએ. હું નિશ્ચય અનુમાન કરી કહું છું કે નળ રાજા પોતાનું રૂપ બદલી ત્યાં રહ્યા હશે."

દમયંતીનાં એવાં વચન સાંભળી રાજાએ એક અનુચરને બોલાવ્યો, ને તેને સર્વ વાત સમજાવી સુસમારપુર મોકલ્યો. તે અનુચર કેટલેક દિવસે સુસમારપુર પહોંચ્યો; અને જ્યાં કૂબડો રહેતો હતો તે સ્થળની પુછપાછ કરતો તેની પાસે આવ્યો. અનુચરે ત્યાં જઇ બડાનું રૂપ જોઇ મનમાં વિચાર કર્યો કે 'અરે! વૈદર્ભીને શો ભ્રમ થયો છે કે જેમ કાચને વિષે મરતકની ભ્રાંતિ તેમ આ કૂબડામાં રાજા નળની ભ્રાન્તિ કરે છે.? કાશી દેવતા જેવો નળ તે કયાં! ને આ રસોઇ કરનારો એવો કૂબડો તે કયાં! કયાં સરસવનો દાણો ને કયાં સુમેરૂ પર્વત! કયાં ખદ્યોત ને કયાં સૂર્ય!' એ પ્રમાણે પરિક્ષેપ કરી તે અનુચરે મનમાં વિચાર કર્યો કે 'નળના વિયોગના જે શ્લોક દમયંતીએ અત્રે કહેવાના કહ્યા છે તે કહીને પછી કુંડિનપુર જઇશ.' એમ વિચારી દમયંતીએ કૂબડાની પાસે જઇ બોલવાના બે શ્લોક જે શિખવેલા હતા તે બોલ્યો. તે શ્લોક સાંભળતાંજ દમયંતીનું સ્મરણ થવાથી નળ રાજાની આંખોમાંથી અશ્રુપાત થયો. પોતાના નેત્રોનું જળ પોતેજ બળાત્કારે રોકીને તે અનુચર પ્રત્યે કૂબડો કહેતો હવો.

કૂબડો—'હે વિપ્ર! તમે બહુ પવિત્ર વાર્ત્તા કહી છે. તમે મારૂં સ્થાન પવિત્ર કરો.'

એવું કહી તે બ્રાહ્મણને પોતાના સ્થાનમાં આણ્યો. ત્યાં તેનો યોગ્ય આદરસત્કાર કરી પોતે બનાવેલી રસોઇથી તે વિપ્રને ભોજન કરાવ્યું, અને રાજા પાસેથી વસ્ત્રાલંકાર ને ધનનો જેટલો શિરપાવ મળ્યો હતો તે સર્વ તે વિપ્રને આપી દીધો. તે લઈ ત્યાંથી વિપ્ર કુંડિનપુરમાં આવ્યો. સુંસમારપુરમાં કૂબડા સાથે જે પ્રમાણે વાતચીત થઇ હતી તે સર્વ દમયંતીને નિવેદન કરી. રાજા રાણીને પણ કૂબડાનું વૃત્તાંત નિવેદન કર્યું; ને ત્યાં જેવી રસોઇ જમ્યો હતો તેના સ્વાદ વિષે પણ કહી સંભળાવ્યું. લક્ષ મહોર વિગેરે જે વસ્ત્રાલંકારો કૂબડાએ આપ્યાં હતાં તે બતાવ્યાં; અને તે અનુચરે કહ્યું કે 'તે નગરના લોકોને મોઢેથી, કોઇથી પણ વશ ન થઇ શકયો એવા મદોન્મત હાથીને એ કૂબડે વશ કરી બાંધી આપ્યો, એવી વાત મેં સાંભળી.' એમ કહી એનામાં જેટલી કળા હતી તે સર્વનું યથાસ્થિત વર્ણન કરી કહ્યું કે ત્યાંના રાજાનો એ કૃપાપાત્ર છે.

તે વિપ્રની એ પ્રમાણે સર્વ વાત સાંભળી દમયંતી પિતા પ્રત્યે બોલી.

દમયંતી—"હે પિતા! એ તમારો જામાતૃ છે એમ નિશ્ચય કરી માનજો; કોઇ પણ ચમત્કારિક હેતુથી એ કૂબડો થઇ ગયો છે. રસવતીની કળા અને ઉદારતા એ તમારા જામાતૃ વિના ત્રૈલોકયમાં બીજા કોઇની પાસે નથી, તેથી

મેં નિશ્ચય કર્યો કે એ તમારો જામાતૃ છે. એને કોઇ પણ પ્રકારે કરી અહિં આણવો જોઇએ. અહિં તેડી તમે કોઇ રીતે એનો નિશ્ચય કરો. જો એ અહિં આવશે તો એ કૂબડાની નેત્રચેષ્ટાથી તથા ઇંગતોથી હું એને ઓળખીશ કે એ નળરાજા છે કે નહીં."

વિદર્ભરાજા—"હે પુત્રી! તારા ફરી સ્વયંવર નિમિત્ત દધિપર્ણ રાજાને હું અત્રે બોલાવીશ. તારો સ્વયંવર સાંભળી કૂબડો પણ તે રાજાની સાથે આવશે. કારણ પોતાની સ્ત્રી બીજા પુરૂષ પાસે જાય તો બુદ્ધિમાન્ પુરૂષ તે સહન કરી શકતો નથી. તારા પ્રથમ સ્વયંવરમાં પણ દધિપર્ણ રાજાને તને પ્રાપ્ત કરી લેવાની ઘણી ઉત્કંઠા હતી, તેથી તેં જ્યારે નળરાજાને તે સમયે પસંદ કર્યો ત્યારે દધિપર્ણ રાજાનું મન બહુ સંકોચ પામ્યું હતું. વળી એ દધિપર્ણ રાજાને "સ્વયંવરની થોડી અવધ રહી છે" એમ જણાવી અત્રે બોલાવીશું. પણ જો એ કૂબડો સાથે હશે ને એ રાજાને મુદતસર અત્રે લાવશે તો જાણજે કે કૂબડો એજ નળરાજા છે. કારણકે વેગથી આવવાની શક્તિ દધિપર્ણ રાજામાં નથી, એ શક્તિ તો નળરાજામાંજ છે. અશ્વમંત્રવડે ધારેલે મુકામે વખતસર નળરાજા જઇ પહોંચે છે."

એવો વિચાર કરી વિદર્ભરાજાએ એક દૂતને દધિપર્ણ રાજાના દરબારમાં મોકલ્યો. થોડે દિવસે તે દૂત દધિપર્ણ રાજાની રાજ્યધાનીમાં આવી પહોંચ્યો; દધિપર્ણ રાજા અને કૂબડો એ બંને પાસે પાસે બેઠા હતા; ત્યાં જઇ દૂતે વૈદર્ભ રાજાનો સંદેશો તેમને કહી સંભળાવ્યો.

દૂત—"હે રાજન્! વિદર્ભ રાજાએ આ પ્રમાણે કહેવરાવ્યું છે કે નળરાજાની તો કોઇ પણ સ્થળે શોધ લાગતી નથી. માટે ચૈત્ર શુદ ૫ ને દિવસે દમયંતીનો ફરી સ્વયંવર થશે. તે ઉપર આપનાથી જેમ સત્વર અવાય તેમ કરજો."

આ પ્રમાણેનો વિદર્ભ રાજાનો સંદેશો નિવેદન કરી તે દૂત ત્યાંથી ચાલી નીકળ્યો. દૂતનાં વચન સાંભળી કૂબડો મહા આશ્ચર્ય પામી વિચાર કરવા લાગ્યો.

કૂબડો મનમાં બોલ્યો કે ત્યારે દમયંતી શું બીજો સ્વામી કરશે? એ તો મહા આશ્ચર્યની વાત છે! અરે પણ એમાં આશ્ચર્ય શું છે! કામદેવ મહા બળવાન્ છે; તોપણ મારા જીવતા છતાં વૈદર્ભીને કોણ ગ્રહણ કરે છે તે હું જોઉં તો ખરો! જીવતા સિંહનો ગરદનના વાળ કોણ પકડી શકશે! અને તક્ષક નાગનો ફણિરત્ન તક્ષકના જીવતાં છતાં કોણ ખેંચી શકે?" કૂબડાએ તે વાત પોતાના મનમાં રાખી અને રાજાનો તો ઉત્સાહ વધારવા લાગ્યો. હવે દૂત જે સમયે દમયંતીના ફરી સ્વયંવરની વાત કહીને ચાલી નીકળ્યો, તે સમયે દધિપર્ણ રાજા વિમાસવા લાગ્યો.

દધિપર્ણ-"સ્વયંવરની અવધ તો પાસે આવી ને કુંડિનપુર તો અહીંથી ઘણું વેગળે રહ્યું. ત્યારે હવે અવધ ઉપર ત્યાં શી રીતે પહોંચી શકશું!"

એ પ્રમાણે દધિપર્ણ રાજાને વિમાસણ કરતો જાણી કૂબડો બોલ્યો.

કૂબડો—"હે રાજન્! તમે બીજા મનવાળા કેમ દેખાઓ છો? જગતમાં જેટલાં કર્મ છે તે સર્વ કર્મમાં કુશળ એવો હું આપને સહાય છું તેમ છતાં જગતમાં એવું શું છે જે આપને કરગોચર નથી! દમયંતીના સ્વયંવરને હજી છ પ્રહરનો વિલંબ છે, માટે જો તેટલા કાળની અંદર મૃગાક્ષી વિદર્ભી કુંવરીને જોવાની ઇચ્છા હોય તો એક ઉત્તમ અને દૃઢ રથ અને તેને જોડવા ઉત્તમ અશ્વો એટલું તમે મારે સ્વાધીન કરો. એટલા સાહિત્યવડે તમને પ્રાતઃકાળ થતાં હું કુંડિનપુરમાં પહોંચાડીશ." (કૂબડાનાં વચન સાંભળી રાજા મહા હર્ષિત થઇને બોલ્યો.)

રાજા-" તું પરીક્ષા કરીને જેવા જોઇએ તેવા અશ્વો અને રથ લે."

એવાં રાજાનાં વચન સાંભળી એક ઉત્તમ અને સુદૃઢ રથ તથા શુભ લક્ષણયુક્ત અશ્વો પરીક્ષા કરીને કૂબડે લીધા, અને તરતજ રથ સાવધાન કરી અશ્વ જોડયા, ને રાજા પ્રત્યે બોલ્યો.

કૂબડો—'હે રાજન્! હવે રથ ઉપર આવો.'

કૂબડાનાં વચન સાંભળી રાજા, છત્રધાર, સ્થગીધરી, ચામરધારી બે અને કૂબડો મળી છ જણા રથારૂઢ થયા. કૂબડે કમર કસી સજ્જ થઇ ઘોડાઓની પીઠ થાબડી ઘોડાઓને આગળ ચલાવ્યા. રથનો મહાવેગ જોઈ દધિપર્ણ રાજા મનમાં વિસ્મય પામી ચિંતવન કરવા લાગ્યો.

દધિપર્ણ (મનમાં) 'અહો! આ કેવો કળાવાન પુરૂષ છે! अनेक रत्नानि वसुंधरानि અહો આ કૂબડો ઘોડાઓને કેવો વેગથી ચલાવે છે! એની હાંકણીનું તે કેટલું વર્ણન કરીએ!'

એ પ્રમાણે રાજા મનમાં આશ્ચર્ય પામી વિચાર કરે છે અને રથ તો પવનવેગે આગળ માર્ગ ઉલ્લંઘન કરતો જાય છે, એવામાં રાજાનો દુપટ્ટો પૃથ્વી ઉપર પડી ગયો તે જોઇ રાજા બોલ્યો.

રાજા-'હે કૂબડા! ઘોડાઓની રાશ ખેંચી રાખી રથને થોભાવ, મારો મૂલ્યવાન દુપટ્ટો પડી ગયો છે.'

કૂબડો-"હે રાજન્! તમારૂં તે વસ્ત્ર જે સ્થળે પડી ગયું છે તે સ્થળ અહીંઆંથી પચીશ જોજન પાછળ રહી ગયું છે. અશ્વોને હું મધ્યમ વેગથી ચલાવુંછું; પણ જો ઉત્તમ વેગે ચલાવ્યા હોત તો તે વસ્ત્ર પડી ગયાનું સ્થળ અહીંથી પચાસ જોજન પાછળ રહી જાત."

એમ પરસ્પર વાર્તાલાપ કરતાં માર્ગમાં એક બેહેડાનું વૃક્ષ આવ્યું. તે ઉપર મોટાં ફળ લાગેલાં હતાં તે જોઇ પોતાનું કળાચાતુર્ય બતાવવા સારૂ દધિપર્ણ રાજા બોલ્યો.

રાજા-"હે કૂબડા! આ વૃક્ષપરનાં ફળની સંખ્યા વગર ગણ્યે હું કહી બતાવું કે એ પર આટલાં ફળ છે. જ્યારે વિદર્ભપુરથી આપણે પાછા વળશું ત્યારે એ ફળની સંખ્યા એક ક્ષણમાત્રમાં તને કહી આપીશ."

કૂબડો—'હે રાજન્! ત્યારે હમણા શું તમને કાળક્ષેપનો સંદેહ થાય છે? પરંતુ હમણા કાળક્ષેપનો કાંઇપણ

ભય નહીં રાખતાં એ વૃક્ષપર કેટલાં ફળ છે તે હમણાંજ કહી આપો.'

રાજા 'એ વૃક્ષપર અઢારહજાર ફળ લાગેલાં છે.'

એ પ્રમાણે રાજાએ તત્કાળ ફળની સંખ્યા કહી બતાવી, તે સમયે કૂબડાએ તે વૃક્ષના થડમાં જોરથી એક મુષ્ટિ પ્રહાર કરી સર્વ ફળ તોડી પાડ્યાં. તે રાજાએ રથ ઉપરથી ઉતરીને સર્વ ફળો ગણી જોયાં તો જેટલાં ફળ પ્રથમ કહ્યાં હતાં તેટલાંજ થયાં, તેમાં અધિક ન્યૂન કાંઇપણ થયાં નહીં; રાજાએ કૂબડાને કહ્યું કે 'મને તું તારી પાસે જે અશ્વવિદ્યા છે તે શિખવ.'

તે સાંભળી કૂબડાએ રાજા પાસેથી પ્રથમ ગણિતવિદ્યા શિખી લીધા પછી તેને અશ્વમંત્ર શિખવ્યો. થોડીવાર પછી અરૂણ જેનો સારથિ છે એવો સૂર્ય પણ પૂર્વદિશારૂપ દરવાજે આવી ઉભો તેમ કૂબડો જેનો સારથિ છે એવો દધિપર્ણ રાજા પણ કુંડિનપુરને દરવાજે આવી પહોંચ્યો; અને સૂર્યનાં સતેજ કિરણ જેમ પ્રકાશવા લાગ્યાં તેમ દધિપર્ણ રાજાનું મુખ પ્રકાશ કરવા લાગ્યું.

તે રાત્રિને વિષે નિદ્રાવશમાં ભૈમીને સ્વપ્ન થયું. તે સ્વપ્ન તેણે પ્રાત:કાળમાં પોતાના પિતાની પાસે જઇને કહ્યું.

દમયંતી "હે તત! આજ પ્રાત:કાળે સ્વપ્નાવસ્થામાં મેં નિવૃતિ નામે દેવી જોઇ. એ દેવી પ્રથમ મને ઉઠાવી આકાશમાર્ગે કોશલાપુરના વનમાં લઇ ગઇ. તે વનમાં મેં ફળફુલયુક્ત એક આમ્રવૃક્ષ દીઠું. નિવૃતિ દેવીએ મને કહ્યું

કે 'તું આ વૃક્ષ ઉપર ચડી જા.' હું તેમની આજ્ઞાથી તે વૃક્ષ ઉપર ચડી. વળી તેણે કમળનું પ્રફુલ્લિત થયેલું પુષ્પ મારા હાથમાં આપ્યું. તે વૃક્ષ ઉપર હું જે સમયે ચડી તે સમયેજ કોઇએક પક્ષી જે આગળથી તે વૃક્ષ ઉપર ચડી બેઠું હતું તે પડી ગયું."

દમયંતીના સ્વપ્નાંતરની એ પ્રમાણે વાર્તા સાંભળી વૈદર્ભ રાજા બોલ્યો.

વિદર્ભ રાજા-"હે પુત્રી! તેં બહુ સારૂં સ્વપ્ન જોયું. આજ તારો ભાગ્યોદય થશે. તને જે કોશલાપુરના ક્રીડાવનનું દર્શન થયું અને ફળફુલ સહિત તેં આમ્રવૃક્ષ દીઠું તે તારા પતિનો આજ તને મેળાપ થશે એવી અગમચેતના તને આપે છે. તારા ચડવાથી જે પક્ષી પડી ગયું તે જાણે કૂવર રાજ્યભ્રષ્ટ થયો એમ જાણજે. છેક પ્રાતઃકાળે તને સ્વપ્ન થયું તે જાણે તને નળ રાજા મળ્યો. મેં કહ્યું તે પ્રમાણેજ તારા સ્વપ્નનું પરિણામ થશે."

એ પ્રમાણે ભીમરથ રાજા દમયંતી પ્રત્યે વાર્તાલાપ કરતો હતો તે સમયે મંગળ નામનો દૂત રાજા પાસે આવી રાજાને કહેવા લાગ્યો.

દૂત-'હે રાજન્! નગરના દરવાજા આગળ આવી દધિપર્ણ રાજા ઉભા છે.'

દૂતનાં વચન સાંભળી ભીમરથ રાજા મહા હર્ષથી તે સ્થળે ગયો; અને જેમ સ્વજનને મળે તેમ દધિપર્ણ રાજાને બાથ ભીડીને મળ્યો. પરસ્પર કુશળ સમાચાર પૂછયા પછી

ભીમરથે તે રાજાને પોતાની સાથે નગરમાં પ્રવેશ કરાવ્યો. તેમ ઉત્તમ અતિથિ જાણી ઉત્તમ રાજમહેલમાં તેને ઉતારો આપ્યો ને તેની પ્રત્યે બોલ્યો.

ભીમરથ "હે મહારાજ ! આ કૂબડો સૂર્યપાકમાં મહા ચતુર અને પ્રવીણ છે એવું મેં સાંભળ્યું છે, માટે આપ એને સૂર્યપાક કરવાની આજ્ઞા આપો."

રાજાનાં વચન સાંભળી દધિપર્ણ રાજાએ તે કૂબડાને આજ્ઞા આપી. પોતાના આશ્રયી રાજાની આજ્ઞા થવાથી કૂબડાએ ઉત્તમમાં ઉત્તમ સૂર્યપાક કર્યો. તે વડે સર્વ નોકર ચાકરો સહિત રાજાઓને ભોજન કરાવ્યું. કૂબડાની બનાવેલી રસોઇમાંથી એક થાળ દધિપર્ણ રાજાએ દમયંતીને પણ ભોજન કરવા મોકલ્યો. તે એવું જાણીને કે કૂબડાની રસોઇ કેવી ઉત્તમ થાય છે તે તે જાણે. પરીક્ષા કરવા સારૂ દમયંતીએ તે થાળ લીધો અને તેમાંથી ભોજન કર્યું. તેથી નળરાજાની રસોઇનો સ્વાદ ને આ કૂબડાની રસોઇનો સ્વાદ તેને સમાન જણાયો; માટે પોતાના પિતાને તેણે એકાંતમાં બોલાવીને કહ્યું.

દમયંતી-"આ કૂબડો છે તે નળ છે એમાં કાંઇ સંશય નથી. અગાઉ એક મુનિએ પણ મને કહ્યું હતું કે નળરાજા વિના અન્ય કોઇને સૂર્યપાક આવડતો નથી; વળી એ નળ છે કે નહીં એ વિષેની આ સૂર્યપાકની પરીક્ષા શિવાય સર્વ સિદ્ધિદાયક બીજી પણ પરીક્ષા છે તે એ કે મારા અંગની સાથે જો તેના સ્પર્શે કરી મારા રોમાવળી ઉભી થાય તો તે નળરાજાજ હોય."

પુત્રીનાં વચન સાંભળી ભીમરથ રાજાએ દધિપર્ણ રાજાને એકાંતમાં બોલાવ્યા અને કૂબડાને પણ આદર પૂર્વક ત્યાં બોલાવ્યો. તે સમયે ભીમરથ રાજાએ કૂબડાને કહ્યું.

ભીમરથ—'હે કૂબડા! તું તો નળ રાજા છે.' (તે સાંભળી કૂબડો મલકાઇને બોલ્યો.)

કૂબડો—"હે મહારાજ! તમને એ શો ભ્રમ થયો છે? જેનું સુંદર વદન, મનોહર સ્વરૂપ અને સુંદર હાસ્ય છે એવો ક્યાં નળ રાજા! ને ક્યાં વિષ કાજળ જેવો હું કૂબડો! મારા સરખા ગરીબ માણસનો ઉપહાસ કરવો એ તમો રાજ્યવંશીઓને યોગ્ય નથી."

તે સમયે દમયંતી પોતાના પિતા પ્રત્યે બોલી.

દમયંતી—"હે તાત! એ કૂબડાને કહો કે એ મારા અંગને પોતાની આંગળીથી સ્પર્શ કરે એટલે એ નળ છે કે નહીં એ વાતનો હું નિર્ણય કરૂં."

રાજાની આજ્ઞા થવાથી કૂબડાએ દમયંતીના વક્ષસ્થળમાં પોતાની આંગળીથી સ્પર્શ કર્યો. સ્પર્શ કરવાથી દમયંતીની રોમાવલી તરતજ ઉભી થઇ. એટલે દમયંતી બોલી.

દમયંતી—"અહો શઠ! તું કોણ છે? તે હવે મેં જાણી લીધું. હવે તું ક્યાં જવાનો છે?"

એમ કહી બળાત્કારે તેનો હસ્ત ઝાલી તેને પોતાના મહેલમાં દમયંતી લઇ ગઈ. ત્યાં અનેક પ્રકારના દમયંતીના હાવભાવથી અને શુદ્ધ સરલ પ્રેમે કરી કૂબડાનું મન ગદ્‌ગદિત થઇ દ્રવિત થયું અને દમયંતી ઉપર પ્રસન્ન થયો.

તેથી તેણે નાગનાં આપેલાં પેટી અને શ્રીફળ તરત કાઢયાં. તેમાંથી વસ્ત્રાભૂષણ અંગપર ધારણ કર્યાં તે સમયે તેનું પૂર્વરૂપ પ્રકાશવા લાગ્યું. ઘણા કાળના વિરહદુઃખથી દગ્ધ થયેલી દમયંતી નળને કંઠે વળગી પડી. પ્રેમનાં બંધનોથી બંધાયેલા તે દંપતી ઘણીવાર સુધી મુક્ત થયા નહીં. ત્યાંથી થોડીવાર પછી નળરાજા બહાર આવ્યો. તે સમયે ભીમરથ રાજા તેને મહા પ્રીતિપૂર્વક ભેટયા અને ત્યાંથી પછી નળરાજાને રાજદરબારમાં લાવી રાજગાદી ઉપર નળ અને ભીમરથ સાથે બેઠા. કૃતાંજલિ કરી ભીમરથ રાજા નળ પ્રત્યે કહેવા લાગ્યો કે 'હે નૃપશ્રેષ્ઠ? આ અમારો પ્રાણ અને રાજલક્ષ્મી એ બધું તમારૂં છે.'

દધિપર્ણ રાજાએ પણ સભ્રાંત થઇ નળને નમસ્કાર કર્યો અને તે બોલ્યો-'હે દેવ! મેં તમારો અજાણતાં જે કાંઇ પ્રાચીન અપરાધ કર્યો હોય તેની મને ક્ષમા કરો.'

કૂબડાપણું ત્યાગી નળરાજા પોતાના સ્વરૂપમાં સ્થિત થયો તે સમયે જેમ કંચુકી ત્યાગી નાગેંદ્ર શોભાયમાન થાય છે તેમ નળરાજા પણ શોભાયમાન દીસવા લાગ્યો. એવા સમયે મોટી રીદ્ધિનો ધણી હાથમાં ભેટણું લઇ ભીમરથ રાજાને જોવાને અર્થે ધનદેવ સાર્થવાહ ત્યાં આવયો; તેનો વૈદર્ભીએ પૂર્વકૃત ઉપકાર સંભારીને પોતાના બંધુની પેરે ભીમરથ રાજાનાં પાસે સન્માન કરાવ્યું.

ચંદ્રજશા તથા ઋતુપર્ણને અને તેની પુત્રી ચંદ્રવતી યુક્ત વસંતશ્રીશેખરને પણ પોતાના દૂતો મોકલીને દમયં-

તીએ કુંડિનપુરમાં તેડાવ્યા. ત્યાં અનેક ઉપચારોથી દમયંતીએ તેઓની આગતાસ્વાગતા કરી. એમ કરતાં એક માસ સુધી તેઓ ત્યાં રહ્યા. તે જાણે એક મુહૂર્ત્તજ રહ્યા હોયની એમ તેઓને લાગ્યું.

એક દિવસ પ્રાતઃકાળે ભીમરથ રાજા રાજસભા ભરી વિરાજમાન થયો હતો ત્યાં કોઇ એક દેવતા આકાશથી આવ્યો, તે હાથ જોડીને દમયંતી પ્રત્યે બોલ્યો.

દેવતા—"હે ભૈમી! તું તારા મનમાં સ્મરણ કર કે તાપસપુરમાં તાપસોનો સ્વામી જેને તેં પ્રતિબોધ કરી સમ્યક્ત પમાડયો હતો અને પછી જેણે શુભોદયનું કરનાર ચારિત્ર અંગીકાર કર્યું હતું એવો હું ઉગ્રતપના પ્રભાવે કરી સૌધર્મ દેવલોકમાં અમૃતશ્રીકેશર નામનો દેવ થયો છું. મિથ્યા ધર્મ મૂકાવી અરિહંત પરમાત્માના ધર્મમાં તેં મને પ્રવેશ કરાવ્યો, તેથી કરી મને આ દિવ્ય ફળ પ્રાપ્ત થયું. માટે હે સતી! તું મહા પરોપકારી છે."

એવું કહી તે દેવતા સપ્તકોટી સુવર્ણ મહોરની ત્યાં વૃષ્ટિ કરી ચાલતો થયો. ત્યાર પછી વસંતશ્રીશેખર, દધિપર્ણ, ઋતુપર્ણ, ભીમરથ અને સભામાં બેઠેલા સર્વ રાજાઓએ મળી નળને રાજ્યાભિષેક કર્યો. ત્યારપછી ત્યાં જેટલા રાજાઓ હતા તેઓએ પોતપોતાના રાજ્યમાંથી પોતપોતાની બળવાન સેના કુંડિનપુરમાં બોલાવી મંગાવી. જોશીઓએ જે શુભ દિવસનું મુહૂર્ત આપ્યું હતું તે શુભ દિવસે સર્વ રાજાઓ ને સેના સહિત નળરાજા કોશલપુર ભણી

ચાલ્યો. ક્રમે કરી સર્વે અયોધ્યાના વનમાં આવ્યા. કૂવરને ખબર થઇ કે નગરની બહારના કેલીવનમાં સેનાસહિત નળરાજા આવીને ઉતર્યો છે. તેથી કરી કૂવરનું મન ભયભીત થઇ કંપવા લાગ્યું. નળે કૂવરની પાસે દૂત મોકલ્યો ને તેને કહાવી મોકલ્યું કે 'હે કૂવર! ફરી બીજીવાર તું મારી સાથે દ્યુતરમણ કર; તારી લક્ષ્મી તે મારી થશે અથવા મારી લક્ષ્મી તે તારી થશે.'

એવાં દૂતનાં વચન સાંભળી મૃત્યુભય ત્યાગી દ્યુતમાં ફાવી ગયેલો કૂવર નળરાજા પાસે ફરી દ્યૂત રમવાને માટે આવ્યો. રમતાં રમતાં સર્વે રાજપાટ સમૃદ્ધિ કૂવર પાસેથી નળરાજાએ જીતી લીધી. ભાગ્યોદય થવાનો હોય છે ત્યારે સર્વે ક્રિયા સિદ્ધ થાય છે.

નળરાજાએ કૂવર પાસેથી રાજપાટ પોતાને હાથ કરી લઇ રાજ્યમાં પોતાના નામની આણ ફેરવાવી. લક્ષ્મીહીન અને દુષ્ટ તોપણ તે પોતાનો બંધુ છે એવું જાણી દયાસાગર નળરાજાએ કૂવરને પ્રથમ પ્રમાણે યુવરાજની પદવી આપી. નળરાજાએ નિષ્કંટક રાજ ચલાવ્યું, ને કૂવર નિંદાનું સ્થાન થયો. મહા ભાગ્યવાન્ નળરાજાનો ફરી ભાગ્યોદય થયો, તે સમયે અન્ય રાજાઓ પણ ઉત્તમ ભેટ સામગ્રી લઇ તેને મળવા આવ્યા. નળ અને દમયંતી રાજ્યશ્રીથી ભૂષિત થયેલાં એવાં તેમને કુશળ સમાચાર પૂછી મળવા આવનારા રાજાઓ પણ આનંદિત થયા. એ પ્રમાણે સર્વને ઉત્સાહદ થતા નળરાજાએ હજારો વર્ષ ભરતાર્દ્ધનું રાજ ભોગવ્યું.

ત્યારપછી આકાશથી દેવગતિને પામેલો નિષધ રાજાનો જીવ નળની પાસે આવી કહેવા લાગ્યો.

દેવતા-"હે રાજન્! હવે તમારે રાજ્યભોગની અવધ આવી રહી છે." એવું દેવતાનું વચન સાંભળી સંસારથી વૈરાગ્ય પામીને બીજે દિવસે પુષ્કલ નામના પોતાના પુત્રને રાજ્યાભિષેક કરી વૈદર્ભી સહિત જિનસેન નામના આચાર્યના ચરણારવિંદને આશ્રયે જઇ ચારિત્રવ્રત ધારણ કર્યું. અંત સમયને વિષે અનશન વ્રત ધારણ કરી સમાધિદ્વારા મૃત્યુ પ્રાપ્ત થઇ નળનો જીવ કૂબેર નામે દેવ થયો ને દમયંતી ત્યાં દેવીપણે ઉત્પન્ન થઇ અને કુબેર દેવનીજ સ્ત્રી થઇ. તેઓ અનુક્રમે મોક્ષસુખ પામશે.

ઇતિ શ્રી નળ દમયંતી ચરિત્ર.

# ચરિતાવળી.

## ભાગ ૩ જો.

## વિભાગ ૫ મો.

## શ્રી સ્થૂલભદ્ર ચરિત્ર.

સામાન્ય કેવળીના સ્વામી, ત્રણ જગત્‌ના લોકને પૂજવા યોગ્ય, રાગદ્વેષરૂપ શત્રુનો નિરોધ કરનાર, ત્રણ જગત્‌ના પ્રતિબોધક અને ત્રણે જગત્‌ના સ્વરૂપને જાણનાર એવા શ્રી વીર પરમાત્મા તમારી કલ્યાણરૂપ લક્ષ્મીને અર્થે હો. શ્રી વીર પરમાત્માના શાસનરૂપ કમલને વિકસ્વર કરવાને સૂર્ય સમાન શ્રી સ્થૂલભદ્ર મુનીંદ્રનું સંક્ષિપ્ત ચરિત્ર કહેવામાં આવેછે.

આ ભરતક્ષેત્રને વિષે વિવિધ પ્રકારના લોકથી વિચિત્ર, દેવતાની નગરી સમાન પાટલીપુત્ર નામનું નગર છે. ત્યાં કાંતિના સમૂહથી દેદિપ્યમાન, પ્રતાપે કરી સૂર્ય સમાન, કીર્તિરૂપ ચંદ્રકાન્તિએ કરી જેણે દિશાઓ ઉજ્વલ કરી છે, દાન અને ભોગતેઃ વિષે જેની લક્ષ્મી સ્તુતિપાત્ર છે, પ્રજાનું પાલન કરવામાં ચતુર, ન્યાયરૂપ વૃક્ષને શોભા આપવામાં પક્ષી સમાન એવો નંદ નામે વિખ્યાત રાજા રાજ્ય કરે છે. જેમ ઇંદ્રને મંત્રી બૃહસ્પતિ, નલરાજાને શ્રુતશીલ, કૃષ્ણ વાસુદેવને ઉદ્ધવ તથા શ્રેણિક રાજાને અભયકુમાર તેમ તે નંદરાજાને

શકડાલ નામે પ્રખ્યાત, વિચારબલે પ્રબલ, બ્રાહ્મણના કુળમાં ઉત્પન્ન થયેલો એવો મંત્રી છે. તેની લક્ષ્મીવતી નામે ભાર્યા પ્રેમનું ભાજન અને પુણ્યવંત છે. તે પવિત્ર પરમ શ્રાવિકા પરમેશ્વરની ભક્તિ કરનારી અને શોભામાં લક્ષ્મી સરખી છે. શકડાલ મંત્રીને સ્થૂલભદ્ર અને સિરીયક નામે શીલ ગુણે કરી ઉદાર, રૂપમાં કામદેવના ભાઇ એવા બે પુત્રો છે. વળી તેને યક્ષ, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા અને રેણા નામે સાત પુત્રીઓ છે.

તેજ નગરને વિષે સર્વ કલાનું કુલમંદિર અને જેણે પોતાની ચતુરાઇથી દેવાંગનાનું ચાતુર્ય જીત્યું છે એવી કોશા નામે ગણિકા છે. તે ગણિકાના ઘરમાં નિરંતર ઘણા હર્ષથી સ્થૂલભદ્ર રહે છે. ત્યારપછી તેણે કુટુંબનો કાર્યભાર તદ્દન મૂકી દીધો છે અને નિશ્ચિંત થઇ રહે છે. પ્રાયે રાજા, સ્ત્રી અને લતા સમીપવર્ત્તી વસ્તુ સાથે વીંટાઇ જાય છે; તેથી શકડાલ મંત્રીએ સિરીયકને રાજાનો અંગરક્ષક નીમ્યો.

તે નગરને વિષે સર્વ વિદ્યામાં નિપુણ, કવિ, વાદિ અને વૈયાકરણ માંહે શિરોમણિ એવો વરરૂચિ નામે બ્રાહ્મણ રહે છે. ધનની આશાએ તે બ્રાહ્મણ દરરોજ પ્રભાતકાલે નંદ રાજા પાસે આવી નવા એકસો ને આઠ શ્લોકથી તેની સ્તુતિ કરે છે. તે બ્રાહ્મણને ધન આપવા ઇચ્છતો નંદ રાજા મંત્રીશ્વરના મુખ સામું જુએ છે. મંત્રીના વિચારને અનુસરતા રાજા ઘણા વર્ષ સુધી રાજ્ય પાળવા સમર્થ થાય છે. તેથી સમ્યગ્દર્શનથી પવિત્ર આત્માવાળો મંત્રી ચિંતવે છે

કે 'આ કવિત્વની પ્રશંસાએ મારા દર્શન (સમ્યક્ત્વ) માં હીનતા થાય છે.' તેથી મંત્રીશ્વર મૌન ધારી રહ્યા ત્યારે નંદ રાજાએ પણ તે બ્રાહ્મણને કંઇ પણ આપ્યું નહીં. કહ્યું છે કે ઉત્તર દિશાના વાયુ વિના મેઘ પણ આ લોકને વિષે વરસતો નથી. કેટલાએક દિવસે તે બ્રાહ્મણ ચિંતાતુર થઇ વિચાર કરે છે કે ' ખારી જમીનમાં વરસાદની પેઠે મારી કરેલી સ્તુતિ નિષ્ફલ થઇ.' ખરૂં કારણ તેણે જાણ્યું તેથી તે મંત્રીની સ્ત્રીની સ્તુતિ કરવા લાગ્યો; કારણ કે ઉપાય વિના સાધ્ય અથવા દુઃસાધ્ય સાધી શકાતું નથી. પ્રસન્ન થઇ પ્રધાનની સ્ત્રીએ પૂછ્યું "હે બ્રાહ્મણ! તારે શું પ્રયોજન અભીષ્ટ છે?" બ્રાહ્મણે કહ્યું-"તમારો સ્વામી મારા રચેલા શ્લોકની પ્રશંસા કરે એ મારી ઇચ્છા છે."

પછી પ્રધાનની સ્ત્રીએ પોતાના ભર્ત્તારને કહ્યું-"હે સ્વામિન્! એ વરરૂચિ નામે દ્વિજ ધનની આશાએ નિરંતર નવા શ્લોક કરી રાજાની પાસે આવે છે, આપની અપ્રશંસાએ એ બ્રાહ્મણ નિરાશ થઇ નિરંતર પાછો ફરે છે. આપને એ ઘટિત નથી, કારણ કે સજજન પુરૂષો પોતાના પ્રાણથી પણ પરોપકાર કરે છે." પ્રધાને કહ્યું-"હે પ્રિયા! મિથ્યાત્વીની સ્તુતિ તો હું નહીંજ કરૂં." સ્ત્રીએ કહ્યું-"હે સ્વામિન્! કવિત્વાદિની પ્રશંસાથી મિથ્યાત્વ લાગતું નથી. કુદેવ, કુગુરૂ અને કુધર્મની સ્તુતિ કરવી તેજ મિથ્યાત્વ છે. માટે મતિના ભ્રમથી એ બ્રાહ્મણની આશાનો ભંગ ન કરો." એમ પ્રતિદિન પ્રધાનને તેની સ્ત્રી કહ્યા કરે છે. કહ્યું છે કે અંધ, સ્ત્રી, બાલ

અને મૂર્ખનો આગ્રહ બલવાન હોય છે. તે સ્રીના હઠથી મંત્રીએ તેનું વચન અંગીકાર કર્યું. નિરંતર વહેતી નદીના પ્રવાહથી દૃઢ પર્વત પણ નથી ભેદાતો ? અર્થાત ભેદાયજ છે. તેથી એક દિવસે તે વિપ્રના શ્લોકપાઠને અંતે રાજાની પાસે પ્રધાને કહ્યું-"અહો ! આ કાવ્ય ઘણુંજ શ્રેષ્ઠ છે. પ્રધાનની એવી પ્રશંસાથી રાજા પ્રસન્ન થયો. દરરોજ એકસો ને આઠ સોનૈયા ઘણા હર્ષસહિત આપવા લાગ્યો. રાજાના પ્રસાદથી તે બ્રાહ્મણ નગરના લોકોથી પૂજાવા લાગ્યો; રાજાના માનીતા પુરૂષની વાણીની અનુકૂળતાથીજ જીવાય છે.

ત્યારપછી કેટલાએક દિવસે શકડાલ પ્રધાન નિરર્થક દાનથી દુઃખ અને ખેદ પામી રાજાને કહેવા લાગ્યો-" હે રાજન્ ! એ બ્રાહ્મણને નિરંતર એટલું દાન ફોગટ કેમ આપો છો ?" રાજાએ કહ્યું -"એ તો તારી પ્રશંસાજ એને ધન આપે છે, હું કદાપિ આપું નહીં. હું જો પોતાની મેળેજ ધન આપવાનો હોઉં તો પૂર્વે મેં કેમ ન આપ્યું ? " મંત્રીએ કહ્યું-" રાજન્! આ ધૂર્ત્ત બ્રાહ્મણની હું પ્રશંસા નથી કરતો. એ વરરૂચિ પારકા કાવ્યને પોતાના કરી આપની પાસે કહી બતાવે છે. એ કાવ્ય મારી પુત્રીઓ પણ જાણે છે." રાજા ઘણો વિસ્મય પામ્યા અને સંશયથી ચિત્ત ઘણુંજ વ્યાકુલ થયું, તેથી વરરૂચિની પરીક્ષા કરવા પ્રધાનને આજ્ઞા આપી; અને કહ્યું કે "પ્રભાતકાલે એના કાવ્યપાઠને અન્તે તમારી પુત્રીઓ પાસે પણ એ શ્લોક બોલાવજો કે જેથી એ શ્લોક પોતાના રચેલા છે કે પારકાના તે ખબર પડે."

હવે તે મંત્રીની પહેલી પુત્રી એક વાર સાંભળે કે તેને પાઠે થાય તેવી સ્મરણશકિતવાળી છે, બીજી બે વાર સાંભળે ત્યારે પાઠે થાય તેવી સ્મરણશકિતવાળી છે. અનુક્રમે સાતમી પુત્રી સાત વાર સાંભળે ત્યારે તેને પાઠે થાય તેવી સ્મરણશકિતવાળી છે. તે સાતે પુત્રીઓને પ્રધાને રાજસભામાં આડો પડદો નાખી ઉભી રાખી. વરરૂચિ બ્રાહ્મણ ત્યાં આવ્યો અને હમેશની માફક શ્લોક બોલ્યો. દાનની આશાએ બેઠો છે એટલે પ્રધાને કહ્યું કે 'આવા સાધારણ કાવ્ય મારી પુત્રીઓ પણ જાણે છે.' રાજાએ સાતે પુત્રીઓ પાસે તે કાવ્ય બોલાવ્યા. કહ્યું છે કે કૌતુકી પુરૂષ આળસુ હોતા નથી. દ્વિજ ઉપર રાજા ઘણો કોપાયમાન થયો અને તેને દાન આપવું બંધ કર્યું. મંત્રીશ્વરના ઉપાય નિગ્રહ (શિક્ષા) અને અનુગ્રહ (કૃપા) કરવા સમર્થ છે. દ્વિજે વિચાર કર્યો કે 'હું સાચો છું તોપણ પ્રધાને મને જુઠો કર્યો અને લોકોમાં મને વગોવ્યો.' તેથી દ્વિજે પોતાની પ્રસિદ્ધિ કરવા માટે એક નવો પ્રપંચ માંડયો. કારણ કે નારદ ઋષિ લોકમાં કલેશ કરાવ્યા વિના રહી શકતા નથી. તે દ્વિજે પોતાની બુદ્ધિના બળથી ગંગાનદીના પાણીમાં એક યંત્ર છાની રીતે સ્થાપ્યું. પાણીના યંત્રને વિષે સોનૈયાની પોટકી રાત્રે જઇને મૂકી.

હવે તે વરરૂચિ બ્રાહ્મણ સવારમાં નદીએ પાણીની અંદર પોતાના પગથી યંત્રને હલાવી સોનૈયાની પોટકી દરરોજ કાઢે છે; અને તે લોકોને તો એમજ કહેવા લાગ્યો કે 'મને

દરરોજ ગંગા સુવર્ણ આપે છે.' આ પ્રપંચથી તે બ્રાહ્મણની કીર્તિ સઘળે ઠેકાણે પ્રસરવા લાગી. લોકો કહેવા લાગ્યા કે 'એ બ્રાહ્મણ જ્ઞાની, ધ્યાની અને ગુણી છે; કારણ કે નંદરાજાની પેઠે તેને વાંછિત ધન મળે છે.' આવી વાત સાંભળી તે નગરના રાજા વિસ્મય પામ્યા અને પ્રધાનને પૂછયું કે "હે અમાત્ય! વરરૂચિ બ્રાહ્મણને ગંગા વાંછિત ધન આપે છે એ સાચું છે કે જુઠું?" પ્રધાને કહ્યું કે "તપાસ કરીને આવતી કાલે હું જવાબ આપીશ." એવું કહી પ્રધાને પોતાના ખરેખરા વિશ્વાસપાત્ર સેવકને નદીએ મોકલ્યો. તે સેવક નદીની પાસે વૃક્ષોની ઘટાની અંદર સંતાઈ રહ્યો. એવામાં વરરૂચિ બ્રાહ્મણ આવ્યો અને નદીની અંદર જઇ સોનાની પોટકી તેણે મૂકી; પછી તે ચાલતો થયો. આ સઘળું પ્રધાનના સેવકે જોયું; સેવકે તે પોટકી ત્યાંથી લઇ લીધી, અને ઘેર જઇને પ્રધાનને આપી. પ્રાતઃકાળ થયો એટલે પ્રધાન વિગેરે મુખ્ય રાજપુરૂષો સહિત નંદ રાજા ગંગાતટે આવ્યો. હવે તે મૂર્ખ વરરૂચિ બ્રાહ્મણ પ્રથમ તો ગંગાની સ્તુતિ કરવા લાગ્યો અને પછી પોતાના પગવડે પાણી અંદર યંત્ર હલાવવા લાગ્યો. ઘણો મહેનત કરી તોપણ સોનૈયાની પોટકી નીકળી નહીં. બ્રાહ્મણ ઘણો વિસ્મિત થયો. પ્રધાને વરરૂચિને કહ્યું કે "શું તમે એ ઠેકાણે ધન નહોતું રાખ્યું અથવા તો તમને વિસ્મૃતિ તો નથી થઇ? અથવા શું કોઇ પુરૂષ તે ધન હરી ગયો કે શું? પરંતુ નંદ રાજાની ભૂમિને વિષે ચોર છેજ નહીં; હવે તું નીચું શું જોઇ રહ્યોછે વેદાં-

તને વિષે કહ્યું છે કે જે પુરૂષ ધૂર્ત હોય છે તે ધૃષ્ટ અને માન હોય છે. હે વિપ્ર! તું ખેદ ન કર, લે આ તારૂં ધન અને તું તે ઓળખી લે. હવે પછી કોઇ ઠેકાણે ધન સુંનું મૂકીશ નહી." એમ કહી તે મંત્રીએ સઘળું ધન વરરૂચિને સર્વ લોકની સમક્ષ આપ્યું. એથી એ બ્રાહ્મણને વિશેષ શરમાવું પડયું; અને આ અવસ્થા તે બ્રાહ્મણને મરણ કરતાં પણ વધારે દુઃસહ થઇ. પ્રધાને રાજાને કહ્યું કે "એ બ્રાહ્મણ લોકોને ઠગવા માટે સાયંકાળે ધન પાણીમાં મૂકી પ્રભાતસમયે પાછું કાઢે છે. સારૂં થયું જે એનું કપટ જણાઇ ગયું." પછી સૌ સૌને સ્થાનકે ગયા, લોકો કહેવા લાગ્યા કે "ધિક્કાર છે એ બ્રાહ્મણના પાંડિત્યને કે જેથી તેણે આખી બ્રાહ્મણની જ્ઞાતિને કલંકિત કરી. વળી શાસ્ત્રને દોષિત કર્યાં. લોકોની આવી ઉક્તિ સાંભળીને બ્રાહ્મણે વિચાર કર્યો કે-"હાડવેરથી પરિપૂર્ણ સિંહ વ્યાઘ્ર કે શત્રુ જે કૃત્ય નહીં કરે એવું આ મંત્રીએ કર્યું છે, માટે મારે પણ તેને યોગ્ય બદલો આપવો પડશે. એ મંત્રીનો હવે મને બીલકુલ ભય નથી, કારણ કે દરિદ્ર બ્રાહ્મણને શું ભય હોય! ભય તો એ મંત્રીનેજ છે. પૂર્ણ દીપ્તિવંત પૂર્ણિમાના ચંદ્રને રાહુ ગળે છે, અથવા પ્રૌઢ પગને પણ એક નાનો કાંટો વીંધી શકે છે, તેમ હું એ શક્તિવાન મંત્રીને હરેક રીતે ખેદાન મેદાન કરી નાખીશ. તૃણે કરી તૃણ બંધાય છે અને લોઢું લોઢાને કાપે છે એ ઉક્તિને અનુસારે પ્રધાનના કોઇ સેવકપુરૂષને મારા પક્ષમાં લઉં અને પછી ઘરની સઘળી ગુહ્ય વાત જાણું."

એવું વિચારી તે બ્રાહ્મણે મંત્રીશ્વરની દાસી સાથે મિત્રાઇ કરી. પ્રાયે દુષ્ટાત્મા પુરૂષોની અકાર્યની વિધિને વિષે સીમા હોતી નથી.

હવે તે નગરને વિષે કપટથી ઉત્કટ એવા તે બ્રાહ્મણે એક પ્રૌઢ લેખ્યશાલા સ્થાપન કરી. શિષ્યને ભણાવવા લાગ્યો અને જેમ બીલાડી ઉંદરનાં છિદ્ર જુએ છે તેમ તે પ્રધાનનાં છિદ્ર જોવા લાગ્યો. એવા સમયે પ્રધાનપુત્ર સિરીયકના વિવાહને વિષે રાજાને ભેટ કરવા અર્થે પ્રધાને સામગ્રી રચવા માંડી છે એવું તે વરરૂચિ બ્રાહ્મણે દાસીને મોઢેથી સાંભળ્યું; તેજ છિદ્રનો લાભ લઇ તે દુષ્ટ હૃદયવાળા બ્રાહ્મણે વ્યંતરીની પેઠે હૃદયમાં હર્ષ ધારણ કર્યો. ધિક્કાર છે નીચ જનના વિલાસને! ક્રીડા કરતા બાળકોને બોલાવી સુખડી પ્રમુખ ખાવા આપીને રસ્તા ઉપર આ પ્રમાણે તેઓની પાસે બોલાવ્યું કે 'રાજા નથી જાણતો કે શકડાલપ્રધાન નંદ રાજાને મારીને સિરીયકને રાજ્યગાદી ઉપર સ્થાપશે.' રયવાડીને વિષે જતા રાજાએ તે છોકરાઓના શબ્દ સાંભળ્યા. વિસ્મિત થઇ વિચાર કર્યો કે આ અસંભવિત વાત હું શું સાંભળું છું! અથવા એ સાચું હશે. કારણ કે લોકોનું પણ કહેવું છે કે સ્ત્રી અને બાળકનું વચન તેમજ દેવદર્શન નિષ્ફળ હોતાં નથી. સમસ્ત સામગ્રી મંત્રીના ઘરમાં જોઈ ક્રોધાયમાન થઇ પોતાના આસનપર બેઠેલો છે એટલામાં પ્રધાને આવી નમસ્કાર કર્યો; પરંતુ રાજાએ સામું જોયું નહીં. ભયભ્રાંત થઇ મંત્રી પોતાને ઘેર ગયો, અને સિરીયકને કહ્યું-

"હે પુત્ર! રાજાજી આજ કોપાયમાન થયા છે અને તેથી મારા મૃત્યુથી કુટુંબને તું મૃત્યુમાંથી બચાવ; નહીં તો એ રાજા આ કુટુંબને મારી નાખશે. લોકોને વિષે એવું વચન સાંભળીએ છીએ કે આખા કુલને અર્થે એકનો ત્યાગ કરવો, ગામને અર્થે કુલનો ત્યાગ કરવો, દેશને અર્થે ગામનો ત્યાગ કરવો, અને પોતાના આત્માને અર્થે પૃથ્વીનો ત્યાગ કરવો. તેથી હે વત્સ! ખડ્ગે કરી મારો ઘાત કર. પંડિતો જેનાથી લાભનો છેદ થાય તેનો વિશેષ પ્રકારે વિચાર કરે છે." પિતાનાં આવા પ્રકારનાં વચન સાંભળી તેનું હૃદય શોકથી ભરાઇ ગયું; અને નિર્મળબુદ્ધિથી કહ્યું-'આવાં પાપવચન હું નહીં સાંભળું.' મંત્રીએ કહ્યું-'હે પુત્ર! તું વિચક્ષણ છે; માટે મારૂં હિતકારી વચન માન. મને હણવાથી તું વિષ થકી અમૃત પ્રાપ્ત કરીશ અને તેમાં તને કોઇ દુષણ નથી.' સિરીયકે પિતાનું વચન માન્ય કર્યું અને તેણે કહ્યું તેમ કર્યું. રાજાએ કહ્યું-'હે દુર્મતિ સિરીયક! આ તેં શું કર્યું?' સિરીયક બોલ્યો-'હે સ્વામિન્! આપને જે પ્રિય નથી તે મને મને પણ અનિષ્ટજ છે. તે આપનો વૈરી હતો એમ ધારી તેને હણવાથી મને ખેદ થતો નથી.' પ્રધાનની ઉત્તરક્રિયા થઇ રહ્યા પછી રાજાએ સિરીયકને કહ્યું કે 'આ તારા પિતાની મુદ્રા ગ્રહણ કર અને તેની પેઠે તું પણ મંત્રીશ્વર થા.' સિરીયકે કહ્યું-"મારા મોટા ભાઈ સ્થૂલભદ્ર નામે છે તે કોશા નામની વેશ્યાને ઘેર રહે છે. ગુણના સમૂહથી મનોહર અને સૌભાગ્યવંત માંહે શિરોમણિ છે." આ સાંભળી રાજા ઘણો

ખુશી થયો અને સ્થૂલભદ્રને તેડાવવા સિરીયકને કહ્યું. કહ્યું છે કે વૈદ્ય, રાજા અને પ્રધાન એ ત્રણે વૃદ્ધ હોય તોજ પ્રશંસનીય છે. સ્થૂલભદ્ર પણ રાજપુરૂષ બોલાવવા આવ્યો ત્યારે બાર વર્ષને અન્તે કોશાને ઘેરથી નીકળ્યા. પરંતુ તે વખતે તેનું ચિત્ત ચિન્તાથી ભયભ્રાંત થયું હતું. સ્થૂલભદ્ર! જેનાથી શત્રુઓ રૂંધાયા છે એવી આ પ્રધાનમુદ્રાને તું ગ્રહણ કર. સ્થૂલભદ્રે કહ્યું-'હે રાજન્! વિચાર કરીને હું મુદ્રા અંગીકાર કરીશ; કારણ કે વિચારીને કરેલું કામ વિક્રિયા પામતું નથી.' રાજાએ કહ્યું-'તું અશોક વનમાં જઇ વિચાર કરજે અને બીજે કોઇ સ્થાનકે જઈશ નહીં.' હવે બુદ્ધિમાન સ્થૂલભદ્ર ત્યાં જઇ ચિત્તમાં ચિંતવવા લાગ્યા કે 'જે પ્રધાનની મુદ્રાથી મારા પિતાનું મરણ થયું અને જેનાથી પરવશ પુરૂષ આલોક અને પરલોક બને બગાડે છે તે મુદ્રાને કયો પંડિત અંગીકાર કરે? જે મુદ્રાએ કરી મનુષ્ય હસ્ત, પગ, મુખ, કંઠ અને ધરને વિષે એ પાંચ પ્રકારની મુદ્રા પામે છે તે મુદ્રાને કોણ ધારણ કરે? એના સંપર્કથી આ લોકને વિષે પરમ દુઃખ થાય અને પરલોકને વિષે દુર્ગતિ થાય. એ મુદ્રાનો ત્યાગ કરવાથી સુખ થાય. જ્યાં સુધી એ મુદ્રા પાસે હોય ત્યાં સુધી પ્રધાનપુરૂષને કોઇ સમયે પણ ભોજન ન થાય, શયન ન થાય, કાંઇ બીજું સુખનું સાધન પણ ન થાય. તેથી છતે ધને પણ તે અધિકારી પુરૂષ રંક સમાન હોય. અધિકારથી પુરૂષ ત્રણ મહિને દુઃખ પામે. જો શીઘ્ર નરકે જવાની વાંચ્છા હોય તો એક દિવસનું પુ-

રોહિતપણું કરવું. ખચરીનો ગર્ભ, દુર્જન સાથે મૈત્રી અને અધિકારી પુરૂષની લક્ષ્મી પાપ વિના ઉત્પન્ન થતાં નથી. તેથી સર્વ મુદ્રામાંહે જિનેશ્વર ભગવાનની મુદ્રા (દીક્ષા)જ ગ્રહણ કરવી કે જેના સંગથી આ ભવને વિષે પુરૂષ જગત્રયનો વંદનીય હોય અને પરલોકને વિષે મહા સુખી હોય." સ્થૂલભદ્રે આ પ્રમાણે વિચાર કર્યો અને પોતાનીજ મેળે ઓઢેલા રત્નકંબલના કડકા કરી તેનું રજોહરણ કરી નંદ રાજા પાસે આવીને કહ્યું-'હે રાજન! ધર્મલાભ, આ મેં આલોચન કર્યું.' એ સાંભળી નંદરાજા વિસ્મય પામ્યા અને કહ્યું કે 'અંગીકાર કરેલા વ્રતને સમ્યક્ પ્રકારે પાળજો, રાજાને મનમાં વિચાર થયો કે આ સ્થૂલભદ્ર નક્કી વેશ્યાને ઘેર જશે. તેથી તે મહેલના શિખર ઉપર ગયા અને ત્યાંથી સ્થૂલભદ્ર ક્યાં જાય છે તે જોવા લાગ્યા. જે રસ્તાને વિષે લોક મુડદાં વિગેરેથી ભય પામી નાસી જાય છે તે માર્ગને વિષે એ મુનિ નિર્વિકાર મનથી દુગંછા રહિત ચાલવા લાગ્યા.

રાજાએ સિરીયકને પ્રધાનપદવી આપી અને સ્થૂલભદ્ર સંભૂતિ સૂરિના શિષ્ય થયા. મહામંત્રી સિરીયક પોતાના ભાઈના સ્નેહથી નિરંતર વેશ્યાને ઘેર જાય છે. ખરેખર ! ભાઇના સ્નેહનો ત્યાગ મહાકષ્ટે થાય છે. સ્થૂલભદ્રની ત્યાગેલી કોશા ગણિકા બીજાની વાંચ્છા કરતી નથી. કારણ કે ઉત્તમને વિષે સ્નેહ તેવોજ હોય છે. સ્થૂલભદ્રના વિયોગથી પીડિત તે વેશ્યા સિરીયકને જોઇ રૂદન કરવા લાગી. કારણ કે વહાલાને દેખીને દુઃખાર્ત્તનું દુઃખ નવું થાય છે.

કાંતિ રહિત મુખવાળા સિરીયકે કોશાને કહ્યું-"હે ગણિકે! હે ભ્રાતૃજાયા! મારાં યુક્તિયુક્ત વચન સાંભળ. મારા પિતાનું મૃત્યુ થયું, વળી મારા મોટા ભાઇએ વ્રત લીધું, વળી તને ભર્ત્તારનો વિયોગ થયો તે બધાનું કારણ પેલો બ્રાહ્મણજ છે. એ બ્રાહ્મણ તારી બહેન ઉપકોશાની સાથે પ્રીતિ ધરાવે છે. તેથી એ કપટીનો કોઇ પ્રતિકાર ક્રિયા થાય તેમ કર. હે મદમાતી! તું તારી બહેનને એમ કહે કે એ બ્રાહ્મણને ધૂતીને મદિરાપાનનો શોખી કરે." કોશાએ સિરીયકનાં વચન પોતે અંગીકાર કર્યાં અને ઉપકોશા પાસે અંગીકાર કરાવ્યાં. તેના વચનથી વરરૂચિ બ્રાહ્મણ પણ મદિરાપાની થયો. સ્ત્રીનાં વચનથી શું નથી થતું? આવું દુર્વ્યસન બ્રાહ્મણમાં પેઠેલું જાણી સિરીયક કૃતાર્થ થયો. પ્રબળ ઉપાયની પ્રાપ્તિથી સાધનીય કાર્ય દુર્લભ થતું નથી.

શકડાલ મંત્રીના મરણ પછી વરરૂચિ બ્રાહ્મણ નિ:શલ્ય થઇ નિરંતર રાજાની સેવામાં પ્રવર્તવા લાગ્યો. શકડાલના ગુણસમૂહને સંભારી નંદરાજાએ એક દિવસે સિરીયકના મુખ આગળ સભાજનોને કહ્યું કે "રાજકાર્યને વિષે સમર્થ, ભક્તિવંત શકડાલ નામે મારો મહામંત્રી હતો અને તે આ પ્રમાણે મરણ પામ્યો છે. હજી સુધી તે શલ્ય મને પીડા આપે છે." સિરીયકે કહ્યું કે "હે દેવ! એમાં આપનો દોષ બીલકુલ નથી. પેલો મદિરાપાની વરરૂચિ એ સર્વ પાપનું કારણ છે." નંદ રાજા વિસ્મય પામી બોલ્યા કે 'શું એ બ્રાહ્મણ ખરેખર મદ્યપાની છે?' સિરીયકે કહ્યું કે 'હું પ્રાતે આપને બધું બતાવીશ.'

બીજે દીવસે સિરીયકે સભામાં આવનારા બધા લોકોને પોતે શિખવી રાખેલા પોતાના સેવક પાસે એક એક કમળ અપાવ્યું. તે વખતે ત્યાં બેઠેલા વરરૂચિ બ્રાહ્મણને મીંઢલના ફુલથી વાસિત એક કમળ સિરીયકે અપાવ્યું. તે સુંઘવાથી વરરૂચિનું મન આકુલવ્યાકુલ થયું અને રાત્રે પીધેલી ચંદ્રહાસ નામની મદિરાનું સભામાંજ વમન કર્યું. બધા લોકોએ તેનો તિરસ્કાર કર્યો તેથી તે નાસી ગયો. કહ્યું છે કે ગુપ્ત રીતે પણ કરેલું પાપ પોતાને પાડી નાખે છે. વેદ વેદાન્તમાં વિચક્ષણ બ્રાહ્મણોએ રાજાની આજ્ઞાથી વરરૂચિ બ્રાહ્મણને પ્રાયશ્ચિત્ત તરીકે ઉષ્ણ સીંસાના રસનું પાન કરાવ્યું તેથી વરરૂચિ તરત મરણ પામ્યો. કહ્યું છે કે દુષ્ટ, દુર્જન, પાપી, ક્રૂરકર્મ કરનારા અને અનાચાર સેવનારા પુરૂષોનું પાપ તેજ ભવને વિષે ફળે છે.

હવે ચારિત્રને વિષે ચતુર છે આશય જેનો એવા શ્રી સ્થૂલભદ્ર ગુરૂની સાથે વિહાર કરતાં ચિત્તમાં ચિન્તા કરવા લાગ્યા કે એક એક યોગથી યુક્ત અનંતા જીવ મોક્ષ પામ્યા છે એવું જિન શાસનને વિષે જ્ઞાની પુરૂષ કહે છે. એક જીવ પાછલા ભવને વિષે ભીલ હતો તોપણ પંચ પરમેષ્ઠીના ધ્યાનમાં તત્પર રહેવાથી તે સિંહ સમાન પરાક્રમી રાજસિંહ નામે રાજપુત્ર થયો. અશોક નામે માળી નવ ફુલે પૂજા કરવાથી ભવે ભવે નવી નવી ઉત્કૃષ્ટ લક્ષ્મી પામ્યો. સંગમે પણ મુનિને દાન આપવાથી સર્વ લક્ષ્મીના સંગની પ્રાપ્તિ કરી છે. સુદર્શન શેઠ પણ શીલના યોગથી બાહ્ય અને અ-

ભ્યંતર બે પ્રકારના કલ્યાણને પામ્યા છે. ઢંઢણઋષિ પ્રમુખ મહા તપ તપી કેવળજ્ઞાનરૂપ લક્ષ્મી પામ્યા છે. ભાવથકી ભરતાદિક પણ પૃથ્વીના ભૂષણ થયા છે. એ પ્રકારે એક એક સદ્યોગના પ્રયોગથી પ્રકૃષ્ટ ગુણના આશયવાળા મુક્તિ પામ્યા છે; તેથી સમ્યક્ પ્રકારે એક દીક્ષાયોગ હું આદરૂં. મેલ ધારણ કરવા સુલભ છે, દુષ્કર તપ તપવો સહેલો છે, પાંચ ઇંદ્રિયનું દમન કરવું સહેલું છે, પણ ચિત્તનું શોધન અતિ દુષ્કર છે. વનવાસ સહેલો છે, પર્વત ઉપર રહેવું તે પણ સુલભ છે, નદીનો સંગ કરવો તે પણ સહેલો છે, પરંતુ ચિત્તને નિર્મળ કરવાનું કામ ઘણું કઠિણ છે. તીવ્ર આતાપના સહેલી છે, મૌનવ્રત ધરવું સહેલું છે, સદા ઉભું રહેવું સહેલું છે, પણ ચિત્તને સાફ રાખવું અઘરૂં છે. સુગુરૂની સેવા કરવી સહેલી છે, શાસ્ત્રનું અધ્યયન પણ સુલભ છે, લોકને વિષે રૂડી ક્રિયા કરવી સહેલી છે, પણ મનને વિમલ કરવું ઘણું મુશ્કેલ છે. વસ્ત્ર પાણીમાં ધોવાથી નિર્મળ થાય, સોનું અગ્નિથી નિર્મળ થાય, તેમ ચિત્ત કામને જીતવાથી નિર્મળ થાય. બાહ્યશત્રુ સુખે જીતી શકાય છે તોપણ બહુળતાએ વિવેક રહિત પ્રાણીઓને તે કામ દુષ્કર છે તો કામક્રોધરૂપ અંતર શત્રુનો પરાભવ કેમ થાય? કહ્યું છે કે આ પૃથ્વીને વિષે મદોન્મત્ત હસ્તીનો અને પ્રચંડ મૃગરાજ (સિંહ)નો પરાજય કરવા પુરૂષો શક્તિવાન્ છે, પરંતુ કામના અહંકારનું દલન કરવામાં તત્પર તેજસ્વી બલવંત શુરવીર મનુષ્યો ઘણા વિરલા છે.

વળી ઘણા મનુષ્યો અગ્નિમાં પ્રવેશ કરવા સમર્થ થાય છે, શસ્ત્રે કરી પોતાના શરીરને વિદારી શકે છે, વિચિત્ર કષ્ટના સમૂહને આચરી શકે છે, પણ કામ સુભટરૂપ શત્રુને જીતનાર કોઇકજ છે. યૌવનને વિષે કામનો જય કરવો તે વિશેષે કરી પ્રાણીઓને મહા વિષમ છે. સ્વભાવથીજ સમુદ્ર દુસ્તર છે તો ગ્રિષ્મઋતુના ભયંકર સમુદ્રને કેમ તરી શકાય? કહ્યું છે કે જે પુરૂષે અપવાદ વિના અતિશય ગહન યૌવનાવસ્થાનો નિર્વાહ કર્યો છે તે પુરૂષે દોષથી ભરેલા આ જન્મારામાં શું ફળ પ્રાપ્ત નથી કર્યું? અર્થાત જન્મ સફળ કર્યો છે. જે પુરૂષ કૃષ્ણ કેશરૂપ અંધકારના સમુદ્રમાં સ્ખલિત નથી થયા તેનેજ ધન્ય છે. તેઓએજ મસ્તકના સફેદ વાળરૂપી ચંદ્રમાથી વૃદ્ધાવસ્થાનો સદા ઉદ્યોત કર્યો છે. તેથી સમગ્ર સામગ્રી હાલ પ્રાપ્ત કરી કામરાજાનો પરાભવ કરી હું નિ:કંટક અવતારને સફલ કરૂં. એ પ્રકારે શુકલધ્યાન ધ્યાતાં, દુષ્કર તપ તપતાં, પૃથ્વીને વિષે વિહાર કરતાં સ્થૂલભદ્ર મુનિ પાટલીપુત્ર નગરને વિષે આવ્યા. પોતાને તેમજ અન્યને મહાલાભ થશે એમ ધારી સંભૂતિવિજય આચાર્યે ત્યાં ચોમાસું રહેવાનો વિચાર કર્યો; કારણ કે વિચક્ષણ પુરૂષો લાભના અર્થી હોય છે. વર્ષાકાલ પહેલાં એક દિવસે સાધુઓ ગુરૂની સમીપે આવી આગ્રહ સહિત નાના પ્રકારના અભિગ્રહ અંગીકાર કરતા હવા. તે વખતે એક સાધુએ કહ્યું કે 'હે પ્રભુ! હું સિંહની ગુફામાં કાઉસગ્ગ ધ્યાને ઉપવાસથી ચોમાસું રહીશ.' બીજા સાધુએ કહ્યું કે 'હે પ્રભુ! આપની

આજ્ઞાએ હું સ્થિર ચિત્તથી કુવાના ભારવટીઆ ઉપર ચોમાસું રહીશ.' ત્રીજાએ કહ્યું કે 'હે સ્વામિન્! હું ભયંકર સર્પના બીલની સમીપે ભય રહિત ચોમાસું રહીશ.' આ મુનિયોને યોગ્ય ધારીને ગુરૂએ તેઓએ જેમ કહ્યું હતું તેમ આજ્ઞા આપી. એટલામાં સ્થૂલભદ્ર સ્વામી આગળ આવી ગુરૂને નમસ્કાર કરી બોલ્યા-'હે પ્રભુ! હું પણ ષટ્ રસનો આહાર કરતો કોશા વેશ્યાના ઘરમાં આપની આજ્ઞાથી ઘણાજ હર્ષ સહિત ચોમાસું રહીશ.' ઉપયોગ દઇ વાત્સલ્યના સાગર ગુરૂ શ્રીસંભૂતિવિજય બોલ્યા કે "હે વત્સ! અંગીકાર કરેલા વ્રતનો સમ્યક્ પ્રકારે નિર્વાહ કર; કારણ કે સજજનની એજ સ્થીતિ છે." સ્થૂલભદ્ર મુનિએ પણ ગુરૂની મનોહર વાણી અંગીકાર કરી. કારણ કે મોટા પુરૂષોને ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ અમૃત કરતાં પણ અધિક મીઠી લાગેછે.

પેલા ત્રણે મુનિઓ પોતપોતાના કહેલા સ્થાનકે ગયા. કારણકે કહ્યું છે કે ઘણા કષ્ટ ભોગવ્યા વિના નિર્મળ ફળની પ્રાપ્તિ થતી નથી. એ ત્રણ સાધુનો તીવ્ર તપ દેખીને વાઘ, સર્પ, સિંહ, તથા ખેડુતાદિ સર્વે સમતાયુકત થઇ ગયા. કારણ કે જગતમાં તપનું તેજ અતિ દુઃસહ છે.

અહીંઆં સ્થૂલભદ્ર મુનિ પણ ગુરૂરાજના ચરણકમળને અભિવંદન કરીને તથા આત્માને ધન્યવાદ દેતાં કોશા વેશ્યાના ઘરના આંગણામાં આવી પહોંચ્યા. ઘણે ઉંચે સ્વરે અનાદર યુકત થઇ મુનિરાજે ધર્મલાભ દીધો. કારણકે નિઃસ્પૃહી મુનિ સર્વ સ્થાનકે દરકાર રહિત હોય છે. સ્થુલભદ્ર

મુનિને દેખીને અત્યંત પ્રમોદવતી દાસી, ગર્જારવ કરતા મેઘની સામું જોઇ હર્ષ પામતી મયૂરીની જેમ કોશાની સન્મુખ આવી અત્યંત હર્ષયુકત વચને કહેવા લાગી કે "હે વિધિની જાણ! હું તને વધાવું છું, ખેદનો ત્યાગ કર, સુખને ધારણ કર. કારણ કે જે નિમિત્તે તું નિરંતર દેવતાની માનતા કરે છે તે સ્થૂલભદ્રજી આપો આપ અહીંઆં પધાર્યા છે. વળી જેને માટે તું વિવિધ પ્રકારના કલેશ સહન કરે છે, હૃદયમાં ઘણું દુઃખ પામે છે, નિરંતર વિચક્ષણ પુરૂષોને પૂછે છે, આહાર નિદ્રાનો ત્યાગ કરી બેઠી છે, અને જેને માટે તને દિવસ પણ વર્ષ સમો થઇ પડે છે, રાત્રિ સો રાત્રિ સરખી થઇ પડે છે, અને મહિના થયા પ્રાણને કાઢી નાંખવાને સમર્થ થઇ છે, તે તારો પ્રાણ વલ્લભ, ભોગનો ઇંદ્ર, ભર્તાર સ્થૂલભદ્ર મહા ભાગ્યવંત, બારણાના દેશભાગને વિષે મુનિનો વેશ ધારણ કરીને આવી ઉભા રહેલ છે." હર્ષયુક્ત દાસીનું હર્ષજનક વચન સાંભળીને કોશા અત્યંત હર્ષવંત થઈ. પાણીથી સિંચન કરેલી વેલડી જેમ અંકુરિત થાય તથા તેલ પૂરેલો દીવો જેમ દેદિપ્યમાન થાય તેમ કોશા સ્થૂલભદ્રનું આગમન જાણી અત્યંત ખુશી થઇ. 'અહો! મ્હારા મોટા ભાગ્યનો ઉદય થયો, પૂર્વ પુણ્ય જાગૃત થયું.' એમ બોલતી બોલતી જ્યાં સ્થૂલભદ્ર મુનિ છે ત્યાં આવી. વિનય થકી બંને હાથ મુનિ સન્મુખ જોડીને તથા મૃદુ અંગ નમાવીને તે મૃગાક્ષી કોશા અમૃત સમાન મીઠી વાણીએ સ્થૂલભદ્ર મુનિને કહેવા લાગી–"હે સ્વામિન્! આપનું અણચિંતવ્યું

અકસ્માત્ આજે આગમન થવાથી હું સનાથ થઇ. મારો મનોરથ ફલીભૂત થયો. વસંતઋતુ વિના કોયલને અથવા સૂર્ય વિના ચક્રવાકયુગળને સુખની પ્રાપ્તિ થતી નથી તેમ આપ વિના હે સ્વામિન્! મને એક ક્ષણમાત્ર પણ સુખ પ્રાપ્ત થયું નહીં; અને આપનો વિયોગકાળ મને વિકાળ વિષમ થયો. હે પ્રભુ! પુણ્યના સમૂહને પામી પ્રસન્નતા સહિત મારી ઉપર પ્રસન્ન થાઓ. કારણકે સજ્જન પુરૂષો સર્વ ઠેકાણે સ્નેહવંત હોય છે. હે સ્વામિન્! આપ મારી ગતિ છો, રક્ષક છો, બુદ્ધિરૂપ પણ આપજ છો, અને આ જીવિતવ્ય ધારણ કરૂછું તે પણ આપથીજ; અને હે હૃદયના આધાર! આ શ્વાસોશ્વાસ પણ આપના પ્રસાદે લઉં છું. આપ થકી બીજું મારે બાહ્ય અભ્યંતર કાંઇ નથી."

કોશાનાં ઉપર મુજબનાં વચનો સાંભળીને સ્થૂલભદ્ર મુનિ બોલ્યા કે "ચોમાસું રહેવા નિમિત્તે હું સ્થાનકની યાચના કરૂં છું, તારી પાસે કાંઇ ઉપાશ્રય છે?" (કારણ કે એવી મુનિની સ્થિતિ છે.) કોશાએ કહ્યું-" હે સ્વામિન્! પોતાને આધીન જે પદાર્થ હોય તેને માટે પ્રાર્થના કરવી તે વૃથા જાણું છું. કારણ કે મારી પાસે જેજે વસ્તુ છે તે સઘળી આપ મારા સ્વામી હોઇને આપનીજ છે પણ મારી નથી એમ હું માનું છું; માટે ઉપાશ્રયને માટે યાચના કરવાની શી જરૂર છે? એવી યાચના ન કરો." ઉપચાર સહિત મીઠી વાણીએ મુનિ બોલ્યા કે " અમે નિગ્રંથ પર ઘરમાં નિવાસ કરનારા છીએ." મુનિનાં વચનથી વિસ્મિત

થયેલી વેશ્યા વિચાર કરવા લાગી કે 'શું આ સ્થૂલભદ્રજી નવા થઇ ગયા ? કાંઇ હરકત નહીં. ઘરમાં આવી રહ્યાથી ભોગ ભોગવનારા થશે.' ફરીથી સ્નેહયુક્ત વદનવાળી તે કોશા કહેવા લાગી કે "હે સ્વામિન્ ! જો આપને ઉપાશ્રયની ઇચ્છા હોય તો આ વિશાળ ચિત્રશાળા છે તે યોગ્ય હોય તો નિવાસને માટે ગ્રહણ કરો." સૂર્ય જેમ દિવસનો અંગીકાર કરે અને સુંદર છાંયા પામીને જેમ પંથી વિશ્રાંતિ લે તેમ મુનિએ કોશાનાં મીઠાં વચનથી ચિત્રશાળાને અંગીકાર કરી. વર્ષાકાલ પ્રાપ્ત થયાથી નિવડ મેઘથી આકાશ વ્યાપી ગયું. વરસાદ પુષ્કળ પડવાથી પૃથ્વીનો અંતર ભાગ ભીનો થયો. વાદળાના સમૂહમાં ઉદ્યોતકારી વિદ્યુતલતાથી જગતને સાંભળવા યોગ્ય ગર્જારવ થવા લાગ્યા. એવા કારણથી કે સ્થૂલભદ્ર સમાન બીજો કોઇ મુનિ નથી. નૂતન મેઘનો જળપ્રક્ષેપ થવાથી તે સમયે સર્વ ભૂમિભાગ લીલોછમ થઇ ગયો. જગતને એટલું આશ્ચર્યકારી છતાં પણ મુનિના મનરૂપ ક્ષેત્રને વિષે કામરૂપ અંકુરો ઉગ્યા નહીં. તે સમયે સૂર્ય ચંદ્રને પણ પરિવેષના મંડળે કરી નિસ્તેજતા થઇ, પરંતુ સ્થૂલભદ્ર મુનિનો જ્ઞાનોદ્યોત નિસ્તેજ નહીં થતાં અત્યંત દેદિપ્યમાન થયો. તે સમયે કેવડાની સુગંધમાં પુષ્ટ ભ્રમરે પરિભ્રમણ કર્યું, પરંતુ સ્થૂલભદ્ર મુનિનું ચિત્ત ભ્રમિત નહીં થતાં મેરૂની પેઠે નિશ્ચળ રહ્યું. તે સમયે હંસના સમૂહે સરોવરના કાંઠાનો અકસ્માત્ ત્યાગ કર્યો, પરંતુ સ્થૂલભદ્ર મુનિના ગુણરૂપ હંસો નિર્મળ મનરૂપ માનસ સરોવરનો ત્યાગ

નહીં કરતાં સ્થીર રહ્યાં. તે સમયે સર્વે નિરસ પદાર્થ રસયુક્ત થયાં, જે સઘળાંનો ત્યાગ કરીને સદા શાંતરસમાં નિમગ્ન મહામુનિ સ્થૂલભદ્રજી પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યા. વરસાદના સમૂહથી વજ્રતુલ્ય કઠિણ ભૂમિ નરમ થઇ, પરંતુ તે મુનિરાજનો શીલ રૂપ મેરૂનો કોઇપણ ભાગ કોઇપણ પ્રકારે ભેદિત થયો નહીં. અહંકારથી દેદિપ્યમાન થયેલો કામ રાજા મનમાં ચિંતવન કરવા લાગ્યો કે "આ સાધુની ચારિત્રની દૃઢતા જોઇને હું અત્યંત વિસ્મિત થાઉં છું, કારણ કે દીર્ઘકાળથી મને વશ થયેલો આ સાધુ હમણા મારા સદનંતર શત્રુને મળી ગયો છે; એટલે કે તેણે મારો શત્રુ જે ચારિત્ર તેની આજ્ઞાને મસ્તકે ધારણ કરી છે. તેના વેશને અતિશય દીપાવે છે. તેના પક્ષનું બહુ પોષણ કરે છે અને એટલે સુધી મારી સાથે પ્રતિપક્ષપણું ધરાવે છે કે મારા પક્ષનું ખંડન કરતાં છતાં પણ સંતુષ્ટ થતો નથી, અને મારા સ્થાનકને વિષે રહેલો છતાં મારી હાંસી કરે છે. તેથી અગર જો તે શક્તિવાન અને વ્રતધારી છે તોપણ તેનો પરાભવ થાય તોજ મને સંતોષ થાય. કારણકે માનને ઇચ્છનારા, શત્રુના લેશ બળને પણ નિશ્ચયે સહન કરી શક્તા નથી. કહ્યું છે કે અગ્નિ હાથના સ્પર્શને સહન કરી શકતો નથી અને ક્ષત્રી તો શત્રુના જરા પણ તિરસ્કારને સહન કરી શકતો નથી. વળી જે અગ્નિએ પર્વતને ભસ્મ કર્યા તે અગ્નિના મુખ આગળ વૃક્ષ શું માત્ર છે! જે વાયરે મદોન્મત્ત માતંગોને ઉડાડયા તે વાયુની સન્મુખ કપાસની પુણીઓ શું માત્ર

છે ! કારણ કે એક અહંકાર માત્રે વિશ્વત્રયને જીતવાને સમર્થ એવો હું અને જેની હોડાહોડ પૂર્વક દેવ દાનવાદિક સેવા કરી રહ્યા છે તેની સન્મુખ આ બાળ નવો તપસ્વી જરાવાર ઉભો રહેવાને શું લેખામાં છે! કારણ કે આ મૂર્ખ સ્થૂલભદ્રને પૂર્વ જીતી દીર્ઘકાળ પર્યંત સ્વાધીન મેં રાખ્યો હતો; તેને બીજીવાર જીતવો તેમાં શું આશ્ચર્ય છે!

ક્રોધથી તપ્ત થયેલો મદનરાજ યુદ્ધ કરવાને અર્થે જેવો ઉભો થાય છે તેવી ભ્રાંતિ સહિત રતિ નામની પ્યારી સ્ત્રી પૂછવા લાગી કે "હે સ્વામીનાથ! ક્રોધ ઉત્પન્ન થવાનું શું પ્રયોજન છે?" પ્યારી પ્રિયાના પ્રેમાળ વચન સાંભળીને કામરાજાએ સંક્ષેપથી સ્થૂલભદ્ર સંબંધીની અથથી ઇતિ સુધી હકીકત કહી સંભળાવી, અને છેવટે કહ્યું કે "શત્રુના ઉત્કર્ષમાં માનવંત પ્રાણીનું મન બાહુલ્યતાએ અનાદર સહિત પ્રવર્ત્તે છે." તે વૃત્તાંત સાંભળીને રતિ અત્યંત આશ્ચર્ય પામવા લાગી. કારણ કે નવી વસ્તુઓ દેખવાથકી અને હકીકતો સાંભળવાથકી કોને આશ્ચર્ય ઉત્પન્ન થતું નથી? ત્યારપછી પતિના પ્રેમમાં આસક્ત થયેલી તે ચતુર સ્ત્રી શત્રુનો ઉન્માદ જાણ્યો છે એવા પોતાના ક્રોધાધીન સ્વામીને નમ્રતાપૂર્વક કહેવા લાગી કે "હે નાથ! એવો કોણ મૂર્ખ છે કે ખીલીને અર્થે મોટા પ્રાસાદના ભંગની ઇચ્છા કરે, રાખને અર્થે બાવનાચંદનના વનને ભસ્મ કરવાની ઇચ્છા કરે, અને જન્મથી માંડી આજપર્યંત ઉત્પન્ન કરેલો યશ એક શત્રુને માટે નાશ કરવાને તત્પર થયા! કોઈ ડહ્યો

પુરૂષ તો તેવું ચિંતવન કરે નહીં. કારણ કે યુદ્ધની વિષમ ગતિ છે. વળી કહ્યું છે કે પુષ્પે કરીને લડવું નહીં તો તીક્ષ્ણ શસ્ત્રે કરીને કેમ લડાય? કારણ કે યુદ્ધમાં વિજયનો સંદેહ રહે છે, અને પ્રધાન પુરૂષનો ક્ષય થાય છે, માટે આ મર્મના જાણ પોતાને ઘેર આવેલા બ્રાહ્મણ યતિની સાથે યુદ્ધ કરવાનો વિચાર સમાપ્ત કરો. એને જીત્યા વિના આપ જગત્રયને જીતનારના નામને કાંઈપણ લાંછન લાગશે નહીં. કારણ કે સો પગવાળા પુરૂષનો કદાપિ એક પગ ભાંગી જાય તો શું તે લંગડો કહેવાશે? અને મહા સમુદ્રમાંથી જો એક બિંદુનું શોષણ થાય તો શું મહાસાગરની ન્યૂનતા ગણાશે?"

એ પ્રમાણે તે રતિની વાણી સાંભળીને ફરીને તે કામરાજા બોલવા લાગ્યો-"હે મુગ્ધે! તું અત્યંત ભોળી છે અને વળી મૂર્ખ છે તેમજ સર્વથા તત્ત્વની અજ્ઞાન છે. જાણતી નથી કે એક મોટા વહાણમાં નાનું છિદ્ર પડયું હોય તોપણ તે મોટું વહાણ સમુદ્રમાં ડુબી ગયા વગર રહેતું નથી. અને મોટા દૂર્ગ (ગઢ) નો એક નાનો ભાગ પડી જતાં શત્રુથી આખો ગઢ લેવાઇ શકાય છે; તેમજ વળી કહ્યું છે કે એક શત્રુને નહીં જીતવાથી સર્વ શત્રુઓ અજીત કહેવાય છે અને એકવાર શીળનું ખંડન થયું હોય તો સદાકાળ અસતીપણું કહેવાય છે. માટે ઘાસ, રોગ અને શત્રુને વિષે ડાહ્યા પુરૂષ ઉપેક્ષા કરે નહીં; કારણ કે તેની ઉપેક્ષા કરવાથી વૃદ્ધિ પામતા જાય છે અને વધ્યા પછી અત્યંત દુ:ખદાયક થાય છે. માટે વૈર, વિશ્વાનર (અગ્નિ), વ્યાધિ, વાદ (વિવાદ) અને

વ્યસન એ પાંચ જેમ જેમ વધતા જાય છે તેમ તેમ મહા અનર્થકારક થતા જાય છે. તે કારણથી આ શત્રુ નાશ કરવા યોગ્ય છે; માટે હે સ્નેહથી કાયર! તું શા માટે ભય પામે છે? સદનંતર તું જાણે છે કે જગત્રયને જીતવાને સમર્થ મારામાં શ્રેષ્ઠ ગુણ છે."

એવું સાંભળીને રતિ બોલવા લાગી-"હે સ્વામિન્! આપે જે કહ્યું તે તદ્દન સાચું છે, તોપણ નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે લડવાને ઉત્કંઠિત પુરૂષે સૈન્યને સજજ કરવું જોઇએ, માટે આપ સૈન્યને સજજ કરવાને તૈયારી કરો. જેમકે એકલો ધ્યાન કરે, બે જણા અભ્યાસ કરે, ત્રણ જણ ગાયન કરે, ચાર જણ પરદેશ ગમન કરે, પાંચ અથવા સાત જણ કૃષિકર્મ કરે, અને ઘણા જણ હોય તોજ સંગ્રામ કરે. મતલબ કે ડાહ્યો માણસ ઉપર કહેલો સંયોગ મળે તે પ્રમાણે વર્ત્તે. વળી કહ્યું છે કે ઘાસના સમૂહે કરીને ઘર ઢંકાઇ જાય છે અને તાંતણાના સમૂહે હાથી બંધાય છે, માટે હે સ્વામી! આપ જાણો છો કે મોટો સમુદાય તેજ જય કરનાર છે."

યુક્તિ ભરેલું પોતાની પ્યારીનું વચન સાંભળીને કામરાજા અત્યંત હર્ષ પામ્યો અને ક્ષણવારમાં ધૈર્યવંત થઇને સૈન્યને સજજ કરીને શત્રુને જીતવા ઉતાવળો થવા લાગ્યો. રાગ દ્વેષ પ્રમુખ સામંત જેની સમીપ છે અને મહાઉન્મત્ત મનવાળો મિથ્યાત્વ કે જેના વિચારથી સર્વના પરાક્રમનું રૂંધન થયેલું છે એવો પ્રધાન જેની સેવામાં હાજર છે, તેમજ જે રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવરૂપ

હસ્તી ઉપર આરૂઢ થયેલો છે તેમજ સ્નેહરૂપ સનાહથી શોભિત છે અને હાસ્ય મોહિની પ્રમુખ બલીષ્ટ પુરૂષોથી પરવર્યો છે અને ક્રોધ માન માયા અને લોભરૂપ દુર્ધર સુભટશ્રેણીથી શ્રેષ્ઠ છે અને આત્મબળે કરીને જેણે જગત્રયને તૃણતુલ્ય માનેલું છે અને અહંકારથી જેનું મન ઉન્મત્ત થયેલું છે તેમજ ગીત સંગીત નાટક અને મોહનીજનક સ્વરના સંચયથી થયેલા દુંદુભિ નાદથી જેનું ચિત્ત અત્યંત ભ્રાંતિરૂપ થઇ ગયેલું છે એવા તે કામરાજા મોટા હુંકારા મૂકતો, ગર્જારવ કરતો, દૂરથી આગમન કરતાને શીઘ્ર પાડતો, યુદ્ધ કરવાને કુદકા મારતો, દુર્ધ્યાનરૂપ ધનુષ્ય ચડાવતો, વિષયરૂપ વિચિત્ર બાણને વિવિધ પ્રકારે પ્રક્ષેપ કરતો, સ્થૂલભદ્ર મુનિ સમીપ ઝુઝવા લાગ્યો. તે વખતે લોકોને દિશા તેમજ વિદિશાનું કાંઇ પણ જ્ઞાન રહ્યું નહીં અને આકાશ તેમજ પૃથ્વીને બાણના સમૂહે ઢંકાયેલ એક રૂપ દીઠું.

સ્થૂલભદ્રમુનિ પણ કામદેવનો આવો ઉત્કટ અને પ્રગટ ક્રોધ જાણીને પોતાના સમ્યગ્દર્શનરૂપ શ્રેષ્ઠ પ્રધાનના અતુલ્ય પરાક્રમે કરીને અને નિયમાદિક પંચાંગ યોગના સંબંધથી પોતાના પાંચે અંગનું રક્ષણ કરીને તેમજ લીલા સહિત શીળરૂપ સનાહને ધારણ કરીને અને જિનાજ્ઞારૂપ ટોપથી મસ્તકને ઢાંકીને તેમજ નિર્દોષ ચારિત્રરૂપ ગંધહસ્તીના કુંભસ્થળ ઉપર આરૂઢ થઇને, અત્યંત નિર્મળ ધર્મધ્યાનરૂપ ખડ્ગથી ભયંકર દેખાતા શત્રુના શસ્ત્રના સમૂહનો સત્ક્રિયારૂપ ઢાલથી તિરસ્કાર કરતા, વિવેક પ્રમુખ પોતાના મહા

ધૈર્યવંત સુભટોને શોભાવતા, શમ સંવેગ પ્રમુખ પુત્રોની સમીપ વર્તતા, સંયમાદિક સામંતોથી સંગ્રામને ભૂષિત કરતા, જિન ભાષિત શ્રુતજ્ઞાનનું અધ્યયન કરતા, ઉપદેશરૂપ રણ વાજીંત્રના સમૂહથી શત્રુના સૈન્યને ભય પમાડતા, પૂર્વના થયેલા અપમાનને સંભારતા, અત્યંત ક્રોધયુક્ત થઇ કામની નિભ્રંચ્છના કરી દૃઢ મનથી તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા.

હે કામ! જગતના વેરી! દુષ્ટ હૃદય ધારણ કરનાર! નિષ્ફળ અને ચલિત વાણીના બોલનાર! હે મૂર્ખ! જડ! તું શામાટે ફોકટ અહંકાર કરે છે? તું અનંગ શરીર વગરનો છે અને અર્કતુલની પેઠે અત્યંત ચંચળ છે ત્યારે ફોકટ શાને માટે અને કોના બળે ગર્જારવ કરે છે? અને તેં શું નીતિની રીતિ પ્રસિધ્ધપણે સાંભળી નથી? તેં કયાંથી સાંભળી હોય! કારણ તું મૂર્ખ છે માટે કહું છું તે તું સાંભળ.

પોતાની અને પરની શકિતને નહીં જાણતા જે પુરૂષ ગર્વિષ્ટપણાથી ધમાધમ કરે છે તે પુરૂષ જેમ મેઘના ગર્જારવથી અષ્ટાપદ પોતાના શરીરને ઉછાળા ઉછાળીને જેમ અંગનો ભંગ કરે છે તેમ તું પણ અંતે પોતાનું ખરાબ કરનારો થાય છે. અમારા પૂર્વાચાર્યોએ પણ પહેલાં તારો ઘણીવાર પરાભવ કરેલો છે; તો તું જાણતો નથી કે તેઓના વંશમાં ઉત્પન્ન થયેલા એવા મને પૂર્વાચાર્ય સમાન નહીં જાણી વૃથા વેર ધારણ કરી યુદ્ધ કરવાને સન્મુખ પ્રાપ્ત થયો છે? તું નિઃકેવળ તારૂં પોતાનું સર્વસ્વ બગાડે છે. “સિંહથી ઉત્પન્ન થયેલા સિંહજ” એવી જે જગતની વાણી તે તું

સાચીજ માન. માટે દૂર્મતે ! તે વાત વિસારીને જ્ઞાનહીન થયેલો તું મારી પાસે આવેલો છે.

એવા કર્ણને કષ્ટદાયક વચનથી મુનિએ કામનો તિરસ્કાર કરી તેના સઘળા શસ્ત્રનો નાશ કરી નાખ્યો અને જેવામાં ખડ્ગ પ્રહારથી તે કામને વ્યાકુળ કરે છે તેવામાં પોતાના સમાધિસુભટોએ કામરાજના ક્રોધાદિ સુભટને જર્જરિત કર્યા. તેઓ ધારણ કરેલી આશાનો ભંગ થયેલો જાણી તત્કાળ પલાયન કરી ગયા. પોતાના ક્રોધાદિ સુભટોને ગતપ્રાણ દેખીને કામરાજ અત્યંત કોપ સહિત યમરાજ જેવો થઈને યુદ્ધ કરવાને દોડતો આવ્યો. તે તીવ્ર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો, સમાધિસુભટોને અત્યંત ત્રાસ પમાડી સ્થૂલભદ્ર મુનિને કહેવા લાગ્યો કે 'હે બ્રાહ્મણ નાસી જા;' અને વધારે બરાડા પાડી બોલવા લાગ્યો કે 'મને શરણ થા શરણ થા, નહીં તો દુઃખ પામીશ.'

મુનિરાજે પણ શસ્ત્રોને ધારણ કરી ઉદ્યમવંત થઇ અત્યંત કોપ સહિત ઉત્કૃષ્ટ ધ્યાન યોગ રૂપ ધનુષને ચડાવ્યું, અને પોતાના ધૈર્ય ધ્યાનરૂપ ટંકારને શોભાવીને સંગ્રામમાં ઉત્કટ થયા; તેણે તત્કાળ સ્વાધ્યાય રૂપ બાણના સમૂહથી કામરાજને પ્રજ્વલિત કર્યો; અને ત્યાર પછી ખડ્ગથી વ્યાકુળ થયેલો છે હાથ જેનો એવા મુનિરાજે અવસર જાણીને વક્ર કામરાજના મર્મસ્થાનકના મર્મને છેદી નાંખ્યો, તેથી તરત જેમ પાકેલું પત્ર વૃક્ષ ઉપરથી ભોંય ઉપર પડે તેમ પૃથ્વી વિષે એકદમ પડયો, ડાહ્યા માણસને આ ઉપરથી શિખામણ

લેવાની છે કે બળવાન સાથેની સ્પર્ધા પોતાનો નાશ કરનારીજ થાય છે.

કામના સઘળા સુભટો પોતાનો સ્વામી હણાયો દેખી અહીં તહીં નાસી ગયા, કારણ કે ચક્રનો ભંગ થાયછે ત્યારે એક પણ આરાટી દૃઢ રહેતી નથી. આવા પ્રકૃષ્ટ કામરાજનો સ્થૂલભદ્ર મુનિએ નાશ કર્યો એવું જાણી અત્યંત પ્રમોદિત થયેલા દેવતાઓ જયજયકાર શબ્દ કરવા લાગ્યા. કારણ કે આવા અતુલ્ય પરાક્રમથી કોણ આશ્ચર્ય પામે નહીં ?

બળવાન સાથે બાથ ભીડવી નહીં, એ નીતિ તો સર્વ જનમાં પ્રવિદિત છે; તો પણ કામરાજાને એટલું સુઝયું નહીં કે ક્યાં હું શરીર વિનાનો અનંગ! અને ક્યાં એ દુર્ધર પ્રમાદરૂપ સિંધુરનો વિઘાત કરવાને વિષે સિંહ સમાન સ્થૂલભદ્ર મુનિ! પરંતુ એવી બુદ્ધિ તેને ક્યાંથી સુઝે! विनाशकाले विपरीतबुद्धिः મતાવલંબીએ પણ કહ્યું છે કે;—

शार्दूलविक्रीडितवृत्तम्

पौलस्त्यःकथमन्यदारहरणे दोषंन विज्ञातवान्
रामेणापि कथं न हेमहरिणस्यासंभवो लक्षितः ॥
अक्षैश्चापि युधिष्ठिरेण सहसा प्राप्तोह्यनर्थःकथं
प्रत्यासन्नविपत्तिमूढमनसां प्रायो मतिः क्षीयते ॥

અર્થ-રાવણે પરસ્ત્રીનું હરણ કરવામાં દોષ કેમ ન જા-

ણ્યો ? અને રામ સુવર્ણના હરિણનો અસંભવ કેમ મનમાં લાવ્યા નહીં ? વળી યુધિષ્ઠિરે પણ પાસાથી અનર્થ કેમ એકદમ પ્રાપ્ત કર્યો ? ( અરે એમાં એમને શું કહેવું ! એ સંસારની રીતિ છે કે) પાસે આવેલી વિપત્તિથી જેના મન મૂઢ થઇ ગયા છે એવાઓની મતિ પ્રાયે ક્ષીણ થઇ જાય છે.

પરંતુ દેવ દાનવ અને માનવને તો અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન થયું કે **शंभुस्वयंभूहरयो हरिणेक्षणानां, येनाक्रियंत सततं गृहकर्मदासाः** જે કામે બ્રહ્મા વિષ્ણુ અને મહેશ્વરને સ્ત્રીઓના ઘરના કામને વિષે દાસ કરી નાખ્યા તે કામનો સ્વલ્પ કાળમાં સ્થૂલભદ્ર મુનિએ પરાજય કર્યો. ધન્ય છે ધન્ય છે એવા શૂરવીર મુનિને કે જેના વિજયી કૃત્યથી વિજયપતાકા વિશ્વમાં દૂર ફરકવા લાગી આધુનિક સમયમાં પણ આપણે કહીએ છીએ કે—

**मंगलं भगवान् वीरो मंगलं गौतमः प्रभुः ।**
**मंगलं स्थूलभद्राद्या जैनधर्मोऽस्तु मंगलं ॥**

અર્થાત મંગલશ્લોકને વિષે મુનિઓમાં શ્રેષ્ઠ સ્થૂલભદ્ર સ્વામી ગણાય છે.

હવે રતિ સરખી, કેળના ગર્ભ સરખું ગૌર વર્ણનું છે અંગ જેનું, ચંદ્રમુખી, મૃગલોચના, ગતિને વિષે હંસને જીતતી, વાણીને વિષે અમૃતની તર્જના કરતી, નેત્રે કરી વિશ્વનું ભક્ષણ કરતી, શરીરની કાંતિએ લોકોને મોહ પમાડતી,

રૂપમાં રંભા સરખી, સૌભાગ્યને વિષે સાક્ષાત્ સુરસુંદરી, લાવણ્યને વિષે સાક્ષાત્ લક્ષ્મી, સુવર્ણના નૂપુરનો ઝંકાર કરતી, હૃદયને વિષે હારના સમૂહથી શોભતી, કટિમેખલાથી દીપતી, નિર્મળ કુંડલથી પ્રકાશતી, દિવ્ય અંગ વિલેપનની સુગંધથી દિશાઓને વાસિત કરતી, સર્વ પ્રકારે સુખના મૂળ કારણ એવા દુકૂલ પટકુળથી શોભતી, સ્વભાવેજ સૌભાગ્યવતી, વળી શૃંગારથી વિશેષ સૌભાગ્યવતી, જગત્રયને મોહનવેલ સરખી, એવી તે કોશા ગણિકા સ્થૂલભદ્ર મુનીંદ્રની પાસે આવી. તે સમયે યૌવનના સંબંધે અનેક પ્રકારના વિલાસ પ્રદર્શિત કરતી કોશા મુનિરૂપ મેઘની સમીપે વીજળીની પેઠે શોભવા લાગી. શરીરરૂપ વેલડીને મરોડતી, પોતાના હાવભાવ દેખાડતી, કલા ક્રીડા બતાવતી એવી તે કોશા વેશ્યા કયા પુરૂષનું મનહરણ ન કરી શકે ? સ્નેહ રહિત મહામુનિ ઉપર પણ તે ઘણા સ્નેહથી ક્ષણે ક્ષણે કટાક્ષ વિક્ષેપ કરવા લાગી. હાવભાવાદિ વિલાસથી પથ્થરમય પુતળું પણ વિકાર પામે તો પુરૂષ તે કોણ માત્ર ! ખરેખર એ તો આશ્ચર્ય થયું કે આવી અનુપમ કાંતિવાળી સ્ત્રીના વિલાસથી સ્થૂલભદ્ર મુનિની સાડાત્રણ કોડ રોમરાજિમાં એક પણ રોમ ચલિત થયું નહીં. તોપણ પ્રેમાળ વાણીથી કોશા ગણિકા બોલી “ હે સ્વામિન્ ! દાસી ઉપર કૃપા કરી વચન સાંભળો, આપે કયા હેતુથી કલેશકરી દીક્ષા ગ્રહણ કરી ? હે દેવ ! કયા દેદીપ્યમાન કમલ સરખું સુકોમલ આપનું શરીર ! અને કયાં કઠિણ કાયથી સાધવા યોગ્ય કુ-

ષ્ટકર દીક્ષા રૂપ વ્રત ! કમલનો દાંડો શું હાથીને બાંધવા માટે થાંભલો થઇ શકતો હશે ? અથવા નેત્રપટનો વહાણનો સઢ થતો હશે ? મજબુત હોય તો પણ ન થાય. આપનું શરીર શિરીષ કુસુમની પેઠે અત્યંત કોમલ છે. તેવા શરીરથી દુર્ધર વ્રત કેમ અંગીકાર કરી શકાશે ? માટે એ વ્રતને તો શીઘ્ર મૂકી દો અને પોતાના સુખના સમૂહનું આચરણ કરો. આપના વ્રત સંબંધી કષ્ટ જોઇને તો મારા હૃદયના બે વિભાગ થઇ જાય છે." આ પ્રમાણે બોલતી કોશા વેશ્યાને કામાતુર જાણીને સ્થૂલભદ્ર મુનિ મૌન ધારણ કરીનેજ રહ્યા. કારણ કે કામપૂરને વિષે મૌનજ ગુણકારી છે. કહ્યું છે કે—

नाम्बुपूरे प्रवेष्टव्यं वक्तव्यं नो रुषां भरे ।
ज्वरादौ नौषधं देयं नीतिरेषा विपश्चिताम् ॥

અર્થ-પાણીના પૂરમાં પેસવું નહીં, ક્રોધને સમયે બોલવું નહીં, જ્વરને વિષે ઔષધ આપવું નહીં. એવી પંડિતોની નીતિ છે. એક ક્ષણ પછી કામનો આવેશ શાંત થયા પછી ફરીથી કોશાએ કહ્યું-"હવે તો હું આપને કાંઇ પણ કહેવાને સમર્થ નથી." સ્થૂલભદ્ર મુનિ થોડીવાર મૌન ધારણ કરી રહ્યા. પછી તે બોલ્યા-"હે ગણિકે! તારા કહેવા પ્રમાણે સુકોમળ દેહવડે વ્રત ધારણ કરવું કઠિણ છે ખરૂં; દેવતાથી પણ વ્રત ધારણ થઇ શકાતા નથી. ફકત મનુષ્યના શરીરથીજ એ વ્રત સાધ્ય છે. પરંતુ તું કહે છે કે 'આ-

પનું શરીર સુકોમળ છે ' એ તેં જુઠું કહ્યું. જે સ્થળને વિષે કઠિણ પથ્થર પ્રવેશ કરી શકતો નથી તે સ્થળને વિષે જળ સહેલાઇથી પ્રવેશ કરે છે. વળી તેં કહ્યું કે 'આ તીવ્ર વ્રત મૂકી દો' એ પણ તારૂં કહેવું યુક્ત નથી, કારણ કે સજ્જન પુરૂષો પોતાનું અંગીકાર કરેલું કામ પ્રાણાંતે પણ છોડતા નથી. કહ્યું છે કે–

मूर्खो वरं दुश्चरितो न विद्वान्, वरं गृहस्थो न यतिः कुशीलः।
निःस्त्रो वरं नो धनवानदाता, क्लीवो वरं स्वीकृतमुग् न शक्तः॥

મૂર્ખ પુરૂષ સારો પરંતુ ખરાબ આચરણ કરનાર પંડિત સારો નહીં. ગૃહસ્થ સારો પરંતુ કુશીલનું સેવન કરનાર યતિ સારો નહીં. નિર્ધન પુરૂષ સારો પરંતુ કૃપણ ધનવાન પુરૂષ સારો નહીં. તેમજ નામરદ પુરૂષ સારો પરંતુ શક્તિવાન છતાં અંગીકાર કરેલું વ્રત મૂકી દે તે પુરૂષ સારો નહીં.

કદાપિ મેરૂ પર્વત ચલિત થાય, કદાપિ સમુદ્ર સુકાઇ જાય, કદાપિ દશે દિશાનો સમૂહ ઉછળે તોપણ સત્પુરૂષ બોલેલું વચન પાછું ફેરવતા નથી. વચનથી બંધાયા પછી કેમ ફરી જવાય ? દૃષ્ટાંત તરિકે અગસ્ત્ય ઋષિથી બંધાયેલો વિંધ્યાચળ પર્વત હજી પણ વધતો નથી. એકાંતને વિષે જે અંગીકાર કર્યું હોય તે પણ દુઃખે ત્યાગવા યોગ્ય છે, તો આ વ્રત અરિહંત સિદ્ધ આદિની સાક્ષીએ આદર્યું તેનો ત્યાગ કેમ થાય ? તેથી પ્રાણાંતે પણ આ વ્રત હું મૂકનાર નથી. ” સ્થૂલભદ્ર મુનિનાં આવાં વચનો સાંભળી ફરીથી

કોશા ગણિકાએ કહ્યું-"હે સ્વામિન્! ત્યારે ઘણા કાળથી ઉત્પન્ન થયેલો મારી સાથેનો જે સ્નેહ તેનો આપે કેમ ત્યાગ કર્યો ?" મુનિ બોલ્યા—"હે પ્રગલ્ભે! જે સ્નેહને તેં અતિશય પ્રદર્શિત કર્યો તે તો દુઃખનુંજ કારણ છે. તે સ્નેહ કેમ વૃદ્ધિ પામી શકે? એ સ્નેહને લીધેજ સર્પ ગાઢ બંધનથી બંધાઇ જાય છે, એ સ્નેહને લીધેજ ધર્મ રહિત પુરૂષ પોતાની કાયાને વિષે કૃમિ ઉત્પન્ન કરે છે. આભૂષણ, ઉદ્યાન, વાવ પ્રમુખને વિષે મોહિત થયેલા દેવો પણ મરીને ત્યાં પૃથ્વી કાયાદિની યોનિને વિષે જન્મે છે. તું સ્નેહ સ્નેહ શું કહ્યા કરે છે? ઘરના સ્નેહરૂપ બંધનથી બંધાયેલો તાપસ નામે શેઠ મરીને સુઆ તથા સાપ થયો. તેથી ધિક્કાર છે સ્નેહની ચેષ્ટાને! વસિષ્ઠ નામે ઋષિ સ્નેહથી શોકરૂપ કાદવમાં નિમગ્ન થયા, ગૌતમ સ્વામી પણ શ્રીમત્ વીર પરમાત્માને વિષે વિશેષ સ્નેહવંત હોવાથી સ્નેહ જ્યાં સુધી હતો ત્યાં સુધી કેવળજ્ઞાન પામ્યા નહીં. તલમાં સ્નેહ[1] છે તેથીજ તે તલ વેધન, મર્દન, શોષણ તથા પીલન એવાં દુઃખ સહન કરે છે. માટે સ્નેહ તો ખરેખર ત્યજવા યોગ્યજ છે. થોડો પણ સ્નેહ જ્યાં સુધી હોય છે ત્યાં સુધી જીવને મોક્ષનો ઉદય હોતો નથી. દૃષ્ટાંત તરીકે સ્નેહના ક્ષયથી દીવો પણ નિર્વૃતિ પામે છે—ઓલવાઇ જાય છે; તથા

૧ સ્નેહનો બીજો અર્થ તેલ થાય છે.

यत्रं स्नहो भयं तत्र स्नेहः शोकस्य कारणं ।
स्नेहमूलानि दुःखानि तस्मिंस्त्यक्ते परं सुखं ॥

અર્થ—જ્યાં સ્નેહ હોય ત્યાં ભય છેજ, સ્નેહ એ શોકનું કારણ છે, દુઃખનું મૂળ સ્નેહ છે. સ્નેહનો ત્યાગજ કરવાથી પરમ સુખ પ્રાપ્ત થાય છે.

સર્વ સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા થઇ તેથીજ શ્રીમન્ નેમિકુમારે નવ ભવને વિષે ઉપાર્જન કરેલા તથા વૃદ્ધિ પમાડેલા રાજીમતીની સાથેના સ્નેહનો ત્યાગ કર્યો, તેમ હે મુગ્ધે! મેં પણ વૃદ્ધ પંડિત પરંપરાથી મોક્ષ સુખની આશાથી સ્ત્રીસ્નેહનો ત્યાગ કર્યો."

સ્થૂલભદ્ર મુનીંદ્રનાં આ વચનો સાંભળી ફરીથી વેશ્યા બોલી-"હે બુદ્ધસમૂહથી દેદિપ્યમાન નાથ! હે નીતિજ્ઞ! ફરીથી મારા ઉપર ઉપકાર કરી મારૂં કહેવું સાંભળો. જગત્રયને વિષે એ નીતિ તો વિખ્યાત છે કે ઘણા સુખને અર્થે થોડા સુખનો ત્યાગ કરવો. પરંતુ તે થોડા સુખને અર્થે ઘણા સુખનો ત્યાગ કરવો તે ઉચિતજ નથી. પૃથ્વીને વિષે ગૃહસ્થ ધર્મ શિવાય બીજો કોઇ ધર્મ સારો નથી. કારણ કે તે ગૃહસ્થ ધર્મને વિષે દાન અનાથ જનને દાન આપી શકાય છે. દેવલોકને વિષે સુખ છે પણ ધર્મ નથી. અને ચારિત્ર વ્રતને વિષે ધર્મ છે પણ સુખ નથી. પરંતુ ગૃહવાસને વિષે ધર્મ અને સુખ બંને છે તો ગૃહસ્થ ધર્મનો ત્યાગ કરી શા માટે ચારિત્ર અંગીકાર કરો છો?"

યુક્તિયુક્ત વેશ્યાનાં વચન સાંભળી સ્થૂલભદ્રજીએ કહ્યું- 'હે ગણિકે! ગૃહવાસ શિવાય બીજો ધર્મ નથી એવું તારૂં કહેવું જુઠું છે. કારણકે ગૃહવાસનું સુખ ક્ષણિક સુખ છે, તેથી મરૂસ્થલના જળની પેઠે ગૃહવાસને વિષે ધર્મ ઘણોજ અલ્પ છે. વળી ત્રિકાળ આરંભના યોગથી તેમાં પાપની બહુલતા છે, જેમકે લવણ સમુદ્રમાં ખારા પાણીનીજ બહુલતા હોય. તેથી હે ભોળી ગણિકા! જેમ કલુષ જળને વિષે હંસ રહેતા નથી તેમ પાપસમૂહથી વ્યાપ્ત ગૃહવાસની મને બીલકુલ ઇચ્છા નથી. નાના પ્રકારની આશાથી પ્રસરતા લોભરૂપ પરિગ્રહના પરિવારને લીધે સંસારી જીવને ગૃહસ્થાવાસમાં સ્વપ્નને વિષે પણ સુખ હોતું નથી. જેમ જલસમૂહથી સમુદ્ર તૃપ્ત થતો નથી, કાષ્ઠભક્ષણથી અગ્નિ તૃપ્ત થતો નથી તેમ લોભને લીધે ઘણું દ્રવ્ય છતાં ગૃહસ્થ અતૃપ્ત રહે છે. કહ્યું છે કે-

तृप्तो न पुत्रैः सगरः कुचिकर्णो न गोधनैः ।
न धान्यैस्तिलकः श्रेष्ठी न नंदः कनकोत्करैः ॥

અર્થ—પુત્રોથી સગર રાજા તૃપ્ત થયો નહીં, ગાયોનો સમૂહ છતાં કુચિકર્ણ શેઠ તૃપ્ત થયો નહીં. ધાન્યના ઢગલા છતાં તિલક શેઠ તૃપ્ત થયો નહીં તેમજ નંદરાજા કનકના ઢગલા છતાં સંતોષ પામ્યા નહીં. વળી પ્રચુર ધનના સમૂહને લીધે રાજા પણ તેને પીડા આપે છે અથવા ચોર સઘળું ધન હરી લે છે, માટે જો પરિગ્રહનો ત્યાગજ કર્યો હો-

ય તો સર્વદા સુખનું કારણ થાય છે. પરિગ્રહ ધારણ કરનારને પૈસો ગયાથી અથવા હરાયાથી શોક થાય છે, પણ પરિગ્રહનો જે ત્યાગી હોય છે તે નમિરાજાની પેઠે સુખી થાય છે. તેમણે કહ્યું છે કે-"એ તો નિર્વિવાદ છે કે ઘણાના સમૂહે કલહ ઉત્પન્ન થાય છે, બેનો સંયોગ થાય તો એક બીજા અન્યોઅન્યથી ઘસાય છે. તેથી હું તો એકલોજ વિચરીશ." માટે હે વિચારને વિષે ચતુર સ્ત્રી! મેં ઘણો વિચાર કરીનેજ આ વ્રત આદર્યું છે કહ્યું છે કે-

न च राजभयं न च चौरभयं, इहलोकसुखं परलोकहितम्।
नरदेवनतं वरकीर्तिकरं, श्रवणत्वमिदं रमणीयतरम् ॥

અર્થ—( ચારિત્રને વિષે ) રાજાનો ભય નથી, ચોરનો ભય નથી. (ચારિત્ર) આ લોકને વિષે સુખ આપનાર છે, પરલોકને વિષે હિત કરનાર છે, રાજાઓ પણ ચારિત્રને નમે છે, નિર્મળ યશનું ચારિત્ર કારણ છે. આ ચારિત્ર વ્રત ખરેખર ઘણું રમણીય છે.

લોકવ્યાપાર રહિત એવા મુનિને આ લોકને વિષે જે સુખ હોય છે તેવું સુખ ચક્રવર્તી અથવા વાસુદેવને પણ હોતું નથી; ઇંદ્રને પણ તેવું સુખ હોતું નથી. વળી સાધુ ધર્મને વિષે વીશ વસાની દયા છે તો મોટો લાભ નહીં પ્રાપ્ત કરતાં થોડો લાભ શા માટે લઉં ? સાધુ ધર્મ અને શ્રાદ્ધ ધર્મના વચ્ચેનો આંતરો મેરૂપર્વત અને સરસવના આંતરા જેટલો છે. શુદ્ધ શ્રાવકને પણ શ્રીજિનેશ્વર ભગવાને

શ્રી જિનાગમરૂપ સિદ્ધાંતને વિષે તપ્ત લોઢાના ગોળા સરખો કહ્યો છે, તેથી શ્રાવકપણે રહેવાની મારી વાંછા નથી."

મુનિનાં આવા પ્રકારનાં વચનો સાંભળી ફરીથી ઉદય પામી છે બુદ્ધિ જેની એવી તે કોશા ગણિકાએ કહ્યું-"હે જગદાનંદ! સાંભળવા યોગ્ય મારાં વચનો સાંભળો. દેવતા સરખા પણ સુખને અર્થે સ્ત્રીને નિરંતર પાસે રાખે છે. ઉપશાંત પુરૂષો પણ સ્ત્રી રાખે છે તો બીજા પુરૂષની શી ગણના? મહાદેવને પાર્વતી, વિષ્ણુને લક્ષ્મી, બ્રહ્માને સાવિત્રી, અગ્નિને સ્વાહા, ઇંદ્રને શચી, ચંદ્રમાને રોહિણી, સૂર્યને રત્નાદેવી, બૃહસ્પતિને તારા, કામદેવને રતિ, યમરાજને ધૂમોર્ણા, એમ દેવતાઓને પણ સ્ત્રીઓ છે. અથવા વસિષ્ઠ ઋષિને અરૂંધતી, યમદગ્નિ તાપસને રેણુકા, ગૌતમને અહિલ્યા એ પ્રમાણે તપસ્વીઓને પણ સ્ત્રીઓ છે; તો હે સ્વામિન્! આપ મારો ત્યાગ શા માટે કરો છો? આ લોકને વિષે જે પુરૂષ આચાર મૂકી દે છે તેની જનસમૂહ નિંદા કરે છે." જગત્રયને સુખ કરનાર, ઉપદેશને વિષે ચતુર એવા સ્થૂલભદ્ર મુનિ બોલ્યા-"હે ગણિકે! હે વાચાલ સ્ત્રી! દેવતાઓને પણ સ્ત્રીઓ છે તથા મુનિઓને પણ સ્ત્રીઓ છે એવાં તારાં વચન મને હર્ષદાયક નથી, તેમજ દેવતા અથવા મોટા ઋષિઓ નામ થકી સરખા છે, તોપણ ક્રિયા અથવા ફળને વિભાગે તેઓમાં ઘણો અંતર છે. જેમકે લોઢા, કાષ્ઠ, પાષાણ, અથવા વસ્ત્રના હાથી ઘોડા નામથી સરખાંજ છે તોપણ તેમાં ઘણાજ ફેર છે. સ્ત્રીઓ પ્રિય છે એવા જે દેવ-

તાનાં નામ તેં આપ્યા તે લૌકિક દેવતા છે. સ્ત્રીઓને વિષે શ્રથિલ મુનિઓ પણ તેવાજ સમજવા. અમે લોકોત્તર આચારનું સેવન કરનારા કહેવાઇએ તેઓની લૌકિક દેવતાઓની સાથે કેમ સરખામણી થાય ? તે દેવતાઓ નદીના પ્રવાહને વિષે ગણાતા કાષ્ઠ, તૃણ અને પત્ર સરખા છે. નદીના પ્રવાહની સામે ચાલતો કૃષ્ણ ચીતરો[1] શું કૃષ્ણ ચિત્રાવેલ સરખો થાય ? સ્ત્રી સુખને અર્થે ગ્રહણ કરવામાં આવે છે એવું જે તેં કહ્યું તે સત્ય નથી. કારણ કે પુત્રી, જન્મ થયો એટલું સાંભળતાં માત્ર, વળી વિવાહ યોગ્ય થયેથી વિશેષે કરી, અથવા વિધવા કે અપત્ય વિનાની થયેથી માતાપિતાને નિરંતર દુઃખ આપનારી હોય છે પાપને વિષે સદા સ્ત્રી રમે છે તેથીજ તે રમણી કહેવાય છે. દોષ અને અવગુણથી આચ્છાદિત થયેલી છે તેથીજ તે સ્ત્રી કહેવાય છે, પૃથ્વીને તે કામ વિકાર સહિત કરે છે અથવા તો તેને મરણ તુલ્ય કરી નાખે છે તેથી તે કુમારી કહેવાય છે. લોકોને બલ રહિત કરે છે તેથી તે અબલા કહેવાય છે. પોતાના નામથીજ પોતાના દોષ પ્રકટ કરતી સર્પ સમાન નારી નિશ્ચયે પુરૂષને મરણ પમાડવા સમર્થ છે. બે ભાઇઓ વચ્ચે બંધાયેલો ગાઢ સ્નેહ તોડી નાખવાને સ્ત્રીજ સમર્થ છે. હલ્લ અને વિહલ્લ કુમારની સાથે કોણિક રાજાને ઘણો સ્નેહ હતો, પરંતુ રાણી પદ્માવતીના પ્રપંચે કરી હલ્લ વિહલ્લ કુમાર પંચત્વ પ્રાપ્ત કરતા હવા. ખરેખર ચંદ્રમાની લેખાની પેઠે સ્ત્રી વાંકી છે, મદિરાની પેઠે મૂર્છા પમાડનારી છે, વિદ્યુલ્લતાની

---

૧ એક જાતનું આપધ.

પેઠે તે ચપલ છે, નદીની પેઠે અતિ નીચ પુરૂષગામિની છે. પોતાના ઘરને શોષવાને અને દોષ તથા અવગુણને શોભાવવાને સ્ત્રી સમર્થ છે. કલેશ અને કલંકનું પણ મૂળ સ્ત્રી છે. નીતિશાસ્ત્રજ્ઞ પણ કહે છે કે જે દેશને વિષે સ્ત્રીનું પ્રાધાન્ય છે, રાજા બાલક છે અને મંત્રી મૂર્ખ છે તે દેશમાં નિવાસ પણ કરવો નહીં, સ્ત્રીનો રંગવિલાસ ગર્ભાવાસનું દુઃખ આપનાર છે. આ ભવ અને પરભવને વિષે સુખને હણી નાખે છે. રાજ્યને ભજનારા રાજાઓને પણ સ્ત્રીએ રોળવ્યા, ચતુર પુરૂષોને પણ સ્ત્રીએ ધૂત્યા, પંડિતોને પણ સ્ત્રીએ ખંડિત કર્યા. ખરેખર ! સ્ત્રી તે દુઃખ આપનારી છે. લોકને વિષે પણ કહેવાય છે કે મહાદેવને પણ સ્ત્રીએ નચાવ્યા, બ્રહ્માને પણ સ્ત્રીએ ચતુર્મુખ કર્યા, ઇંદ્રને પણ સ્ત્રીએ સહસ્રાક્ષ કર્યા. ચંદ્રપ્રદ્યોતન રાજાને સ્ત્રીએ બંધનથી બાંધ્યો. પ્રાણ આપનાર જિતશત્રુ રાજાને પણ પાપી સ્ત્રીએ નદીના પૂરમાં નાખી દીધો. પ્રદેશી રાજાને ધર્મવંત પૃથ્વીનો નાથ છતાં તેની સૂર્યકાંતા રાણીએ હણી નાખ્યો. એ પ્રકારે અનેક પુરૂષોને પ્રેમદાએ પ્રાણસંદેહમાં નાખેલા છે. તેથી કયો પંડિત પુરૂષ સ્ત્રીનું સેવન કરે ? હે ભદ્રે ! તારા રાગી પુરૂષોજ તારૂં ચરિત્ર જાણે છે, કારણ કે ધંતુરાના ગુણને મહાદેવજ જાણી શકે છે. વધારે હું શું કહું ! મર્મભાષણ કેટલું કરૂં ? શાસ્ત્રને વિષે મર્મભાષણ નિષિદ્ધ છે. મર્મ પ્રકાશના ઘા શસ્ત્રના ઘા કરતાં પણ અધિક છે. મર્મનો કહેનારો દુઃસહ છે. નારી ઉપર રોષ ધરનારા પુરૂષને નારી અનર્થ કર્યાવિના રહેતી નથી એવું ધારી તું સ્નેહવતી છતાં મેં તારો ત્યાગ કર્યો છે.”

સ્થૂલભદ્ર મુનિપુંગવનાં આવાં વચનો સાંભળી કોશા વેશ્યા થોડીવાર તો સ્તબ્ધ બની ગઇ. પછી અતિવક્ર વચનો બોલવા લાગી-"હે સ્વામિન્! જે મનુષ્ય પોતે નીતિમાર્ગથી અજાણ છે તે બીજાને પૃછેછે તે ન્યાયે, હે દેવ! હું આપને પૂછુંછું કે-'જિનેશ્વર ભગવાને દયા મૂળ ધર્મ સમ્યક્ પ્રકારે કહ્યો છે અને તે ધર્મનું આરાધન કોઇને પીડા નહીં આપવાથી થાય છે.' એવા ધર્મનું આરાધન કરવાની ઇચ્છાથી આપે તો સર્વ અને સમ્યક્ પ્રકારે મન વચન અને કાયાથી પર પીડા મૂકવી જોઇએ. પરંતુ દુસ્તપ તપે કરી આ ભવને વિષે આપ પોતાના આત્માને પીડા આપો છો તો આ પ્રમાણે પરસ્પર વિરોધ શો? રાજાને વિષે તેમજ રંકને વિષે પીડા સરખુંજ દુઃખ આપનારી છે એવું તીર્થંકરોનું કહેવું છે તો પોતાના આત્માને દુઃખ આપવું એ કયાંની પંડિતાઇ મહારાજ!"

વેશ્યાનાં વક્ર વચનોનો વિશેષ વિચાર કરી વિપુલ વિજ્ઞાનની વિશુદ્ધિવડે સ્થૂલભદ્રજીએ ઉત્તરમાં કહ્યું-"હે ચતુર સ્ત્રી! તેં બરાબર કહ્યું, પરંતુ એ કહેવાનું રહસ્ય જાણતી નથી. જેમ પરને પીડા આપવી યુક્ત નથી તેમ પોતાની પણ પીડા અયુક્ત છે. તો પણ કોઈ સમયે પંડિત પુરૂષો પોતાને કોઇ કારણથીજ પીડા આપે છે, અકારણ પીડા આપતા નથી. ધોબી પણ મલિન વસ્ત્રને ઉજ્વલ કરવા માટેજ ક્ષાર વિગેરે વસ્તુ મિશ્ર કરી શિલાની પીઠ ઉપર તે વસ્ત્રને ઝીકે છે. વૈદ્ય પણ રોગથી પીડિત પુરૂષનો રોગ મટાડવા માટેજ તેને છેદ, દાહ, તાપ, લાંઘણ, કડવા ઔષધ વિગેરેને આધીન કરે છે,

રાજાના અંગનું મર્દન કરનારા પુરૂષો અતિભક્ત છતાં રાજાના સુખને અર્થેજ તેના સર્વે અંગનું મર્દન કરે છે. તેમજ અનાદિના કર્મરૂપ મેલથી ઘેરાયેલા જીવને વિવેકી પુરૂષ તપ રૂપ અગ્નિવડે તપાવી સોનાની પેઠે શુદ્ધ કરે છે. અથવા હે ભદ્રે! એ આત્માની પીડાજ નથી, કારણ કે સુખની પ્રાપ્તિથી એ પીડા ક્રીડારૂપ છે અને જેના અંતે પરમસુખ પ્રાપ્ત થાય તેને દુઃખ પણ ન કહેવાય. બીજી રીતે જોતાં કાંઇક દુઃખ પામ્યા શિવાય સુખ પ્રાપ્ત થાયજ નહીં, જેમકે પુત્રને કષ્ટ આપી સારી રીતે ભણાવ્યો ગણાવ્યો હોય તોજ સુખ પામે. કાનને વિંધે છે તોજ તેને વિષે આભરણ પહેરાય છે. લોહશલાકાથી ભેદાય તોજ હસ્ત છુંદણાની શોભા પ્રાપ્ત કરે છે. તેમજ આ લોકને વિષે જે દુઃખ સહ્યું તે સુખ પ્રાપ્ત કરાવે છે તો ત્રિકાલજ્ઞ શ્રી વિતરાગના કહ્યા થકી શુદ્ધ મન વચન કાયથી કાયકષ્ટરૂપ દુઃખનું સહેવું કેમ અનંત સુખ પ્રાપ્ત ન કરાવે? નિશ્ચયે કરાવેજ. સ્કંદકાચાર્યના પાંચશે શિષ્યોએ ઘાણીમાં પીલાવારૂપ દુઃખ સહન કરતાં દુર્લભ મોક્ષસુખ પ્રાપ્ત કર્યું. અવંતી સુકુમાલ કુમાર પણ ચાર પહોર રાત્રિના કાયોત્સર્ગ કષ્ટથી નલિનીગુલ્મ નામે વિમાન પ્રાપ્ત કરતો હવો. સુકોશલ નામે સાધુએ વાઘણે પોતાનું શરીર વિદાર્યા છતાં લીલામાત્રથી મહાસુખ રૂપ મોક્ષ પ્રાપ્ત કર્યું, તો મારા સરખો પણ સર્વજ્ઞની આજ્ઞાના વચનથી તપરૂપ કષ્ટ સહેતો કેમ અનંત સુખ પ્રાપ્ત નહીં કરે? નિશ્ચયે કરીશજ.” સ્થૂલભદ્ર મુનિનાં વચનોથી

કોશા ગણિકા નિરૂત્તર થઇ ગઇ અર્થાત્ ઉત્તર આપવાનું કાંઇ રહ્યું નહીં. તોપણ ચતુરાઇનુંજ ઘર એવી તે વેશ્યાએ કહ્યું-"હે દેવ! તીવ્ર વ્રતો આદરવાનો પ્રથમ તો હેતુજ શો છે? જો તે વ્રતો સુખને માટેજ હોય તો મનવાંછિત ભોગ જ્યારે આપને પ્રાપ્ત થયેલ છે ત્યારે વ્રત શા માટે આદરવા જોઇએ ? કારણ કે ઘરને વિષે ધાન્યનો સમૂહ ભરેલો છતાં ખેતીનું કામ કોણ કરવાનું પસંદ કરે ? પ્રાપ્ત થયેલા સુખનો ત્યાગ કરીને નવા સુખની પ્રાપ્તિને અર્થે જે ઉદ્યમ કરવાનો છે તે મેઘની ઘન ઘટા ઉત્પન્ન થઇ એટલે જલથી ભરેલો ઘડો ફોડી નાખવા જેવું છે, અથવા પેટમાં રહેલા પુત્રની પ્રાપ્તિને અર્થે કેડ ઉપર બેઠેલા પુત્રનો ત્યાગ કરવા જેવું છે. વળી તે સ્વપ્નમાં દીઠેલા સુખને અર્થે પ્રત્યક્ષ સુખ મૂકી દેવા જેવું છે. હે પ્રભો ! નવા સુખની વાંછાને લીધે પ્રાપ્ત થયેલા સુખને મૂકી દો છો તો શિયાળની પેઠે બંને થકી ભ્રષ્ટ થશો. નદીના કાંઠા ઉપર માંસના પીંડને મૂકીને શિયાળ માછલું લેવા માટે ઉતાવળું ઉતાવળું નદીમાં ગયું એટલે માછલું તો કયાંનું કયાંઇ જતું રહ્યું અને પેલી તરફ માંસના પીંડને ગીધ પક્ષી હરી ગયું. તેમ આપ પણ બંને થકી ભ્રષ્ટ થશો. આ લોક સંબંધી વૈષયિક સુખનો ત્યાગ કરી તીવ્ર તપ વ્રત આદિથી પરભવના સુખની લાલચે જે પુરૂષ દોડે છે તે પુરૂષ ખરેખર છેતરાય છે."

કોશા ગણિકાનાં વચનો સાંભળી સ્થૂલભદ્રજી પ્રસન્ન થયા અને કહ્યું-"હે ગણિકે ! દુઃખના ઘરરૂપ આ સંસા-

રને વિષે લેશ માત્ર સુખ નથી. જેમ અગ્નિને વિષે શીતળતા હોયજ નહીં, ચંડાળની વસ્તીમાં પવિત્રતા હોયજ નહીં, સર્પના મુખને વિષે અમૃત હોયજ નહીં, તેમ સંસારને વિષે બિલકુલ સુખ નથી. જેમ તૃષાથી પીડિત પુરૂષને મૃગતૃષ્ણાને વિષે જળની ભ્રાંતિ હોય છે તેમજ વિષય એજ સુખ છે એવી મૂર્ખ પુરૂષોની ભ્રાંતિજ છે. અથવા બીજે પક્ષે વિષયનું સુખ એ સુખજ નથી એમ નીતિ પણ કહે છે. જે સુખને અંતે દુઃખ પ્રાપ્ત થાય તેને પંડિતજનો સુખ કહેતાજ નથી. વિષયથી ઉત્પન્ન થતું સુખ ત્રાંબાના ઘરેણા ઉપર સોનાના ઢોળ સરખું, અથવા ગોળથી લીંપાયેલા પથ્થર સરખું અથવા મધના બિંદુ સરખું છે. એ વિષયસુખને વિષે દુઃખ મેરૂ પર્વત જેટલું છે. જેમ કુતરો સુકા હાડકાને મોઢામાં લઇ, બંને પગના મધ્ય ભાગને વિષે ખાલી પોતાની લાળને ચાટતો મને ઘણોજ રસ આવે છે એમ માને છે તેમ કામાતુર પ્રાણી પોતાની કાયાના શોષને શરીરની પુષ્ટ માની લે છે. ધિક્કાર હો મહામોહના વિલાસને! જે વિષયસુખથી ક્ષયરોગ વિગેરે ઉત્પન્ન થાય તે સુખથી સંસારી તૃપ્ત થતો નથી એ મોહનું કેટલું ઉપરીપણું! કહ્યું છે કે-

मालिनीवृत्तम्

अमुरसुरपतीनां यो न भोगेषु तृप्तः
कथमिह्मनुजानां तस्य भोगेषु तृप्तिः ।
जलनिधिजलपानाद्यो न जातो वितृष्णः
तृणशिखरगतांभःपानतः किं स तृप्येत् ॥

અર્થ-જે પ્રાણી ભુવનપતિ વૈમાનિક દેવતાના અધિપતિના ભોગને વિષે તૃપ્ત થયો નથી તેને આ મનુષ્યના કામભોગને વિષે કેમ તૃપ્તિ થાય ? જેમકે ક્ષીરસમુદ્રનું પાણી પીવાથી જો તૃષ્ણારહિત થયો નથી તો તૃણના અગ્રભાગને વિષે રહેલા પાણીના પીવાથી તે જીવની કેમ તૃપ્તિ થાય ! અર્થાત્ નજ થાય. તેથી ફક્ત માની લીધેલા સુખરૂપ પરંતુ ખરેખર દુ:ખરૂપ વિષય-કામભોગનો ત્યાગ કરી પરબ્રહ્મના સુખનો સ્વાદ પ્રાપ્ત કરો. હે પ્રાણી ! મોક્ષસુખના પરમ આનંદનું જેને ભાન નથી તેજ લોકો વિષયસુખને અતિરમણીય સુખ માની લે. કારણકે જેણે કોઈપણ ઠેકાણે ઘૃત જોયું નથી તે તલના તેલનેજ સ્વાદિષ્ટ માની લે છે; પરંતુ બ્રહ્મજ્ઞાનીને તો સ્વર્ગનું સુખ પણ તૃણ સમાન છે, શૂરવીરને પોતાનું જીવિતવ્ય તૃણ સમાન છે, વિરક્ત પુરૂષને સ્ત્રી તૃણ સમાન છે અને નિસ્પૃહી પુરૂષને રાજા તૃણ સમાન છે.”

સ્થૂલભદ્રજીનાં વચનો સાંભળી કોશા વેશ્યા ફરીથી બોલી-“હે સ્વામિન્ ! આપ મારૂં સત્ય વચન સાંભળો; અવસરને વિષે જે કાર્ય કર્યું હોય છે તેજ શુભ થાય છે. જળ સિંચ્યા વિના પણ વૃક્ષો અવસરે ફલ આપે છે, વરસાદ પણ વગર બોલાવ્યો અવસર પ્રાપ્ત થયે વરસે છે. તેમ તપ પણ અવસરને વિષેજ ફળદાયક છે. નીતિને વિષે પંડિત પુરૂષોએ કહ્યું છે કે અવસર એજ પુરૂષાર્થ છે. વળી નીતિશાસ્ત્રનું વાક્ય છે કે ત્રણ વયમાંની પહેલી બાલવયને વિષે વિદ્યાનું સાધન કરવું, બીજી વયને વિષે સુખ પ્રાપ્ત

કરવું, અને ત્રીજી વયને વિષે સદ્ધર્મ સાધવો. પંડિત પુરૂષો અનુક્રમે એ પ્રમાણે કરે છે. એ અનુક્રમનો ત્યાગ કરી આપ સુખ પ્રાપ્ત કરવાની વયમાં ધર્મનું સાધન કેમ કરોછો ? સંધ્યાકાળનું ભોજન, હે પંડિત સ્વામિન્ ! મધ્યાન્હ કાળે શોભેજ નહીં."

વેશ્યાના હૃદયનો આશય જાણી સ્થૂલભદ્રજી ચંદનના રસ સમાન શીતલ વચને બોલ્યા કે "હે ભોળી ! જ્યાં અનુક્રમનો સંક્રમ હોય ત્યાંજ અનુક્રમ શોભે ( અર્થાત્ જ્યાં લાંબુ આયુષ્ય હોય ત્યાંજ અનુક્રમે કામ થાય છે ) પરંતુ આ ક્ષણભંગુર આયુષ્યને વિષે ક્રમ અનુક્રમની વાર્તા વૃથા છે. ધર્મ વિનાનાં બીજાં કાર્યોને વિષે પણ વિલંબ પ્રાયે હાનિકારક છે તો આતો પ્રસિદ્ધજ છે કે धर्मस्य त्वरिता गतिः ધર્મની ગતિ ઉતાવળી છે. પૂર્વે ચાર પહોર રાત્રિનો વિલંબ કર્યો તેથી બાહુબલિ રાજા પ્રથમ જિનવર શ્રી ઋષભદેવને વાંદી શક્યા નહીં. 'જેને હું જાણું છું તે તારા જાણવામાં નથી' ( એટલે કે આ આયુષ્ય ક્ષણભંગુર છે ) એવું અતીત કાલે અતિમુક્ત મુનિનું વચન કોને પ્રતિબોધ કરનારૂં નથી ? નિશ્ચયે સર્વને બોધકારી છે. એક બાજુએ જોઈએ તો મૃત્યુ છે, બીજી બાજુએ વ્યાધિછે, ત્રીજી તરફ વિપત્તિ છે અને ચોથી તરફ જરા ( વૃદ્ધાવસ્થા ) છે. આવા ચાર અંગવાળી અનિત્યતા આ સંસારને વિષે પ્રાણીને હણી નાખે છે. એવા આ અસાર સંસારને વિષે નિરંતર વસનારા સત્પુરૂષોએ અનુક્રમેજ ( વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય ત્યારેજ )

ધર્મનું આચરણ કરવું એમ કોણ કહેશે ? કોઇજ નહીં. અવશ્ય મોક્ષ પ્રાપ્ત થશે જેને એવા જ્ઞાની જિનેશ્વર ભગવાન પણ પ્રમાદ સેવતા નથી, તો મારા જેવા આળસુએ તો નજ પ્રમાદ સેવવો જોઇએ. જેમ રંક પુરૂષ ઘણા પ્રકારના ભોજન પામીને ખાવાને ઉત્સુક થાય છે તેમ ધર્મની જોગવાઇ પામીને બુદ્ધિવંત વિલંબ કરેજ નહીં. નીતિશાસ્ત્ર કહે છે કે કાલે જે કામ કરવાનું હોય તે આજેજ કરી નાખવું અને પાછલા પુહોરે જે કરવું હોય તે પહેલે પહોરે કરી નાખવું. કારણ કે આ પુરૂષનું કામ થયું છે કે નહીં એમ મૃત્યુ બીલકુલ વિચારતો નથી. ”

સ્થૂલભદ્રજીનાં વચનો શ્રવણગોચર થયાં કે તરત કોશા વેશ્યાનો મત્સર ઉતરી ગયો અને શોકના આવેશથી જાણે મૂર્છા પામતી હોય નહીં તેમ નિશ્વાસ મૂકી મુનિને ફરીથી કહ્યું-“હે નાથ ! જ્યારે આપના જેવા સત્પુરૂષ સન્માર્ગનો લોપ કરવા તૈયાર થાય છે ત્યારે હવે શું કરવું અથવા શું કહેવું ? પ્રાયે એક બે દિવસના પરોણા પણ ઘરધણીની રજા લીધા શિવાય જતા નથી એવી લોકસ્થિતિ છે તો આપ તો અહીં બાર વરસ સુધી રહ્યા, ભોજન કર્યું, બેઠા તથા સુતા અને હવે મને પૂછ્યા વિના આપ ચાલ્યા જાઓ એ આપને ઘટતુંજ નથી, અથવા એમાં આપનો બીલકુલ દોષ નથી, દોષ મારા પૂર્વભવના કર્મનો છે કે જે કર્મના વશથી આપ સરખા પણ લોકાચારને તજી દેનાર થયા. ”

પ્રત્યુત્તરમાં સ્થૂલભદ્રજી પવિત્ર વચન બોલ્યા કે “ હે

ભોળી ! મારા ભ્રમરહિત વચન સાંભળ, પૂછીનેજ બીજે ગામે જવું એવી નિશ્ચયથી એકાંતિક મર્યાદા નથીજ. કોઇ જગાએ પૂછીને જવાય છે અને કોઇ જગાએ વિશેષ કારણને લીધે પૂછ્યા શિવાય જવાય છે, જેમ કે પોતાના કાર્યની સિદ્ધિને અર્થે શ્રેણિક આદિ સો કુમાર પોતાની સ્ત્રીઓને પૂછ્યા શિવાય પરદેશ ગયા હતા એવી શ્રુતિ પણ છે. તેમ હું પણ મારા કાર્યની સિદ્ધિને માટે વ્રત આદિ આદરતો હવો તેથી હું ઉપાલંભ ( મ્હેણું ) ને યોગ્ય નથી એ તો દેખીતુંજ છે. અથવા બીજી રીતે જોતાં મનુષ્યને પોતાનું અત્યંત હિત કરનાર હોય તેનેજ કોઇ પણ કાર્ય કરતા પહેલાં પૂછવાની જરૂર છે, બીજાને પૂછવાની કાંઇ પણ જરૂર નથી. પોતાનાજ કાર્યને વિષે તત્પર અને પારકાનું કાર્ય કરવામાં પરાઙ્મુખ ( પાછું જોનારા ) એવા આ લોકસમૂહને વિષે જોતાં હું વિચાર પણ કરી શકતો નથી કે ફલાણો મારો હિતકારી છે. વળી નીતિનું પણ વચન છે કે:-

शार्दूलविक्रीडितवृत्तम्

वृक्षं क्षीणफलं त्यजंति विहगाः शुष्कं सरः सारसाः
पुष्पं पर्युषितं त्यजंति मधुपाः दग्धं वनांतं मृगाः ।
निर्द्रव्यं पुरुषं त्यजंति गणिका भ्रष्टं नृपं सेवकाः
सर्वः स्वार्थवशाज्जनोऽभिरमते नो कस्यकोवल्लभः ॥

અર્થ-ફળરહિત વૃક્ષનો પક્ષિઓ ત્યાગ કરે છે, શુષ્ક સરોવરનો સારસ પક્ષીઓ ત્યાગ કરે છે, કોહી ગયેલા પુ-

લને ભ્રમરો ત્યાગ કરે છે, બળતા વનના મધ્યભાગને મૃગો છોડી દે છે, દ્રવ્ય રહિત પુરૂષનો ગણિકા ત્યાગ કરે છે, ભ્રષ્ટ થયેલા રાજાને તેના સેવકો છોડી દે છે. ફક્ત સ્વાર્થને લીધેજ સર્વ લોકો ક્રીડા કરી રહ્યા છે. બાકી કોઇ કોઇને વહાલો નથી.

વળી કહ્યું છે કે:-

शिखरिणीवृत्तम्

न गांगं गांगेयं सुयुवतिकपोलस्थलगतं
न वा शुक्तिं मुक्तामणिरुरसिजास्वादरसिकः।
न कोटीरारूढः स्मरति च सवित्रीं मणिचयः
ततो मन्ये लोकं स्वसुखनिरतं स्नेहविरतम् ॥

અર્થ-પૂર્વે પાષાણની સાથે મિશ્ર થયેલું સોનું શુદ્ધ થતાં જ્યારે સ્ત્રીના કપોલ ઉપર વિરાજે છે ત્યારે તે માટીને સંભારતું નથી. અથવા સ્ત્રીના કુચસ્થળના આસ્વાદનું રસિક મોતી ફરીથી છીપને સંભારતું નથી, મણિનો સમૂહ મુગટને વિષે જડાયા પછી ખાણરૂપ પોતાની માતાને પણ સંભારતો નથી. તેથી હું તો એમજ માનું છું કે સંસારને વિષે લોકો પોતાના સુખમાંજ મચી રહેલા છે, બાકી ખરેખર જોતાં તો સ્નેહ વિનાના છે. અર્થાત્ સ્વાર્થ લગી પ્રીતિ છે.

“આ જગતને વિષે પોતાનો તો કોઇ પણ નથી. જો પોતાનો હોય તો પોતાના વહાલાનો ત્યાગ કરી પરલોક પ્રાપ્ત કરેજ નહીં. પુત્રો પિતાથી જુદા પડી જાય છે, બાંધવો બાંધવોથી જુદા પડે છે, એ પ્રમાણે જગતને વિષે સર્વ જુદા પડે છે,

પરંતુ ધર્મ અને આત્મા એ બે વસ્તુ આદિમાં તેમજ અંતે નિશ્ચલજ છે. આત્મા જ્યારે પાપકર્મને વિષે લીન થઇ જાય છે ત્યારે તે વેરીરૂપ થાય છે અને ફરીથી તેજ આત્મા જો પુણ્યકર્મને વિષે લીન થાય તો તે મિત્રરૂપ થાય છે. એવી શ્રી અરિહંતની વાણીથી મારૂં હિત કરનાર તો મારો આત્માજ છે. તેથી કાંઇ પણ કાર્ય કરવું હોય તો તે આત્માનેજ પૂછવું જોઇએ અને તે પ્રમાણે હે ભોળી ! મેં મારા કલ્યાણકારી આત્માને પૂછેલું પણ છે. વળી નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે श्रेयांसि बहुविघ्नानि અર્થાત્ કલ્યાણના કાર્યને વિષે ઘણાં વિઘ્નો નડે છે, તો બીજાને પૂછવાથી પોતાના કાર્યનો વિનાશ કોણ કરે ? નિશ્ચયે કોઇજ નહીં. ગૌતમ પ્રમુખ બ્રાહ્મણોએ જ્યારે દીક્ષા લીધી ત્યારે તેઓ પોતાના કુંટુંબીઓને પૂછવા ગયા નથી. કારણકે તેથી તો સ્વાર્થનો નાશ થાય અને स्वार्थभ्रंशो हि मूर्खता પોતાના અર્થનો નાશ કરવો એ મૂર્ખાઇ છે. તેમજ આર્દ્રકુમારે પણ વ્રત લેવાની ઇચ્છા થઇ ત્યારે પોતાના પિતાને પૂછયા વિના રાજ્યનો ત્યાગ કર્યો. અહો સજ્જનોનું ચરિત્ર અતિ પવિત્ર છે ! પૂર્વે સનત્કુમાર સરખા અસંખ્યાતા સત્પુરૂષોએ પોતાના કુટુંબને પૂછયા શિવાય સ્વાર્થનું સાધન કરેલું છે. અહો ! એ ગંભીરતા તો ઘણી અદ્‌ભુતજ સમજવી. એજ દૃષ્ટાંતને અનુસારે મેં પણ તને પૂછયા શિવાય દીક્ષાવ્રત અંગીકાર કર્યું છે. અલબત સંસારનો ક્રમ દુઃખે ત્યજવા યોગ્ય છે.”

મુનિનાં આવાં યુક્તિયુક્ત વચનોથી કોશા ગણિકા નિ-

રૂત્તર થઇ ગઇ તો ખરી તો પણ ગણિકા બુદ્ધિનું નિધાન છે તેથી બોલી કે "હે સ્વામિન્! 'તારી હું છું અને તું મારો છે' એમ આપણે બંનેનું ઐક્ય કરેલુંજ છે ( વચનથી બંધાયેલા છીએ ) તો તે ઐક્યને તજી આપ જુદાપણું કેમ કરો છો ? " વેશ્યાનાં આવાં વચનો સાંભળી મુનિને વિષે શિરોમણિ એવા સ્થૂલભદ્ર મુનિ બોલ્યા કે "આપણા બંનેનું ઐક્ય છે એવું તેં જે કહ્યું તે તાત્વિક કહેતાં નિશ્ચિત વાત નથી. કારણ કે બાહ્ય એકતાનો વિચાર કરતાં જાતિ વિગેરેના પ્રકારથી આપણ બંનેનું ઐક્ય નથી. અથવા જો છે સો તે સંદેહ ભરેલું છે. કેમકે તું તો—જાતિમાં ઉત્પન્ન થયેલી છે અને હું બ્રાહ્મણની જાતિમાં ઉત્પન્ન થયો છું. આ પ્રમાણે જાતિભેદને લીધે આપણા બંનેની એકતા નથીજ. આકારથી પણ તું સ્ત્રી છે અને હું પુરૂષ છું. તેથી આકારમાં પણ આપણું જુદાપણું છે. વળી નામથી પણ આપણે જુદા છીએ, કારણ કે તારૂં નામ કોશા છે અને મારૂં નામ સ્થૂલભદ્ર છે; તું તો ગણિકાના આચારમાં ચતુર છે અને હું તો ફક્ત યતિના આચારનો રાગી છું. આ પ્રમાણે આચારથી પણ આપણામાં જુદાપણું છે એમ અનેક પ્રકારે આપણી વચ્ચેનો પ્રથક્ ભાવ પ્રકટજ છે. તો તું મહોડેથી મુંઝાઇને આપણી વચ્ચે એકતા કેમ કહે છે ? અથવા બીજે પક્ષે જોતાં કોઇક વસ્તુઓને વિષે એકતારૂપ ગાઢ સંબંધ હોય છે તો પણ કોઇ વસ્તુના યોગથી ક્ષણમાત્રમાં તેઓમાં ભેદ પણ પડી જાય છે, જેમકે સોનું અને માટી પ્રથમ એક

છતાં અગ્નિના સંયોગે તરતજ જુદા થઇ જાય છે; અથવા કોઇ વાસણમાં દૂધ અને પાણી એકઠા કર્યા છતાં હંસરાજ તરતજ બંનેને જુદા પાડી નાખે છે. વસ્ત્ર અને મેલ વચ્ચે ઘણા કાળથી એકતા હોય તોપણ જળના સંયોગે તેઓ જુદા થઇ જાય છે. તેમજ સ્નેહના યોગથી મારૂં અને તારૂં ઐક્ય થયું હતું, પણ સમ્યગ્ જ્ઞાનના સંયોગથી આજે તારો અને મારો અત્યંત ભેદ થયો છે. આ અપાર સંસારને વિષે પરિભ્રમણ કરનાર પ્રાણીઓને સર્વ પ્રાણીઓની સાથે સંબંધ હોવાથી તે તેના કુટુંબીક છે, કારણ કે માતા પિતા સહસ્ત્રગમે થયા અને પુત્ર ભાર્યા વિગેરે પણ યુગયુગને વિષે અતીત કાલે થયા તો તું કોની અને અમે કોના? આ પ્રકારે માતા મરીને પિતા થાય, પિતા મરીને ભાર્યા થાય એવી આ જગતની વિપરીત સ્થિતિ જાણીને પંડિત લોકોએ કહ્યું છે કે પ્રાણીઓ મોહથી મુંઝવનારી મમતાનો ત્યાગ કરી સુખ આપનારી સમતાને અંગીકાર કરે. પરિમાણ રહિત મમત્વના દોષથી દુષિત પુરૂષો મમ્મણ શેઠ વિગેરે પણ દુઃખનું ભાજન થયા છે. બીજી બાજુએ પૃથ્વીચંદ્ર આદિ પહેલેથીજ સમતાના સંગથી શોભતા ગૃહસ્થાવાસ ધારણ કરતાં છતાં ઉજ્વલ કેવલજ્ઞાન પ્રાપ્ત કરતા હવા.”

એ પ્રમાણે સ્થૂલભદ્ર મુનિનાં વચનથી પ્રતિબોધ પામી સ્મિતહાસ્યથી શોભતું છે મુખ જેનું એવી કોશા ગણિકા મહામુનિ સ્થૂલભદ્ર સ્વામીને પ્રણામ કરી બોલી કે “ હે મુનિ! જે ગણિકાના ઘરની પાસેથી પણ કોઈ મુનિઓ જાય

નહીં તે ગણિકાના ઘરને વિષે આપ પૂર્વે રહ્યા તેથી હું મને ભાગ્યશાળી ગણું છું. તેથી હે પ્રભુ! આપ મારી ઉપર પ્રસન્ન થાઓ અને મને સમ્યક્ પ્રકારે ધર્મ આપો. સજ્જન પુરૂષની પાસે યાચના નહીં કર્યા છતાં વાંચ્છિત આપે છે તો યાચના કર્યા પછી શું ન આપે : આપેજ." સ્થૂલભદ્ર મહામુનિ વેશ્યાની યોગ્યતા જાણીને સર્વ સુખનું કારણ એવો ધર્મ પ્રાપ્ત કરાવતા હવા. શ્રદ્ધા સહિત તે ધર્મ સાંભળી કોશાએ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. જેમ તૃષાથી પીડાતો પ્રાણી પાણી તરતજ પીએ છે અને ક્ષુધાથી દુઃખી થતો પ્રાણી ભોજન તરતજ ગ્રહણ કરે છે તેમ તે કોશા વેશ્યાએ શ્રાવકધર્મ અંગીકાર કર્યો; અને આ મારા સ્વામી ખરેખર બ્રહ્મચર્ય ધારણ કરનાર છે એમ જાણી પોતે પણ બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું અને પોતાને ધન્ય માનતી, મુનિને પ્રણામ કરતી, તેની પ્રશંસા કરતી, તેથી વિશેષ હર્ષ ધરતી, માનવતી તે સ્ત્રી બોલી-" હે સ્વામિન્! સમતારૂપ અમૃતના સમુદ્રના મધ્ય ભાગને વિષે સ્નાન કરતા અને સદા શાંત રસનો આસ્વાદ લઇને આનંદ પામતા એવા આપ દીર્ઘકાળ પર્યન્ત જયવંતા વર્તો અને-

अनुष्टुप्.

जय त्रिजगति वीर जय धीरशिरोमणे ।
जय नीरधिगंभीर जय संसारपारग ॥ १ ॥
अभिरामगुणग्राम भुवनैकविभूषण ।
जय जंगमतीर्थाभ विगताशेषदूषण ॥ २ ॥

અર્થ-ત્રણ જગતને વિષે વીર સમાન, ધીરપુરૂષને વિષે મુકુટ સમાન, ગંભીરતાને વિષે સમુદ્ર સરખા તેમજ સંસારના પારગામી એવા આપ જયવંત વર્તો ! મનોહર ગુણના સમૂહથી શોભતા, ભુવનને વિષે એકજ આભરણ, જંગમ તીર્થ, દુષણ રહિત એવા આપ જય પામો !

"હે નાથ ! જેમ પરમેશ્વર વિના બીજો કોઇ કલ્યાણકારી નથી, બૃહસ્પતિથી અધિક કોઇ વાચાળ નથી, સૂર્યથી અધિક કોઈ તેજસ્વી નથી તેમ આપથી અધિક કોઇ તપસ્વી નથી. ચારિત્રના યોગથી આપ યોગી માંહે ઉત્કૃષ્ટ યોગીછો, સર્વ મુનિમાંહે ઉત્કૃષ્ટ મુનિ છો, સર્વ જ્ઞાનીમાંહે ઉત્કૃષ્ટ જ્ઞાની છો. જગતત્રયને વિષે સહસ્ત્રગમે શુરવીર પુરૂષો છે, લાખોગમે લક્ષ્મીવંત પ્રાણીઓ છે, કોડોગમે ક્રિયાની રૂચિ ધરનાર પુરૂષો છે, પરંતુ આપના સરખા યોગી કોઇ નથી. હે નાથ ! આ વિશ્વને વિષે આપ સમાન કામનું મથન કરી નાખનાર કોઇ પણ પુરૂષ મેં દીઠો નથી, સાંભળ્યો નથી તેમ થયો નથી અને થશે નહીં. જેમ સિદ્ધરસના સ્પર્શથી લોઢું સુવર્ણતા પામે છે અથવા ચારૂ ચંદનના ગંધથી બોરડી પણ મલયાચલના ચંદનગુણ પ્રાપ્ત કરે છે તેમ સર્વ વિરતિ ચારિત્રને વિષે ઉદ્યમી એવા આપના સંયોગથી મને પણ દેશવિરતિ ચારિત્રને વિષે રાગ થયો છે. કારણ કે સંગતિને લીધે સરખા ગુણ પ્રાપ્ત થાય છે. આપ પૂર્વે ગૃહસ્થાશ્રમને વિષે સઘળા પ્રકારની વસ્તુઓના દાનથી મારા સ્વામી હતા. હમણા ધર્મના દાનથી આપ મારા ધર્મગુરૂ થયાછો. આપે

અને ધર્મ પમાડવાથી ત્રિલોકની સંપદા આપી તેથી સેંકડો ઉપકાર કરતા છતાં પણ હું આપના ઋણ રહિત નહીં થાઉં. હે પ્રભુ ! આ અપાર સંસારને વિષે તથા મોહરૂપ સમુદ્રને વિષે બુડતી એવી જે હું તેનો આપે પુણ્ય રૂપ વહાણ આપી ઉદ્ધાર કર્યો. ખરેખર ! આપના ગુણ જેવા છે તેવા કહેવાને બૃહસ્પતિ સરખો શક્તિવાન નથી તો મારા સરખી કેમ સમર્થ થાય! હે સ્વામિન્ ! મોહથી મૂઢ થયેલી અને પાપને વિષે તત્પર એવી મેં આપના ધ્યાનને વિષે વચનાદિકથી વિઘાત કર્યો તેને માટે હે ક્ષમાનિધિ ! આપ ક્ષમા કરો.”

ઇત્યાદિ વચન કહી પોતાના આચારનો ત્યાગ કરી ગણિકા શ્રાવકવ્રતને વિષે રાગી થતી પ્રશાંત મનથી અહર્નિશ્ સાધુની સેવા કરે છે, જિનેશ્વર ભગવાનની પૂજા કરેછે, શ્રી જિનભાષિત સિદ્ધાંત ભણે છે, પંચ પરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરે છે અને સુકૃત્યની ક્રિયાઓ આરંભી રહી છે. આ પ્રકારે કોશા પુણ્યના સમૂહથી શોભતી દિવસો નિર્ગમન કરવા લાગી અને બીજી બાજુએ સ્થૂલભદ્ર મુનિએ પણ સંયમ રૂપ બાગને વિષે રહેતા સમાધિ સહિત આખું ચોમાસું નિર્ગમન કર્યું.

હવે સિંહ ગુફા પ્રમુખ વિગેરે ઠેકાણેથી ત્રણે સાધુ ચોમાસું પૂરૂં કરીને ગુરૂ સમીપે આવ્યા. સાધુઓને આવતા જોઇને ગુરૂએ કુશલ સમાચાર પૂછયા અને કહ્યું કે ‘તમે દુષ્કર કરણીના કરનાર છો.’ સ્થૂલભદ્ર મુનિ પણ કોશાને ત્યાંથી ઉપાશ્રયે આવ્યા કે તરતજ ગુરૂએ ઉઠીને મોટા હર્ષથી

કહ્યું-"હે ધીર ! તને કુશલ તો છે ? તેં દુષ્કર તપ કર્યું છે. તારૂં સંવર ઉત્કૃષ્ટ છે અને તેં દુર્ધર કામરૂપ તસ્કરને જીત્યો છે." ગુરૂની આવી વાણી સાંભળીને ઇર્ષ્યાથી પેલા ત્રણે તપસ્વીઓ માંહોમાંહે બોલવા લાગ્યા કે "અહો આશ્ચર્ય ! ગુરૂનું કહેવું કેવું અઘટિત છે ! સમતાને ભજનાર એવા ગુરૂ પણ સ્થૂલભદ્ર પ્રધાનનો પુત્ર છે એમ જાણી તેનું બહુ માન કરે છે, મોટાઇને લીધે કોણ વહાલો નથી હોતો ? અ- થવા એ તો ખરૂં છે કે લોકો મોઢું જોઇનેજ ચાંલ્લો કરે છે. વળી લોકોને વિષે ઉદય પામતા પુરૂષોજ વંદનીય થાયછે." આ પ્રમાણે તત્ત્વના જાણ ત્રણે મુનિઓ પણ અતિ ઉત્કટ મત્સર ધરવા લાગ્યા, અને જેમ મેઘ થકી વિજળીનો તાપ પ્રગટ થાય અથવા જાજ્વલ્યમાન દીવામાંથી અંજન પ્રગટ થાય તેમ તેમને ક્રોધ ઉત્પન્ન થયો. ત્રણે મુનિ એમ ચિંત- વવા લાગ્યા કે ગુરૂની વિવેકશક્તિ આપણે જાણી. હીન સ્થૂલભદ્રની ગુરૂએ પ્રશંસા કરી, અને આપણે ઉત્કૃષ્ટ હતા તેની પ્રશંશા ન કરી. ચિત્રશાલામાં રહેવાથી અને મન ગમતાં ભોજનની પ્રાપ્તિથી દુ:કર દુ:કરપણું જો થતું હોય તો આપણે પણ તે રીતે સાધવું." એવું હૃદયને વિષે વિચા- રતાં આઠ માસ તો તેઓએ નિર્ગમન કર્યાં.

હવે પૂર્વે જે સાધુએ સિંહની ગુફામાં ચોમાસું નિર્ગ- મન કર્યું હતું તે સાધુએ વર્ષાકાળ આવતાં પહેલાં સ્થૂલ- ભદ્ર ઉપરના મત્સરથી ગુરૂને વિનતિ કરી કે "હે સ્વામી ! આપનો આદેશ હોય તો સ્થૂલભદ્રની પેઠે આ ચોમાસું

કોશાના ઘરને વિષે નિર્ગમન કરવાથી મને પણ દુ:કરપણું પ્રાપ્ત થાઓ." મત્સરના દોષનો ભાવ જાણી ઉપયોગ દઇ ગુરૂ બોલ્યા-"હે વત્સ ! એ ચોમાસું તને પરિણામે મનોહર નહીં થાય તેથી મત્સરનો ત્યાગ કરી નિર્મલ બુદ્ધિથી સંયમ સુખે સાધો. મત્સરનો દોષ સામાન્ય જનને પણ તજવા યોગ્ય છે તો ગુણવાન પુરૂષોને કેમ ન હોય ?"

ગુરૂએ વાર્યા છતાં પણ તે મુનિ કોશાને ઘેર ગયા. પ્રાયે મૂર્ખબુદ્ધિ પુરૂષો ઉપદેશ માનતા નથી. હવે તે કોશાને ઘેર જઇને મુનિએ રહેવાનું સ્થાન માગ્યું.

કોશાએ તે આપ્યું અને મુનિ ઘણાજ હર્ષથી ત્યાં રહેવા લાગ્યા. કોશાના હાવભાવ વિલાસ આદિ જોઇને તે સાધુ તેના ઉપર અતિશય અનુરક્ત થયા. ખરેખર ! કાચો માટીનો ઘડો પાણીનો સમૂહ ધારણ કરવા સમર્થ હોતો નથી. તે મુનિએ પોતાની સ્પર્દ્ધાને વિસારી દઇ ગણિકાની પાસે કામપ્રાર્થના કરી. કારણ કે કામનો વિકાર માનવંત પુરૂષને પણ વિષમ છે. તત્ત્વની જાણ અને ઇંદ્રિયને જીતનારી તે બુદ્ધિવાન ગણિકાએ સાધુની ઇચ્છા ન કરી અને તેને પ્રતિબોધવા માટે તે સાધુને કહ્યું-"હે મુનિ! આપ શું નથી જાણતા કે વેશ્યાઓ કોઇને વશ હોતી નથી ? ધન વિનાનો જે પુરૂષ વેશ્યાની અભિલાષા કરે છે તે પુરૂષ કોઢીઓ થાય છે, તેથી આપ વિવિધ પ્રકારના ઉપાયથી ઘણું ધન ઉપાર્જન કરીને અહીં આવો." મુનિએ કહ્યું-"હું ધન ઉપાર્જન કરવાનો ઉપાય જાણતો નથી." વેશ્યા બોલી કે "જો એમ

હોય તો મારૂં વચન સાંભળો નેપાળનો ભૂપાલ સાધુઓને રત્ન-કંબળ આપે છે તે લઇને આપ અહીં આવો તો આપ ધનવાન છો એમ હું જાણીશ." વેશ્યાનું આવું બોલવું સાંભળી સાધુએ તેમ કરવા કબુલ કર્યું ને વર્ષાઋતુને વિષે પણ ને-પાલ દેશમાં જવા તેઓ ચાલતા થયા. ઇંદ્રિયોથી જીતાયેલો જીવ શું અકાર્ય કરતો નથી ? નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે ઇં-દ્રિયને વશ થયેલા પુરૂષો સ્વાદ નહીં લેવા યોગ્ય વસ્તુઓનું આસ્વાદન કરે છે, નહીં પીવા યોગ્ય વસ્તુઓનું પાન કરે છે અને જ્યાં નહીં જવું જોઈએ ત્યાં ગમન કરે છે.

હવે તે સાધુએ નેપાલ દેશને વિષે જઇ રાજા પાસેથી યાચના કરી રત્નકંબલ પ્રાપ્ત કર્યું અને પોતાના દાંડામાં ગુપ્ત રીતે સંતાડી પાછા ફર્યા. રસ્તામાં વૃક્ષ ઉપર બેઠેલા એક પોપટે મુનિને જતાં જોઇ ચોરોના સેનાધિપતિ પોતાના સ્વામીને કહ્યું કે "લક્ષ દ્રવ્ય જાય છે." ચોર પોતાની ઝુંપ-ડીમાંથી ઉઠયો, પરંતુ મુનિ છે એમ જાણી વિશેષ દરકાર કરી નહીં. પોપટે ફરીથી કહ્યું કે " લક્ષ દ્રવ્ય ફોકટ જવા દીધું." ત્યારે ચોરનો સેનાધિપતિ ફરીથી શંકાસહિત ઉઠયો અને સાધુની પાછળ ગયો. સાધુને પોપટનું કહેવું પૂછયું ત્યારે સાધુએ તો જેવી વાત હતી તેવી કહી. દયા આવ-વાથી ચોરે સાધુને જવા દીધા. હવે તે મુનિ કોશાને ત્યાં આવ્યા અને રત્નકંબલ તેને આપ્યું. નિર્મળ બુદ્ધિવાળી કોશાએ તે રત્નકંબળ ખાળમાં નાખી દીધું. સાધુએ ગણિ-કાને ઘણી વારી અને કહ્યું કે " હે મૂર્ખ ! તેં આ શું કર્યું ?

મહાકષ્ટે એ રત્નકંબલ મેં પ્રાપ્ત કર્યું અને તેં તો એ કાદવમાં ફેંકી દીધું." કોશાએ કહ્યું–"હે મુનિ! હું મૂર્ખ નથી પણ આપ મૂર્ખ છો. એ ખાળકુંડી કરતાં શ્લેષ્મ આદિ સાત ધાતુથી ભરેલું મારૂં શરીર વિશેષ મલિન છે. તો આવા મલિન શરીરને માટે અતિશય દુર્લભ અને અતિ પવિત્ર એવું ચારિત્ર માલન કરવા આપ તત્પર થયા છો તો આપને હું શું કહું ! " કોશાની આવા પ્રકારની વાણીથી મુનિ પ્રતિબોધ પામ્યા અને તરતજ સંવેગનો ઉદય થયો. પછી મુનિએ કોશાને કહ્યું કે " તેં મને બરાબર પ્રતિબોધ આપ્યો અને સંસારમાં પડતાં અટકાવ્યો. મારૂં દુઃકૃત્ય મિથ્યા થાઓ અને તને ધર્મ લાભ હો ! હવે હું ગુરૂની પાસે જઇશ અને વિશુદ્ધિને અર્થે પાપની આલોચના લઇશ." કોશાએ પણ મુનિને કહ્યું કે " બ્રહ્મચર્યને વિષે રહી આપને પ્રતિબોધવાને અર્થે મેં આપની અવજ્ઞા કરી અને આટલો ખેદ પ્રાપ્ત કરાવ્યો તેને માટે મને ક્ષમા કરશો." મુનિએ કહ્યું કે " એમજ હો. " પછી મુનિ ગુરૂની પાસે ગયા અને થયેલા દુષ્કૃત્યને માટે આલોચના લીધી, અને ગુરૂની આજ્ઞા પ્રમાણેજ તપ આદરવા લાગ્યા. ગુરૂએ ઠપકો આપ્યો કે "હે મુનિ! તારી અને પારકાની વચ્ચેનું અંતર તેં જાણ્યું ? ઘણા કાળથી સ્નેહયુક્ત પણ ગણિકાના વિલાસની સ્થૂલભદ્રે બીલકુલ દરકાર કરી નહીં, પરંતુ તેં તો એજ ગણિકાની અતિશય કામપ્રાર્થના કરી. વળી દ્રવ્ય ઉપાર્જન કરવાથી તું વગોવાયો તેથી તારી આત્મજ્ઞતાને ધિક્કાર પડયો." ગુરૂનાં આવાં વચનથી લજ્જા પામી ગુરૂને નમસ્કાર કરી ઘણાજ

વિનયથી ક્ષમા માગી. વળી તે મુનિએ સ્થૂલભદ્રને કહ્યું કે "આપ ધીરપુરૂષને વિષે અગ્રગામી છો અને કાયર પુરૂષમાં હું અગ્રગામી છું, આપ ગુણવંત પુરૂષોમાં શિરોમણિ છો, હું નિર્ગુણ પુરૂષોમાં શિરોમણિ છું. આપની સાથે સ્પર્દ્ધા કરવાની કુબુદ્ધિ ઉત્પન્ન થવાથી હું સઘળું પુણ્ય હારી ગયો અને તેને બદલે અપયશ પ્રાપ્ત કર્યો." એ પ્રકારે પશ્ચાત્તાપ કરતા અને પોતાની નિંદા કરતા મુનિએ સ્થૂલભદ્રને ખમાવ્યા; અને પોતાની ને સ્થૂલભદ્રની વચ્ચે કેટલો અંતર છે તેનો વિચાર કરતાં માલમ પડયું કે સ્થૂલભદ્રે તો ત્રણ જગત્‌ને પણ જીતનારા કામરાજા ઉપર જીત મેળવી છે પરંતુ એજ કામે મને જીતી લીધો. વળી તે કોશાને સ્થૂલભદ્રે પ્રતિબોધ પમાડી શ્રાવિકા કરી અને મને તો ઉલટો કોશાએ પ્રતિબોધ પમાડયો. સ્થૂલભદ્ર સિંહની પેઠે સ્નિગ્ધ આહાર લેતાં છતાં પણ પાંચ ઇંદ્રિયના જીતનારા થયા અને હું લુખો આહાર ખાતાં છતાં કબુતરની પેઠે કામી થયો. જે ગણિકાને ઘેર સ્થૂલભદ્ર ચાર માસ સુધી સુખે સમાધિએ રહ્યા ત્યાં હું ક્ષણમાત્રના પણ વાસથી વગોવાયો. તો કયાં એ ધૈર્યવંત પુરૂષોને વિષે અગ્રેસર સ્થૂલભદ્ર! અને કયાં હું ધૈર્ય રહિત નીચ પુરૂષ! ગુરૂની આજ્ઞાના ખંડનથી મારૂં માન ભંગ થયું અને ફળ પણ તેવુંજ મળ્યું. ઇત્યાદિ ઇત્યાદિ આત્મનિંદા કરતા તે મુનિ સ્થૂલભદ્રની સ્તુતિ કરવા લાગ્યા.

वसंततिलकावृत्तम्

श्रीस्थूलभद्र शकटालकुलावतंस

विश्वत्रयीविमलमानसराजहंस ।
सम्यक्सलीलशुचिशीलगुणैकचंद्र
जीयाः प्रभोरचितसिद्धिरमारिरंस ॥

અર્થ-શકડાલ મંત્રીના કુલને વિષે મુકુટ સમાન હે સ્થૂલભદ્ર ! ત્રણ જગતના મનરૂપ માનસ સરોવરને વિષે હે રાજહંસ ! સમ્યક્ પ્રકારે લીલા સહિત પવિત્ર શીલ ગુણને વિષે ચંદ્રમા સમાન ! મોક્ષરૂપ લક્ષ્મીને વિષે જેણે રમણ રચ્યું છે એવા હે પ્રભુ ! આપ જય પામો.

गिरौ गुहायां विजने वनांतरे
वासं श्रयंतो वशिनः सहस्रशः ।
हर्म्येऽतिरम्ये युवतीजनांतिके
वशी स एकः शकटालनंदनः ॥

અર્થ-પર્વતની ગુફાને વિષે અથવા ઉજડ જંગલમાં વસનારા સહસ્રગમે મુનિઓ છે. પરંતુ અતિ મનોહર મંદિરને વિષે નવયૌવન કામિનાની પાસે જિતેંદ્રિય રહેનારો એક શકટાલપુત્ર સ્થૂલભદ્રજ છે.

योऽग्नौ प्रविष्टोऽपि हि नैव दग्धः
छिन्नो न खड्गे न कृतप्रचारः ।
कृष्णाहिरंध्रेऽप्युषितो न दष्टो
नाक्तोऽजनागारनिवास्यहो यः ॥

અર્થ-જે અગ્નિને વિષે પ્રવેશ કરતાં બળ્યો નહીં, જે ખડ્ગથી છેદ્યો છેદાયો નહી, જે કાળા સર્પના બીલની પાસે વસતાં તેનાથી દંશાયો નહીં અને કાજળનાજ ઘરને વિષે રહેતાં પણ જેમને બીલકુલ લેપ લાગ્યો નહીં તે તો ખરેખર આશ્ચર્યકારી છે.

शार्दूलविक्रीडितवृत्तम्

वेश्या रागवती सदा तदनुगा षड्भीरसैर्भोजनं
शुभ्रं धाम मनोहरं वपुरहो नव्यो वयः संगमः ।
कालोऽयं जलदाविलस्तदपि यः कामं जिगौ सादरं
तं वंदे युवतीमबोधकुशलं श्रीस्थूलभद्रं मुनिम् ॥

અર્થ—સ્નેહયુક્ત વેશ્યા જેની સેવા કરતી હતી, વળી ષડ્ રસથી યુક્ત જેને ભોજન મળતું હતું, જેને રહેવાને સુંદર સ્થાનક હતું, મનોહર શરીર અને યૌવન અવસ્થાનો સંગમ એ પણ જેને પ્રાપ્ત થયેલાં હતાં, વળી કાળ મેઘની ઘનઘટાથી વ્યાપ્ત હતો તો પણ લીલામાત્રથી જેણે કામ ઉપર જય મેળવ્યો એવા સ્ત્રીને પ્રતિબોધ આપવામાં કુશળ શ્રી સ્થૂલભદ્ર મુનિને હું વંદના કરૂં છું.

यथा न सूर्यादधिका दिवि ग्रहाः
कल्पद्रुमान्नो फलिनोपि भूरुहाः ।
सज्जात्यजंबूनदतो न धातवः
श्री स्थूलभद्रान्न तथात्र साधवः ॥

અર્થ—જેમ સૂર્યથી અધિક આકાશને વિષે કોઇ ગ્રહ નથી, કલ્પવૃક્ષથી અધિક ફુલવંત કોઇ વૃક્ષ નથી, જાત્યવંત સુવર્ણથી અધિક કોઈ ધાતુ નથી તેમ શ્રી સ્થૂલભદ્રથી અધિક કોઇ સાધુ નથી.

लोकोत्तरा गुणगणाः किल यस्य शस्याः
लोकोत्तरं विमलशीलमलं सलीलं ।
लोकोत्तरं सकलचित्रकरं चरित्रं
लोकोत्तरः स जयताच्छकटालसूनुः ॥

અર્થ જેના પ્રશંસનીય ગુણનો સમૂહ લોકોત્તર છે, જેનું લીલાસહિત પવિત્ર શીલવ્રત લોકોત્તર છે, જેનું સકળ જનને આશ્ચર્ય ઉત્પન્ન કરનાર ચરિત્ર પણ લોકોત્તર છે, એવા શકડાલમંત્રીના લોકોત્તર પુત્ર શ્રી સ્થૂલભદ્ર જય પામો.

भूर्यं नभो लेखनिका सुमेरुः
सिंधुर्मषीभाजनमेव पूर्णं ।
चेल्लेखको लेखपतिस्तदास्यात्
संख्या गुणानां शकटालसूनोः ॥

અર્થ-આકાશને કાગળ બનાવો, મેરૂ પર્વતને કલમ બનાવો, સમુદ્રને સાહીથી ભરેલું વાસણ બનાવો અને પછી ઇંદ્ર લખનાર હોય તોજ શ્રીસ્થૂલભદ્ર સ્વામીના ગુણની સંખ્યા થાય.

બીજા આચાર્યે પણ કહ્યું છે કે-

श्रीशांतीनाथादपरो न दानी
दशार्णभद्रादपरो न मानी ।
श्रीशालिभद्रादपरो न भोगी
श्रीस्थूलभद्रादपरो न योगी ॥

શ્રી શાંતિનાથ ભગવાન કરતાં બીજો કોઇ દાની નથી, દશાર્ણભદ્ર રાજા કરતાં બીજો કોઇ માની નથી, શાલીભદ્રથી અધિક બીજો ભોગી નથી તેમ શ્રીસ્થૂલભદ્ર સ્વામી કરતાં બીજો કોઇ યોગી નથી.

याते दिने विधिवशाद्विपरीतभावं
देहं भिनत्ति निजहस्तगतापि शस्त्री ।
श्रीस्थूलभद्रविजये यदियं बभूव
पण्यांगनापि तव दर्पकदर्पहंत्री ॥

અર્થ-હે કામ ! કર્મના વશથી દિવસો વિપરીતપણાને પામે છે, ત્યારે પોતાના હાથમાં રહેલી તરવાર પણ પોતાનાજ શરીરને ભેદેછે. તેમજ સ્થૂલભદ્ર ઉપર વિજય મેળવવા જતાં એ વેશ્યાજ તારા ઉત્કટ અભિમાનને હણનારી થઇ.

रे काम वामनयना तव मुख्यमस्त्रं
वीरा वसंतपिकपंचमचंद्रमुख्याः ।

त्वत्सेवका हरिविरंचिमहेश्वराद्या

हाहा हताश मुनिनापि कथं हतस्त्वम् ॥

અર્થ-હે કામ ! તારૂં મુખ્ય શસ્ત્ર સ્ત્રી છે, તારા સુભટો વસંત, કોયલ, પંચમ રાગ, ચંદ્ર પ્રમુખ છે, તારા સેવકો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર વિગેરે છે; તેમ છતાં પણ હે ભગ્નાગ્ના ! તને મુનિએ કેમ હણ્યો ?

श्री नंदिषेणरथनेमिमुनिश्वरार्द्र

बुद्ध्या त्वया मदन रे मुनिरेष दृष्टः ।

ज्ञातं न नेमिमुनिजंबूसुदर्शनानां

तुर्यो भविष्यति निहत्य रणांगणे माम् ॥

અર્થ-હે કામ ! શ્રી નંદિષેણ, રહનેમિ તથા આર્દ્રકુમારની બુદ્ધિથી શું તેં આ મુનિને તેઓના સરખો દીઠો ? પણ તેં એમ ન જાણ્યું કે મને સંગ્રામને વિષે હણીને શ્રીનેમિનાથ, જંબૂસ્વામી અને સુદર્શન એ ત્રણની સાથે ચોથા સ્થૂલભદ્ર થશે?

श्रीनेमितोऽपि शकटालसुतं विचार्य

मन्यामहे वयममुं भटमेकमेव ।

देवोऽद्रिदुर्गमधिरुह्य जिगाय मोहं

यन्मोहनालयमयं तु वशी प्रविश्य ॥

અર્થ-શ્રીનેમિનાથ કરતા પણ સ્થૂલભદ્રને અમે અધિક શુરવીર ગણીએ છીએ, કેમકે શ્રીનેમિનાથે તો ગિરનારના

ગઢને અવલંબીને મોહની ઉપર જય મેળવ્યો; પરંતુ સ્થૂલભદ્રે તો મોહના ઘરમાં પ્રવેશ કરીને મોહ ઉપર જય મેળવ્યો.

એ રીતે સિંહગુફાવાસી સાધુએ શ્રી સ્થૂલભદ્ર સ્વામીની અત્યંત ભક્તિથી સ્તવના કરી અને પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યો; અનુક્રમે કેટલોએક કાળ વ્યતીત થયે છતે શુદ્ધ સંયમ ધારણ કરનારા એવા સંભૂતિવિજય આચાર્ય શુદ્ધ અનશન સાધી સમાધીએ સ્વર્ગ પામતા હવા.

હવે અન્યદા નંદ રાજાએ એક સુતારને તે કોશા ગણિકા ભોગને અર્થે આપી. તેથી તે સુતાર તો વિષયની વાંછાએ વેશ્યાને ત્યાં રહેવા લાગ્યો. વિવિધ પ્રકારના વિજ્ઞાનથી તેમજ અનેક પ્રકારની કલાથી તે સુતાર જૈનધર્મથી રંજિત કોશા ગણિકાને રંજન કરવા બીલકુલ સમર્થ થયો નહીં. ઉલટી તે કોશા સુતારની પાસે શ્રીસ્થૂલભદ્રના ગુણસમૂહની પ્રશંસા કરવા લાગી, અને પવિત્ર શીલગુણની અભિલાષાથી સુતારનું સેવન કર્યું નહીં. દુધનું પાન કરી ખારૂં પાણી કોણ ઇચ્છે ? ગણિકાને આશ્ચર્ય દેખાડવા માટે તે સુતાર એકવાર અશોક વનમાં તેને લઇ ગયો અને ફક્ત એકજ બાણથી સુંદર આંબાની લુમને વેંધી નાખી. એક પછી એક બાણને સાંધીને નીચે રહ્યા છતાં આમ્રફલને નીચે લાવ્યો અને ગણિકાને આપ્યું. તેથી પણ જેનું મન રંજિત થયું નથી એવી તે કોશાએ સ્મિત હાસ્ય સહિત પ્રસન્નવદને કહ્યું–"હે પંડિત ! અભ્યાસવાળા પુરૂષને શું દુષ્કર છે? કાંઈજ નહીં." એમ કહી તેજ ક્ષણે સરસવના ઢગલા ઉ-

પર સોય રાખી તેના ઉપર પુષ્પ મૂકીને પુષ્પ ઉપર ફક્ત પોતાની નાભિ ઠરાવીને અદ્ભુત નાટક કોશાએ બતાવ્યું. એ જોઇ સુતાર તો ખુશખુશ થઇ ગયો અને ગણિકાની પ્રશંસા કરવા લાગ્યો. ગણિકાએ કહ્યું-“ હે ભદ્ર ! મારૂં વચન સાંભળ; એ નાટક કાંઇ દુષ્કર નથી તેમજ આંબાની લુમને છેદવી એ પણ કાંઇ દુષ્કર નથી. પરંતુ જે કાર્ય શ્રીસ્થૂલભદ્રે કર્યું તેજ દુષ્કર છે, માટે તે કલા તું શીખ. તેણે મારી સાથે બાર વરસ રહી વિવિધ પ્રકારના ભોગ ભોગવ્યા અને તેજ સ્થૂલભદ્રે તેજ વેશ્યાના ઘરમાં રહી અખંડ ચારિત્રવ્રત પાળ્યું. સ્થૂલભદ્ર મુનિરાજ વિના બીજા મુનિઓના મન સ્રીની સંગતથી દોષિત થઇ જાયજ. સ્રીની પાસે એક દિવસ પણ તેવી રીતે રહેવાને કોણ સમર્થ છે ? છતાં પણ સ્થૂલભદ્ર ચાર માસ પર્યંત અદ્ભુત વ્રત ધારણ કરતાં રહ્યા. ષટ્રસનો આધારભૂત આહાર, મનોહર ચિત્ર-શાલા, નવયૌવન કામિની અને યુવાવસ્થા એ ચારમાંથી એક પણ પુરૂષના વ્રતનો લોપ કરનાર થાય છે; પરંતુ સ્થૂલભ-દ્રને તો એ ચારે વ્રતની પુષ્ટિ કરનાર થયા. સ્થૂલભદ્ર શિ-વાય બીજાઓ મનોહર સ્રીરૂપ રાત્રિથી ભયંકર યૌવનરૂપ વનને વિષે વસનારાઓ કામરૂપી ચોરથી લુંટાયાવિના ર-હેતા નથી. ” હવે સુતારે કહ્યું કે “ એ ઉજવલ ગુણ ધારણ કરનાર મહાન્ પુરૂષ કોણ છે ? ” કોશાએ કહ્યું કે “ એ શકટાલ મંત્રીના પુત્ર અને મારા ધર્મગુરૂ છે.” સુતારે સ્થૂ-લભદ્રનું વિચિત્ર ચરિત્ર જાણવાની ઇચ્છા બતાવી તેથી કોશા-

એ આદિથી કહી બતાવ્યું. સુતારને પ્રતિબોધ પ્રાપ્ત થયો અને તેથી તેણે વ્રત અંગીકાર કર્યું.

આ સમયે બાર વરસનો વિષમ દુકાળ પડયો હતો તેથી સર્વે સાધુઓ સમુદ્રના કાંઠા તરફ વિહાર કરી ગયા. તેઓ સુભિક્ષ થયા પછી પાટલિપુત્ર નગરને વિષે આવ્યા. ભણવાના અભાવથી સાધુઓ સિદ્ધાંતને વીસરી ગયા; શાસ્ત્ર, રાજા અને સ્ત્રીને વિષે સ્થિરતા હોતી નથી. ઘણા ઉદ્યમથી તે મુનિઓએ અગ્યાર અંગ તો મેળવ્યા. દ્વાદશ અંગ જેને પાઠે છે અને પ્રાણાયામ ધ્યાન ધરનાર એવા ભદ્રબાહુ સ્વામી નામે ગુરૂ તે વખતે નેપાળ દેશમાં હતા. શ્રીસંઘે તેમને વિનંતી કરી કે "આ નગરને વિષે સપરિકર પધારી સ્થૂલભદ્ર આદિ મુનિને ચૌદ પૂર્વ ભણાવો." ભદ્રબાહુસ્વામીએ કહેવરાવ્યું કે "બાર વરસના પ્રાણાયામ ધ્યાનને વિષે પ્રવેશ કરવાથી હમણાજ તેની પ્રાપ્તિ થઇ છે તેથી અવાશે નહીં." એ પ્રમાણે બે સાધુની મારફતે કહેવરાવ્યું. શ્રીસંઘે તેજ બે સાધુને પાછા મોકલી કહેવરાવ્યું કે 'જે સાધુ સંઘની આજ્ઞાને માન્ય કરતા નથી તેને શું દંડ દેવામાં આવે છે?' ભદ્રબાહુ સ્વામીએ કહ્યું કે 'તેવા સાધુને શીઘ્ર સંઘ બહાર કાઢવો જોઇએ.' ત્યારે સંઘે કહ્યું કે 'એ રીતે તમને ઉચિત કયો દંડ છે?' ભદ્રબાહુ સ્વામીએ કહ્યું કે "મારા અપરાધને માટે હું શ્રીસંઘને ક્ષમાવું છું, અને વિચક્ષણ શિષ્યોને અહીં શીઘ્ર મોકલો, હું તેમને પાઠ આપીશ. પહેલી વાંચના સંજ્ઞાભૂમિથી આવીને આ-

પીશ, બીજી વાંચના ગોચરીથી આવીને આપીશ. ત્રીજી અને ચોથી વાંચના કાલ વેલાએ આપીશ, અને ત્રણ વાંચના ઉભય કાળના પ્રતિક્રમણ સમયે આપીશ. એ પ્રમાણે શિષ્યોને એક દિવસમાં સાત વાંચના આપીશ.” ભદ્રબાહુ સ્વામીના કહેવાથી સ્થૂલભદ્ર આદિ પાંચશે સાધુ તેમની પાસે ભણવા ગયા.

આઠ વર્ષને વિષે ભદ્રબાહુ સ્વામીની ચરણસેવાથી સ્થૂલભદ્ર સ્વામી આઠ પૂર્વધર થયા. એક દિવસે સ્થૂલભદ્ર સ્વામીએ અતિ વિનયથી પૂછ્યું કે “હે સ્વામિન! હું કેટલું ભણ્યો અને મારે હવે કેટલું ભણવાનું રહ્યું છે!” ગુરૂએ કહ્યું કે “સરસવ જેટલું તું ભણ્યો અને મેરૂ જેટલું બાકી રહ્યુંછે.” સ્થૂલભદ્ર સ્વામી વિશેષ ઉદ્યમ કરવા લાગ્યા, અને એ પ્રમાણે બે વસ્તુથી ઓછા દશ પૂર્વનો તેમણે અભ્યાસ કર્યો.

હવે પૃથ્વીને વિષે વિહાર કરતા એકદા ભદ્રબાહુ સ્વામી સ્થૂલભદ્ર સહિત પાટલિપુત્ર નગરને વિષે આવી પહોંચ્યા; ત્યાં સ્થૂલભદ્રની યક્ષા વિગેરે સાતે બહેનોએ સંયમ લીધેલું છે. ભદ્રબાહુ સહિત શ્રી સ્થૂલભદ્રને ઉદ્યાનને વિષે આવેલા જાણીને સાતે બહેનો વંદનાર્થે આવી. વિધિ સહિત સૂરિજીના ચરણયુગલને વાંદી પૂછ્યું કે “હે પ્રભો! સ્થૂલભદ્ર મહામુનિ ક્યાં છે?” ગુરૂએ કહ્યું કે “તેઓ હમણાં સૂત્રનો પાઠ કરે છે તેથી દૂર બેઠેલા છે.” એવું સાંભળી સાતે બહેનો જ્યાં સ્થૂલભદ્ર હતા ત્યાં ગઇ. બહેનોને જોઇને સ્થૂલભદ્રનો આશય ગર્વયુક્ત થયો તેથી પોતાની લબ્ધિ બતા-

વવા સિંહનું રૂપ ધારણ કર્યું. સિંહનું રૂપ જોઇ બહેનો ભયભીત થઈ અને ગુરૂની પાસે આવી તેઓએ સઘળું વૃત્તાંત નિવેદન કર્યું અને કહ્યું–"હા! અમારા ભાઇનું તો સિંહે ભક્ષણ કર્યું." ગુરૂએ કહ્યું કે "એ તો તમારા ભાઇએજ સિંહનું રૂપ ધારણ કર્યું હતું." એવું સાંભળી એ બહેનો પાછી ત્યાં ગઇ અને વિનયથી વંદના કરી. સ્થલભદ્ર સ્વામીએ કુટુંબના સમાચાર પૂછયા એટલે મોટી બહેન યક્ષાએ કહ્યું કે "વડીલ ભાઈ સિરીયકે વૈરાગ્યથી દીક્ષા લીધી અને સંવત્સરી આવી એટલે મૂઢ એવી મેં તેમને ઉપવાસ કરાવ્યો. તેઓ અસમર્થ હોવાથી ક્ષુધા અને તૃષાને લીધે મધ્યરાત્રિને વિષે અનશન ધારણ કરતાં દેવગુરૂ અને ધર્મનું સ્મરણ કરતાં દેવલોક પ્રાપ્ત કરતા હવા. એમના શોકથી મેં ભોજનનો ત્યાગ કર્યો. પરંતુ ભોજન લેવા માટે મને સંઘે ઘણો આગ્રહ કર્યો કે 'સમાધિને અંગીકાર કરી અમારૂં વચન માન્ય કરો.' અતિશય સંદેહવડે આકુલ થતી મેં તેમના વચનનો સ્વીકાર કર્યો નહીં. એટલામાં ક્ષણેકમાં શાસનદેવી મહાવિદેહને વિષે મને સીમંધર સ્વામી પાસે લઇ ગઇ. નમસ્કાર કરી મેં પૂછયું એટલે પ્રભુએ કહ્યું કે 'તને મુનિહત્યાનું પાપ લાગ્યું નથી.' ત્યારે મેં કહ્યું કે 'હે પ્રભુ! મને આપના વચનરૂપ કાંઇક સુખડી આપો.' ત્યારે પ્રભુએ ભાવના, વિમુકત, રતિકલ્પ અને વિચિત્ર ચર્યા એ ચાર અધ્યયન મને આપ્યા. સાંભળીને મેં ચારે અધ્યયન ધારણ કર્યાં, અને તે ચારે અધ્યયન મેં આવીને શ્રી-

સંઘને સમર્પણ કર્યા. આચારાંગની બે ચૂલિકા અને દશ વૈકાલિકના પ્રથમ બે અધ્યયન એ પ્રમાણે એ ચારે અધ્યયનની શ્રીસંઘે યોજના કરી." શ્રી સ્થૂલભદ્રને એવો વૃત્તાંત કહી સાતે બહેનો સ્વસ્થાનકે ગઇ. બીજે દિવસે સ્થૂલભદ્રે ગુરૂ પાસે જઇ વાંચના માગી. ત્યારે ગુરૂએ વાંચના ન આપી અને ફકત મૌન ધારણ કરી રહ્યા. સ્થૂલભદ્રે તેનું કારણ પૂછયું ત્યારે ગુરૂએ કહ્યું કે "હજી તું અજીરણથી ભરેલો છે, તેથી ભણવાને યોગ્ય નથી. કહ્યું છે કે તપનું અજીરણ ક્રોધ છે, જ્ઞાનનું અજીરણ અહંકાર છે, ક્રિયાનું અજીરણ પારકી નિંદા છે અને અન્નનું અજીરણ વિશુચિકા રોગ છે." સ્થૂલભદ્રને પોતાનું અનુચિત કાર્ય સ્મૃતિમાં આવ્યું અને તેથી ગુરૂની ક્ષમા માગી. ગુરૂએ યથોચિત શિક્ષા આપી વાંચના આપી; ખરૂં છે કે સજ્જન પુરૂષો નમતાઓના હિતવત્સલ છે. "આ પાઠ બીજા કોઇને દેવો નહીં, કેમકે આગામી કાલે પૃથ્વીને વિષે ધૈર્યવાન પુરૂષો બહુ થોડા થશે." સ્થૂલભદ્રે ગુરૂની આજ્ઞા અંગીકાર કરી. ત્યારથી છેલ્લા ચાર પૂર્વ વિચ્છેદ થયા. સ્થૂલભદ્રને યોગ્ય જાણી શ્રીસંઘની આજ્ઞા લઇ સંભૂતિવિજય ગુરૂ શુભ મુહૂર્તે પોતાના પટ્ટને વિષે સ્થાપતા હવા. ભદ્રબાહુ સ્વામી વીર પરમાત્માના મોક્ષથી એકસો સીતેર વરસે સમાધિયોગે દેવલોક પ્રાપ્ત કરતા હવા.

હવે શ્રી સ્થૂલભદ્ર આચાર્ય પૃથ્વીને વિષે વિહાર કરતાં એકદા શ્રાવસ્તી નગરીને વિષે આવ્યા. પરિવાર સહિત બહાર ઉદ્યાનને વિષે રહ્યા. નગરીના સર્વે લોક હર્ષ સહિત

સૂરિજીને વાંદવા આવ્યા. સ્થૂલભદ્ર સ્વામીએ તે સમયે અમૃત સમાન દેશના આપી. સભામાં પોતાનો જુનો મિત્ર ધનદેવ નામે બ્રાહ્મણ નહીં આવેલો જોઇ સ્થૂલભદ્ર સૂરિજીએ વિચાર કર્યો કે "નગરીના સર્વ લોક અહીં આવ્યા, પરંતુ એ ધનદેવ મારા ઉપર સ્નેહવંત છતાં કેમ આવ્યો નહીં? દેશાંતર તો ગયો નહીં હોય અથવા માંદો પડયો નહીં હોય? માટે એને ઘેર જઇને હકીકતથી માહેતગાર થાઉં." એક બાજુએ સૂરિજી આ પ્રમાણે વિચાર કરે છે. બીજી બાજુએ સ્ત્રીઓ સૂરિના ગુણસમૂહની પ્રશંસા કરી રહી છે. હવે સભામાંથી ઉઠી શ્રાવકસમૂહની પૂજાથી દેદિપ્યમાન દેખાતા, ઠેકાણે ઠેકાણે જિનાલયને વિષે વંદના કરતા અનુક્રમે સ્થૂલભદ્રસૂરિ ધનદેવ નામે તેમના મિત્રને ઘેર આવ્યા. તે વખતે ધનદેવની સ્ત્રી ધનેશ્વરી ઘેર હતી; સૂરિને આવતાં જોઇ ધનેશ્વરીએ ભક્તિ સહિત વંદના કરી. ગુરૂને ઉચિત આસન આપ્યું. આંગણે ઉગેલા કલ્પવૃક્ષની પાળ કોણ ન બાંધે? ગુરૂ પણ આસનને પુંજી તે સ્થાનકને અલંકૃત કરતા હવા; અને તેણે ધર્મકથાથી તે સ્ત્રીને રંજિત કરી ભર્તારના વિયોગથી પાડિત એવી તે સ્ત્રીને ગુરૂએ પૂછયું કે 'તારો ભર્તાર ધનદેવ કેમ દેખાતો નથી?' ધનેશ્વરીએ કહ્યું કે "હે પ્રભો! ઘરમાં જેટલું ધન હતું તે સઘળું મારા ભર્તારે વાપરી નાંખ્યું તેથી તે તૃણસમાન ધનહીન થઇ ગયા. ધનનુંજ મહત્વ છે, પરંતુ પુરૂષનું નથી. પૂર્વે પૃથ્વીને વિષે દાટેલા ધનના સમૂહ પણ હસ્તગત થયા નહીં. સર્વે કર્મના

પ્રભાવે અદૃશ્ય થઇ ગયા. તેથી દ્રવ્ય ઉપાર્જન કરવાની આશાથી મારા પતિ પરદેશ ગયા છે.” ગુરૂને અત્યંત કરૂણા ઉત્પન્ન થઇ તેથી ધનનો સમૂહ કયે ઠેકાણે છે તે પોતાના જ્ઞાનબળવડે જણાવવાની ઈચ્છા થઇ; અને જે થાંભલાની નીચે ધન હતું તે ધર્મોપદેશના બહાનાથી બતાવ્યો અને કહ્યું કે “જો, આ સંસાર (થાંભલાની પેઠે) કેવો વિષમ (કઠણ) છે! તારૂં ઘર પણ તેવું છે અને વ્યવસાય પણ તેવોજ છે.” આ પ્રમાણે સમજાવીને આચાર્ય મહારાજ બીજે ઠેકાણે વિહાર કરી ગયા થોડા વખત પછી લાભોદય કર્મના અભાવને લીધે ધનદેવ જેવો પરદેશ ગયો હતો તેવો જ પાછો આવ્યો. કારણ કે પુણ્ય વિના ફળ કયાંથી હોય! ધનેશ્વરીએ સ્થૂલભદ્રનું વૃતાંત કહી બતાવ્યું તેથી ધનદેવ ઘણો હર્ષ પામ્યો. સ્ત્રીએ કહ્યું કે ‘તેમણે જેટલો ઉપદેશ આપ્યો તેટલો આ થાંભલાની તરફ આંગળી કરીને આપ્યો.’ ધનદેવે વિચાર કર્યો કે મહાન્ પુરૂષની ચેષ્ટા વૃથા હોતી નથી, માટે એ થાંભલાની નીચે કાંઇ પણ નિધાન હશે ખરૂં. થાંભલા નીચે ખોદવાથી ખરેખર નિધાન પ્રાપ્ત થયું અને તેથી તે ઇંદ્રના ભંડારી કુબેર જેટલો ધનવાન થયો. ઉપકાર કરનાર પોતાના મિત્ર ગુરૂ સ્થૂલભદ્રને વાંદવા માટે એકવાર ધનદેવ પાટલિપુત્ર નગરને વિષે ગયો અને ઉપાશ્રયે જઇ ગુરૂને વંદના કરી. ગુરૂ થકી ધર્મલાભ રૂપ આશિર્વચન પામી બે હાથ જોડી ધનદેવે કહ્યું “ હે પ્રભો ! આપના પ્રસાદથી હું દારિદ્રતારૂપ સમુદ્રને તર્યો છું. તો હવે આપન

ઋણથી હું કેમ મુક્ત થાઉં ? આપજ મારા સ્વામી છો અને આપજ મારા ગુરૂ છો તેથી આપ મને આદેશ કરો." ગુરૂએ કહ્યું-"પરમ શ્રાવકવ્રત અંગીકાર કર." બ્રાહ્મણે કહ્યું-"તહાત્ત" એમ કહી પોતાને ઘેર ગયો.

શ્રી સ્થૂલભદ્ર સ્વામીને બે શિષ્ય થયા પહેલા આર્ય મહાગિરિ અને બીજા આર્ય સુહસ્તિ. બંન્ને શિષ્યો ગુરૂ થકી લીલા માત્રથીજ દશ પૂર્વનું અધ્યયન કરતા હવા. પોતાની બરોબર છે એવું જાણી સ્થૂલભદ્ર સૂરિજીએ બન્ને શિષ્યોને પોતાના પટ્ટ ઉપર સ્થાપિત કર્યા. સ્થૂલભદ્રજી પણ ઘણા કાળ સુધી પૃથ્વીને વિષે વિહાર કરતાં અનશન ધારણ કરી સુરાલય પ્રાપ્ત કરતા હવા.

પૃથ્વીરૂપ સ્ત્રીના ભાલસ્થલને વિષે તિલક સમાન, સદાકાળ શુદ્ધ શીલવ્રત આચરનાર, સદ્ધ્યાનરૂપ જળથી કર્મરૂપ અગ્નિ બુઝાવનાર, પુણ્યક્રિયાના યોગથી પ્રમાદનો નાશ કરનાર, કામના પ્રચુર પ્રચારનો નિરોધ કરનાર, વિશેષ વિચાર અને આચાર પ્રકાશનાર, અમૃત સમાન વાક્ય ઉચરનાર, સમ્યક્ પ્રકારે સાંસારિક સુખનો ત્યાગ કરનાર, મૂર્ખ લોકને પ્રતિબોધ આપવાને વિષે વિચક્ષણ, દેવ દાનવ અને યક્ષ જેના પાદપદ્મને નમી રહેલા છે એવા શ્રી સ્થૂલભદ્ર આચાર્ય ઘણા કાળ પર્યંત જય પામો.

## શીલનું મહાત્મ્ય.

शीलादेव भवंति मानवमरुत्संपत्तयः पत्तयः
शीलादेव भुवि भ्रमंति शशभृद्विस्फुर्तयः कीर्तयः ॥

शीलादेव पतंति पादपुरतः सच्छक्तयः शक्तयः

शीलादेव पुनंति पाणिपुटकं सर्वर्द्धय सिद्धयः ॥

અર્થ શીલથીજ મનુષ્ય તથા દેવ સંબંધીની સંપદાઓ તથા ચાકરો વિગેરે મળે છે, તેમ શીલથીજ ચંદ્ર સરખી સ્ફુરાયમાન કીર્તિઓ પૃથ્વીમાં ફેલાય છે, વળી શીલથીજ સર્વ ઉત્તમ શક્તિઓ આવીને પગે પડે છે, તેમ શીલથીજ સઘળી ઋદ્ધિ અને સિદ્ધિઓ હસ્તપુટને પવિત્ર કરે છે (અર્થાત્ હાથમાં આવે છે).

वाल्लभ्यं वितनोति यच्छति यशः पुष्णाति पुण्यप्रथां

सौंदर्यं सृजति प्रभां प्रथयति श्रेयःश्रियं सिंचति ॥

प्रीणाति प्रभुतां धिनोति च धृतिं सूते सुरौकःस्थितिं

कैवल्यं करसात्करोति सुभगं शीलं नृणां शीलितम् ॥

અર્થ-સારી રીતે પાળેલું શીલ માણસોના પ્રેમને વિસ્તારે છે, યશને આપે છે, પવિત્ર કીર્તિને પુષ્ટ કરે છે, સુંદરતા ઉત્પન્ન કરે છે, કાંતિને ફેલાવે છે, કલ્યાણની શોભાને સીંચે છે, ઐશ્વર્યપણું આપે છે, ધૈર્યતા આપે છે, દેવલોકની સ્થિતિ ઉત્પન્ન કરે છે, તથા કેવલજ્ઞાનને તો હાથોહાથ આપે છે.

ઇતિ શ્રી સ્થૂલભદ્ર ચરિત્ર સમાપ્ત.

# चरितावळी.

## भाग ३ जो.

### વિભાગ ૬ ઠ્ઠો.

## સુરસુંદરી.

જંબૂદ્વીપ એ શાસ્ત્રોક્ત અઢી દ્વીપમાંનો એક છે. વર્તુલાકારે રહેલા આ રમણીય દ્વીપનો પરિધ ત્રણ લક્ષ યોજનનો છે. ઋદ્ધિસમૃદ્ધિએ યુક્ત એ વસુધા રૂપી રમણીના ભાલને વિષે ચંપા નામે નગરી હતી. શોભામાં તે સુરદેવની રાજધાની અલકાપુરી સાથે તુલના કરતી હતી. ત્યાંના લોકો સકલ રીતે સુખી હતા. નિર્ધનને આધાર રૂપ દાનશાળા ત્યાં થોડી નહોતી. આ દાનશાળામાં સુપાત્રને વિષે અન્ન અને ધનનો વ્યય થતો હતો. સારિકા શિવાય નાગરિકોના મુખમાંથી " માર " એવો શબ્દ કવચિત્જ નીકળતો હતો, ત્યાં 'બંધ' નારીની કબરીમાંજ હતો અને 'દંડ' મંદિરો ઉપર દૃષ્ટિએ પડતો હતો. આ નગરીમાં રિપુમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. તે ન્યાયશાસ્ત્રમાં નિપુણ હતો, પરોપકારમાં પ્રવીણ અને પ્રજાનું પાલન કરવામાં અદ્વિતીય

ગણાતો હતો. શાસ્ત્રમાં તેની અકુંઠિત બુદ્ધિ હતી. મહાજ્ઞાની છતાં પણ તે અલ્પ ભાષણ કરતો હતો. જો કે તે અત્યંત બળવાન હતો તોપણ शक्तानां भूषणं क्षमा એ કહેવત પ્રમાણે તે ક્ષમાવાન હતો. પ્રત્યેક નૃપતિને યોગ્ય સમગ્ર ગુણકલાથી તે અલંકૃત હતો. પ્રબળ અને મહાપ્રતાપી આ રાજાએ પોતાની અસિધારાના અખંડ મહાત્મ્યને લીધે સમસ્ત વસુધારાનું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું. એ રાજાને રૂપમાં ઇંદ્રાણી તુલ્ય રતિસુંદરી નામે પટ્ટરાણી હતી. રાણી પતિવ્રતા અને વ્રતધારી સુશ્રાવિકા હતી. જેવી તે રૂપમાં અનુપમ હતી તેવીજ તે સદ્‌ગુણનો પણ ભંડાર હતી. ધર્મ ઉપર સારી આસ્થા હોવાથી તેણીનું મન દયાર્દ્ર રહેતું. આકાશને જેમ શશિલેખા અને હસ્તીને જેમ મદપંક્તિ ભૂષણ રૂપ છે, તેમ રતિસુંદરી ચંપાપતિને ભૂષણરૂપ હતી. સંસારસુખ ભોગવતા રાજા અને રાણી વચ્ચે-નખ માંસ સમાન-જલમત્સ્ય સમાન પ્રીતિ હતી. અનુક્રમે રાજપત્નીએ ગર્ભ ધારણ કર્યો. તેને પાંચ માસ વીત્યા ત્યારે કોઇ તારાઓ દૃષ્ટિએ પડતા હોય તેવા પ્રાતઃકાળ થવાની અગાઉના વખતે જેવી રાત્રિ ભાસે તેવી રાણી ભાસતી હતી. તેણીને જે દોહદ ઉત્પન્ન થવા લાગ્યા તે ગજારૂઢ થઇ સુખી દંપતી ઉપવનમાં ક્રીડા કરવા જઇને રાજાએ હોંશથી પૂરા કર્યા. નવ માસ પૂર્ણ થયે ચંપાપતિની પત્નીએ એક પુત્રીને જન્મ આપ્યો. અંતઃપુરમાં રહેનાર પ્રતિહા-

રીએ સભામંડપમાં ભૂપતિને વધાઇ કહી કે તરતજ ભૂપાળે હર્ષના વાજીત્ર વગડાવ્યાં, પ્રતિહારીને પોતાનાં સર્વ આભૂષણ વધામણીમાં આપ્યાં, પુત્રજન્મ સમાન ઉત્સવ કર્યો. યથાયોગ્ય ક્રિયા કર્યા પછી સુરસુંદરી ( દેવાંગના ) જેવું તેણીનું રૂપ જોઈ માતપિતાએ યોગ્ય સમયે તેનું "સુરસુંદરી" એવું નામ પાડયું.

શિશુવયમાં કાલાંકાલાં પણ મધુર વચનોનું ઉચ્ચારણ કરતી, એક પરિજનના ખોળામાંથી બીજા પરિજનના ખોળામાં જતી, સુખ દુઃખથી અજ્ઞાન બાલ્યાવસ્થા ગુજારતી, ઉજ્વળ પક્ષને વિષે જેમ ચંદ્રલેખા વૃદ્ધિ પામે ગિરિગુહામાં જેમ ચંપકવેલી (નિર્ભયતાથી) વૃદ્ધિ પામે, તેમ મોહનલતા સમાન ભાસતી અને રૂપગુણે અલંકૃત આ બાળા દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગી. ચતુર અને વિચક્ષણ તે જ્યારે સાત વર્ષની વયે પહોંચી ત્યારે તેના માતાપિતાએ હર્ષ સહિત તેને અભ્યાસ કરાવવો શરૂ કર્યો. આ વખતે પોતે જે નિશાળે ભણવા જતી હતી તેજ નિશાળમાં અધ્યયન નિમિત્ત આવતા વડા નિશાળીઆ અમરકુમાર સાથે સુરસુંદરીને ઓળખાણ થઇ. આ વડો નિશાળીઓ અમરકુમાર કોણ હશે? તેના માત અને તાત કોણ હશે?

અખિલભુવનમાં જયસ્તંભરૂપ આજ નગરને વિષે સદાકાળ રંગમાં નિમગ્ન, મનોહારી, પંચપરમેષ્ઠીનું ધ્યાન ધરનાર, સમકિતી શ્રાવકોમાં શિરોમણિ, પોતાના કુટુંબ પરિવાર સહિત વસતો, ભક્તિમાન અને ઉદાર દિલનો ધના-

વહ નામે એક શ્રેષ્ઠી હતો. તેને ધનવતી નામની ભાર્યા હતી, જે રૂપરંગમાં સુરસ્ત્રીની બરાબરી કરે તેવી હતી, આ સુખી દંપતી ખરેખરી દાંપત્યસ્નેહની પ્રવૃત્તિને લીધે સંસારસુખ ભોગવતા આનંદની પૂર્ણ સીમાએ પહોંચ્યા હતા; જેવો શુક્તિ (છીપ) અને મોતીને સંબંધ હોય છે તેવો આ સ્ત્રી પુરૂષને સંબંધ હતો. અનુક્રમે ધનવતીને ગર્ભ રહ્યો. તેણીએ શુભસૂચક સ્વપ્ન જોયાં. પોતાના મનના કોડ સર્વ પૂરા કર્યા અને પૂર્ણ માસ થયે ધનાવહની સ્ત્રી ધનવતીએ ઉર રૂપી સરોવરમાં હંસસમાન, વંશની વૃદ્ધિ કરનાર એક પુત્રને જન્મ આપ્યો. કુલવધૂઓએ આનંદથી મંગળગીત ગાયાં અને શ્રેષ્ઠીના ઘરમાં સઘળે આનંદોત્સવ વર્તાઇ રહ્યો. ગૃહપતિના હર્ષનો પાર રહ્યો નહીં. જયન્તના જન્મ સમયે જેમ ઇંદ્રાણીને તેમ આ વખતે પ્રસુતાને સર્વોત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થયું. "મારે ચંદ્ર સમાન પુત્ર થયો, આજ મારા મનના મનોરથ ફળ્યા" એમ બોલી બોલી શેઠાણી હર્ષના ચિન્હો પ્રદીપ્ત કરવા લાગી. જ્યોતિષવિદ્યામાં ચતુર પંડિતોને બોલાવી યોગ્ય દિવસે શુભ મુહૂર્તે માતાપિતાએ પુત્રનું અમરકુમાર એવું નામ પડયું.

શુક્લપક્ષના ચંદ્રમાથી જેવી રીતે સાગર વૃદ્ધિ પામે તેમ માતા અને પિતાના લાલનપાલનથી અમરકુમાર વૃદ્ધિ પામવા લાગ્યો, જ્યારે તે આઠ વર્ષનો થયો ત્યારે તેના અદ્ભુત લક્ષણો, તીવ્ર બુદ્ધિ અને ચતુરાઇ જોઇને શેઠશેઠાણી એકદા ચિંતવવા લાગ્યા: "આપણો પુત્ર હવે વિચક્ષણ થયો

પણ વિદ્યા વિના તે પ્રાણુ રહિત દેહ જેવો ભાસે છે. સ્ત્રી વિના પુરૂષ જેમ સંસાર કાર્ય સાધી શકતો નથી તેમ વિદ્યા શિવાય તે પોતાનાં કાર્યો સાધી શકશે નહીં. પુત્ર વિના જેમ ઘર શોભતું નથી એવી રીતે તે પણ વિદ્યા વિના શોભશે નહીં. સિંહાસનારૂઢ પણ ન્યાયશાસ્ત્રના જ્ઞાનરહિત જેવો નૃપતિ દીસે છે તેવો સમૃદ્ધિવાન પણ વિદ્યારહિત આપણો પુત્ર દેખાશે. જેને મદલેશા પ્રદીપ્ત નથી થઇ તેવો હસ્તી જેમ દર્શનીય નથી તેમ તે પણ વિદ્યા વિના દર્શનીય નહીં ગણાય, ભક્તિ વિનાની સ્ત્રી અને જળ વિનાનું શુષ્ક સરોવર જેમ અપ્રિય લાગે છે તેમ તે પણ અપ્રિય લાગશે. શસ્ત્રરહિત દેવને પણ શત્રુઓથી પોતાના દેહનું રક્ષણ કરવું જેમ અશક્ય લાગે છે તેમ શાસ્ત્રવેત્તાની સભામાં જ્ઞાનરૂપી શસ્ત્ર વિના પોતાના પ્રતિપક્ષીથી પોતાનું (પોતાના મતનું) રક્ષણ કરવું તેને અશક્ય લાગશે. વળી કાંચન અને મણિનો સંયોગ મનુષ્યની ચક્ષુને જેમ આનંદ ઉત્પન્ન કરે છે, તેમ વિદ્યા અને વિનયનો સંયોગ પણ બીજાના મનનું આકર્ષણ કરે છે. વળી સ્ત્રીને જેમ પતિવ્રત અને મેઘને જેમ વિદ્યુત તેમ મનુષ્યને વિદ્યા એજ આભૂષણ છે. વિદ્યા વિનાનો પુત્ર ઘરનો ભાર જાળવી શકતો નથી.”

આમ ચિંતવન કરી પોતાના પુત્રને વિદ્યારૂપી રમણી વરાવવા નિશાળે બેસાડવાનું જ્યોતિષીને શુભ મુહૂર્ત પૂછ્યું અને યોગ્ય અવસરે અમરકુમારને શેઠે પંડિત પાસે ભણવા મોકલ્યો, કે જે પંડિત પાસે રાજસુતા સુરસુંદરી વિદ્યા ગ્રહણ

કરતી હતી. સમાન વયના પાત્રો સાથે અમરકુમારે પણ પોતાનો અભ્યાસ શરૂ કર્યો. થોડી મુદતમાં તે અંક શીખી રહ્યો અને નદીમાંથી જેવી રીતે સમુદ્રમાં તેવી રીતે તેણે શાસ્ત્રરૂપી સમુદ્રમાં પ્રવેશ કર્યો. અઢારે લિપિ ભણી સઘળું નીતિશાસ્ત્ર ગુરૂ પાસે વિચાર્યું. વળી તે વ્યાકરણમાં પારંગત થયો, અને તેણે શબ્દ સહિત તમામ ધાતુઓનો અભ્યાસ કર્યો. ન્યાયશાસ્ત્ર અને તર્કશાસ્ત્રનું પઠન કર્યું અને કાવ્યકળાનો સમુદ્ર હોયની! તેવો થયો. જાણે નવો ધનવંતરી સ્વર્ગ થકી ઉતર્યો હોયની તેવો તે વૈદકશાસ્ત્રમાં કુશળ થયો ધનુર્વિદ્યામાં, અશ્વપારીક્ષિણી વિદ્યામાં, સર્વ જાતનાં વાદ્યમાં, ચિત્રકળામાં અને ટુંકામાં બહોંતેર કળામાં વિચક્ષણ બન્યો.

આ પ્રમાણે અમરકુમાર તથા સુરસુંદરી બંને એકજ ગુરૂપાસે એકજ શાળામાં ભણતા હતા. એક વખતે ગ્રીષ્મ કાળના દિવસે રાજકુંવરી ઉંચા પ્રકારના ભોજન જમી નિશાળે આવી. વાયુ મંદ મંદ વાતો હતો તેથી નિદ્રાને લીધે જ્યાં બેઠી હતી ત્યાંજ ઢળી પડી. આ વખતે અમરકુમાર જેને ગુરૂએ તેની હુશિયારી અને ડહાપણ જોઈ વડો નિશાળીઓ નીમ્યો હતો તે પોતાના સોબતીઓની સાથે રાજસુતા સુતી હતી ત્યાં આવી બેઠો (કારણ કે ગુરૂ તેને નિશાળ સોંપી બહાર ગયા હતા). તરતજ તેની નજર કુંવરીના વસ્ત્રપાલ્લવે એક ગાંઠ બાંધેલી હતી ત્યાં ઓચિંતી પડી. શ્રેષ્ઠીસુતે ધીમેથી તે ગાંઠ છોડીને જોયું તો તેમાં સાત કોડી

હતી. આ સાત કોડી પોતાના એક સોબતીને આપીને કહ્યું કે "આ કોડીની જેટલી મીઠાઇ આવે તેટલી જલદી લઇ આવ." આ સાંભળી તે સોબતી કોડી લઇ તરતજ બજારમાં જઇ કંઇ મીઠાઇ લઇ આવ્યો. કુંવરે તે લઇને સૌને વહેંચી દીધી. મીઠાઇ ખાઇને સઘળા ભણવા બેસી ગયા તેવામાં રાજ-જપુત્રી જાગી ઉઠી.

નૃપકુંવરી પોતાની અલ્પ નિદ્રામાંથી જાગ્રત થઇ કે તુરત અમરકુમાર તેને તેનો મીઠાઇનો ભાગ આપવા ગયો. "તમારી વાસ્તે મીઠાઇનો હિસ્સો જુદો રાખેલો છે તે આ-રોગો અને પછી અભ્યાસ આરંભો." 'આ મીઠાઇ કોણે આણી?' આવા કુંવરીના પ્રશ્નના ઉત્તરમાં શ્રેષ્ઠીસુતે કહ્યું-"હે મુગ્ધ રાજસુતા! તમારા વસ્ત્રપલ્લવે બાંધેલી ગાંઠમાં રહેલી સાત કોડી લઇ મેં તે મંગાવી છે.' આ સાંભળી રાજસુતાને મનમાં ચટકો લાગ્યો. "અરે અવગુણી! તું કયાંનો મોટો શેઠીઓ આ કાળે નવો આવ્યો? પારકે પૈસે શૂરો! એમાં શું મોટી ભલાઇ કરી નાંખી? ખરેખર આજે તેં મને સુતી વેચી; કારણ કે તેં મને કહ્યા વિના સુખડી મંગાવી અને વહેંચી. કયા પંડિત પાસે આવી કળાનું અધ્યયન કર્યું હતું? આવાં કૃત્યો કીર્તિમાં વૃદ્ધિ નજ કરે; ઉલટાં હાનીકર્ત્તા થાય, એવું કરવું તને છાજે નહિ; તને કયાંથી આવી અતિ સૂઝી? કયાં ગયું તારૂં જ્ઞાન કે પારકી વસ્તુને હાથ લગાડતાં સુદ્ધ પણ વિચાર ન કર્યો? આમ કોણે શીખવ્યું? ગુરૂના ઉપ-

દેશે કે ધર્મશાસ્ત્રના અભ્યાસે ? અરે તેં ગુરૂના શ્રમને નિષ્ફળ કર્યો અને તારી વિદ્વત્તા ઉપર પાણી ફેરવ્યું. જનની જાણે મારો પુત્ર કુળદીપક થયો પણ તારાથી ઘરસૂત્ર ન જાળવી શકાય. નિશાળમાં વડો નિશાળીઓ બન્યો પણ સરિતાપૂરવત્ આચરણ કરવાને ચુકયો નહીં."

કુંવરીનાં આવાં હૃદયમર્મચ્છિદ વચનો સાંભળીને પણ કુંવરે થોડું બોલવાનો હૃદય સાથે નિશ્ચય કીધો; 'હે નૃપનંદિની! આવી અલ્પમૂલ્ય વસ્તુ વાસ્તે તું કેમ બહુ ખેદ કરે છે ? સાત કોડીએ શું કરત કે જેથી તને આટલું બધું દુઃખ લાગે છે ?"

"સાત કોડીએ રાજ લેત." કુંવરી બોલી ઉઠી. "તને એવડી મોટી શી જિજ્ઞાસા ?" શ્રેષ્ઠીસુતે મૌન રહેવું બહેતર ધાર્યું. મનમાં વિચાર્યું કે 'એનો પિતા આ નગરીનો પતિ છે; તેને મારાથી વધારે ઉત્તર કેમ અપાય ? વળી વખત આવશે ત્યારે જોઇ લઇશ.' આવા અનુશયથી વિધુર બની જઇ તેને વધારે બોલાવી નહિ પણ તેણીનાં વચનનો તેના મનમાં દંશ રહી ગયો. અનુક્રમે તે બન્ને જણ ગુણકળામાં નિપુણ અને શાસ્ત્રાર્થમાં કુશળ બન્યા. ત્યાર પછી તેમને તેમની માતાએ જૈનાચાર્ય પાસે મોકલ્યા. ત્યાં તેઓએ ડંડક, સંઘયણ, ક્ષેત્ર સમાસાદિક પ્રકરણોમાં સારૂં જ્ઞાન સંપાદન કર્યું એક દિવસે સમીપ રહેલી પૌષધશાળામાં એક સાધ્વીજીને ભાવ સહિત વંદન કરી સુરસુંદરી પાસે બેઠી અને નવકાર મંત્રનો મહિમા જાણવા પોતાની ઉત્કંઠા

ગુરૂણી પાસે નિવેદન કરી. કુંવરીની આવી ઇચ્છા જોઇ તેને હર્ષ થયો અને કહ્યું-"હે કુંવરી! પરમેષ્ઠીમંત્ર નવકાર શાશ્વત અને ચોદ પૂર્વનો સાર છે. શ્રદ્ધા પૂર્વક એ મંત્ર જપનારનાં સર્વ દુઃખ ચૂર્ણ થઇ જાય છે અને તે શિવકુમારની માફક લક્ષ્મીનો ભોક્તા થાય છે."

રાજકુંવરીએ પ્રશ્ન કર્યો કે "એ શિવકુમાર કોણ?"

ગુરૂણીએ પ્રત્યુત્તર દીધો કે જો જિજ્ઞાસા હોય તો તેનું વૃત્તાંત સાંભળ. "દમિતારિ નામના રાજાની રાજધાની રત્નપુરી નામે ઓળખાતી નગરીમાં ધનપતિ તુલ્ય યશોભદ્ર નામે શ્રેષ્ઠી વસતો હતો. શ્રાવકના આચાર પ્રમાણે તે હમેશાં દેવપૂજામાં તત્પર રહેતો અને ત્રિતયયોગના ધ્યાને પરમેષ્ઠીનું સ્મરણ કરવામાં સદા મન રાખતો. તેને શિવકુમાર નામનો સુંદર પુત્ર હતો, પણ તે અજ્ઞાન હોવાથી કહેવાતાં સાત વ્યસનનું સેવન કરવામાં કચાશ રાખતો નહિ. તેના પિતાએ તેને ઘણો વાર્યો પણ સઘળું વ્યર્થ. મૃત્યુ પાસે આવેલું જાણી એકદા પિતાએ પુત્રને બોલાવી મધુર સ્વરે હિતકર વચનોમાં શિખામણ દાધી-'હે પુત્ર શિવકુમાર! મારા છેવટનાં બે વચન સાંભળી મારા દુઃખિત આત્માને સુખી કર. હું જે કહેવા માગું છું તે એજ કે આપત્તિને સમયે નવકારનું સ્મરણ કરજે.' તેનામાં વધારે બોલવાની શકિત રહી નહોતી. તે ચુપ રહ્યો, પણ પુત્રે શિખામણ મનમાં ઉતારી એમ જાણી નિરાંત વાળી રહ્યો. થોડીવારમાં

તેનો આત્મા શુભ ધારણાએ સૂરલોકે પહોંચ્યો. પાછળ શિવકુમાર હજુ પણ તોફાની મહાસાગરના ઉદગ્ર મોજાના સપાટામાંથી અળગો થયો નહિ. જેમ બનવું જોઇએ તેમ તેની સઘળી લક્ષ્મી નષ્ટ થઇ ગઇ. માનમહત્વ ગયું અને એક વખત કહેવાતો શ્રેષ્ઠીસુત રસ્તે ભટકતા નિર્ધન માણસની દશાને પામ્યો.

એક વખત એવું બન્યું કે તેને એક ત્રિદંડીક ધૂતારો મળ્યો. તેની પાસે તેણે પોતાની દીન સ્થીતિની વાત કહી. આ ઉપરથી ધૂતારે ધનવાન બનવાની જે વાત કહી બતાવી તે તેણે ખરી માની. ત્રિદંડીકે એક મૃતક આણી કાળી ચતુર્દશાની રાત્રે સ્મશાનમાં મંડળ બાંધી જાપ જપવો શરૂ કર્યો. મૃતકના હાથમાં નાગી તરવાર આપી અને શિવકુમારને તેના ચરણકમળનું મર્દન કરવા બેસાડયો. જેમ જાપની અસર થવા લાગી તેમ તેમ મૃતક ઉછળવા માંડયું, પણ એ ઠગની ઠગાઇ છાની રહી નહિ, પાપનો ઘડો ભરાયો તે છેવટ ફુટયો. શિવકુમારને શક પડયો કે 'મને હણવાનો આ સઘળો આરંભ છે. મૃતક ઉછળી હાથમાં રહેલી તરવારવડે મને હણશે.' આવા આકસ્મિક સંકટસમયે શું કરવું તે છેવટ તેને સૂઝયું; પોતાના પિતાનું વચન તેને સાંભરી આવ્યું. તેણે મન વચન અને કાયા એકાગ્ર કરી નવકારમંત્ર જપવા માંડયો, તેથી ત્રિદંડીયાના મંત્ર બળથી મૃતક લગાર ઉછાળો મારે કે તરત પાછું પડે. આમ ત્રણવાર બન્યું. નવકારના પ્રભાવે શિવકુમારને મૃતકના હાથમાં રહેલી તર-

વાર હણી શકી નહિ. આથી મૃતક અધિષ્ઠિત દેવ-વેતાળ અત્યંત ક્રોધાતુર થયો અને તેણે ત્રિદંડીયાનું શિર તેજ ખડ્ગે છેદ્યું. તરતજ ત્રિદંડીકનો દેહ સુવર્ણમય થઇ ગયો. (તેના દેહની સુવર્ણ પુરૂષાકૃતિ થઇ ગઇ). આ જોઇ શીવકુમાર આશ્ચર્ય પામ્યો અને નવકારમંત્રને ધન્ય ધન્ય માનવા લાગ્યો. રાત્રિ શાંતિમાં ત્યાંજ ગુજારી, સવારે ભૂપાળની આજ્ઞાથી તે સુવર્ણપુરૂષ શિવકુમાર પોતાને ઘેર લઇ ગયો. મસ્તક અને કોઠા શિવાયના બીજાં અવયવોનો તે દિવસે દાનાદિકમાં વ્યય કરવા લાગ્યો; પણ રાત્રિએ પાછો તે પુરૂષ અક્ષત થઇ જાય છે એ વાત તો શિવકુમારને અધિક આશ્ચર્યોત્પાદક થઇ પડી. દેવતાનો મહિમા ખરેખર પ્રશંસ્ય છે. તે થોડા કાળમાં બહુ દ્રવ્યવાન થઈ પડયો. અનુક્રમે સુગુરૂના સંયોગે તેને સુવર્ણ ચૈત્યો બંધાવી તેમાં મણિમય પ્રતિમાની પ્રતિષ્ઠા કરી, અને છેવટે તે ધર્મમાં રતિ રાખી મુક્તિવધૂ વર્યો." માટે હે સુરસુંદરી ! નવકારનો મહિમા ઉત્તમ છે, ઇહલોકમાં સુખકર્તા અને પરલોકમાં સિદ્ધિ રમણીને વરાવનાર છે. શુદ્ધભાવે અને શ્રદ્ધાએ યુક્ત જે માણસ એક લક્ષ નવકાર ગણે તે તિર્થંકર ગોત્ર બાંધે એમ તારે નિઃસદેહ માનવું.

ગુરૂણીની મધુરી ગરાનું પાન કરતી સુરસુંદરી તેને વારંવાર વંદન કરવા લાગી, અને " જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે ત્યાંસુધી મારે નિત્ય અઢીસો નવકાર ભાવ સહિત

ગણવા; મારે યાવજ્જીવિત નવકારશી પચ્ચખ્ખાણ શુદ્ધ અને પાળવું. ” આવો રાજસુતાએ અભિગ્રહ લીધો.

એક દિવસ સુરસુંદરી અને અમરકુમાર સોળશણગાર* ધારણ કરો પંડિતસહવર્તમાન રાજસભામાં આવ્યા. રાજસભામાં પ્રવેશ કરી નૃપતિને નમ્યાં અને બતાવેલે આસને બેઠાં, એટલે સચી અને મઘવાના અવતારની માફક શોભવા લાગ્યા. ભૂપતિની પાસે બેઠેલો શ્રેષ્ઠી ધનાવહ વિદ્યા અને વિનયના વિલાસને ધનવાદ આપવા લાગ્યો. પછી બંનેની પરીક્ષા કરવાને પ્રશ્નો પૂછવામાં આવ્યા, તેના ઉત્તર બન્નોએ પોતપોતાના બુદ્ધિબળની સહાયથી સંતોષકારક રીતે આપ્યા. પ્રથમ અમરકુમારે સમસ્યા પૂછી:—

પ્રથમાક્ષર વિણ ઉજળી,
પૃથિવી કાય કહંત;
બીજાવિણ પંખિણી કહી,—
સહુ વંછે વિણ અંત.

કુંવરીએ જવાબ આપ્યો “સુખડી” અને વળતી શ્રેષ્ઠી સુતને સમસ્યા પૂછી:—

---

*મજ્જન, હાર, નેત્રાંજન, કુંડળયુગલ, ચીર નાસાભરણ, ભાલતિલક, કરકંકણ, કંચુકમણિ, ચરણનૂપુર, વલય, તાંબુલ, સુગંધી કુસુમનો હાર, ચંદનવિલેપન વિગેરે વિગેરે સ્ત્રીના સોળ શણગાર કહેવાય છે. ક્ષાર, મજ્જન, તિલક, વસ્ત્ર, ગાત્રવિલેપન, મુદ્રિકા, કુંડળ, મુકુટ, કરને વિષે ખડ્ગ, પગમાં ઉપાનહ, કંઠને વિષે મુક્તાફળનો હાર, તાંબુલ, કંકણ, કટિપટબંધ ઇત્યાદિ પુરૂષના સોળ શણગાર કહેવાય છે.

પ્રથમ વિણ ઉભી રહી,
બીયવિણ મૃતપતિ નાર;
અંત્યાક્ષર વિણ જે કહી,
અન્ને ગૃહી નિરધાર.

અમરકુમારે સમશ્યા પૂરી "રાખડી."

આ પ્રમાણે કેટલીક અરસપરસ સમશ્યા પૂછાયા પછી નૃપતિએ શ્રેષ્ઠીસુતને કહ્યું "જો તમે ખરેખર શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય તો નીચેના પ્રશ્નનો ઉત્તર કહો:—

"સાર કહો સરોવર તણું,
દૈત્ય કોણ વિખ્યાત;
સદા સુહાગણ મરૂનરા,
વેશ કયે ઓળખાય;
એકે વચને એહનો,
ઉત્તર દ્યો ધરી નેહ."

અમરકુમાર—શિવસુંદરી પતિ સાંભળો,
કંબળી વેશ્યા તેહ.

પછી સુરસુંદરીને પ્રશ્ન પૂછવામાં આવ્યો.

કાવ્ય તણો કહો રસ કયો,
ચકવાને દુઃખ દાય;
કોણ અસતીને પ્રિય નર,
વેશ્યા ચિત્ત સોહાય;
એકે વચને એહનો,
ઉત્તર કેમ દેવાય;

સુરસુંદરી ચંપાપતિ સુણજો પિતા.
અર્થ મંત કહાય.

આ પ્રમાણે બન્નેએ સભાસમક્ષ ઘણા પ્રશ્નના ઉત્તર આપ્યા તેથી અધ્યાપકને અત્યાનન્દ વાઘ્યો; અને તે પોતાનો શ્રમ સફળ થયો એમ માનવા લાગ્યો. કારણ કે એક કવિ કહે છે કે क्रियाहि वस्तूपाहिता प्रसीदति " (શ્રેષ્ઠ) પાત્રને વિષે પ્રયુક્ત એવી શિક્ષા હમેશાં ફળે છે. "

તદનંતર રાજાએ પંડિતને યથેચ્છ સંતોષી સભા વિસર્જન કરી.

કહેવાતી (૬૪) ચોસઠ મહિલા કલાનું પૂર્ણ જ્ઞાન સંપાદન કરી કુશળ બનેલી કુંવરીને જોઇ ચંદ્રમા પણ તેટલી કળાનો અભ્યાસ કરવા આકાશમાં ફરવા લાગ્યો હોયની ! એકદા રાજા પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો-"હે પ્રિયે ! હવે આપણી સુરસુંદરી વિનય, વિવેક, શાસ્ત્ર, વિચાર, ચાતુર્યાદિક ગુણોએ સંપન્ન થઇ પૂર્ણ યોવને પહોંચી ચૂકીછે, પણ તેને લાયક વર કોઇ મારી નજરે પડતો નથી. " ખરેખર હવે રાજાએ પુત્રીના વિવાહ સંબંધી વિચાર કરવો યોગ્ય હતો. કારણ કે તે જાણે કામદેવની રાજધાની સ્વર્ગ થકી ઉતરી આવી હોયની તેવી દેખાતી હતી. તેના અધરબિંબ પથિકજનના હૃદયને દલન કરવામાં કરવાલ સરીખા ભાસતા હતા, હસતી ત્યારે શ્વેત પુષ્પ ખરતાં હોયની તેમ ભાસ થતો હતો. તેણીનું પ્રશસ્ય વદનકમળ નિહાળી ઈર્ષ્યાને લીધે

ચંદ્રમાએ અભ્યાસ કરવા માંડયો અને બન્નેને પૂર્ણિમાને દિને વાદ થયો તેમાં હારીનેજ ચંદ્રમા કૃષ્ણપક્ષમાં ક્ષીણપણું પામ્યો હોયની ! કર્ણયુગલમાં પહેરેલાં બંને કુંડળો તે જાણે સૂર્ય અને ચંદ્રમાજ હોયની એમ ઝળકી રહ્યાં હતાં. પોતે કંઠને વિષે આરોપણ કરેલો નવસરનો હાર સૂર્યમંડળના નવ ગ્રહની સમાન શોભી રહ્યો હતો. સારંગનાં નેત્ર સમાન ચંચળ તેણીનાં નયન રસ્તે ચાલતા મનુષ્યને રોકવાની શક્તિ ધરાવતાં હતાં. જેણે મૃગને લજ્જાસ્પદ બનાવી ચંદ્રબિંબમાં નસાડી મૂકયો તે આ બાલાનાંજ નેત્ર હોયની ! નાકમાં રહેલી મુક્તાફળની વાળીનો બહાર કંઇ ઓછો નહોતો. મણિધર શેષનાગની ફેણ જેવી વક્રગતિવાળી વેણી તેના કટિતટ સુધી પહોંચી મન હરણ કરતી હતી. સિંહ તો તેણીનો કટિતટ૮ક્ષેક પેખી કયારનો વનમાં પલાયન કરી ગયો હતો. તેણીના હસ્ત અને ચરણની નાજુક્તાને લીધેજ કમળે જલવાસ અંગીકાર કર્યો હોયની ! સુરસુંદરીનુંજ જાણે રૂપ જોવાને દેવતા અનિમેષ નેત્રવાળા થયા હોયની ! અને તેણીનું રૂપ લીલાએ જોવાને ઈંદ્રે સહસ્ર નેત્ર કર્યાં હોયની ! સુરસુંદરીનાજ ગુણનું વર્ણન કરવાને વિધાતાએ જાણે ચાર મુખ ધારણ કર્યાં હોયની ! અને સુરસુંદરીનાજ ગુણનું શ્રવણ કરવાને ભારતી દેવીએ આઠ કર્ણ કર્યા હોયની ! એમ દીસતું હતું. બીજી મોહનવેલી તો સ્થાવર હોય છે પણ આ ગજગામિની કામિની તો જંગમ મોહનવેલી રૂપ હતી. વધારે શું કહેવું ! જ્યારે મહાદેવે મકરકેતન કામદેવને

ભસ્મસાત્ કરી નાખ્યો ત્યારે તેના ભ્રમરની પંક્તિ તેણીના કેશ જાળરૂપ થઇ ગઈ હોયની પ્રધાનવીર મલયપવન તેણીના નિઃશ્વાસરૂપ થયો હોયની! ચકવાક સમાન તેના બન્ને પૂર્ણ કુંભો તેણીના કઠીન પયોધરરૂપ થયા હોયની! અને જયસ્તંભરૂપ કદલી તેણીનાં ઉરૂયુગ રૂપ થઇ હોયની શું !

રાજાએ વિચાર કર્યો કે " મારા અંતઃકરણમાં સુરસુંદરી વિષે ખરેખરી ચિંતા છે. યોગ્ય પતિ જોડે તેણીનો સંબંધ થાય તોજ તે સુખી થાય. સુદક્ષા નારીનો કુકંથ સાથે સંયોગ થાય તે કેળ અને કંથેર વૃક્ષના સંયોગની જેવો દુઃખદાયી થાય. દાતા નારી અને કૃપણ ભર્તાને કેમ બને ? તેમનું ઘર કેમ ચાલે ?" વિચાર કરતાં તેને સાંભરી આવ્યું, તે તેણે રાણીને કહી બતાવ્યું. " હે પ્રિયે ! આપણાજ નગરમાં ધનાવહ શ્રેષ્ઠીનો પુત્ર નામે અમરકુમાર રૂપ ગુણમાં આપણી બાલા સરખોજ છે, અને બન્નેએ એકજ ગુરૂ પાસે વિદ્યાભ્યાસ કર્યો છે, તે મને સુરસુંદરીને યોગ્ય લાગે છે." રાણીએ કહ્યું–" આપના મનને સોહાય તેજ ખરો છે; હું તો આપના ચરણારવિંદની રેણુ સમાન છું, આપ જે કરશો તે મને સદા સંતોષ આપશે."

દંપતીએ નિશ્ચય કરી ધનવાહ શેઠને બોલાવવા અનુચર મોકલ્યો. તરતજ શ્રેષ્ઠી આવ્યા તેને આદર સત્કાર દઇ પોતાની પાસેના આસન ઉપર બેસાડી પોતાનો નિશ્ચય જાહેર કર્યો. શેઠને ના કહેવાને કંઇ કારણ નહોતું. " ભાવતું હતું ને વૈદ્યે કહ્યું. " તેથી તેઓ બોલ્યા–

"હે અવનીપતિ! આપનું વચન પ્રમાણ છે. મને એ વાત ખરેખર પસંદ પડીછે. એ વાત મને હર્ષોત્પાદક થઇ પડીછે અને લગાર પણ વિલંબ કરવા હું ઇચ્છતો નથી." રાજાનો અને શ્રેષ્ઠીનો આ પ્રમાણે વિચાર નક્કી થવાથી જ્યોતિષી પંડિતને બોલાવી લગ્નનો દિવસ મુકરર કર્યો. ભૂપાળે અને શ્રેષ્ઠીએ પોતપોતાના સંબંધીઓ ઉપર લગ્નપત્રિકા મોકલાવી અને તેમને સહકુટુંબ આવવાનું આમંત્રણ કર્યું. રાજાને ત્યાં તેમજ નગરશેઠને ઘેર મોટા મોટા ઉત્સવો થશે એમ જાણી સ્વજન વર્ગ તથા અન્ય માંડળિક રાજાઓ આવવા માંડ્યા. "જીવ્યાથી જોયું ભલું" એ કહેવત ખરીજ છે. વિવાહની સામગ્રી તૈયાર થવા લાગી, ઘેર ઘેર તોરણ બંધાયાં અને માંગળિક ગીતો ગવાવા લાગ્યાં. ભાતભાતનાં પકવાન, પોશાક અને શણગાર તૈયાર થઇ ગયાં. યાચકોને દાન અપાયાં. બંદીજનોને કારાગૃહમાંથી મુક્ત કર્યા. દંપતી શુભ મુહૂર્ત્તે પાણિગ્રહણ કરી, અગ્નિની સાક્ષાત્ ચાર મંગળ ફેરા ફરી શેઠને ઘેર આવ્યા અને યથેચ્છ સુખ ભોગવવા લાગ્યા.

એકદા પ્રભાત થયો. પ્રાભાતિક વાયુ મન્દ મન્દ સંચાર કરવા લાગ્યો. આકાશરૂપી બાગમાં વેરાયલાં શ્વેત કુસુમ સમાન ભાસતો તારાગણ, અરૂણે સૂર્યના આગમનનાં ચિન્હ પ્રદર્શિત કરવાને લીધે અદ્રશ્ય થયો. પક્ષીઓએ પોતપોતાના માળામાં મધુર ગાયન શરૂ કરી દીધું, ધીમે ધીમે સૂર્ય દેવતા પોતાનાં કિરણો મોટાં શિખરોપર, વૃક્ષોની ટોચ

પર, હવેલીઓ અને બંગલાના ઉચ્ચ ભાગોપર એમ અનુક્રમે ફેંકવા લ ગ્યે. પ્રથમ સંધ્યાના રંગના કિરણો શ્વેત થઇ ઉષ્ણ થવા લાગ્ય . આ વખતે ચંપાપુરીની ભાગોળે આવી નજર ફેંકતાં છેક દૂર દૃષ્ટિમર્યાદામાં સઢરૂપી પાંખો ફફડાવતું, સપાટાબંધ જળરૂપી પવન કાપતું, શ્વેત હંસોની સમાન ભાસતું, નાનું સરખું નૌકાનું ટોળું નજરે પડયું. જોતજોતામાં તો તે છેક બંદરમાં આવી પહોંચ્યું, લાંગર્યું અને "વહાણો મોટી સફરેથી પાછા સહીસલામત આવી પહોંચ્યા છે" એમ સૂચવવા તોપોના અવાજ કરવામાં આવ્યા, તેથી સમુદ્રનાં જળ કંપ્યા અને આકાશ શ્યામ ધૂમાડાના ગોટેગોટાથી ભરાઇ ગયું.

આ વહાણો આજ નગરીના નગરશેઠ અને આપણી વાર્ત્તાની નાયિકા સુરસુંદરીના શ્વસુરના હતા. ધનાવહ શ્રેષ્ઠી આ શહેરમાં જબરો વ્યાપારી હતો અને તેના વહાણો પૃથ્વીના સકળ ભાગોમાં સફર કરતાં. ધનાવહશેઠે અગણિત દ્રવ્ય આજ રસ્તે પ્રાપ્ત કર્યું હતું. અન્ય દેશાથી અને તે વળી દૂર આવેલા મહાસાગરમાંથી વહાણો સહીસલામત આવે તે હર્ષનું કારણ છે તેમ અહીં (શેઠને ત્યાં) પણ બાળથી તે વૃદ્ધ સુધી સૌને થયું. વહાણપરથી સર્વ માલ ઉતારો આણ્યો. સઘળી વ્યવસ્થા કરવામાં શેઠનો કુલોદ્દીપક પુત્ર અમરકુમ ર રોકાયલો હતો. આ કાર્યમાં તેનું મન સંતોષકારક રીતે ગુંથાયાથી તેના હૃદયરૂપી ઝરા વિષે વ્યાપારાર્થે દેશાટનનો અંકુર પ્રકટયો. પિતા પાસે આ વાત શી રીતે મૂકવી તેનો તેણે કેટલોક વખત વિચાર કર્યો.

વર્ષ ઋતુ ક્યારની શરૂ થઇ ગઇ હતી. શેઠ સાહુકારો-ની વાડીઓમાં અને રાજાઓના બાગમાં, ધાન્યના ક્ષેત્રોમાં અને ખુલ્લા મેદાનમાં સઘળે મેઘરાજાની સૃષ્ટિરૂપી નવવધૂએ લજ્જાયુક્ત થઇને લીલાવર્ણનાં વસ્ત્ર ધારણ કર્યાં હોય તેમ દીસતું હતું. શાંત સમયે મેઘની ગર્જના અને તેને આગ-મનનું સન્માન આપતી હોયની તેવી મયૂરની મીઠી કેકા, અને વખતે વખતે દેવળોમાંથી ધોરેથી પ્રસરતો ઝીણો ઘં-ટાનાદ—આ સઘળું કાનને અથાગ સુખકારક થઇ પડતું. જુઈ, જાઇ, મોગરો, કેતકી, ડોલર, ચંબેલી ઇત્યાદિ અનેક સુવાસિત પુષ્પના અભિનવ અંકુરો તેમજ ખોલેલી કળીયો ઉપર થઈને આવાગમન કરતો મંદમંદ લહેરોવાળો વાયુ શરીરના પ્રત્યેક અવયવને અપ્રતીમ આહ્લાદ ઉપજાવતો. ગયેલી ગ્રીષ્મ ઋતુના સખત તાપથી ખેદ પામેલા જનો હ-મેશને વાસ્તે વર્ષાસમય ઇચ્છતા હોયની તેમ પ્રસન્ન વદન-વાળા જણાતા. વ્યાપાર અર્થે દેશાવર ગયેલા પથિકજનોને વિરહથી વિધુર બનેલી અબળાઓને મળવાને ઉત્સુક બ-નાવી આ ઋતુજ સ્વદેશ તરફ લાવતી તેથી સકળ સ્ત્રીજન તેને ( વર્ષા ઋતુને ) વશ થઇ ગઇ હોયની તેમ તેનું વિ-ધિપૂર્વક પૂજન કરતી દૃષ્ટિએ પડતી હતી. મન: પૂર્ણ વરસાદ પડતો ત્યારે નદી નાળામાં ઉગેલાં વેત્રલતાદિ છોડો નમી જઇ જળના વધારે બળવાન મોજાંને પોતા ઉપર થઇ જવા દેતા; તે જાણે બળવત્તર દુશ્મન સામે નમીને ચાલવાને દુ-રાગ્રહી જનોને ઉપદેશ કરતા હોયની! આકાશમાં વાદળાં-

ઓ એકઠાં થઈ આવતાં અને ઘડીમાં વેરાઈ જતાં, તેથી સૂર્ય ઘડીમાં છવાઈ જતો અને ઘડીમાં દૃષ્ટિએ પડતો; આ દેખાવ લોકોને તેમની અસ્થિર સ્થિતિનું ભાન કરાવતો હોયની! સરોવરમાંના નાના પ્રકારનાં કમળ પુષ્પો, તટ ઉપર બેઠેલા શ્વેત હંસોની પંક્તિ અને ઉછળી આવતાં શ્યામવર્ણનાં મોજાં–એ સર્વ એકી વખતે સર્વ રંગનું અચ્છું જ્ઞાન આપતું હતું.

આ સમયે અમરકુમાર પોતાના શયનગૃહમાં નાના વિધ સુખ ભોગવતો સુરસુંદરી સાથે બેઠો હતો. ત્યાં તેના મગજમાં ઉપર જણાવેલો વિચાર ઉપજ્યો. મનસાથે નક્કી કરી પિતા પાસે જઈ પોતાનો નિશ્ચય જાહેર કર્યો. પુત્રનો વિચાર જાણી પિતાને એક રીતે સુખ પણ બીજી રીતે દુઃખ થયું. પુત્ર સારી રીતે ભણી ગણી પાવરધો થયો અને તેણે દેશાટનની ઇચ્છા બતાવી તેથી તેના મનમાં સંતોષ થયો કારણ કે:—

व्यापारान्तरमुत्सृज्य वीक्षमाणो वधूमुखम् ।
यो गृहेष्वेव निद्राति दरिद्राति स दुर्मतिः ॥

આ શ્લોક તેને ઠીક યાદ આવ્યો. પણ તેને દુઃખ એ રીતે થયું કે પોતાનો એકનો એક વહાલો પુત્ર પોતાની વૃદ્ધાવસ્થામાં વિખુટો પડે. પોતાને ત્યાં લક્ષ્મીના ભંડારો ઓછા નહોતા કે પુત્રને દ્રવ્યોપાર્જન માટે પરદેશ વેઠવો પડે.

પુત્રે પોતાનો આશય જાહેર રાખ્યો–"હે પ્રાણ કરતાં

પણ પ્રિય પિતાશ્રી! જે માણસ પિતાના પૈસા ઉપર અહોરાત્રિ આનંદ કર્યા કરે છે તે માણસના જીવિતને ધિઃકાર હો! વળી હે તાત! દેશ દેશની રીતભાત, વિવિધ ચરિત અને હુન્નરોનું જ્ઞાન, દુનિયામાં સારા નરસા માણસોનો મેળાપ, દુનિયાની સમજ, ભવોદધિના તોફાની મોજાંના સપાટામાંથી કેવી રીતે આપણો બચાવ કરી લેવો એ વાતનું જ્ઞાન, શું કૃત્ય કરવાથી લોકમાં આબરૂની વૃદ્ધિ થશે અને શું કાર્ય કરવાથી ઉલટી હાનિ થશે એ પ્રમાણે દરેક વસ્તુનું દ્વિવિધ જ્ઞાન, સંસારિક તેમજ રાજ્યખટપટ, નવી નવાઇઓ, તીર્થોનું અવલોકન અને વિદ્વાનવર્ગ સાથે ઓળખાણ-આ સઘળાનું કારણ દેશાટન છે, અર્થાત્ દેશાટનથીજ એ સઘળું જ્ઞાન મેળવાય છે. કહ્યું છે કેઃ—

देशे देशे किमपि कुतुकादद्भुतं लोकमानाः ।
संपाद्यैवं द्रविणमतुलं सद्य भूयोप्यवाप्य ॥
संयुज्यन्ते सुचिरविरहोत्कण्ठिताभिः सतीभिः ।
सौख्यंधन्याः किमपि दधते सर्वसंपत्समृद्धाः ॥

માટે હે પિતા! જો તમે મારા નિશ્ચયની હા નહિ કહો તો હું આજથી ભોજનનો ત્યાગ કરીશ. ધનાવહ શેઠે પુત્રને ઘણો સમજાવ્યો પણ કોઇ રીતે માન્યું નહિ ત્યારે અમરકુમારના જગપર્યટનને સારૂ વર્ષા ઋતુ વીત્યા પછી જવા નિમિતે જોઇતી સામગ્રી તૈયાર કરાવવી શરૂ કરી.

થોડી વાર પછી સુરસુંદરીએ અમરકુમારની પાસે આવી શિષ નમાવી ઉલટ સહિત કહ્યું-"હે સ્વામિન્! આપ દેશાટન કરવા જાઓ છો તો હું પણ આપની સાથેજ આવીશ." પતિ ધ્યાન આપતા નથી તે જોઈ વળી બોલી "હે પ્રાણનાથ! આપ વિના હું કાળ શી રીતે નિર્ગમન કરૂં? કંથ વિનાની કામિનીને કલંકિત કરતા લોકો વિલંબ કરતા નથી એ વાતથી આપ ક્યાં અજાણ્યા છો? સ્ત્રીને કદાપિ એકલી ન મૂકવી જોઇએ. શય્યા, આસન, ભોજન, દ્રવ્ય, રાજ્ય, રમણી અને ગ્રહ એ સાત વસ્તુ સૂની મૂકવાથી અન્ય અધિષ્ઠિત થાય છે એ શાસ્ત્રોક્ત વચનને આપ નથી જાણતા? હું તો આપના શરીરની છાયાની માફક આપની સાથેજ આવીશ." અમરકુમારથી ના કહેવાય એવું રહ્યું નહિ. રાજા (સુરસુંદરીના પિતા) એ પણ હા કહી અને રાણીએ કુંવરીને તિલક કરી વધાવી.

આવા શુભ પ્રસંગે પણ પુત્રની માતાને વિખુટી પડતાં શોક થયા વિના રહેતો નથી. વ્યાકુળ બનેલી ધનવતી અમરકુમારને શિક્ષા દેવા લાગી "હે પુત્ર! તું પરદેશ જઇ મનવાંછના પૂર્ણ કરી પાછો તારા વૃદ્ધ માતપિતાને મળવા આવવા ભૂલતો ના. હે વહાલા તનુજ! તું પરદેશમાં જઇશ ત્યાં તારા સુકોમળ દેહના કોણ ભાળ લેશે એમ સંભારી મને દુ:ખ થાય છે, તોપણ હે પ્રાણપ્રિય સુત! હું કેટલીએક અત્યુપયોગી શિક્ષા કહેવા ધારૂં છું તે તું ધ્યાનમાં રાખજે. "અટવીમાં એકાકી રહેનાર સાહસીક સિંહની માફક તારે

ઇંદ્રિયોને નિયમમાં રાખી રહેવું. જન, દેશ, કાળને અનુસરીને તારે કાર્ય કરવું. બ્રાહ્મી મુહૂર્ત્ત પ્રભાતમાં નિદ્રા ત્યાગ કરવી. યોગ્ય રિપુ જોઇ યુદ્ધ કરવું; પ્રમાદનો ત્યાગ કરી નિદ્રા સ્તોક રાખવી. સંતોષને તજી દેવો નહિ. પ્રપંચ, વાચાળપણું, પારકાને સંતોષી રાખવા અને હરેક પ્રકારે બીજાના મનની વાત જાણી લેવી આ ચાર ગુણો તો હૃદયમાં કોતરી રાખવા યોગ્ય છે.” માતાની શિખામણ પુત્રે ધ્યાનમાં લીધી. નક્કી કરેલે પ્રયાણમુહૂર્ત્ત સુખી જોડું વહાણમાં બેઠું કે તરતજ વહાણ ચાલ્યાં. એક કવિ કહે છે કે-

तीर्थानामवलोकनं परिचयः सर्वत्र वित्तार्जनम् ।
नानाश्चर्यनिरीक्षणं चतुरता बुद्धेः प्रशस्ता गिरः ॥
एते सन्ति गुणाः प्रवासविषये दोषोऽस्ति चैकोमहान् ।
यन्मुग्धामधुराधरसुधापानं विना स्थीयते ॥

ભાવાર્થ:-તીર્થનું અવલોકન, સર્વત્ર અનુભવ, દ્રવ્યોપાર્જન, નાના પ્રકારનાં કૌતુકનાં દર્શન, બુદ્ધિનું ચાતુર્ય, વાણીનું પ્રશસ્યપણું, પ્રવાસમાં આ સઘળા ગુણો સમાયલા છે, પણ એક મોટો દોષ એ છે કે સ્ત્રીના મધુર અધરના સુધાપાન (અર્થાત સ્ત્રી) વિના રહેવું પડે છે.

આ શ્લોકનો ઉત્તર ભાગ અમરકુમારના સંબંધમાં ખરો નહોતો કારણ કે તેને તો સ્ત્રી (સુરસુંદરી) સાથેજ હતી.

અમરકુમાર અને સુરસુંદરીથી આરૂઢ થયેલાં વહાણો

જલમાર્ગ કાપતાં કાપતાં ચાલ્યાં તે વખતનો રત્નાકર સાગરનો ભવ્યદેખાવ ખરેખર અવર્ણનીય હતો. પળમાં ઉંચે ઉછળતાં અને ક્ષણમાં પાછાં બેસી જતાં સમુદ્રજળ-કલ્લોલ ઉપર હરતાં ફરતાં વિવિધ રંગાકૃતિના જલચરો મનહરણ કરતાં; દૂર દૃષ્ટિ ફેંકતા કેટલાક અસાધારણ કદના ખડકો માલમ પડતાં જેના ઉપર અથડાઇને ભાગી ગયેલ જળયાનોના કોઇ કોઇ ભાગ જેમ તેમ પડી રહેલ હોય તેનું અનુમાન થતું હતું. આ પ્રમાણે કૌતુક જોતાં જોતાં ઘણો માર્ગ કપાઇ ગયો. એટલામાંતો વહાણો એક બેટ પાસે આવી પહોંચ્યાં.

આ બેટનું નામ સિંહલદ્વીપ હતું, મીઠાં પાણી ફક્ત અહિંથી મળે તેમ હોવાથી વહાણો કેટલોક વખત થોભાવવાનો ઠરાવ થયો. પણ તેજ વખતે વહાણના માલુમે સૂચવ્યું કે "આ બેટનો અધિષ્ઠાતા કોઇ પાપી યક્ષ છે, તે અહીં હમેશાં રાત્રિસમયે આવે છે ને મનુષ્યને દેખે તો તેનો આહાર કરવા ચુકતો નથી; વાસ્તે આ સ્થળેથી તે વખત અગાઉ પ્રયાણ કરવું ઉચિત છે." આ સૂચના ઉપર પૂરતું લક્ષ આપવામાં આવે તેમાં કંઇ નવાઇ જેવું નહોતું. સૌ પોતપોતાના વહાણ ઉપરથી ઉતરી જલ ઇંધણ લેતાં લેતાં કૌતુક નિરખતાં હતાં. અમરકુમાર પણ સુરસુંદરીને સાથે લઇ અહીં તહીં ફરવા લાગ્યો. આવે, નિર્જન સ્થળે જંગલમાં પણ જાણે મનુષ્યની મહેનતથી હોય તેમ ઉછરેલા લીલોતરી દૃષ્ટિએ પડે તે કંઇ સૃષ્ટિની ઓછી ચમત્કૃતિ ન કહેવાય. નિર્મેઘ સ્વચ્છ આકાશને લીધે સાંજ ખરેખર દીપતી હતી.

કિનારા ઉપરના નાના નાના પલ્લવો અને વૃક્ષો સમુદ્રના નિર્મળ જળમાં પ્રતિબિમ્બિત થતાં હતાં. સુખી જોડું વૃક્ષની દુર દેખાતી ઘટામાં થઇને એકાદ સુવાસિત પુષ્પોથી મનોહર એવા લીલા ચોગાન ઉપર આરામ લેવા બેઠું. થાકને લીધે કોમળાંગી સુરસુંદરી પતિના ઉત્સંગને વિષે શિષ ધારણ કરી નિદ્રાવશ થઇ ગઇ. ગમે તેમ હો-કાંતો પૂર્વભવના અકૃત્યો નડયાં હોય, કાંતો નિદ્રાદેવીનું બુરૂં ઇચ્છયું યા કર્યું હોય પણ એ દેવીએ સુરસુંદરી ઉપર આજે વેર વાળ્યુ હોયની! કારણ કે એ શ્રેષ્ઠીસુતાને માથે આ ભારે ચોઘડોયું હતું.

બિચારીના માઠા ભાગ્યે અમરકુમારને અત્યારે બાલ્યાવસ્થાની વાત યાદ આવી. કૌમાર્યાવસ્થામાં શાળાને વિષે શ્રેષ્ઠીસુતા સાથે થયેલા સંવાદમાં 'સાત કોડીએ રાજ લેત' એ શબ્દો સુરસુંદરીના શશિસમ મુખમાંથી નીકળ્યા હતા તે આ વખતે તેને સાંભર્યા. પતિનું ચિત્ત ક્રોધાનલથી ભરાઇ ગયું. તેણે વિચાર્યું કે "આ વખત તેની પરીક્ષા કરવાનો છે, સાત કોડીએ કેવી રીતે રાજ લે છે તે જોઉં તો ખરો." આમ ધારી એક વખત પાણિગ્રહણ કરેલી સ્ત્રીના ચિરપાલવે સાત કોડી બાંધી, સાથે 'આ કોડીએ રાજ્ય મેળવજે' એવા સ્ફુટ અક્ષરો લખી પતિ ત્યાંથી ચાલ્યો.

પાછા ફરતાં ફરતાં વિચાર થયો કે-"અરે હું અત્યારે તેનો ત્યાગ કરી ચાલ્યો જાઉં છું પણ પાછળ તેનું શું થશે! આ વેરાન જંગલમાં જાગ્યા પછી પણ શું કરશે ? કલ્પાંત કરી મૂકશે, મારા ઉપરના અગાધ પ્રેમને ભૂલી જઇ મને

ફિટકાર આપતાં વિલંબ નહિ કરે અથવા જો જાગવા પહેલાંજ પેલો દુષ્ટ યક્ષ આ સ્થળે ફરતો ફરતો આવી પહોંચશે તો તે ખચિત તેને જીવતી નહીં છોડે. ખરૂં છે કે તે સોંદર્યવતી છે, લાવણ્યવતી છે તોપણ તેણીના આ અનુપમ ગુણો એ દુષ્ટને દયાર્દ્ર કરવાને શક્તિમાન નહિ થાય. કયાં મારી પત્નીનું સુકોમળ શરીર અને કયાં પેલા મનુષ્ય જાતિના શત્રુનું વિકાળ રૂપ! તે કાળરૂપી દુશ્મનના સપાટામાંથી નહિ બચે. અરે! ત્યારે મારી સુંદરી સાથે આ મારો છેલ્લો સંયોગ! ભવિતવ્યતાએ શું એમજ કરવું ધાર્યું? આટલોજ કાળ વિવાહિત અવસ્થામાં સુખનું અનુપાન કરવાનું વિધિએ નિર્માણ કર્યું હશે? એના માતપિતાએ પોતાની એકનીએક પુત્રીને મને સોંપી તે તેને આ પ્રમાણે વિછેહ આપવા? આમ આચરણ કરવું તે સજ્જનને યોગ્ય ન કહેવાય તેનું કર્ત્તવ્ય તો એ કે આપત્તિસમયે પણ જીવિતસમ નારીનો ત્યાગ ન કરવો, ત્યારે શું હું ક્ષુદ્રજનમાં ખપું? એમ ન બને; ત્યારે તો હું પાછો જઇ તેને સ્વપ્નાવસ્થામાંથી જગાડી મારી સાથે લાવું તેજ ઉચિત કહેવાય. મને તેણીએ જે મેણું મારેલું છે તેનો બદલો બીજે કોઇ પ્રસંગે લઇશ; તેણીને એકાકી છોડી જવાનું કારણ બીજું કંઇ નહિ પણ ફક્ત એક મેણુંજ, અને તેનું વચન તે કેવી રીતે પાળે છે તે જોવું એજ છે. હશે તે વખતે તે ગમે તે પ્રકારે બોલી, આ સમય તેને છોડી જવાનો નથી.”

વળી તેને વિચાર આવ્યો કે “રખે તે નિદ્રામાંથી અ-

ત્યારે જાગી હશે અને મને પાસે ન જોઇ શોધતી હશે. શોધમાં નિષ્ફળ થઇ ગાભરી બની હશે. તે જ્યારે આવી સ્થિતિમાં હશે અને મને જોશે ત્યારે હું તેને શું કહીશ? કંઇ ફિકર નહિ. અબળા જાતિને છેતરવી તેમાં શું મોટી વાત છે? કંઇ બહાનું બતાવીશ અને કહીશ જે ફક્ત તારી પરીક્ષાર્થે વૃક્ષની ઘટામાં સંતાયો હતો. હવે બહુ કાળ વ્યતીત થયો છે, વાસ્તે જલદી તેને જગાડી સાથે લાવું." યૌવનવતી રાજકન્યાને પોતે જ્યાં સુતી મુકી છે ત્યાં આવીને જુએ છે તો હજુ ભરપૂર નિદ્રામાંજ હતી. પતિએ ગમે તેટલો વિચાર કર્યો પણ કુંવરીને માથે ચોઘડીયુંજ ભારે હતું.

ખરેખર હતભાગ્ય કુંવરીના ગતભવના પાપનો પૂર્ણ ઉદયજ આવેલો કે હજુ તે નિદ્રાદેવીના આધીનપણામાંથી છુટી નહિ. સબબ કે વળી અમરકુમારના ચિત્તને અસ્થિર થઇ જતાં વાર લાગી નહિ. "અરે! ત્યારે હું એને જગાડું? જગાડવામાજ ફાયદો છે ને ત્યાગ કરી જવામાં ગેરફાયદોજ છે? કેમ મનાય?" હજુ તેને ઉંઘતી જોઇ તેના વિચાર તદ્દન ફરી ગયા. પુરૂષનું ચિત્ત કઠોર કહેલું છે તે સત્યજ છે. નહિતો તે અટલો આટલો પસ્તાવો કરી તુરતના કરેલ વિચાર ઉપર પાણી કેમ ફેરવે? પસ્તાવાને એક બાજુએ મુકયો ને પ્રિયાને બીજી બાજુએ મુકી. જેમ ક્ષુદ્રજનને જોઇ સજ્જન દૂર નાસી જાય છે તેમ દુષ્ટ કલ્પનાઓને હૃદય નજીક આવતી જોઇ સુવિચારો દૂર નાઠા, એટલે પેલી ખરાબ કલ્પનાઓ પતિના હૃદયમા પેઠી. કોણ જાણે શું થયું કે પાછો

તે ક્રોધમાં લપેટાયો. “ગમે તેમ થાઓ પણ તેને તો નજ જગાડવી. સાત કોડીએ તે રાજ્ય લેવા માગે છે તો ભલે. સ્ત્રીજાતિનું મેણું હું સહન કરીશ ત્યારે પુરૂષજાતિનો દરજ્જો શું હલકો? તેનું ગમે તેમ થાઓ. બહુ વખત થયો છે. વખતે તે જાગી ઉઠશે તો વળી પીડા થશે.” વળી એક બીજી વખત પશ્ચાત્તાપને ખાડામાં નાંખી ક્રોધાનળને આવકાર દઇ, આવું અકાર્ય કરી કુંવર ત્યાંથી ચાલ્યો.

વહાણ નજરે પડ્યાં કે કુંવરે ઢોંગ કરી બુમરાણ કરી મુક્યું. કેટલાએક ઉતારૂઓ વહાણમાં બેસવા જતા હતા તે ત્યાં ભરાઇ ગયા તેમ તેમ તે વધારે આક્રંદ કરવા લાગ્યો. કારણ પૂછતાં ઢોંગીએ જણાવ્યું કે “મારી પ્રિયાને દુષ્ટ યક્ષ હણી આહાર કરી ગયો છે. અરે હું હવે શું કરીશ? એના તથા મારા માતાપિતાને હું શું જવાબ દઇશ?” પણ ખોટા ફિતુર ક્યાંસુધી ટકે? લોકોએ દીલાસો આપ્યો કે તુરત તે વહાણમાં બેઠો, બીજાઓને કંઇ જાતનો વહેમ ન આવે તેવી વર્તણુક રાખી નૌકાસમુદાયને ચલાવવાનો હુકમ કર્યો.

એક બાજુએ આપણી વાતના નાયકના વહાણોએ જળપર્યટન શરૂ કર્યું, તેવામાં બીજી બાજુએ સુરસુંદરીનું શું થયું તે તપાસીએ. નિદ્રાની પાશમાં ઘેરાઇ તે વખતે તેનું વદનકમળ હસતું દેખાતું હતું; પણ તે મહાદેવીના બંધનમાંથી છુટી ત્યારે તેના ચહેરાપર જુદાજ પ્રકારનાં ચિન્હો છવાઈ ગયાં. જાગીને જુએ છે તો પ્રાણપતિ દેખાયજ ક્યાંથી! તેણે જાણ્યું કે આવે રમણીય સ્થળે કુદરતી લીલા નિ-

હાળતાં નિહાળતાં પ્રાણાધાર ફરતા હશે. (બિચારીને શી ખબર કે પ્રાણાધાર તો પ્રિયાની પરીક્ષા કરવાને અર્થે કયારના મોટા ઢોંગ કરીને ઉપડી ગયા છે!) આળસ મરડી ઉભી થઇ, આમ તેમ ફરવા લાગી, પણ સ્વામીજીને કયાંઇ જોયા નહિ. નિરાશ થઇ, વળી પોતાને પ્રથમ સ્થળે આવી બેઠી; સાથે મૂર્છા આવી અને તે ધરણીપર ઢળી પડી. પિતાને ઘેર કંઇ થયું હોય તો અનેક દાસદાસીઓ દોડી આવે, પણ આ નિર્જન સ્થળે કોણ આવીને જળ છાંટે અથવા કંઇ શીતોપચાર કરે કે મૂર્છા વળે અને સુરસુંદરી પછી સાવધ થાય. અલબત આવે સ્થાને કોઇ મનુષ્યનો સંચાર હોતો નથી. પણ આ તો સર્વના જાણવામાં છે કે વાયુ વિનાની એક પણ જગા નથી. એજ વાયુએ આ વખતે મનુષ્યનું મનુષ્ય કરતાં પણ વધારે કામ સાર્યું. સમુદ્રના જળની શીતળતાવાળી પવનની એકાદ લહેકી સુરસુંદરીના શોકગ્રસ્ત ચહેરા ઉપરથી ફરી વળી સાથે મૂર્છાને પણ લેતી ગઇ. તે બેઠી થઇ, નિસાસો મૂકયો, હૈયું ભરાઇ આવ્યું પણ દીલાસો આપનાર પાસે કોઇ નહોતું. આંખો અશ્રુજળથી ભીની થઇ-તેમા ડુબી ગઇ. વસ્ત્રપલ્લવે જેવી આંસુ લુવા જાય છે તેવીજ પલ્લવે ગાંઠ વાળેલી જોઇ. ગાંઠ છોડી જુએ છે તો બીજું શું હોય! વાંચનાર જાણે છે કે તેમાં સાત કોડી હતી. "આ ગાંઠ શી, આ કોડીનું શું કારણ, કોણે બાંધી હશે?" આમ વિચાર કરે છે તેવામાં ગાંઠ પાસેજ પલ્લવપર લખેલા અક્ષરો તેની નજરે પડયા-!" સાત કોડીએ રાજય લેજે"-

બાંચ્યું. તે તુરત સમજી ગઇ. તેણીએ છોડી જવાની અમરકુમારની ધારણા તેણીના જાણવામા આવી. તેના દુઃખનો હવે પાર રહ્યો નહિ.

"અરે પ્રાણનાથ! પણ હવે પ્રાણનાથ શાના! જ્યારે આ દાસીને ત્યજી ચાલી જવામાં જરા પણ અનુકંપા આવી નહિ ત્યારે પ્રાણનાથ કોના! પ્રાણપતિ કોના!" નૂર તેજ રહિત મુખને જમણા હાથપર ટેકવીને બેઠેલી રાજકન્યા ગભરાટમાં ને ગભરાટમાં બોલવા લાગી—"અરે મેં આપને આવા ધાર્યા નહોતા કે બાળપણમાં અને વળી હસતાં હસતાં બોલેલાં વચનનો આપ આવો ઉપયોગ કરશો. મને આ દ્વીપમાં એકલી નિરાધાર મુકી જતાં કઇ પણ વિચાર ન થયો? અરે પ્રાણપતિ! જળવિના જેમ વેલી તેમ હું તરૂણી તમ વિના સુકાઇ જઇશ. હાય! જલદી આવી સુધારસે સ્નેહ પલ્લવ છાંટો." ( વળી કંઇ વિચાર કરી યાદ લાવી બોલે છે. ) "હું સુધારસ છાંટવાનું કહું છું તે કોણ છાંટે? પ્રાણનાથ અહીં ક્યાંથી હોય કે હવે આવી મને સ્નેહાલિંગન દે. અરે મને આમ ત્યજી દેવા કરતાં જલધિમાં ફેંકી દેવી હતી. બહેતર વિષપાન કરાવ્યું હોત તો કે જેથી વિરહાનલથી તો પીડિત થવું ન પડત. એથી વધારે સારૂં એ કે મારો તમારી સાથે સંબંધ ન થયો હોત. અરે મને છેહ દેનાર પાપીને હવે મારે આવાં વિશેષણ દેતાં શા માટે અચકાવું જોઇએ? જે યોગ્ય છે તેજ હું બોલું છું. અરે વિશ્વાસઘાતી શ્રેષ્ઠીસુત! મને આવી પ્રથમથી ખબર

હોત તો જો કે આપણામાં વરકન્યાની ઇચ્છા પુછવામાં આવતી નથી તોપણ આગળ પડી તે રીતિથી વિરૂદ્ધ વર્તી મારા માતપિતાને તે કાર્ય કરતાં અટકાવત, પણ મારાજ દુર્ભાગ્ય કે મને પરણવામાં તારી-પણ અરે વળી મારે વિવેકના ખરા નિયમનો ત્યાગ કરવો પડે છે, પણ શું કરૂં! મારૂં દુઃખી મન મારે હાથ નથી, ભ્રમણ કર્યા કરે છે. મારાંજ દુર્ભાગ્ય કે મને પરણવામાં તારી આવી ધારણા હતી. ખરેખર બાલ્યાવસ્થાની જુની વાત યાદ કરતાં ક્રોધ વ્યાપ્યો હશે; અને તારે તેજ ક્રોધના ભોગ થવું પડયું છે એમાં કાંઇ નવાઇ નથી. પરશુરામ જેવા મહાન્ યોદ્ધાએ તેજ ક્રોધને આધીન થઇને એકવીશ વખત પૃથ્વી નક્ષત્રી કરી કહેવાય છે.

જૈન સિદ્ધાંતમાં પણ આ પ્રસિદ્ધ વાત છે કે દંડકરાયના પાલક નામે પ્રધાને પાંચસો મુનિવરના પ્રાણ લીધા; કારણ બીજું કંઇ નહિ પણ ક્રોધજ. ગુરૂજી પાસે હું સુક્તિમુક્તાવાળ પ્રકરણ વાંચતી તેમાં પણ એમ કહેલું હોય એમ મને યાદ છે કે "ચિત્તવિકાર કરવામાં ક્રોધ મદ્યનો સુહૃત છે, ભય ઉત્પન્ન કરવામાં સર્પ સમાન છે, શરીર દહન કરવામાં અગ્નિ સમાન છે, જ્ઞાનનો નાશ કરવામાં વિષ સમાન છે. ખરેખર ક્રોધથી નીપજતાં માઠાં પરિણામ દુઃસહ થઇ પડે છે. તેટલાજ માટે કહેલું છે કે—

संतापं तनुते भिनत्ति विनयं सौहार्दमुच्छादय ।
त्युद्वेगं जनयत्यवद्यवचनं सूते विधत्ते कलिम् ॥

कीर्तिं कृन्तति दुर्मतिं वितरति व्याहन्ति पुन्योदयम् ।
दत्ते यः कुगतिं स हातुमुचितो रोषः सदोषः सताम् ॥

ભાવાર્થ:—ચિત્તોદ્વેગને વિસ્તારનાર, વિનયગુણનું વિદારણ કરનાર, મિત્રભાવનો વિનાશ કરનાર, ઉચ્ચાટને ઉત્પન્ન કરનાર, અસત્ય વચનની ઉત્પત્તિરૂપ, કલહનું મૂળ, યશનું છેદન કરનાર, દુષ્ટ બુદ્ધિ આપનાર, પુન્યોદયને હણનાર અને છેવટે કુગતિએ પહોંચાડનાર એવા દોષવાળા રોષનો સજ્જનોએ ત્યાગ કરવો ઉચીત છે. વળી મારા સ્વામી ા પરાજય કરનાર ક્રોધ વિષે એમ પણ કહેલું છે કે—

यो धर्मं दहति द्रुमं दव इवोन्मथ्नाति नीतिलतां ।
दंतीवेंदुकलां विधुंतुद इव क्लिश्नाति कीर्तिं नृणां ॥
स्वार्थं वायुरिवाम्बुदं विघटयत्युल्लालयत्यापदं ।
तृष्णां धर्म इवोचितः कृतः कृपालोपः स कोपः कथं ॥

ભાવાર્થ:—દાવાનળ જેમ તરૂવરને બાળી નાખે છે તેમ ક્રોધ ધર્મનું દહન કરે છે, હસ્તી જેમ લતાને ઉખેડી નાંખે છે તેમ ક્રોધ નીતીનું ઉન્મૂલન કરે છે, રાહુ જેમ ચંદ્રલેખાને તેમ ક્રોધ મનુષ્યની કીર્ત્તિને કલેશ પમાડે છે, વાયુ જેમ મેઘને તેમ ક્રોધ સ્વાર્થને જુદા પાડે છે, તાપ જેમ તૃષ્ણાને તેમ ક્રોધ આપત્તિને વધારે છે, અને વળી જે ક્રોધ કૃપાનો લોપ કરનાર છે, તે ક્રોધ કેમ ઉચિત કહેવાય!

"અરે પણ હું કોનો વાંક કાઢું-ક્રોધી પતિનો કે મારા અવળા નશીબનો ? વિધિના એવાજ લેખ હશે, પતિથી વિયોગ થવો નિર્મિત હશે. પણ હવે આવા વિચારમાં-દુઃખમાં કાળ ગાળવો યોગ્ય નથી. રખે હમણાજ દુષ્ટ યક્ષ આવે, વાસ્તે હિમ્મત નહિ છોડતાં મારે મારા શિયલનું રક્ષણ કરવામાં તત્પર રહેવું જોઇએ." આમ વિચાર કરી સુરસુંદરી પરમેષ્ઠી મંત્રનું ધ્યાન ધરતી વૃક્ષની નીચે સાવધ થઇ બેઠી.

સૂર્ય અસ્ત થયો તે જાણે સુરસુંદરીનું અતિ દુઃખ જોઇ ન શક્યો તેટલાજ માટે હોયની! પંખી જેવાં પણ રાત્રિ પડી જવાની બીકમાં પોતપોતાના માળા શોધવા લાગ્યાં; પણ સુરસુંદરી શું હોય તે શોધે? તે બિચારીના શોકમાં ભાગ લેવાને હોયની તેમ ધીમે ધીમે સઘળી દિશાઓએ અંધકાર રૂપી શ્યામ વસ્ત્રો ધારણ કર્યાં. આ વખતે સમુદ્રતટ સાથે અથડાતા-અફળાતા જળ કલ્લોલનો અવાજ તમરાનો તીણો ગુંજગુંજાટ અને વખતે વખતે પવનથી હાલેલી કોઈ કોઇ વૃક્ષની ડાળીના ખખડાટ શિવાય કંઇ સંભળાતું નહોતું. સઘળે શાંત અને સ્થિર હતું.

આ શાંતિ વધારે વખત ટકી નહિ. દૂરની એકાદી ટેકરીની ટોચ ફાટી હોયની તેમ એક ભયંકર અવાજ થયો, અને અસાધારણ કદની-લંબાઇની એક આકૃતિ અવાજની સાથે બહાર નીકળતી જણાઇ.

આ આકૃતિ ધીમે ધીમે વધવા લાગી અને મનુષ્યની માંવ આવવાથી, જ્યાં સુરસુંદરી પરમેષ્ઠી ધ્યાન ધરતી આ-

સન કરી બેઠી હતી તે સ્થળ તરફ ચાલી. રાજસુતાએ ઉંચું જોયું અને તે ભયથી કંપી છતાં મનઃશાંતિથી વિરૂદ્ધ એક પણ વચન ઉચ્ચારણ કર્યા શિવાય, અથવા અબળા જાતિમાં સાધારણ એવું ભીતિનું એક પણ ચિન્હ પ્રદર્શિત કર્યા વિના એજ ધ્યાનમાં શરૂ રહી.

યક્ષ છેક પાસે આવ્યો, પણ કાંતો સુરસુંદરીની અસાધારણ શાંત મુદ્રાથી અથવા તો ખરેખર તેણીના નવકાર મંત્રના અકથ્ય પ્રભાવથી તેને જોઇને દયાર્દ્ર થયો, અને તેની જાતિથી સદા અળગી રહેતી જે અનુકમ્પા તે આ વખતે તેનામાં આવી. યક્ષનું ભક્ષરૂપ થઈ પડવાને બદલે સ્નેહરૂપ થઇ પડી. અથથી ઇતિ સુધી તે તેણીની વીતક વાતથી વાકેફ થયો. નૃપનંદનાના વિનયવચન સુણી યક્ષે તેને ધન્યવાદ આપ્યો અને પુત્રી કરી પોતાની પાસે રાખી. વનપકવ ફળ ફુલાદિવડે વૃત્તિ ચલાવતી રાજસુતા કાળનિર્ગમન કરવા લાગી.

ધર્મપિતાની આજ્ઞા પાળતી, દૃઢતાથી નિજ પતિવ્રતનું રક્ષણ કરતી અને અહોનિશ પરમેષ્ઠી મંત્રનું ધ્યાન ધરતી સુરસુંદરી નિર્ભય સુખમાં રહે છે, એવામાં એકદા આજ દ્વીપ પાસે થઇને જતા કેટલાએક વહાણોએ જળ લેવાને અહિંજ લંગર કર્યાં. વહાણના શ્રેષ્ઠીએ સુરસુંદરીને જોઇ અને તેને આ દ્વીપની અધિષ્ઠાયિકા દેવી માની, પ્રણિપાત કરી તે તેની પાસે કરદ્વય જોડી ઉભો રહ્યો. "હું કાંઇ દેવી નથી, તમારા જેવી માનુષીજ છું" એમ સુરસુંદરીએ જણાવ્યું, અને શ્રેષ્ઠીના પૂછવાપરથી પોતાનો અનુભૂત અવદાત અક્ષરશઃ તેને

જણાવ્યો. પોતાનો સઘળો કાળ આવા એકાન્ત સ્થળમાં નિર્ગમન કરવો ગમતો નથી એમ સુરસુંદરીનું કહેવું સાંભળી "જો ઇચ્છા હોય તો મારી સાથે ચાલો" એમ શ્રેષ્ઠીએ કહ્યું. વળી નૃપસુતાએ કહ્યું કે 'મુજપતિ શિવાય અન્ય સર્વ મારે પિતા વા ભ્રાતા તુલ્ય છે. અને જો તમે મને મારા પિતૃગૃહે અથવા માર્ગમાં મારા પતિનાં વહાણો મળે તો ત્યાં સ્વાધીન કરો તો તમારી સાથે હું આવવાનો વિચાર રાખુંછું." શ્રેષ્ઠીએ સઘળી વાતની હા કહી. સુરસુંદરી વહાણમાં બેઠી એટલે તુરત તેઓ ચાલ્યાં.

અનુક્રમે જળમાર્ગમાં કેટલાએક દિવસ વ્યતીત થયા. "નગ્ન સ્ત્રી દેખીને મુનિવર પણ ચળે" તેમ શ્રેષ્ઠીનું મન કામે વ્યાપ્યું. પતિવિયુક્ત સુરસુંદરીને હમેશને હમેશ ધ્યાનપૂર્વક જોઇ જોઇ શેઠનું ચિત્ત ડગવા લાગ્યું. છેવટે જ્યારે અનંગશરનો પ્રહાર અતિ દુ:સહ થઇ પડ્યો ત્યારે 'રાજસુતા પાસે એકાન્તમાં જઇ પોતાની પત્ની થઇ રહેવાની પ્રાર્થના કરવી, અને તેમ છતાં પોતાનું કહેવું માન્ય ન કરે તો નિરૂપાયે બળાત્કાર કરવો' આમ ક્રૂર સ્વભાવવાળા શ્રેષ્ઠીએ નિશ્ચય કર્યો; અને નિશ્ચય કર્યો તેવોજ સુરસુંદરી પાસે ગયો. નિર્દોષ અબળાના કોમળ અંત:કરણમાં હમેશ સુવિચારોનો વાસ હતો. તેના મનમાં કદિ પણ ખરાબ કલ્પના સ્વપ્નમાં પણ થતી નહિ. એ શું જાણે કે શ્રેષ્ઠીનો તેની પાસે આવવામાં શો ઇરાદો હશે? હમેશની નિયમીત વેળાએ નૃપનંદનાના ક્ષેમ ખબર પુછાવતો વા પુછવા પોતે

જાતે આવતો, એજ પ્રમાણે તે આજે આવતો હશે એમ સુરસુંદરીએ ધાર્યું પણ આપણે જાણીએ છીએ કે એ તેનું ધારવું અસત્ય હતું. આ વખતે તો મણિભૂષિત સર્પના સમાન તેનું હૃદય વિષવચન યુક્ત હતું. પાસે આવ્યો એટલે સુરસુંદરીએ તેને પોતાનો ધર્મપિતા જાણી વંદન કર્યું. પણ એ વંદન ઉપર અત્યારે એ દુષ્ટનું ધ્યાન નહોતું; અત્યારે એનાં ચક્ષુ કામજ્વરના દાહથી રક્તવર્ણનાં સ્પષ્ટ માલમ પડતાં હતાં. હૃદયમાં દુષ્ટ વિચારો ઘોળાયા કરતા હતા. ચેતના રહિત પગ અસ્થિર ધ્રુજતા હતા, અને પરમેષ્ઠી મંત્રમાં હમેશ મગ્ન સુરસુંદરીના ધ્યાનથી તથા તેના હર્ષભરિત વદનથી ક્ષણવાર પોતાનો વિચાર જણાવતાં શ્રેષ્ઠી સ્તંભ્યો. પણ અત્યાર સુધી કામના નામથી પુષ્પના પણ પ્રહારમાં વજ્ર સમાન બાણોએ તેને શ્રમિત કરી સ્વેદજલથી આચ્છાદિત કરી નાંખ્યો હતો.

સુરસુંદરી પાસે છેવટે તેણે પોતાનો વિચાર જણાવી પોતાના મનોરથ પૂર્ણ કરવા પ્રાર્થના કરી. એકદમ 'પ્રિયે' શબ્દ વાપરી તેને ભયમાં નાંખવી દુરસ્ત નહીં ધારતાં 'હે રાજસુતા' કહી તેને બોલાવી. 'હું સર્વ પ્રકારે સુખી છું' હમેશના રીવાજ પ્રમાણે સુરસુંદરીએ જવાબ આપ્યો, 'મને પરમેષ્ઠી મંત્રના પ્રભાવથી કિંચિત્ માત્ર દુઃખ નથી.' શ્રેષ્ઠીએ 'હું કંઇ પ્રાર્થના કરવા આવ્યો છું, હું ધારૂં છું કે મારૂં વચન ઉલ્લંઘન નહિ થાય.' આમ પ્રકાશિત કરવા ધારેલા હૃદ્ગત વિચારોની પ્રસ્તાવના કહી સંભળાવી. સુરસુંદરીએ

વિચાર્યું કે 'પ્રાર્થના શી, અને વચનનું ઉલ્લંઘન શું?' શ્રેષ્ઠીએ આગળ કહ્યું-'આ વખતે ગતવાત કંઇ સ્મરણ કરવી નહીં; મેં તને મારા વહાણમાં શા માટે લીધી છે તેનો કાંઇ પણ ખ્યાલ આવતો હોય તો તે સત્વર કહી દે.' વિષયી શેઠનું પ્રત્યેક વચન કામક્રોધના આવેશમાંજ નીકળતું હતું. 'હે રાજપુત્રી! તને પત્ની કરી રાખવાનો મેં દૃઢ વિચાર કરેલો છે ને તેજ મારી પ્રાર્થના છે કે તું અવિલંબે મારો સ્વીકાર કર.' દુષ્ટ, વિશ્વાસઘાતી, માયાના મદમાં અંધ બની ગયેલ અને કામે પીડિત શેઠનાં વચનો સુરસુંદરીના હૃદયમાં કારી જખમ રૂપ થઇ પડયાં. તે મૂર્છીત થઇ પડી. ક્ષણવારમાં મૂર્છા વળી એટલે તે બોલી-'હે ક્રૂર! તું મને પોતાની પુત્રી પ્રમાણે ગણી સાથે લાવ્યો છે તે આ પ્રમાણે છેહ આપવાને વાસ્તે? અરે પાપી! આવા કઠોર ઉચ્ચારણ કરતાં કંઇક તો પાછો હઠ; હું તને મારા પિતા સમાન ગણું છું; તારી પુત્રી સાથે આવું ભાષણ કરતાં કંઇ શરમ નથી થતી? તેં મને પુત્રીવત્ ગણવાનું વચન આપ્યું છે અને સજ્જનો પોતાનું કરેલું પ્રાણાંતરે પણ છોડતા નથી. કહ્યું છે કે-

मूर्खो वरं दुश्चरितो न विद्वान् । वरं गृहस्थो न यतिः कुशीलः ।
निस्स्त्रो वरं नो धनवान्नदाता । क्लीबो वरं स्वीकृतमुग् न शक्तः

શ્રેષ્ઠીએ પ્રત્યુતર આપ્યો-" મારી સ્ત્રી કરી રાખવા વાસ્તેજ મેં તને સાથે લીધી છે; પુત્રી તો તેજ કહેવાય કે જેને મેં જન્મ આપ્યો હોય. અવસરે જેવું યોગ્ય તેવુંજ બોલનાર આ જગમાં સુખી થાય છે. પૂર્વ વાત શા વાસ્તે

સ્મરણમાં લાવવી જોઇએ ? વર્તમાન સમય પ્રમાણે વર્તન કરો એજ પ્રશસ્ય છે.” હવે સુરસુંદરીથી પણ બોલ્યા વિના રહેવાયું નહીં. “ હે નીચ વણીક ! યાદ કર કે પરસ્ત્રીલંપટ કોઇ સુખી થયો નથી, અને તું સુખી થવા ઇચ્છા રાખે છે પરંતુ સતીનું સતીત્વ તેં હજી જોયું નથી.

પૂર્વકાળમાં સતીઓપર મહા મહા કષ્ટો પડયાં છે, પણ તે પોતાના ધર્મથી ચુકી નથી. શું તને યાદ નથી કે-

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु ।
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ॥
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा ।
न्यायात् पथः प्रविचलन्ति पदं न धीराः ॥

સુરસુંદરી ધૈર્ય ધરીને ન્યાયપથ વિષે ગમે તેટલું વિવેચન કરે અથવા હરકોઇ પ્રકારે શ્રેષ્ઠીને-અરે શ્રેષ્ઠી શાનો . તે નીચ બુદ્ધિવાળાને સમજાવે પણ તે સર્વ વ્યર્થ. અંધ પાસે જેમ આરસી તેમ તે કામાંધ પાસે સુરસુંદરીની સુનીતિની શિક્ષા નિષ્ફળ ગઇ. જેમ જેમ બિચારી અબળા વધારે સમજાવે તેમ તેમ તે દુષ્ટ પોતાની દુષ્ટતર પ્રાર્થનામાં દૃઢ થતો ગયો. ‘છેવટ જો તું મારી ઇચ્છા પૂર્ણ નહિ કરીશ તો બલાત્કાર કરવો પડશે,’ આવાં અને એક કરતાં વધારે વખત ઉચ્ચારેલાં શેઠનાં વચનોએ સુરસુંદરીના પીડિત હૃદય પર વજ્રવત્ પ્રહાર કર્યો.

"હવે શું કરવું! એક પણ ઉપાય સૂઝતો નથી." એમ અનેક સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા. "હા, એક પક્ષે મારા શીલનું રક્ષણ થઇ શકે તેમ છે. તે એ કે આ પર્વત જેવડા ઉછળી રહેલા કલ્લોલવાળા પારાવારમાં ઝંપાપાત કરવો. એમ થએથીજ મારૂં સતીત્વ સચવાઇ શકાય તેમ છે. જો કે તેમ કરવાથી સો વસા પ્રાણ નાશ થવાનો સંભવ છે, પણ અરે શીલ વિનાની આ કાચી માટીના કુંભવત્ નાશવંત દેહ શા કામની ? ત્યારે સમુદ્રમાંજ પડવું એ એક માર્ગ છે. ગૃહસ્થાશ્રમમાં રહી પ્રાણી અકથ્ય સુખ મળે છે એમ માને છે એ પણ ખરૂં છે. મનુષ્યનો જન્મ પામ્યા તો ખાનપાન, ઉત્તમ પ્રકારનાં ભોજન, મોજવિલાસ ભોગવવામાં કેટલાએક લોકો સિદ્ધિ માને છે. વળી હું એક તરફ રાજપુત્રી, બીજી તરફ નગરશેઠના પુત્રની પત્ની-મારે કોઇ તરેહની તંગી નથી આટલી નાની વયમાં સ્વહસ્તે જીંદગીનો અંત લાવવો મને રૂચતો નથી. હજુ હું પૂર્ણ યૌવનવતી છું. કહીએ તો હજુ મેં સંસારમાં સુખ ભોગવ્યું પણ નથી. થોડા વખતમાં પતિને મળીશ. કેમ જાણું કે તે હવે મને નહિજ મળે ? આમ વિચાર કરૂં છું તો સંસાર અકારો છે તે તદ્દન ખોટું ભાસે છે. હવે જો હું સંસારમાં રહું તો શીલભંગની પૂરેપૂરી ભીતિ છે. જો આ દુનિયાનો ત્યાગ કરૂં તો અને સમુદ્રમાં ઝંપલાવું તો આત્મહત્યા કરી ગણાય. કદાચિત્ સમુદ્રમાં પડતાં છતાં પ્રાણ બચે એ શકયછે; પણ શીલભંગનો અપરાધ અને તેથી દૂષિત નામની નિન્દા

છાપ એ બે દૂર કરવા અશક્યજ છે. માટે આ સંસારની રિદ્ધિસિદ્ધિપર વિચાર નહીં કરતાં મારા પ્રથમ વિચારનેજ વળગી રહેવું અને હવે આ રત્નાકરને શરણ જવું. તે વિના બીજી ગતિ નથી.”

વાંચનાર ! આટલા વિચાર વર્ણવતાં કંઇક વાર થઇ છે પણ સુરસુંદરીના મગજમાં તો ક્ષણમાત્રમાં આવ્યા, ગયા, અને છેવટનો નિશ્ચય થયો.

તુરત તેણીએ સમુદ્રમાં ઝંપલાવ્યું. શેઠ પોતાના વિચારમાંજ એટલો લીન હતો કે પોતાની આસપાસ શું બને છે તેનું તેને બીલકુલ ભાન નહોતું. ઝંપાપાત થયો, સમુદ્રના પાણી ઉછળ્યા એટલે ઉત્પન્ન થયેલા ધબકારાએ શેઠના કાન ચમકાવ્યા. ‘શું થયું, શું થયું’ એમ કહી આમ તેમ જુએ છે તો સુરસુંદરી મળે નહિ. ‘અરે સુરસુંદરી પડી ગઇ, પડી ગઇ, કોઇ એને બહાર કાઢો ’ આવી બૂમોએ સઘળા લોકોને સકળ વીતકથી વાકેફ કર્યા. આજ વખતે સમુદ્રમાં પવનનું તોફાન વધ્યું, વાવાઝોડું થવા લાગ્યું, આકાશ વાદળાથી તદ્દન શ્યામ થઈ ગયું. પવનનું એક ઝાપટું આવ્યું, વહાણ ન જોવાય તેટલી ઉંચાઇએ ચઢયું અને તરતજ-એટલે કે સુરસુંદરી પડી તેની સાથે તે ઉંધું વળ્યું.

આહા ! પરમેષ્ઠી મંત્રનો પ્રભાવ અકથ્ય છે. ‘ બોદે તે પડે’ આ કહેવત અક્ષરશઃ સત્યજ છે. વહાણ ઉંધું વળ્યું અને ઘણો વખત તે એ સ્થિતિમાં રહ્યું એટલે અંદરના લોકોને બહાર નીકળવાનો અથવા તરી આવવાનો એક

પણ રસ્તો રહ્યો નહિ. શેઠ સહિત તમામ ડુબ્યા અને પ્રાણ રહિત થયા.

સુભાગ્યે સુરસુંદરીએ ઝંપલાવ્યું તેજ વખતે વહાણ ડુબ્યું એટલે એકાદ પટીયાનો કડકો તેના હાથમાં આવ્યો જેની મદદથી તેણે તરવા માંડયું. જાતે અબળા વળી રાજકન્યા, કદિ દુઃખ જોયેલું નહિ એટલે આંખોમાંથી અશ્રુપાત શરૂ થયો. તો પણ હામ ધરી રહી એટલે તરતાં તરતાં પાસેના કોઇ 'બેન્નાતટ' કરીને શહેર પાસે બંદરને કિનારે પહોંચી. લોકોએ જોઇ એટલે તેઓનાં મન દયાર્દ્ર થયાં અને તેને પાણીમાંથી લઇ લીધી. ( કારણ કે આ વખતે સુરસુંદરીમાં તલ માત્ર પણ શક્તિ રહી નહોતી. )

આજ વખતે તે નગરીમાં કંઇ જુદુંજ બની રહ્યું હતું. ત્યાંના રાજાનો હસ્તી આલાન (બંધનસ્તંભ) થી છૂટી જઇ શહેરમાં તોફાન કરતો હતો તેથી ત્યાં ઘણોજ ઉતપાત જોવામાં આવતો હતો. ઇમારતો-ઘર દુકાન વિગેરે જે જે રસ્તામાં આવે તે તે ભાંગતો દરવાજા પાસે આવ્યો. ત્યાંના પણ કમાડ ભાંગી પુર બહાર નીકળ્યો. લોકોને દેખી વધારે ઉશ્કેરાયો; અને જ્યાં સુરસુંદરી શક્તિહીન પડી હતી ત્યાં આવ્યો. લોકોએ જોયું કે તેનો તે નાશ કરશે; અને તેમજ થયું. કારણ કે હસ્તીએ તુરતજ તેણીને શુંઢમાં લઇ ફેંકી.

શુભ વા અશુભ-જે કર્મ પ્રાણીએ અમુક ભવમાં બાંધ્યા હોય છે તે કર્મો ભોગવ્યા શિવાય તે રહેજ નહિ. પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ સ્વામીએ ગત ભવમાં ઘણાં કટુ કર્મ બાંધ્યાં હતાં,

તેથીજ તીર્થંકરના ભવમાં વર્ષ પર્યંત આહાર પામ્યા નહોતા, મલ્લીનાથજી તીર્થંકરના ભવમાં નારીવેષ પામ્યા એનું કારણ કંઈજ નહીં પણ એજ કે ગત ભવમાં માયા કરી તપશ્ચર્યા કરી હતી એટલે કે કર્મ એજ કારણ. ચરમ તીર્થંકર મહાવીર સ્વામીને પણ ગોવાળીયાના કર્મોપસર્ગ ભોગવવા પડ્યા હતા. આના કારણના જવાબમાં એટલુંજ કહેવાનું કે પૂર્વ ભવના કર્મ વિષે ઉપદેશમાલામાં કહેલું છે કે ઇંદ્ર પાસેથી પ્રશંસા સાંભળી સનત્કુમાર ચક્રીનું રૂપ નિહાળવા મનુષ્યનું રૂપ ધારણ કરી દેવો આવ્યા હતા અને તેઓએ રૂપને બદલે તેના શરીરમાં દરેક અંગે રોગ નીપજેલા જોયા હતા, જે રોગે સાતસો વર્ષ પર્યંત અપાર દુઃખ આપ્યું હતું. આમ થવાનું કારણ એ ચક્રીના પૂર્વભવનાં કર્મ. અત્યંત સુખમાં ષટ્ખંડનું રાજ્ય ભોગવતો સંભુમ ચક્રવર્તી લોભને આધીન થઈ લવણોદધિ ઉલ્લંઘવા ગયો અને તેજ ઉદધિમાં ડુબ્યો. આનું કારણ પણ પૂર્વભવનાં કર્મ, કૃષ્ણની નગરીમાં જ્યાં નેમનાથનો વાસ હતો ત્યાં ઢંઢણમુનિ આહાર ન પામ્યા એનું કારણ પણ ગતભવનાં કર્મ. અયોધ્યા નગરીના રાજા દશરથને પોતાના દિક્ષાસમયે વહાલાપુત્ર રામને દેશવટો દેવો પડ્યો આનું કારણ પણ કર્મ. લંકાનો અધિપતિ રાવણ જેને ત્યાં શિવશાસ્ત્ર પ્રમાણે સૂર્ય અને ચંદ્ર પણ અનુચર માત્ર હતા તે પણ રામને હાથે મરાયો આનું કારણ પણ કર્મ. મગધેશ મહાન્ શ્રેણીક નૃપતિ પણ પંજરમાં પડ્યો હતો એ ગતભવનાં કર્મને લીધેજ.

વિકાળ કરિવરે ફલકસહિત સુરસુંદરીને કરવડે ફેંકી એટલે તે તેજ જલધિ વાટે જતા કોઇ પ્રવહણમાં પડી. તે પુન: મૂર્છિત થઇ. પણ પ્રવહણપતિના શીતોપચારને લીધે ક્ષણમાં તે ચેતનામાં આવી; અને તેણે તેનાજ આગ્રહથી કંઇક પ્રાશન કર્યું. પણ પોતાધિપતિ તો રૂપવંતી સુરસુંદરીને જોઇને કામાતુર થયો; અને પોતાના મનોરથ પૂર્ણ થાય એવા હેતુથી દિલાસા રૂપે તેણીને ધીરજનાં વચન કહેવા લાગ્યો. આ પ્રમાણે સુરસુંદરી પર એક પછી એક આપદા આવતી ગઇ. પ્રત્યેક વખતે હિંમતનું અવલંબન કરી રહી તો પ્રાંતે ફત્તેહમંદ ઉતરી.

આ અવસરે અગાધ જળમાં ડુબી મૃત્યુ પામેલા શ્રેષ્ઠીના સંબંધમાં બનેલો અવદાત આદ્યન્ત કહી સંભળાવ્યો, તેથી સતીના ચરિત્રનું મહાત્મ્ય અને પરમેષ્ઠી મંત્રના પ્રભાવથી ભયભીત થયેલા પોતાધિપતિએ આપણી નાયિકાનો છેડો મૂકયો. પણ તે તદ્દન જૂદાજ હેતુથી; તેના મનમાં એવો અંકુર ફુટયો કે સુરસુંદરીને વેચી દ્રવ્યોત્પત્તિ કરવી. આ અંકુરને પ્રફુલ્લિત કરવાને આશયે દુષ્ટ વહાણવટીએ કોઇ પાસેના બંદરમાંજ લાંગર નાંખવાનો હુકમ કર્યો; અને તે નગર જેનું નામ સોવનકુલ હતું ત્યાં જઇ મ્હોં માગ્યું મૂલ્ય લઇ કોઇ વેશ્યાને ત્યાં સુરસુંદરીને વેચી. વેશ્યાને લલચાવનાર તેણીનું અનુપમ સૌંદર્યજ હતું.

ગણિકાએ પોતાના નીચ કર્મમાં ઉત્સાહરૂપ શિક્ષા શરૂ કરી. મનની આધિના ત્યાગપર પ્રથમ પાઠ રચ્યો, અનન્તર

મલવર્જન વાસ્તે જલમજ્જન કરવું,અનંગદીપક ચીવર ધારણ કરવાં, મોહોત્પત્તિને કાજે ભાલને વિષે તિલક તથા નેત્રને વિષે અંજન કરવાં, કામીના ચિત્તને વિષે વધારે આસક્તિ કરવાને અંગપર શ્રીખંડનો લેપ, અધરપર રક્તતા કરવી ઇત્યાદિ બાબતોપર દ્વિતીય શિક્ષા પાઠરૂપ વિવેચન કર્યું.

કુટ્ટિનીનાં અસહ્ય વચનો સાંભળી સુરસુંદરીએ પોતાના હૃદયને ક્ષણિક કલ્પનાઓનું સ્થાન કરી મૂકયું. વેશ્યા સાથે ત્રણ દિવસ પછી વધારે વાતચિત કરવાનું નક્કી કર્યું તે એવા ઇરાદાથી કે એટલી મુદત પહેલાં કોઇ રીતે નાસી જવાનું બની આવશે. વખત સાધી એ મહા સતી વેશ્યાનું ઘર છોડી શરીર લઇ ભાગી; ચાલતાં ચાલતાં તેણીના મનમાં અનેક તરંગો આવવા લાગ્યા.

વળી તેના હૃદયમાં કર્મ, કર્મ ને કર્મજ રમી રહ્યું હતું, તેથી તેજ વાતનું તે ધ્યાન ધરતી હોયની એમ બોલવા લાગી; કર્મ અસમાન છે, કર્મથીજ દુષ્ટ વેશ્યાને ત્યાં વેચાણી. ખરૂં છે કે આ એકાદશ સંયોગથી જગત વિનાશ પામે છે-કુમંત્રીથી નૃપ, લોભથી મુનિ, પુત્રના વખાણથી ઉન્મતિ, વિદ્યા ન હોવાથી બ્રાહ્મણ, કુપુતથી કુળ, દ્વેષથી મૈત્રી, મદિરાપાનથી લાજ, સ્વામી વિનાનું ક્ષેત્ર, કંથ વિનાની કામિની, અર્થોપાર્જનમાં પ્રમાદથી નિજસ્થાન અને દુર્જન ખલની સંગતથી અમૂલ્ય શીલ. છિદ્રવાળો ઘડીનો સંગ કર્યો તો ઝાલરને માર સહન કરવો પડે છે. વળી શકટ (ગાડા) થી પાંચ હાથ દૂર રહેવાનું કહ્યું છે; અશ્વથી દશ

હાથ, હસ્તીથો સો હાથ, પણ દુર્જનથી તો પરદેશ જવાનું કહ્યું છે. આમ વિચાર કરતાં કરતાં કોઇ અગાધ દ્રહ (ધરો) પાસે આવી પહોંચી. શરીર ધારણ કરૂં છું ત્યાં સુધી સતીત્વ સચવાવાનું નથી એમ ધારી પ્રાણત્યાગ કરવા વાસ્તેજ વળી બીજીવાર સુરસુંદરીએ દ્રહમાં ઝંપાપાત કર્યો.

નવકાર મંત્રનું સ્મરણ કરતાં જળને શરણે ગઇ કે તરતજ કોઇ મત્સ્યે અહાર રૂપ જોઇ તેને જળ સાથે ગળે ઉતારી. પણ વળી તેણીની જીંદગીની દોરી પૂરી નહિ થયેલી હોય તથા વિધિએ એને વાસ્તે વધારે દુ:ખ રાખી મુકયું હશે, તેથી તેજ મત્સ્ય એક ધીવરે જાળમાં પકડયો અને ચીર્યો. માંહેથી સુરસુંદરીને શબવત્ જાણી બહાર કાઢી. પણ તે વખતમાં શ્વાસ લેતી જણાઈ. શીતોપચારથી ધીવરે તેણીને શુદ્ધિમાં આણી; પણ સુરસુંદરીને વાસ્તે તો કયારની બીજી જાળ પથરાઇ હતી.

તેનું મોહક સ્વરૂપ જોઇને માત્સ્યિકે તે નગરના રાયને સુરસુંદરીની ભેટ કરી. રાજાનું મન અતિરંજન થયું. તેણીની વીતક કથા સાંભળીને પછી પોતાના અંત:પુરમાં મોકલાવી દીધી. પણ રાજાની પટ્ટરાણી જે સુરસુંદરીના અનુપમ લાવણ્યથી પોતાનું માન જશે એમ બ્હીતી હતી, તેની સહાયતાથી તે અહિંથી પણ નાઠી.

આહા ! દૈવની પ્રાબલ્યતા કેવી છે ! નાસતાં નાસતાં થોડોએક રસ્તો કાપ્યો નહિ એટલામાં તો કોઇ પલ્લીપતિ (ચોરોના ઉપરી)ના પંજામાં સપડાઇ, સુરસુંદરીને પોતાની

પત્ની કરી રાખવાનું પલ્લીપતિએ મન જણાવ્યાથી તેણીએ અતિ આગ્રહ પૂર્વક તેની સામે ટક્કર લીધી. આ ઉપરથી પલ્લીપતિ બિચારી રાજકુંવરી ઉપર ખડ્ગ ઉગામવા ગયો. પણ તેણીના પંચ મેષ્ઠી મંત્રના પ્રભાવથી કોઇ અધિષ્ઠાયિક શાસનદેવતાએ અદૃશ્ય રહી પલ્લીપતિને શક્તિ રહિત કર્યો, જેથી નિર્દોષ સ્ત્રીનું સતીત્વ તેણે કબુલ કર્યું અને તેને પીડા કર્યા વિના જવા દીધી.

ભીષણ અરણ્યને વિષે એકલી પડેલી સુરસુંદરી ચાલતાં ચાલતાં કોઇ સ્વચ્છ જળવાળા સરોવરને કિનારે આવી પહોંચી. જળપાન કરી તટપર બેઠી એટલે શ્રમને લીધે ઢળી પડી અને નિદ્રાવશ થઇ ગઈ. હવેથી તેણીનું દૈવ બદલાશે એમ જણાયું.

નિદ્રાવશ થયેલી સુરસુંદરીને મૃતક જાણી આકાશમાંના કોઇ ગરૂડ પક્ષીએ ચાંચમાં ઉચકી લીધી, પણ પછી જીવતી છે એમ જોઇ પડતી મુકી એટલે તે કોઇ વિદ્યાધરના વિમાનમાં પડી. વિદ્યાધરને આ સમયે આ અબળાની સ્થિતિથી અતિ દુઃખ થયું, પણ સાથે હર્ષ પણ થયો તે એ કે દુઃખિતનું દુઃખ નિવારણ કરવાને આવો રૂડો અવસર તેને વિધિએ આપ્યો. નૃપસુતા શુદ્ધિમાં આવી એટલે તે બોલી ઉઠી-"અરે મને અહીં નહીં રાખો, ધરણી પર ફેંકી દો." તેણીથી વધારે બોલાયું નહિ, નેત્રમાં આંસુ ભરાઇ આવ્યાં. વિદ્યાધરે પોતાથી બનતો દિલાસો આપ્યો અને તેણીની વીતક વાત કહેવા કહ્યું. સુરસુંદરીએ પોતાની સકળ હકીકત

આદ્યન્ત કહી સંભળાવી, જેથી વાંચનાર માહિતગાર છે. તેણીનું સતીત્વ સાંભળીને બહુ પ્રશંસા કરી, સુનીતિવાન્ વિદ્યાધરે સુરસુંદરીને ભગિની સમાન ગણી, અને તેણીને પોતાને મંદિરે લઇ જવાનું કહ્યું. ત્યાં સુરસુંદરી કે જેણે આટલાં આટલાં દુઃખો સહન કર્યાં હતાં તેણે કંઇક સુખરૂપ અને કંઇક શ્રમાપગમ રૂપ કેટલાએક દિવસ વિદ્યાધરને ત્યાં નિર્ગમન કરવાનું કબુલ કર્યું.

સુરસુંદરીએ કહ્યું-"હું કર્મની વીતક કેટલી કહું! જે જે કહીશ તેથી ઉપહાસ થાય તેવું છે. કહ્યું છે કે આયુ, વિત્ત, ગ્રહછિદ્ર, મંત્ર, મૈથુન, ઔષધ, દાન, માન અને અપમાન-આ નવ વાનાં ગુહ્ય રાખવા યોગ્ય છે પણ હે બાંધવ! તમારા મંદિર પ્રત્યે જવા પહેલાં નંદીશ્વર દ્વીપની યાત્રા કરાવો એ મારી મૂળ પ્રાર્થના છે, જેથી જિનેશ્વર ભગવંતની મુખમુદ્રાના દર્શનથી સમગ્ર પાતકમળથી દૂર થાઉં."

વિદ્યાધરે સુરસુંદરીની ઇચ્છા પૂર્ણ કરવા સંતોષ બતાવ્યો અને વિમાન સત્વર નંદીશ્વર દ્વીપે પહોંચ્યું. નીચે ઉતરી વિધિ પ્રમાણે વંદન કરી બન્નેએ જિન સ્તવના કરી. ચૈત્યવંદન કરી પાછા ફરતા હતા તેવામાં કોઇ મુનિવરના દર્શન થયા એટલે સાધુને પણ વંદન કરી તેમની પાસે બેઠા. ધર્મોપદેશ શ્રવણ કરો સુરસુંદરીએ પોતાના પતિનો મેળાપ ક્યારે થશે એ પ્રમાણે મુનિને પૂછવાથી તેમણે જવાબ આપ્યો કે એ શ્રેષ્ઠીપુત્રનો સંયોગ બેનાતટ નામે નગરે થશે, કારણ કે તમારા પૂર્વ પાપ હવે ઘણાં ખરાં ક્ષય પામ્યાં છે.

પછી સાધુના ચરણને નમીને બંને જણ વિમાનમાં બેસી આકાશમાર્ગે ચાલ્યાં. રસ્તે રત્નજટી જે કે આ ખેચરનું નામ હતું તેણે નૃપસુતાને કહ્યું-"મારે મંદિરે મારે ચાર સ્ત્રીઓ છે તે તમને ઘણા સ્નેહથી ચહાશે, પણ તમારો ભેદ એ ન પામે અને તમારા સુખદુ:ખની વાત ન જાણે તેવી રીતે રહેવું. કારણ કે છ કાને વાત પહોંચી તે બહાર પડયા વિના રહેતી નથી; કહ્યું છે કે-

षट्कर्णो भिद्यते मन्त्रो चतुष्कर्णो न भिद्यते।
द्विकर्णे स्थापिते मन्त्रे ब्रह्माप्यन्तंनगच्छति ॥

આમ વાતચિત કરતાં અને પંથે નાના પ્રકારનાં કૌતુક નિરખતાં બન્ને વિદ્યાધરને નગર આવી પહોચ્યાં મંદિરે, ગયાં અને ત્યાં સુરસુંદરીને ઘણો આદરસત્કાર મળ્યો. રત્નજટીની ચારે સ્ત્રીઓ પોતાની નણંદને જોઇને ઘણો હર્ષ પામી.

નિત્ય ભ્રાતૃજાયા (ભોજાઈ) ને હાથે નવી નવી ભક્તિ પામતી, તરેહ તરેહના ભોજન આરોગતી અને નિરંતર સુખમાં રહેતી સુરસુંદરીને ને વિદ્યાધરને દુગ્ધસલિલવત્ સ્નેહ થયો. કોઇવાર વિમાનમાં બેસી તેની ચારે રમણી સાથે યાત્રા કરવા જતી, તો કોઈવાર તેમને જિનમાર્ગનું તત્વ દાખવતી. કોઈ વખત જીવાજીવાદિકના સ્વરૂપ પર, તો કોઈવાર નવપદના મહિમા પર અને કોઈવાર ષટ્દ્રવ્ય પર વ્યાખ્યાન કરતી. વિદ્યાધરની પત્નીઓ કરકંકણાદિ આભૂષણો પહેરવાનું કહે ત્યારે "સતીનાં ભૂષણો તો અન્ય પ્રકારનાં છે"

એમ કહે. "જુઓ, સતીને સમકિત એજ ઉત્તમ ચીવર છે, દયાજ કંચુક સમાન છે, અમૂલ્ય શીલ એજ હાર છે, ભાલને વિષે તિલક તો તપજ છે, સત્યવાણી માત્ર તાંબુલ સમાન છે, સુપાત્રદાનજ કંકણરૂપ છે, નેત્રાંજન તો લજ્જા એજ છે." આ પ્રમાણે કુલવતી નારીના શૃંગાર કહેતી. આમ સુખમાં ને સુખમાંજ ઘણા દિવસો નિર્ગમન કર્યા.

અન્યદા સુરસુંદરી અત્યુત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરી બેઠી હતી તે વખતે તેણીનું સુંદર સ્વરૂપ ઘણુંજ વધી ગયું હતું. તે જોઈ ખેચરપતિનું ચિત્ત વિહ્વલ થયું. ચલિત થાય તેમાં કંઈ નવાઈ જેવું ન હતું. બ્રહ્મા સરખા મહાન્ પુરૂષો પણ સ્ત્રીમાં નિમગ્ન થયા હતા. વિશ્વામિત્ર સમાન ઉગ્ર તપ કરનાર મહર્ષિ દેવતાએ મોકલેલ મેનકા નામની અપ્સરાના ઉન્માદોત્પાદક સ્વરૂપને જોઈ વિહ્વલ બન્યા હતા. ગૌતમઋષિની પત્ની અહલ્યાની કીર્તિ શ્રવણ કરી સ્વર્ગ થકી મહેન્દ્રને પણ ભોગની વાંછાએ પૃથ્વીપર આવવું પડયું હતું. (આ અને બીજા અનેક દૃષ્ટાન્તો અન્ય દર્શનમાં પ્રચલિત છે)

વિદ્યાધર રત્નજટીનું ચિત્ત અસ્થિર થયું તો ખરૂં પણ તેને દૃઢ કરવું તે પણ એના સામર્થ્યમાંજ હતું. એટલે તેને સદ્ય સ્થિર કર્યું. પોતે ભગિની સમાન ગણીને તેણીને પોતાને મંદિરે આણી, પછીથી આ પ્રમાણે છેહ દેવો એ તેણે દુષ્ટ વિચાર્યું. સાથે એવો પણ નિશ્ચય કર્યો કે હવે તેને વધારે વખત પોતાને ત્યાં નહિ રાખતાં તેણીને ઇચ્છિત સ્થાને મોકલવામાં વધારે વિલંબ કરવો નહિ. સુરસુંદરી પણ હવે

કોઇ રીતે તેમની અનુજ્ઞા માગવાને ઇચ્છતી હતી, એટલે વિદ્યાધરને પોતાને કંઇ કહેવું પડયું નહિ.

જેવી રીતે એક ભાઇ પોતાની બહેનને પતિને ઘેર મોકલવાની તૈયારી કરે તેવી રીતે રત્નજટીએ સુરસુંદરીને વાસ્તે સામગ્રી કરવી શરૂ કરી. પણ સુરસુંદરીએ એમાંથી કંઇ પણ ગ્રહણ કર્યું નહિ; પણ બીજી કેટલીએક વસ્તુઓ પોતાને ઉપયોગી ધારી વિદ્યાધર પાસેથી લેવી યોગ્ય વિચારી ગ્રહણ કરી, તેની પ્રસંગવશાત્ ખબર પડશે.

હવે આપણી નાયિકાનો પતિ અમરકુમાર જેને આપણે જે વખતે તેણે સુરસુંદરીને છોડી ત્યારથીજ છોડયો છે તેનું શું થયું તે તપાસીએ.

સમુદ્ર વાટે અનેક બંદરો કરતાં, જૂદા જૂદા દેશ નિહાળતાં, ત્યાંના લોકોની રીતભાતનું યથાર્થ જ્ઞાન મેળવતાં, સાથેનો માલ યથેચ્છિત મૂલ્ય મળે વેચતાં, અને ફાવે ત્યાં ખરીદ કરતાં આ શ્રેષ્ઠીસુતનાં વહાણો એકદા બેનાતટ નામના નગરે આવી પહોંચ્યા. વહાણો લાગર્યાં અને શ્રેષ્ઠીપુત્ર ભેટ લઇ તે નગરના રાજાને મળવા જવા સારૂ નીચે ઉતર્યો. તેને કોઇ દેશના ધનાઢ્ય ગૃહસ્થનો પુત્ર છે એમ જાણી નૃપતિએ સારી રીતે સત્કાર કર્યો. ભેટ સ્વીકારી. અમરકુમાર રાજાને પ્રણામ કરી ઉઠયો; અને નગરમાં માલના ક્રયવિક્રયને વાસ્તે ચાલ્યો. પણ એટલામાં તો તેને માથે અચાનક વાદળું ઉતરી આવ્યું. "ઠગાખોર છે, ઠગો છે" એમ કહી કેટલાએક રાજપુરૂષોએ આવી તેને પકડયો, બંદીવાન

કર્યાં. પણ બીજી કંઈ હરકત કર્યા શિવાય તેને શુલ્કસ્થાન (માંડવી) પ્રત્યે લઇ ગયા; અને ત્યાંથો શૌલ્કિક (માંડવીની તપાસને વાસ્તે રાજા તરફથી નીમાયેલો અમલદાર) ને ઘેર લઇ ગયા.

સુરસુંદરીને છોડતાં શું છોડી, પણ ત્યારથી અમરકુમારના મનમાં એટલો પશ્ચાત્તાપ ને શોક થયો હતો કે તે હજુ પણ જારી હતો. આવી ચતુર, રૂપવતી, પતિવ્રતા ને નિર્દોષ સ્ત્રીનો ત્યાગ કરવાથી તેનું શરીર છેક કૃશ થઇ ગયું હતું. એટલામાં વળી કયાંઇથી આ અણુધારી પીડા આવી પડવાથી અમરકુમારનું હૃદય ભરાઇ આવ્યું. તેણે ઘણી મુસાફરી કરી હતી, ઘણો કાળ પરદેશમાં ગાળ્યો હતો તો પણ તેનું હૃદય હજુ સાધારણ રીતે આર્દ્ર હતું-નમ્ર હતું. પોતે શ્રેષ્ઠીનો પુત્ર, વહાણમાં દગો શું એની કંઇ ખબર નહીં છતાં આ શાનું પરિણામ હશે એવા વિચારપર વિચાર તેના અંત:કરણમાં આવ જાવ કરવા લાગ્યા. શૌલ્કિક જેનું નામ વિમલવાહન છે તેણે આ સઘળું જોયું. તેણે કંઇ કંઇ આડા અવળા પ્રશ્ન પૂછવા માંડયા. યદ્યપિ પ્રત્યુત્તર આપવાનું શોકમાં નિમગ્ન થયેલા અને સુરસુંદરીનું રટણ કરતા અમરકુમારનું ભાગ્યેજ મન થાય; પણ રાજપુરૂષ જાણી કંઇ કંઇ ઉત્તર આપવા પડ્યા. તેના મનમાં એમ આવ્યું કે કોઇ પણ ઉપાયે ત્યાંથી છુટાય તો ઠીક. છુટવાને માટે ઉપાય પુછતાં વિમળવાહને કહ્યું કે "જો તું મારા પગના તળીયાંનું મર્દન કરીને સવાશેર ઘી સમાવી દે તો તારો છુટકા થાય."

અમરકુમારે નિરૂપાયે કબુલ કર્યું. પગ મર્દન કરવા બેઠો. બે પહોર થયા પણ પાર આવ્યો નહીં. વિમળવાહને કપટ-નિદ્રા લેવા માંડી એટલે અમરકુમારે લાગ જોઇને ઘી પો જોઇને પૂરૂં કરવા ઘીનું પાત્ર ઉપાડી મોઢા પાસે લીધું કે વિમળવાહને ઉઠીને પકડયો અને કહ્યું કે 'બાળપણાની ચોરીની ટેવ હજુ ગઇ નથી.' અમરકુમાર બહુ ઝંખવાણો પડયો. દીન જેવો થઇ ગયો. એટલે વિમળવાહને માર્મિક પ્રશ્ન પણ પુછવા માંડયાં "તમે કોણ છો? કયાં રહો છો? કેમ દીલગીર દેખાઓછો?" ઇત્યાદિ. આમાંના છેલ્લા પર તો તેણે વારંવાર પૃચ્છા કરવા માંડી. આગ્રહથી પુછવા માંડયું ત્યારે તેને ઉત્તર આપવા પડયા. પોતાની અને સુરસુંદરીની વાત પોતે સઘળી કહી બતાવી. પોતાની કેવળ મૂર્ખાઇ અને દોષ યુક્ત વર્તણુક કબુલ કરી. "હવે મારે તેની સાથે સંયોગ કયાંથી? અરણ્યને વિષે મનુષ્યાહારી દુષ્ટ યક્ષ તેનું ભક્ષણ કરી ગયો હશે, અથવા તો શું થયું હશે? તેની શોધ શી રીતે થાય? મેળાપ-હવે મેળાપ તો અશકયજ છે! પણ અહીં મારો શોક જણાવ્યેથી શો ફાયદો છે?" આમ બોલતાં બોલતાં વળી તેનાં નયન જલાર્દ્ર થયાં, વિમળવાહનનું ચિત્ત પણ આર્દ્ર થયું. તેણે કહ્યું-'ધારો કે તમારી સુરસુંદરી હયાત છે તો?' 'હયાત! શું સુરસુંદરી સજીવન! અશકય! હું માનું નહિ.' પણ હું ધારો કે સત્યજ કહું છું, કંઇ પણ કલ્પના કરતો નથી તો?" "તો, કંઈ નહિ પણ મારા અશ્રુનાં ઉષ્ણ પાણી તેનો ઉષ્મા રહિત થાય, આનંદાશ્રુ આવે અને તેણીને

જોઇ તેના દર્શન કરી હું તેની ક્ષમા માગું, તેણીના તરફ જે દુષ્ટ વર્ત્તણુકથી હું વર્ત્યો છું તેની ક્ષમા આપવાને વાસ્તે તેને પ્રાર્થના કરૂં અને હવે પછી-" 'બસ હવે બહુ થયું, તમારા સ્નેહનું વધારે પ્રમાણ અતિરિક્ત છે. તમારી સુર-સુંદરીને હું સદ્ય મોકલું છું.' આમ કહી વિમળવાહન ઘરમાં ગયા. વિમળવાહનનું બોલવું સાંભળી અમરકુમાર આશ્ચર્ય પામ્યા અને 'એ વધારે વિલંબ કરાવાને બહાનું શોધે છે' એમ તેને ભાસ્યું. પણ એટલામાં તો તેણે સુર-સુંદરીને તેના પૂર્વ રૂપમાં-તેથી પણ વધારે સૌંદર્યમાં આવતી જોઇ. અરે! આ તે સ્વપ્ન! માયા કે મતિભ્રમ! આ હું શું જોઉં છું? 'એનો તમારી ધર્મપત્ની સુરસુંદરી.' ખરેખર, શું આ મારી પ્રિયા સુરસુંદરી પોતે, એજ નૃપસુતા પોતે!" હા, એ નૃપસુતા પોતે; તેમાં નથી સ્વપ્ન, નથી માયા, કે નથી મતિનો વિભ્રમ. ખરેખરા પ્રાણયુક્ત, સજીવન સુરસું-દરીનીજ મૂર્ત્તિ છે."

અમરકુમાર જેને અત્યાર સુધી શરીરનું ભાગ્યેજ ભાન હતું તે હવે શુદ્ધિમાં આવ્યો. પોતાની સુરસુંદરી જેનો પોતે ક્રૂરતાથી કપટ કરીને ભયાનક વનમાં ત્યાગ કર્યો હતે તેને તેણે તુરત ઓળખી, સાનદાશ્ચર્યથી બન્ને પરસ્પર ભેં-ટ્યાં. પતિ તો માફ માગવા સુધી ગયો, માફ માગી. ક્ષમા માગી તેના ચરણમાં પણ પડવા ગયો, જેનું સુરસુંદરીએ "એ સતીને કુલવતી નારીને છાજે નહીં" એમ કહી નિવારણ કર્યું.

અમરકુમારે પોતાનો દોષ બતાવ્યો, પણ સુરસુંદરીએ

તો તે ગત ભવના કર્મનેજ આરોપ્યો; એમ કહીને કે "આ-પનો એમાં કંઇ દોષ છેજ નહિ. જેવાં મારાં ભાગ્ય. ભવિ-તવ્યતા પ્રમાણેજ સઘળું થાય છે અને થશે, તેમાં મિથ્યા થનાર નથી."

હવે બન્નેએ એક બીજાની વીતક વાત કહેવા માંડી.

પોતાના સંબંધમાં જે કાંઈ થોડું કહેવાનું હતું અને જેથી વાંચનાર માહીતગાર છે તે અમરકુમારે કહ્યું. સુરસું-દરીને તો વધારે કહેવાનું હતું તે સૌ જાણે છે. અરણ્યમાં નિદ્રામાંથી જાગી ત્યારથી તે વિદ્યાધર પાસે પોતે રજા માગી ત્યાં સુધીનો વૃત્તાંત વાંચનારથી અજાણ્યો નથી. આ સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યા પછી-ત્યાર પછીની બીના કહેવી શરૂ કરી. તેણીએ કહ્યું-"યાત્રાએ ગયા હતા ત્યાં મુનિવરના પ્રસંગથી મને માલમ પડયું કે આપનો મેળાપ બેનાતટ થશે, તેથી વિદ્યાધરે મારા કહ્યા મુજબ અહીંના નગરની નજદીકના ઉપવનમાં મને લાવી મુકી. અમો બન્ને ખરા અંતઃકરણથી એક બીજાને જે કહેવું યોગ્ય હતું તે કહી, ભાઇ બહેનના વાત્સલ્યમાં જુદાં પડયાં. અમારાં નેત્રો સ-જળ થયાં, અમે શોકસાગરમાં ડુબ્યાં; કારણ કે આવો વિ-યોગ ખરેખર અસહ્ય છે.

પછી વિદ્યાધર પાસેથી મેળવેલી રૂપ પરાવર્તન* ના-

* વાંચનારને કહેવું જોઇએ કે અગાઉ સૂચવન કરેલી વસ્તુઓ જે વિદ્યાધર પાસેથી સુરસુંદરીએ માગી લીધી હતી તેમાંની આ વિદ્યાઓ છે.

અની વિદ્યાથી મેં સ્ત્રીનો વેશ બદલી પુરૂષનું રૂપ લીધું અને વિમળવાહન એવું મારૂં નામ રાખ્યું. આરામપાલકને ત્યાં જઇ વાસ કર્યો અને તેને ધન દઇ સંતોષ્યો. આવી સ્થિતિમાંજ પડી રહેવું દુરસ્ત નહિ ધારી હું કોઇ પણ રીતે પ્રસિદ્ધ થાઉં એવા ઇરાદાથી મેં એકદા દાહજ્વર નિવારણ ઔષધિ સહિત ગુંથીને એક વીંઝણો બનાવ્યો અને આરામપાળકની સ્ત્રીને લક્ષ મૂલ્યે વેચવા આપ્યો. બજારમાં જઇને વેચતાં કોઇ ગ્રાહક ન મળ્યું, છેવટે એક શ્રેષ્ઠીએ લીધો અને તેના પવન વડે પોતાના પુત્રનો વ્યાધિ દૂર થવાથી માળણને લક્ષ મૂલ્ય આપી વિદાય કરી અને વીંઝણો રાજાને જઇને ભેટ કર્યો. રાજા તેના ગુણ જાણી પ્રસન્ન થયો અને કરનાર કોણ છે તે જાણવા ઇચ્છા બતાવી. માળણે પોતાને ઘરે આવેલા પ્રાહુણે તે કર્યાનું કહ્યું. ગુણપાળ રાજાએ તેડવા માટે સુખપાળ મોકલ્યું. હું તેમાં બેસી ઉત્તમ વસ્ત્રાલંકાર સહિત રાજા પાસે ગઇ. તેમણે બહુ હર્ષ બતાવી વર માગવા કહ્યું. અતિ આગ્રહ કરવાથી મેં શૌલ્કિક ( જગાત લેનાર ) ની જગ્યા માગી લીધી. એવા હેતુથી કે તમારા વહાણ આવે તો તરતજ ખબર પડી શકે.

એમ કરતાં કેટલોક કાળ વ્યતીત થયો, તેવામાં એક ચોરે વિદ્યાશક્તિના યોગથી ગામ બધું લુંટયું. રાજપુત્રીને પણ લઇ ગયો. તમામ પરાક્રમીના પરાક્રમ, અક્કલવાનની અક્કલ અને શાસ્ત્રવેત્તાનાં શાસ્ત્ર નિષ્ફળ કર્યાં. સૌ પડહ છબી છબીને છેતરાયા, કોઇ પકડી શકયું નહીં; છેવટે મેં

પડહ છબ્યો અને તેજ રાત્રે અદૃશ્ય કરણી, શત હસ્તિબળ અને પર વિદ્યા અપહાર એ ત્રણે વિદ્યાઓ સાધી. ચોર આવ્યો, માલમીલકત લઇને ચાલ્યો; મેં તેના ભૂમિગૃહમાંથી તેને પકડ્યો અને રાજપુત્રી સહિત નગરમાં પકડી લાવી. રાજાનો અનુગ્રહ કરાવીને ચોરને છોડાવ્યો, ચોરી તજાવી, સૌનો ગયેલો માલ પાછો સોંપાવ્યો. રાજા બહુ હર્ષિત થયો, અર્ધ રાજ્ય આપ્યું અને પોતાની પુત્રી મારી સાથે પરણાવી. હું આપના આવાગમનની રાહ જોતી નિરંતર રહેતી હતી. રાજપુત્રીને કાંઇ મિષ કહાડીને અલગ રાખી હતી એવામાં આજે આપનાં વહાણો આવ્યાની મને ખબર પડી. ત્યાર પછીની હકીકત તો આપ બધી જાણોછો. મેં વિદ્યાના બળથી હુંમગ્રાજ રૂપ પરાવર્ત્તન કર્યું છે, અને આપની દાસી તરીકે હાજર થઇ છું, રાજાને ખબર કહેવરાવ્યા છે; હવે આપ રાજપુત્રીની સાથે પુનઃ પાણિગ્રહણ કરો અને રાજઋદ્ધિ સહિત સુખભોગ ભોગવો. આ પ્રસંગે મારાથી કહ્યા વિના ચાલતું નથી કે બાલ્યાવસ્થાના આપના વચનને અનુસરીને "આ સાત કોડીએ રાજ્ય મેળવ્યું છે."

અમરકુમાર બહુજ હર્ષિત થયો, ગુણપાળ રાજા આવ્યો અને ગુણમંજરીનો પાણિગ્રહણમહોત્સવ કરી અમરકુમારને પરણાવી. અમરકુમારે સુરસુંદરીને દુઃખ દીધા બાબત બહુ પસ્તાવો જણાવ્યો. સુરસુંદરી કહે કે "એમાં આપનો કાંઇ વાંક નથી, મારાં કર્મનોજ વાંક છે. બાકી આ સૌ ઋદ્ધિસિદ્ધિ પ્રાપ્ત થઇ છે તે સર્વે નવકાર મંત્રના પ્રભાવથી જાણજો; નવકાર મંત્રનો મહિમા અચિંત્ય છે."

કેટલોક કાળ સુખમાં ગાળ્યા પછી એકદા અમરકુમારે ચંપાપુરી જવાનો વિચાર નૃપતિને જણાવ્યો રાજાને દુઃખ ઉત્પન્ન થયું, પરંતુ પુત્રી તો પ્રાંતે પર ઘરનીજ વસ્તી છે એમ જાણીને તેને વળાવવાની તૈયારી કરવા માંડી હાથી, ઘોડા, રથ વિગેરે બેસુમાર દાયજો આપ્યો વળાવતી વખતે ગુણવંતી રાણીએ ઉત્તમ કુળને યોગ્ય હિતશિક્ષા પુત્રીને આપી. શુભમુહૂર્તે પ્રયાણ કર્યું. અર્ધ રાજ્ય પોતા થકી ગુણપાળ રાજાને સોંપ્યું, અને આખા રાજ્યમાં ગુણપાળ અને અમરકુમારની આણ પ્રવર્ત્તાવી.

ચતુરંગી સેના સહીત ચાલતાં, રસ્તે બંને સ્ત્રીઓ સાથે આનંદકલ્લોલ કરતાં, જિનભક્તિ ત્રણ ટંક જાળવતાં અને નવકાર મંત્રનું પગલે પગલે સ્મરણ કરતાં અનુક્રમે સૌ ચંપાનગરીએ આવ્યાં. ગામમાં વધામણી ગઇ. રાજા અને ધનાવહ શેઠ બહુ આનંદિત થયા.

રિપુમર્દન રાજાએ નગર બધું શણગાર્યું. તેને સ્થાનકે સ્થાનકે ગીત, નૃત્ય, વાજીત્ર વિગેરેથી મહોત્સવમય કરી દીધું. મોટા આડંબરથી પોતાના જમાઇ અને પુત્રીનું સામૈયું કર્યું અને નગરમાં તેડી લાવ્યા. રસ્તે લોકોની ઠઠ મળી. સુરસુંદરી ને ગુણમંજરી એક સુખપાળમાં ભેગા બેઠા હતા. લોકો સુરસુંદરીના શિયળના તથા ડહાપણના વખાણ કરતા હતા. પ્રજાવર્ગ તરફથી માન મેળવતા અને યાચકોને અઢળક દાન દેતા અમરકુમાર બંને સ્ત્રીઓ સાથે પોતાને ઘરે આવ્યા. માતાપિતા બહુજ હર્ષિત થયા.

સુખમાં રહેતા તેઓ દરરોજ ત્રણ ટંક જિનપૂજા, સ્વામીવચ્છળ, જિનમંદિર, જિનબિંબપ્રતિષ્ઠા, ગુરૂભક્તિ, જ્ઞાનવૃદ્ધિ વિગેરે ઉત્તમ કાર્યો કરતા હતા. સુરસુંદરી અહર્નિશ નવકારમંત્રનું સ્મરણ કર્યા કરતી. શરીરે નિરોગીપણું, દંપતીનો સ્નેહ, એકઠા રહેવાપણું, રણરહીતપણું, સર્વ સ્થાનકે માન, વિજ્ઞાન અને રૂપકળા સહીતપણું તથા સજજન પરિવાર સૌ વિનયવંત-એ સાતે સુખ અમરકુમાર તથા સુરસુંદરીને પૂર્વ પુણ્યના યોગે મળી આવ્યાં હતાં.

આ પ્રમાણે સુખમાં કાળ નિર્ગમન કરે છે, ધર્મકાર્યમાં ઉદ્યમવંત છે અને જૈનશાસનની ઉન્નતિ કર્યા કરે છે, એવામાં એકદા વનપાળકે આવીને રાજાને વધામણી દીધી કે 'વનમાં જ્ઞાનવાન્ મુનિરાજ જંગમ કલ્પવૃક્ષ પધાર્યા છે.' રિપુમર્દન રાજા બહુ હર્ષિત થયો અને વનપાળકને મુગટ વિના સર્વ આભૂષણો આપી દીધાં, સુવર્ણની જીભ આપી અને જન્મ અયાચક કરી દીધો પછી રાજા ચતુરંગી સેના સજીને વંદન કરવા નીકળ્યા. અમરકુમાર પણ બંને સ્ત્રીઓને લઇને આવ્યો. પાંચ અભિગમ સાચવી, વિધિસહીત વંદન કરી યથોચિત સ્થાનકે બેઠા. નગરના લોકો પણ સૌ આવીને બેઠા. એટલે ગુરૂ મહારાજે દેશના દેવી શરૂ કરી—

"અહો ભવ્ય પ્રાણીઓ ! આ અસાર સંસારમાં ધર્મ એજ એક સાર છે, અને પ્રાણીઓને આધાર પણ ધર્મનોજ છે. મનુષ્યનો ભવ, શ્રુતનું સાંભળવું, શ્રદ્ધા લાવવી અને ધર્મકાર્યમાં બળવીર્ય ફોરવવું એ ચાર ધર્મનાં અંગ છે અને તે પરમ દુર્લભ છે. ચુલ્લગ, પાસગ વિગેરે દશ દૃષ્ટાંતે

દુર્લભ એવો મનુષ્યજન્મ પામીને પ્રાણીએ સુગુરૂનો યોગ મળે ભક્તિ પૂર્વક જ્ઞાનાભ્યાસ કરવો તથા ધર્મ સાંભળવો. ધર્મ સાંભળવામાં ૧ આળસ ૨ મોહ ૩ શોક ૪ અલ્પઆદર ૫ માન ૬ ક્રોધ ૭ પ્રમાદ ૮ કૃપણતા ૯ ભય ૧૦ અજ્ઞાનતા ૧૧ ચિત્તવ્યાક્ષેપતા ૧૨ વિષયરમણતા અને ૧૩ કુતુહળ એ તેર કાઠીઆઓ અંતરાય કરનારા છે; અને તેના પ્રબળપણાથી જ્યારે ધર્મ સાંભળવામાં આવતો નથી ત્યારે પ્રાણી મનુષ્ય છતાં પશુ જેવો રહે છે અને પુણ્ય પાપના ફળને જાણી શકતો નથી. કદાપિ ભાગ્યયોગથી ગુરૂ મહારાજનો યોગ થયો અને ધર્મ સાંભળવામાં આવ્યો તો પણ પોતાની મતિને આગળ કરે છે એટલે ગુરૂનાં વચનો ઉપર શ્રદ્ધા થતી નથી, શ્રદ્ધા થતી નથી એટલે સમકિતની પ્રાપ્તિ પણ થતી નથી, કેમકે જિનવચનની શ્રદ્ધા તેજ સમકિત છે. સઘળાં શાસ્ત્રો મનમાં રૂચે પણ એક વચનમાં પણ શંકા થાય કે 'આ તો આમ ન હોય ?' ત્યાં સુધી મિથ્યાત્વ છે. અઢાર પાપસ્થાનકોમાં સત્તર પાપસ્થાનક કરતાં અઢારમું ભારે છે. અનેક પ્રકારનાં કષ્ટ કરે, ઇંદ્રિયો દમે તો પણ મિથ્યાત્વ હોય તો તેનું જોઇએ તેવું ફળ બેસતું નથી.

ધર્મમાં અધર્મની બુદ્ધિ, અધર્મમાં ધર્મની બુદ્ધિ, સન્માર્ગમાં ઉન્માર્ગની બુદ્ધિ, ઉન્માર્ગમાં સન્માર્ગની બુદ્ધિ, સાધુમાં અસાધુપણાની બુદ્ધિ, અસાધુમાં સાધુપણાની બુદ્ધિ, જીવમાં અજીવની બુદ્ધિ, અજીવમાં જીવની બુદ્ધિ, મુર્ત્તિવા-

૧ આ ધર્મ ધનને હરનાર તેર કાઠીયાની કથા અમારા તરફથી બહાર પડી છે. કીંમત ૦-૩-૦.

નમાં અરૂપીપણાની બુદ્ધિ, અરૂપીમાં રૂપીપણાની બુદ્ધિ; એ દશ ભેદ સંજ્ઞા ભેદે મિથ્યાત્વના છે. તે શિવાય ૧ અભિગ્રહિક તે પોતપોતાના મતનો આગ્રહ, ૨ અનભિગ્રહિક તે સર્વ ધર્મ સરખા છે, સર્વ દેવને માનીએ એવી બુદ્ધિ, ૩ અભિનિવેશિક તે ખરી હકીકત સમજ્યા છતાં દુરાગ્રહ વડે જાણીને જૂઠું કહેવું, ૪ સંશયિક તે જિન વચનમાં શંકા કરવી અને ૫ અનાભોગિક તે ધર્મનું અજાણપણું—અવ્યક્તતા. આ પાંચ ભેદ પણ મિથ્યાત્વના છે. તે ઉપરાંત લૌકિક દેવ ગુરૂ અને પર્વને માનવા તે ત્રણ પ્રકાર અને લોકોત્તર દેવ ગુરૂ અને પર્વ સંબંધે અયોગ્ય રીતે માનવા તે ત્રણ પ્રકાર એમ છ ભેદ પણ મિથ્યાત્વના છે. તેમાં લૌકિક તે જૈન શિવાય અન્ય દેવ ગુરૂ અને મિથ્યાત્વીના પર્વને માનવા તે ત્રણ ભેદ તો પ્રગટ છે. બાકી પુત્રાદિકને અર્થે અરિહંત દેવની પણ માનતા માનવી તે લોકોત્તર દેવ ગત મિથ્યાત્વ, હિનાચારી ગુરૂને માનવા તે લોકોત્તર ગુરૂગત મિથ્યાત્વ અને આ લોકને અર્થે લોકોત્તર પર્વ જૈન પર્વ માનવા, આ લોકના સુખની ઇચ્છાએ તપસ્યા વિગેરે કરવી તે લોકોત્તર પર્વ ગત મિથ્યાત્વ એમ છ ભેદ મળીને કુલ એકવીશ ભેદ મિથ્યાત્વના છે. પરમરોગ અને મહા અંધકાર તે મિથ્યાત્વ છે માટે તેને તજીને રાગદ્વેષ મોહાદિ અઢાર દોષ રહિત જિનેશ્વરને દેવ તરીકે માનવા અને તેમના કહેલા દયા, સંયમ અને તપ વિગેરે ધર્મનું સેવન કરવું. ધર્મ બે પ્રકારનો છે. પ્રથમ યતિ ધર્મ તે ક્ષમાદિક દશ પ્રકારનો છે તેને ત્રીવિધે

જે આદરે તે મુનિ કહેવાય છે અને શ્રાવક ધર્મ તે સમકિત મૂળ બાર વ્રત તેને આદરે તે શ્રાવક કહેવાય છે. પણ સર્વ ધર્મનું મૂળ સમકિત છે તે વિના અંધપતિ પાસે કરેલા સ્ત્રીના હાવભાવ જેમ નિષ્ફળ છે તેમ સર્વ ક્રિયા નિષ્ફળ છે.

૧ ક્ષુદ્રતા, ૨ લોભ, ૩ દીનતા, ૪ માત્સર્ય, ૫ શઠતા, ૬ અજ્ઞાનીપણું, ૭ ભવાભિનંદીપણું અને ૮ બીકણપણું આ આઠ દોષ સમકિત પ્રાપ્તિમાં અંતરાય કરનારા છે, અને તે દોષનું નિવારણ થયે સમકિત પ્રાપ્ત થઇ શકે છે. સૌમ્ય, ગંભીર, ધૈર્યવાન, દક્ષ, ધીર-નિર્ભય, ભવોદ્વેગી, ભદ્રક અને ગુણનો રાગી આ આઠ ગુણવાળો મનુષ્ય સમકિત પ્રાપ્ત કરી શકે છે માટે તે ગુણને ધારણ કરવા માટે પ્રયત્ન કરવો

કોઇ પુણ્યના યોગથી શ્રદ્ધા આવે-સમકિત પ્રાપ્ત થાય તોપણ ધર્મમાં પરાક્રમ ફોરવવું અર્થાત્ ધર્મારાધન કરવું તે પણ દુર્લભ એવું ધર્મ પ્રાપ્તિનું ચોથું અંગ છે. ધર્મારાધનમાં તત્પર શ્રાવક સામાયક પોસહ વિગેરે ધર્મક્રિયામાં સાવધ ન હોય છે એ ક્રિયાઓ દુર્ગતિનો વિનાશ કરનારી છે; દરરોજ સવાલક્ષ સોનૈયાનું દાન દેનાર કરતાં પણ સામાયક કરનાર વધારે લાભ મેળવે છે. નિંદા પ્રશંસાને સરખી ગણવી, માન અપમાનમાં સમચિત્ત રાખવું અને સ્વજન પરજનમાં સમબુદ્ધિ ધરાવવી તે શુદ્ધ સામાયકનું લક્ષણ છે. સામાયક લઇને જો સંસારના કાર્યમાં ચિત્ત પરોવે અને આર્તધ્યાન ધ્યાય તો સામાયક નિરર્થક થાય છે. ઇંદ્રપણું કે દેવત્વના સુખભોગ તે સુલભ છે પણ સામાયકનો યોગ થવો તે દુ-

લંભ છે. મુનિ મહારાજ યાવજ્જીવિત સામાયકને અંગીકાર કરે છે, તે ખરેખરૂં મોક્ષસુખનું મંડાણ છે.

આ પ્રમાણેની ધર્મની દેશના તે પણ યોગ્ય પાત્રમાં ભવ્ય પુરૂષના હૃદયમાં ઠરી શકે છે. જેમ વાઘણનું દૂધ સોનાના ભાજનમાંજ ટકી શકે છે, કાંસાદિકના પાત્રમાં ટકી શકતું નથી તેમ સમજવું. પાત્રતા સંપાદન કરવા માટે પ્રથમ ઉત્તમ જીવોએ સાધુ પુરૂષની સંગતિ કરવી અને જિનેશ્વરની આજ્ઞાનું પ્રતિપાલન કરવું. જેઓ સુખશીલીયા, સ્વચ્છંદચારી અને જિનાજ્ઞાના વિરાધક છે તેને મોક્ષમાર્ગના વેરી અને પાપી સમજવા. એક સાધુ, એક સાધ્વી એક શ્રાવક અને એક શ્રાવિકા પણ જિનાજ્ઞામાં વર્તતા હોય તો તેને સંઘ કહેવો અને મોટો સમુદાય હોય પણ આજ્ઞાથી બહિર્મુખ હોય તો તેને અસ્થિનો સંઘ ઢગલો કહેવો.

સંઘ તો રત્નત્રયી સંયુક્ત અને ગુણવંતને કહેલો છે. એવો સંઘ જેને અરિહંત પણ પ્રણામ કરે છે તે પામવો દુર્લભ છે. જૈનશાસનમાં આજ્ઞાની પ્રાધાન્યતા છે. આજ્ઞા એજ તપ, આજ્ઞા એજ સંયમ અને આજ્ઞા પૂર્વક દાન તેજ દાન છે. અંક વિનાની શૂન્યો જેમ નિષ્ફળ છે તેમ ત્રણ ટંક જિનપૂજા કરવા વિગેરે ધર્મક્રિયાઓ પણ જો આજ્ઞા રહિત છે તો તે નિષ્ફળ છે. થોડી પણ આજ્ઞાને જો અંગીકાર કરે તો સૂર્યનો થોડો પ્રકાશ પણ જેમ અંધકારને દૂર કરે છે તેમ ભવ સંતતિને ઘટાડે છે. માટે અહો ભવ્યજીવો ! આજ્ઞા-

યુક્ત દાન, શિયળ, તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મને અંગીકાર કરો.

દાનધર્મ એટલે ગુણવંત મુનિરાજનો યોગ મળે સુપાત્રે દાન દેવું તે. સુપાત્રદાનના યોગથી પ્રાણી મોક્ષસુખને પ્રાપ્ત કરે છે. ખળ મનુષ્યને કહેલ ગુહ્ય, જળમાં તેલ અને બુદ્ધિવંતમાં શાસ્ત્ર જેમ વિસ્તારને પામે છે તેમ ઉત્તમ પાત્રમાં દીધેલું દાન પુણ્યરૂપ ફળનો વિસ્તાર કરે છે. અનાદર, વિલંબ, પરાઙ્મુખપણું, અપ્રિય વાચા અને પશ્ચાત્તાપ એ પાંચ દાનનાં દુષણ છે અને આનંદાશ્રુ, રોમાંચ, બહુમાન, પ્રિયવાચા અને અનુમોદના એ પાંચ દાનનાં ભૂષણ છે.

શીલધર્મના આરાધનથી પ્રાણી સુખસંપદા પામે છે, શીલધર્મ સંસારમાં શ્રેષ્ઠ કહેવાય છે અને તેને શાસ્ત્રમાં બત્રીશ ઉપમાઓ આપેલી છે માટે એવા સર્વોત્કૃષ્ટ શીલ ધર્મનું પ્રાણીએ સમ્યક્ પ્રકારે આરાધન કરવું.

તપધર્મના બાર ભેદ છે. કર્મરૂપી ઇંધનને બાળવાને તપ અગ્નિ સમાન છે; અને તપધર્મના આરાધનથી સર્વ કર્મનો ક્ષય કરીને પ્રાણી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે.

ભાવધર્મ તો ચારે પ્રકારના ધર્મમાં મુખ્ય છે. કારણ કે લુણ વિનાના ધાન્યની જેમ ભાવ વિનાના દાનાદિક સર્વે ફીકાં છે. ભાવધર્મના આરાધનથી ભરતચક્રવર્તી વિગેરેએ કેવળજ્ઞાન સંપાદન કર્યું છે. ભાવથી સર્વ કર્મનો વિનાશ થઇ શકે છે, માટે ભવી પ્રાણીએ નિરંતર અનિત્યાદિક બાર ભાવના ભાવવી.

ડાભની અણી ઉપર રહેલા જળબિંદુની જેમ અને ઇંદ્ર ધનુષ્યની જેમ આ સંસાર અનિત્ય છે એટલે ક્ષણમાં વિ-સરાળ થઇ જાય તેવો છે. આ યૌવન અને ધનસંપદા સં-ધ્યાના રંગ જેવી છે, અને આયુષ્ય અસ્થિર છે. માટે ભવ્ય પ્રાણીઓએ સંસારથી ત્રાસ પામવા જેવું છે. દેવપણાના સુખ પણ અનિત્ય છે. છ માસ આયુષ્ય શેષ રહે છે ત્યારે તેને પણ અંગભંગાદિક અનેક પ્રકારના દુ:ખ ઉત્પન્ન થાય છે. પુષ્પની માળા મ્લાન થાય છે, નિદ્રા આવે છે, કોઇ સ્થાનકે આનંદ પ્રાપ્ત થતો નથી અને જો અધોગતિમાં જવાનું હોય છે તો મહા દુ:ખીપણે તે છ માસ પૂરા કરેછે. એ પ્રમાણે સર્વ ભાવ અનિત્ય છે. ૨ તેમજ આ સંસાર-માંથી પરભવ જતી વખતે પ્રાણીને માતા, પિતા, સ્ત્રી, પુત્ર કોઇ શરણભૂત થતું નથી, માત્ર ધર્મજ શરણભૂત થાય છે અને મૃત્યુ તો વજ્રના કિલ્લામાં રહે તો પણ છોડતું નથી. ૩ આ સંસારમાં પ્રાણી કર્મના વશપણાથી દેવતા, નારકી, ધની, નિર્ધન, સુખી, દુ:ખી, કીડા, પતંગીઓ, રાજા, રાંક, રૂપવંત, કુરૂપી, સૌભાગી, દુર્ભાગી, બ્રાહ્મણ, ચંડાળ, સ્વામી, દાસ વિગેરે અનેક પ્રકારનાં રૂપ ધારણ કરીને નાટકીઆની પેઠે નાચે છે અને પરિભ્રમણ કર્યા કરે છે. ૪ આવા દુ:ખ-દાયી સંસારમાં પ્રાણીએ એકત્વપણું ભાવવાની જરૂર છે કે હે પ્રાણી ! તું આ જન્મમાં એકલોજ આવ્યો છે અને એકલોજ જવાનો છે. આ કુટુંબપરિવાર તથા દ્રવ્યાદિક સર્વે અહીંજ રહેવાના છે. માટે તેની મમતા તજી દે. તારા

મૃત્યુસમયે ધન કે જેના ઉપર તને બહુ મમતા છે તે તો ઘરેજ રહેવાનું છે, સ્ત્રી વિસામા સુધો વળાવવા આવવાની છે, સગાંવહાલાં સ્મશાન સુધી આવનારાં છે અને કાયા ચિતામાં બળતાં સુધી ટકવાની છે; આખર તું તો એકલોજ જવાનો છે. તો મિથ્યા મારૂં મારૂં કરીને શામાટે સંસારમાં ખુંચે છે અને પાપનો ભાર ભરીને ભારે થાય છે? ૫ વળી આ સંસારમાં સૌ સ્વાર્થનું સગું છે, તું બધું પોતાનું ગણે છે પણ તારૂં કોઇ નથી; સ્વાર્થ સરે ત્યાં સુધી તારૂં અને પછી અન્ય છે. આ સંસારમાં તો માર્ગે જતાં વૃક્ષની છાયા નીચે જેમ પંથીઓ એકઠા થાય, મેળામાં દેશદેશના લોકો એકઠા થાય અને વૃક્ષની ઉપર રાત્રે પક્ષીઓ એકઠા થાય તેમ સૌ જુદી જુદી ગતિમાંથી જુદે જુદે વખતે આવીને એકઠું થયું છે તે પાછું પંથીઓ જેમ પોતપોતાને માર્ગે ચાલ્યા જાય તેમ પરભવમાં પૃથક્ પૃથક્ ગતિમાં ચાલ્યા જવાના છે. મેળા-માંથી જેમ કોઇ વહેલા કોઇ મોડા વીખરાઇ જાય છે તેમ સ્વ-જનપરિવાર પણ આયુષ્યના પ્રમાણમાં વહેલો મોડો વીખરાઇ જવાનો છે. વૃક્ષ ઉપરના પક્ષીઓ સવાર પડે ચારે દિશાએ ઉડી જાય છે, તે કયાં કયાં ગયા તેની જેમ ખબર પણ પડતી નથી, તેમ પરભવમાં ગયેલા કુટુંબીઓ કઈ ગતિમાં ગયા તેની ખબર પણ પડતી નથી. તેથી આ સંસારના મોહમાં તને મુંઝાવું ઘટતું નથી. ૬ વળી આ શરીર અશુચિ પદા-ર્થોનું બનેલું છે અને માંસ, રૂધિર, હાડ, ત્વચા વિગેરે અ-શુચિ પદાર્થોથી ભરેલું છે તેમજ નગરખાળની જેમ નિરં-

તર કફ, મળ, મુત્ર વિગેરે અશુચિ પદાર્થ તેમાંથી વહ્યા કરે છે; તેથી તેની મમતા કરવી, અનેક પ્રકારના આરંભવડે તેનું પોષણ કરવું તેમજ તેવા અશુચિ શરીરવાળી સ્રીયાદિકને વિષે રક્ત થવું તે મૂઢ જનોનું કર્તવ્ય છે. ૭ એવી રીતે વિષય કષાયમાં રક્ત પ્રાણીઓ આશ્રવમાં ડુબ્યા કરે છે પરંતુ આત્મહિતવાંછકે તો પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચ આશ્રવોનું નિવારણ કરવું જોઇએ અને વિરતિપણું અંગીકાર કરવું જોઇએ. અવિરતિપણાના યોગથી એકેંદ્રી જીવોને વગર ભોગવે અઢાર પાપ સ્થાનક લાગે છે, માટે પ્રાણીએ થોડો સમય પણ અવિરતિ પણામાં ન કાઢવો. ૮ મિત્ર ને શત્રુ ઉપર સમભાવ રાખવો, જીવિત અને મરણને સમાન ગણવું અને આશ્રવભાવથી ઓસરવું તે સંવર કહેવાય છે. શ્રાવક નિરંતર એવો મનોરથ ચિંતવ્યા કરે કે હું કયારે આ સ્વજન અને ધન સંપદાને તજીને મુનિપણું અંગીકાર કરીશ! મુનિ નિરંતર એવો મનોરથ કરે કે હું નિર્દુષણ આહારને ગ્રહણ કરતો સતો કયારે એકલપ્રતિમાએ વિહાર કરીશ, તેમજ કયારે ગુરૂ કુળવાસ ગ્રહણ કરીને ગુરૂ મહારાજની સમીપે સૂત્રાભ્યાસ કરીશ? આવા શુભ મનોરથ કરવાથી પ્રાણી અશુભ યોગનો સંવર કરે છે. અનેક પ્રકારની તપસ્યાઓ કરીને પૂર્વકૃત કર્મની પણ નિર્જરા કરે છે. તપસ્યાના બાહ્ય અને અભ્યંતર એવા મુખ્ય બે ભેદ છે. બાહ્ય તપના ૧ અણસણ ૨ ઉનોદરી ૩ વૃત્તિસંક્ષેપ ૪ રસત્યાગ ૫ કાયકલેશ અને ૬ સંલી-

નતા એ છ ભેદ છે. તેમજ ૧ પ્રાયશ્ચિત્ત ૨ વિનય ૩ વૈયાવચ્ચ ૪ સ્વાધ્યાય ૫ ધ્યાન અને ૬ કાયોત્સર્ગ એ છ ભેદ અભ્યંતર તપના છે. ૧૦ તપસંયમનું આરાધન કરનારા ઉત્તમ જીવોએ ઉંચી, પુરૂષને આકારે, બે પગ પહોળા રાખ્યા હોય અને કડ ઉપર બે હાથ રાખ્યા હોય તેવી આકૃતિએ રહેલી લોકનાળિકનું સ્વરૂપ ચિંતવવું, અને તે સાથે ષટ્ દ્રવ્યાદિકનો વિચાર કરવો જેથી જ્ઞાનની નિર્મળતા થાય છે. ૧૧ તપસંયમાદિકના આરાધનથી તેમજ જિનવાણીના સૂક્ષ્મ વિચારો ઉપર શ્રદ્ધા થવાથી પ્રાણીને બોધિબીજની પ્રાપ્તિ થાય છે. આ સંસારમાં બીજા ભાવ પામવા સુલભ છે, પણ સમકિતની પ્રાપ્તિ બહુ દુર્લભ છે. ૧૨ બોધિબીજની પ્રાપ્તિ થયા પછી પ્રાણીનો કરેલો ધર્મ માત્ર એકડા ઉપર કરેલા બધા અંકોની પેઠે ફળદાયક થાય છે. પ્રાણીએ સંસાર ઘટાડવા માટે અને મોક્ષસુખને પ્રાપ્ત કરવા માટે ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયને તજી દેવા, સાત વ્યસનને ન સેવવા અને ધર્મકાર્યમાં તત્પર રહેવું. સાત વ્યસનને સેવવાથી બહુ કર્મ બંધાય છે, તે જ્યારે ઉદયમાં આવે છે ત્યારે જીવને અનેક પ્રકારનાં દુઃખો આવી પડે છે. તે વખતે પ્રાણી સંતાપ કરે છે પણ પછી તે કાંઇ કામ આવતો નથી. કર્મને વશ થયેલા પ્રાણીએ સુખ અને દુઃખ જે આવે તે સહન કરવું જોઇએ તેમાં કોઇ ઉપાય કામ લાગતો નથી; માટે ઉત્તમ જીવોએ તો નવો કર્મબંધ ન કરવો અને પૂર્વકર્મને ક્ષય કરીને મોક્ષસુખ મેળવવું.

આ પ્રમાણેની પુષ્કરાવર્ત્તના મેઘ સમાન દેશના સાંભળીને ધર્મરસિક પ્રાણીઓ બહુ આનંદિત થયા. કેટલાએક જીવો સમકિત પામ્યા, કેટલાએકે શ્રાવકના વ્રત અંગીકાર કર્યાં અને કેટલાએકે સર્વવિરતિપણું આદર્યું. ધર્મ આદરવાનો અવસર મળે જે પ્રાણી વિલંબ કરે છે તે આમ્રને ફળ આવે તે વખત ચાંચ પાકનાર પક્ષીની પેઠે પાછળથી પસ્તાય છે.

દેશનાને અંતે આશ્ચર્ય પામેલા નરેશ્વરે પૃચ્છા કરી કે "હે ભગવંત! મારી પુત્રી સુરસુંદરી શા શા કર્મના સંયોગથી સુખદુઃખ પામી, તેને શા કર્મવડે પતિનો વિયોગ થયો અને શા કર્મવડે પાંચ મહા વિદ્યાઓ તથા રાજ્ય વિગેરેની પ્રાપ્તિ થઇ? તે કૃપા કરીને કહો—

મુનિ બોલ્યા-"હે રાજન્! આ સંસારમાં સર્વત્ર કર્મની વિચિત્રતાજ થઇ રહેલી છે. કર્મને વશ થઇને વાસુદેવ અને ચક્રવર્ત્તી પણ નર્કમાં જાય છે. આ ભવનાટકમાં પ્રથમ જીવ અનંત પુદ્ગળ પરાવર્ત્તન તો અવ્યવહાર રાશિમાં કરે છે. ત્યાંથી ભવિતવ્યતાના યોગવડે નીકળીને વ્યવહાર રાશિમાં આવે છે ત્યાં પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરમાં તથા વિકલેંદ્રિયાદિકમાં બહુ કાળ પરિભ્રમણ કરે છે. પર્વતમાંથી નીકળતી નદીમાં મૂળથી અથડાતો આવતો પથ્થર જેમ ઘડાતો કુટાતો ગોળ થાય છે તેમ પુણ્ય વિહુણો જીવ પ્રથમ તો ચારે ગતિમાં બહુ કાળ સુધી કુટાયા કરે છે. એમ કરતાં કરતાં જ્યારે કર્મનો ભાર હલકો થાય છે ત્યારે મનુષ્ય જન્મ, આર્યદેશ, ઉત્તમ કુળ વિગેરે સામગ્રી પામીને ધર્મની

સન્મુખ થાય છે. આ જીવને કર્મે મજબુત સાંકળી લીધેલો છે. તેના યોગે પ્રાણીની નવી નવી સ્થિતિઓ થયા કરે છે. હે રાજન! સુરસુંદરીનો પૂર્વભવ તમે સાંભળો—

સુદર્શન નામે ગામમાં પરાક્રમી સુરરાજ નામે રાજા હતો, તેને રેવતી નામે રાણી હતી. પરસ્પર બહુ પ્રીતિ હોવાથી તેઓ દેવ સંબંધી સુખનો અનુભવ કરતા હતા. એકદા અનેક સુભટોને લઇને રાણી સહિત રાજા બહાર ઉપવનમાં ક્રીડા કરવા ગયા. તેઓ એક વૃક્ષ નીચે બેઠા. તેવામાં તે વૃક્ષની સમીપે એક મુનિને કાઉસગ્ગ ધ્યાને રહેલા દીઠા. રાજાએ કહ્યું "હે રાણી! આ મુનિ બહુ ઉત્તમ જણાય છે. એકધ્યાને કાયોત્સર્ગમાં લીન થઇને રહેલા છે માટે તેમને ધન્ય છે." રાણી કહે-"પ્રાણનાથ! આપે કહ્યું તે સત્ય છે, પરંતુ કહો તો હું ક્ષણવારમાં તેમને ધ્યાનથી ચુકાવું." રાજા મૌન રહ્યા એટલે રાણી મુનિવર પાસે જઇને અનેક પ્રકારના હાવભાવ કરવા લાગી; દુગંછા કરવા લાગી, હાંસી કરવા લાગી, ઓઘો મુહપત્તિ લઇ લીધાં. આ પ્રમાણે બાર ઘડી સુધી બહુ પ્રકારના અનુકૂળ ઉપસર્ગ કર્યા. પરંતુ મુનિ કિંચિત્ માત્ર ધ્યાનથી ચળ્યા નહીં. એટલે રાજાએ રાણીને કહ્યું-"આ મુનિ બહુ ઉત્તમ જણાય છે, તેથી તેમની હાંસી કરવી ઘટિત નથી." રાજાએ નિવારણ કરવાથી રાણી તરત એ કાર્યથી પાછી ઓસરી. ધ્યાન પૂર્ણ થયે મુનિએ કાઉસગ્ગ પાર્યો અને યોગ્ય જીવ જાણીને ધર્મદેશના દીધી. દાન, શીળ, તપ અને ભાવ એ ચાર પ્રકારના ધર્મનું આરાધન કરવા

ઉપદેશ કર્યો. ધર્મ સાંભળીને બંને જણાએ પોતપોતાના ચિત્તમાં સદ્દહ્યો. તેઓએ ત્રણ તત્વને ઓળખ્યા અને મુનિરાજનો બહુ ઉપકાર માન્યો. મુનિએ અન્યત્ર વિહાર કર્યો. રાજારાણીએ તે દિવસથી ધર્મ આરાધવા માંડયો. રાણીએ શુભ ભાવ સંયુક્ત મુનિરાજને દાન દીધું અને તેથી અનંત પુણ્ય ઉપાર્જન કર્યું. અંતસમયે પૂર્વકૃત પાપને આલોચ્યા શિવાય કાળ કરીને બંને દેવગતિ પામ્યા. ત્યાં અનેક પ્રકારનાં સુખ ભોગવી આયુ પૂર્ણ થયે ત્યાંથી ચવીને સુરરાજાનો જીવ અમરકુમાર થયો અને રેવતી રાણીનો જીવ સુરસુંદરી થઇ. બાર ઘડી પર્યંત મુનિને ધ્યાનથી ચલાવવા ઉપસર્ગ કર્યા તેથી બાર વર્ષ પર્યંત તેને ભર્ત્તારનો વિયોગ થયો, મુનિની દુર્ગંછા કરી તેથી મચ્છના ઉદરમાં વસવું પડયું અને મુનિરાજને દાન દીધું તેના યોગથી વિદ્યા અને રાજ્યની પ્રાપ્તિ થઇ. વળી તે નવપદ ધ્યાનના તથા શીલના પ્રભાવથી જગતમાં યશ અને સુખસંપદાને પામી."

આ પ્રમાણેના પૂર્વભવને સાંભળીને બંનેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેઓએ પૂર્વભવ દીઠો, એટલે મુનિરાજનો વિનતિ કરવા લાગ્યા કે-'હે ભગવંત! તમારા વિના અમારા આત્માના ઉદ્ધારનું કારણ કોણ બતાવે તેમ છે? વળી તમારા જેવા સ્વામી માથે ગાજતા હોય ત્યાં કેશરીસિંહનો પાસે છાગનું જોર ચાલી શકે નહીં તેમ કર્મનું જોર ચાલી શકે નહીં; સૂર્યના પ્રકાશમાં જેમ અંધકાર ટકી શકે નહીં તેમ આપની કૃપા થાય ત્યારે ભવભ્રમણના ટકી

શકે નહીં; માટે હવે અમારા આત્માનો ઉદ્ધાર થાય તેવું કારણ બતાવો.' મુનિ બોલ્યા "દુરંત હરવા અને શિવસુખ આપવા સમર્થ તો એક જિનરાજની દીક્ષા છે તેજ છે. જે પ્રાણી દીક્ષા ગ્રહણ કરે છે તે અકુલીન હોય તોપણ કુલીન થાય છે, મૂર્ખ હોય છે તો પણ જ્ઞાની થાય છે, અને ઇંદ્ર તથા નરેંદ્ર તેના ચરણકમળને નમસ્કાર કરે છે. માટે ભવભ્રમણથી ભય પામ્યા હો તો દીક્ષા અંગીકાર કરો."

અમરકુમાર તથા સુરસુંદરીએ 'જો એ પ્રમાણે છે તો અમને દીક્ષા આપો' એમ કહીને પોતપોતાના માતાપિતા પાસે રજા માગી. તે વખતે મુનિરાજ બોલ્યા-" જે માતા પિતા પોતાના પુત્રપુત્રીને દીક્ષા લેતા વારે છે તે તેને સંસારરૂપ કૂપમાં નાખે છે, એમાંથી તે બિચારા શી રીતે નીકળી શકે? અને જે માબાપ પોતાના પુત્રને દીક્ષા લેતી વખતે નિશ્ચળ રહેવા સંબંધી શિક્ષા આપે છે તે તેને સદ્‌ગતિએ પહોંચાડે છે અને પોતે પણ મોક્ષમાર્ગે ચાલવાનું પ્રસ્થાન મુકે છે. સંયમ ગ્રહણ કર્યા શિવાય પ્રાણી આ ભવરૂપ નાટકમાં અનેક પ્રકારનાં રૂપ લઇને નાચ્યા કરે છે, ચોરાશીલાખ જીવાયોનીમાં ભમે છે અને કોઇ રીતે મોક્ષપથે ચડી શકતા નથી. પુત્રપુત્ર્યાદિકને પરણાવીને માતાપિતા મનમાં સારૂં જાણે છે, પણ એ બધું છાર ઉપર લીંપણું છે તે કેટલી વાર ટકવાનું છે?"

આ પ્રમાણેનો ઉપદેશ સાંભળીને નૃપતિ અને શેઠે બંનેને દીક્ષા લેવા આજ્ઞા આપી. મોટો મહોત્સવ કર્યો અને દીક્ષા

લેવાને દિવસે પ્રથમ જિનપૂજા કરી, સુખપાળમાં બેસી યાચકોને બેસુમાર દાન દેતા અમરકુમાર ને સુરસુંદરી ગુરૂ પાસે આવ્યા. ગુરૂમહારાજની પાસે અરિહંતાદિકની સાક્ષીએ સર્વ સામાયક ઉચરીને ચારિત્ર ગ્રહણ કર્યું; અને સ્વજન વર્ગની અનુમતિ લઇને ગુરૂ મહારાજની સાથે વિહાર કર્યો. રાજા વિગેરે નગરના લોક પોતપોતાને સ્થાનકે ગયા. જેમણે છતી ઋદ્ધિ છોડીને આવી રીતે ચારિત્ર ગ્રહણ કર્યું તેમને ધન્ય છે!

પાંચ આશ્રવથી વિરમવું, ચાર કષાય તજવા, ત્રણ દંડ દૂર કરવા અને પાંચ ઇંદ્રિયોને વશ કરવી એ પ્રમાણે સત્તર ભેદે સંયમ પાળતા બંને જણ ગુરૂ મહારાજની આજ્ઞા પ્રમાણે વિચરવા લાગ્યા. કેશ લોચાદિ અનેક પ્રકારનાં કષ્ટ અને તપ જપાદિ કરવા લાગ્યા. પાંચ સુમતિએ સુમતા, ત્રણ ગુપ્તીએ ગુપ્તા, છકાય જીવોનું રક્ષણ કરનાર, ગુરૂમહારાજ સમીપે શાસ્ત્રાભ્યાસ કરતા, છ કારણે આહાર લેતા, છ કારણે આહાર ન લેતા અને પાંચ મહાવ્રતને સર્વ ભેદ સંયુક્ત પાળતા તેઓ જ્ઞાન ક્રિયારૂપ બે વૃષભોએ જોતરેલા સંયમરૂપ રથ ઉપર બેસીને મોક્ષમાર્ગે ચાલવા લાગ્યા. વળી ત્રણ ગારવનું નિવારણ કર્યું, ત્રણ પ્રકારની વિરાધના ટાળી, ચાર વિકથા તજી દીધી, પાંચ પ્રકાર ક્રિયા નિવારણ કરી, છકાય જીવનો વધ દૂર કર્યો, સાત ભયને તજી દીધા, શત્રુને મિત્ર સમાન ગણવા લાગ્યા, આઠ મદનો પરિહાર કર્યો, નવવાડ સંયુક્ત નવ વિધ બ્રહ્મચર્ય પાળવા લાગ્યા, દશ પ્રકારની સમાચારી આદરી, ગુરૂની તેત્રીશ આશાતના ટાળી,

ગુરૂકુળવાસનું સેવન કરવા લાગ્યા, બાર ભાવના ભાવવા લાગ્યા અને ચપળપણું તજીને ચાર હાથ દૃષ્ટિ પ્રસારતા ગુરૂ મહારાજની સાથે નવ કલ્પી વિહાર કરવા લાગ્યા.

નિરંતર ઉણોદરી તપ કરતા અને સ્વાદ રહિત તેમજ બેંતાળીશ દોષ વિમુક્ત આહાર લેતા સતા તેઓ નિરંતર વિશેષ પ્રકારે ચારિત્રનો ખપ કરવા લાગ્યા. પહેલી પોરસીએ સુત્રાર્થ લઈને ભણે, બીજી પોરસીએ ધ્યાન કરે, ત્રીજી પોરસીએ આહાર લે અને ચોથી પોરસીએ પણું ધ્યાન કરે. રાત્રે પહેલી પોરસીએ સ્વાધ્યાય, બીજીએ ધ્યાન, ત્રીજીએ નિદ્રા અને ચોથી પોરસીએ પાછા સ્વાધ્યાય પ્રતિક્રમણાદિક કરે. એ પ્રમાણે પ્રવર્તતાં શરીરમાંથી લોહી સુકાઇ ગયું અને માંસ લુખું પડી ગયું. વિષયકષાયના તો અંશ પણ રહ્યા નહીં. અનેક ભવ્ય પ્રાણીને ઉપદેશ દઈને સંસારથી ઉદ્ધર્યા અને સંસારના સુખને બીલકુલ ભૂલી ગયા. તે સાથે સાંસારિક સાત પ્રકારનાં સુખને બદલે મુનિરાજનાં સાત સુખ ૧ સહુ વિનય કરે, ૨ ગુરૂનું બહુ માન, ૩ જિનાજ્ઞાનું પ્રતિપાલન, ૪ સંવેગ સુજ્ઞાનમાં રમણ, ૫ સર્વત્ર પુજનિક પણું. ૬ ઉત્સૂત્રભાષણનિષેધ અને ૭ મુનિપણાની પદવી પ્રાપ્ત થયાં.

આ પ્રમાણે વિચરતા અનાદિ કાળનો લાગેલો વિષય રૂપ કાદવ સમતારૂપ સરિતામાં સ્નાન કરીને ધોઇ નાખ્યો. એવા મુનિને શાસ્ત્રકારે રાજા સમાન કહ્યા છે. તેની સમૃદ્ધિ અને કુટુંબ આ પ્રમાણે વર્ણવેલું છે–ધૈર્ય પિતા, ક્ષમા

મતા, વિરતિ કાંતા, વિવેક મંત્રી, સંવેગ પુત્ર,સંવર પ્રતિહાર, આર્જવ પટ્ટહસ્તી, વિનય તુરંગમ, શીલાંગ રથ, શમદમાદિ ભૃત્ય, ધર્મધ્યાન શુક્લ ધ્યાનરૂપ બે ચામર, સંતોષરૂપ સિંહાસન, જિનાજ્ઞારૂપ છત્ર, ભૂમિતલ તેજ શય્યા, આત્મ સ્વભાવરૂપ મંદિર અને જ્ઞાનરૂપ દીપક. આ રીતે ઋદ્ધિ અને કુટુંબે પરવરેલા મુનિરાજ સંસારનો ક્ષય કરે તેમાં શું આશ્ચર્ય ! તે બંને શાંત, પ્રશાંત, ઉપશાંત, અનાશ્રવ, અમમ, અકિંચણ, છીન્નગ્રંથી, નિરૂપલેપી, કાંસાના પાત્રની જેવા નિઃસ્નેહી, શંખવત્ નિરંજન, જીવવત્ અપ્રતિહત ગતિવાળા, ગગનવત્ નિરાલંબી, વાયુવત્ અપ્રતિબદ્ધ, શરદજળવત્ શુદ્ધહૃદયવાન્, કમળવત્ લેપ રહિત, કૂર્મવત્ગુપ્તેંદ્રિય, ભારંડ પક્ષીવત્ અપ્રમત્ત, કેશરીસિંહવત્ દુર્ધર, સાગર સમાન ગંભીર, સૂર્યવત્ તેજસ્વી, શશીવત્ સૌમ્ય સ્વભાવી અને ચારે પ્રકારના ( દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ) પ્રતિબંધ રહિત થયા.

અનુક્રમે ક્રોધ, માર્દવથી માન, આર્જવથી માયા, સંતોષથી લાભ અને સમપરિણામથી રાગદ્વેષનું સમૂલ ઉન્મૂલન કરી શુક્લધ્યાન ધ્યાતા, ક્ષપક શ્રેણીએ ચડી ચારે ઘાતિકર્મ ( જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહની, અંતરાય ) નો ક્ષય કરીને બંને ( અમરકુમાર ને સુરસુંદરી ) કેવળજ્ઞાન પામ્યા. દેવતાઓએ જયજયરવ કર્યો અને જ્ઞાનમહોત્સવ કરી પોતાના આત્માનું હિત કર્યું.

બંને કેવળી અનેક ભવ્યજીવોને પ્રતિબોધતા અનુક્રમે

આયુષ પૂર્ણ થયે ચાર અઘાતિ કર્મ ( નામ, ગોત્ર, આયુ, વેદની ) નો ક્ષય કરીને અક્ષયપદ પામ્યા. સર્વ કર્મથી રહિત થયા અને સર્વ અર્થની સિદ્ધિ પામ્યા.

આવા ઉત્તમ જીવોનું ચરિત્ર વાંચતાં, સાંભળતાં, વિચારતાં અને મનન કરતાં ભવ્યજીવો પોતાના આત્માનું હિત કરે અને જે એવા ઉત્તમ પુરૂષને માર્ગે ચાલે તે તેવી જ રીતના અક્ષય સુખને સંપાદન કરે. તથાસ્તુ.